માનનીય અધ્યક્ષશ્રી, આ જ વિધાનસભા ગૃહમાં અગાઉ માનનીય અધ્યક્ષશ્રીઓ નિયુક્ત થયા ત્યારના હું પ્રવચનો જોતો હતો. સ્વ. જીવરાજભાઈ મહેતા માનનીય મુખ્યમંત્રીશ્રી તરીકે હતા, વિરોધપક્ષ અને મુખ્યમંત્રીશ્રી સાથે મળીને અધ્યક્ષસ્થાન પર માનનીય અધ્યક્ષશ્રીને દોરી ગયા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે આ વિધાનસભા ગૃહમાં આપનું સ્થાન એ એવું છે કે હવે માત્ર આ પક્ષ નહીં, સમગ્ર ગૃહ એ આપનું ગૃહ છે અને તમામ સભ્ય એ આપના સભ્ય છે. આપ ભય અને પક્ષપાત વગર, વિધાઉટ ફીયર ઓર ફેવર કામ કરવાના છો અને એટલા માટે આ ગૃહમાંથી આપને પૂરેપૂરો સાથ મળશે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાચે જ કહ્યું કે જે વર્ગને વધારે પ્રતિનિધિત્વની જરૂરિયાત છે તેની ચિંતા આ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી તરીકે પણ કોંગ્રેસ પક્ષે એક આદિવાસીને બેસાડીને એ કામ કર્યું. આજે મારા મુરબ્બી અને ઉપનેતા મોહનસિંહભાઈ પણ એ જ સમાજમાંથી આવે છે અને ઉપનેતા ઉપરાંત પબ્લિક એકાઉન્ટ કમિટી જેવી મહત્ત્વની સમિતિ પણ આદિવાસી નેતાને કોંગ્રેસ પક્ષે આપવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે વિરોધપક્ષમાં છીએ. ઘરમાં વડીલનું સ્થાન એ સ્થાન આપનું છે. ઘરમાં નાનો ભાઈ હોય એ ઘરમાં ક્યારેક પોતાનો અવાજ પહોંચાડવા માટે ચિલ્લાય પણ ખરો. કાગારોળ પણ મચાવે, પરંતુ વડીલ એ પરિસ્થિતિમાં એ બાળકને હૂંફથી ઉપાડીને એને ન્યાય મળે એની ચિંતા કરતો હોય છે ત્યારે આ વિધાનસભા પરિવારના આપ અમારા વડીલ છો અને ક્યારેક અમારાથી આમ-તેમ થાય તો પણ એક વડીલની ભૂમિકામાં આપ હંમેશા રહેશો અને અમે પણ એ જ ભાવથી આ આદરમાન સ્થાનનો આદર પૂરેપૂરો જળવાય એ માટેના અમારા પ્રયત્નો રહેવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપનું નામ આ સ્થાનને યોગ્ય છે એમ હું કહીશ. ગણોના પતિ, ગણપતિ. તેના ઉપરથી આવેલું નામ ગણપત છે. આ બધા ગણો વિધાનસભાના પ્રતિનિધિઓ તરીકે ચૂંટાઈને આવ્યા છે એના પરના વડીલ તરીકેનું આપનું સ્થાન છે ત્યારે જે રીતે શાસ્ત્રોમાં ગણપતિની ભૂમિકા છે કે સૂપડા જેવા કાન રાખે. નાનામાં નાની વાત એમના કાન સુધી પહોંચે. ગમે તેવી કડવાશ આવે, મોટું પેટ રાખે. તેના પેટમાં બધું સમાય, તેના પેટમાં બધું પચી જાય, તેની સૂંઢ લાંબી હોય કે ક્યાંક કોઈકનું દુ:ખ હોય તો તેને એ સૂંઘી આવી શકે. એમની આંખો એટલી તીક્ષ્ણ હોય કે નાનામાં નાની બાબતને જોઈ શકે અને ત્યાં ઉંદર પણ હોય કે ત્યાં બીજો હિંસક વ્યકિત પણ હોય. પણ એના ગણમાં બધા સમાન હોય એમ આપના માધ્યમથી એક સમાનતાનું પરિપ્રેક્ષ્ય આ ગૃહમાં ઊભું થાય અને બધા જ એ વાતનો અહેસાસ કરે કે આ સ્થાન ઉપરથી કહેવાયું છે એ બધાય માટે પક્ષપાત વગરનું છે. આ ગૃહનો એ પણ ઇતિહાસ છે કે, માનનીય સ્વ.નટવરલાલ શાહે આ જ સ્થાન ઉપરથી બેસીને કહ્યું છે કે, આ સ્થાન એવું છે કે, મારી ફરજ છે કે, જે વિરોધપક્ષ છે એ લઘુમતીમાં છે એનો અવાજ દબાઈ ન થાય એ જોવાની ફરજ પણ મારી છે અને એ ફરજ બજાવતાં મારા ઉપર આક્ષેપ આવે કે હું પ્રો ઓપોઝિશનનો છું. તો એ આક્ષેપ મને માન્ય છે. આ ગૃહનું સંચાલન આ રીતે કરવું, એ ઉમદા પરંપરાવાળું આ ગૃહનું સંચાલન કરવામાં આપ સંપૂર્ણ સફળ રહો એવી મારા પક્ષના સભ્યશ્રીઓ વતી ખૂબ ખૂબ હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવું છું.

માનનીય મંગળદાસભાઈએ કાર્યકારી અધ્યક્ષ તરીકે સુંદર કામગીરી બજાવી છે એમને પણ અભિનંદન આપું છું. અહીં કહેવાયું છે તે રીતે સાચા અર્થમાં વચગાળાના સમયમાં સ્વર્ગસ્થ અશોકભાઈ ભટ્ટના જવાથી જે સમયે ફરજ બજાવી છે એ પણ આપણે સૌએ એ વાત પણ સ્વીકારવી પડે કે મેન મે કમ, મેન મે ગો, ટાઇમ ઈઝ ફૉર એવર. લોકો અહીં આવે છે રોલ ભજવીને જતા રહે છે, આ વિધાનસભાગૃહ કાયમી છે. આ ખુરશી ઉપર

બેસનાર માણસ કાયમી નથી અને એટલા માટે અહીં બેસનાર માણસનું નામ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય છે. એ જ શુભેચ્છા સાથે વિરમું છું.

**શ્રી જયંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાએ આપને સર્વ સંમતિથી અધ્યક્ષપદે સ્વીકાર્યા છે એને હું પણ આવકારું છું. વિધાનસભાના સંચાલનમાં મારા પક્ષ તરફથી હરહંમેશ સાથ સહકાર મળતો રહેશે. આપ અધ્યક્ષ છો, યુવાન છો ત્યારે મને લાગે છે કે, આપ સારું માર્ગદર્શન આપશો અને એક દિશા તરફથી લઈ જશો એવી અપેક્ષા રાખું છું અને આપને ફરીથી અભિનંદન આપું છું.

**શ્રી દિલીપ સંઘાણી (સંસદીય બાબતોના મંત્રીશ્રી)**:માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સ્થાપના પહેલાં મુંબઇ રાજય હતું અને એ સમયે ૧૯૨૫માં સ્થપાયેલ પ્રાંતીય વિધાનસભાના પ્રથમ સ્પીકર શ્રી વિઠ્ઠલભાઈ પટેલ હતા અને ત્યારથી માંડીને આજે આપ સ્વર્ણિમ વર્ષમાં ગુજરાતના ઇતિહાસમાં યુવાન અધ્યક્ષ તરીકે આવતા હોય તેવો આ એક પ્રથમ પ્રસંગ છે ત્યારે આ વિધાનસભાગૃહના સભ્ય તરીકે હું ગૌરવ અનુભવું છું. આપની પસંદગીમાં મારા સાથી અને ગૃહના નેતાએ પસંદગી કરી અને ગૃહે એનો સર્વાનુમતે સ્વીકાર કર્યો એ આ ગૃહની પરંપરા જળવાઈ છે અને આવતા દિવસોમાં આપની અભ્યાસી પરંપરા આગળ લઈ જશો અને ગૃહને આગવું માર્ગદર્શન આપશો. આપ ખેલ મહાકુંભના યુવાનોને સાહસ કરવા પ્રેરણા આપી ઉજ્જવળ કારકિર્દી બનાવવા સ્વર્ણિમ વર્ષમાં કામગીરી કરી રહ્યા છો. આ માર્ગદર્શન સીમાચિહ્ન રૂપ બનશે, સ્વર્ણિમ વર્ષમાં એક નવી દિશા આપશે. આ વિધાનસભાગૃહનું નેતૃત્વ કરી રહ્યા છો. એ નેતૃત્વમાં આપ સંપૂર્ણપણે સફળ રહેશો. આપ આ સભાગૃહનું સર્વોચ્ચ માન મેળવો તેવી શુભ કામનાઓ પાઠવું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણ મંત્રીશ્રી)**:માનનીય અધ્યક્ષશ્રી, માંગરોળના ધારાસભ્ય અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશના મંત્રી ભાઈશ્રી ગણપતભાઈ વસાવાની ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદે નિમણૂક થઈ છે. સમગ્ર રાજયનો આદિવાસી સમાજ ખુશી વ્યક્ત કરે છે. શ્રી ગણપતભાઈ એક શિક્ષિત યુવાન અને અનુભવી આદિવાસી નેતા છે. સમગ્ર દેશમાં કદાચ રાજયની વિધાનસભાના અધ્યક્ષપદે પસંદગી પામનાર તેઓ પ્રથમ આદિવાસી યુવાન નેતા હશે. શ્રી ગણપતભાઈની અધ્યક્ષપદે નિમણૂક માટે પસંદગી એ કદાચ એક ઇતિહાસ બની રહેશે. રાજયના આદિવાસી સમાજ માટે ગૌરવ લેવા જેવી બાબત છે. ગુજરાત ભારતીય જનતા પાર્ટી અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો તથા વિપક્ષનો હું આ તકે આભાર માનું છું. સમગ્ર સમાજ વતી અને સરકારના આદિજાતિ કલ્યાણ વિભાગના મંત્રી તરીકે આપને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે એક યુવાન અને શિક્ષિત અને આદિવાસી સમાજ જેવા એક છેવાડાના સમાજમાંથી આવેલા વ્યકિતની નિમણૂક થઈ એનું મને અને આ ગૃહના સૌને ગૌરવ છે. અમારા નેતા જે વાત કરતા હતા એ પ્રમાણે સંસદીય પ્રણાલીની અંદર ગુજરાતનું એક અનોખું પ્રદાન રહ્યું છે. આમ તો સંસદીય પ્રણાલી ભલે બ્રિટનમાંથી આવી હોય, મોડેલ ભલે ત્યાંનું સ્વીકારાયું હોય પરંતુ એ પરંપરામાં આપણે પણ ભારત અને ગુજરાત અગ્રિમ હરોળમાં રહ્યા છીએ. સંસદીય પરંપરામાં બ્રિટનના ૪૦૦ વર્ષના ઇતિહાસમાં એક પણ વખત અધ્યક્ષશ્રીની સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ થઈ નહોતી. એક જ વખત અધ્યક્ષ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ થઈ પછી પાછી ખેંચી લેવાઈ, પરંતુ એ વખતે ત્યાંના અધ્યક્ષે એમ કહ્યું હતું કે કોઈક સભ્યના મનની અંદર કોઈક ખૂણે એવું થયું કે હું એમને અન્યાય કરી રહ્યો છું એટલે હું રાજીનામું આપું છું. આ ઉજ્જવળ પરંપરા બ્રિટનની સંસદીયપ્રણાલી છે એવી જ ઉજ્જવળ પરંપરા ગુજરાતે રાજયને અને દેશને પણ આપી છે. આ આઝાદી પહેલા સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ હોય, માનનીય સંસદીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે અને આઝાદી પછી માવળંકર દાદા હોય કે ગુજરાતના માનનીય અધ્યક્ષશ્રીઓ હોય, એ તમામે ગુજરાતની ઉજ્જવળ પરંપરાને જાળવવાનું કામ કર્યુ છે. અને યુવાનવયે આપના ખભે આ પરંપરા જાળવવાનું જ્યારે દેશ અને રાજયની અંદર સંસદીય પ્રણાલીઓ સામે અનેક પ્રકારની કટોકટી આવી રહી છે ત્યારે ખૂબ મોટી જવાબદારી આવી છે. મને આનંદ એ વાતનો છે કે આપની પસંદગીની અંદર શાસક અને વિરોધ પક્ષ સાથે મળીને આપની પસંદગી કરે છે. અને જ્યારે પસંદગી કરી છે ત્યારે જે સંસદીય પ્રણાલી સામેના પડકારો છે એ પડકારોનો આપની આગેવાની હેઠળ આ ગૃહે સામનો કરવાનો છે. અને એ વખતે આ પ્રણાલીઓ યોગ્ય રીતે જળવાય એ યુવાન ખભા ઉપર, આપના ઉપર જ્યારે ભાર છે ત્યારે હું આપને શુભકામનાઓ આપુ છું. કે મેચ્યોરિટી છે એને થોડો ઘણો ઉંમરની સાથે સંબંધ ખરો. પરંતુ વધારે સંબંધ તો એની સાથે સમજનો છે. આ સમજ આપનામાં છે અને હું માનું છું કે એ સમજથી અને યુવાનની શકિતથી આપ ગૃહને ચલાવશો તો ઘણા બધા જે પડકારો ભૂતકાળમાં આવ્યા છે એ પડકારો ભવિષ્યમાં આપણી સમક્ષ નહિ આવે એવી અપેક્ષા વ્યકત થઈ છે. ઉપાધ્યક્ષનું પદ ૧૦ વર્ષથી ખાલી છે. આપના પ્રયાસોથી અને આ ગૃહની સમજથી આપણે એ પદ પણ અચુકપણે સર્વસંમતિથી જે ભૂતકાળમાં આપણી પરંપરા હતી એ પ્રમાણે ભરી શકીશું અને એમાં આપણને સફળતા મળશે. ફરી પાછો હું હ્રદયપૂર્વક આપના જેવા યુવાન અને સમજદાર અધ્યક્ષ બન્યા છે ત્યારે એ સમજદારીની શકિતનો ગૃહને ભરપૂર લાભ મળે અને ગુજરાતની સંસદીય પ્રણાલીની અંદર ભૂતકાળમાં જે પ્રમાણે એક અન્યય પ્રતિભા ધરાવતું રાજ્ય હતું એ ફરી પાછી પુનઃસ્થાપિત થાય એવી અપેક્ષા રાખું છું અને જે મંગળદાસભાઈએ આદરણીય

અધ્યક્ષ તરીકે અને કાર્યકારી અધ્યક્ષ તરીકે આપણી વચ્ચે સારી કામગીરી કરી અને કટોકટીનો જે સમય હતો એમાં યોગ્ય માર્ગદર્શન આપ્યું એ બદલ એમનો પણ આભાર માનું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભાગૃહના નેતાશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય મંત્રીશ્રીઓ તથા માનનીય સભ્યશ્રીઓએ બારમી વિધાનસભાના અધ્યક્ષ આદરણીયશ્રી અશોકભાઈ ભટ્ટનું અકાળે દુ:ખદ અવસાન થતાં તેઓશ્રીના અવસાનના કારણે અધ્યક્ષની જગ્યા ખાલી પડતાં ગૃહના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે આપ સૌએ મારી પસંદગી કરી છે તે બદલ હું ખરેખર હૃદયપૂર્વક આપ સૌનો આભાર માનું છું. આ સભાગૃહના આપ તમામ સભ્યશ્રીઓએ યુવાન અધ્યક્ષ તરીકે મારામાં જે વિશ્વાસ મૂકયો છે અને મારા વિષે જે વાત કરી છે તેમજ મને આ સન્માનનીય સભાગૃહના સંચાલનની જે જવાબદારી સોંપી છે તેને પૂરેપૂરો ન્યાય આપવા હું હંમેશા પ્રયત્નશીલ રહીશ તેની આપ સૌને ખાતરી આપું છું.

આપણે સૌ જાણીએ છીએ કે આ દેશના અને ગુજરાતના સપૂત સ્વ.શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, ૧૯૨૫ થી એ વખતની કેન્દ્રીય ધારાસભાના અધ્યક્ષ હતા. સ્વતંત્રતા બાદ દાદાસાહેબ માવલંકર પણ લૌકસભાના પ્રથમ અધ્યક્ષ હતા. આ બંને મહાનુભાવોએ આપણી સાંસ્કૃતિક પરંપરાઓને ધ્યાને લઈને નિડરતાથી અને નિષ્પક્ષતાથી પાડેલ ઉચ્ચ સંસદીય પરંપરા અને પ્રણાલીઓ આપણા સૌના માટે માર્ગદર્શક અને ગૌરવરૂપ છે. ગુજરાત વિધાનસભાની રચના થયા બાદ મારા પૂરોગામી અધ્યક્ષોએ ગુજરાત વિધાનસભા માટે કેટલીક આગવી સંસદીય પ્રણાલીઓ પાડી છે તે પણ મારા માટે હંમેશા માર્ગદર્શક બની રહેશે. આ મહાનુભાવોએ જે કેડીઓ કંડારી છે, એ કેડીઓ ઉપર આપણે સૌ સાથે ચાલીએ તેવી હું આશા રાખું છું. અધ્યક્ષની ચૂંટણી થયા પછી અધ્યક્ષ પક્ષીય રાજકારણથી અળગા થઈને સભાગૃહના દરેક સભ્યોના રક્ષક તરીકે અને જાહેર હિતમાં નિષ્પક્ષ અને તટસ્થ રીતે પોતાની ફરજો અદા કરે છે. અધ્યક્ષની ફરજોની નિષ્પક્ષતામાં જ સંસદીય કાર્યવાહીની સફળતા રહેલી છે. ગુજરાત વિધાનસભામાં મારા પુરોગામી અધ્યક્ષોએ પ્રસ્થાપિત કરેલ ઉચ્ચ સંસદીય પરંપરા અને મૂલ્યોથી ગુજરાત વિધાનસભાએ દેશમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

સંસદીય લોકશાહીમાં સભાગૃહની સર્વોપરિતાએ તેનું હાર્દ છે. કારોબારી સભાગૃહની અંગભૂત સંસ્થા છે અને રાજયનો વહીવટ ચલાવવા માટેની તમામ સત્તાઓ તે સભાગૃહ પાસેથી મેળવે છે. આ સંજોગોમાં આ સભાગૃહે એ તકેદારી રાખવાની હોય છે કે, કારોબારી તંત્ર તેને સોંપવામાં આવેલી સત્તાઓનો બરાબર ઉપયોગ કરે છે કે કેમ? આપણા બંધારણે જ કારોબારી ઉપર દેખરેખ રાખવાનો અને તેના કાર્યોનો હિસાબ માંગવાનો અધિકાર સભાગૃહને આપેલો છે. આમ કરીને બંધારણે સભાગૃહનું માન અને ગૌરવ વધાર્યું છે અને આ સભાગૃહની ગરિમા અને ગૌરવ જાળવવાની જવાબદારી આપણા સૌની છે તેથી વિધાનસભા ગૃહનું ગૌરવ અને ગરિમા ઘટે તેવા કોઈ કાર્યથી અળગા રહેવાનું અને પ્રજાના હિતને લક્ષમાં રાખીને જવાબદારી નિભાવવાનું ધ્યેય કેન્દ્ર સ્થાને રહે તે આપણા સૌ માટે અતિ આવશ્યક છે.

આ સન્માનનીય સભાગૃહમાં દક્ષિણ ગુજરાતના ઉમરપાડા જેવા અતિ પછાત તાલુકામાંથી મને ૨૦૦૨ અને ૨૦૦૭ એમ બે વખત જન પ્રતિનિધિ તરીકે ઉમદા સેવા કરવાની તક સાંપડી છે. મારી આ રાજકીય કારકિર્દીની સાથે વનવાસી ક્ષેત્રમાં વનવાસીઓના સર્વાંગી ઉત્કર્ષ અને કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓમાં કામ કરવાની મને તક સાંપડી છે. આ સન્માનનીય સભાગૃહમાં અને સભાગૃહની જુદી જુદી સમિતિઓમાં સમાજ જીવનના ગરીબો, આદિવાસીઓ અને યુવાનોના પ્રશ્નો સહિત સમગ્ર ગુજરાતના વિકાસમાં મને જયાં જેટલી તક મળી એટલો આ વિકાસયજ્ઞમાં આહુતિ આપવાનો પ્રયાસ કર્યો છે. આદિવાસી ક્ષેત્રના સામાન્ય કાર્યકર્તાથી આ સન્માનનીય સભાગૃહના અધ્યક્ષ સુધીની સમગ્ર પદયાત્રામાં આપ સૌ પદયાત્રીઓનો સહકાર મને સાંપડયો છે. એવો જ સહકાર હવે પછી પણ આપ સર્વે માનનીય સભ્યશ્રીઓ તરફથી મળતો રહે એવી ભૂમિકા હું ભજવીશ.

આ સભાગૃહમાં અનેક માનનીય સિનિયર સભ્યશ્રીઓ મારી જમણી બાજુ, ડાબી બાજુ અને સામેની બાજુએ બેઠા છે તેઓના અનુભવનું જ્ઞાન તથા માર્ગદર્શન મને મળતા રહેશે તેવી હું તેઓની પાસે અપેક્ષા રાખું છું. સભાગૃહમાં શાસક પક્ષ અને વિરોધ પક્ષ બંને વચ્ચે ચર્ચામાં કયારેક ઉગ્રતા આવતી હોય છે પણ એ ઉગ્રતા મર્યાદાપૂર્વક હોય તે જરૂરી છે. ધીરજ, સહિષ્ણુતા અને મર્યાદા એ સંસદીય લોકશાહી માટે અતિ આવશ્યક છે. સૌ તેને નજર સમક્ષ રાખીને ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈશું તો મને શ્રદ્ધા છે કે ગુજરાતની સંસદીય કાર્યરીતિ દેશના અન્ય વિધાન મંડળો માટે પણ માર્ગદર્શક બની રહેશે.

આમ, સભાગૃહનું સફળ સંચાલન કરવાની આપણા સૌની સામૂહિક જવાબદારી છે. ફકત અધ્યક્ષ એકલા જાતે આ કામગીરી કરી શકે નહીં. જો આપણે સૌ આ વાસ્તવિકતા સ્વીકારીએ અને તે દ્રષ્ટિકોણથી આગળ વધીએ તો સભાગૃહના સફળ સંચાલનમાં કોઈ અવરોધ આવશે નહીં તેવી હું આપ સૌને ખાતરી આપું છું. ગુજરાત વિધાનસભાનું ગૌરવ અને ગરિમા જળવાય તે રીતે આ સભાગૃહનું સંચાલન કરવામાં આપ સૌના સહકારની હું આશા રાખું છું.

અંતમાં ફરીથી આપ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું અને આપ સૌની સંસદીય કારકિર્દી સફળ નીવડે તેવી શુભેચ્છા પાઠવું છું.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ પૂર્ણ થાય છે. સભાગૃહ અડધા કલાક પછી ફરી મળશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૪ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૧-૩૪ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૨૪મી ફેબ્રુઆરી,૨૦૧૧**
**ફાલ્ગુન ૫, ૧૯૩૨ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૧-૩૪ કલાકે ફરી મળ્યું**
**માનનીય અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોરના ૧૨-૦૦ વાગ્યે નામદાર રાજ્યપાલશ્રીએ બંધારણની કલમ ૧૭૬(૧) અન્વયે ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યુ હતું. નામદાર રાજ્યપાલશ્રીએ કરેલ સંબોધનની પ્રમાણિત નકલ મને મળી છે, જે સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**રાજ્યપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## રાજયપાલશ્રીનું સંબોધન

# રાજયપાલશ્રીનું સંબોધન

ફાલ્ગુન ૫, ૧૯૩૨ શાકે
રાજ્યપાલશ્રીનું સંબોધન

તા. ૨૪ મી ફેબ્રુઆરી, ૨૦૧૧
રાજયપાલશ્રીનું સંબોધન

ફાલ્ગુન ૫, ૧૯૩૨ શાકે
રાજયપાલશ્રીનું સંબોધન

# રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે-

" અમો આ સત્રમાં એકત્રિત થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ ".

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રજનીકાંતભાઈ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

## કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ કામકાજ સલાહકાર સમિતિનો ૧૪મો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર તા.૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૧ ના રોજ મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણ કરી છે :

(૧) ગુરૂવાર તા.૨૪મી ફેબ્રુઆરી ૨૦૧૧ અને સોમવાર તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ નીચે દર્શાવ્યા મુજબના વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને જરૂર પડે તો સભાગૃહની બેઠકનો સમય લંબાવીને પણ આ વિધેયકોની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૧નું વિધયેક ક્રમાંક-૧-સન ૨૦૧૧નું મુંબઈ ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા ) વિધેયક.

(૨) સન ૨૦૧૧નું વિધયેક ક્રમાંક-૮-સન ૨૦૧૧નું મુંબઈની ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા ) વિધેયક.

(૩) સન ૨૦૧૧નું વિધયેક ક્રમાંક-૭-સન ૨૦૧૧નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા ) વિધેયક.

(૪) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક-પુન:વિચારણા

(૫) સન ૨૦૧૧નું વિધયેક ક્રમાંક-૩-સન ૨૦૧૧નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક.

**(૨) મંગળવાર, તા. ૧લી માર્ચ, ૨૦૧૧ ના રોજ નીચે દર્શાવ્યા મુજબના વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.**

(૧) સન ૨૦૧૧નું વિધયેક ક્રમાંક-૬-સન ૨૦૧૧નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૧નું વિધયેક ક્રમાંક-૪-સન ૨૦૧૧નું ગુજરાત રાજવિત્તિય જવાબદારી (સુધારા) વિધેયક

(૩) સન ૨૦૧૧નું વિધયેક ક્રમાંક-૨-સન ૨૦૧૧નું મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાના) ઈનામો નાબૂદ કરવા બાબતનું ( રદ કરવા બાબત) વિધેયક.

(૪) સન ૨૦૧૧નું વિધયેક ક્રમાંક-૫-સન ૨૦૧૧નું ગુજરાત અધિનિયમો રદ કરવા બાબત વિધેયક.

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી દિલીપ સંઘાણી ( સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે " આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય.

**શ્રી ઈકબાલ પટેલ** : વિના વિરોધે ટેકો આપીએ છીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

# શોકદર્શક ઉલ્લેખો

## બારમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોક ચંદુલાલ ભટ્ટ, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી દિનેશચંદ્ર વિનોદચંદ્ર શાહ,ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મૂળશંકર રણછોડદાસ સુથાર,ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ પટેલ,ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકી,ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પરસોત્તમભાઈ માયાભાઈ સોધમના અવસાન અંગે

### બારમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોક ચંદુલાલ ભટ્ટના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી(મુખ્યમંત્રીશ્રી)/(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, બારમી ગુજરાત વિધાનસભામાં અધ્યક્ષ રહી ચૂકેલ શ્રી અશોક ચંદુલાલ ભટ્ટનું તારીખ ર૯મી સપ્ટેમ્બર, ર૦૧૦ના રોજ ૭૧ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ભટ્ટનો જન્મ ર૮મી જાન્યુઆરી, ૧૯૩૯ના રોજ ખાડીયા, અમદાવાદ ખાતે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. અને એસ.ટી.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો. અમદાવાદની પ્રતિષ્ઠિત મીલમાં નોકરીથી તેઓની કારકિર્દીની શરૂઆત થઈ સાથે સાથે પત્રકારત્વ અને ત્યારબાદ રાજકીય જીવનની શરૂઆત કરીને સમગ્ર જીવન સમાજસેવા અને અદના માનવી માટેની ચિંતા અને રાજયના વિકાસલક્ષી પ્રશ્નોના ચિંતન અને તેના ઉકેલમાં જ વ્યતીત થયું.

વિદ્યાર્થી અવસ્થાના વર્ષોથી જ એક લડાયક મિજાજ, હક્ક માટે લડી લેવાનો દૃઢ નિર્ધાર અને ખાડિયાને કર્મભૂમિ બનાવી તેજસ્વી કારકિર્દીની શરૂઆત કરનાર અશોકભાઈ અને ખાડિયા જાણે એકબીજા સાથે વણાઈ ચૂક્યા હતા. ૧૯૫૬ની મહાગુજરાતની ચળવળમાં ખાડિયા વિસ્તારના સક્રિય વિદ્યાર્થી કાર્યકર તરીકે ભાગ લીધો. જે સિલસિલો નવનિર્માણ ચળવળ, મજૂર આંદોલન અને કટોકટી કાળમાં પણ જોવા મળ્યો. કટોકટીના સમયગાળામાં ભૂગર્ભમાં રહી લોકશાહીને જીવંત રાખવા લડત ચલાવી મિસા હેઠળ ધરપકડ વ્હોરી જેલવાસ પણ ભોગવ્યો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સભ્ય તરીકે ચૂંટાઈ રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર સ્વર્ગસ્થશ્રી ભટ્ટે ત્યારબાદ લોકસેવક તરીકે ઉત્તરોત્તર પ્રગતિ કરી હતી. જનસંઘના ખાડિયા વૉર્ડના મંત્રી તરીકે મોંઘવારી તથા ભ્રષ્ટાચાર વિરોધી અને લોકક્રાંતિ માટેનાં અનેક આંદોલનોનું નેતૃત્વ લઈ સરકાર સમક્ષ રજૂઆતો કરી જનતાના પ્રશ્નો ઉકેલવામાં તેઓનું પ્રદાન પ્રજાજનો ભૂલી શકે તેમ નથી. સીટી હાઈસ્કૂલ, રાયપુર અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે તેમજ ગુજરાત ગંદા વસવાટ નિવારણ બોર્ડના પ્રમુખ તરીકે પણ તેઓશ્રીએ સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ભટ્ટ પાંચમી ગુજરાત વિધાનસભાથી બારમી ગુજરાત વિધાનસભામાં સતત આઠ ટર્મ માટે સભ્ય તરીકે એકજ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી એક વિક્રમ સર્જ્યો હતો અને આ રીતે ગુજરાતના જાહેર જીવનમાં લગભગ ચાર દાયકા સુધી તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું હતું. આ બાબત તેમનામાં પ્રજાની નાડ પારખવાની રહેલી સૂઝ, પ્રજાજીવનના પ્રશ્નોને સદા પ્રાધાન્ય, પોતાના મત વિસ્તાર સાથેનો સતત ઘરોબો, અને સમાજના છેવાડાના માણસના પ્રશ્નો સમજવાની કોઠાસૂઝ તથા તેનો સમયબદ્ધ ઉકેલ જેવા વિવિધ ગુણોના સમન્વયનું પરિણામ હતું. કોઈપણ નાગરિક વિના સંકોચે અડધી રાતે તેમના ઘરના દરવાજા ખટખટાવી મદદ માગી શકે તેવો તેમનો અભિગમ હતો. જાહેર જીવન તેમજ રાજકીય કારકિર્દીમાં અનેક સીમાંકનો સર કરનાર મુઠ્ઠી ઉંચેરા એવા આ મનાવીએ તેમના કાર્યકાળ દરમ્યાન જાહેર હિસાબ સમિતિના પ્રમુખ તરીકે તેમજ વિધાનસભાની બીજી અન્ય સમિતિઓમાં પણ સેવાઓ આપી હતી. તેઓશ્રીએ સન ૧૯૭૫-૭૬માં ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના ઉપદંડક તરીકે, સન ૧૯૮૦ થી ૧૯૯૦ દરમ્યાન ભારતીય જનતા પક્ષના દંડક તરીકે તથા સન ર૦૦૦-૦૧ દરમ્યાન સ્વૈચ્છિક સંસ્થાઓની સંકલન સમિતિના અધ્યક્ષ તરીકે યોગદાન આપ્યું હતું. ગુજરાત બહાર વસતા ગુજરાતીઓમાં પણ તેઓ એટલાં જ લોકપ્રિય હતા. દેશના જુદા જુદા રાજયોમાં સ્થાપવામાં આવેલ ગુજરાતી સમાજ સાથે પણ તેમનો ઘરોબો હતા અને પ્રસંગોપાત્ રાજય બહાર વસતા ગુજરાતીઓના કાર્યક્રમોમાં પણ હાજરી આપતા હતા. ખાડિયાનો ઈતિહાસ સંકલિત કરવામાં તેમજ અમદાવાદના કોટ વિસ્તારની ઐતિહાસિક ઈમારતોની જાવળણી થાય તેમજ સ્થાપત્યની દૃષ્ટિએ ઐતિહાસિક ઈમારતોને વર્લ્ડ હૅરીટેજમાં સ્થાન મળે તે માટે પણ તેઓ પ્રયત્નશીલ રહી માર્ગદર્શન આપતા રહ્યા હતા. ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ પણ આ રીતે ઉજાગર થાય તે માટે તેઓશ્રી ચિંતિત રહેતા.

સ્વર્ગસ્થશ્રી ભટ્ટે ગુજરાત સરકારમાં મંત્રીશ્રી તરીકેના તેઓશ્રીના કાર્યકાળ દરમિયાન નાગરિક પુરવઠા, મહેસુલ, જેલ, શ્રમ અને રોજગાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાતી પ્રભાગ, ગૌસંવર્ધન, દેવસ્થાન યાત્રાધામ વિકાસ વગેરે વિભાગોના મંત્રીશ્રી તરીકે અમુલ્ય સેવાઓ આપી હતી. તેઓની મંત્રીશ્રી તરીકેની કારકીર્દીમાં પ્રજાલક્ષી અનેક સીમાચિહનરૂપી સરકારી નિર્ણયોમાં તેઓનું મહત્વનું પ્રદાન હતું. ખાસ કરીને ચિંરજીવી યોજના, શાળાના

બાળકોની આરોગ્ય તપાસ જેવી રાજયની આરોગ્ય વિષયક સેવાઓ, સાંધ્ય અદાલતો અને ઝડપી અને સસ્તા ન્યાય માટે આયોજન, ન્યાયની અદાલતોનું આધુનિકરણ, સખાવતી ટ્રસ્ટોનો વહીવટ સુદ્રઢ બનાવવામાં તેમજ અંબાજી, બહુચરાજી અને ડાકોર જેવાં દેવસ્થાન યાત્રાધામોના વિકાસ માટે જનસમાજમાં તેમનું સ્થાન અનન્ય રહેશે. સરકારમાં તેઓના કાર્યકાળના વર્ષો દરમિયાન મંત્રીમંડળના સાથીઓ, ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સાથેનો તેઓનો સહહૃદયતાપૂર્વકનો વ્યવહાર તે તેમની આગવી વિશેષતા હતી.

તા. ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ તેઓશ્રીની બારમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી અને મૃત્યુની અંતિમ પળ સુધી તેઓ આ પદ શોભાવતા રહયા. કાર્યનિષ્ઠાના આગ્રહી તેવા શ્રી ભટ્ટે અધ્યક્ષશ્રી તરીકેના કાર્યકાળ દરમિયાન સત્તાધારી પક્ષ તથા સાથી પક્ષોનો પ્રેમ સંપાદિત કર્યો હતી. વિધાનસભા ગૃહનું સફળ સંચાલન થાય અને ગૃહની કાર્યવાહી કોઈપણ જાતના વિક્ષેપ વિના ચાલે તે માટે સતત પ્રયત્નશીલ અને ચિંતિત રહેતા અને તે માટે જરૂર જણાયે ગૃહના સિનીયર સભ્યોને પણ ટકોર કરતા ખચકાતા નહીં. ગૃહના મહત્તમ સભ્યો ચર્ચામાં ભાગ લઈ શકે તે રીતે ગૃહના સમયનું સંચાલન કરવામાં તેઓ માહીર હતા. વિધાનસભા ગૃહમાં વધુમાં વધુ પ્રશ્નો ચર્ચામાં આવે અને ચર્ચા દરમિયાન બિનજરૂરી મુદ્દા ઉપર સમય ન વેડફાય તે રીતે પ્રશ્નોત્તરી કાળનું સંચાલન કરવામાં તેમની હથોટી હતી. સંસદીય પ્રણાલિકાઓનું તેમનું બહોળું જ્ઞાન તેમજ અભ્યાસ, સભાગૃહના સફળ સંચાલન માટે ખૂબ જ કારગત નીવડયું અને તેનો લાભ ગુજરાતના જાહેર જીવનને પણ મળ્યો. અધ્યક્ષશ્રી તરીકે તેમણે ગૃહની ગરિમાને ઉચ્ચ સ્થાને પહોંચાડી છે જે નવી પેઢી માટે માર્ગદર્શક તથા પ્રેરકબળ પુરવાર થશે. સભાગૃહમાં તેઓશ્રીએ આપેલા અનેક નિર્ણયો આવનારા વર્ષોમાં પણ સંસદીય પ્રણાલિકાઓ માટે માર્ગદર્શક બની રહેશે. ગૃહના સભ્ય તરીકેની કારકીર્દીની શરૂઆતથી લઈ અધ્યક્ષશ્રી સુધીના કાર્યકાળ દરમિયાન ગૃહને સતત ધબકતું અને જીવંત રાખવામાં શ્રી ભટ્ટની ફાળો અનન્ય હતો.

ગુજરાત વિધાનસભાના સભ્યપદે રહી ચુકેલા સભ્યોને સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં વિધાનસભાગૃહમાં આમંત્રિત કરી " **સ્વર્ણિમ ગુજરાત સંસદીય સંકલ્પ પરિષદ**" નું આયોજન કરવામાં પણ અધ્યક્ષશ્રી તરીકે તેમનું આગવું પ્રદાન હતું.

સંસદીય પ્રણાલિકાઓના ઉંડા અભ્યાસુ તેવા શ્રી ભટ્ટે વિશ્વના અનેક દેશોમાં ગુજરાતના અને દેશના પ્રતિનિધિ તરીકે ભાગ લઈ પોતાના વિચારો આંતરરાષ્ટ્રિય મંચ ઉપર મૂકી વિચારવિમર્શ કર્યો હતો. કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશન દ્વારા યોજાયેલા પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં ગુજરાતના ડેલીગેટ તરીકે સ્વર્ગસ્થશ્રી ભટ્ટે યુ.કે. તથા મલેશિયાના કવાલાલુમ્પુર ખાતે હાજરી આપી હતી તેમજ બેલફાસ્ટ અને બ્રસેલ્સની પણ મુલાકાત લીધી હતી. જીનીવા ખાતે આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની બેઠકમાં, દક્ષિણ આફ્રિકા ખાતે એઈડસ પ્રિવેન્શનની આંતરરાષ્ટ્રિય પરિષદમાં અને બ્રાઝિલ ખાતે આયુર્વેદને લગતા આંતરરાષ્ટ્રિય સેમિનારમાં ભાગ લઈ ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીને ઈન્ટરનેશન લાયન્સ દ્વારા " દ્રષ્ટિ " કાર્યક્રમ માટે આંતરાષ્ટ્રિય એવોર્ડ અને ઈન્ટરનેશનલ લેપ્રસી યુનીયન અને સાસાકાવા મેમોરીયલ ફાઉન્ડેશન દ્વારા સાસાકાવા એવોર્ડ તેમજ જાહેર જીવનમાં ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે અનેક રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાષ્ટ્રનું અને ખાસ કરીને ગુજરાતનું જાહેરજીવન રાંક બનેલ છે. આમ જનતાના પ્રતિનિધિ તરીકે ગુજરાતની પ્રજા તેમને વિસરી શકે તેમ નથી. અગ્રણી અને પીઢ રાજનીતિજ્ઞ, કુશળ શાસક એવા આ લોકપ્રિય, સમાજસેવાના ભેખધારી, સફળ, સરળ અને સબળ નેતાના અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં મોટી ખોટ પડી છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી દિનેશચંદ્ર વિનોદચંદ્ર શાહના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી દિનેશચંદ્ર વિનોદચંદ્ર શાહનું તારીખ ૨૩ મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ ૭૨ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી શાહનો જન્મ ૧ લી ડિસેમ્બર, ૧૯૩૮ ના રોજ ભરૂચ જિલ્લાના જંબુસર મુકામે થયો હતો.

તેઓશ્રીએ એમ.એ.માં અર્થશાસ્ત્રના વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો અને એલ.એલ.બી. સુધીનો અભ્યાસ પણ પૂર્ણ કર્યો. અર્થશાસ્ત્ર અને કાયદાશાસ્ત્રના અધ્યાપનની સાથે સાથે તેઓશ્રીએ વકીલાતના વ્યવસાયમાં પણ ઝંપલાવ્યું.

પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર પટેલના જીવન મૂલ્યોને સ્વઘડતરમાં આત્મસાત કરનાર સ્વર્ગસ્થશ્રી શાહ બહુઆયામી સ્વચ્છ પ્રતિભા ધરાવતા રાજનીતિજ્ઞ હતા. યુવાનોને વિચાર ઘડતરનું ભાથું પૂરું પાડવામાં તેઓશ્રીનું અમૂલ્ય યોગદાન હતું. કટોકટી દરમ્યાન તેઓશ્રીએ મિસા હેઠળ જૂનાગઢ અને વડોદરાની જેલમાં છ માસનો કારાવાસ ભોગ્યો હતો.

સ્વર્ગસ્થશ્રી શાહે સોમનાથ મંદિરના ટ્રસ્ટી અને અધ્યક્ષ તરીકે મંદિરના નવનિર્માણથી માંડીને મંદિરના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. તેઓશ્રીએ ગ્રામભારતી, સેવાસદન ટ્રસ્ટ, મહાગુજરાત સંકટનિવારણ ટ્રસ્ટ, ગુજરાત ઈકોલોજી ફાઉન્ડેશન જેવી સંસ્થાઓના ટ્રસ્ટી તરીકે પણ સેવાઓ આપી હતી. વિકાસ ભારતી, વિશ્વગુર્જરી, નિરક્ષરતા નિવારણ ટ્રસ્ટ, યુવક વિકાસ ટ્રસ્ટ, સરદાર વલ્લભભાઈ સ્મૃતિ ટ્રસ્ટ વગેરે સંસ્થાઓ સાથે સંકળાયેલા રહી તેઓશ્રીએ બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સાહિત્ય સર્જનમાં પણ તેઓશ્રીએ મહત્વનું પ્રદાન આપ્યું. તેઓશ્રીએ "આકાશગીત", "ધરાગીત", "ક્ષિતિજ" જેવા કાવ્યસંગ્રહોની રચના કરી તેમજ અનેક નવલિકાઓ, નવલકથાઓ અને નાટ્યલેખનમાં પણ પ્રદાન આપ્યું હતું. તેઓશ્રીએ પાંચસોથી વધુ લેખો લખ્યા અને અનેક અભ્યાસ પેપરો રજૂ કર્યા હતા. અંગ્રેજી વિવેચનો, હળવા નિબંધો, આંતરરાષ્ટ્રીય પ્રવાહો, આર્થિક પ્રવાહો, સામાજીક સમસ્યાઓને આવરી લેતી તેઓની કલમ વાચક વર્ગ માટે આગવું મહત્વ ધરાવતી હતી. તેઓશ્રીએ "પ્રજ્ઞા" માસિક અને "નર્મદા" પાક્ષિકના તંત્રી તરીકે પણ સુંદર કામગીરી કરી હતી. ગુજરાત સાહિત્ય પરિષદના ભવનની સ્થાપના માટે જમીન તથા નાણાકીય મદદ મેળવવામાં તેઓશ્રીએ અર્થપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ગુજરાતની વિવિધ ક્ષેત્રોની પ્રતિભાઓના સન્માન માટે વિશ્વગુર્જરી સંસ્થાની સ્થાપનામાં અને દેશ દુનિયાના પ્રતિભાવંત ગુજરાતીઓને ગુજરાતને આંગણે સન્માનિત કરવામાં એમનું યોગદાન અવિસ્મરણીય બની રહેશે.

સ્વર્ગસ્થશ્રી શાહ પાંચમી ગુજરાત વિધાનસભામાં માણસા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા. તારીખ ૯-૮-૧૯૭૭ થી ૧૭-૨-૧૯૮૦ ના સમગય ગાળા દરમ્યાન રાજય સરકારમાં નાણાં અને આયોજન મંત્રી તરીકે ગુજરાતના અર્થતંત્રને નવો ઓપ આપવામાં તથા ઉદ્યોગો તેમજ ગ્રામિણ વિકાસને વેગ આપવામાં તેઓશ્રીએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીએ યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા, યુનાઈટેડ કિંગ્ડમ, જર્મની, ફ્રાન્સ અને યુરોપના દેશોનો પ્રવાસ કરેલ હતો.

સ્વર્ગસ્થશ્રી શાહ સંગીત, વાંચન અને વિચાર વિમર્શમાં ઉંડો રસ ધરાવતા હતા. ક્રિકેટ અને ચેસ તેમની પ્રિય રમત હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ આદર્શ જીવન મૂલ્યો સાથે સ્વચ્છ અને મહુમુખી પ્રતિભા ધરાવતા એક ઉમદા રાજનીતિજ્ઞ ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મૂળશંકર રણછોડદાસ સુથારના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મૂળશંકર રણછોડદાસ સુથારનું તારીખ ૨૩ મી ઓકટોબર, ૨૦૧૦ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી સુથારનો જન્મ ૧૧ મી ડિસેમ્બર, ૧૯૨૦ ના રોજ સાબરકાંઠા જિલ્લાના ગાબટ ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી સુથારે વર્નાકયુલર ફાઈનલ સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજસેવાના ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી સુથારે ગૂામ પંચાયતના સરપંચ તથા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે .સેવાઓ આપી હતી. તેઓશ્રી જિલ્લા પંચાયતમાં બાંધકામ સમિતિ, શિક્ષણ સમિતિ, સમાજ કલ્યાણ સમિતિ તથા સહકાર સમિતિના પ્રમુખ તરીકે સુંદર કામગીરી કરેલ હતી. તેઓશ્રીએ આદિવાસી સેવા સમિતિ, સહકારી અને કેળવણી ક્ષેત્રમાં ઉત્તમ સેવાઓ આપેલ હતી. તેઓશ્રી કેટલીક કેળવણી સંસ્થાઓના ટ્રસ્ટી અને સભ્ય પણ હતા. સ્વર્ગસ્થશ્રી સુથાર આદિવાસી તેમજ પછાત વિસ્તારમાં વસતા લોકોના ઉત્કર્ષમાં ખાસ રસ ધરાવતા હતા.

સ્વર્ગસ્થશ્રી સુથારે ચોથી ગુજરાત વિધાનસભામાં ભીલોડા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને પોતાના વિસ્તારમાં લોકહિતનાં કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ પટેલનું તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ ૭૨ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી પટેલનો જન્મ તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૩૭ના રોજ નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના જામનપાડા મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ શ્રી પટેલે શિક્ષણ, સેવાદળ, આદિવાસીઓના ઉત્કર્ષ, ખાદી ગ્રામોદ્યોગ, દારૂબંધી, સહકાર તેમજ સમાજ

શિક્ષણ વિગેરે પ્રવૃત્તિઓમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ રાની પરજ સેવા સભા, વેડછીના સમાજ સેવક તરીકે સુરત જિલ્લા સેવાદળના જિલ્લાધિનાયક તરીકે તથા ગુજરાતના ડાંગ જિલ્લામાં સેવાદળના સંગઠક તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, જામનપાડાના સ્થાપક અને સંચાલક પણ રહ્યા હતા. સ્વર્ગસ્થ શ્રી પટેલે પાંચમી ગુજરાત વિધાનસભામાં ચીખલી મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. સ્વર્ગસ્થ શ્રી પટેલ શિષ્ટ વાંચન, ઐતિહાસિક સ્થળોનો પ્રવાસ, ખાદી ગ્રામોદ્યોગનો વિકાસ તથા ક્રિકેટની રમતમાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકીનું તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી સોલંકીનો જન્મ તારીખ ૨ જી જાન્યુઆરી, ૧૯૨૮ના રોજ આણંદ ખાતે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી સોલંકીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો અને વેપારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રીએ આણંદ ગામ દૂધ ઉત્પાદન સહકારી મંડળી લી., ના મંત્રી તરીકે તેમજ આણંદ નગરપાલિકા, તાલુકા ખરીદ વેચાણ સંઘ, તાલુકા વિકાસ મંડળ, તાલુકા ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી., તથા તાલુકા બજાર સમિતિના સભ્ય તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત સ્વર્ગસ્થશ્રીએ ખેડા જિલ્લા ક્ષત્રિય સેવા સમાજના ઉપપ્રમુખ તરીકે તેમજ આણંદ સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે પણ સુંદર સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થ શ્રી સોલંકીએ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી તથા સહકારી ક્રેડિટ સોસાયટીની સ્થાપના કરેલ હતી. સમાજના ચાલતા સામાજિક કુરિવાજો સામે સુધારા લાવી વિધવા વિવાહને પ્રોત્સાહન આપેલ હતું. સ્વર્ગસ્થશ્રીએ આણંદમાં શિક્ષણ ક્ષેત્રે ટ્રસ્ટ બનાવી હાઈસ્કૂલ તથા આંગણવાડીની શરૂઆત કરેલ હતી. સ્વર્ગસ્થશ્રી સોલંકીએ પાંચમી, છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં આણંદ મત વિસ્તારના ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કર્યુ હતું અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજ સેવક અને સહકારી ક્ષેત્રના આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પરસોત્તમભાઈ માયાભાઈ સોધમના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પરબતભાઈ માયાભાઈ સોધમનું તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ ૬૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી સોધમનો જન્મ ૧લી ફેબ્રુઆરી, ૧૯૪૧ના રોજ કચ્છ જિલ્લાના મુન્દ્રા મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજસેવા સાથે સંકળાયેલા રહ્યા હતા. સ્વર્ગસ્થશ્રી સોધમે શ્રી અંજાર હરિજન નવયુવક મિત્ર મંડળ ટ્રસ્ટના માનદ્‌ મંત્રી તરીકે તેમજ શ્રી અંજાર બગથડા સમિતિ, શ્રી લુલીવાળા ગણેશદેવ મેળા સમિતિ અને શ્રી ગુડથલવાળા મતિયાદેવ સ્થાનક સમિતિ જેવી સમિતિઓમાં માનદ્‌ સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ શ્રી આંબેડકર જન્મજયંતિ ઉજવણી સમિતિના માનદ્‌ સલાહકાર સભ્ય તરીકે રહી સુંદર કામગીરી કરેલ હતી. તેઓશ્રીએ ઠક્કર બાપા હરિજન છાત્રાલય, સમાજવાડી, ધર્મસ્થાનકો, રસ્તાઓ, વીજળીકરણ, સ્મશાનની બાઉન્ડ્રી, શાળા-છાત્રાલયો વિગેરે માટે બહુમૂલ્ય યોગદાન આપેલ હતું તેમજ સન ૨૦૦૧માં ભૂકંપ સમયે જનહિતની વિશેષ કામગીરી કરેલ હતી.

સ્વર્ગસ્થશ્રી સોધમે આઠમી, નવમી અને દશમી ગુજરાત વિધાનસભામાં મુન્દ્રા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી પ્રજાહિતના કાર્યો કર્યા હતા. સ્વર્ગસ્થશ્રી સોધમ રમતગમતમાં રસ ધરાવતા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. આ વિધાનસભા ગૃહના અધ્યક્ષ માનનીય સદ્‌ગત શ્રી અશોકભાઈ ભટ્ટ સાથે આ વિધાનસભા ગૃહમાં લાંબા સમય સુધી મને કામ કરવાનો મોકો મળ્યો છે. એ પોતે એક મંત્રીશ્રી હોય, અહીં વિરોધપક્ષમાં સભ્ય તરીકે કામ કર્યુ હોય, કોઈ સરકાર ચાલતી હોય એના ટેકેદાર પક્ષના સભ્ય તરીકે કામ કરતાં હોઈએ, પોતે વિરોધપક્ષમાં હોય, હું મંત્રી તરીકે હોઉં અને એ પોતે વિરોધપક્ષના સભ્ય તરીકે હોય, અને એ માનનીય અધ્યક્ષ હોય અને મારે અહીંયા વિરોધપક્ષના નેતા તરીકે કામ કરવાનું હોય એટલે ગૃહની જુદી જુદી તમામ પરિસ્થિતિઓમાં સ્વર્ગસ્થ શ્રી અશોકભાઈ સાથે કામ કરવાનો મને

મોકો મળ્યો છે. એમના જીવનમાંથી આ ગૃહના તમામ સભ્યશ્રીઓ કેટલીક બાબતોને એમના જીવનમાં જો ઉતારે તો લોકશાહી પ્રણાલિકામાં, લોકશાહી વ્યવસ્થામાં એમણે જે પર્સનલ રેપો રાખીને કયારેય વિશ્વાસનો તંતુ ના તૂટે તેનો પ્રયત્ન કર્યો હતો જેની જાહેર જીવનમાં આજે જરૂર છે. વિરોધપક્ષના સભ્ય તરીકે જ્યારે તે હોય અને આક્રોશ પૂર્ણ રજૂઆત કરી હોય પરંતુ તે પછી સત્તાધારી મંત્રીશ્રીઓ સાથેની વ્યકિતગત કટુતા ના ઉભી થાય તેની તે ખેવના રાખે. તે પોતે મંત્રીશ્રી હોય અને વિરોધપક્ષના કોઈ વ્યકિત તરફથી એક પત્ર પણ ગયો હોય પ્રજા હિતનું કામ નહીં કોઈની ટ્રાન્સફર જેવી વાત કરવી હોય, ભલામણની વાત હોય માનનીય અધ્યક્ષશ્રી, મેં તેમને વ્યવહાર જોયો છે તે માત્ર કામ કરી આપે નહીં પણ ફોનથી કહે પણ ખરાં કે તમારો આ પત્ર આવ્યો હતો. પછી ભલે તે રૂટિન પત્ર હોય અને કોઈએ વાત પણ ના કરી હોય કે આ કરજો તો એ વ્યકિતગત સંબંધો જાળવવામાં તેમની પાસેથી ઘણું શીખવું પડે એવું હતું. અધ્યક્ષસ્થાનની જગ્યા શોભાવતા હોય સભ્ય આ પક્ષના હોય કે આ પક્ષના હોય તેમના ઘરે કોઈ માંદુ છે એવી ખબર પડે તો સામેથી દોડીને જઈને ઉભા રહેવાનું. સાચા અર્થમાં પરિવારના મોભી છે એવો ભાવનો અહેસાસ કરાવવાનો. ડોકટરથી માંડીને વ્યવસ્થા સુધીની ચિંતા મૅડિકલ બિલોમાં કયાંય અટકે તો કહેજો, સારવાર સારામાં સારી મળે તે કરજો એ જે ભાવ માનનીય અધ્યક્ષશ્રી, તેનો હું વ્યકિતગત અનુભવી રહ્યો છું અને આ ગૃહના અમારા સૌ માનનીય સભ્યશ્રીઓએ એ શીખવા જેવી બાબત હતી. ઘણી વખત વિરોધપક્ષ તરીકે અમારી ભાવનાઓ એ વિચારધારાની લડાઈ ચાલતી હોય ત્યારે તે સત્તાધારી પક્ષ સાથે ટકરાય તે પોતે અધ્યક્ષસ્થાને હોય કેટલાક નિર્ણયો પણ લેવાયા. પરંતુ એ નિર્ણયો લેવાયા પછી મનમાં કટુતા નહીં રાખી. અમે ના જઈએ તો સામેથી તેમણે બોલાવવાનો પ્રયત્ન કર્યો. ફોન કરીને પણ કહે, ક્યારેક હસતા હસતા કહે પણ ખરાં કે હું પણ વાત સાથે સંમત છું પણ કેટલાક નિર્ણયો કર્યા છે. એમના સાથેના સંબંધોમાં માનનીય અધ્યક્ષશ્રી, જીવનના છેલ્લાં દિવસોમાં સાલ હોસ્પિટલમાં પથારીમાં હતા હું એક વખત ખબર કાઢી આવ્યો પછી થોડાં દિવસ નહીં જઈ શકાયું તો સત્તાધારી પક્ષના દંડક માનનીય પંકજભાઈને એમણે કહ્યું કે ફોન કરીને કહેજો શકિતસિંહ કેમ નથી દેખાયા હમણાં ? પંકજભાઈનો ફોન આવ્યો, હું દોડીને ત્યાં ગયો. આ પ્રકારનો વ્યવહાર તે લોકશાહીની સાચી ઓળખ છે. માત્ર અહ્મનો ટકરાવ નહીં અને અહ્મથી માણસ ઉંચો ગમે તેટલો રહી શકે પણ આદર મેળવી શકતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, અશોકભાઈએ આદર મેળવવાનું કામ કર્યુ હતું અને તેમણે જે આદર મેળવ્યો હતો તે ચિરંજીવી રહેવાનો છે. સરકાર સિવાયના સભ્યોનો સમય ગૃહમાં વધારે મળે તે વાતના આગ્રહી તે જ્યારે વિરોધપક્ષમા સભ્ય હતા અને કામકાજ સલાહકાર સમિતિમાં હતા ત્યારે રહેતા માનનીય અધ્યક્ષ થયા ત્યારે મેં કહ્યું કે સાહેબ પેલા આગ્રહોનું? મને કહે હું ૧૦૧ના પ્રસ્તાવોનો જ્યારે ત્યાં આગ્રહી હતો અધ્યક્ષ તરીકે પણ ખાનગી સભ્ય તેનો બીઝનૅસ વધે તેનો મારો આગ્રહ રહેવાનો. અને મારે આજે કહેવું જોઈએ કે માનનીય અધ્યક્ષશ્રી તરીકે પણ એમણે એ આગ્રહ રાખીને અમારા પક્ષના સભ્યો ૧૦૧નો પ્રસ્તાવ લઈને આવ્યા હોય તો ૧૦૧ના પ્રસ્તાવો કેમ વધારે લેવાય તેના માટેની વકીલાત મારે ના કરવી પડે ખાનગી સભ્યોને બીઝનૅસ મળે તેના માટેની વકીલાત માનનીય અધ્યક્ષશ્રી તરીકે તે પોતે કરે અને આપણે જોયું તેના કાર્યકાર દરમિયાન કે બન્ને પક્ષોના ખાનગી સભ્યોના ૧૦૧ના પ્રસ્તાવો વધારેમાં વધારે આવે એનો પ્રયત્ન રહે. તાકીદની જાહેર અગત્યની બાબત એવી હોય એ જૂની જે પરંપરાઓ હતી માનનીય અધ્યક્ષશ્રીઓ રાજયની ચિંતા કરીને સભ્યને સામેથી કહેતા આજે આવ્યું છે ૧૧૬ની મૂકજો, ટૂંકી મુદતનો પ્રશ્ન મૂકજો એ પરંપરા ફરી જીવંત થતી મેં સ્વર્ગસ્થ અશોકભાઈના વખતમાં જોઈ. મને તેમણે ત્રણ વખત ફોન કરીને જુદા જુદા પ્રસંગોમાં કહ્યું હતું કે આની ૧૧૬ લાવજો હું દાખલ કરીશ. સભ્યોને સામેથી કહીને આ રીતનું કામ એમણે આપ્યું. પક્ષીય રાજકારણમાં અત્યંત સક્રિય હતા. એમણે બોલાવીને કહ્યું હતું કે હું વિધાનસભાનો અધ્યક્ષ થયો. હું ભારતીય જનતા પાર્ટીનો સભ્ય નથી બન્યો. અને આ પદ ઉપર રહીશ ત્યાં સુધી સભ્ય બનીશ પણ નહીં અને ભારતીય જનતા પાર્ટીના કોઈપણ કાર્યક્રમમાં પક્ષીય રાજકારણમાં નહીં જાઉં. ચૂંટણીના પ્રવચનોમાં, એ મારો જીવ છે, પરંતુ આ અધ્યક્ષની ખુરશી ઉપર બેઠો છું ત્યાં સુધી પક્ષીય રાજકારણનો ભાગ ન બની શકું. આ પ્રકારનું ઉમદા વ્યકિતત્વ હંમેશા યાદ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ્ ગુજરાતની ઉજવણીના વર્ષમાં પણ બધા જ સાથે મળીને, માજી સભ્યો અને વર્તમાન સભ્યો સાથે યાદગાર આયોજન કરી શકાયું એનો યશ માત્ર ને માત્ર અશોકભાઈ ભટ્ટને જાય છે. એમના એ પ્રયત્નો હતા કે આ ગૃહમાં સ્વર્ણિમ્ ગુજરાતના વર્ષની ઉજવણી બધા સાથે મળીને કરીએ. એમના માટેનો આદર જ પરિણામ સુધી લઈ જઈ શકયો હોત. હું સ્વર્ગસ્થ અશોકભાઈને આપણા સૌના વતી સ્મરણાંજલિ અને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

આ વિધાનસભા ગૃહના પૂર્વ સભ્ય અને પૂર્વ મંત્રી સ્વર્ગસ્થ શ્રી દિનેશચંદ્ર વિનોદચંદ્ર શાહના શોકદર્શક ઉલ્લેખમાં પણ હું મારો સૂર પૂરાવું છું. માણસા વિધાનસભા વિસ્તારમાંથી ચૂંટાઈને તેમણે આ ગૃહમાં સેવાઓ આપી હતી. એમને આ ગૃહના એક સભ્ય ઉપરાંત એક સારા લેખક અને એક સારા કવિ તરીકે વાંચવાનો પણ મને મોકો મળ્યો છે. આ ગૃહના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થ મૂળશંકરભાઈ રણછોડદાસ સુથારનો શોકદર્શક ઉલ્લેખ આવ્યો છે. ચોથી વિધાનસભામાં ભીલોડા મત વિસ્તારમાંથી ચૂંટાઈને તેમણે સેવાઓ આપી હતી. એમને પણ યાદ કરીને મારા પક્ષ વતી અને અંગત રીતે શ્રદ્ધાંજલિ આપું છું. સ્વર્ગસ્થ શ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ પટેલે પાંચમી વિધાનસભામાં ચીખલી મત વિસ્તારમાંથી ચૂંટાઈને ઉમદા સમાજસેવક તરીકે કામ કર્યુ હતું તે ચિરંજીવી રહેશે.

વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થ શ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકી. તેઓ ત્રણ ત્રણ ટર્મ સુધી આણંદ મત વિસ્તારમાંથી ચૂંટાઈને આવ્યા હતા. અનેક વખત તેમને સામાજીક પ્રસંગોએ મળ્યો હતો. ખેડા જિલ્લા ક્ષત્રિય સમાજના ઉપપ્રમુખ તરીકે તેમણે સેવાઓ આપી હતી. ખાસ કરીને સમાજમાં પેસી ગયેલા કુરિવાજોને દૂર કરવાનું એમણે જે કામ કર્યુ હતું, એ સમાજમાં ચિરંજીવી રહેશે.

આ વિધાનસભા ગૃહના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થ શ્રી પરબતભાઈ માયાભાઈ સોધમ. તેમણે આઠમી, નવમી અને દસમી વિધાનસભામાં સતત ત્રણ ટર્મ સુધી સેવાઓ આપી હતી, તે ચિરંજીવી બની રહેશે. વિવિધ સંગઠનોમાં અને સમાજની સેવાના વિવિધ કામોમાં એમનું યોગદાન સમાજના માટે પ્રેરણાદાયી બની રહેશે.

હું આ તમામ સભ્યશ્રીઓના અહીં થયેલ શોકદર્શક ઉલ્લેખમાં મારો સૂર પૂરાવીને અંગત રીતે અને મારા પક્ષ વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોક પ્રસ્તાવ લાવ્યા છે અને જેને વિરોધ પક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે, તેમાં મારો સૂર પૂરાવીને મારી વાત કહેવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ અશોકભાઈ ભટ્ટની સાથેનો પરિચય લગભગ ત્રણ દાયકાનો. ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયનો. એટલે હું હંમેશા એમને સ્પાર્ક કહેતો. તણખો જે છે એ ચેતના જગાવે. એવી ચેતના જગાવવાનું કામ અશોકભાઈ હંમેશા કરતા. સાથી વકતાઓએ કહ્યું તેમ વિપક્ષમાં રહ્યાં, સત્તા પક્ષમાં રહ્યાં, અધ્યક્ષપદે રહ્યાં અને દરેક પદની ગરિમા એમણે સાતત્યપૂર્વક જાળવી હતી અને આગવી પરંપરા ઉભી કરતા ગયા હતા. અશોકભાઈ સાથે આ માનનીય સભાગૃહમાં છઠ્ઠી વિધાનસભામાં પહેલી વખત આવ્યો ત્યારે અમે માત્ર ૯ સભ્યો હતા અને સામે ૧૪૨ ધારાસભ્યો સત્તાધારી પક્ષના હતા, પરંતુ તેમનું માર્ગદર્શન મને હંમેશાં ખૂબ ઉપયોગી થઈ પડતું હતું. એ પછી જયારે એ મંત્રી બન્યા ત્યારે હું લોકસભામાં હતો અને ત્યારે ગુજરાતના પ્રશ્નો માટે કઈ રીતે ગુજરાતના પ્રશ્નો ઉકેલી શકાય એ માટેનું તેમનું માર્ગદર્શન મને ખૂબ ઉપયોગી થઈ પડતું હતું અને હંમેશાં એ પોતાની કાર્યકુશળતાથી અને કાબેલિયતથી ધાર્યુ કામ કરાવી શકતા હતા એ બધો અનુભવ હું હંમેશાં યાદ રાખું છું. ગુજરાતને તેલ મેળવવું હતં ત્યારે અને એ કોઈ સહકારી સંસ્થા પાસેથી મેળવવું હતું અને એ મેળવવા માટે દિલ્હીમાં કૃષિ મંત્રાલય સુધી અશોકભાઈ અમને માર્ગદર્શન આપે અને પોતે પણ આવે અને ગુજરાતના હિતનો બહુ જ સરળતાથી એનો ઉકેલ કરી શકાય એવા એક વિદ્વાન ધારાસભ્ય-મંત્રી-અધ્યક્ષ આજે આપણી વચ્ચે નથી એ ન કલ્પી શકાય કારણ કે "જનાર જતા રહે, સદ્‌ગુણ એના સાંભરે." અશોકભાઈનું ગુજરાતના જનજીવનમાં અને લોકશાહી પ્રણાલિકા એટલે કે પાર્લામેન્ટરી પ્રેકિટસમાં એક આગવું સ્થાન હતું એ હંમેશાં ચિરંજીવી રહેશે.

શ્રી દિનેશ શાહ એ મારા વડીલ હતા અને તેમની સાથે ધારાસભામાં બેસવાનો મોકો મળ્યો નથી, પરંતુ જાહેર જીવનમાં અનેક પ્રસંગોએ તેમને મળવાનું થયું હતું. માણસામાંથી પહેલી વખત ચૂંટાયા ત્યારે પેટા ચૂંટણી હતી. લોકસભામાં આપણા સભ્યશ્રી ગયા હતા એ સીટ ઉપર એ ચૂંટાઈ આવ્યા હતા. એમણે ધારાસભામાં માત્ર ૨ થી રાા વર્ષ કામ કર્યુ હતું, પરંતુ જાહેર જીવનમાં તેમનું પ્રદાન, લેખન, વાંચન અને તેમના દ્વારા માર્ગદર્શક લેખો આવે અને સંગઠનમાં પણ એ માહેર અને વિશ્વ ગુર્જરી સંસ્થા મારફતે વિશ્વભરના ગુજરાતીઓનાં સરનામાં જોઈતાં હોય તો તેમની પાસેથી મળી રહે એવી વ્યવસ્થા તેમણે રાખી હતી.

શ્રી મૂળશંકર સુથાર એ ભિલોડા વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને મારા પરમ મિત્ર ઉપેન્દ્ર ત્રિવેદીની પણ એ કોન્સ્ટીટયુઅન્સી હતી એના કારણે એમને કયારેક મળવાનું થતું હતું.

શ્રી રણછોડભાઈ સોલંકી સાથે છઠ્ઠી વિધાનસભામાં મળવાનું થયેલ. એ ખૂબ સાદગી સાથેના ક્ષત્રિય આગેવાન આણંદમાંથી ચૂંટાયા હતા. શ્રી પરબતભાઈ સોધમ એ કચ્છના મુદ્રા વિસ્તારમાંથી ચૂંટાયા હતા અને અમારા બે વચ્ચેનો્ જે જાહેર જીવનનો પ્રજાકીય પ્રતિનિધિ તરીકેનો સાથ હતો. એ સરકારી નોકરીમાં પોસ્ટમેન તરીકે હતા અને ૧૯૯૦ માં એ ધારાસભાની સીટ માટે પસંદગી થતાં એમણે રાજીનામું આપેલું. ધારાસભ્યશ્રી ચંપકલાલ શાહે તેમને પસંદ કરેલા અને સતત ત્રણ વખત એ પ્રજાકીય પ્રતિનિધિ તરીકે રહ્યા હતા. છેલ્લે બિમારીમાં તેમનું અવસાન થયું હતું. ભાઈશ્રી જયંતીભાઈ ભાનુશાળી આ સન્માનનીય ગૃહમાં છે એવા અનેક મિત્રોની એ સદ્‌ભાવના લઈ શકયા હતા કારણ કે એમના સ્વભાવ પ્રમાણે એ બધાને ઉપયોગી થવાની તેમની ભાવના હતી એના કારણે વિશાળ મિત્ર વર્ગ એ મેળવી શકયા હતા.

આ તમામ શ્રી ભગુભાઈ પટેલ સહિતના સ્વ. મહાનુભાવાને હું મારી શ્રદ્ધાંજલિ અર્પુ છું અને ભગવાન તે બધાના આત્માને ચીર શાંતિ અર્પે એવી પ્રાર્થના કરું છું.

**શ્રી દિલીપ સંઘાણી(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આજીવન યુવાન તરીકે અશોકભાઈ ભટ્ટે પોતાનું જીવન વિતાવ્યું અને જીવનની અંતિમ ક્ષણો સુધી તેમનો જુસ્સો, એમની કામગીરી એ ૭૧ વર્ષની ઉંમરે પણ એવોને એવો ટકી રહ્યો હતો. અશોકભાઈ ભટ્ટનું નામ લેતાં ગુજરાતના યુવાનો પોતાની છાતી ગદ્ ગદ્ ફૂલાવી તેમનું નામ લઈ શકે એવી રીતનું કામ એમણે એમના યુવા કાળથી જ શરૂ કર્યુ હતું. કટોકટીના કાળ સામેની તેમની લડત અને જેલમાંથી છૂટયા પછી ૧૯૭૮માં યુવા મોરચાની રચના કરી ત્યારે અશોકભાઈ અધ્યક્ષ હતા અને ઉપાધ્યક્ષ તરીકે મને કામ કરવાની તક મળી ત્યારથી લઈને સાતમી અને આઠમી વિધાનસભામાં આ જ ગૃહમાં

વિરોધપક્ષમાં અને સત્તામાં સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. એક મંત્રી તરીકે પણ એમની સાથે કામ કરવાની તક મળી હતી. એમની સંગઠનની કામગીરી અને સત્તા પક્ષની કામગીરી બંનેમાં અંતિમ શ્વાસ સુધી એમનો જે કામ કરવા માટેનો ઉત્સાહ, ધગશ જે બતાવી છે એ ભવિષ્યમાં નવી પઢીને માર્ગદર્શક બની રહેશે એટલું જ નહિ એમણે સ્વર્ણિમ ગુજરાત સંસદીય સંકલ્પ પરિષદની રચના કરીને ગુજરાતના ઇતિહાસની સંસદીય પ્રણાલિકાની એક નવી ભાત ચીતરવામાં ગુજરાત કાયમ એમને યાદ કરશે.

એ જ રીતે પૂર્વ મંત્રી સ્વ.શ્રી દિનેશભાઈ શાહ ખૂબ જ અભ્યાસુ હતા. તેઓએ વિદ્યાર્થીકાળમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. કટોકટી કાળ આવ્યો ત્યારે એ કટોકટી સામે સખ્ખત લડત આપી હતી ત્યારે તેઓએ મીસાના કાયદા હેઠળ જુનાગઢ અને વડોદરાની જેલમાં રહેવું પડ્યું હતું. તે વખતે તેઓ આ કટોકટીનો વિરોધ ન કરે તો તેઓને જેલમાંથી છોડી મૂકવામાં આવશે એવી લાલચ આપવા છતાં તેઓએ એનો સખ્ખત વિરોધ ચાલુ રાખ્યો હતો અને આ રીતે જાહેર જીવનના મૂલ્યો જાળવીને નવી પેઢીને માટે એક ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

એ જ રીતે પૂર્વ સભ્ય સ્વ.શ્રી મૂળશંકર સુથાર ૮૯ વર્ષ સુધી જાહેર જીવન જીવીને આ દુનિયા છોડી ત્યાં સુધી એમણે આદિવાસીઓ માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ અને આદિવાસી સમાજ શિક્ષિત બને તેમજ એમનો ઉત્કર્ષ થાય એ દિશામાં કામગીરી પોતાના છેલ્લા શ્વાસ સુધી કરતા રહ્યા હતા. આજે જ્યારે સ્વ. મૂળશંકર સુથારનો શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છીએ ત્યારે મને વિશ્વાસ અને આત્મશ્રદ્ધા છે કે આ ગુજરાત વિધાનસભામાં યુવાન સ્પીકર તરીકે એ જ સમાજનું શિક્ષણ લઈને સમાજના ઉત્થાન માટે કામ કરતા હતા એવા સમયે એમને શોકાંજલિ અર્પવા એક યુવાન સ્પીકર તરીકે બેઠા છે ત્યારે એમના આત્માને ખૂબ શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રભુને પ્રાર્થના.

સ્વ. ભગુભાઈ પટેલે એ જમાનામાં બી.એ. સુધીનો અભ્યાસ કરીને આદિવાસી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગ, દારૂબંધી, સહકાર તેમજ સમાજ શિક્ષણ વિગેરે પ્રવૃત્તિઓમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓએ દારૂ જેવી બદી સામે લડતનો પ્રારંભ કર્યો હતો અને અંત સુધી એ લડતા રહ્યા હતા. સ્વ. પટેલને શિષ્ટ વાચન, ઐતિહાસિક સ્થળોનો પ્રવાસ, ખાદી ગ્રામોદ્યોગનો વિકાસ તથા ક્રિકેટની રમતમાં રસ ધરાવતા હતા એનો ઉલ્લેખ કર્યા સિવાય રહી શકાય તેમ નથી.

એ જ રીતે પૂર્વ સભ્ય સ્વ.શ્રી રણછોડભાઈ સોલંકી સહકારી ક્ષેત્રમાં અમૂલ કે જેના માટે આખા વિશ્વમાં ગુજરાત ગૌરવ લઈ શકે છે તેવી દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં એક મંત્રી તરીકે ફરજ બજાવી હતી.

સમાજમાં ચાલતા સામાજિક કુરિવાજો સામે સુધારા લાવી વિધવા વિવાહને પ્રોત્સાહન આપ્યું હતું. એ જમાનામાં કુરિવાજો સામે કોઈ અવાજ પણ ઉઠાવી શકતું ન હતું તેવા સમયે તેઓએ એની સામે અવાજ ઉઠાવવાનું કામ કર્યુ હતું.

સ્વ. શ્રી પરબતભાઈ શોધમ લાંબા સમય સુધી બિમાર રહ્યા. એમની આ બિમારી દરમ્યાન પણ જે કોઈ મળવા જાય ત્યારે જીવનના ઉત્કર્ષ માટે શિક્ષણ ખૂબ જરૂરી છે એના ઉપર વિશેષ ભાર આપતા હતા. આ વિચારને જાળવી રાખીને સતત શિક્ષણના ક્ષેત્રે કામ કરતા રહ્યા હતા.

માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપેલ છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વ. અશોકભાઈ, સ્વ. દિનેશભાઈ, સ્વ. મૂળશંકરભાઈ, સ્વ. ભગુભાઈ, સ્વ. રણછોડભાઈ અને સ્વ. પરબતભાઈના અવસાન નિમિત્તે જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. મારે વિશેષ નાતો માનનીય શ્રી અશોકભાઈ સાથે એટલા માટે હતો કે સરકારી નોકરીમાંથી રાજીનામુ આપીને હું જાહેર ક્ષેત્રમાં આવ્યો અને તરત જ મારે ચૂંટણી લડવાની થઈ ત્યાં સુધી આ ચૂંટણીની રમતોના આટાપાટા અને વ્યૂહરચનાઓ વિશે કંઈ જ જાજો ખ્યાલ મારા મનમાં નહોતો, કોઈ અનુભવ નહોતો. તેવે સમયે સતત આઠ દિવસ માનનીય અશોકભાઈની સાથે રહીને ચૂંટણી પ્રચાર કેમ થાય, પોસ્ટર કઈ રીતે બનાવાય ત્યારથી માંડીને રેલી કાઢવા સુધીના વિવિધ પ્રયોગો ચૂંટણી પ્રચાર માટે કઈ રીતે કરી શકાય તેની સઘન અને સીધી તાલીમ જો મને રાજકારણના મારા પ્રવેશના પહેલા પગથીયે ગુરૂ તરીકે આપી હોય, કોઈએ મારામાં એ જ્ઞાનનું આંગળી પકડીને સિંચન કર્યું હોય તો માનનીય અશોકભાઈ ભટ્ટ. તે માટે મારે તેમનો ઋણ સ્વીકાર કરવો જોઈએ. તે માટે કારણભૂત હતા, ત્યારથી માંડીને સતત આ ગૃહમાં કામ કરવાની પદ્ધતિથી માંડીને મંત્રી તરીકેની કામગીરી અને છેવટે માનનીય અધ્યક્ષશ્રી તરીકે માનનીય અશોકભાઈની જે કામગીરી રહી તેમાં સતત મને તેમના માર્ગદર્શનનો, પ્રેમનો અને હૂંફનો વિશેષ લાભ મેળવવાનું સદ્‌ભાગ્ય હંમેશા પ્રાપ્ત થયું છે. આજે આપણે સ્વર્ગસ્થ અશોકભાઈ, તેમ કહીને તેમને અંજલિ આપીએ છીએ ત્યારે મને તે પંકિતઓ યાદ આવે છે. કારણ કે અશોકભાઈ હંમેશા તેમના કાર્યોથી ગુંજતા અને ગાજતા રહ્યા છે અને એવી વ્યકિતને જ્યારે શ્રદ્ધાંજલિ આપવા માટે હું ઉભો થયો છું ત્યારે મને પંકિતઓ યાદ આવે છે કે-

જીંદગીની એ જ સાચેસાચ પડઘો છે ગની
હોય ના વ્યકિત ને એનું નામ બોલાયા કરે.

અશોકભાઈ એ આજે પણ આ ગૃહમાં ગેરહાજર છે તેમ માનવા માટે મન માનતું નથી. એક એવી હસ્તી કે જેના માટે કદાચ આ પંકિતઓ ખોટી પડે. એ પંકિતઓ એવું કહે છે કે-

મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.

પણ અશોકભાઈની હસ્તી એ આંગળી જળમાંથી નીકળે ને પૂરાઈ જાય એવી હસ્તી નહોતી. મૃત્યુ કદાચ વ્યકિતને છીનવી શકે છે પણ એ વ્યકિત સાથે સંકળાયેલી સ્મૃતિને મૃત્યુ કયારેય છીનવી શકતું નથી. એટલે એવું બને કે વ્યકિત ન હોય પરંતુ એની સ્મૃતિ એ વ્યકિતને સદા જીવંત રાખે અને એટલે જ આપણે ત્યાં શાસ્ત્રોમાં એવું કહ્યું છે કે સ્મૃતિને ઉંમર નથી. એ રીતે અશોકભાઈ આ ગૃહ માટે, ગુજરાત માટે, ગુજરાતના જાહેર જીવન માટે એક ચિરંજીવ વ્યકિતત્વ રહેવાના છે તે બાબતમાં મને કોઈ શંકા નથી. અશોકભાઈ ભલે આપણી આંખ સામેથી દૂર થઈ ગયા હોય પણ સાચા અર્થમાં તેઓ આપણાથી વધુ નજીક આવ્યા છે. તેમના નામમાં જ તેમનું વિશેષ છે. તેમના કામમાં જે રીતે વર્ણવાયું, તેઓ સવિશેષ છે. એટલે જ તેઓ અશોક છે. ગુજરાત અશોકના શિલાલેખની જેમ અશોક ભટ્ટને પણ હંમેશા યાદ રાખવાનું છે. તેઓ સ્વર્ગસ્થ અશોક ભટ્ટ નથી, હું આ ગૃહમાં એવું કહેવા માગું છું કેગુજરાતના એકેએક નાગરિકના હૃદયમાં, આ ગૃહના એકેએક સન્માનનીય સભ્યોના હૃદયમાં જે જે એમના પરિચય આવ્યા એ સૌ કોઈના હૃદયમાં નહીં, સ્વર્ગસ્થ અશોકભાઈ ભટ્ટ નહીં પણ હૃદયસ્થ અશોકભાઈ તરીકે એમની સ્મૃતિમાં હંમેશાં ચિરંજીવ રહેવાના છે. આ ગૃહમાં માનનીય અશોકભાઈની કારકિર્દી સુદીર્ઘ ગણી શકાય અત્યંત સુદીર્ઘ અને યશસ્વી કારકિર્દી રહી છે. પણ અધ્યક્ષશ્રી તરીકેની કારકિર્દી અધવચ્ચે અટકી. પણ એ કારકિર્દીના ટૂંકા સમયગાળા દરમિયાન પણ જે વર્ણન થયું એ મુજબ એમની હાજરીએ એક અમીટ છાપ આ ગૃહમાં પાછળ મૂકી છે. અધ્યક્ષશ્રીનું કર્તવ્ય અને અધ્યક્ષશ્રીના કર્તવ્ય થકી, એક ગૃહના વડીલ તરીકેની કામગીરી ભલે ટૂંકા સમય માટે રહી હોય પણ મને મને વર્ડઝ વર્થની પંક્તિ યાદ આવે છે,

A Lily of a day was fairer far in May
Though it falls and dies that night
It was plant and flower of light
In small proportions which just beauties see
And are short measure life may perfect be.

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ અશોકભાઈ ભટ્ટની અધ્યક્ષશ્રી તરીકેની કારકિર્દી એટલી સુદીર્ઘ નહોતી પણ એ ચિરંજીવ કારકિર્દીના પણ આપણે સૌ સાક્ષી છીએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ ખૂબ સાચી વાત કહી છે કે એમણે જે કેટલાક શકવર્તી નિર્ણયો લીધા છે અને અધ્યક્ષશ્રીના એ નિર્ણયો લાંબા સમય સુધી આ ગૃહનું માર્ગદર્શન કરવાના છે. માનનીય અશોકભાઈ માટે છેલ્લે હું એટલું ચોક્કસ કહીશ કે,

" બિડિ લીધા નયન તમે તેથી શું થઈ ગયું? યાદોં થકી જાગવાના આપ કારણ બની ગયા.
ફૂલોની સોબત હવે અમને ગમતી નથી ભટ્ટજી, ખેરવી કળીને ઉપવન વેરણ બની ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, એમની ગેરહાજરી આ ગૃહમાં આપણને સૌને સાલશે. એ શબ્દો સાથે માનનીય અશોકભાઈને હું શ્રદ્ધાંજલિ અર્પું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ શ્રી દિનેશભાઈ શાહ સાથેનો મારો નાતો ઘણો લાંબો રહ્યો છે. એમના પિતાશ્રી સાથેનો આમતો મારે જાજો સંબંધ વિનોદચંદ્ર શાહ એસ.ટી.ના અધ્યક્ષ પણ હતા. વિશ્વ ગુર્જરીના કામ માટે અમારે અવારનવાર મળવાનું થતું. સ્વ.દિનેશભાઈ શાહ સાથે નાણા મંત્રી હતા તે પહેલાં મારે પરિચય હતો અને એ પછી વધુ સુદીર્ઘ બન્યો. ત્યાર પછી અનેક સમારોહમાં ખાસ કરીને નર્મદા યોજનાની લડાઈ જ્યારે કટોકટીના તબક્કે હતી ત્યારે નર્મદા સંઘર્ષમાં જ્યારે લોકો જોડાયા હતા ત્યારે દિનેશભાઈ પોતાની કલમ થકી અને પોતાના વક્તવ્યો થકી ઘણો ઉમદા ફાળો આપ્યો છે. એમના સાથી તરીકે ઘણો ઉમદા લાભ મળ્યો હતો. એટલે માનનીય દિનેશભાઈનું વિશેષ સ્મરણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું અને સ્વ.પરબતભાઈ સોધમ આ ગૃહમાં લગભગ સાથે દાખલ થયા. ૧૯૯૦માં તેઓ અને હું પહેલીવાર ચૂંટાયા. તેઓ એક સરળ અને અત્યંત સાલસ વ્યકિતત્વના માલિક હતા. તેઓ ખૂબ ઉમદા વ્યકિત હતા અને હંમેશાં ગમી જાય એવો માણસ. આ સર્વે સભ્યશ્રીઓ આપણી વચ્ચે નથી ત્યારે એમના કુટુંબીજનોને અને ગુજરાતના જાહેર જીવનને જે ખોટ પડી છે. એમના કુટુંબીજનોને આપના થકી આપણી લાગણી પહોંચાડીએ તેવી શ્રદ્ધાંજલિ સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આ સભાગૃહના અધ્યક્ષ માનનીય અશોકભાઈ ભટ્ટ આ સભાગૃહના પૂર્વ સભ્ય સ્વ. દિનેશભાઈ વિનોદચંદ્ર શાહ, સ્વ.શ્રી મૂળશંકર સુથાર, સ્વ.શ્રી ભગુભાઈ પટેલ, સ્વ.શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ.શ્રી પરબતભાઈ સોધમના અવસાન નિમિત્તે શોકપ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. ધાર્યુ નહોતું કે આ બારમી વિધાનસભામાં જ અશોકભાઈનો શોકદર્શક પ્રસ્તાવ ઉપર આપણે વિચારો વ્યકત કરતા હોઈશું. હું મારા વતી અને મારા પક્ષ વતી એમને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અશોકભાઈના રાજકીય વિચારો સાથે સંમત હોઈએ

કે નહીં પણ એક વાત સ્વીકારીને ચાલવી પડે કે અશોકભાઈ એક સાચા રાષ્ટ્રવાદી આગેવાન હતા. રાષ્ટ્રપ્રેમને હંમેશા આગળ રાખી અને સતત એમણે કામ કર્યુ, સતત લોકોની વચ્ચે રહી અને કામગીરી કરતા રહ્યા છે. એક અત્યંત પ્રેમાળ વ્યકિતત્વ ધરાવનાર માનનીય અશોકભાઈ હતા. ઘણી વખત ઉગ્રતાપૂર્વક પણ એમની પાસે કોઈ વાત લઈને ગયા હોઈએ, ઉગ્રતાપૂર્વક ચર્ચા પણ થઈ હોય પણ એમનો પ્રેમાળ સ્વભાવ, એમની આત્મીયતા એ હંમેશા એમના એમ રહ્યા. કયાંય એ ઉગ્રતાને એમણે આત્મીયતાની વચ્ચે આવવા દીધી નહીં. અનેક પ્રસંગો જાહેર જીવનમાં પડેલા કોઈ વ્યકિતની સાથે હોય, અહીંયા બેઠેલા ધારાસભ્ય સાથે હોય કે કોઈપણ પક્ષના આગેવાન સાથેના હોય, જ્યારે જ્યારે જરૂર પડે, જ્યારે કંઈ માંદુ સાજુ થાય, સારવારની જરૂર પડે કે બીજી કંઈ તકલીફ ઉભી થાય તો માનનીય અશોકભાઈ સદા એની પડખે રહી સદા એને મદદ કરવાની તત્પરતા દાખવતા રહ્યા. પ્રજાના પ્રશ્નો પ્રત્યે એક જબરજસ્ત સંવેદનશીલતા હતી એમનામાં, નાનામાં નાનો પ્રજાનો પ્રશ્ન લઈ અને એનું નિરાકરણ કરવા સદા અશોકભાઈ તત્પર રહેતા. સામાન્ય માણસ સાથેનો એક જબરજસ્ત નાતો એમણે એમના સમગ્ર જીવન દરમિયાન પ્રસ્થાપિત કર્યો હતો. સ્થાપત્ય, શિલ્પ અને કળામાં એ જબરજસ્ત પ્રોત્સાહન પૂરું પાડતાં. વાંચનનો જબરજસ્ત શોખ અને અવારનવાર કહેતા કે ફલાણું નવું પુસ્તક આવ્યું, નજર નાંખી છે? ના મળ્યું હોય તો મારી પાસે છે, લઈ જજે, થોડું વાંચજે, થોડું ઉપયોગી થાય એવું પુસ્તક છે. આવું એક સ્નેહાળ વ્યકિતત્વ આજે આપણી વચ્ચે નથી. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કોર્પોરેટર તરીકે એમણે કામગીરી શરૂ કરી, ત્યારબાદ ધારાસભ્ય અને જૂદાજૂદા વિભાગોના મંત્રી અને ત્યારબાદ આ સન્માનનીય સભાગૃહના અધ્યક્ષ તરીકે એમણે જે કામગીરી કરી, એક કુશળ વહીવટકર્તા તરીકેની આગવી છાપ માનનીય અશોકભાઈએ આપણા સૌની વચ્ચે છોડી છે. હું એમને મારી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને એમના કુટુંબીજનોને આપના થકી દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

માનનીય શ્રી દિનેશચંદ્ર વિનોદચંદ્ર શાહ, બહુ નજીકનો કૌટુંબિક નાતો એમની સાથે રહ્યો, બહુ લાંબા સમય સુધી એમને ખૂબ નજીકથી કામ કરતા જોવાની તક મળી છે. ગાંધી અને સરદારના મૂલ્યોને પોતાના જીવનમાં ખૂબ સુંદર રીતે એમણે ઉતાર્યા અને પચાવ્યા. અર્થશાસ્ત્રના નિષ્ણાત, કાયદાના અભ્યાસુ અને આ બંનેના સમન્વય દ્વારા ગુજરાતના વિકાસમાં ઊંડો રસ લઈ અને ગુજરાતના પ્રજાના હિતો માટે એ સત્તામાં હોય કે એન.જી.ઓ. સાથે કામ કરતા હોય કે અન્ય સેવાભાવી સંસ્થાઓ સાથે કામ કરતા હોય, એ સતત જાગૃત રહી અને પ્રયત્નશીલ રહ્યા. રાજયના નાણામંત્રી તરીકે પણ એમણે અભૂતપૂર્વ જવાબદારી બજાવી અને એક સ્વચ્છ પ્રતિભા ધરાવતા વ્યકિત તરીકે એક આગવી છાપ માનનીય દિનેશભાઈ છોડી ગયા છે.

સ્વ. સભ્યશ્રી મૂળશંકરભાઈ સુથાર, સ્વ.શ્રી ભગુભાઈ પટેલ, સ્વ. શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ.શ્રી પરબતભાઈ સોધમને પણ હું મારી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોદર્શક ઉલ્લેખો લઈને આવ્યાં છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ સ્વ.અશોકભાઈ ભટ્ટ, પૂર્વ મંત્રી સ્વ.શ્રી દિનેશભાઈ શાહ, પૂવ સભ્ય સ્વ.શ્રી મૂળશંકર સુથાર, સ્વ.શ્રી ભગુભાઈ પટેલ, સ્વ.શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ.શ્રી પરબતભાઈ સોધમના થયેલા અવસાન અંગે હું શોકાંજલિ વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાના અધ્યક્ષ અને આપણે જેમને ગુજરાતની જનતા અશોક ભટ્ટ તરીકે જાણે છે એમની સાથે ૧૯૮૦ થી ભારતીય જનતા યુવા મોરચના એ અધ્યક્ષ હતા ત્યારથી ગયા બજેટ સત્રની અંદર મારે દંડક તરીકે જે જવાબદારી નીભાવવાની હતી ત્યાં સુધી સતત એમના માર્ગદર્શન નીચે અને એમની સાથે કામ કરવાની મને તક મળી છે. અશોકભાઈ ભટ્ટના નિધનથી ગુજરાતે એક પનોતો પુત્ર ગુમાવ્યો છે અને પ્રજાજનોએ એક જાગૃત પ્રહરી ગુમાવ્યો છે. મહાગુજરાતની ચળવળથી સ્વર્ણિમ ગુજરાતની યાત્રા સુધી જાહેર જીવનમાં, સામાજિક જીવનમાં જો કોઈએ સક્રિય યોગદાન આપ્યું હોય તો એ માત્ર અને માત્ર અશોક ભટ્ટ હતા. એ સ્પીકર તો છેલ્લા બે વર્ષથી બન્યા પણ સાચા અર્થમાં ગુજરાતની પ્રજાના સ્પીકર તરીકે એમણે વર્ષો સુધી પોતે આ ભૂમિકા ભજવી છે. મીલના કામદારથી માંડીને અધ્યક્ષ બન્યા ત્યાં સુધી એમનામાં એટલી સરળતા, એટલી શાલસતા હતી. અનેક પ્રસંગો એવા હતા કે જ્યારે ખાડિયાની પોળમાં અશોકભાઈ ભટ્ટ સાહેબના ઘરે જઈએ ત્યારે કયારેય દરવાજો નથી ખખડાવવો પડયો. ત્યાં અંદર દાખલ થતા જ એ સામેથી ઉદ્‌ગાર આપીને સામેથી આવકારે. અમારા માટે નહિ પરંતુ સામાન્ય પ્રજાજન માટે એ દિવસોમાં ભારતીય જનતા પાર્ટી પાસે કર્ણાવતી મહાનગરમાં માત્ર એકજ ધારાસભ્ય હતા પણ એ ધારાસભ્ય તરીકે સમગ્ર કર્ણાવતી મહાનગરના કાર્યકર્તા તરીકે અને કર્ણાવતી મહનગરની પ્રજાનું રીફલેકશન એમણે વિધાનસભાની અંદર અસરકારક રીતે કર્યુ છે. એમનામાં સેવાવૃત્તિ અમે જે જોઈ છે એ અમારા જીવનમાં પણ ઉતારી છે. વી.એસ. હોસ્પિટલ હોય, સીવીલ હોસ્પિટલ હોય મને યાદ છે કે ધારાસભ્ય તરીકે અઠવાડિયામાં બે થી ત્રણ વખત પોતાના મત-વિસ્તારના, કર્ણાવતી મહનાગરમાં પરિચિત અથવા ગુજરાતભરમાંથી કોઈ જો દાખલ હોય તો આવી એની ચિંતા, એને મદદરૂપ થવાની એમની જે ભાવના છે એના કારણે અમારામાં પણ એ ગુણો ઉતર્યા છે.

માનાનીય અધ્યક્ષશ્રી, ખાડિયા, આપણે સૌ જાણીએ છીએ કે જ્યારે જ્યારે આ રાજ્યની અંદર પ્રજાકીય આંદોલનો ઊભા થયા, પ્રજાકીય જુવાળ ઊભો થયો આ જુવાળનું સાચા અર્થમાં એમણે નેતૃત્વ લીધું. માત્ર નેતૃત્વ નહિ પોલીસની લાઠી હોય કે પોલીસની ગોળીની ચિંતા કર્યા સિવાય લોકોની વચ્ચે જઈને એમણે અગ્રેસર રીતે આદોલનાત્મક ભૂમિકા ભજવી છે. ખાડિયાના એ દિવસો કે જ્યારે કોમ્યુનીકેશનમાં ઈલેકટ્રોનીક મિડિયા આટલું નહોતું ત્યારે બી.બી.સી.એ નોંધ લેવી પડી કે What is Khadia અને આ ખાડિયાના ખમીરની, અમે ખાડિયાના છીએ આવી કોઈએ ઓળખ ઊભી કરી હોય તો એ અશોકભાઈ ભટ્ટ ઊભી કરી છે. પ્રજાની વચ્ચે જઈને સરળતાથી, શાલસતાથી બેસતા એ અધ્યક્ષશ્રી હોય, કાયદા મંત્રી હોય, આરોગ્ય મંત્રી હોય કે મહેસુલ મંત્રી હોય જેવા ખાડિયામાં પ્રવેશે એટલે એમની ફૂટપાથ પાર્લામેન્ટ. ફૂટપાથ પાર્લામેન્ટની અંદર એ પોતે કલાક, બે કલાક, ત્રણ કલાક બેસે અને ત્યાં દરેક વિષયની બૌદ્ધિક ચર્ચા થાય અને એ કોરમના માધ્યમથી પ્રજાજીવનના પ્રશ્નોથી વાકેફ થતાં.

માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય પ્રણાલિકા અને નિયમોના આગ્રહી, તટસ્થ અને સુચારુરૂપે આ સંચાલન કરવામાં એક અધ્યક્ષ તરીકે એમણે એટલા નિર્ણયો આપ્યાં છે. એ નિર્ણયો ભવિષ્યમાં આપણા સૌના માટે દિશા-દર્શક સ્વરૂપ બનશે. આ ગૃહની અંદર સભ્ય તરીકે કયાંક કયાંક સંસદીય પ્રણાલીઓ જાણતા ના હોવાના કારણે થતી ભૂલો એ પોતાની કેબીનમાં બોલાવી આમ નહિ આમ કરવું જોઈએ. દંડક તરીકે પણ જ્યારે હું સંપૂર્ણ જવાબદારીથી વાકેફ નહોતો.પોતે સ્પીકર હોવા છતાં પણ હરહંમેશ દંડક તરીકેની અમારી ભૂમિકાથી એ વાકેફ કરતા. મને યાદ છે કે જયારે હોસ્પિટલમાં દાખલ હતા એમની ખબર કાઢવા માટે જઈએ ત્યારે એમની ખબર કાઢતા ડોકટરે એમને બોલવાની ના પાડી હતી પરંતુ એમને પ્રશ્ન પૂછીને આપણી સાથે વાત કરવાની ઈચ્છા હોય પરંતુ એ બોલી શકતા નહોતા પરંતુ એ વખતે એમની આંખમાં જે ભાવ દેખાતો હતો જે માણસને ગુજરાત માટે કરી છુટવાની તમન્ના હતી એ ભાવ સ્પષ્ટ દેખાતો હતો, આખી જીંદગી જે માણસ લડાયક રહ્યા, આખી જીંદગી જે માણસ જૂજારુ રહ્યા. એમણે મોત સામે પણ બાથ ભીડી. એક તબકકો એવો આવ્યો કે શું થશે અને થોડા સમયની અંદર અશોક ભટ્ટ ફરીથી પાછા સારી રીતે એ સ્થિતિમાંથી બહાર આવ્યા. જેમણે મોત સાથે બાથ ભીડી છે એવા જુજારુ નેતૃત્વ આપણી વચ્ચે રહ્યું નથી. જયારે કઠલાલમાંથી કનુભાઈ ડાભી ધારાસભ્ય તરીકે ચુંટાયા. હું એમની ખબર કાઢવા ગયો. એમણે પુછયું. મેં એમને ન પુછયું એમણે સામેથી પુછયું કનુભાઈ ડાભી ચુંટાઈ ગયા છે એમની શપથ વિધિનું શું કર્યું? મેં કહ્યું આપની તબિયત બરાબર નથી. કહે ના, હું અહીંયા પણ મારી અધ્યક્ષ તરીકેની કામગીરી કરવા માટે સજજ છું. ડોકટરોની સલાહ ઉપરવટ જઈને પછી ડોકટરો માન્યા અને એમણે કનુભાઈ ડાભીની શપથ વિધિ પણ હોસ્પિટલની અંદર કરાવી. આજે આ અશોક ભટ્ટ આપણી વચ્ચે નથી એનું આપણને સૌને દુ:ખ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ અશોકભાઈ ભટ્ટ, પૂર્વ મંત્રી સ્વ. શ્રી દિનેશભાઈ શાહ તથા પૂર્વ સભ્યશ્રી મૂળશંકર સુથાર, સ્વ.શ્રી ભગુભાઈ પટેલ, સ્વ. શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ. શ્રી પરબતભાઈ સોધમના અવસાન અંગે જે શોકદર્શક ઉલ્લેખો આ ગૃહના નેતાશ્રી લઈને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે એમાં હું મારો સુર પૂરાવું છું.

સ્વ. શ્રી અશોકભાઈ ભટ્ટ એક જુજારુ વ્યકિતત્વના સ્વામી હતા. જન આંદોલનથી શરૂ કરી અને સંસદીય પ્રણાલીની અંદર જેમનું ખૂબ મહત્વનું યોગદાન રહ્યું છે એવા સ્વ. શ્રી અશોકભાઈ સાથે આપણામાંના સૌએ એક યા બીજા સ્વરૂપે કોઈને કોઈ તબકકે કામ કર્યું છે. હું ૨૦૦૨માં ધારાસભ્ય તરીકે પ્રથમ વખત ચુંટાયો એ વખતે ધારાસભ્યથી શરૂ કરી દંડક અને વિરોધ પક્ષના નેતા તરીકે કયારેક સંસદીય બાબતોના મંત્રી તરીકે, કયારેક અધ્યક્ષશ્રીના દરજજે એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે અને દરેક વખતે એમનું જે પ્રદાન રહ્યું એ હંમેશા જીવંત પ્રદાન રહ્યું. એ જીવ્યા, જયાં સુધી જે જે ક્ષેત્રમાં ગયા એમાં ટોટાલીટીમાં જીવ્યા. ગમતો વિષય હોય, અણગમતો વિષય હોય પણ એ કામની અંદર જીવ આપી દેવો એ એમનો કાયમનો સ્વભાવ હતો. કાયદા મંત્રી રહયા એ લો ના ગ્રેજયુએટ ન હોવાછતાં પણ એમાં એમણે જીવ આપી દીધો અને એમાં અનેક સુધારા લઈ આવ્યા. એ આરોગ્ય મંત્રી તરીકે રહ્યા અને હું એમ કહીશ કે જીવનની અંતિમ ક્ષણ સુધી એ આરોગ્ય મંત્રી તરીકે જ રહ્યા. સંસદીય પ્રણાલીમાં પણ એમણે હંમેશા સ્પીકર તરીકે અમુક ચોકકસ પ્રકારનો આગ્રહ હતો. આપણે સૌ સાક્ષી રહ્યા છીએ કે ઘણા વખત પછી મંત્રી હોય કે સિનિયર સદસ્ય હોય એમને હિંમતથી કયારેક ટકોર કરવાની આવે તો એ કરવાનું ચુકતા નહીં એવું જુજારુ વ્યકિત્વ આજે આપણી વચ્ચે નથી અને એ દરેક સભ્ય નહીં, પરંતુ સમાજના વિવિધ વર્ગોના લોકો સાથે એમનો જીવંત સંપર્ક હોય.

: એનો અનુભવ આપણને એક યા બીજા સ્વરૂપે ક્યાંકને ક્યાંક થયેલ હશે. જૂનાગઢ અમે જતા હતા અને રસ્તામાં માંડ અકસ્માતમાંથી બચ્યા. એમાં તે વખતે પહેલો ફોન કરનાર સ્વ.અશોકભાઈ ભટ્ટ હતા. હૉસ્પિટલમાં દાખલ થવાનું હોય, કોઈએ સમાચાર ન આપ્યા હોય, છતાં સમાચાર મેળવીને પહેલો ફોન કરનાર અશોકભાઈ ભટ્ટ હતા. મને અનુભવ થયો છે એવું નહિ, પણ સમાજ જીવનની અંદર સંકળાયેલા તમામ લોકોને અશોકભાઈનો આ અનુભવ રહ્યો છે અને આજના યુવાન પેઢી પાસેથી શીખવાનું હોય કે જન સામાન્ય સાથે ભળી જવું અને ઘરના

દરવાજા ચોકીદાર વગરના અને સ્ટોપર વગરના કેવી રીતે રાખવા એ હમેશા અશોકભાઈએ પોતે એનો અમલ કર્યો છે. અને એની પાસેથી આપણે સૌએ શીખવા જેવું છે. આજે બહુ સાચુ કહ્યું કે સંઘર્ષના વ્યકિત હતા. હજુ એક દશકાની આપણે એમની જરૂર હતી. પરંતુ લગભગ એકાદ વર્ષથી એ યમરાજા સાથે બાથ ભીડતા હતા. આખરે મૃત્યુના શરણે દરેક વ્યકિતએ જવું પડે છે એ રીતે અશોકભાઈ મૃત્યુની સામે લડતા લડતા આપણા બધાની વચ્ચેથી વિદાય લીધી. અમદાવાદ, ગુજરાત બધાની સાથેનો એમનો જીવંત સંપર્ક અને જીવંત પ્રદાન એ ગુજરાત અને ગુજરાતની જનતા વર્ષો સુધી, દશકાઓ સુધી, સૈકાઓ સુધી એમને યાદ રાખશે. હું હ્દયપૂર્વક એમને શ્રદ્ધાંજલિ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી દિનેશભાઈ શાહ રાજનીતિ ઓછી, પરંતુ સમાજનીતિ વધારે એમ કરીને સમગ્ર જીવન સમાજ માટે જીવ્યા. ધારાસભ્ય રહ્યા, મંત્રી રહ્યા અને ગુજરાતના શ્રેષ્ઠ સમાજસેવા ટ્રસ્ટો છે એમની સાથે સંકળાયેલા રહ્યા, એટલું જ નહિ એમાં એમનું મોટા પાયા ઉપર પ્રદાન રહ્યું અને ગુજરાતીઓ માટે, ગુજરાત માટે, રાજયમાં, દેશમાં અને વિદેશમાં બધી જગ્યાએ જીવંત પ્રદાન પણ કર્યુ. સાહિત્યના માણસ હતા અને આ ગૃહમાં એક વખત શોભા આપતા હતા.

સ્વ.શ્રી મુળશંકર સુથાર એ પણ એક ગામડાના પંચાયત કક્ષાના આગેવાનમાંથી આ ગૃહના સભ્ય બન્યા. સહકારી પ્રવૃત્તિ હોય, આદિવાસી પછાત વર્ગની પ્રવૃત્તિ હોય કે બીજી રચનાત્મક પ્રવૃત્તિ હોય તેઓ જીવનભર એમની સાથે જોડાયેલા રહ્યા. ભીલોડા વિધાનસભામાં ચૂંટાઈને આ ગૃહની શોભા વધારી હતી.

સ્વ.શ્રી ભગુભાઈ પટેલ ૧૯૭૨ વર્ષની ઉંમરે આપણા બધાની વચ્ચેથી વિદાય લીધી. નવસારી જિલ્લાના ચીખલી નજીકના જામનપાડામાં જન્મ્યા. રચનાત્મક પ્રવૃત્તિ અને સર્વોદય પ્રવૃત્તિ એ હંમેશા એમની આગવી ઓળખ રહી. એ એમનું હમેશા કર્તવ્ય રહ્યું. શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા અને ચીખલીમાંથી ચૂંટાઈને આ ગૃહની એમણે શોભા વધારી હતી.

સ્વ.શ્રી રણછોડભાઈ સોલંકી ૮૩ વર્ષની જૈફ વયે વિદાય લીધી. આણંદમાં જન્મ્યા અને સહકારી પ્રવૃત્તિ, ખાદી પ્રવૃત્તિ, શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે જીવનભર જોડાયેલા રહ્યા. આણંદમાંથી ૩ વખત ચૂંટાયા અને ગૃહમાં સક્રિય આગેવાન રહ્યા. અનેક સામાજિક પ્રવૃત્તિ સાથે એમનું નામ જોડાયેલું રહ્યું હતું.

સ્વ.શ્રી પરબતભાઈ સોધમ એ દલિત સમાજમાંથી આવી અને મુન્દ્રામાંથી ૩ વખત ચૂંટાયા. શિક્ષણ, સમાજસેવા એમનો કાયમનો શોખ રહ્યો. જીવનના આ સમાજસેવા સાથે જોડાયેલા રહ્યા. આ તમામ મહાનુભાવો સમાજના અગ્રણી હતા. સમાજ જીવનની અંદર અનેક પ્રદાનો કર્યા અને ગૃહમાં આપણા બધાની વચ્ચે અહીંયાં માર્ગદર્શન આપતા રહ્યા હતા તેમને શ્રદ્ધાંજલિ આપું છું અને આપણે દિલસોજીનો સંદેશો તમામ સ્વ. મહાનુભાવોના પરિવારજનોને આપની મારફત મોકલીએ તેવી અભ્યર્થના વ્યક્ત કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી આજે પૂર્વ સદસ્યશ્રીઓના જે શોકદર્શક ઉલ્લેખો લાવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ ભટ્ટ જેઓ આપણા અધ્યક્ષ હતા અને ગુજરાતના જાહેર જીવનમાં એક પાયાના લડવૈયા, ઝુઝારું કાર્યકર હતા ત્યાંથી માંડીને આ સન્માનનીય ગૃહના અધ્યક્ષ તરીકે બિરાજ્યા ત્યાં સુધીની એમની જીવન યાત્રા આપણે જોઈએ તો ફક્તને ફક્ત ગરીબ માણસો માટે, નાગરિકો માટે, ન્યાય માટે અને ખાસ કરીને અન્યાય સામેની તેમની લડત આપણે જોઈ શકીએ છીએ. તેમનાથી ઉંમરમાં ઘણો નાનો હોવા છતાં મને ત્રીસ વર્ષથી તેમના પરિચયનું સદ્ભાગ્ય છે. ૧૯૭૫ થી લગભગ નવનિર્માણ આંદોલન પહેલાં જ્યારથી એમના પરિચયમાં આવ્યો ત્યારે અમદાવાદ અને અમારું કડી નજીકમાં, જ્યારે જ્યારે કોઈ ચૂંટણીઓ હોય, ભારતીય જનતા પક્ષના કે જનસંઘના કોઈ કાર્યક્રમો હોય તો માનનીય સ્વ.અશોકભાઈનું માર્ગદર્શન અને પ્રેરણા તે મારા જેવા હજારો યુવાનોને આપી છે તેના કારણે અમે આજે આ સ્થાન ઉપર પહોંચી શક્યા છીએ.

સ્વ.અશોકભાઈ તે શહેરના પ્રતિનિધિ અને શહેરના નાગરિક હતા. પરંતુ ગામડામાં જ્યારે જ્યારે કોઈ ખેડૂતોને તકલીફ પડે, કોઈ નાગરિકને કોઈ તકલીફ પડે અને કોઈપણ પ્રકારનું આંદોલન હોય, તેમાં પણ ખાસ કરીને નવનિર્માણનું આંદોલન હોય, કટોકટીનો કાળનો કપરો સમય હોય, બધા જ નેતાઓ જ્યારે સરકારની સામે બોલતા ગભરાતા હોય તેવા સમયની અંદર તેમનો હિંમતવાળો સ્વભાવ હતો તેનો પરિચય આખા ગુજરાતે કર્યો છે. તેના કારણે જ આજે ગુજરાતમાં જે થોડાઘણા રાજકીય નેતાઓના ચહેરા સામાન્ય નાગરિકના હ્દયમાં વસેલા છે તેમાં સ્વ.અશોકભાઈનું નામ પણ આપણે જો કહીએ તો દરેક માણસના હ્દયમાં તેમનો હસતો ચહેરો, પુલકિત ચહેરો આજે પણ ઉભરી આવે છે. આટલા મોટા ગુજરાતમાં કોઈપણ ભૌગોલિક વિસ્તાર હોય કે સામાજિક વિસ્તાર હોય ત્યાં હંમેશાં પ્રજાની વચ્ચે પહોંચી જવું તે તેમની કાર્યપદ્ધતિ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તેઓશ્રી સાથેનો પરિચય છેલ્લામાં છેલ્લા શહેરી વિકાસ મંત્રી તરીકે અમદાવાદ શહેરમાં જે કાર્યક્રમો થાય, સ્વર્ણિમ ગુજરાતના જે કાર્યક્રમો થાય અને તેમાં ખાસ કરીને અમદાવાદની હૅરીટેજની યાત્રા અને પુરાતન અમદાવાદ, કોટ વિસ્તારનું અમદાવાદ તે અંગેની જે કામગીરી આપણે ઉપાડેલી ત્યારે માનનીય અશોકભાઈ હંમેશાં મને બોલાવી ઘણું માર્ગદર્શન અને સમજ આપે અને અમદાવાદ સાથેનો તેમનો જે અભ્યાસ

હતો તે હું એમ માનું છું કે આજે અમદાવાદની ૫૫ લાખની વસ્તીમાં ખૂબ ઓછા લોકો એવા હશે કે અમદાવાદ સાથેનો તેમનો હ્રદયનો નાતો હોય, તેમાં પણ પોળ વિસ્તાર, જૂનો અમદાવાદ વિસ્તાર માટેની તેમની જાણકારી અને મહાગુજરાતની લડતથી શરૂ કરીને કટોકટી કાળ સુધી ગુજરાતમાં જે ત્રણ આંદોલનો થયા તે આંદોલનો દરમ્યાન કેવી રીતે પ્રવૃત્તિઓ થઈ, કોણ અગ્રેસર રહ્યું, કોણે મદદ કરી, કોણે ભૂગર્ભમાંથી મદદ કરી, કોણે સરકારપક્ષમાંથી રહીને પણ વિરોધપક્ષને મદદ કરી આ બધાની જાણકારી માનનીય અશોકભાઈને એટલા સુધી હતી કે ગુજરાતનો એન્સાઈકલોપીડીયા કહેવાય, જાહેર જીવનની લડત તે પ્રકારનું તેમનું જ્ઞાન હતું. હું તો એમને ઘ ણી વખત વિનંતી પણ કરતો હતો કે, સાહેબ આપને વિશાળ અનુભવ છે આવનારી ગુજરાતની પેઢી માટે આપ સારા લેખો લખો, આપની આત્મકથા લખો. જાહેરજીવન વિશેના આપના અનુભવો લખો. તો તેઓ એમ કહે કે હું આ બધું કરી રહયો છું પણ કુદરત એ કુદરત છે આપણી વચ્ચે એમણે જે પ્રવૃત્તિમય જીવન ગાળ્યું, અને એમણે જે સમય પ્રજાની સેવા માટે કાઢયો, એ દરમિયાન આ કામગીરી સ્વાભાવિક તે ના કરી શકયા, હું માનું છું કે એમનો જે જાણકારીનો ખજાનો હતો, ગુજરાતની વિકાસ યાત્રાનો, ગુજરાતના રાજકીય જીવનનો અને ગુજરાતની પ્રજાકીય લડતનો એ અમૂલ્ય હતો એનો લાભ પણ આપણને કદાચ ભૂતકાળમાં તેઓશ્રીએ આપ્યો છે અને અમદાવાદ માટે તો એમનો એટલો બધો નાતો હતો કે હેરીટેજ માટેની જે પ્રવૃત્તિ હોય ત્યારે તેઓશ્રી સામેથી એમ કહે કે કમિશનરશ્રીને મોકલો, પુરાતત્વવિદ્દોને મોકલો, હું એમને બતાવું અને અમદાવાદમાં જે લોકો એમના ઘરે ગયા છે બધાને અનુભવ છે કે ખૂબ આનંદ- ઉત્સાહથી એમનું ત્રણ માળનું ઘર છેક ઉપર સુધી લઈ જઈ આખી પોળ વિસ્તાર બતાવે બધું સમજાવે, અમદાવાદની પદ્ધતિઓથી આપણને ખ્યાલ આપે આટલો બધો એમને અમદાવાદ શહેર પ્રત્યેનો લગાવ હતો. નહીંતર શહેરની બહાર પણ ઘણા લોકો રહેવા માટે જતા હોય, ખુલ્લા વાતાવરણમાં સોસાયટી વિસ્તારમાં તો પણ માનનીય અશોકભાઈ જીવનના અંત સુધી એમની પોળની સાથે, એમના નાગરિકો સાથે, એમના મતદારો સાથે એમણે અમૂલ્ય નાતો રાખ્યો અને અહીયા જેમ માનનીય સભ્યશ્રીએ કહયું કે કોઈપણ માણસની સેવા કરવી હોય પછી એ સીવીલ હોસ્પિટલ બાબતની હોય, કોઈ સરકારી કામગીરી બાબતની હોય તો હંમેશાં એ એક જીવતા જાગતા પ્રતિનિધિ તરીકે આપણી વચ્ચે એમણે રાતદિવસ જે કામ કર્યુ છે એ અમારા જેવા અનેક લોકો માટે પ્રેરણારૂપ અને માર્ગદર્શકરૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ અન્ય માનનીય પૂર્વ સભ્યશ્રીઓના લાવ્યા છે તેમાં પણ હું મારો સૂર પૂરાવું છું અને સદ્ગતના આત્માને પ્રભુ ચિરશાંતિ અર્પે એવી હું પ્રાર્થના કરું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ હું જયારે ગૃહમાં આવ્યો ત્યારે એક મિત્રએ વાત કરી કે આજે આપણી વિધાનસભા મળી રહી છે, અશોકભાઈ કેમ નથી? મેં કહયું કે તમને સવાલ થાય છે એવો જ મને પણ સવાલ થાય છે અશોકભાઈ આજે કેમ નથી? આમ તો અશોકભાઈએ દેહ છોડયે ઘણા દિવસો થયા, ઘણો સમય થયો પણ હજી જે અશોકભાઈને ઓળખે છે, જે અશોકભાઈની નજીક છે એમના મનમાં આવા જ પ્રશ્નો થયા કરે છે. મેં કહયું કે ભાઈ, અહીંયાં તો જે મૃત્યુ છે એ જયારે જન્મ થાય છે ત્યારે જ જન્મ સાથે જ મૃત્યુનું જોડાયેલું છે, જન્મનો છેલ્લો અંત મૃત્યુ છે અને આપણને થાય, મેં એને કહયું કે ભાઈશ્રી, અશોકભાઈ મને મળ્યા હતા થોડાક દિવસ પહેલાં, ત્યારે મને એક વાત કરી હતી અને એમણે મને બે ચાર નાનાં વાકયો કહયાં હતાં એ વાકયો મને યાદ છે અને એમને મને આપ્યાં હતાં., એ વાકયો હું આપની સામે મૂકું છું. એમણે કહયું હતું કે " મને મરવાનો ડર નથી, મને મરવાનો ડર નથી, મને જીવવાનો મોહ નથી, મને જીવવાનો મોહ નથી, મરશું તો મહાવિદ્રોમાં જઈશું, મરશું તો મહાવિદ્રોમાં જઈશું, જીવશું તો સંયમ આરાધના કરશું." અને સંયમની આરાધના સાથે એ પણ એમણે કહેલું કે લોકસેવા કરતા રહીશું, એ વાત એમણે મને કહી હતી. આજે મને આ જે ચાર વાકયો છે એમાં અશોકભાઈનું જીવન કેવું હતું, તેઓ શું માનતા હતા એ બહુ કિલયર બની ગયું છે. આજે કદાચ આ બધા જ મિત્રોને થાય, આ બધી એમની વાતો બહુ ચાલી, એ મિત્રએ કહયું કે, મારું શરતો છે પણ મારું શિર છત્ર છે એ શિર છત્ર ચાલી ગયું છે એમના એક સ્વજન આવ્યા હતા એમણે પણ આવી વાત કરી. મેં કહ્યું આવી ચિંતા અને મનોવેદના નહીં કરવી. મૃત્યુ એ જીવન સાથે જોડાયેલું છે. આ શિર છત્ર છે એ દૂર નથી થયું આ શિર છત્ર ઉંચે ગયું છે અને એ ઉંચે ગયેલા શિર છત્રમાંથી આશીર્વાદની અમૃતધારા છે એ આપણા ઉપર વરસી રહી છે. જે આ તમામ મિત્રોએ વાત કરી એ બહુ સારી વાત કરી અને એમના વિચારો બહુ સારી રીતે વ્યકત કર્યા છે અને હજુ મને થાય છે કે આ શિર છત્ર છે એમાંથી જે અમૃતધારા વહે છે એ કદાચ કોઈ મિત્રને એ અમૃતધારાનો સ્પર્શ થાય, અનુભાવ થાય અને કોઈને ન પણ થાય પણ આ જે મિત્રો આપણે કહીએ છીએ તેઓ જે જીવન જીવ્યા એ સુંદર પ્રકારનું જીવન જીવ્યા. આપણે કલ્પના કરી શકીએ કે માણસ જે મીલ કામદાર હોય એના શરૂઆતના જીવનમાં એ મીલ કામદાર આ ગુજરાતની વિધાનસભાના સ્પીકર બની શકે? અને આપણે જોયું સ્પીકર બની શકે એટલું જ નહીં સફળ સ્પીકર થયા અને એમને સમય મળ્યો એમાં જે એમણે કામ કર્યું એ વ્યકિત હતા એ વ્યકિતને આપણે આદર આપીએ એટલો ઓછો છે. જીવનમાં એમણે એક પછી એક પ્રગતિ કરી મીલ કામદાર હતા તેમાંથી પત્રકાર તરીકેની શરૂઆત કરી, પછી પત્રકારમાંથી રાજકારણની શરૂઆત કરી અને રાજકારણમાં પણ આજે બધા જ એમને યાદ કરે છે. આવો કોઈ વ્યકિત રાજકારણમાં સંભવી શકે? હા, અમારા અશોકભાઈ માટે સંભવ છે. આજે અમે જોઈ શકીએ છીએ કે આજે બધાએ જે વાત કરી છે એ

વાત સાચી છે અને એ રીતે જીવ્યા હતા. આપણે સ્વર્ગસ્થ અશોકભાઈમાંથી જે એમના ગુણો છે એ ગુણો આ વિધાનસભામાં જે મિત્રો છે એમનામાં પણ ઉતરે એટલી અપેક્ષા તો આપણે અવશ્ય કરીએ અને બધા જ મિત્રો એ રીતે જો કામ કરે તો આપણા જે વિસ્તારો છે એ વિસ્તારોમાં આપણા જે મતદારો છે એમને પૂર્ણ સંતોષ થાય. ઘ ણા મિત્રોએ વાત કરી છે એટલે લાંબી વાત નથી કરવી પણ સ્વર્ગસ્થ અશોકભાઈ માટે જેટલી વાત કરીએ એટલી ઓછી છે. એક તો તમે એમના રૂમમાં જાવ તો તમને બોલાવે એટલું જ નહીં તમને આદર કેવી રીતે મળે? જે રીતે આદર તેઓ બીજાને આપતા હતા એ મને યાદ છે એ કયાંક સમારંભમાં કે બીજી જગ્યાએ બેઠા હોય અને ત્યાં મારે જવાનું થાય તો આગ્રહપૂર્વક એમની પાસે બેસાડવા હાથ પકડીને મને ખેંચે આવી વ્યકિતઓ બહુ ઓછી હોય છે. આવી વ્યકિતઓ આપણે જે જોય છે એમાંની તેઓ એક વ્યકિત છે. અહીંયા આપણે જે સ્વર્ગસ્થ મિત્રોનો ઉલ્લેખ થયો છે એમાં અશોકભાઈ પછી શ્રી દિનેશચંદ્ર શાહ, શ્રી મૂળશંકરભાઈ સુથાર, શ્રી ભગુભાઈ પટેલ, શ્રી રણછોડભાઈ સોલંકી, અને શ્રી પરબતભાઈ શોધમ એ બધા આ ગુણોના સન્માનીય સભ્યો હતા એ આપણી વચ્ચે નથી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને એને અનુમોદન આપુ છું. એટલું જ નહીં, એક બીજી વાત કરું, સ્વર્ગસ્થ અશોકભાઈની સાથે સાથે એક બીજા વ્યકિત જેઓ આજે આપણી વચ્ચે નથી એવા સ્વર્ગસ્થ શ્રી દિનેશભાઈ મારા વિસ્તારમાંથી એક વખત ચુંટણી લડયા હતા અને વિજયી બન્યા હતા. એ સ્વર્ગસ્થ શ્રી દિનેશભાઈએ એક સમયે ગુજરાત રાજયના એક મંત્રી તરીકે સેવાઓ પણ આપી હતી. મંત્રી તરીકેની સેવાઓ કરતા એમનું જે જીવન હતું એ જીવન ઘડતરમાં જે ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલના ગુણોને પોતાના જીવનમાં સમાવવા માટે એમણે પ્રયત્ન કર્યો હતો અને એ સંપૂર્ણ સમાવી શકયા અને એ પ્રકારનું જીવન તેઓ જીવ્યા હતા. આ સિવાય જે બધા મિત્રોનો શોક પ્રસ્તાવ આવ્યો છે અને તેઓ આજે આપણી વચ્ચે નથી તેનું મને દુ:ખ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લાવ્યા છે એમાં હું મારો સુર પૂરાવું છું. અશોકભાઈ અમારા પાડોશી ગામના હતા. એના લીધે અમારે અવારનવાર મળવાનું પણ થતું. સાથે સાથે વર્ષો સુધી ૩૦-૩૫ વર્ષ સુધી સાથે રહ્યા. એમની કામગીરીનો કોઈ આંક આપી શકાય એવો નથી. એ મિલના મજૂરો હોય, કોરપોરેશનના કર્મચારીઓ હોય, તેલના પ્રશ્નો હોય, કેરોસીનના પ્રશ્નો હોય, નાના મોટા કોઈપણ પ્રશ્નો હોય એની આગેવાની લેવાનું કોઈ કામ કરતું હોય અમદાવાદમાં તો અશોક ભટ્ટ સિવાય બીજું કોઈ મળતું નહોતું. અશોકભાઈ નાના મોટા પ્રસંગો યાદ કરે, જ્યારે મળીએ ત્યારે કહે કે શંકરભાઈ કંઈ કામકાજ હોય તો કહેજો, એટલો ઓતપ્રોત અમારો ભાઈચારો મિત્રતા હતી, અમે વર્ષોસુધી સાથે રહ્યા. એમના જવાથી ગુજરાતને જ નહિ સારાયે દેશને ખોટ પડી છે એમ કહી શકાય કારણકે તેઓ એક સારા પાર્લામેન્ટીરિયન હતા. સાથે સાથે અહીંયા દિનેશભાઈની વાત ચાલી, તેઓ અમારા વખતમાં નાણામંત્રી હતા અને આ ગુજરાતનું પાટનગર ગાંધીનગર બાંધવામાં નાણાંનો કોઈએ વધારેમાં વધારે છૂટથી ઉપયોગ કર્યો હોય તો એ શ્રી દિનેશભાઈએ કર્યો છે. બાબુભાઈની સરકાર હતી, તેઓએ કહ્યું કે આપણે ગાંધીનગરને ગુજરાતનું પાટનગર બનાવવું છે અને તે બાંધવું છે પણ એ એવું બાંધવું છે કે ભારતમાં એક નમૂનો થઈને રહે. ચંદીગઢ પણ પાટનગર તરીકે બંધાયું છે પણ એના કરતાં પણ સવિશેષ ગુજરાતનું પાટનગર બંધાય એ રીતે એને ગૌરવવંતુ બનાવવું જોઈએ અને આ વિધાનસભા ગૃહ હોય કે સચિવાલય કોમ્પ્લેક્સ હોય, જીમખાના હોય અનેક એવા કામોમાં નાણાં છૂટથી આપતા હતા. ત્યારે દિનેશભાઈને પણ આપણે યાદ કરીએ છીએ.

સાથે સાથે રણછોડભાઈ સોલંકી એ અમારા એક આગેવાન હતા. ૧૯૬૬માં હું એમને મળ્યો હતો. ૧૯૬૬માં તેઓએ ક્ષત્રિય સેવા સમાજની સ્થાપના કરી તેઓ ઉપપ્રમુખ હતા. સમાજની તેમને વધારેમાં વધારે ચિંતા હતી. સમાજમાં જે કુરૂઢિઓ હતી, કુરિવાજો હતા, કુટેવો હતી એ કઈ રીતે નાબુદ થઈ શકે તે માટે તેઓ હંમેશા સતત જાગૃત રહેતા હતા. સહકારી પ્રવૃત્તિ હોય અગર શૈક્ષણિક પ્રવૃત્તિ હોય એ તમામમાં તેઓ રસ લેતાં. અમે એક સારામાં સારા આગેવાન ગુમાવ્યા છે. અમે સાથે હતા, ત્યારપછી પણ સાથે હતા પછી એમને એક નવો વિચાર આવ્યો કારણકે ખેડા જિલ્લાના બે પાર્ટ પડ્યા, આણંદ જિલ્લો, ખેડા જિલ્લો, આણંદ જિલ્લામાં તેઓએ ક્ષત્રિય સેવા સમાજ સુધારણા સંઘ ઉભો કર્યો અને સમૂહલગ્નો કરાવવાની તેઓએ શરૂઆત કરી કે આર્થિક રીતે નબળા વર્ગના જે લોકો હોય, ક્ષત્રિય હોય કે જે હોય તે, બધાને સમૂહ લગ્નમાં જોતરવાનું કામ તેમણે કર્યુ. મેં પણ ખેડા જિલ્લામાં સમૂહ લગ્નોમાં જોતરવાનું કામ કર્યુ. અત્યારસુધીમાં સામાજિક અને પછાત વર્ગો, હરિજન હોય કે આદિવાસી હોય જે કોઈ હોય તે બધાને સાથે જોડીને અમે સમૂહલગ્નો કર્યા છે, અમારો આંકડો ૧૦૦૦૦ સમૂહ લગ્ન સુધી પહોંચ્યો છે, ત્યારે મૂળ વાત ક્યાં છે કે સામાજિક ઉત્થાન જ્યાંસુધી નહિ થાય ત્યાંસુધી આપણે એકબીજા સાથે હળીમળી નહિ શકીએ અથવા તો કામ નહિ કરી શકીએ, ત્યારે રણછોડભાઈ સહકારી પ્રવૃત્તિમાં પણ આગળ પડતા હતા. ત્રણ વખત તો તેઓ વિધાનસભામાં ચૂંટાયા હતા. એમણે હંમેશા સામાજિક રીતે પછાત વર્ગોની ચિંતા કરી છે. ક્ષત્રિયોની ચિંતા કરી છે, હરિજનોની ચિંતા કરી છે, તેઓ કોરપોરેશનમાં પણ ત્રણ વખત ચૂંટાયા હતા. ત્યાં પણ નાના મોટા પ્રશ્નો એ ગટરના પ્રશ્નો હોય, ગંદકીના પ્રશ્નો હોય, અગર તો અન્ય કોઈપણ કે રહેવાના પ્રશ્નો હોય તેને ઉકેલવા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા. બીજા જે અમારી સાથેના સભ્યશ્રીઓ

અવસાન પામ્યા છે જેના માટે મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને જેને અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે તેમાં હું પણ મારો સુર પૂરાવું છું.

**શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કો.)** : આ ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે શોકપ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારો સુર પૂરાવું છું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ સ્વર્ગસ્થ શ્રી અશોક ભટ્ટ, પૂર્વ મંત્રીશ્રી દિનેશભાઈ, પૂર્વ સભ્યશ્રી મુળશંકરભાઈ, પૂર્વ સભ્યશ્રી ભગુભાઈ.. ..પૂર્વ સભ્યશ્રી રણછોડભાઈ અને પૂર્વ સભ્ય અને દલિત નેતા પરબતભાઈ સોધમને હું મારી શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ સ્વર્ગીય અશોકભાઈ ભટ્ટ તેમની સાથે મારો બહુ પારિવારિક નાતો રહેલો છે. તેઓ ખાડિયામાંથી નેતૃત્વ કરતા હતા તે ખાડિયા વિધાનસભામાં રાયખડ વિસ્તાર આવતો હતો અને રાયખડ વિસ્તારમાં અમે પોતે જ્યારે રહેતા હતા ત્યારે તેમના એક મતદાર તરીકે, તેમના એક પરિવાર તરીકે તેમને ખૂબ નજીકથી મેં જોયા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર તે પોળો અને મિલોથી ખૂબ પરિચિત હતું. આજે અમદાવાદ શહેરની અંદર મિલો તો રહી નથી પણ પોળોને ટકાવવાનું કામ, પોળોની પોતાની આગવી ઓળખ અપાવવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો એ માનનીય અશોકભાઈ ભટ્ટે કર્યુ છે. ખમીરવંતા ખાડિયાના સપૂત કારણ કે ખાડિયા એવું જાણીતું છે કે નવગુજરાતનું આંદોલન હોય કે મહાગુજરાતનું આંદોલન હોય કે બીજી અનેક લડતો હોય તો એ લડતોમાં ખાડિયાનો ખૂબ મોટો ભાગ રહેલો છે. ત્યારે આ ખાડિયાના ખમીરવંતા સુપુત્ર જ્યારે ૭૧ વર્ષની વયે જ્યારે આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે તેમનામાંથી કંઈક શીખવું હોય માનનીય અધ્યક્ષશ્રી, અમે યુવાનો છીએ આજે તેમની ૪૦ વર્ષની રાજકીય કારકિર્દી આજે જો હું મારી પોતાની વાત કરું તો મારે પોતાને આજે ૪૧ વર્ષ છે એટલે જ્યારે મારો જન્મ થયો હશે ત્યારે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત થઈ હશે ત્યારે એક સાચા લડવૈયા, એક સાચા વક્તા અમદાવાદ શહેરની અંદર કોર્પોરેશનની શરૂઆતથી કોર્પોરેટરની શરૂઆત કરીને આજે ધારાસભ્ય હોય, ઉપદંડક હોય, દંડક હોય, સરકારમાં મંત્રી હોય કે વિધાનસભાની અંદર અધ્યક્ષ જેવુ મોભાનું સ્થાન જ્યારે ધરાવતા હતા ત્યારે મારા એક બે પ્રસંગો હું સભાગૃહની આગળ મૂકવા માંગુ છું. આજે સ્વર્ગીય અશોકભાઈ ભટ્ટ સાથે મારા પારિવારિક નાતે મારા સ્વર્ગીય પિતા મનુભાઈનો પણ ખૂબ નાતો રહ્યો છે તેમના એક મિત્ર હતા. બન્નેની એક મિત્રતા હતી. અને આજે પણ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી માનનીય અધ્યક્ષશ્રી, મારા સ્વર્ગીય પિતા જ્યારે હોસ્પિટલમાં હતા ત્યારે સત્તર-સત્તર દિવસ સુધી એક પણ દિવસ એવો નહીં ગયો હોય કે અશોકભાઈ પોતે એક કલાક બે કલાક કે અઢી કલાક આવીને મારી પાસે ના બેસ્યા હોય સત્તરે સત્તર દિવસ સુધી તેમની હોસ્પિટલમાં હાજરી એ મારા પરિવારજનોને એક ખૂબ મોટું પીઠબળ એ વખતે તેમણે પૂરું પાડયું હતું, સાંત્વન તેમણે પૂરું પાડયુ હતુ. હમણાં સાલ હોસ્પિટલની અંદર જ્યારે તેઓ એડમીટ હતા ત્યારે હું તેમની ખબર અંતર પૂછવા ગયો ત્યારે તેમણે એક જ વાકય કહ્યું કે શૈલેષ આ જાહેર જીવન છે દોડધામ તો રહેશે પણ મારા મિત્ર મનુભાઈનું એક અધૂરું કામ તારે પૂરું કરવાનું છે તેની દીકરી તેના લગ્ન હજુ બાકી છે કોઈપણ સંજોગોમાં તારી બહેનના લગ્ન તું વહેલા લઈ લે. પોતે બીમાર હોવા છતાં મારા પરિવારની તેઓ જે ચિંતા કરતા હતા એવા ખમીરવંતા સુપુત્ર સ્વર્ગીય અશોકભાઈ ભટ્ટને હું મારી શ્રદ્ધાંજલિ આપું છું. તેઓ ખાસ કહેતા હતા કે વિધાનસભાની અંદર યુવાન છે, દોડે છે, વાત કરે છે, ધમાલ પણ કરે છે પણ જો વિધાનસભાની અંદર સાચા સભ્ય તરીકે જો તારી પોતાની આગવી ઓળખ ઉભી કરવી હોય તો કોઈ પણ ડિબેટ થતી હોય તો એ ડિબેટની અંદર તું ચર્ચા કર, તે ડિબેટમાં તું ભાગ લે આવી સાચી સલાહ અને સાચું માર્ગદર્શન પણ સ્વર્ગીય અશોકભાઈ ભટ્ટ સાહેબ જ્યારે આપતા ગયા છે અને આજે જ્યારે તે આપણી વચ્ચે નથી ત્યારે અશોક એટલે અમર અને તેમના શોકપ્રસ્તાવમાં આપણે જ્યારે વાત કરી રહ્યાં છીએ ત્યારે માણસ કેટલું જીવ્યો તે જરૂરી નથી પણ માણસ કેવું જીવ્યો છે તે જે ઉદાહરણ છે તે ઉદાહરણ સ્વર્ગીય અશોકભાઈ ભટ્ટ સાહેબ આજે આપણી વચ્ચે આપતાં ગયા છે અને કવિએ ખૂબ સારું કહ્યું છે કે " જગમેં જબ હમ આયે તો હમ રોયે ઔર જગ હંસા, જબ હમ ગયે તો હમ હંસે ઔર જગ રોયા" આજના આ પ્રસંગે વધુ ના કહેતા હું સ્વર્ગીય અશોકભાઈ અને તમામ સભ્યશ્રીઓને મારી શ્રધ્ધાંજલિ અર્પુ છું અને તેમના શોકસંદેશાઓમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી રાકેશ શાહ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે એને અનુમોદન આપીને હું મારો સૂર પૂરાવું છું.

ખાડિયા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય અને આ સન્માનનીય ગૃહના ભૂતપૂર્વ અધ્યક્ષ માનનીય અશોકભાઈ ભટ્ટ વિનાનું આ ગૃહ વિચારી શકાતું જ નથી. આ સ્વર્ણિમ્ ગુજરાતના વર્ષમાં આજના સભાગૃહમાં બહુ ઓછા સભ્યો છે કે જેઓ આ દેશની આઝાદીની લડત કે મહા ગુજરાતની ચળવળ સાથે જોડાયેલા હોય. તે પૈકીના એક એવા આપણા સૌના પ્રિય એવા માનનીય અશોકભાઈ ભટ્ટ હતા.

અમદાવાદ શહેરના ખાડિયા મત વિસ્તારમાંથી સતત આઠ ટર્મ સુધી ચૂંટાઈ આવીને તેમણે આ વિસ્તારની અને મહાનગરની ખૂબ સેવા કરી હતી. પ્રજાનો ચૂંટાયેલો સાચો લોક પ્રતિનિધિ કેવો હોવો જોઈએ એ માટે નવા સૌ સભ્યો માટે માનનીય અશોકભાઈ આદર્શ રાજકીય પુરૂષ હતા. જનસંઘના એક કાર્યકર્તાથી કામ કરતા કરતા ભારતીય જનતા પાર્ટીની વિવિધ જવાબદારી સંભાળતા આ સન્માનનીય સભાગૃહના સ્પીકર સુધીની રાજકીય યાત્રાની સફર તેઓએ પૂરી કરી હતી. તેઓ લોક પ્રતિનિધિ તો હતા, પણ સાથે સાથે એક જાગતા માણસ હતા.

આપની આટલી મોટી રાજકીય કારકિર્દીમાં મારા જેવા અનેક કાર્યકર્તાઓ માટે આપ એક ઘડવૈયા છો. આપના માર્ગદર્શનથી રાજકીય પેઢીના આપ એક પથદર્શક હતા. આ પ્રાંતમાં મહાનગરના ખાડિયાથી પ્રતિનિધિત્વ કરનારા, આપના કાર્યથી આપનો મત વિસ્તાર ખાડિયા જગવિખ્યાત થયેલો છે. પરગજુ સ્વભાવ અને કામ પ્રત્યેની નિષ્ઠા અને લોક ઉપયોગી કેવી રીતે બનવું તેની મથામણમાં અશોકભાઈને આપણે સૌએ હંમેશા જોયા હતા.

આટલી લાંબી કારકિર્દીમાં ખૂબ જ ઉતાર ચડાવ વચ્ચે પણ આપે ગુજરાતની સ્થાપનાથી સ્વર્ણિમ ગુજરાતના આપ ઘડવૈયા હતા. સદાકાળ ગુજરાત તે માટે આપને યાદ રાખશે. અન્ય સભ્યો પૂર્વ સભ્ય શ્રી દિનેશભાઈ શાહ, પૂર્વ સભ્ય શ્રી મૂળશંકરભાઈ સુથાર, શ્રી ભગુભાઈ પટેલ, શ્રી રણછોડભાઈ સોલંકી અને શ્રી પરબતભાઈ સોધમ. આ સૌ સભ્યોને પણ હું શ્રદ્ધાંજલિ આપું છું અને તેમના પરિવાર પર આવી પડેલી આપત્તિ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા તેમને શકિત આપે તે જ પ્રાર્થના.

**શ્રી ભૂષણ અશોકભાઇ ભટ્ટ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે, અને વિપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે, તેમાં હું મારો સૂર પૂરાવું છું. કદાચ પ્રથમવાર જ આ ગૃહમાં એક સ્વર્ગસ્થ ધારાસભ્ય પિતા અશોકભાઈ ભટ્ટને ધારાસભ્ય પૂત્ર શ્રદ્ધાંજલિ અર્પતો હશે. જેનું એક પૂત્ર તરીકે મને પારાવાર દુ:ખ છે અને એક અંતરમાં અનેક વેદનાઓ સાથે થોડું ગૌરવ છે. પરંતુ આ ગૃહે એક કર્મયોગી અને વૈવિધ્યસભર વ્યકિતત્વ ધરાવતા સભ્યને ગુમાવ્યા, એનું દુ:ખ વધારે છે. અશોકભાઈની ૩૫ વર્ષની રાજકીય કારકિર્દીમાં પાંચમી વિધાનસભાથી બારમી વિધાનસભામાં, લગભગ ૧૪૪૪ દિવસની હાજરીનું આ ગૃહ સાક્ષી છે. ભૌતિક રીતે આ ગૃહના દરેક હિસ્સામાંથી પસાર થયા. વિપક્ષમાં હોય, સરકાર પક્ષે હોય, ટ્રેઝરી બેન્ચે હોય અને છેલ્લે અધ્યક્ષસ્થાને. જેમાં પણ બેઠા, ગૃહની ગરિમા જાળવી એક આગવું સંસદીય સ્થાન ઉભું કરી આપણી વચ્ચેથી વિદાય લીધી. વિપક્ષ, સરકાર કે અધ્યક્ષસ્થાને જયાં પણ બેઠા ત્યાં તેમના વ્યકિતત્વની એક અલગ ઓળખ ઉભી કરી હતી. તે કંયાય ન બદલાઈ.

એક આંદોલનકારી સંઘર્ષથી આજે વિકાસની યાત્રાના એક અદના સૈનિક તરીકે એક આંદોલનકારી, સમાજસેવી, સહૃદયતા, સરળતા, સદ્ભાવના, સંબંધોના બંધનમાં બંધાવું આ બધા તેમના વ્યકિતત્વના પાસાઓ હતા. ખાડિયાથી ફૂટપાથ પાર્લામેન્ટથી અધ્યક્ષની ખુરશી સુધી તે અકબંધ રહ્યું. માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની જી.પી.ઓ.માં રોજની લાખો ટપાલની અવરજવર થતી હતી અને એમાં એક ટપાલ આવી હોય જેની ઉપર ફકત અશોક ભટ્ટ, અમદાવાદ લખેલ હોય, ફકત આટલું જ લખ્યું હોવા છતાં એ એકદમ સરળતાથી એ ટપાલ મારા ધેર આવી જાય ત્યારે નવાઈ લાગતી, પરંતુ તેઓના ગયા પછી સમજાયું કે આ માત્ર બે શબ્દો અશોક ભટ્ટની ઓળખ ઉભી કરવામાં તેઓશ્રીનો અથાગ પરિશ્રમ, સતત સેવા, સહ્રદયતા અને આ બધું પાછું સરળતામાં સમાયેલું તેમનું પરિણામ. અશોકભાઈ ભટ્ટના કુટુંબ કે સમાજની વ્યાખ્યામાં અમે પરિવારના સભ્યો કયારેક કેટલીક ગૂંચવણનો અનુભવ કરતા હતા. એમનું કુંટુંબ અને સમાજ ખૂબ વિસ્તરેલો હતો. પક્ષ હોય કે વિપક્ષ હોય, વિચારધારા કે ભૌગોલિક સિમાડાઓ તોડીને તેઓનું કુંટુંબ વિસ્તરેલું હતું અને એ સંબંધો જે માત્ર કેમ છો, સારું છે એવા નહોતા,પરંતુ તેઓશ્રીના ગયા પછી મને અને અમારા પરિવારને લોકો તરફથી મળેલ હૂંફ ઉપરથી ખ્યાલ આવ્યો કે તેમનું કુટુંબ કેટલું વિશાળ છે. એમની આટલી બધી વ્યસ્તતા છતાં પણ અમારા કુંટુંબ તરફની જવાબદારી અને સ્નેહમાં કોઈ ઉણપ એમણે આવવા દીધી નથી. સ્વ. ના આર્શીવાદ અને અગણિત લોકોના અશોકભાઈના પ્રત્યે, પરિવારના સભ્યો પ્રત્યે મળેલી શૂભેચ્છાઓ અને સહકારથી આજે હું અહીં ઉપસ્થિત છું.અશોકભાઈના પગલામાં પગ મૂકવામાં હું ખૂબ નાનો છું, પરંતુ આપસૌના સહકારથી તેમના માર્ગે ચાલવા માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.

આ સાથે સાથે પૂર્વ સભ્યશ્રીઓ સ્વ. શ્રી દિનેશભાઈ શાહ, સ્વ. શ્રી મૂળશંકર સુથાર, સ્વ. શ્રી ભગુભાઈ પટેલ, સ્વ. શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ. શ્રી પરબતભાઈ સોધમ આ બધા પૂર્વ સભ્યશ્રીઓને હું આ સભાગૃહના માધ્યમથી મારી શ્રદ્ધાંજલિ અર્પુ છું.

**શ્રી આર.સી. ફલદૂ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના નેતા અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને જેમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવ્યો છે એવા આ સદનના પૂર્વ સભ્યશ્રીઓ અંગેનો જે શોકપ્રસ્તાવ આવ્યો છે એવા દિવંગત સભ્યશ્રીઓ સ્વ. શ્રી અશોક ભટ્ટ, સ્વ. શ્રી દિનેશભાઈ શાહ, સ્વ. શ્રી મૂળશંકર સુથાર, સ્વ. શ્રી ભગુભાઈ પટેલ, સ્વ. શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ. શ્રી પરબતભાઈ સોધમ આ કુલ છ જેટલા આ સન્માનનીય સભાગૃહના પૂર્વ સભ્યશ્રીઓ આજે આપણી વચ્ચે નથી. તેમાંના શ્રી પરબતભાઈ સોધમ અને શ્રી અશોકભાઈ ભટ્ટ આ બન્ને સભ્યશ્રીઓની સાથે મારે પણ આ વિધાનસભામાં કામ કરવાનો મોકો મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિત કેટલું જીવ્યો એ અગત્યનું નથી, પરંતુ કેવું જીવ્યો એ ખૂબ અગત્યનું હોય છે અને અન્યો માટે પ્રેરણાદાયી હોય છે. સ્વ. શ્રી અશોકભાઈ ભટ્ટ પાંચમી વિધાનસભાથી લઈને ૧૨ મી વિધાનસભા સુધી એટલે કે લગભગ જીવનના ચાર દાયકા સુધી સંસદીય લોકશાહી ગુજરાતમાં પ્રસ્થાપિત કરવા માટે કેટલાક મહાનુભાવોનું જે રીતે યોગદાન છે એવું ઉજ્જવળ યોગદાન સ્વ. અશોકભાઈ ભટ્ટનું આ ગુજરાતની ધરતી ઉપર રહ્યું છે.

ગરીબ માનવીના જીવનમાં પ્રકાશ આવે, ગરીબ માનવીને આગળ લાવવા માટે જે પ્રયાસો કર્યા છે એ કાયમ ગુજરાતના લોકો યાદ કરશે.

સ્લમ કલીયરન્સ બોર્ડના અધ્યક્ષ તરીકે કામ કરતા કરતા મજદૂરોના જીવનમાં કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે બાબતે અશોકભાઈએ જે કામગીરી કરી હતી એમાંથી અનેક લોકોને આપણા સમાજના ગરીબ બાંધવોના જીવનમાં પરિવર્તન આવે એમના બાવડા પકડીને વિકાસની યાત્રામાં સહ ભાગીદાર બનાવવા એ બાબતના ઉમદા ગુણો અશોક ભાઈના વ્યવહારમાંથી આપણને શીખવા મળે છે.

સ્વ. અશોકભાઈએ સંસદીય લોકશાહી પ્રણાલિકાને પણ આ સંસદની અંદર ઉમદા રીતે પ્રસ્થાપિત કરવા માટે પોતાના વ્યવહારથી આપણા બધાને આદર્શ પ્રણાલી પૂરી પાડી છે. એમના આ સંસદીય કાળ દરમિયાન ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રમાં કયાંય પણ પ્રશ્ન ઊભો થયો હોય કે લોકોને અન્યાય થતો હોય એવા વખતે એક સક્રિય કાર્યકર્તા બનીને સત્વરે દોડીને લોકોની વચ્ચે જઈને પ્રશ્નનું નેતૃત્વ લેતા હતા એટલું જ નહિ પરંતુ એ પ્રશ્નને લઈને ગરીબ સમાજના લોકો ગેરમાર્ગે ન દોરવાય એનું પણ ધ્યાન રાખતા. આ રીતે એક કુશળ વહીવટકર્તા અને કુશળ લોકસેવક તરીકે એમના જીવનની એક ઉજ્જવળ છબી રહી છે. કયારેય પણ ખોટા પ્રશ્નોનું નેતૃત્વ ન લેવું એ રીતે પ્રશ્નને સમજવાની દુરંદેશીતા અશોકભાઈના વ્યવહારમાંથી એમના કાર્યમાંથી એમના આદર્શમાંથી સતત દર્શન થતા રહે એવા લોકશાહીના ઉજ્જવળ પહેરીગીર આજે આપણી વચ્ચે રહ્યા નથી પરંતુ હું ચોક્કસ કહીશ કે કાળની છાતી ઉપર આદર્શવાદની કેડી કંડારનાર ભાયડો આજે આપણી વચ્ચે નથી. એ જ રીતે સન્માનનીય ગૃહના અન્ય પાંચ સદસ્યશ્રીઓ પણ એમના કાર્યકાળ દરમિયાન ગુજરાતની સેવા કરતા રહ્યા છે. આ રીતે આ છ એ છ મહાનુભાવોના જીવાત્માને ભગવાન મોક્ષ ગતિ આપે અને એમના પરિવારજનો ઉપર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત આપે તેવી પ્રાર્થના કરી વિરમું છું.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહના મારા પુરોગામી અને આપણા સૌના માર્ગદર્શક અને પ્રેરણા મૂર્તિ એવા સ્વ. શ્રી અશોકભાઈ, પૂર્વ મંત્રી સ્વ.શ્રી દિનશેભાઈ શાહ, પૂર્વ સભ્ય સ્વ. શ્રી મૂળશંકર સુથાર, સ્વ.શ્રી ભગુભાઈ પટેલ, સ્વ.શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ.શ્રી પરબતભાઈ શોધમના અવસાન અંગે ગૃહના નેતા તરફથી રજૂ થયેલ અને વિરોધપક્ષના નેતા તરફથી અનુમોદીત થયેલ શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પૂરાવું છું.

સ્વ.શ્રી અશોકભાઈએ સતત આઠ ટર્મ સુધી એક જ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવીને રાજયના જાહેર જીવનમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. આઝાદીની ચળવળમાં સક્રિય યોગદાન આપેલ એવા પૂ. શારદાબાના સપૂત એવા સ્વ.શ્રી અશોકભાઈએ વિદ્યાર્થી અવસ્થાથી એક ક્રાંતિકારી લોકસેવક તરીકેની આગવી પ્રતિભા પ્રસ્થાપિત કરી હતી. ૧૯૫૬ની મહા ગુજરાતની ચળવળ હોય, મજૂર આંદોલન હોય કે ૧૯૭૪નું નવનિર્માણ આંદોલન હોય એમ દરેક પ્રજાકીય આંદોલનોમાં તેઓએ હંમેશા સક્રિય અને અગ્રેસર ભૂમિકા ભજવી છે. કટોકટી દરમ્યાન લોકશાહીને જીવંત રાખવા મિસા હેઠળ ધરપકડ પણ વ્હોરી જેલવાસ ભોગવ્યો હતો. પ્રજાના જીવનને અસરકર્તા પ્રશ્નોને સદાય પ્રાધાન્ય આપી અને પ્રજા સાથે સતત સંપર્કમાં રહીને જીંદગીના અંત સુધી પ્રજાની સેવા કરી અભૂતપૂર્વ લોકચાહના મેળવી હતી. ૧૯૬૯નું તાપી નદીનું પૂર હોય કે ૧૯૭૯ની મચ્છુ ડેમની હોનારત હોય કે છેલ્લે સુરતમાં ફરીવાર આવેલ પૂર હોય કે કચ્છનો ધરતીકંપ હોય, રાજયમાં આકસ્મિક આવેલ તમામ સંકટોમાં તેઓ હંમેશા લોકોની વચ્ચે દોડી જતા હતા. તેમનામાં પ્રજાના પ્રશ્નોને પારખવાની ગજબની કોઠાસૂઝ હતી. જૈન ધર્મના સિદ્ધાંતોમાં તેઓને અતૂટ શ્રદ્ધા હતી અને અવારનવાર પૂજ્ય આચાર્યો ભગવંતોના આશીર્વાદ લેવા જતા હતા. મંત્રી તરીકે પણ સરકારના વિવિધ વિભાગોની જવાબદારી તેઓએ સફળતાપૂર્વક અદા કરી હતી. આરોગ્ય મંત્રી તરીકે ગુજરાતના છેવાડાના માનવીના આરોગ્યની ચિંતા સેવીને માનવતાના ઉત્તમ ઉદાહરણો પૂરા પાડીને અનેક લોકોની જીંદગી બચાવવાનું શ્રેય તેમને જાય છે. છેલ્લે આ ગૃહના અધ્યક્ષ તરીકે ગૃહની કાર્યવાહીનું સંચાલન પણ ખૂબ જ કુશળતાપૂર્વક કર્યું છે તેના આપણે સૌ સાક્ષી છીએ. તેમના અધ્યક્ષ તરીકેના રૂલિંગ હંમેશા આપણા સૌના માટે માર્ગદર્શક બની રહેશે. તેમણે પ્રસ્થાપિત કરેલ ઉચ્ચ સંસદીય પરંપરાઓનું જતન કરવાની આપણાં સૌની જવાબદારી છે. તેમના અકાળે અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં મોટી ખોટ પડી છે.

સ્વ. દિનેશભાઈ શાહે પણ નાણા મંત્રી તરીકે ખૂબ જ યશસ્વી ફરજો બજાવી હતી. તેમના અવસાનથી એક ઉમદા વ્યકિતત્વની ખોટ પડી છે. સ્વ. શ્રી મૂળશંકરભાઈ, સ્વ.શ્રી ભગુભાઈ, સ્વ.શ્રી રણછોડભાઈ અને સ્વ.શ્રી પરબતભાઈએ પણ આ ગૃહના સભ્ય તરીકે રહીને ગુજરાતના જાહેર જીવનમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓના અકાળે અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં ભારે મોટી ખોટ પડી છે. પ્રભુ આ સર્વે સદ્‌ગત આત્માઓને શાશ્વત શાંતિ બક્ષે તેવી અભ્યર્થના સાથે આપણે સૌ આપણાં સ્થાન ઉપર ઉભા રહી બે મિનિટનું મૌન પાળીશું.

(બે મિનિટ મૌન બાદ)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. નેકસ્ટ

# સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ

**શ્રી દિલીપ સંઘાણી (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આજની બેઠકની કાર્યવાહી આ સભાગૃહના પૂર્વ અધ્યક્ષ માનનીય સ્વ. શ્રી અશોકભાઈ ભટ્ટના માનમાં મુલતવી રાખવામાં આવે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીના પ્રસ્તાવને અનુમોદન આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની બીજી બેઠકનું કામકાજ મુલતવી રાખવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૩૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રી આદેશાનુસાર શુક્રવાર, તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર,તા. ૨૫ મી ફેબ્રુઆરી, ૨૦૧૧**
**ફાલ્ગુન ૬, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષશ્રસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સૈનિક કલ્યાણ બોર્ડની જિલ્લાવાઈઝ સુવિધા

*૧૮૨૧૩ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જિલ્લાના સૈનિક કલ્યાણ બોર્ડ દ્વારા જે તે જિલ્લાના સ્થાનિક સૈનિકોના કુટુંબોને કલ્યાણ સુવિધા ઉપલબ્ધ કરવા કોઈ આયોજન કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતએ તેની વિગતો શી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ):**

(૧) હા, જી.

(૨) સૈનિકો, માજી સૈનિકા દિવંગત સૈનિકોના પરિવારના કલ્યાણ માટે સામાજિક અને આર્થિક સહાય, રોજગાર-તાલીમ અને શિક્ષણ માટે સહાય તથા માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, સૈનિક કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓ કઈ કઈ છે અને એની વિગતો શું છે?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દિવંગત સૈનિકો અને માજી સૈનિકો માટે સૈનિક કલ્યાણ બોર્ડની ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે એમાં આર્થિક સહાયને લગતી યોજનાઓ છે એમાં માસિક સહાય, ઉચ્ચક સહાય, શિષ્યવૃત્તિ અને આવી ઘણીબધી યોજનાઓ છે એમાં માસિક સહાયની યોજનામાં શિક્ષણની માસિક સહાય યોજનામાં આવકની મર્યાદામાં રૂ.૮૪ હજાર રૂપિયાની આવક મર્યાદા હોય અને ૨૫ વર્ષ કરતાં નાની ઉંમરનું સંતાન હોય તો દિવંગત પૂર્વ સૈનિકનાં પત્ની માટે રૂ. ૨ હજાર રૂપિયા માસિક અને ૨ સંતાનો માટે દરેક બાળક દીઠ રૂ. ૫૦૦-૫૦૦ લેખે રૂ. ૧૦૦૦ ચૂકવવામાં આવે છે. ૬૦ વર્ષ કરતાં વધારે ઉંમરના પૂર્વ સૈનિક હોય અને તેમનું સંતાન ૨૫ વર્ષ કરતાં નાનું હોય તો રૂ. ૨૦૦૦ ની સહાય ચૂકવાય છે. એ જ પ્રકારે બીજા વિશ્વ યુધ્ધના સૈનિકો માટે કોઈપણ પ્રકારનું સિવિલ અને મિલિટરી પેન્શન ના મળતું હોય અને કોઈપણ પ્રકારની એજન્સી ના અપાઈ હોય તો આવા સૈનિકોની પત્નીને રૂ. ૩૫૦૦ માસિક સહાય ચૂકવવામાં આવે છે. એ જ પ્રકારે શારીરિક ક્ષતિગ્રસ્ત આતંકવાદી વિરોધી કાર્યવાહી દરમ્યાન કે યુદ્ધ દરમ્યાન જે સૈનિકો ક્ષતિગ્રસ્ત થયા છે તેમના માટે આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય લઘુત્તમ રૂ.૧૨૦૦ ડીસએબિલીટી ૨૦ ટકા હોય તો અને મહત્તમ રૂ. ૩૬૦૦ ડીસએબિલીટી ૬૦ ટકા હોય તો ચૂકવાય છે અને એ જ પ્રકારે મિલિટરીમાં કામગીરી કરી હોય અને એ કામગીરી કરતાં કરતાં ક્ષતિગ્રસ્ત થયા હોય અને જો ડિસએબિલીટી ૫૦ ટકા હોય તો લઘુત્તમ રૂ ૧૦૦૦ અને ૧૦૦ ટકા ડીસએબિલીટી હોય તો ૨ હજાર સુધીની માસિક સહાય ચૂકવવામાં આવે છે. એ જ પ્રકારે અંધ અથવા તો માનસિક રીતે વિકલાંગ હોય તો એમાં કોઈપણ જાતની આવક ધ્યાનમાં લીધા સિવાય રૂ. ૨૦૦૦ માસિક ચૂકવણી કરવામાં આવે છે ઉચ્ચક સહાયના કિસ્સામાં દીકરીના લગ્નના સંદર્ભમાં દિવંગત સૈનિકના પરિવારને બે દીકરી માટે દીકરી દીઠ રૂ. ૨૦૦૦ એમ રૂ ૪૦ હજાર સહાય ચૂકવાય છે જયારે પૂર્વ સૈનિક હોય તો એ જ કિસ્સામાં બે દીકરી માટે ૩૦ હજાર રૂપિયાની આર્થિક સહાય ચૂકવાય છે. આમાં કોઈપણ જાતની આવક મર્યાદાનું ધોરણ ધ્યાનમાં લેવામાં આવતું નથી.

એ જ પ્રકારે મકાન સહાયના સંદર્ભમાં જે સેવારત સૈનિકો અને દિવંગત પત્નીના નામે જો મકાન હોય અથવા એના નામે નવું મકાન બનાવવું હોય તો એટ વન્સ નવા મકાન માટે રૂ ૫૦,૦૦૦ અને સુધારા વધારા કરવા માટે રૂ ૫૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે.

એ જ પ્રકારે ગંભીર પ્રકારના રોગોમાં કોઈપણ બીજી યોજનામાં લાભ લીધેલ ના હોય તો કુલ સારવારના ૯૫ ટકા અથવા રૂ ૧,૦૦,૦૦૦ સુધીની મહત્તમ મર્યાદામાં સહાય ચૂકવાય છે. એટલું જ નહીં, પરંતુ અંતિમ સંસ્કારના સંદર્ભમાં પૂર્વ સૈનિકના અંતિમ સંસ્કાર અથવા દિવંગતના પત્નીના અંતિમ સંસ્કાર હોય તો એમને પણ અંતિમ સંસ્કાર માટે રૂ ૫,૦૦૦ ની સહાય કોઈપણ જાતની આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય ચૂકવવામાં આવે છે.

શિષ્યવૃત્તિની વાત કરીએ તો શિક્ષણ અને સહાય અને સવલતોની બાબતમાં શિષ્યવૃત્તિને લાગે વળગે છે ત્યાં સુધી પૂર્વ સૈનિકના પરિવારના બે સંતાનો માટે ધોરણ ૧ થી લઈને ઉચ્ચત્તર અભ્યાસક્રમ માટેની શિષ્યવૃત્તિની જે સહાય છે એ રૂ. ૩૬૦૦ થી લઈને ૨૪૦૦૦ સુધીની સહાય ચૂકવાય છે, પરંતુ શરત એ છે કે પૂર્વ સૈનિક માટે

રૂ ૨ લાખની આવક મર્યાદા નિશ્ચિત કરેલ છે. એ જ પ્રકારે પૂર્વ સૈનિકનાં સંતાનો માટે વડોદરા અને અમદાવાદ ખાતે હોસ્ટેલની ફેસિલિટીની પણ સુવિધા કરવામાં આવેલ છે. એમાં વડોદરા ખાતે ૨૦ જેટલા વિદ્યાર્થીઓને રાખી શકાય એ રીતની હોસ્ટેલની ફેસિલીટી પુરી પાડવામાં આવે છે. એ જ રીતે અમદાવાદમાં પણ ૩૦ જેટલા વિદ્યાર્થીઓને રાખી શકાય એવી હોસ્ટેલની ફેસિલીટી છે એમ કુલ ૫૦ વિદ્યાર્થીઓને હોસ્ટેલની ફેસિલીટી પૂરી પાડવામાં આવે છે. આ જે વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રાખવામાં આવે છે તેમની પાસેથી કોઈપણ પ્રકારનો શૂલ્ક લેવામાં આવતો નથી અને કોઈપણ જાતની આવકમર્યાદાનું ધોરણ લાગુ પડતું નથી. એ જ પ્રકારે ઉચ્ચતર અભ્યાસક્રમમાં પણ રિઝર્વેશન આપવામાં આવે છે. એન્જિનિયરીંગ, વૅટરનરી, ફાર્મસી, એમ.સી.એ., એમ.બી.એ. બી.એ. વગેરેમાં સહાય આપવાના ધોરણો છે. જે સહાયના ધોરણો છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં જ જવાબ આપો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એની મારે વિગતો તો આપવી પડશેને?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, જવાબ આપો પરંતુ ટૂંકમાં આપો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : હું વાત કરતો હતો એ મુજબ સેવા નિવૃત્ત સૈનિકોના સંતાનો માટે એક ટકા બેઠકની જોગવાઈ કરવામાં આવી છે.એટલેથી વાત પૂરી થતી નથી ભરતીના સંદર્ભમાં પણ પૂર્વ સૈનિકો માટે ક્લાસ ત્રણમાં દસ ટકા અને ક્લાસ-૪માં ૨૦ ટકા સરકારી નોકરીઓમાં રિઝર્વેશન કરવામાં આવેલ છે. વર્ગ-૧ અને વર્ગ-૨માં એક ટકો રિઝર્વેશન કરવામાં આવેલ છે. સાથે સાથે પોલીસની ભરતીમાં માજી સૈનિકો છે એમના માટે શારીરિક પરીક્ષા છે, એમાં ફિઝિકલ એકઝામ છે એમાં કેટલીક છૂટછાટ આપવામાં આવે છે. એ જ રીતે જે કોસ્ટલ એરિયા માં પોલીસ સ્ટેશન છે એમાં ટેકનિકલ સ્ટાફની ભરતી કરવામાં આવે છે એના માટેની યાદી પણ તૈયાર કરવામાં આવી છે, અને સમય અનુસાર એ યાદીમાંથી ભરતી કરવામાં આવશે. આપણું આ જે મોડેલ છે એ મોડેલનો કોસ્ટલ સાથે સંકળાયેલા રાજયોને આ સ્વીકારવા માટે કેન્દ્ર સરકાર તરફથી ગાઈડ લાઈન આપેલ છે. .

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં જવાબ આપો, હજી પેટા પ્રશ્નો પૂછવાના બાકી છે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વિવિધ યોજનાઓ નીચે છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી અને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવી ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : સૈનિક કલ્યાણ બોર્ડની વિવિધ સહાયની યોજનાઓ છે એની વિગતો જોઈએ તો ૨૦૦૮-૦૯, ૨૦૦૦૯-૧૦, અને ૨૦૧૦-૨૦૧૧ જાન્યુઆરી સુધીની માહિતી જોઈએ તો ૨૦૦૮-૦૯માં માસિક સહાય ચૂકવાઈ એમાં ૧૯૯ લાભાર્થીઓને ૨૨.૩૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે. એ જ રીતે દીકરીના લગ્ન માટે ૧૧૯ લાભાર્થીઓને ૧૨.૨૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. શિષ્યવૃત્તિમાં જોઈએ તો ૨૬૭૫ વિદ્યાર્થીઓને ૪૬.૮૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, જવાબ લાંબો હોય તો સભાગૃહના મેજ ઉપર મૂકી દેજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગતો હતો કે માજી સૈનિકોને આવાસો માટે થઈને જમીન મોટા ભાગના રાજયોમાં ફાળવવામાં આવે છે અને ખેતી માટે પણ ફાળવવામાં આવે છે. આપણા રાજયમાં ભૂતકાળમાં આવાસ માટે જમીન ફાળવવામાં આવતી હતી, અત્યારે માગણી પણ આવી છે. આવાસ માટે માજી સૈનિકોને જમીન આપવી જોઈએ એ આપવા માગીએ છીએ કે કેમ, એ જ રીતે ખેતી માટેની જમીન માજી સૈનિકોને આપવા માગો છો કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માજી સૈનિકોને ખેતી માટેની જમીન આપવાની વાત છે એમાં ૧૬ એકર સુધીની મહત્તમ મર્યાદામાં આપવાનું ધોરણ છે. પરંતુ આપણી પાસે જમીનની અવલેબિલિટી ઉપર આપવાનું ધોરણ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન એ છે કે છેલ્લા બે વર્ષમાં ખેતી માટે કેટલી જમીન અપાઈ, એનો એક પણ દાખલો એક પણ જિલ્લાનો હોય તો આપો?

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, માનનીય મંત્રીશ્રીને પહેલા જવાબ તો પૂરો કરવા દો?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીન આપવાની વાત છે એ મહેસૂલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી હોય છે. તેથી એના માટે અલગ નોટિસ આપવામાં આવશે તો માહિતી આપવામાં આવશે. (અંતરાય) આ મુદ્દો મહેસૂલ વિભાગ હસ્તક છે. માજી સૈનિકોને કેટલી જમીન ફાળવવી જોઈએ અને કયાં ફાળવવી જોઈએ એના માટેના ધોરણો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માજી સૈનિકોએ જમીન માટે માગણી કરી છે પરંતુ સરકાર એમને જમીન આપતી નથી.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ વાત કરી એ મુજબ આ જમીન આપવાનું કામ મહેસૂલ વિભાગનું છે, ગૃહ વિભાગ જમીન આપતું નથી તેથી એના માટે અલગ નોટિસ આપવામાં આવશે તો એની માહિતી આપવામાં આવશે.

**શ્રી વજુભાઈ વાળા** : જમીન સૈનિકોને આપવી એ રેવન્યુ ડિપાર્ટમેન્ટનું કામ છે એટલે આમાં ન આવે.

**અધ્યક્ષશ્રી** : આપ અલગથી નોટિસ આપજો. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : સવાલ જ નથી માહિતીનો. જે વિભાગનો સવાલ પૂછયો એ વિભાગને લગતો સવાલ જ નથી.

## જૂનાગઢ જિલ્લામાં ખનિજ ચોરીના કેસો

***૧૭૭૩૩ શ્રી ધીરસિંહ ક. બારડ (કોડીનાર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે-

૧. જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખનિજ ચોરીના કેટલા કેસો કરવામાં આવ્યા અને

૨. આ ખનિજ ચોરી કરનારા પાસેથી સરકારે લીઝ તથા દંડની કેટ કેટલી રકમ કોની કોની પાસેથી લેવાની થાય છે?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ ખનિજ):

૧. જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખનિજ ચોરીના કુલ ૧૧૧૮ કેસ કરવામાં આવેલ છે.

૨. ખનિજ ચોરી કરનારા પાસેથી સરકારે લીઝ તથા દંડની રકમ રૂ. ૪૦૩૯.૫૪ લાખ લેવાની થાય છે, જેની પ્રત્યેક ઈસમોની વિગતો પત્રક-અ મુજબ છે.

*** પત્રક-અ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.**

**શ્રી ધીરસિંહ ક. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લાના ખાણ ખનિજ વિભાગમાં મને જે પ્રશ્નનો જવાબ આપ્યો છે તેમાં છેલ્લા ત્રણ વર્ષમાં કોડીનાર તાલુકામાંથી ખાણ ખનિજ ચોરી કરનાર લોકો પાસેથી દંડની રકમ કેટલી વસૂલ કરવામાં આવી છે તેનો આમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તો આ દંડની રકમ વસૂલ કરવા માગો છો કે કેમ? બીજું, આ ખાણ ખનિજ ચોરી જૂનાગઢ જિલ્લા ખાણ ખનિજ અધિકારીની રહેમનીતિ નીચે ચાલતી હોવાના કારણે નામદાર હાઈકોર્ટની સામે આ જ મુદ્દા ઉપર અમિત જેઠવાની હત્યા કરવામાં આવી છે ત્યારે આ જ મુદ્દામાં મારી હાજરીમાં હાઈકોર્ટમાં નિર્ણય કરવામાં આવેલો હતો કે આ અધિકારીને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કલેકટરશ્રીએ કરી છે કે કેમ? તો આ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આપના મૂળ પ્રશ્નની વાત કરો, જેથી કરીને મંત્રીશ્રી જવાબ આપી શકે.માનનીય મંત્રીશ્રી, મૂળ પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી સૌરભ પટેલ** : કોડીનાર તાલુકાની વાત કરી તો છેલ્લા ત્રણ વર્ષમાં ૩૩,૧૪,૦૦૦ રૂપિયા રીકવર કરવામાં આવ્યા છે. સભ્યશ્રીની ચિંતા સમજી શકું છું પણ રાજય સરકારે એ પ્રમાણે ઘણા બધા પગલાં જૂનાગઢ જિલ્લામાં લીધેલાં છે. છેલ્લા ઘણા વર્ષોમાં જે કામગીરી કરી છે તેના આધારે કયારેય ન કરી હોય એવી કામગીરી કરવામાં આવેલ છે. છેલ્લા ત્રણ વર્ષના દાખલા આપું તો ૬૯ કેસો ઉપર એફ.આઈ.આર. દાખલ કરી છે. જૂનાગઢના ઈતિહાસમાં ૩૦-૪૦ વર્ષનું ટોટલ કરશો તો ૬૯ કેસો થતાં નથી. પહેલાં કયારેય વાહનો જપ્ત કરવામાં આવતા નહોતા. ૪૩૯ વાહનો છેલ્લા બે વર્ષમાં જપ્ત કરવામાં આવ્યા છે. વાહનો ચોરી કરીને જાય તેના પર ૩૮ કેસો રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કરવાના કરવામાં આવ્યા છે અને બે લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પહેલાં કયારેય કાર્યવાહી થતી નહોતી. ખાણ ચોરી કરનારની લીઝ કેન્સલ કરવામાં આવી છે. તેના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો છે. કયારેય પાસાના કેસો થતા નહોતા. છેલ્લા બે વર્ષમાં ચાર પાસાના કેસો કરવામાં આવ્યા છે. તલાટી-મંત્રીઓ અને સરપંચશ્રીની વાત કરું તો બે-ત્રણ જણાની સામે પગલાં ભરવામાં આવ્યા છે. જે ફરિયાદો આવી છે અને તેના આધારે જાણવા મળ્યું છે એવા ૨૦ ઉદ્યોગોવાળાને અને ખાણ ખનિજવાળાના ઈલેકટ્રીકલ કનેકશન પણ ડીસકનેકટ કરવામાં આવ્યા છે. આમ ઘણા બધા પગલાં છેલ્લા વર્ષોમાં લીધેલાં છે. તેના કારણે મને આ સભાગૃહમાં કહેતાં આનંદ થાય છે કે છેલ્લા બે વર્ષમાં ૪૫ કરોડની રેવન્યુ હતી એ વધીને ૫૫ કરોડની થઈ છે.

**શ્રી ધીરસિંહ ક. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એ જૂનાગઢ જિલ્લાનો આપ્યો છે. મેં કોડીનાર તાલુકાનો સવાલ કર્યો હતો. કોડીનાર તાલુકાના વેલણ, છારવા, બોરવા, જીટલા, વિઠ્ઠલપુરમાં હાલના તબકકે પણ બિનકાયદેસર ખાણ ચોરી થાય છે. રેતીની ચોરી થાય છે અને પથ્થરની પણ ચોરી થાય છે અને બિનકાયદેસર સરકારી જમીનમાંથી થાય છે. હું કોડીનાર તાલુકાની વાત કરું છું. કોડીનાર તાલુકામાં આ અંગે શું પગલાં લીધાં? કોડીનાર તાલુકાને માટે થઈને તમે આ અધિકારીને સસ્પેન્ડ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય સભ્યશ્રીએ ફરિયાદના ૨૦ કાગળ લખ્યા છે. ૨૦ કાગળોની સામે ૧૬ લોકો ઉપર પોલીસ કેસ કર્યા છે. મોટા સિમેન્ટના પ્લાન્ટને છોડયા નથી. મોટી મોટી કંપનીઓને છોડી નથી. ખાણ ખનિજ ચલાવતા લીઝ ધારકોને છોડયા નથી અને માનનીય ધારાસભ્યશ્રી જાણે છે કે પોલીટીકલ માણસો હોય તેના ભત્રીજાને પણ છોડયા નથી. એટલે કોઈ પાર્ટીને આપણે છોડવા માગતા નથી અને કોડિનારની અંદર ૧૫૦ કેસ કર્યા છે અને એની અંદર આ બધી જ કાર્યવાહી કરી છે અને બધી જ કાર્યવાહી કરી રહ્યા છીએ.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજય સરકારે ખનિજ ચોરી અટકાવવા લીધેલા પગલાંની કેન્દ્ર સરકારે કોઈ નોંધ લીધેલ છે કે કેમ અને આ બાબતમાં કોઈ પ્રશંસા કરેલ છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીની કેન્દ્ર સરકાર દ્વારા ખાણ-ખનિજની ચોરી અટકાવવા માટે અનેક બેઠકો કરતી આવે છે અને એમાં દરેક રાજય સરકારો પોતાના રાજયની પ્રગતિનો અહેવાલ આપતી હોય છે. આ અહેવાલના કારણે ત્યાંના સચિવશ્રીએ આપણી સરકારને પત્ર લખ્યો છે કે, "your several initiatives in this regard are appreciated. I am sure, with continuous preservation and monitoring you can put an end to illegal mining" આ ઉપરાંત મિટિંગોની અંદર આપણે જે કામગીરી કરી છે એના વિશે હું થોડીક માહિતી આપું છું. આપણે આ વિશે ખૂબ સારી કામગીરી કરી છે એને બિરદાવી છે. દા.ત. રાજય સરકારે હમણાં જ એક જી.આર. બહાર પાડ્યો અને પહેલી એપ્રિલથી એનું અમલીકરણ કરવા જઈ રહ્યા છીએ. આ જી.આર.માં અત્યારે જે રૉયલ્ટી લેવામાં આવે છે એમાં ખાસ કરીને માઈનર મિનરલ્સ ઉપર, ઑર્ડિનરી સેન્ડ છે, કલે છે, બિલ્ડીંગ સ્ટોન છે, ગ્રેવલ છે, સોફ્ટ મોરમ છે, હાર્ડ મોરમ છે, બ્રિક્સ છે, આ બધું જ રોડ રસ્તામાં વપરાય છે અને બિલ્ડીંગોના બાંધકામમાં વપરાય છે. આપણે એવો નિર્ણય લીધેલો છે કે, આ રૉયલ્ટી end users ભરે. એટલે દા.ત. માર્ગ મકાન છે એ એના જ્યારે સ્ટેટમેન્ટ બનાવે રોડના કે બિલ્ડીંગના અને નક્કી કરે કે આટલી રેતી વપરાશે અને આટલી કપચી વપરાશે. એના આધારે એ રેટ નક્કી કરે અને એના બિલનું પેમેન્ટ આપે ત્યારે એ એમાંથી કાપીને જ બિલ આપે. એ રીતથી રાજય સરકારને રૉયલ્ટી તરીકે આપે છે અને એવી જ રીતથી મ્યુનિસિપલ કૉર્પોરેશન હોય, ઔડા હોય, નગરપાલિકા હોય, ગુડા હોય, સુડા હોય, એ ઉપરાંત જેટલા જેટલા લોકો હોય છે એ એમના પ્લૉટ પાસ કરાવવા આ સંસ્થાઓ પાસે આવતા હોય છે. એટલે અર્બન ડૅવલપમેન્ટને કહેવામાં આવ્યું છે કે, તમે એક રૉયલ્ટીનો રેટ નક્કી કરો અને બધા જ જ્યારે પ્લાન પાસ કરાવવા આપની પાસે આવે ત્યારે એ રૉયલ્ટીનો ભાગ ભરી એને સીધું જ આપવાનું. એટલે આના માટે અત્યારે જાહેરખબર આપી છે અને એ પછી સૂચનો મંગાવ્યા છે અને એ આવ્યા પછી પહેલી એપ્રિલથી એનું અમલીકરણ કરવા જઈ રહ્યા છીએ. ખાણ-ખનિજ માટે આ સરકાર ખૂબ ચિંતિત છે એટલે આ બાબતે ખૂબ કામગીરી કરી છે.

**અધ્યક્ષશ્રી** : આપનો જવાબ ટૂંકમાં આપી દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ પ્રશ્નમાં એમ કહ્યું છે કે, ૪૦૩૯.૫૪ લાખ લેવાના થાય છે. આ ચાલીસ કરોડ રૂપિયાની સામે કેટલી વસૂલાત કરી છે? બીજું મારે એ જાણવું છે કે, એમણે વાહન ખૂબ જપ્ત કર્યા છે. આ વાહન ખેડૂતોના ટ્રૅક્ટર અને એવા નાના લોકોના છે. મોટી શાર્કને કોઈ અડતા નથી, જે લાઈમ સ્ટોનના આ રાજયના ચોરો છે એમના હાથે મહાત્મા ગાંધી નિર્વાણ દિનના કાર્યક્રમના ઉદ્‍ઘાટન કરાવે છે એ રીતે આ સરકાર લાઈમ સ્ટોનના ચોરોને કેટલું મહત્ત્વ આપે છે એની ખબર પડે. માનનીય મંત્રીશ્રીએ આખા રાજયની માહિતી આપી છે તો રાજયની માહિતી આપને પૂછવી છે.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી પ્રશ્ન મારો એટલો જ છે કે જુનાગઢ જિલ્લામાં ૪૦ કરોડ ઉપરની ચોરી છે. પોરબંદર જિલ્લામાં ૫૦૦ કરોડ રૂપિયા ઉપરની ચોરી છે. આ બધામાંથી અત્યાર સુધીમાં કારણ કે આને ૬ વર્ષ જેટલો સમય થઈ ગયો છે, એમાંથી રાજય સરકારને કુલ કેટલી વસૂલાત આવી એ પ્રશ્ન મારો સ્પેસીફીક છે અને કુલ કેટલા લેવાના થાય છે રાજયની અંદર?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો છે, ૧૨.૨૫ કરોડ રૂપિયાની રીકવરી થઈ છે આજ સુધીમાં ૬૯ જે પોલીસ કેસ થયા છે એ પોલીસ કેસની અંદર ૬૬ ઉપર એફ.આઈ.આર. ચાર્જ કરેલી છે એટલે એના કારણે રીકવરી પેન્ડીંગ છે. ૨૧-૫ના રોજ નોટિસ આપવામાં આવી છે અને એના કારણે ઘણાની અંદર રીકવરી થઈ છે, ઘણી બાકી છે. કંમ્પાઉન્ડીંગ જે કાયદાની અંદર આપણે ગોઠવણ કરી છે એ કંમ્પાઉન્ડીંગની અંદર ૮૯૫ કેસો આપણે કંમ્પાઉન્ડીંગ કર્યા છે અને ૬ કરોડ ૫૮લાખ રૂપિયા એમાં આવ્યા છે. લીઝ પેન્શનના પણ કેસીસ છે એટલે આ મળીને કાર્યવાહી બધાની અંદર ચાલુ છે. કોર્ટમાં પણ કેસો ચાલે છે અને નોટીસો આપી છે એના પણ જવાબ આપવાનું ચાલે છે અને સંપૂર્ણ વિશ્વાસ છે કે આવતા દિવસોમાં જે કાર્યવાહી કરવામાં આવે છે એના લીધે વધારે અને વધારે રીકવરી આપણે કરી શકીશું.

## નાના અને મધ્યમ ઉદ્યોગકારોને આપવામાં આવતી સરકારી સવલતો

*** ૧૭૫૦૮ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ )** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજયમાં આવેલા નાના અને મધ્યમ ઉદ્યોગકારોને કઈ કઈ સરકારી સવલતો આપવામાં આવે છે, અને

(૨) આવા નાના અને મધ્યમ ઉદ્યોગકારોને પૂરતી સરકારી સવલતો ન મળવાના કારણે ઉદ્યોગો બંધ પડતા જાય છે તે અટકાવવા સરકારે શું આયોજન કરેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** :

(૧) તા:૨૭-૨-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક: એમએસએમ-૧૦-૨૦૦૯-૫૭૯૨૮-આઈ મુજબ નીચેની સવલતો મળવાપાત્ર થાય છે.

(૧) ૫% વ્યાજ સહાય પાંચ વર્ષ માટે રુપિયા ૨૫ લાખની મર્યાદામાં.
(૨) મહત્તમ ત્રણ ગુણવત્તા પ્રમાણપત્ર માટે કરેલ ખર્ચના ૫૦% અથવા રુપિયા ૬ લાખ મહત્તમ સહાય
(૩) એનર્જી અને વોટર કન્ઝર્વેશન હેઠળ સહાય
(૪) પેટન્ટ સહાય-ટૅક્નૉલૉજી અપગ્રેડેશન
(૫) માર્કેટ ડેવલોપમેન્ટ સપોર્ટ
(૬) ટૅક્નૉલૉજી એકવીલીશન
(૭) સંશોધન અને વિકાસ સંસ્થાઓને સહાય
(૮) બેસ્ટ એસએમઈ સંસ્થાઓને એવોર્ડ
(૯) માંદા એકમોના પુનઃ:વસન માટે સહાય
(૧૦) કલસ્ટર ડેવલપમેન્ટ માટે સહાય

(૨) સરકારી નીતિ અન્વયે સહાય ન મળવાને કારણે કોઈ એકમો બંધ પડી ગયા હોય તેવા કિસ્સાઓ ધ્યાનમાં આવેલ નથી.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તા:૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજયમાં નાના અને મધ્યમ ઉદ્યોગકારોને કઈ કઈ સવલતો આપી છે એમાં જવાબ આપ્યા છે એમાં મારે એમને પૂછવું છે કે ૫ ટકાની વ્યાજ સહાય ૫ વર્ષ માટે ૨૫ લાખની મર્યાદામાં કેટલા લાભાર્થીઓને એના લાભ આપ્યા છે અને આ પૈકી આ રાજયના જે પછાત વિસ્તારો છે એમાં આદિવાસી વિસ્તારના જે લોકો છે એના માટે કેટલી જોગવાઈ કરી છે અને એને કેટલી સબસિડી ચૂકવી છે સરકારે એ માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે.

**શ્રી સૌરભ પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર નાના ઉદ્યોગો માટે ચોક્કસપણે ચિંતિત છે. જે ઈન્ટરેસ્ટ સબસિડીની વાત થઈ એ ઈન્ટરેસ્ટ સબસિડી ૨૦૦૯-૧૦ની અંદર ૭૫૦૮ ઉદ્યોગોને આપવામાં આવી છે અને એની એમાઉન્ટ ૯૭ કરોડ ૭૪ લાખ રૂપિયા થઈ રહ્યી છે. નાના ઉદ્યોગ આખા રાજયમાં ગમે ત્યાં હોય એ બધાને જ આપવામાં આવે છે. મારી પાસે આદિવાસી વિસ્તારને કેટલી ફાળવવામાં આવી એની તો માહિતી છે નહીં પરંતુ હું કહી શકું કે જે આ નીતિ છે એ નીતિના કારણે જે નવા પ્લાન્ટ અને મશીનરી આપણે કરવા માગીએ છીએ એના એકસપાન્સન હોય કે ડાયવર્સીફીકેશન હોય નવું પ્લાન મશીનરી ઈનસ્ટોલ કરવાનું હોય એના માટે આ વ્યાજ સહાય આપવામાં આવે છે. ૫ ટકા વ્યાજ સહાય અને જો માઈક્રો હોય તો ૨ ટકા વધારે એમ કરીને ૭ ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે. યુથને પ્રોત્સાહન આપવા માટે ૩૫ વર્ષથી નીચેના લોકો હોય એને ૧ ટકા વધારે આપણે આપીએ છીએ ઈન્ટરેસ્ટ સબસિડી, મહિલાઓને પણ પ્રોત્સાહન આપવામાં આવે છે અને ૨૫ લાખ સુધીની સબસિડી ૫ વર્ષની અંદર કરવામાં આવે છે. બૅન્કની અંદર સીધા રૂપિયા આપણે સબસિડીના આપતા હોઈએ છીએ અને બીજું કે આ જે કન્ડીશન જે છે એ કન્ડીશન એ છે કે જી.પી.સી.બી. ના પોલ્યુશન કંટ્રોલ મેઝર્સ ઉપર જે નીતિ હોય એ પ્રમાણે આગળ હોવું જોઈએ, પ્રોડક્શન ૫ વર્ષમાં કરવું જોઈએ અને જે રોજગારીની તકો જે રાજય સરકારની નીતિ પ્રમાણે છે એ નીતિ પ્રમાણે હોય તો આ સ્કીમનો લાભ મળતો હોય છે. બીજું કે કેન્દ્ર સરકારની પણ યોજના હોય એ સિવાય પણ આની અંદર જોડતા લાભ હોય તો પણ આ યોજનાની અંદર આપવામાં આવે છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સરકાર વાઈબ્રંટ સમીટોમાં કરોડો રૂપિયાનું મૂડીરોકાણ અને ઉદ્યોગો આવવાની વાતો કરે છે પરંતુ વાસ્તવમાં ઘણા નાના અને મધ્યમ ઉદ્યોગો રાજયમાં બંધ પડતા ગયા છે તેને ચાલુ રાખવા સરકારશ્રીનું શું આયોજન છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની નીતિને કારણે મને આનંદ થાય છે આ હાઉસને જણાવતાં કે, નાના ઉદ્યોગો બંધ થવાની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે. કેન્દ્ર સરકારે જે સેન્સેસ કર્યો છે ૨૦૦૧-૨૦૦૨માં કેન્દ્ર સરકારના સેન્સેસ પ્રમાણે ૧,૭૬,૬૮૬ યુનિટોનો સર્વે કર્યો હતો એમાં ૩૯૧૫૯ યુનિટ બંધ હતા, ૨૨.૦૪ ટકા યુનિટ બંધ હતા, આ ૨૦૦૧-૦૨ની વાત કરુ છું. પછી ૨૦૦૬-૦૭માં કેન્દ્ર સરકારે સરવે કર્યો, ત્યારે ૨,૮૬,૦૨૦ યુનિટોનો સરવે કર્યો એમાંથી ૩૫,૧૧૪ યુનિટો બંધ નીકળ્યા. એટલે ૨૨ ટકા બંધ હતા એમાંથી ૧૨.૨૭ ટકા વર્ષ ૨૦૦૬-૦૭માં ઘટાડો થયો છે. એ ઉપરાંત હમણાં જ રાજ્ય સરકારે એક સેમ્પલ સરવે કરાવ્યો અને ૫૫૬૪ યુનિટોનો આ સરવે કરાવ્યો એમાં માત્ર ૨૪૪ યુનિટો બંધ નીકળ્યા. એટલે માત્ર ૪.૩૯ ટકા થયા. એટલે આપણને આનંદ થાય કે રાજ્ય સરકારની નીતિના કારણે જે ૨૨ ટકા વર્ષ ૨૦૦૧-૦૨માં નાના ઉદ્યોગો બંધ હતા એમાં છેલ્લે ૪.૩૯ ટકા યુનિટો અત્યારે બંધ છે. આ યુનિટો બંધ હોવાની સભ્યશ્રીને ચિંતા છે. મારે જણાવવું છે કે આના અનેક કારણો હોય છે. એની પાસે નાણાકીય વ્યવસ્થા બેંક મારફતે ન મળતી હોય, એની પાસે વર્કીંગ કેપીટલ ન હોય, માલની ડિમાન્ડ ન હોય, રો-મટિરિયલ ન મળે એવા કારણો હોય અને વર્ષ ૨૦૦૧-૦૨ના સેન્સસ માં એવું આવ્યું હતું કે લોડ શેડીંગના કારણે, લોડ ફ્લકચ્યુએશનના કારણે ઉત્પાદન થતું ન હતું એના કારણે અને વૉલ્ટેજ ફ્લકચ્યુએશનના કારણે યુનિટો બંધ થતા હતા. માર્કેટીંગના ઇશ્યુ હતા, માલ ન વેચાતો હોય એવા કારણો હતા. આ બાબતમાં આપણે ઉદ્યોગ પૉલિસી ૨૦૦૯ આપી છે એની અંદર આપણે ખાસ કરીને એસોસિએશનો સાથે બેઠકો કરીને ટાસ્ક ફોર્સ બનાવ્યું અને આવા એસોસિએશનની સહાયના આધારે ૨૦૦૯ની નીતિ બનાવી. એના કારણે નાના મોટા ઉદ્યોગોને ખૂબ મોટી રાહતો મળી રહી છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને સરકારની જે સવલતો મળે છે એને લઈને છેલ્લી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોએ કેટલા એમ.ઓ.યુ. કર્યા અને કેટલા કરોડના નવા યુનિટો મંજૂર કર્યા છે? વિશેષમાં મંત્રીશ્રીને પૂછવા માગું છું કે લઘુ ઉદ્યોગના જે ક્લસ્ટર છે એમાં જી.આઈ.ડી.સી. મારફતે ઈન્ફ્રાસ્ટ્રકચરની જે સવલતો આપવામાં આવે છે અને એમને જરૂરી કારીગરો માટેની કૌશલ્યવર્ધકતા માટેની જે સવલતો છે એનો પણ ઉલ્લેખ કરે એવી વિનંતી છે.

**શ્રી સૌરભ પટેલ** : છેલ્લી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૧માં ૪૪૧૭ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા અને ૧૯૦૪૨ કરોડના મૂડી રોકાણના એમ.ઓ.યુ. કર્યા હતા. સભ્યશ્રીએ જે વાત કરી એ મુજબ આજની તારીખમાં સ્કીલ ડેવલપમેન્ટ એ આપણો મુખ્ય વિષય છે અને એના કારણે જી.આઈ.ડી.સી.માં આપણે સ્કીલ ડેવલપમેન્ટ સૅન્ટર ઊભા કર્યા છે અને જે એસોસિએશનો છે કે જ્યાં મોટા ઉદ્યોગો છે અને જેની પાસે જાણકારી છે કે કયા ટાઈપની ટ્રેનિંગની જરૂર છે એની ભાગીદારીમાં આ સ્કીલ ડેવલપમેન્ટ સૅન્ટર ઊભા કર્યા છે. એના કારણે નવા નવા રીસર્ચ અને નવી ટૅક્નૉલૉજી આવતી હોય એનો સીધો લાભ લોકોને મળતો હોય છે. દા.ત. જે કોઈ એસોસિએશન કે જે કાંઈ ઉદ્યોગ સુવિધાઓ પહોંચાડી ટ્રેનિંગ આપે એને ત્યાં જ નોકરી મળે એ પ્રમાણે જી.આઈ.ડી.સી.માં વ્યવસ્થા કરેલ છે અને આ વર્ષે ૫૦ ની જોગવાઈ હતી એ કરી દીધા છે અને ધીમે ધીમે બધી જગ્યાએ આ સ્કીલ ડેવલપમેન્ટ સૅન્ટર જી.આઈ.ડી.સી.માં થાય એવી જોગવાઈ કરી છે. ખાસ કરીને બેકવર્ડ તાલુકાઓમાં પ્રાધાન્ય આપવાના છીએ અને ત્યાં જી.આઈ.ડી.સી. એસ્ટેટો ઊભી કરવાની કોશિશ કરીએ છીએ અને ત્યાં જ તેમને રોજગારી મળે તેવો અમારો પ્રયાસ રહેશે.

## ફોરેન્સિક સાયન્સ લૅબૉરૅટરીના આધુનિકરણ બાબત

* ૧૮૧૭૭ **શ્રી ભરતભાઈ બોઘરા(જસદણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,-

૧. રાજ્યની ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીના આધુનીકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને
૨. જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

(૧) હા,જી. એફ.એસ.એલ.ને રાજ્ય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવા માટે જરૂરી તમામ ટૅક્નૉલૉજી ધરાવતી દેશની આ એક માત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટૅક્નૉલૉજી બાબતે દેશમાં ગણના થાય છે તે વિશિષ્ટ ટેકનોલોજીઓ નીચે મુજબ છે.

૧. ઓટોમેટેડ ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન સિસ્ટમ વીથ ઓન લાઈન ફેસેલિટી.
૨. ગૌ-માંસનું સ્થળ પરીક્ષણ માટેની તમામ સાધનોથી સુસજ્જ આધુનિક મોબાઈલવાન.
૩. બુલૅટ પરની સિગ્નેચરના ડેટા બેઝ (બુલૅટ ટ્રેક) ફાયર આર્મ્સની તપાસ માટેની અદ્યતન ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈડેન્ટીફીકેશન સિસ્ટમ.
૪. બ્રેઈન ઈલૅક્ટ્રિકલ ઓસિલેશન સિગ્નેચર પ્રોફાઈલીંગ.
૫. નાર્કો એનાલિસિસ.
૬. ઓડિયો-વિડિયો ઓથેન્ટીકેશન સિસ્ટમ.
૭. અત્યંત આધુનિક તથા કોમ્પ્યુટરાઈઝડ બેલેસ્ટીકલ ડેટા એક્વીઝીશન સિસ્ટમ (BDAS)

૮. સિસ્ટમ ફૉર એનાલિસિસ ઑફ ફિઝિકલી ડેમેઝ્ડ હાર્ડ ડિસ્ક.
૯. મોબાઈલ ટેલિફોનના સીમકાર્ડની પરીક્ષણ માટેની અદ્યતન સિસ્ટમ.
૧૦.શંકાસ્પદ વ્યકિતની શોધ માટેની સસ્પેક્ટ ડિટૅક્શન સિસ્ટમ.
૧૧.વાઈલ્ડ-લાઈફ ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન માટેની અદ્યતન વ્યવસ્થા.

રાજ્યની આ એફ.એસ.એલ.ને હજુ વધુ અદ્યતન બનાવવા રાજ્ય સરકારે દ્વારા કાર્યવાહી ચાલું છે.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ (તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં) પોલીસદળ આધુનિકરણ યોજના હેઠળ નીચે દર્શાવેલ રકમના અદ્યતન સાધનોની ખરીદી કરવામાં આવેલ છે.

| વર્ષ | ખરીદેલ સાધન-સામગ્રીની રકમ |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂા. ૯,૧૧,૭૨,૦૦૦/- |
| ૨૦૦૯-૧૦ | રૂા. ૯,૫૩,૨૪,૧૨૪/- |
| ૨૦૧૦-૨૦૧૧<br>(તા. ૩૧-૧-૨૦૧૧ સુધી) | રૂા. ૨,૧૦,૨૧,૯૮૧/- |
| સરવાળો : | રૂા. ૨૦,૭૫,૧૮,૧૦૫/- |

**શ્રી ભરતભાઈ બોભરા :** માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબમાં જાણવા મળ્યું કે તમામ ટેકનોલોજીમાં અદ્યતન એવી દેશની એક માત્ર એફ.એસ.એલ. છે એ જાણીને ખૂબ આનંદ થયો. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યની એફ.એસ.એલ. દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ગુનાની તપાસ અર્થે અન્ય કેટલા રાજ્યોએ લાભ લીધો છે અને કેન્દ્ર સરકારની કેટલી સંસ્થાઓએ આ લેબોરેટરીની મદદ લીધી છે? આ અંગે કેટલી આવક થઈ? બીજું કે, આટલી સુંદર કામગીરી આ લેબોરેટરી કરે છે તો એને છેલ્લા ત્રણ વર્ષમાં સંસ્થાકીય કે વ્યક્તિગત કોઈ સન્માન મળ્યું છે કે કેમ? અને આટલા મોટા કૌભાંડો ચાલે છે તો આ લૅબૉરૅટરીના માધ્યમથી એમાં તપાસ માટે આ લૅબૉરૅટરીનો ઉપયોગ થયો છે કે કેમ? બીજું મને એ જાણવા મળ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે આદર્શ કૌભાંડ માટે આ લેબોરેટરીનો ઉપયોગ કર્યો છે તો એ વાત સાચી છે કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો છે એમાં હું એમ માનું છું કે આખા હિન્દુસ્તાનની અંદર ગુજરાતની FSL નંબર ૧ ઉપર છે. આ FSL ની વિશ્વસનીયતા છે, એની પારદર્શિતા છે જેના કારણે માત્ર રાજ્યના જે પરીક્ષણો કરવા સિવાય અન્ય રાજ્યોમાંથી પણ અહીંયા પોતાના પરીક્ષણો માટે આવતા હોય છે. માનનીય સદસ્યશ્રીએ પ્રશ્નો કર્યો કે છેલ્લા ૩ વર્ષની વિગતો માગી છે એ પ્રમાણે ૨૦૦૮-૦૯ ના વર્ષમાં નવી દિલ્હીખાતેથી ૪૧ કેસોના પૃથ્થકરણ માટે રીફર કર્યા છે, જમ્મુ કાશ્મિર ૧, મધ્યપ્રદેશ ૭, ઉત્તરપ્રદેશ ૭, રાજસ્થાન ૧૯, ઝારખંડ ૬, હિમાચલપ્રદેશ ૩, મહારાષ્ટ્ર ૨, પંજાબ ૬, હરીયાણા ૨, આંધ્રપ્રદેશ ૨, આસામ ૨, બિહાર ૨, છત્તીસગઢ ૧, અરુણાચલપ્રદેશ ૧ એમ કુલ ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૧૫ રાજ્યોના ૧૦૨ જેટલા કિસ્સાઓનું પરીક્ષણ અહીં કર્યુ હતું. કેન્દ્રીય સંસ્થાને લાગે વળગે છે ત્યાં સુધી CBI દ્વારા પણ ૩૯ કિસ્સાઓની અંદર અહીંયા કેસ રીફર કરેલા છે. વેસ્ટર્ન રેલવે દ્વારા બે કિસ્સા રીફર કરેલા છે. કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા ૧૨૧ જેટલા કેસ રીફર કર્યા છે. ઈન્શ્યોરન્સ એજન્સી અને અન્ય કેન્દ્રીય તપાસ એજન્સીઓ મારફતે ૩૩ કિસ્સા એમ કુલ અલગ અલગ રાજ્યો સિવાયની એ જન્સીઓ છે એ લોકોએ ૨૦૧ કિસ્સા અહીંયા આગળ પરીક્ષણ માટે મોકલ્યા છે. માત્ર ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કુલ ૩૦૩ જેટલા કેસો આ FSL દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યું છે. ૨૦૦૯-૧૦ માં પણ નવી દિલ્હીખાતેથી ૧૨૭ જેટલા કેસો અહીંયા રીફર કર્યા છે, જમ્મુ કાશ્મિર ૯, મધ્યપ્રદેશ ૬, ઉત્તર પ્રદેશ ૧૪, રાજસ્થાન ૨૦, ઝારખંડ ૪, હિમાચલ પ્રદેશ ૩, ગોવા ૧, મહારાષ્ટ્ર ૯, પંજાબ ૯, હરીયાણા ૯, કર્ણાટક ૪, ઉતરાખંડ ૪, આંધ્રપ્રદેશ ૩, કેરાલા ૯, બિહાર ૨, છત્તીસગઢ ૪, ઉત્તરાંચલ ૧ આમ કુલ ૧૮ જેટલા વિવિધ રાજ્યોમાંથી ૨૩૮ કિસ્સા રીફર કરવામાં આવેલ છે. એ જ પ્રકારે કેન્દ્રીય એ જન્સીઓ છે એમાં ઈન્ડિયન એરફોર્સ દ્વારા પણ એક કેસની અંદર રીફર કરવામાં આવેલ છે. CBI દ્વારા ૩૫, વેસ્ટર્ન રેલવે ૪, કેન્દ્ર શાસિત પ્રદેશોના ૭૯, ઈન્સ્યોરન્સ એ જન્સીના ૫, કેન્દ્રીય તપાસ એ જન્સીના ૪૮ એમ કુલ ૧૭૨ અને આ જ પ્રકારે ૨૦૦૯-૧૦ કુલ ૪૧૦ કિસ્સાઓની તપાસ FSL દ્વારા હાથ ધરવામાં આવેલ છે. તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ચાલુ નાણાકીય વર્ષમાં કુલ ૧૬ જેટલા રાજ્યોમાંથી ૨૩૦ કિસ્સાઓની અંદર આ પરીક્ષણો હાથ ધરવામાં આવેલ છે. એ જ પ્રકારે કેન્દ્રીય એ જન્સીઓ છે એના ૧૧૮ કિસ્સાઓની અંદર પરીક્ષણ હાથ ધર્યું છે. તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ૩૪૮ કેસોનું પરીક્ષણ હાથ ધરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીએ જે બીજો પ્રશ્ન કરેલ છે કે ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન બહારની એ જન્સી દ્વારા છેલ્લા ૩ વર્ષ દરમ્યાન જે FSL ના પરીક્ષણો કરેલા છે એની આવક કેટલી થઈ છે, તો મારે એમ જણાવવું છે કે છેલ્લા ૩ વર્ષમાં ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૬૪,૧૬,૧૬૬/- રૂપિયાની આવક થઈ છે. ૨૦૦૯-૧૦ ના વર્ષમાં ૮૨,૩૮,૦૫૧ રૂપિયાની આવક થઈ છે. ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧-૧૧ ની

સ્થિતિએ ૭૯,૫૯,૯૧૫/- રૂપિયા જેટલી આવક થયેલ છે. માનનીય સદસ્યશ્રીએ આ FSL ની સુંદર કામગીરી બદલ એને કોઈ સંસ્થાકીય કે વ્યકિતગત રીતે એવોર્ડ મળ્યા હોય એની વાત પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એફ.એસ.એલ.ની સુંદર કામગીરીના કારણે ભારત સરકારના સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગ હેઠળની (અંતરાય) પણ માનનીય અધ્યક્ષશ્રી જે પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : બહુ લાંબી માહિતી હોય તો મેજ ઉપર..(અંતરાય)

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : પણ માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન છે એના જવાબ બહાર હું જતો નથી.

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપી દો.(અંતરાય)

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સંબોધન કર્યા કરે, ટૂંકમાં જવાબ આપે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સંબોધન કર્યા વગર ટૂંકમાં જવાબ આપો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એફ.એસ.એલ.ને એન. એ. પી. એલ.નું (અંતરાય) દ્વારા માન્યતા મળેલી છે એ જ પ્રકારે આઈ.એસ.ઓ.ની માન્યતા પણ મળેલી છે. સીમીલર વે, આ એફ.એસ.એલ.ના ડાયરૅક્ટર ડાૅ.શ્રી જે.એમ.વ્યાસ કે જેને ઈન્ટરપોલની ઓર્ગેનાઈઝેશન કમિટીમાં ત્રણ વર્ષ માટે એમને નિમણૂક આપવામાં આવેલી છે. આ ડાૅ. વ્યાસને જે નિમણૂક આપવામાં સમગ્ર એશિયામાંથી એક માત્ર આ વ્યકિતને નિમણૂક આપવામાં આવેલી છે અને સમગ્ર વિશ્વમાંથી કુલ ૧૭ જેટલા જ અધિકારીઓને આમાં નિમણૂકો અપાતી હોય છે. એ જ રીતે તાજેતરમાં કેન્દ્રના ગૃહ વિભાગ દ્વારા બિહેવિયર સાયન્સના વડા શ્રીમતી વાયાને પણ યુનિયન હોમ મિનિસ્ટરના એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યે જે વાત કરી છે, માનનીય સદસ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો છે કૌભાંડોના સંદર્ભમાં(અંતરાય) કે આમાં કોઈ ઇન્વૅસ્ટીગેશન થયેલ છે કે કેમ ? કૉમન વેલ્થ ગેમના, કૌભાંડ માટેની પણ તપાસ માટે અહીંયા રિફર થયેલ છે, નઠારી કાંડના કિસ્સામાં પણ આ એફ.એસ.એલ.માં રિફર થયેલ છે. અમરમણી ત્રિપાઠીના કિસ્સામાં પણ અહીંયા રિફર થયેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા તો ઘણા કિસ્સાઓ છે.

**અધ્યક્ષશ્રી** : બાકીનો આપનો જે કાંઈ જવાબ હોય તે મેજ ઉપર મૂકજો. માનનીય શકિતસિંહભાઈ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીને કેન્દ્ર સરકારના પણ કરોડો રૂપિયાની ગ્રાન્ટ મળી છે. મારે એ કહેવું છે કે, આપ આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીમાં આપે જે વાત કરી છે એના સંદર્ભમાં ફોરેન્સીક સાયન્સ આંતર માળખાનો ઉપયોગ માત્ર ૩ થી ૧૩ ટકા થયો છે અને એ બરાબર નથી. જે ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીનો એમ.એફ.એસ.એલ.નો વપરાશ અલ્પ રહ્યો છે એ બરાબર નથી. જે આપની ફિંગર પ્રિન્ટ સિસ્ટમનો ઓછો ઉપયોગ એફ.આઈ.એસ.એસ.માં થાય છે એની ટીકા આ ત્રણેય વસ્તુમાં (અંતરાય) મારો પ્રશ્ન તો પૂરો થવા દો, આ કોઈ રીત છે, આ કોઈ રીત છે એમની? સંસદીય બાબતોના મંત્રીશ્રી છો તમે ( અંતરાય) આ પ્રશ્ન જ આવે છે, ત્યાં કહેવું હતું ને કે પ્રવચન ના આવે.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ આ બાજુ ધ્યાન આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે પૂરો સહયોગ આપીએ છીએ, આપના કાર્યકાળને, પ્રશ્નોત્તરીને મદદ કરવા એનો અર્થ એ નથી કે, અમારા સંયમની પરીક્ષા કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર પ્રશ્નની હજી શરૂઆત કરું છું ત્યાં સંસદીય બાબતોના મંત્રીશ્રી તરફથી ડિર્સ્ટબ કરવાનું હોય અને

**અધ્યક્ષશ્રી** : આપ મારા તરફ ધ્યાન આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આટલો સંયમ માત્ર આપ છો એટલે રાખીએ છીએ, સહકાર આપવા માટે આટ-આટલું સહન કરીએ, દસ-દસ મિનિટ સુધી પ્રશ્નનો જવાબ ચાલે, મેજ ઉપર મૂકવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મેં આ ત્રણેય બાબતો કહી છે એમાં એક તટસ્થ કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ દ્વારા આ ત્રણેય બાબતોની ટીકા કરવામાં આવી છે ત્યારે એફ.એસ.એલ.ને કાર્યક્ષમ બનાવવા માટે આપ શું કરવા માગો છો કે, જેથી ભવિષ્યમાં કેગ દ્વારા આ એફ.એસ.એલ.ની ટીકા ન થાય એના માટે આપ શું પગલાં ભરવા માગો છો આટલું જ જાણવા માગું છું?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી પરર્ફોમન્સની વાત કરી, માનનીય સદસ્યશ્રીએ વાત કરી એ વાતમાં મારે એટલી જ સ્પષ્ટતા કરવી છે, બાકીની વિગત મેજ ઉપર મૂકીશ પણ એ વાતની સ્પષ્ટતા પણ કરું છું કે, પરર્ફોમન્સને લાગે વળગે છે ત્યાં સુધી વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષમાં કુલ ૫,૭૭,૯૫૭/- જેટલા કિસ્સાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ, આ કાંઈ નાની સંખ્યાનું પૃથ્થકરણ નથી, સીમીલર ૨૦૦૯-૧૦ના વર્ષમાં કુલ ૪,૬૯,૬૫૮/- જેટલા કિસ્સાઓનું પૃથ્થકરણ કર્યુ છે અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ લગભગ ૩,૦૬,૩૦૭/- જેટલા કિસ્સાઓનું પરિક્ષણ કરવામાં આવેલ છે. માનનીય સદસ્યશ્રીએ જે વાત કરી છે કે સી.એ.જી.ના રિપૉર્ટના સંદર્ભમાં એ બાબત હું ટેબલ ઉપર મૂકીશ.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક-૫.

## રાજકોટ જિલ્લામાં ડિટેઈન કરેલ વાહનો

***૧૮૩૬૩ શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા (વાંકાનેર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૬-૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આવેલ પોલીસ સ્ટેશનોમાં વિવિધ ગુન્હાઓમાં ડિટેઈન થયેલા વાહનો કેટલાં છે, અને

(૨) આ કયા વાહનો કેટલા સમયથી ડિટેઈન કરેલાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

(૧) અને (૨) સમયગાળો ક્યારથી ગણવો કે સ્પષ્ટ થતું નથી. તા. ૩૧-૬-૨૦૧૦ ( ૩૦-૬-૧૦ હોવું ઘટે )ની સ્થિતિએ રાજકોટ (ગ્રામ્ય) જિલ્લામાં ૧૯૯૨ થી ૨૦૧૦ દરમિયાન ૫૫૪૩૧ વાહનો અલગ અલગ ગુન્હાઓ હેઠળ ડિટેઈન કરવામાં આવેલ છે. આ પૈકી ૫૪૫૬૮ વાહનોનો નિકાલ કરાયેલ છે. ૫૯૮ વાહનો કોર્ટ પેન્ડીંગ છે. ૧૬૭ વાહન આર.ટી.ઓ.માં દંડ ન ભરવાને કારણે પેન્ડીગ છે. અર્થાત્, ૯૯.૮૩ ટકા વાહનોનો નિકાલ કરેલ છે. બાકીના ૯૮ વાહનો ( જેમાં ટુ વ્હીલર અને ફૉર વ્હીલર સમાવિષ્ટ છે) ના નિકાલ માટે ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ પ્રમાણે ૫૪૫૬૮ વાહનો જે ડીટેઈન કરવામાં આવ્યા તેમાં કેટલો દંડ કરવામાં આવ્યો અને ડીટેઈન કરેલા વાહનો એ ગેરકાયદેસર ગેસ કીટ અંગેના કેટલા, ઓવર લેપીંગના કેટલા અને એક જ નંબરવાળી એક થી વધારે લકઝરી બસો જે ડીટેઈન કરવામાં આવી એ કેટલી?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીનો જે પ્રશ્ન છે એમાં પ્રશ્નની તારીખથી શરૂઆત થાય છે. તા. ૩૧ છે પણ જુન મહિનામાં ૩૦ તારીખ જ હોય છે. પ્રશ્નમાં સ્પષ્ટતા નથી કરેલી. બીજું કે એમણે પ્રશ્ન પુછયો છે એમાં તા. ૩૧-૬-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આવેલ પોલીસ સ્ટેશનોમાં વિવિધ ગુનાઓમાં ડીટેઈન થયેલા વાહનો કેટલા? માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીનો પ્રશ્ન પૂછવાનો જે હાર્દ છે કારણકે આમાં સમયગાળો કોઈ સ્પષ્ટ નથી કરેલો.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે જેટલી માહિતી હોય એ આપો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ :** તા.૩૧-૬-૨૦૧૦ ની સ્થિતિએ એમાં માહિતી કેટલા ગાળાની આપવી એનું કોઈ સ્પષ્ટીકરણ નહોતું પરંતુ માનનીય સદસ્યશ્રીનો આભાર માનું છું કે એમનો જે પ્રશ્ન પૂછવાનો હાર્દ છે એ હાર્દને ધ્યાનમાં રાખીને ડીટેઈન કરેલા વાહનોની જે પડતર બાબત હતી એનો નિકાલ કેવી રીતે થઈ શકે એ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને જવાબ આપ્યો હતો કે આ જે વાહનો ડીટેઈન કરેલા છે સમગ્ર રાજયની આ પરિસ્થિતિ છે. સમગ્ર રાજયમાં જે ડીટેઈન થયેલા વાહનોનો નિકાલ કરવાનો બાકી છે આ વાહનોનો નિકાલ કરવા માટે રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ સૂચનાઓ આપી છે કે સત્વરે આ વાહનોનો નિકાલ કરવો જોઈએ. જે કોઈ લેવલે આ પડતર હોય, સબજયુડીશ મેટર હોય અથવા તો જે કોઈ કારણો હોય, નામ સરનામા ન મળતા હોય, વાહનોના માલિકના સરનામા ન મળતા હોય જે કોઈ બાબત હોય આ વાહનોનો નિકાલ કરવો જોઈએ. આવી સ્પષ્ટ સૂચનાને કારણે હું એમ માનું છું કે માનનીય સદસ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે, માનનીય સદસ્યશ્રીના પ્રશ્નને કારણે અમારી જે ઝુંબેશ છે એ ઝુંબેશને બળ મળશે. માનનીય સદસ્યશ્રીનો હું અંત:કરણપૂર્વક આભાર માનું છું.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા મનમાં હતું કે સમગ્ર ગુજરાતમાં પોલીસ સ્ટેશનમાં વાહનો સડી ગયા હતા વર્ષો પહેલા. વર્ષો પહેલા સડી ગયા હતા.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : પોલીસ સ્ટેશનમાં જગ્યા ઓછી અને વાહનો ઝાઝા. રોડ ઉપર બહાર વાહનો પડયા હોય પણ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ સૂચના આપી એ સુચનાના આધારે ટુંક સમયમાં હું તો એમ કહેવા માગું છું કે તાત્કાલિક મહિના બે મહિનામાં સમગ્ર ગુજરાતમાં આ વાહનોનો નિકાલ થાય એવો મંત્રીશ્રી પ્રશ્નમાં જવાબ આપે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : જવાબ આવી ગયો છે. નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક : ૬

## નર્મદા કેનાલની નાની કેનાલો અને સબ માઈનોર કેનાલો

*** ૧૭૩૩૪ શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

**(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા કેનાલની નાની કેનાલો અને સબમાઈનોર કેનાલો કેટલા કી.મી. લંબાઈની બનાવવામાં આવી.**

(૨) ઉકત સ્થિતિએ કુલ કેટલા કી.મી.ની આવી કેનાલોના કામો બાકી છે, અને

(૩) ઉકત બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ થશે અને કેટલો ખર્ચ થવાનો અંદાજ છે?

**મુખ્યમંત્રીશ્રી :**

**(૧) કુલ ૧૮૮૫૫.૯૦ કી.મી.ની કેનાલ બનાવવામાં આવેલ છે, જે પૈકી ૫૮૦ કી.મી. છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ છે.**

(૨) અને (૩) :માઈનોર અને સબમાઈનોર કેનાલનું ૫૧૧૬૮ કી.મી. અને શાખા વિશાખા શહેરનું ૪૧૪૪ કી.મી.નું કામ બાકી છે, જે શકય તેટલું ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. આ કામો માટે રૂ. ૧૩૬૬૭.૫૪ કરોડના ખર્ચનો અંદાજ છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે માનનીય મંત્રીશ્રીને બે પ્રશ્નો પૂછવા છે. કુલ ૭૦૦૨૬ કી.મી. માઈનોર અને સબ માઈનોર કેનાલ છે. એમાંથી ૧૮૮૫૫ કી.મી.ની બનાવી છે અને છેલ્લા બે વર્ષમાં માત્ર ૫૮૦ કી.મી. બનાવી છે. એનો અર્થ એ થયો કે એક વર્ષમાં ૨૯૦ કિ.મી. બનાવી છે અને જવાબમાં આપ્યું છે કે ૫૧૧૬૮ કી.મી. કેનાલનું કામ બાકી છે તો એ એક વર્ષના હિસાબે જો ૨૯૦ બનાવે તો ૧૭૬ વર્ષ લાગે. તો આપ શું ૧૭૬ વર્ષ સુધી આ ખેડૂતોને પાણી માટે રાહ જોવડાવવા માગો છો? અને મારો બીજો પ્રશ્ન એ છે કે માઈનોર અને સબમાઈનોર કેનાલોની સંખ્યા કેટલી, કેટલી કેનાલોનું કામ પૂર્ણ થયેલ છે, કેટલી કેનાલોનું કામ બાકી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો ત્યારે કેટલાક માનનીય સભ્યશ્રીઓએ પાટલી થપથપાવી.હવે ૧૭૬ વર્ષ કરવા માટે પાટલી થપથપાવી કે અત્યાર સુધી ૪૦ વર્ષ કાઢ્યા એટલા માટે પાટલી થપથપાવી એની મને ખબર પડતી નથી. જ્યારે આ મુદે બોલવાનું થાય ત્યારે એની સ્પષ્ટતા કરે. આનંદ થતો હોય ત્યારે પાટલી થપથપાવીએ છીએ. નર્મદા યોજના ૧૯૬૦ માં શરૂ કરી. પાટલી થપ થપાવનારાઓએ ટાઈમસર પૂરી કરી હોત તો અત્યારે ૧૮ લાખ હેકટરમાં પાણી ફરતું હોત. આ રાજ્યની પ્રજાની કમનસીબી છે કે ભૂતકાળના શાસકોએ નર્મદાને ફકત પોતાનો રાજકીય મુદો બનાવ્યો અને કોઈ કામગીરી ન કરી. એ કામગીરી અત્યારે અમે જે રીતે હાથ ઉપર લીધી છે. સભ્યશ્રીને જણાવવા માગું છું કે (અંતરાય) બધું આવશે. સાંભળો. તમે કોઈને પૂછતા પહેલા તમારો ૪૦ વર્ષનો હિસાબ આપો. એ તમારા હ્રદયને પૂછો. મને ખબર નથી શું થયું? હજુ પણ આ લોકોને કહેવા માગું છું કે, પ્રશ્ન પૂછનારને કહેવા માગું છું કે નર્મદા યોજનાની કુલ ઊંચાઈનું કામ બાકી છે. ફક્ત ૧૨૧.૯૨ મીટર કામ આપણે પૂર્ણ કર્યુ છે. નર્મદા યોજનામાં જે જમીન એકવાયર કરવાની થાય છે. એમાં મેઈન કેનાલથી માંડીને સબ માઈનોર કેનાલનું લગભગ ૭૪,૬૨૬ કિ.મી. કેનાલ કરવાની છે. એમાં મુખ્ય કેનાલનું ૪૫૮ કિ.મી.નું કામ વર્ષો પહેલાં પૂર્ણ કરી દીધું. રાજસ્થાનને પણ પાણી આપી દીધું. મેઈન કેનાલમાંથી જે બ્રાન્ચ કેનાલ નીકળે એનું કામ પુરજોશમાં ચાલુ છે. બ્રાન્ચ કેનાલમાં પછી ડિસ્ટ્રિબ્યુટરી નીકળે, પછી માઈનોર નીકળે, પછી ખેડૂતોના ખેતર સુધી પાણી આપતી સબ માઈનોર નીકળે. જયાં સુધી ભૂતકાળના શાસકોએ મેઈન કેનાલમાં પાણી જ નહોતું આવવા દીધું. ત્યાં સુધી માઈનોર અને સબમાઈનોર કરવા માટેની જમીન એકવિઝિશન કરવાનો પ્રશ્ન નહોતો રહેતો. (અંતરાય) ઈકબાલભાઈ એનો જવાબ આપું છું. દિલ્હીમાં બેઠા બેઠા શું કરાવો છો? હજુ ઊંચાઈ વધારવાની પરવાનગી નથી અપાઈ? અહીયા વિધાનસભામાં કહે છે કે કેન્દ્ર સરકાર અમારી છે. આ કામ અમે કરાવી આપીશું. હજુ ઊંચાઈ વધારવાનું કામ ભારત સરકાર રોકીને બેઠી છે. જળ સંશાધન મંત્રાલય રોકીને બેઠું છે. એનો જવાબ આપો. બીજું સબ માઈનોર અને માઈનોર કેનાલમાં મોટા પ્રમાણમાં જમીન એકવિઝિશન કરવાની થાય છે. ભૂતકાળમાં નર્મદા નિગમમાં, સરકારમાં એવો વિષય હતો, એવી નીતિ હતી કે સબ માઈનોર કેનાલ જે ખેડૂતોના ખેતર સુધી પાણી લઈ જાય એ જમીન ખેડૂતો મફત આપે. એટલા કારણે ખેડૂતો જમીન મફત નહોતા આપતા. મારે અભિનંદન આપવા છે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ગુજરાતના લાખો ખેડૂતોને નર્મદાનું પાણી પહોંચાડવા માટે એ જ ખેડૂતોની જમીન એના ખેતરને પાણી આપવાનું હોય, છતાં મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો સબ માઈનોર કેનાલ માટે બીજી કેનાલોની જેમ જમીન સંપાદનની કિંમત આપવામાં આવશે. તેમ મોટા પ્રમાણમાં મહેસૂલ મંત્રીશ્રીની અધ્યક્ષતામાં કમિટી બનવાની છે એના કારણે જંત્રી ભાવ અને ૩૦ ટકા સોલેશ્યમ રકમ ઉમેરી સબ માઈનોર સુધીની કેનાલ જમીન સંપાદન કરવાનું કામ ખેડૂતોની સંમતિ લઈને સંપાદન કરવાનું કામ મોટા પ્રમાણમાં હાથ ઉપર લીધેલ છે. કામ પ્રગતિમાં થતું રહેશે તેમ તેમ નર્મદાની સબ માઈનોર અને માઈનોર કેનાલનાં કામ ઝડપથી હાથ ઉપર લઈશું. ખેડૂતો જમીન નહોતા આપતા, ખેડૂતો કોર્ટ કચેરીમાં જતા હતા, ખેડૂતો સ્ટે લાવતા હતા અને કામ અટકતું હતું અને ખેડૂતોને જમીનની કિંમત નહોતી મળતી. આ સરકારે ખેડૂતોની જમીનની કિંમત આપવાનું નક્કી કર્યુ છે. કરોડો રૂપિયાનું ચૂકવણું કરવું પડશે. એ ચૂકવણું કરવાની મુખ્યમંત્રીશ્રીએ પરવાનગી આપી છે. કામ ઝડપથી થશે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અને આ પ્રશ્નની અંદર જુઓ તો છેલ્લા પાંચ સાત વર્ષની અંદર વાવ અને સાંતલપુર તાલુકાના છેવાડાના સરહદી વિસ્તારમાં પાણી પહોંચ્યું અને જેના કારણે આ વર્ષે ખેતીનો પાક લહેરાઈ રહ્યો છે અને હ્રદયપૂર્વક ખેડૂતો રાજીપો વ્યક્ત કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપી રહ્યા છે. ત્યારે મારે જાણવું છે કે ખેડૂતો સામે ચાલીને પોતે જમીન ૬૦ ટકા કરતાં વધારે જમીન આપી રહ્યા છે. તેઓ કહે છે કે અમારે કોઈ કોર્ટના દાવામાં નથી પડવું

રાજય સરકાર જે પ્રમાણે કામ કરી રહી છે તેના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે. હવે સાહેબ જે ટેન્ડરની પ્રક્રિયા કરી છે તેમાં મેઈન કેનાલ, સબકેનાલ, માઈનોર અને સબમાઈનોર કેનાલનો સમાવેશ કરવામાં આવ્યો છે તે વાત સાચી કે કેમ? આ કામ સાંતલપુર અને કચ્છના રાપર તાલુકા સુધી, વાવ, થરાદ અને સમી તાલુકા જેવા પછાત વિસ્તારની અંદર પણ આ વર્ષમાં કામો ચાલુ કરવાના છે તે વાત સાચી છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ અગત્યનો છે. નર્મદા કેનાલનું કામ કરવા માટે બે બાબતની જોગવાઈ કરવી પડે. સૌથી પહેલાં જમીન માલિક, ખેડૂત પાસેથી જમીન એકવીઝીશન કરવી પડે અથવા સંમતિ એવોર્ડથી તેની પાસેથી મેળવવી પડે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે સુધારા કર્યા અને તેનો જે ફાયદો થયો છે કે ખેડૂતો અત્યાર સુધી જમીન આપવામાં થોડો હિચકીચાટ અનુભવતા હતા. તેની સામે હવે પ્રેમથી ખેડૂતો સામે આવી, લોકદરબાર કરી, કલેકટર અને મંત્રીશ્રીઓની હાજરીમાં જમીન માટે સામેથી સંમતિ એવોર્ડ માટે કરાર કરી આપે છે. સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે સબ માઈનાર સુધીની કિંમત જમીનની હવે આપવામાં આવશે. જમીન મેળવ્યા પછીનું કામ તે ટેન્ડર કામગીરી કરી કેનાલોને બાંધકામ કરવાનું અગત્યનું છે. આ જવાબ જ અપાય છે? શું અપાય છે નટવરસિંહ? માનનીય અધ્યક્ષશ્રી, દરેક જગ્યાએ સબ માઈનોર સહિતની જમીન સંપાદન કરી અને તેના અંગેના કામગીરીના ટેન્ડરો બહાર પાડવાનું કામ ચાલું કર્યુ છે. જો આપ પરવાનગી આપો તો કયા વિસ્તારમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લામાં તો માહિતી આપવા તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : મેજ ઉપર મૂકી દેજો. માનનીય સિદ્ધાર્થભાઈ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને આપણા બધાની ચિંતા છે કે ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચે. જે માઈનોર અને સબમાઈનોર બની ગઈ છે, ઓલરેડી જેનું કામ પૂરું થઈ ગયું છે. સરકાર પાસે એવી કેટલી ફરિયાદો આવી છે કે જ્યાં એલાઈમેન્ટના પ્રશ્નો હોય, લેવલના પ્રશ્નો હોય કે ગુણવત્તાના પ્રશ્નો હોય કે જેના કારણે આ બની ગયા પછી પણ ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચતું નથી તો તે સંદર્ભમાં સરકાર શું કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ અને વડોદરા જિલ્લામાં આવી રજૂઆતો ભૂતકાળમાં સરકારને અને નિગમને મળી હતી. ત્યાં આગળ ચીકણી અને કાળી માટી છે તેના કારણે પાઈપલાઈનથી અને કેનાલથી જે કામ કર્યુ હોય તેમાં ઘણી જગ્યાએ જમીન લેવલીંગ કરવા માટે કદાચ માટીકામ કરીને કેનાલ ઉંચા લેવલે બનાવવામાં આવી હોય તો જ્યારે ભારે વરસાદ થાય અથવા પાણી નિકાલની વ્યવસ્થા ન હોય ત્યારે ખેડૂતો પોતાના ખેતરમાં પાણી ભરાઈ ન રહે, પાકને નુકસાન ન થાય એટલા માટે જાતે કરીને કેનાલમાં બાકોરું પાડીને પોતાની જમીનમાંથી પાણી નિકાલ કરવા માટે કેનાલ સ્ટ્રકચરને નુકસાન કરતા હતા. તેની સામે ભારે વરસાદ થાય ત્યારે પાઈપ લાઈનને અથવા તો કેનાલને માઈનોર, સબમાઈનોર કેનાલનું ધોવાણ થતું હતું. જ્યાં જ્યાં આવા કિસ્સા ધ્યાનમાં આવ્યા છે ત્યાં આગળ રાજય સરકાર અને નિગમ તરફથી આવી કેનાલોના કામ સત્વરે હાથ પર લીધા છે. હું ચોક્કસ કહીશ કે આખા રાજયમાં આટલા મોટા પ્રમાણમાં ૭૫ હજાર કિલોમીટરની કેનાલોનું આખું નેટવર્ક થવાનું છે અને આ કેનાલોમાં નાની મોટી ભાંગતોડ અને રીપેરીંગના પ્રશ્નો ઉપસ્થિત થવાના છે. પ્રશ્ન ઉપસ્થિત થાય અને તરતજ રીપેર કરીએ તેવી અમારી વ્યવસ્થા છે. બીજું જ્યાં જ્યાં પાણી સમિતિઓ બનાવી દેવામાં આવી છે ત્યાં પાણી સમિતિઓ મારફત અમારા ખર્ચે, નિગમના ખર્ચે આવા કામો પૂર્ણ કરાવવા માટે પણ અમે જોગવાઈ કરી છે.

## પંચમહાલ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

*** ૧૮૦૦૪ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી ( પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**મુખ્ય મંત્રીશ્રી ( પોલીસ આવાસો):**

(૧) તા. ૧-૪-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમય ગાળામાં સન ૨૦૧૦-૧૧માં પંચમહાલ જિલ્લામાં કુલ રૂપિયા ૨૧૨.૧૭ લાખના ખર્ચે પોલીસ ખાતાના કુલ- ૩૧ રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે.

(૨) આ કામો માટે કુલ રૂપિયા ૨૧૨.૧૭ લાખનો ખર્ચ થનાર છે. વધુમાં હાલમાં અગાઉના વર્ષના ચાલુ કામો સહિત કુલ -૧૨૭ મકાનોની કામગીરી રૂપિયા ૩૦૭.૬૨ લાખના ખર્ચે પ્રગતિમાં છે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં રહેણાંકના કેટલાં મકાનો બનાવાવમાં આવ્યાં તથા આ માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાસહ જોઈએ તો ગોધરા તાલુકામાં ૯૬ મકાનો ૩૪૯.૫૪ લાખના ખર્ચે, કાલોલમાં ૩૨ મકાનો ૧૦૭.૮૪ લાખના ખર્ચે, લુણાવાડા તાલુકામાં ૨૫ મકાનો ૮૩.૩૫ લાખના ખર્ચે, એ જ પ્રકારે લુણાવાડાના મોરવા ગામે ૧ મકાન ૯.૩૮ લાખના ખર્ચે, ૨૦૦૬-૦૭ના વર્ષમાં લુણાવાડા તાલુકામાં ૬૧ મકાનો ૨૧૭.૨૩ લાખના ખર્ચે, ગોગંબા તાલુકામાં ૧૩ મકાનો ૪૬.૫૪ લાખના ખર્ચે, ૨૦૦૭-૦૮ના વર્ષમાં શહેરા તાલુકામાં ત્રણ મકાન ૧૮.૩૩ લાખના ખર્ચે, ૨૦૦૮-૦૯માં ગોધરા તાલુકામાં સાત મકાનો ૫૮.૯૩ લાખના ખર્ચે, એ જ પ્રકારે હાલોલ તાલુકામાં ત્રણ મકાનો ૨૫ લાખના ખર્ચે અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ગોધરા અને બાકોર તાલુકામાં કુલ ત્રણ ત્રણ મકાનો ૨૭.૫૩ લાખ અને ૨૪.૫૬ લાખના ખર્ચે, આમ કુલ ૪૯૧.૪૫ લાખ રૂપિયાના ખર્ચે આ છેલ્લા પાંચ વર્ષમાં મકાનો બનાવ્યાં છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૯૬ મકાનો હાથ ધરેલ છે આમ કુલ સરવાળો જોઈએ તો છેલ્લા પાંચ વર્ષમાં અને ચાલુ નાણાકીય વર્ષનો તો ૩૪૩ મકાનો ૧૪૫૯.૬૮ લાખના ખર્ચે બનાવવામાં આવ્યાં છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, કુલ ૧૯૮૮ થી ૨૦૦૧ અને ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીમાં રહેણાંકના કેટલાં મકાનો બનાવવામાં આવ્યાં અને એના પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસિંગ કોરપોરેશન ૧૯૮૮ થી શરૂ થયું, તો એમણે છેલ્લા દશ વર્ષના આંકડા માગ્યા છે તો મારે ચોક્કસ કહેવું જોઈએ કે ૧૯૮૮ થી ૨૦૦૧ આ દશ વર્ષના ગાળા દરમિયાન ૨૫૮.૬૪ લાખના ખર્ચે માત્ર ૧૨૫ મકાનો હાથ ધરવામાં આવેલ હતાં, જ્યારે ૨૦૦૧ થી ૨૦૧૧ના ગાળા દરમિયાન ૨૨૪૬ લાખ રૂપિયાના ખર્ચે ૫૭૩ જેટલાં મકાનો હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે.

## નર્મદા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

*** ૧૭૯૪૫ શ્રી ગુલસિંગભાઈ રં. રાઠવા (છોટા-ઉદેપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી ( પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં નર્મદા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**મુખ્ય મંત્રીશ્રી ( પોલીસ આવાસો):**

(૧) તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળામાં સન ૨૦૧૦-૧૧માં નર્મદા જિલ્લામાં પોલીસ ખાતાના કોઈપણ રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ અગાઉના વર્ષના કુલ રૂા. ૧૬૨૩.૨૯ લાખના ખર્ચે હાથ પર લેવામાં આવેલ કુલ ૩૧૪ મકાનો હાલમાં પ્રગતિમાં છે.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે નર્મદા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં પોલીસ રહેણાંકના કુલ કેટલાં મકાનો બનાવવામાં આવ્યાં અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? તેમજ વર્ષ ૧૯૮૮ થી ૨૦૦૧ અને ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીમાં કુલ કેટલાં મકાનો બનાવવામાં આવ્યાં અને તે અંગે શું ખર્ચ થયો?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૯૩૪.૨૭ લાખના ખર્ચે કુલ ૨૧૯ રહેણાંકના મકાન બનાવવામાં આવેલ છે અને તાલુકાવાર અને વર્ષવાર બ્રેકઅપ જોઈએ તો ૨૦૦૭-૦૮માં નાદોદમાં એક મકાન ૧૭.૭૫ લાખના ખર્ચે એ જ પ્રકારે નાંદોદમાં ૧૦૪ મકાનો ૩૪૪.૬૫ લાખના ખર્ચે, ૨૦૦૯-૧૦ના વર્ષમાં ડેડીયાપાડા, નાદોદ અને તિલકાવાડા, આ તાલુકાઓમાં કુલ જે મકાનો બન્યાં છે ૩૭, ૩૩, ૫ એ પ્રકારે મકાનો બનેલાં છે, ૨૦૧૦-૧૧ના વર્ષમાં નાદોદમાં ૮૫ મકાનો, નાદોદમાં બીજાં ૨૫ મકાનો, સાગબારામાં ૧૬ મકાનો મામલતદાર પોલીસ લાઈન્સમાં કહે છે ત્યાં અને સાગબારમાં મસ્જિદ પોલીસ લાઈન્સમાં ૧૭ મકાનો બનાવવામાં આવેલ છે, છેલ્લા પાંચ વર્ષના આંકડા જોઈએ તો ૨૧૯ મકાનો ૯૩૪.૨૭ લાખના ખર્ચે અને ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૧૪૩ મકાનો ૯૫૧.૭૯ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે. એ જ પ્રકારે ૧૯૮૮ થી આજ દિવસની જે ફીગર માગી છે તો ૧૯૮૮ થી ૨૦૦૧ના વર્ષ દરમિયાન ૯૦.૭૩ લાખના ખર્ચે માત્ર ૩૭ મકાનો બનાવવામાં આવ્યાં હતાં જ્યારે ૨૦૦૧ થી ૨૦૧૦ના વર્ષ દરમિયાન ૪૧૩ મકાનો ૨૦૪૨ લાખના ખર્ચે બનાવીને પૂર્ણ કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### પોરબંદર જિલ્લામાં સાગરખેડૂ યોજના અન્વયે ખર્ચ

૧૮૧૭૧ **: શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ-૨૦૧૦-૨૦૧૧ દરમિયાન તા. ૩૧-ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ કેટલા કીલોમીટર જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલાઓ બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે ""સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન તા. ૩૧ ડીસેમ્બર-૧૦ ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ રૂા. ૨૫૮.૧૧ લાખના ખર્ચે ૫૩૬.૫૮ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૨૫૬ થાંભલા બદલવામાં આવ્યા છે.

### સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયોન જાહેર કરવા બાબત

૧૮૨૨૦ **: શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયોન જાહેર કરવામાં આવેલ છે, અને

(૨) તેમના સુયોજીત વિકાસ માટે રાજ્ય સરકારે કોઈ વહીવટી માળખું ઊભું કર્યું છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ પાંચ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન જાહેર કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકારે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના સુયોજીત વિકાસ માટે ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ, ૨૦૦૯ ઘડેલ છે. તેની જોગવાઈઓ મુજબ ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડને એપેક્ષ ઓથોરીટી તરીકે ડેઝીગનેટ કરેલ છે અને પ્રત્યેક જાહેર કરાયેલ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના કરવાની જોગવાઈ કરેલ છે. જે અન્વયે નીચે મુજબના ચાર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે.

- ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી
- ગુજરાત પેટ્રોલિયમ, કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી
- સાંતલપુર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી
- આલિયા બેટ એન્ટરટેઈનમેન્ટ એન્ડ ઈકો ડેવલપમેન્ટ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી.

---------

## ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો

૧૮૧૬૨ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન છે, અને

(૨) તે માટે કેટલી રકમની નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન રૂપિયા ૨૪૦૦ લાખની જોગવાઇ દ્વારા ૩૭,૦૦૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન છે.

--------

## જામનગર જિલ્લામાં સાગરખેડૂ યોજના અન્વયે ખર્ચ

૧૮૧૭૨ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન તા. ૩૧મી ડિસેમ્બર-૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કુલ કેટલા કીલોમીટર જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલાઓ બદલવામાં આવ્યા; અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે ""સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન તા. ૩૧મી ડિસેમ્બર-૧૦ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કુલ રૂ. ૨૧૯.૮૮ લાખના ખર્ચે ૨૫૦.૩૩ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૪૯૩ થાંભલા બદલવામાં આવ્યા છે.

---------

## વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૧માં કાર્યક્રમો

૧૮૨૨૭ **: શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ દરમ્યાન કેટલા પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવ્યા,

(૨) આમાં નોલેજ સેકટરના ક્યા કાર્યક્રમો હતા, અને

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ દરમિયાન

(૧) વિવિધ વિષયો પર પરિસંવાદો,
(૨) અન્ય દેશો તથા રાજ્યો દ્વારા યોજવામાં આવેલ પરિસંવાદો અને પરિષદો.
(૩) ડિસ્કશન ફોરમ્સ
(૪) પેનલ ડિસ્કશન્સ
(૫) બિઝનેસ ટુ બિઝનેસ વ્યક્તિગત બેઠકો
(૬) બિઝનેસ ટુ ગવર્મેન્ટ બેઠકો
(૭) બાયર્સ-સેલર્સ મીટ
(૮) ઓદ્યોગિક પ્રદર્શન
(૯) અન્ય સંપર્કલક્ષી કાર્યક્રમો તથા
(૧૦) સંમેલનો

વિગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૨) ઉપરોક્ત કાર્યક્રમો પૈકી નોલેજ સેક્ટરના નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

(૧) આઇઆઇએમ કોન્ક્લેવ
(૨) ઇમર્જિંગ જ્યોગ્રાફીઝ
(૩) ગુડ ગવર્નન્સ પર ડિસ્કશન ફોરમ્સ
(૪) હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ-ફોક્સ ઓન હેલ્થ પેરામીટર્સ
(૫) રર્જાનાઇઝેશન અને

(૬) ઇન્ડસ્ટ્રી રિસ્પોન્સીવ સ્કીલ ડેવલપમેન્ટ પર પેનલ ડિસ્કશન્સ
(૭) યંગ આંત્રપ્રિનિયોર્સ મીટ
(૮) ઇનોવેશન સમિટ
(૯) આઇઆઇટી કોન્ક્લેવ
(૧૦) યુનિવર્સિટી રાઉન્ડ ટેબલ

(૩) આ કાર્યક્રમો યોજવા પાછળનો મુખ્ય હેતુ શો હતો ?

(૩) આ કાર્યક્રમો યોજવા પાછળના મુખ્ય હેતુ નીચે મુજબ હતા.
(૧) ગુજરાતમાં અને દેશમાં કાર્યરત લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને દુનિયામાં નવીન ટેક્નોલોજી અને કાર્યપધ્ધતિથી અવગત કરાવવા અને તેમની ક્ષમતામાં વધારો થાય જેને લઇને તેઓ પણ વૈશ્વિક કક્ષાએ સક્ષમ બની શકે.
(૨) દેશ અને દુનિયામાં વિવિધ ક્ષેત્રે કાર્યરત તજજ્ઞોના ઉપયોગી મંતવ્યોથી યુવા વર્ગને અવગત કરાવવો અને યુવા પેઢી દેશ અને રાજ્યના વિકાસ માટે એક અમૂલ્ય સંસાધન તરીકે ઉપયોગી બની શકે.
(૩) આવનાર પેઢીની ક્ષમતામાં વધારો કરી સક્ષમ ભાવિ પેઢીનું નિર્માણ કરવું.

---------

## તાપી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૪૨ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ વર્ષમાં તાપી જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળામાં સન ૨૦૧૦-૧૧માં તાપી જિલ્લામાં પોલીસ ખાતાના કોઇ રહેણાંક્ના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ અગાઉના વર્ષમાં રૂા. ૩૧૬.૪૬ લાખના ખર્ચે હાથ પર લેવામાં આવેલ કુલ-૫૪ મકાનોના કામો હાલમાં પ્રગતિમાં છે.

---------

## વાયબ્રન્ટ સમિટ-૨૦૦૯ માં સોર ઉર્જાથી વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.

૧૭૩૩૧ **: શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ સમિટ ૨૦૦૯માં સોર ઉર્જાથી વિજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ. તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા ક્યા ઉત્પાદકોએ તેમની કામગીરીને મંજૂરી મળતા કામગીરી ક્યારે ક્યારે હાથ ધરી છે, અને

(૨) તે અન્વયે ક્યા ક્યા એકમોએ પાવર પરચેઝ માટે શા ભાવે યુનીટ દીઠ વિજ ભાવના કરાર કર્યા ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ સમિટ-૨૦૦૯માં સોર ઉર્જાથી વિજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ. પૈકી તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ કુલ-૧૬ ઉત્પાદકોએ કામગીરી હાથ ધરી છે જેની વિગતવાર માહિતી આ સાથેના પત્રકમાં સામેલ છે.

(૨) ઉપર્યુક્ત ૧૬ એકમોએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. સાથે નીચે જણાવેલ દરથી વીજળી વેચવા કરાર કરેલ છે.

| | |
|---|---|
| સોલર ફોટોવોલ્ટેઇક | (૧) રૂ. ૧૫/- પ્રતિ યુનિટ- પ્રથમ ૧૨ વર્ષ માટે. |
| | (૨) રૂ. ૫/- પ્રતિ યુનિટ ૧૩મા વર્ષથી ૨૫ વર્ષ સુધી. |

**પત્રક**

| ક્રમાંક | એકમનું નામ | કેપેસીટી મે.વો. | પ્રોજેક્ટનું સ્થળ | વીજ ખરીદી કરાર કરેલ છે કે કેમ ? | પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવાની સંભવિત તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | એસ્ટોનફિલ્ડ સોલર (ગુજરાત) પ્રા. લી. | ૧૧.૫ | લોના, જિ. કચ્છ | હા, જી. | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૨ | અઝુર પાવર પ્રા. લી. | ૧૫ | ઝિંઝુવાડા, જિ. સુરેન્દ્રનગર, ખડોળા, જિ. સા.કાં. | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૩ | યુરો સોલર પ્રા. લી. | ૫ | શિવલખા, જિ. કચ્છ | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૪ | લેંકો ઇન્ફ્રાટેક લી. | ૩૫ | ભદ્રાળા, જિ. પાટણ | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૫ | મિલેનીયમ સીનર્જી (ગુજરાત) પ્રા. લી. | ૧૦ | ધામા, જિ. સુરેન્દ્રનગર | હા, જી | ૩૦-૦૯-૨૦૧૧ |
| ૬ | મોસર બેર એનર્જી એન્ડ ડેવલપમેન્ટ લી. | ૧૫ | મિઠા, જિ. મહેસાણા | હા, જી | ૩૦-૦૬-૨૦૧૧ |
| ૭ | પીએલજી પાવર લી. | ૪૦ | લોલાડા, જિ. પાટણ | હા, જી | ૩૦-૦૬-૨૦૧૧ |
| ૮ | પ્રેસીયસ એનર્જી સર્વિસ પ્રા. લી. | ૧૫ | દલપતપુરા, જિ. બનાસકાંઠા | હા, જી | ૩૦-૦૬-૨૦૧૧ |
| ૯ | સોલીટેઇર એનર્જી પ્રા. લી. | ૧૫ | દલપતપુરા, જિ. બનાસકાંઠા | હા, જી | ૩૦-૦૬-૨૦૧૧ |
| ૧૦ | સનકોન એનર્જી પ્રા. લી. | ૧૦ | સુરેલ, જિ. સુરેન્દ્રનગર | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૧ | યુનિટી પાવર પ્રા. લી. | ૫ | ઝાપોદ્દા, જિ. અમરેલી | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૨ | વા સોલર પ્રાયવેટ લી. | ૧૦ | ટિક્કર, જિ. સુરેન્દ્રનગર | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૩ | એક્મે ટેલી પાવર લી. | ૧૫ | ગુંઠાવાડા, જિ. બનાસકાંઠા | હા, જી | ૨૯-૦૫-૨૦૧૧ |
| ૧૪ | વેલ્સપન ઊર્જા ઇન્ડિયા લી. | ૧૫ | નવા ઇન્દ્વેવા, જિ. બનાસકાંઠા | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૫ | ઇન્સ્પિરા સોલર પ્રા. લી. | ૧૫ | આંબલીયા, જિ. કચ્છ | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૬ | સનબોર્ન એનર્જી ગુજરાત વન પ્રા. લી. | ૧૫ | કરમારીયા, જિ. કચ્છ | હા, જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| | કુલ : | ૨૪૬.૫ | | | |

---------

**વાયબ્રન્ટ ગુજરાત થયેલ કરારોમાં પ્રગતિ**

૧૮૧૦૧ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭ અને ૨૦૦૯માં ખેડા જિલ્લામાં તાલુકા દીઠ કેટલા એમ.ઓ..યુ. થયા છે, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭માં બે એમ.ઓ.યુ. અને ૨૦૦૯માં ૫૪ એમ.ઓ.યુ. થયા. જેનું તાલુકાવાર માહિતીનું પત્રક-અ સામેલ છે.

**પત્રક-અ**

| અનુ. નં. | તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૭ | વર્ષ-૨૦૦૯ | થયેલ MOU સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | ૧ | ૭ | ૮ |
| ૨ | નડિયાદ | ૧ | ૩૯ | ૪૦ |
| ૩ | ઠાસરા | ૦ | ૨ | ૨ |
| ૪ | બાલાસિનોર | ૦ | ૩ | ૩ |
| ૫ | મહેમદાવાદ | ૦ | ૧ | ૧ |
| ૬ | કપડવંજ | ૦ | ૨ | ૨ |
| | **કુલ** | **૨** | **૫૪** | **૫૬** |

,

(૨) સને ૨૦૦૭થી ૨૦૦૯માં થયેલા એમ.ઓ.યુ. પ્રમાણે તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલી પ્રગતિ થઈ છે ?

(૨) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ ૨૦૦૭ અને ૨૦૦૯માં થયેલા એમ.ઓ.યુ. માં નીચે મુજબ પ્રગતિ થયેલ છે.

| એકમ | પ્રોજેક્ટ સ્ટેટસ | |
|---|---|---|
| | **૨૦૦૭** | **૨૦૦૯** |
| કમીશન્ડ | ૨ | ૩૮ |
| અમલીકરણ હેઠળ | ૦ | ૬ |
| એટ પ્રિલિમીનરી સ્ટેજ | ૦ | ૮ |
| ડ્રોપ પ્રોજેક્ટ | ૦ | ૨ |
| **કુલ** | **૨** | **૫૪** |

---------

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૩ અને ૨૦૦૫માં સ્થપાયેલ ઉદ્યોગો

૧૮૭૦૭ **: શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સને ૨૦૦૩ અને ૨૦૦૫માં યોજાયેલ વાયબ્રન્ટ સમીટમાં જે ઉદ્યોગોએ એમ.ઓ. યુ. કરેલા તે અન્વયે ક્યા ક્યા ઉદ્યોગો કાર્યાન્વિત થયા, અને

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ સને ૨૦૦૩ અને ૨૦૦૫માં થયેલ એમ.ઓ.યુ. અન્વયે કાર્યાન્વિત થયેલ ઉદ્યોગોની વિગત નીચે મુજબ છે.

(૨)

| સમીટ વર્ષ | કાર્યાન્વિત થયેલ એકમો |
|---|---|
| ૨૦૦૩ | ૪૧ |
| ૨૦૦૫ | ૧૧૪ |

વિગતવાર પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉત્પાદનમાં ન ગયા હોય તેવા ઉદ્યોગોની સંખ્યા કેટલી છે ?

(૨) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ સને ૨૦૦૩ અને ૨૦૦૫માં થયેલ એમ.ઓ.યુ. અન્વયે ઉત્પાદનમાં ન ગયા હોય તેવા ઉદ્યોગોની સંખ્યા નીચે મુજબ છે.

| સમીટ | અન્ડર ઈમ્પ્લિમેન્ટેશન | એટ પ્રિલિમિનરી સ્ટેજ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૩ | ૦ | ૬ | ૬ |
| ૨૦૦૫ | ૨૩ | ૧ | ૨૪ |

**પત્રક-અ**

| ક્રમ | એમઓયુ નં. | કંપની નામ | સેક્ટરનું નામ |
|---|---|---|---|
| ૧ | ૫૪૫ | બેસ્ટ રોસીસ બાયોટેક પ્રા.લિ. | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૨ | ૫૫૨ | અદાણી ગ્રુપ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૩ | ૫૫૩ | સાઉથ ગુજરાત ટેક્ષચરાસર્સ વેલફેર એસોસિએશન | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૪ | ૫૫૯ | ધ સાઉથ ગુજરાત ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસિએશન | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૫ | ૫૬૬ | સફારી એક્સપોર્ટ ક. લિ. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૬ | ૫૬૭ | નંદન એક્સીમ પ્રા. લિ. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૭ | ૫૬૮ | ગુજરાત અંબુજા સિમેન્ટ લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૮ | ૫૭૨ | ગુજરાત અંબુજા સિમેન્ટ લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૯ | ૫૯૪ | ગુજરાત ગ્રે કોક લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૧૦ | ૫૯૮ | નિરમા કેમિક્લ વર્ક્સ લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૧૧ | ૬૦૨ | મીના એજન્સી | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૧૨ | ૬૦૯ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૧૩ | ૬૧૩ | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | પાવર |
| ૧૪ | ૬૨૧ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પો લિ. | પાવર |
| ૧૫ | ૬૨૪ | એસ્સાર ઓઈલ લિ. | પાવર |
| ૧૬ | ૬૨૯ | ગુજરાત અલ્કેલીસ એન્ડ કેમીક્લ્સ ડિઝાઈન | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૧૭ | ૬૩૦ | ઓએનજીસી-એમઓયુ વીથ જીઆઈડીસી | સેઝ |
| ૧૮ | ૬૩૪ | નિરમા લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૧૯ | ૬૩૭ | એસ્સાર ટેલિકોમ | પાવર |
| ૨૦ | ૬૪૧ | ક્રિપલ પેટ્રોકેમિક્લ્સ લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૨૧ | ૬૪૩ | નેગ મિકોન (ઈન્ડિયા) પ્રા. લિ. | પાવર |
| ૨૨ | ૬૪૫ | દિશમેન ફાર્મા લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૨૩ | ૬૪૬ | ગુજરાત અદાણી એનર્જી લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૨૪ | ૬૪૭ | ઈનેરકોન ઈન્ડિયા લિ. | પાવર |
| ૨૫ | ૬૪૮ | ઓએનજીસી | ઓઈલ એન્ડ ગેસ |
| ૨૬ | ૬૪૯ | ઈન્ટાસ ફાર્માસિયુટીક્લ્સ લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૨૭ | ૬૫૦ | હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૨૮ | ૬૫૧ | જ્યુબીલેન એનપ્રો લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૨૯ | ૬૫૨ | સુઝલોન એનર્જી લિ. | પાવર |
| ૩૦ | ૬૫૩ | જીઓગ્લોબલ રીસોર્સીસ લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૩૧ | ૬૫૫ | ઓએનજીસી | ઓઈલ એન્ડ ગેસ |
| ૩૨ | ૬૫૬ | સાવ પાઈપસ લિ. | કેમિક્લ્સ એન્ડ પેટ્રોકેમિક્લ્સ |
| ૩૩ | ૬૬૨ | એપોલો ટાયર્સ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૩૪ | ૬૬૪ | અદાણી ગ્રુપ | પોર્ટ |
| ૩૫ | ૬૬૫ | હિન્દાલકો ઈન્ડસ્ટ્રીઝ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૩૬ | ૬૬૭ | દિલ્હી મેટ્રો. | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ |
| ૩૭ | ૬૭૦ | ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પો. | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ |
| ૩૮ | ૬૭૫ | મિલેનિયમ પાર્ક હોલ્ડિંગ (ક્નવેલ્લા) | ટુરીઝમ |
| ૩૯ | ૬૮૨ | નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન | એજ્યુકેશન |
| ૪૦ | ૬૮૫ | ગુજરાત એનર્જી રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૧ | ૬૮૭ | ગુજરાત ઓલેકેમ લિ. | એજ્યુકેશન |

**પત્રક-(અ)**
**પ્રોજેક્ટ ડિટેઈલ્સ-૨૦૦૫**

| ક્રમ | એમઓયુ નં. | કંપની નામ | સેક્ટરનું નામ |
|---|---|---|---|
| ૧ | ૫૨૦ | દિપકિરણ ફુડસ પ્રા.લિ. | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૨ | ૫૨૧ | મેક ફ્લિસ એન્ટર પ્રાઈસીસ પ્રા.લિ. | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૩ | ૫૨૨ | ભરત ફુડ્સ કો.ઓ.લિ. | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૪ | ૫૨૮ | હર્ષ ફ્લોરા | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૫ | ૫૨૯ | ભરત એગ્રેટેક | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૬ | ૫૩૪ | સફારી એક્સપોર્ટ પ્રા. લિ. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૭ | ૫૪૦ | નેશનલ બોટનીક્લ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૮ | ૫૪૧ | એપરીઅલ્સ એન્ડ લેધર ટેક્નીક્સ પ્રા. લિ. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૯ | ૫૪૬ | આદિત્ય એરોમેડીક એન્ડ બાયોએનર્જીસ પ્રા. લિ. | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૧૦ | ૫૪૭ | એપરીક્લ એક્સપોર્ટ પ્રોમોશન કાઉન્સીલ ન્યુ. દિલ્હી | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૧૧ | ૫૪૯ | સોનપાલ એક્સપોર્ટ પ્રા. લિ. | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૧૨ | ૫૫૪ | અરવિંદ મિલ્સ લિ. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૧૩ | ૫૫૫ | અરવિંદ મિલ્સ લિ. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૧૪ | ૫૫૮ | અરવિંદ મિલ્સ લિ. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૧૫ | ૫૬૫ | એનડીડીબ એન્ડ આનંદ એગ્રીક્લ્ચર યુનિવર્સીટી | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૧૬ | ૫૭૧ | એસીઈ રોસીલ એક્સપોર્ટસ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૧૭ | ૫૭૩ | ફાર્મ ફ્રેશ, સુરત | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૧૮ | ૫૭૫ | મેહુલ ફ્લોરા | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૧૯ | ૫૭૭ | યુનિવર્સલ ફ્લોરીક | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૨૦ | ૫૭૮ | જાનવી ફ્લોરા | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૨૧ | ૫૭૯ | પાયલ ફ્લોરા | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |
| ૨૨ | ૫૮૦ | શીતલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ |

| ક્રમ | એમઓયુ નં. | કંપની નામ | સેકટરનું નામ |
|---|---|---|---|
| ૨૩ | ૫૮૬ | ઈફેક્ટીવ ટેલિસર્વીસીસ એક્સપેન્શન (યુએસએ) | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૨૪ | ૬૦૪ | અતુલ લિમિટેડ | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ |
| ૨૫ | ૬૦૬ | ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ લિ. | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ |
| ૨૬ | ૬૦૭ | ગુજરાત ફ્લયુરો કેમિકલ્સ લિ. | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ |
| ૨૭ | ૬૧૦ | હેઉબેક કલર પ્રા.લિ. | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ |
| ૨૮ | ૬૧૨ | જે. કે. પેપર્સ લિ. | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ |
| ૨૯ | ૬૧૬ | સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિ. | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ |
| ૩૦ | ૬૧૭ | ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ લિ. | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ |
| ૩૧ | ૬૧૯ | રેસીલેન નિઓકેમ | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ |
| ૩૨ | ૬૭૯ | મિનિસ્ટ્રી ઓફ રેલવે/રેલ વિકાસ નિગમ લિ. | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ |
| ૩૩ | ૬૮૮ | કેર્ન એનર્જી | ઓઈલ એન્ડ ગેસ |
| ૩૪ | ૬૮૯ | નિકો રીસોર્સીસ લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૩૫ | ૬૯૦ | જેટીઆઈ | ઓઈલ એન્ડ ગેસ |
| ૩૬ | ૬૯૨ | પ્રાઈઝ પેટ્રોલિયમ કં. લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૩૭ | ૬૯૩ | જીઆઈપીસીએલ સ્ટેજ-૨ ઈએક્સટી (જીએસઈસીએલ) | પાવર |
| ૩૮ | ૬૯૬ | ઓએનજીસી લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૩૯ | ૬૯૮ | હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કં. લિ. (એચઓઈસીએલ) | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૦ | ૬૯૯ | જ્યુબીલીઅન્ટ ઈમ્પ્રો લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૧ | ૭૦૦ | જહોન એનર્જી લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૨ | ૭૦૩ | સેલન એક્સપ્લોરેશન ટેક. લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૩ | ૭૦૫ | જીએસપીસીએલ | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૪ | ૭૦૭૮ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૫ | ૭૧૫ | મુંદ્રા સ્પેસ્યિલ ઈકોનોમીક ઝોન લિ. | પાવર |
| ૪૬ | ૭૨૧ | ન્યુક્લિઅર પાવર કોર્પોરેશન | પાવર |
| ૪૭ | ૭૨૭ | જીઓ ગ્લોબલ રીસોર્સીસ (બારબેડોસ) ઈન્ક. | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૮ | ૭૨૯ | પેટ્રોનેટ એલએનજી લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૪૯ | ૭૩૦ | અદાણી ગ્રુપ | ઓઈલ એન્ડ ગેસ |
| ૫૦ | ૭૩૧ | ગુજરાત ગેસ કો. લિ. | ઓઈલ એન્ડ ગેસ |
| ૫૧ | ૭૩૩ | ઈન્ડિયા ઓઈલ કોર્પોરેશન લિ. (આઈઓસીએલ) | ઓઈલ એન્ડ ગેસ |
| ૫૨ | ૭૩૭ | એસ્સાર સ્ટીલ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૫૩ | ૭૩૮ | ચરોત્તર ગેસ સહકારી મંડળી | ઓઈલ એન્ડ ગેસ |
| ૫૪ | ૭૩૯ | અજંતા મેન્યુફેક્ચરીંગ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૫૫ | ૭૪૧ | વિડિયોકોન ઈન્ટરનેશનલ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૫૬ | ૭૪૨ | એચપીસીએલ | ઓઈલ એન્ડ ગેસ |
| ૫૭ | ૭૪૩ | સાલ સ્ટીલ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૫૮ | ૭૪૫ | સુઝલોન ગ્રુપ ઈન્ડસ્ટ્રીઝ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૫૯ | ૭૪૬ | એલ્લાઈડ કોમ્પ્યુટર્સ ઈન્ટરનેશનલ (એસીઆ) લિ. એસીઆઈ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૬૦ | ૭૪૮ | બીપીસીએલ | ઓઈલ એન્ડ ગેસ |
| ૬૧ | ૭૪૯ | કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૬૨ | ૭૫૧ | જીએસપીએલ | ઓઈલ એન્ડ ગેસ |
| ૬૩ | ૭૫૨ | ઈન્ફીનિયલ ઈન્ડિયા લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૬૪ | ૭૫૩ | કેએચએસ મશીનરીસ પ્રા.લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૬૫ | ૭૫૬ | ગ્લોબલ હાઈટેક | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૬૬ | ૭૫૭ | ઈફેક્ટીવ ટેલિસર્વીસીસ એક્સપેન્શન (યુએસએ) | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૬૭ | ૭૫૮ | ઈલેક્ટ્રોથર્મ (આઈ) લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૬૮ | ૭૬૦ | મોટીફ ઈન્ડિયા ઈન્ફોટેક પ્રા. લિ. | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૬૯ | ૭૬૧ | ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈજર કં.લિ. (જીએનવીએફસી) | ઓઈલ એન્ડ ગેસ |
| ૭૦ | ૭૬૨ | મીડ ઈન્ડિયા એન્જી. લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૭૧ | ૭૬૪ | કોમ્પ્યુબીટસ-બ્રીટીશ ટેલિકોમ ફેસીલીટીસ મેનેજમેન્ટ એન્ડ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૭૨ | ૭૬૬ | સંઘી ઈન્ડસ્ટ્રીઝ લિ. | પોર્ટ |
| ૭૩ | ૭૬૮ | શ્રી વેન્કટેશ એન્જી. વર્કસ | પોર્ટ |
| ૭૪ | ૭૭૦ | એપેક્ષ ઈન્ટરનેશનલ એક્સપેન્શન-કોલ સેન્ટર | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૭૫ | ૭૭૨ | નેટરીક ટેલિસર્વીસીસ-કોલ સેન્ટર (કેનેડા) | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૭૬ | ૭૭૩ | રત્નમની મેટલ એન્ડ ટ્યુબ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૭૭ | ૭૭૫ | એઆઈએ એન્જી. પ્રા. લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૭૮ | ૭૭૮ | વેલસ્પુન ગુજરાત સ્તાહેલ રોહન લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૭૯ | ૭૮૦ | એસ્સાર ગ્રુપ | પોર્ટ |
| ૮૦ | ૭૮૧ | એશિયા મોટર્સ વર્કસ લિ. એન્ડ એસ્સાર સ્ટીલ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૮૧ | ૭૮૪ | ક્નવર્ઝ લેબ્સ કોર્પોરેશન | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૮૨ | ૭૮૬ | વોઈસ ટેલ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૮૩ | ૭૮૭ | પેટ્રોનેટ એલએનજી લિ. | પોર્ટ |
| ૮૪ | ૭૮૮ | હેલ્લોવ સર્વીસ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૮૫ | ૭૮૯ | ગુજરાત પીપવાવ પોર્ટ લિ. | પોર્ટ |
| ૮૬ | ૭૯૦ | નોબ ટેલ ઈન્ફોસિસ્ટમ્સ પ્રા.લિ. | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૮૭ | ૭૯૧ | કચ્છ સ્ટીલ પ્રા.લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૮૮ | ૭૯૨ | રીક્રીએટ સોલ્યુશન એન્ડ પ્રોફાઈલ ટેક-ઈન્ટ્રેક્ટીવ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |

| ક્રમ | એમઓયુ નં. | કંપની નામ | સેક્ટરનું નામ |
|---|---|---|---|
| ૮૯ | ૭૯૪ | એક્જ્ય ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૦ | ૭૯૫ | ટીઆઈસીએસ ઈન્ટ્રમેન્ટસ એન્ડ બીપીઓ યુકે | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૯૧ | ૭૯૬ | ગુજરાત બોરોસીલ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૨ | ૭૯૭ | એન્કર દેવુડ ઈન્ડસ્ટ્રીઝ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૩ | ૭૯૮ | કોનકોર્ડ બાયોટેક લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૪ | ૭૯૯ | પીએસએલ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૫ | ૮૦૦ | એરોમા હાઈ ટેક લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૬ | ૮૦૧ | ટોરેન્ટ કેબલ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૭ | ૮૦૩ | આશાપુરા મીનકેમ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૮ | ૮૦૪ | એલ. એન્ડ ટી. લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૯૯ | ૮૦૫ | સિનકોર્ન રીસર્ચ સર્વિસીસ પ્રા. લિ. | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |
| ૧૦૦ | ૮૦૬ | જનરલ મોટર્સ પ્રા. લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૧૦૧ | ૮૦૭ | મન ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૧૦૨ | ૮૦૮ | ગોપાલ આયર્ન એન્ડ સ્ટીલ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૧૦૩ | ૮૦૯ | સુઝલોન ઈન્ડસ્ટ્રીઝ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૧૦૪ | ૮૧૦ | આકાશ સીરમીક પ્રા.લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૧૦૫ | ૮૧૨ | એબીજી શીપ યાર્ડ | પોર્ટ |
| ૧૦૬ | ૮૧૪ | બીરલા સેલ્યુલોસીક | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૧૦૭ | ૮૧૫ | રામકી એન્વાર્યનમેન્ટ એન્જીનિયરીંગ લિ. | પોર્ટ |
| ૧૦૮ | ૮૧૮ | સંતરામ સ્પીનર્સ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૧૦૯ | ૮૧૯ | જિંદાલ વર્ક્વાઈડ લિ. | એન્જીનિયરીંગ એન્ડ ઓટો |
| ૧૧૦ | ૮૨૫ | શ્રીજી શીપીંગ સર્વીસ લિ. | પોર્ટ |
| ૧૧૧ | ૮૨૯ | ગુજરાત અદાણી પોર્ટ લિ. | પોર્ટ |
| ૧૧૨ | ૮૩૬ | પટોડિઆ ફેબ્રીક પ્રોસેસર્સ લિ. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ |
| ૧૧૩ | ૮૩૭ | મેક લિઓડ ફાર્માસિયુટિકલ્સ લિ. | ફાર્માસિયુટીકલ્સ |
| ૧૧૪ | ૮૪૪ | કેડિલા ફાર્મા | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી |

## કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી

૧૭૬૭૨ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી ક્યા ક્યા તાલુકામાં પૂરું પાડવાનું આયોજન કરેલ છે, | (૧) કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી રાપર, ભચાઉ, અંજાર, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી અને ભુજ તાલુકાઓમાં પૂરું પાડવાનું આયોજન કરેલ છે. |
| (૨) આ માટે કેનાલનું કામ તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા તાલુકાઓમાં મંજૂર કરવામાં આવ્યું છે, અને તેમાંથી કેટલી કેનાલોનું કામ શરુ કરવામાં આવ્યું છે, | (૨) રાપર તથા ભચાઉ તાલુકામાં કેનાલનું કામ મંજુર કરવામાં આવ્યું છે. અને તેમાંથી રાપર તાલુકામાં એક (કચ્છ) શાખા નહેરની સાં. ૧૧૨.૫ થી ૧૩૩.૫૧ કી.મી. ના ભાગમાં (મોમાઈમોરાથી નાની હમીરપર ગામ વચ્ચે) કામ શરુ કરવામાં આવ્યું છે. |
| (૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૩) આ કામગીરી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) કેટલા હેકટર જમીનને પાણી પૂરું પાડવામાં આવનાર છે ? | (૪) કચ્છ જિલ્લાની ૧,૧૨,૭૭૮ હેકટર (૨,૭૮,૫૬૧ એકર) જમીનને સિંચાઈનું પાણી પૂરું પાડવાનું આયોજન છે. |

## ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૫૪ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળામાં સન ૨૦૧૦-૧૧ માં ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાના કોઇપણ રહેણાંક્ના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ નથી. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ અગાઉના વર્ષમાં રૂા. ૫૬૩.૪૮ લાખના ખર્ચે હાથ પર લેવામાં |

| | |
|---|---|
| છે ? | આવેલ કુલ-૧૦૮ મકાનોનાં કામો હાલમાં પ્રગતિમાં છે. |

---------

**રાજ્યમાં વીજ ઉત્પાદન**

૧૭૬૮૦ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વીજ ઉત્પાદન કેટલું થયું, | (૧) રાજ્યમાં તા. ૩૧/૧૨/૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૯૧૩૫ મીલીયન યુનિટ ઉત્પાદન થયેલ છે. |
| (૨) તે વીજ ઉત્પાદન સામે વીજ માંગ કેટલી રહી, અને | (૨) તા. ૩૧/૧૨/૨૦૧૦ ની સ્થિતિએ કેલેન્ડર વર્ષ ૨૦૧૦ માં સંતોષાયેલ વીજ માંગ ૫૭૬૩૭ મીલીયન યુનિટ હતી. |
| (૩) વીજ માંગને પહોંચી વળવા વધારાની કેટલી વીજળી શા ભાગે કોની પાસેથી ખરીદવામાં આવી? | (૩) ઉપરોક્ત વીજ માંગને પહોંચી વળવા પર્યાપ્ત પ્રમાણમાં વીજ પુરવઠો હોઈ વધારાની વીજળી ખરીદવામાં આવી નથી. |

---------

**આતંકવાદી ઘટનાઓ સામે તકેદારીના પગલાં**

૧૮૧૮૨ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ન બને તે માટે તકેદારીના પગલાંરૂપે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી સુસજ્જ એવા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપનું જિલ્લા વાર તેમજ શહેરવાર રચના કરવાનો નિર્ણય કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ? | (૨) રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ન બને તેમજ તકેદારીના પગલાં રૂપે જિલ્લાવાર તેમજ ચાર મુખ્ય શહેરોમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની રચના કરવામાં આવેલ છે. આ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપને ખાસ પ્રકારની તાલીમ, વાહનો અને આધુનિક સરંજામ જેવા કે બુલેટપ્રુફ જેકેટ તેમજ ટેલિફોન, વાયરલેસ, ફેક્સ અને ઈ-મેઈલ માટે ઈન્ટરનેટ / જી-સ્વાનની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.<br><br>આ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની સહાયતા માટે તાલીમબધ્ધ તથા શસ્ત્રસજ્જ ક્વીક રીસ્પોન્સ ટીમની રચના કરવામાં આવેલ છે. ક્વીક રીસ્પોન્સ ટીમોને એ.કે. ૪૭ રાઈફલ, ઈન્સાસ રાઈફલ, ગ્લોક પીસ્તોલ, એલ.એમ.જી. (લાઈટ મશીનગન), બુલેટપ્રુફ જેકેટ, બુલેટપ્રુફ હેલ્મેટ, ખાસ પ્રકારના ગોગલ્સ, નાઈટ વિઝન ડીવાઈસ વગેરે શસ્ત્રો તેમજ વાહનો પુરા પાડવામાં આવેલ છે.<br><br>વધુમાં, આતંકવાદી ઘટનાઓ માટે એસ.ઓ.જી.ની પૂરક કામગીરી માટે રાજ્ય સરકારે બોમ્બ ડીટેકટશન એન્ડ ડીસ્પોઝલ સ્ક્વૉડ અને ચેતક કમાન્ડો ફોર્સને આધુનિક સાધન/સરંજામ/શસ્ત્રો અને વાહનોથી સજ્જ કરેલ છે. |

## દાહોદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ અપાયેલ વીજ કનેક્શનો

૧૭૪૬૪ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સ્થિતિએ સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષ દરમ્યાન દાહોદ જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ કનેકશન આપવાનું આયોજન હતું, અને<br>(૨) તે અન્વયે કેટલાને વીજ જોડાણ અપાયું ? | (૧) અને (૨) : તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકામાં ૨૦૦ તથા ઝાલોદ તાલુકામાં ૩૦૦ એમ કુલ ૫૦૦ વીજ જોડાણ આપવાનું આયોજન હતું. જેની સામે લીમખેડા તાલુકામાં ૬૭ અને ઝાલોદ તાલુકામાં ૧૭૯ તદઉપરાંત દાહોદ તાલુકામાં ૨૫૧ તથા દેવગઢ બારીયા તાલુકામાં ૭૫ એમ કુલ ૫૭૨ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |

---------

## રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૧૭૯૫૩ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને<br>(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૧) અને (૨) રાજકોટ જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંકના કુલ-૨૯૪ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂા. ૧૭૬૧.૦૯ લાખનો ખર્ચ થનાર છે. |

---------

## ભરૂચ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૧૭૯૫૭ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળામાં સન ૨૦૧૦-૧૧માં ભરૂચ જિલ્લામાં કુલ રૂા. ૧૭૨૦.૧૪ લાખના ખર્ચે પોલીસ ખાતાના કુલ ૨૭૪ રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) આ કામો માટે કુલ રૂા. ૧૭૨૦.૧૪ લાખનો ખર્ચ થનાર છે. વધુમાં હાલમાં અગાઉના વર્ષના ચાલુ કામો સહિત કુલ-૩૯૨ મકાનોની કામગીરી રૂા.૨૪૯૪.૩૭ લાખના ખર્ચે પ્રગતિમાં છે. |

---------

## અમદાવાદ જિલ્લાના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન

૧૭૯૯૬ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ | (૧) હા, જી. |

બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલા કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે ?

(૨) અમદાવાદ જિલ્લામાં ૧-(એક) કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

## રાજકોટ શહેરમાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૧૭૯૫૨ **: શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં રાજકોટ શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળામાં સન ૨૦૧૦-૧૧માં રાજકોટ શહેરમાં પોલીસ ખાતાના કોઇપણ રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ નથી. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ગુજરાત ભવન, ન્યુદિલ્હીમાં ગુજરાતી કર્મચારીઓને નિમણૂક આપવા બાબત

૧૭૬૫૨ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ભવન, દિલ્હીનો વહીવટ સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા ચલાવવામાં આવે છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ગુજરાત ભવનનો તમામ સ્ટાફ બીન ગુજરાતી છે તે હકીક્ત સાચી છે, | (૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ગુજરાતી બોલી અને સમજી શકે તેવા ગુજરાતી કર્મચારી ધ્વારા ગુજરાત ભવનનો વહીવટ ચલાવવા સરકાર ઈચ્છા ધરાવે છે કે કેમ, અને | |
| (૪) જો હા, તો તેનો અમલ ક્યારથી કરવા માંગે છે ? | |

## નવસારી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૧૭૯૪૬ **: શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળામાં સન ૨૦૧૦-૧૧માં નવસારી જિલ્લામાં કુલ રૂા.૨૮૫.૨૭ લાખના ખર્ચે પોલીસ ખાતાના કુલ-૫૦ રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) આ કામો માટે કુલ રૂા.૨૮૫.૨૭ લાખનો ખર્ચ થનાર છે. વધુમાં હાલમાં અગાઉના વર્ષના ચાલુ કામો સહિત કુલ-૯૨ મકાનોની કામગીરી રૂા. ૫૩૩.૦૩ લાખના ખર્ચે પ્રગતિમાં છે. |

---------

## રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા

૧૮૨૨૨ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી હતી, | (૧) તા. ૩૧-૦૩-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૧૨૦૦૮ મે. વો. હતી. |
| (૨) નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે, અને | (૨) અને (૩) નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તેમા |

(૩) તે પૈકી તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ તેમાં કેટલો વધારો થયો ?

૧૭૨૬ મે. વો. સ્થાપિત વીજ ક્ષમતાનો વધારો કરવાનું આયોજન કરવામાં આવેલ હતું. તે પૈકી તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૦ ની સ્થિતિએ સ્થાપિત વીજ ક્ષમતામાં ૧૨૫૦ મે. વો. નો વધારો થયો છે.

## દાહોદ જિલ્લામાં બનેલા વિવિધ ગુનાઓ

૧૮૪૪૦ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં (અ) વાહન ઉઠાંતરી (બ) ચીલઝડપ અને (ક) અછોડા તોડવાના કુલ કેટલા ગુના નોંધાયા, અને

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકા | વાહન ઉઠાંતરી | ચીલઝડપ | અછોડા તોડવાના |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૫૬ | ૧ | ૫ |
| ૨ | ગરબાડા | ૪ | - | - |
| ૩ | ધાનપુર | ૪ | - | - |
| ૪ | દે. બારીયા | ૨૧ | - | - |
| ૫ | લીમખેડા | ૮ | - | - |
| ૬ | ઝાલોદ | ૩૨ | - | - |
| ૭ | ફતેપુરા | ૭ | - | - |
| | **કુલ** | **૨૩૨** | **૧** | **૫** |

(૨) આ પૈકી કેટલા ગુનાઓમાં કેટલા ગુનેગારો પકડાયા ?

(૨) **પત્રક -૧** સામેલ છે.

**પત્રક-૧**

| અ. નં. | તાલુકા | વાહન ઉઠાંતરી | | ચીલ ઝડપ | | અછોડા તોડવાના | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગુના | ગુનેગારો પકડાયા | ગુના | ગુનેગારો પકડાયા | ગુના | ગુનેગારો પકડાયા |
| ૧ | દાહોદ | ૨૧ | ૩૩ | - | - | ૨ | ૫ |
| ૨ | ગરબાડા | ૧ | ૧ | - | - | - | - |
| ૩ | ધાનપુર | - | - | - | - | - | - |
| ૪ | દેવગઢબારીયા | ૫ | ૯ | - | - | - | - |
| ૫ | લીમખેડા | ૨ | ૧ | - | - | - | - |
| ૬ | ઝાલોદ | ૧૨ | ૨૭ | - | - | - | - |
| ૭ | ફતેપુરા | ૫ | ૯ | - | - | - | - |

---------

## વીજ ગ્રાહકો માટે લોક અદાલત

૧૮૨૬૮ : **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન કરવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષના ગાળા દરમ્યાન કુલ ૬૯૨૪ લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું છે. જે દ્વારા ૧,૯૬,૭૯૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જેના દ્વારા રૂપિયા ૧૦૩.૭૬ કરોડ મળવાપાત્ર છે.

--------

૩૨
૨૬

---------

**ખેડા જિલ્લાના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન**

૧૮૦૦૦ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) ખેડા જિલ્લામાં પોલીસ હેડ ક્વાર્ટર, નડીયાદ ખાતે ૧-(એક) કોમ્યુનીટી હોલ કાર્યરત છે. |

**ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ધ્વારા સેવા પૂરી પાડવા બાબત**

૧૮૧૭૬ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ધ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી.<br>રાજ્યની ફોરેન્સિક લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થાને જે સેવા પૂરી પાડવામાં આવે છે. તેની વિગત નીચે મુજબ છે.<br>(અ) રાજ્યમાં પેટ્રોલીયમ નિપજોનું (સોલવન્ટ વિગેરે) ઉત્પાદન કરતી કંપનીઓ તથા ડીલરોને તેની પ્રોડક્ટનું લાયસન્સ મેળવતાં પહેલાં પરીક્ષણ પ્રમાણપત્ર આપવું.<br>(બ) કોર્ટ દ્વારા ખાનગી સંસ્થા/વ્યક્તિઓના મોક્લવામાં આવતાં કેસોમાં અભિપ્રાય આપવા.<br>(ક) વિવિધ ઈન્સ્યોરન્સ કંપનીઓના, આગ, અક્સ્માત વિગેરેના વીમાના ક્લેઈમ ચુક્વવાના કિસ્સામાં જરૂરી તપાસ કરી અભિપ્રાય આપવા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૦માં કઈ કઈ વ્યક્તિ/ખાનગી સંસ્થાઓને કઈ કઈ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવી છે અને તે પેટે કેટલી રકમ લેવામાં આવી છે ? | (૨) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા વર્ષ-૨૦૧૦ માં ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને જે સેવાઓ પુરી પાડવામાં આવેલ હતી. તેની વિગત અને તે પેટે મળેલ રકમની વિગત નીચે મુજબ છે.<br>(અ) સને ૨૦૧૦ના વર્ષમાં સોલવન્ટ કેસના કુલ-૧૬ નમુનાનું પરીક્ષણ કરવામાં આવેલ અને ફીની આવક પેટે ₹ ૫૬,૦૦૦/- ની રકમ લેવામાં આવી છે.<br>(બ) સને ૨૦૧૦ના વર્ષમાં કોર્ટ દ્વારા જે વ્યક્તિઓના/ખાનગી સંસ્થાઓના કેસો અભિપ્રાય માટે મોક્લવામાં આવ્યા તેની આવક પેટે કુલ આવક ₹ ૪,૩૬,૫૧૮/- ની રકમ લેવામાં આવેલ છે.<br>(ક) સને ૨૦૧૦માં વિવિધ ઈન્સ્યોરન્સ કંપનીઓના આગ, અક્સ્માત વિગેરેના વીમાના ક્લેઈમ ચુક્વવાના કિસ્સામાં ખાતા તરફથી જે સેવા પૂરી પાડવામાં આવી તેની ફી પેટે ₹U ૨,૧૪,૩૬૫/- ની રકમ લેવામાં આવેલ છે. |

## આણંદ અને ખેડા જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણો

૧૭૪૨૭ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ખેત વિષયક વીજ જોડાણ અંગેની કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ખેત વિષયક વીજ જોડાણ અંગેની મળેલી અરજીઓ અંગેની વિગતો નીચે મુજબ છે.

| આણંદ જિલ્લો | | ખેડા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | મળેલ અરજીઓ | તાલુકો નોન ડાર્કઝોન | મળેલ અરજીઓ |
| આણંદ | ૬૮૧ | ઠાસરા | ૪૭૨ |
| બોરસદ | ૭૧૩ | બાલાસિનોર | ૪૭૨ |
| પેટલાદ | ૩૬૪ | નડીયાદ | ૪૭૯ |
| ખંભાત | ૬૧૧ | મહુધા | ૧૮૧ |
| ઉમરેઠ | ૩૯૧ | ખેડા | ૩૩૧ |
| આંકલાવ | ૩૭૨ | માતર | ૨૩૦ |
| તારાપુર | ૯૪ | વીરપુર | ૮૧૮ |
| સોજીત્રા | ૧૫૬ | **ડાર્કઝોન :** | |
| | | કપડવંજ | ૧૩૭૫ |
| | | મહેમદાવાદ | ૩૬૫ |
| | | કઠલાલ | ૨૪૯ |

(૨) તે પૈકી સબ ડીવીઝનવાર ક્યા વર્ષ સુધીની અરજીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી સબ ડીવીઝનવાર જે વર્ષ સુધીની અરજીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે તેની વિગતો **પત્રક-"અ"** માં સામેલ છે.

(૩) બાકી અરજદારોને કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઇ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે.

**પત્રક-અ**

| અ.નં. | જિલ્લો | પેટા વિભાગીય કચેરીનું નામ | ક્યા વર્ષ સુધીની અરજીઓને વીજજોડાણ આપવામાં આવ્યા તેની વિગત |
|---|---|---|---|
| ૧ | આણંદ | આણંદ (નોર્થ) | ૨૦૦૪ |
| ૨ | આણંદ | આણંદ (સાઉથ) | ૨૦૦૨ |
| ૩ | આણંદ | આંકલાવ | ૨૦૦૧ |
| ૪ | આણંદ | બોરસદ (ગ્રામીણ) | ૨૦૦૧ |
| ૫ | આણંદ | બોરસદ (શહેર) | ૨૦૦૬ |
| ૬ | આણંદ | ઉમરેઠ (ગ્રામ્ય) | ૨૦૦૧ |
| ૭ | આણંદ | ઉમરેઠ એસઓ. | ૨૦૦૧ |
| ૮ | આણંદ | પેટલાદ (ગ્રામીણ) | ૨૦૦૩ |
| ૯ | આણંદ | સોજીત્રા | ૨૦૦૨ |
| ૧૦ | આણંદ | ખંભાત (ગ્રામીણ) | ૨૦૦૦ |
| ૧૧ | આણંદ | તારાપુર | ૨૦૦૬ |
| ૧૨ | આણંદ | પેટલાદ (શહેર) | ૨૦૦૮ |
| ૧૩ | આણંદ | આણંદ શહેર | ૨૦૦૬ |
| ૧૪ | આણંદ | વિનગર વિ. | ૨૦૦૪ |
| ૧૫ | આણંદ | ખંભાત શહેર | ૨૦૦૭ |
| ૧૬ | ખેડા | નડીયાદ (ગ્રામીણ) | ૨૦૦૫ |
| ૧૭ | ખેડા | વસો | ૨૦૦૫ |

| અ.નં. | જિલ્લો | પેટા વિભાગીય કચેરીનું નામ | ક્યા વર્ષ સુધીની અરજીઓને વીજજોડાણ આપવામાં આવ્યા તેની વિગત |
|---|---|---|---|
| ૧૮ | ખેડા | મહુધા | ૨૦૦૭ |
| ૧૯ | ખેડા | ડાકોર | ૨૦૦૩ |
| ૨૦ | ખેડા | ઠાસરા | ૨૦૦૦ |
| ૨૧ | ખેડા | બાલાસિનોર | ૧૯૯૯ |
| ૨૨ | ખેડા | ખેડા | ૨૦૦૧ |
| ૨૩ | ખેડા | માલપુર | ૧૯૯૭ |
| ૨૪ | ખેડા | બારેજડી | ૨૦૦૮ |
| ૨૫ | ખેડા | ધોળકા (ગ્રામીણ) | ૨૦૦૮ |
| ૨૬ | ખેડા | નડીયાદ (પૂર્વ) | ૨૦૦૫ |
| ૨૭ | ખેડા | સાઠંબા | ૧૯૯૫ |
| ૨૮ | ખેડા | કપડવંજ (શહેર) | ૧૯૯૦ (ડાર્ક ઝોન) |
| ૨૯ | ખેડા | બાયડ | ૧૯૯૨ (ડાર્ક ઝોન) |
| ૩૦ | ખેડા | ચોઈલા | ૧૯૯૧ (ડાર્ક ઝોન) |
| ૩૧ | ખેડા | બારેજા | ૧૯૯૧ (ડાર્ક ઝોન) |
| ૩૨ | ખેડા | મહેમદાવાદ | ૧૯૯૧ (ડાર્ક ઝોન) |
| ૩૩ | ખેડા | કઠલાલ | ૧૯૯૦ (ડાર્ક ઝોન) |
| ૩૪ | ખેડા | કપડવંજ (ગ્રામીણ) | ૧૯૯૦ (ડાર્ક ઝોન) |

## જામનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૬૬ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨)

જામનગર જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના **કુલ : ૧૩૫** મકાનોના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂા.૮૦૧.૦૦ લાખનો ખર્ચ થનાર છે. હાલમાં ૩૩૧ મકાનોના કામો ₹ ૧૯૫૧.૫૯ લાખના ખર્ચે પ્રગતિમાં છે.

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૧ માં થયેલ ખર્ચ

૧૭૫૧૨ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જાન્યુઆરી-૨૦૧૧માં ગાંધીનગર ખાતે આયોજિત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૧ માટે જુદા જુદા થીમ પેવેલીયન, વિચાર વિમર્શ માટેની ખાસ લોન્જ તેયાર કરવા અને સેમીનાર હોલ તથા વિશાળ ડોમ તૈયાર કરવા પાછળ કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

જાન્યુઆરી-૨૦૧૧ માં ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ વાઈબ્રન્ટ ગુજરાત સમીટ મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવેલ હતો. મહાત્મા મંદિર એ લાંબા ગાળાની મહત્વાકાંક્ષી, ઐતિહાસિક અને વિવિધ લક્ષી ઈમારત છે. જેમાં મોટા ક્ન્વેન્શન હોલ ઉપરાંત ચાર સેમિનાર હોલ અને અન્ય સુવિધાઓનું નિર્માણ અત્યાર સુધી થયેલ છે. હજુ પણ આ ઈમારત નિર્માણધીન છે. તેની પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં કુલ રૂા. ૧૧૫.૬૫ ક્રોડનું ચૂક્વણું થયેલ છે.

મહાત્મા મંદિર ખાતે ઉપર મુજબની સ્થાયી સુવિધાઓ ઉપરાંત બે સેમિનાર હોલ, ચર્ચા માટેની લોંજ અને પ્રદર્શન સ્થળ વગેરે અસ્થાયી સુવિધાઓ તેયાર કરવા પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં રૂા. ૧૦.૫૨ ક્રોડનું ચૂક્વણું થયેલ છે.

## ગુજરાત રાજ્યના કાર્યાન્વિત બંદરો

૧૭૬૦૪ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેટલા બંદરો કાર્યાન્વિત છે, અને

(૨) તે પેકી ક્યા ક્યા બંદરેથી ક્યા ક્યા પ્રકારના માલ-મટીરીયલના હેરાફેરીની જોગવાઈ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં ૨૧ બંદરો કાર્યાન્વિત છે.

(૨) ઉપરોક્ત જણાવેલ બંદરો પરથી કોઈ ચોક્કસ પ્રકારના માલ મટીરીયલ્સની હેરફેર કરવાની જોગવાઈ નથી. પરંતુ પ્રાપ્ય માળખાકીય સુવિધાઓ, કસ્ટમ વિભાગની પૂર્વમંજૂરી મુજબ માલ-મટીરીયલ્સની હેરફેર કરવામાં આવે છે.

---------

## દાહોદ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૫૮ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) : દાહોદ જિલ્લામાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના **કુલ-૧૨** મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ ₹ ૭૮.૨૬ લાખનો ખર્ચ થનાર છે. હાલમાં **૩૪૩** મકાનોના કામો રૂ.૨૮૩૯.૭૬ લાખના ખર્ચે પ્રગતિમાં છે.

## પોલીસ સંવર્ગોમાં ભરતી

૧૮૧૮૦ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસદળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે જુદા-જુદા સંવર્ગોમાં ભરતી કરવા આયોજન કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા ક્યા સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવી,

**જવાબ**

(૧) હા, જી. પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકો ની ભરતી કરી છે. પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને પોલીસ ખાતાની વિવિધ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે.

(૨) આ બોર્ડ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબ ઉમેદવારોની પસંદગી યાદી પરીણામ રૂપે જાહેર કરે છે.

| ક્રમ | સંવર્ગ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| ૧ | સહાયક બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૬૮૦ નિમણૂંક આપી જે તાલીમ હેઠળ છે. |
| ૨ | સહાયક હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર (એસ.આર.પી.) | ૧૪૩ નિમણૂંક આપી જે તાલીમ હેઠળ છે. |
| ૩ | એસ.આર.પી. લોકરક્ષક | ૪૨૬૪ પેકી ૪૧૮૧ હાજર થયેલ ઉમેદવારો તાલીમ હેઠળ છે. |

(૩) કેટલા કર્મચારીઓની ભરતી બાકી છે, અને

(૪) ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

(૩) અને (૪)

ઈન્ટેલીજન્સ ઓફીસર-૪૪ ના ઈન્ટરવ્યુ યોજવામાં આવી રહ્યા છે.

લોકરક્ષક-૮૭૩૪ની ભરતી માટે તા. ૧-૨-૨૦૧૧ ના રોજ પરિણામ જાહેર કરવામાં આવેલ છે. નિમણૂંકની પ્રક્રિયા ચાલી રહી છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં હથિયાર પરવાના

૧૮૬૬૧ **: શ્રી જવાહરભાઈ પે.ચાવડા (માણાવદર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર હથિયાર લાયસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલા હોય અને પોલીસ/મેજીસ્ટ્રેટનો અભિપ્રાય નકારાત્મક હોય છતાં કોને કોને ક્યા પ્રકારના હથિયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે ?

**જવાબ**

આવા કોઈ પરવાના આપવામાં આવેલ નથી.

--------

## ચોટીલા અને સાયલા તાલુકામાં કાર્બોનેટ, પથ્થર અને રેતીની લીઝો આપવા બાબત

૧૭૭૨૨ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં કાર્બોનેટ, પથ્થર અને રેતીની લીઝ કોને કોને આપવામાં આવી છે,

(૨) ઉક્ત સમયગાળામાં તે અન્વયે નવી લીઝોની મંજૂરી મેળવવા કેટલી અરજીઓ સરકારને મળી, અને

(૩) તેમાંથી કેટલી પેન્ડીંગ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં કાર્બોનેટ (કાર્બોનેશીયસ સેલ), પથ્થર અને રેતીની કુલ ૭૮ લીઝો આપવામાં આવેલ છે. આ લીઝો કોને-કોને આપવામાં આવી તેનું વિગતવાર પત્રક-૧ સામેલ છે.

(૨) ઉક્ત સમયગાળામાં તે અન્વયે નવી લીઝોની મંજુરી મેળવવા ચોટીલા તાલુકામાં ૧૧૭ અને સાયલા તાલુકામાં ૩૦૪ એમ કુલ ૪૨૧ અરજીઓ સરકારને મળી.

(૩) તેમાંથી ૧૨૩ અરજીઓ પેન્ડીંગ છે.

### પત્રક-૧

### (અ) વર્ષ ૨૦૦૯ સાયલા તાલુકાની મંજુર કરેલ ક્વોરીલીઝની વિગતો

| ક્રમ | ક્યુએલ નં. | અરજદારશ્રીનું નામ | ગામ | તાલુકો | સ. નં. | ખનીજનું નામ | વિસ્તાર હે.મા. | નિકાલની વિગત | નિકાલની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૫૫૬ | ભરતભાઈ આલેગભાઈ ખવડ | સુદામડા | સાયલા | ૯૩૪/૪ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૨૨-૧-૨૦૦૯ |
| ૨ | ૬૫૫૮ | શિવરાજભાઈ માણસીભાઈ ખવડ | સુદામડા | સાયલા | ૯૩૯ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૨૨-૧-૨૦૦૯ |
| ૩ | ૬૬૩૯ | શિવરાજભાઈ માણસીભાઈ ખવડ | સુદામડા | સાયલા | ૯૩૮/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૨૨-૧-૨૦૦૯ |
| ૪ | ૬૬૪૦ | શિવરાજભાઈ માણસીભાઈ ખવડ | સુદામડા | સાયલા | ૯૩૫ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૨૨-૧-૨૦૦૯ |
| ૫ | ૬૬૪૧ | ભરતભાઈ આલેગભાઈ ખવડ | સુદામડા | સાયલા | ૯૩૯/૧/૨ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૨૨-૧-૨૦૦૯ |
| ૬ | ૬૭૧૬ | વાલીબેન જગમાલભાઈ રબારી | સુદામડા | સાયલા | ૮૩૪/૫ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૨૨-૧-૨૦૦૯ |
| ૭ | ૬૪૮૨ | જહાભાઈ શર્દુલભાઈ રબારી | સુદામડા | સાયલા | ૯૪૫/૯૪૬ | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૨૪-૦૪-૨૦૦૯ |
| ૮ | ૬૪૮૩ | મેરૂભાઈ શાર્દુલભાઈ લળતૂકા | સુદામડા | સાયલા | ૯૪૮ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૨૪-૦૪-૨૦૦૯ |
| ૯ | ૬૪૮૪ | શાર્દુલભાઈ ઉકરડાભાઈ રબારી | સુદામડા | સાયલા | વોકંડા પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૨૪-૦૪-૨૦૦૯ |
| ૧૦ | ૬૮૦૬ | દડૂભાઈ ખોડાભાઈ ખવડ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૧૧ | ૬૬૩૭ | દડૂભાઈ ખોડાભાઈ ખવડ | સુદામડા | સાયલા | ૯૫૨/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૪,૯૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |

| ક્રમ | ક્યુએલ નં. | અરજદારશ્રીનું નામ | ગામ | તાલુકો | સ. નં. | ખનીજનું નામ | વિસ્તાર હે.મા. | નિકાલની વિગત | નિકાલની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૬૯૫૯ | મહાવીરસિંહ જુવાનસિંહ રાણા | સુદામડા | સાયલા | ૯૪૮ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૧૩ | ૬૬૭૪ | શાંતુભાઈ પીઠુભાઈ ખવડ | વાંટાવચ્છ | સાયલા | નદી ૫૮ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૩૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૧૪ | ૬૬૨૧ | ભાટિયા વિક્રમભાઈ જીવાભાઈ | મોટા કેરાળા | સાયલા | ૧૧૧ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૧૫ | ૬૫૫૫ | જગાભાઈ બિજલભાઈ મોરી | થોરીયાળી | સાયલા | ૧૯૪ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૧૬ | ૬૬૩૫ | ચાંપરાજભાઈ ભુપતભાઈ ખવડ | વાંટાવચ્છ | સાયલા | નદી ૫૮ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૩૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૧૭ | ૬૬૨૨ | માલાભાઈ જોધાભાઈ રબારી | મોટાકેરાળા | સાયલા | ૧૧૧ પેકી | બ્લેક ટ્રેપ | ૦,૫૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૧૮ | ૬૪૬૭ | બલભદ્રસિંહ જોરૂભાઈ રાણા | સામતપર | સાયલા | ૧૧૪ પેકી | સેંડસ્ટોન | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૧૯ | ૭૦૧૫ | સંગ્રમભાઈ રાણાભાઈ તથા દલપતભાઈ ભોજાભાઈ | થોરીયાળી | સાયલા | ૧૯૪ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૨૦ | ૬૭૨૦ | હીરાભાઈ હેમુભાઈ જોગરાણા | સાયલા | સાયલા | ૨૦૩૦ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૫૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૨૧ | ૬૫૪૬ | કેહુભાઈ ગભુભાઈ જોગરાણા | જુનાજશાપર | સાયલા | ૧૫૩ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૫૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૨૨ | ૬૫૦૭ | કાળુભાઈ ખેતાભાઈ જોગરાણા | સુદામડા | સાયલા | ૭૫૪ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૨૩ | ૬૫૦૬ | કાળુભાઈ ખેતાભાઈ જોગરાણા | નવાજશાપર | સાયલા | ૬૧ પેકી | સાદી રેતી | ૩,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૨૪ | ૭૧૧૯ | વિરેન્દ્રસિંહ કેસરીસિંહ જાડેજા | સાયલા | સાયલા | ૨૪૦ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૨૩૪ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૨૫ | ૬૫૪૮ | વનાભાઈ મોતીભાઈ મીર | સેજકપર | સાયલા | ૬૫૦/૬ પેકી | સાદી રેતી | ૩,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૨૬ | ૬૫૪૫ | ભરતભાઈ બિજલભાઈ પટેલ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૨૭ | ૬૦૩૮ | પથુભાઈ લાખાભાઈ મકવાણા | મોટાકેરાળા | સાયલા | ૧૩૧ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૨૮ | ૬૫૮૬ | અરજણભાઈ જગમાલભાઈ ક્લોત્રા | સુદામડા | સાયલા | ૯૪૨ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૨૯ | ૬૫૪૨ | કાળુભાઈ દેવજીભાઈ પટેલ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૦ | ૬૫૯૧ | રણછોડભાઈ મોતીભાઈ રબારી | ધાંધલપુર | સાયલા | ૨૩૦/૧/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૧ | ૬૫૪૩ | ખીમાભાઈ વેસ્તાભાઈ પટેલ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૨ | ૫૭૮૬ | કાળુભાઈ ખેતાભાઈ જોગરાણા | સુદામડા | સાયલા | ૧૫૩ પેકી | બ્લેક ટ્રેપ | ૦,૮૪૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૩ | ૬૮૦૨ | કાળુભાઈ ખેતાભાઈ જોગરાણા | સુદામડા | સાયલા | ૭૫૪ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૬૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૪ | ૬૩૬૭ | કાળુભાઈ ખેતાભાઈ જોગરાણા | સુદામડા | સાયલા | ૯૪૨ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૫ | ૬૮૦૩ | પુનાભાઈ ભીખાભાઈ જોગરાણા | જુનાજશાપર | સાયલા | ૧૫૩ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૬ | ૭૦૬૨ | પુનાભાઈ ભીખાભાઈ જોગરાણા | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૭ | ૭૦૬૫ | સામતભાઈ ધુધાભાઈ જોગરાણા | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૮ | ૬૫૪૪ | મુકેશભાઈ કાળુભાઈ પટેલ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૩,૫૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૩૯ | ૭૦૨૭ | રાજેશભાઈ લાભુભાઈ આલ | મોટાકેરાળા | સાયલા | ૧૧૧ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૫૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૪૦ | ૭૦૨૧ | જસમતભાઈ રણછોડભાઈ રાઠોડ | મોટાકેરાળા | સાયલા | ૧૧૧ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |
| ૪૧ | ૬૩૬૩ | વિહાભાઈ કાનાભાઈ લળતુકા | સુદામડા | સાયલા | ૯૪૬/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૯-૨૦૦૯ |

## (બ) વર્ષ ૨૦૧૦ સાયલા તાલુકાની મંજુર કરેલ ક્વોરીલીઝની વિગતો

| ક્રમ | ક્યુએલ નં. | અરજદારશ્રીનું નામ | ગામ | તાલુકો | સ. નં. | ખનીજનું નામ | વિસ્તાર હે.મા. | નિકાલની વિગત | નિકાલની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫૮૨૦ | આલાભાઈ વિરાભાઈ રબારી | થોરીયાળી | સાયલા | ૧૯૪ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૧૩-૦૮-૨૦૧૦ |
| ૨ | ૬૪૨૩ | નાનીબેન પથુભાઈ મકવાણા | મોટાકેરાળા | સાયલા | ભોગાવો નદી | બ્લેક ટ્રેપ | ૦,૮૭૮૮ | મંજુર | ૧૩-૦૮-૨૦૧૦ |
| ૩ | ૬૭૦૩ | રાજુબેન રામાભાઈ રબારી | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦/૧/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૫૦૦૦ | મંજુર | ૧૩-૦૮-૨૦૧૦ |
| ૪ | ૬૭૪૩ | પ્રવિણભાઈ મનસુખભાઈ હડીયલ | સાયલા | સાયલા | ૨૩૦ પેકી | બ્લેક ટ્રેપ | ૦,૭૮૮૦ | મંજુર | ૧૩-૦૮-૨૦૧૦ |
| ૫ | ૬૮૧૨ | કેહુભાઈ ગભુભાઈ જોગરણા | સુદામડા | સાયલા | ૭૫૪ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૧૩-૦૮-૨૦૧૦ |
| ૬ | ૬૯૮૪ | સુનિલભાઈ એન. મહેતા | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦/૪૧/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૧૩-૦૮-૨૦૧૦ |
| ૭ | ૬૫૮૭ | હંસાબેન મોતીભાઈ રબારી | સુદામડા | સાયલા | ૯૩૯/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૧૮-૦૮-૨૦૧૦ |
| ૮ | ૭૨૦૯ | અમિતકુમાર દિનેશભાઈ પટેલ | થોરીયાળી | સાયલા | ૮૦ પેકી | બ્લેક ટ્રેપ | ૦,૮૦૦૦ | મંજુર | ૧૮-૦૮-૨૦૧૦ |
| ૯ | ૭૨૪૦ | શામળાભાઈ દેવાભાઈ રબારી | સુદામડા | સાયલા | ૬૦૮ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૧૮-૦૮-૨૦૧૦ |
| ૧૦ | ૭૭૦૩ | દિપુભાઈ પથુભાઈ પરમાર | જુનાજશાપર | સાયલા | ૨૨/૨ પેકી | બ્લેક ટ્રેપ | ૦,૮૦૯૪ | મંજુર | ૧૮-૦૮-૨૦૧૦ |
| ૧૧ | ૭૫૧૬ | માણસીભાઈ રાવતભાઈ ખવડ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૧-૦૮-૨૦૧૦ |
| ૧૨ | ૭૫૧૭ | નનકુભાઈ શાર્દુલભાઈ ખાચર | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૩૧-૦૮-૨૦૧૦ |
| ૧૩ | ૭૦૪૬ | દિલીપભાઈ નાગભાઈ ખવડ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦/૪૧/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૧૪-૦૯-૨૦૧૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ૭૩૧૮ | વાસ્કુરભાઈ મેસુરભાઈ ખવડ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૧૪-૦૯-૨૦૧૦ |
| ૧૫ | ૭૪૧૪ | મનુભાઈ નનકુભાઈ ખવડ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦/૪૧/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૩,૦૦૦૦ | મંજુર | ૧૪-૦૯-૨૦૧૦ |
| ૧૬ | ૭૫૧૪ | નીરુભાઈ નાગભાઈ ખવડ | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦/૪૧/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૩,૦૦૦૦ | મંજુર | ૧૪-૦૯-૨૦૧૦ |
| ૧૭ | ૭૫૫૬ | સુરેશભાઈ મંગળુભાઈ ખવડ | સુદામડા | સાયલા | નદી પટ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૫૦૦૦ | મંજુર | ૧૪-૦૯-૨૦૧૦ |
| ૧૮ | ૭૫૫૭ | રાજુભાઈ બહાદુરભાઈ ખાચર | સુદામડા | સાયલા | નદી પટ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૫૦૦૦ | મંજુર | ૧૪-૦૯-૨૦૧૦ |
| ૧૯ | ૭૩૭૬ | સંજયભાઈ નાથાભાઈ વિરડીયા | મોટાકેરાળા | સાયલા | ભોગાવો નદી | બ્લેક ટ્રેપ | ૪,૦૦૦૦ | મંજુર | ૨૦-૦૯-૨૦૧૦ |
| ૨૦ | ૭૪૨૪ | જેશાભાઈ છગનભાઈ કાલરીયા | વાંટાવચ્છ | સાયલા | ૨૬૦ પેકી | બ્લેક ટ્રેપ | ૪,૦૦૦૦ | મંજુર | ૨૦-૦૯-૨૦૧૦ |
| ૨૧ | ૭૪૪૩ | દિનેશભાઈ લખુભાઈ ખવડ | સુદામડા | સાયલા | વોકળા પેકી | બ્લેક ટ્રેપ | ૧,૨૫૦૦ | મંજુર | ૨૧-૦૯-૨૦૧૦ |
| ૨૨ | ૭૪૭૧ | આપાભાઈ વેરશીભાઈ રબારી | સુદામડા | સાયલા | ૭૮૫ પેકી | બ્લેક ટ્રેપ | ૧,૯૧૮૩ | મંજુર | ૧૧-૧૧-૨૦૧૦ |
| ૨૩ | ૬૮૨૬ | અજીતભાઈ ભીખુભાઈ ગોહિલ | ગુંદીયાવાડા | સાયલા | ૨૦૧૦/૧ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૧-૧૨-૨૦૧૦ |

## (ક) વર્ષ ૨૦૦૯ ચોટીલા તાલુકાની મંજુર કરેલ ક્વોરીલીઝની વિગતો

| ક્રમ | ક્યુએલ નં. | અરજદારશ્રીનું નામ | ગામ | તાલુકો | સ. નં. | ખનીજનું નામ | વિસ્તાર હે.મા. | નિકાલની વિગત | નિકાલની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૪૭૩ | ઠેભાભાઈ ભુરાભાઈ ઓડેદરા | બામણબોર | ચોટીલા | ૧૯૮ પેકી | બ્લેક ટ્રેપ | ૩,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૨ | ૬૪૭૨ | રાણાભાઈ વેજાભાઈ કુછડીયા | બામણબોર | ચોટીલા | ૧૯૮ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૩ | ૬૪૭૪ | ભીમાભાઈ જે. ઓડેદરા | બામણબોર | ચોટીલા | ૧૯૮ પેકી ૧ | બ્લેક ટ્રેપ | ૩,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |
| ૪ | ૬૪૭૫ | કાનાભાઈ કેશુભાઈ ઓડેદરા | બામણબોર | ચોટીલા | ૧૯૮ પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૩૦-૦૯-૨૦૦૯ |

## (ડ) વર્ષ ૨૦૧૦ ચોટીલા તાલુકાની મંજુર કરેલ ક્વોરીલીઝની વિગતો

| ક્રમ | ક્યુએલ નં. | અરજદારશ્રીનું નામ | ગામ | તાલુકો | સ. નં. | ખનીજનું નામ | વિસ્તાર હે.મા. | નિકાલની વિગત | નિકાલની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭૭૦૬ | માધવજીભાઈ વાલજીભાઈ ભુંગાણી | ઠીકળવા | ચોટીલા | ૨૭૬/૪ પેકી | બિ લાઈમસ્ટોન | ૦.૪૦૪૭ | મંજુર | ૦૩-૦૯-૨૦૧૦ |
| ૨ | ૭૦૩૨ | જીવાભાઈ પુંજાભાઈ ચાવડા | ડોસલીધુના | ચોટીલા | ૬૭/૧પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૧૧-૧૧-૨૦૧૦ |
| ૩ | ૭૦૩૫ | ભરતભાઈ વી. પટેલ | ડોસલીધુના | ચોટીલા | ૬૭/૧પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૧૧-૧૧-૨૦૧૦ |
| ૪ | ૭૦૩૬ | મુળાભાઈ મામેયાભાઈ ભરવાડ | ડોસલીધુના | ચોટીલા | ૬૭/૧પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૧૧-૧૧-૨૦૧૦ |
| ૫ | ૭૦૩૭ | નાનજીભાઈ વલ્લભભાઈ પટેલ | ડોસલીધુના | ચોટીલા | ૬૭/૧પેકી | બ્લેક ટ્રેપ | ૧,૦૦૦૦ | મંજુર | ૧૧-૧૧-૨૦૧૦ |
| ૬ | ૭૦૩૮ | દિનેશભાઈ નારણભાઈ જાદવ | ડોસલીધુના | ચોટીલા | ૬૭/૧પેકી | બ્લેક ટ્રેપ | ૨,૦૦૦૦ | મંજુર | ૧૧-૧૧-૨૦૧૦ |
| ૭ | ૬૭૨૭ | નાનજીભાઈ ઉકાભાઈ કાકડીયા | નારીયેળી | ચોટીલા | ૧૦૪ પેકી ૪ | બિ લાઈમસ્ટોન | ૧,૦૦૦૦ | મંજુર | ૦૩-૧૨-૨૦૧૦ |
| ૮ | ૭૮૪૮ | ધરમશીભાઈ મંગાભાઈ કોળી | જામવાડી | ચોટીલા | ૧૯/૨ પેકી | કાર્બોસેલ | ૨,૦૨૩૫ | મંજુર | ૨૦-૧૨-૨૦૧૦ |
| ૯ | ૭૮૪૯ | ખેંગારભાઈ હિરાભાઈ ભરવાડ | ખાખરાવાડી | ચોટીલા | ૮૦/૩/૧ | કાર્બોસેલ | ૨,૦૨૩૫ | મંજુર | ૨૦-૧૨-૨૦૧૦ |
| ૧૦ | ૭૮૫૦ | વિઠ્ઠલભાઈ જાગાભાઈ અલગોતર | જામવાડી | ચોટીલા | ૨૧/૨ પેકી૧ | કાર્બોસેલ | ૨,૦૨૩૫ | મંજુર | ૨૦-૧૨-૨૦૧૦ |

એચબી-૬૯૮-૯

---------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો**

૧૭૯૫૯ **: શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦--૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને<br>(૨) આ કામો માટે કુલ કેટલી રક્મનો ખર્ચ થનાર છે ? | (૧) અને (૨) : બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦ દરમ્યાન પોલીસ ખાતા માટે રૂ.૧૫૨૭.૨૬ લાખના ખર્ચે વિવિધ ક્ક્ષાના ૨૬૯ રહેણાંક્ના મકાનો બાંધવામાં આવેલ હોઈ પોલીસ આવાસન અંગેની જરૂરીયાતો મહદ્દઅંશે પૂર્ણ થયેલ છે. તેથી ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના કોઈ મકાનો હાથ ઉપર લેવામાં આવેલ નથી. હાલમાં રૂ.૧૪૬.૨૬ લાખના ખર્ચે ૨૫ મકાનોના કામો પ્રગતિમાં છે. |

---------

**ગારમેન્ટ પાર્ક યોજનાનું અમલીકરણ**

૧૮૨૩૨ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ સ્થિત ફડચામાં ગયેલ માસર્ડન મીલની જમીન ઉપર ગારમેન્ટ પાર્ક સ્થાપવાની યોજના અમલમાં મૂક્વામાં આવી છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના તા. ૨૨-૭-૨૦૧૦ના હુક્મ અન્વયે લીક્વીડેટર પાસેથી મીલની જમીનનો ક્બજો તા. ૪-૯-૨૦૧૦ના રોજ મેળવાયેલ છે. ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમે ગારમેન્ટ પાર્ક સ્થાપવાનો વિગતવાર પ્રોજેક્ટ રીપોર્ટ તેયાર કરાવેલ છે તેમજ ભારત સરકારની ""સ્કીમ ફોર ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ પાર્ક"" યોજના હેઠળ અનુદાન મેળવવા માટે ભારત સરકારને તા. ૧૪-૧૨-૨૦૧૦ના રોજ દરખાસ્ત મોક્લાયેલ છે. માર્સ્ડન મીલની જમીન, ગારમેન્ટ પાર્ક સ્થાપવાના પ્રોજેક્ટ માટે જીઆઈડીસીને તબદીલ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે. |

**માજી સેનિકો માટે છાત્રાલય**

૧૮૨૦૮ **: શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમદાવાદના બોડક્દેવમાં માજી સેનિકોના સંતાનો ઉચ્ચ અભ્યાસ કરે તે માટે કોઈ છાત્રાલય શરૂ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી.<br>બોડક્દેવ, અમદાવાદ ખાતે ""ગોરવ સેનાની કુમાર ભવન"" ના નામે માજી સેનિકો/સેવારત સેનિકોના સંતાનોના અભ્યાસ માટે તા. ૧૮-૭-૨૦૧૦ના રોજથી છાત્રાલય કાર્યાન્વીત કરવામાં આવેલ છે. |

(૨) જો હા, તો તેમાં શું સુવિધાઓ આપવામાં આવી રહી છે, અને

(૨) છાત્રાલયમાં નિ:શુલ્ક રહેવાની તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૩) કેટલા લોકો તેનો લાભ લઈ રહેલ છે ?

(૩) હાલમાં કુલ-૨૭ વિદ્યાર્થીઓ લાભ લઈ રહયા છે.

---------

**મહેસાણા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન**

૧૮૦૦૨ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) મહેસાણા જિલ્લામાં પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ૧-(એક) કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

--------

**સરકારી કર્મચારીઓ માટે કોમ્પ્યુટરની સી.સી.સી. પરીક્ષા**

૧૭૪૪૯ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : (તા. ૨૭/૭/૨૦૦૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૧૪૩૯(અગ્રતાક્રમ-૭૪) ના અનુસંધાને ) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અંધ સરકારી કર્મચારીઓને કોમ્પ્યુટર સી.સી.સી. પરીક્ષામાંથી મુક્તિ આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણામાં હતી હતી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ બાબત તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને<br>(૩) તેનો નિર્ણય ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૨) અને (૩)<br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯માં થયેલા પ્રોજેક્ટોના એમ.ઓ.યુ.**

૧૭૩૪૦ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૯માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં સેક્ટરવાર કુલ કેટલી પ્રોજેક્ટના એમ.ઓ.યુ. થયા, | (૧) સને-૨૦૦૯માં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ દરમ્યાન સેકટરવાર કુલ : ૮૬૬૦ (૮૮૮૮ પ્રોજેક્ટો) એમ.ઓ.યુ. થયા. જેનું પત્રક-"અ" આ સાથે સામેલ છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સેક્ટરવાર કુલ કેટલા પ્રોજેક્ટો પડતા મુકાયા, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સેકટરવાર કુલ ૧૭૬ પ્રોજેક્ટો પડતા મુકાયા જેનું પત્રક "બ" આ સાથે સામેલ છે. |
| (૩) કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા ? | (૩) ઉક્ત સ્થિતિએ કુલ ૧૩૦૯ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. જેનું પત્રક-"ક" આ સાથે સામેલ છે. |

**પત્રક-અ**

| અ.નં. | સેક્ટરનું નામ | એમ.ઓ.યુ. ની સંખ્યા | કુલ પ્રોજેક્ટ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૨૨૭ | ૨૨૭ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૩૧ | ૩૧ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૪૩ | ૪૩ |
| ૪ | સીવીલ એવીએશન | ૧૩ | ૧૩ |
| ૫ | એજ્યુકેશન | ૯૪ | ૯૪ |

| અ.નં. | સેક્ટરનું નામ | એમ.ઓ.યુ. ની સંખ્યા | કુલ પ્રોજેક્ટ સંખ્યા |
|---|---|---|---|
| ૬ | એન્જિનિયરીંગ એન્ડ ઓટો | ૧૧૬ | ૧૭૩ |
| ૭ | એનવાયરમેન્ટ | ૩૪ | ૪૫ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૮ | ૮ |
| ૯ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૧૦ | ૧૨ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૧૪ | ૧૪ |
| ૧૧ | હેલ્થ કેર | ૩૨ | ૩૨ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૧૨ | ૧૨ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૨૦ | ૨૦ |
| ૧૪ | લોજીસ્ટીક | ૪ | ૪ |
| ૧૫ | મીનરલ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ | ૩૨ | ૩૨ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૨૪ | ૨૪ |
| ૧૭ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૩ | ૩ |
| ૧૮ | પી.સી.પી.આઈ.આર. | ૬૯ | ૬૯ |
| ૧૯ | ફાર્માસ્યુટીકલ | ૨૬ | ૨૬ |
| ૨૦ | પોર્ટ | ૫૦ | ૫૦ |
| ૨૧ | પાવર | ૩૧ | ૩૧ |
| ૨૨ | પાવર રીનોવેબલ | ૭૧ | ૭૧ |
| ૨૩ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૫ | ૫૮ |
| ૨૪ | સેઝ | ૧૭ | ૧૮ |
| ૨૫ | એસ.આઈ.આર. | ૩ | ૩ |
| ૨૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૪૭ | ૪૭ |
| ૨૭ | ટુરીઝમ | ૯૭ | ૧૪૭ |
| ૨૮ | ટ્રાઈબલ | ૧૯ | ૧૯ |
| ૨૯ | અર્બન ડેવલપમેન્ટ | ૨૬૨ | ૩૧૬ |
| ૩૦ | વૉટર રીસોસીસ | ૬ | ૬ |
| | અન્ય સેક્ટર | ૫ | ૫ |
| | **કુલ** | **૧૪૨૫** | **૧૬૫૩** |
| | **એમ.એસ.એમ.ઈ.** | **૧૯૨૧** | **૧૯૨૧** |
| | **એસોસિએશન** | **૫૩૧૪** | **૫૩૧૪** |
| | **એકંદરે કુલ** | **૮૬૬૦** | **૮૮૮૮** |

---------

## પત્રક-બ

| અ.નં. | સેક્ટરનું નામ | પ્રોજેક્ટસ ડ્રોપ |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૩ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૦ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૦ |
| ૪ | સીવીલ એવીએશન | ૦ |
| ૫ | એજ્યુકેશન | ૦ |
| ૬ | એન્જિનિયરીંગ એન્ડ ઓટો | ૪ |
| ૭ | એનવાયરમેન્ટ | ૦ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૦ |
| ૯ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૦ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૧ |
| ૧૧ | હેલ્થ કેર | ૦ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૦ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૦ |
| ૧૪ | લોજીસ્ટીક | ૦ |
| ૧૫ | મીનરલ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ | ૦ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૦ |
| ૧૭ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૦ |
| ૧૮ | પી.સી.પી.આઈ.આર. | ૨ |
| ૧૯ | ફાર્માસ્યુટીકલ | ૦ |
| ૨૦ | પોર્ટ | ૦ |
| ૨૧ | પાવર | ૦ |
| ૨૨ | પાવર રીનોવેબલ | ૦ |
| ૨૩ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૦ |
| ૨૪ | સેઝ | ૧ |
| ૨૫ | એસ.આઈ.આર. | ૦ |
| ૨૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૦ |
| ૨૭ | ટુરીઝમ | ૨ |
| ૨૮ | ટ્રાઈબલ | ૦ |
| ૨૯ | અર્બન ડેવલપમેન્ટ | ૭૭ |

| અ.નં. | સેક્ટરનું નામ | પ્રોજેક્ટસ ડ્રોપ |
|---|---|---|
| ૩૦ | વોટર રીસોસીસ | ૦ |
| ૩૧ | અન્ય સેક્ટર | ૦ |
| | **કુલ :** | **૯૦** |
| | **એમ.એસ.એમ.ઈ.** | **૮૬** |
| | **એસોસિએશન** | **૦** |
| | **એકંદરે કુલ** | **૧૭૬** |

--------------

## પત્રક-ક

| અ.નં. | સેક્ટરનું નામ | પ્રોજેક્ટસ કમીશન્ડ |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૩૫ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૫ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૨ |
| ૪ | સીવીલ એવીએશન | ૦ |
| ૫ | એજ્યુકેશન | ૦ |
| ૬ | એન્જિનિયરીંગ એન્ડ ઓટો | ૩૪ |
| ૭ | એનવાયરમેન્ટ | ૦ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૪ |
| ૯ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૦ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૧ |
| ૧૧ | હેલ્થ કેર | ૦ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૦ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૦ |
| ૧૪ | લોજીસ્ટીક | ૦ |
| ૧૫ | મીનરલ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ | ૦ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૦ |
| ૧૭ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૧ |
| ૧૮ | પી.સી.પી.આઈ.આર. | ૬ |
| ૧૯ | ફાર્માસ્યુટીકલ | ૪ |
| ૨૦ | પોર્ટ | ૮ |
| ૨૧ | પાવર | ૦ |
| ૨૨ | પાવર રીનોવેબલ | ૦ |
| ૨૩ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૦ |
| ૨૪ | સેઝ | ૦ |
| ૨૫ | એસ.આઈ.આર. | ૦ |
| ૨૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૧૩ |
| ૨૭ | ટુરીઝમ | ૪ |
| ૨૮ | ટ્રાઈબલ | ૦ |
| ૨૯ | અર્બન ડેવલપમેન્ટ | ૦ |
| ૩૦ | વોટર રીસોસીસ | ૦ |
| ૩૧ | અન્ય સેક્ટર | ૦ |
| | **કુલ :** | **૧૪૫** |
| | **એમ.એસ.એમ.ઈ.** | **૧૧૬૪** |
| | **એસોસિએશન** | **૦** |
| | **એકંદરે કુલ** | **૧૩૦૯** |

--------------

## મહેસાણા જિલ્લામાં નર્મદા નહેરના કામો

૧૮૨૭૫ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નર્મદા નહેરના નવા કામો શરૂ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બાબત હાલ ક્યા તબક્કે છે, | (૨) ટેન્ડરોની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) નવા કામો ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૩) વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં શરૂ કરવાનું આયોજન છે. |

(૪) આ નવા કામો કેટલી સમય મર્યાદામાં પૂરા કરવામાં આવશે ?

(૪) ૧૮ માસની સમય મર્યાદામાં પૂરા કરવાનું આયોજન છે.

**વલસાડ જિલ્લામાં હથિયાર પરવાના**

૧૮૪૩૧ **: શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર હથિયાર લાયસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલા હોય અને પોલીસ/મેજીસ્ટ્રેટનો અભિપ્રાય નકારાત્મક હોય છતાં કોને કોને ક્યા પ્રકારના હથીયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે ?

**જવાબ**

આવા કોઈ પરવાના આપવામાં આવેલ નથી.

**જૂનાગઢ જિલ્લામાં સાગરખેડૂ યોજના અન્વયે ખર્ચ**

૧૮૧૭૦ **: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ-૨૦૧૦-૨૦૧૧ દરમિયાન તા. ૩૧-ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિ એ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા કિલોમીટર જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલાઓ બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે ""સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન તા. ૩૧ ડીસેમ્બર-૧૦ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ રૂા. ૬૧૩.૬૧ લાખના ખર્ચે ૧૦૯૫.૩૨ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૨૬૪ થાંભલા બદલવામાં આવ્યા છે.

**ડાંગ જિલ્લાના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન**

૧૮૦૦૧ **: શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલા કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧-(એક) કોમ્યુનીટી હોલ.

---------

**ફોરેન્સિક સાયન્સની સુવિધાઓ બાબત**

૧૮૨૧૨ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સુવિધાઓ રાજ્યમાં ક્યાં ક્યાં ઉપલબ્ધ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સુવિધાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ઉપલબ્ધ છે.

(૧) ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર (ખાતાની વડી કચેરી)

(૨) ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, અમદાવાદ (પ્રાદેશિક ક્ચેરી)

(૩) પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જુનાગઢ (પ્રાદેશિક ક્ચેરી)

(૪) પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, સુરત (પ્રાદેશિક ક્ચેરી)

(૫) પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, વડોદરા (પ્રાદેશિક ક્ચેરી)

(૬) પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, રાજકોટ (પ્રાદેશિક ક્ચેરી)

(૭) જીલ્લા ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, વલસાડ (જીલ્લા ક્ચેરી)

(૮) રાજ્યના ૩૩ પોલીસ જીલ્લાઓમાં ગુન્હા સ્થળની તપાસ માટે મોબાઈલ ઈન્વેસ્ટીગેશનવાન

(૯) ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અને સુરત ખાતે ગો-માંસના સ્થળ ઉપર પરીક્ષણ માટે મોબાઈલવાનની સુવિધા

(૨) આ સુવિધા જિલ્લાવાર ઉપલબ્ધ કરાવવા માટે સરકારશ્રી દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ?

(૨) મોબાઈલ પ્રયોગશાળાના સ્વરૂપમાં આવી સુવિધા તમામ જીલ્લાઓને પુરી પાડવામાં આવેલ છે. જીલ્લા સ્તરે ગુન્હા તપાસ માટે ૨૪ X ૭ વ્યવસ્થા ઉભી કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનેલ છે.

---------

## મંત્રીશ્રીઓની હવાઈ મુસાફરી

૧૮૩૮૪ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૧૦ થી તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં મુખ્યમંત્રી તથા મંત્રીમંડળના ક્યાં ક્યાં સભ્યોએ હવાઈ અને હેલીકોપ્ટરની કેટ કેટલી મુસાફરી કરી, અને

**જવાબ**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી તથા નીચે દર્શાવેલ મંત્રીમંડળના સભ્યશ્રીઓએ હવાઈ અને હેલીકોપ્ટરની મુસાફરી કરેલ હતી

| ક્રમ | માન. મંત્રીશ્રીનું નામ |
|---|---|
| ૧ | શ્રી વજુભાઈ વાળા |
| ૨ | શ્રીમતી આનંદીબેન પટેલ |
| ૩ | શ્રી નરોત્તમભાઈ પટેલ |
| ૪ | શ્રી ફકીરભાઈ વાઘેલા |
| ૫ | શ્રી જયનારાયણ વ્યાસ |
| ૬ | શ્રી સૌરભભાઈ પટેલ |
| ૭ | શ્રી પરબતભાઈ પટેલ |
| ૮ | શ્રી વાસણભાઈ આહીર |
| ૯ | શ્રી મંગુભાઈ પટેલ |
| ૧૦ | શ્રી પ્રદીપસિંહ જાડેજા |

તેઓશ્રીઓએ કુલ ૧૬૯ ક્લાક અને ૪૫ મીનીટ મુસાફરી કરી હતી.

(૨) આ મુસાફરી કરવાના હેતુ શા હતા?

(૨) સરકારી કામકાજ અર્થે

---------

## વાયબ્રન્ટ સમીટ-૨૦૦૩ અને ૨૦૦૫ના એમ.ઓ.યુ.માં થયેલ મૂડીરોકાણ

૧૮૬૯૮ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં જે ઉદ્યોગોએ એમ.ઓ.યુ. કરેલ હતા તે પૈકી ક્યા ક્યા ઉદ્યોગો કેટલા મૂડીરોકાણ સાથે કાર્યાન્વિત થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ક્યા ક્યા ઉદ્યોગોએ કોઈ કાર્યવાહી કરી નથી?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં સને ૨૦૦૩ અને ૨૦૦૫માં કરેલા એમ.ઓ.યુ. પૈકી કાર્યાન્વિત થયેલ એકમોની મૂડીરોકાણ સહિતની વિગતો નીચે મુજબ છે.

| સમીટ | કાર્યાન્વિત થયેલ પ્રોજેક્ટ | |
|---|---|---|
| | સંખ્યા | મૂ. રો. |
| ૨૦૦૩ | ૪૧ | ૩૨૬૮૭.૦૦ |
| ૨૦૦૫ | ૧૧૪ | ૩૧૮૩૩.૫૮ |

વિગતવાર પત્રક * ""અ"" સામેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં સને ૨૦૦૩ અને ૨૦૦૫માં કરેલ અમે.ઓ.યુ. પૈકી જે ઉદ્યોગોએ કોઈ કાર્યવાહી કરી નથી તેની વિગત નીચે મુજબ છે.

| સમીટ | ડ્રોપ પ્રોજેક્ટ |
|---|---|
| ૨૦૦૩ | ૩૩ |
| ૨૦૦૫ | ૮૯ |

વિગતવાર પત્રક * ""બ"" સામેલ છે.
(પત્રક "અ" અને "બ" સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૬૩ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા
કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) અને (૨) :

કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ પોલીસ ખાતા માટે રૂા. ૩૯.૮૨ કરોડના ખર્ચે વિવિધ કક્ષાના ૯૮૫ રહેણાંક્ના મકાનો બાંધવામાં આવેલ હોઇ પોલીસ આવાસન અંગેની જરૂરીયાતો મહદ અંશે પૂર્ણ થયેલ છે. તેથી ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના કોઇ મકાનો હાથ ઉપર લેવામાં આવેલ નથી.

## વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ ખાતાના રહેણાંક્ના મકાનો

૧૭૯૪૯ : **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨) :

વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના **કુલ-૫૦** મકાનોમાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**કુલ-૫૦** મકાનોમાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ **રૂા. ૨૬૯.૭૪** લાખનો ખર્ચ થનાર છે. હાલમાં ૫૬ મકાનોના કામો રૂા. ૩૧૧.૯૨ લાખના ખર્ચે પ્રગતિમાં છે.

---------

### ગારીયાધાર તાલુકાને સિંચાઈ માટે નર્મદાનું પાણી આપવા બાબત

૧૭૭૦૧ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારીયાધાર તાલુકો સિંચાઈથી વંચિત છે, તે વાત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો સરકાર દ્વારા આ તાલુકાને નર્મદા યોજનાનું પાણી સિંચાઈ માટે આપવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) અને (૨) ગારીયાધાર તાલુકો યોજનાના કમાન્ડ વિસ્તારમાં આવતો નથી તેથી નર્મદા યોજનાનું પાણી સિંચાઈ માટે આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### આદિવાસી વિસ્તારમાં વીજ જોડાણ આપવા બાબત

૧૭૩૪૩ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે તાજેતરમાં સને ૨૦૧૦--૧૧ના વર્ષમાં ૫૦ હજાર જેટલા વીજ જોડાણો ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આદિવાસી વિસ્તારમાં આ આદિવાસીઓને આ વીજ જોડાણો નહી આપવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણો માટેની "તત્કાલ યોજના"માં આદિજાતિ વિસ્તારોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

---------

### સરકારી કાર્યક્રમોની આમંત્રણ પત્રિકામાં વિરોધપક્ષના ધારાસભ્યો અને સંસદ સભ્યોના નામ નહીં છાપવા બાબત

૧૭૪૫૮ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં યોજવામાં આવેલ સરકારી કાર્યક્રમોમાં સ્થાનીક વિરોધપક્ષના ધારાસભ્યો અને સંસદ સભ્યોના નામ આમંત્રણ પત્રિકામાં ન છાપી પ્રોટોકોલનો ભંગ કરવા બદલની કેટલી ફરિયાદો કોના કોના તરફથી સરકારને મળી,

(૨) સરકારી કાર્યક્રમોમાં સ્થાનિક ધારાસભ્યો સંસદ સભ્યોના બદલે રાજકીય આગેવાનોને સ્થાન આપવા માટે પ્રોટોકોલમાં જોગવાઈ છે કે કેમ, અને

(૩) મળેલ ફરિયાદ અન્વયે સરકાર દ્વારા જવાબદાર અધિકારીઓ સામે ક્યા પ્રકારના પગલાં લીધા?

**જવાબ**

(૧) સરકારી કાર્યક્રમોમાં સ્થાનિક ધારાસભ્યો કે સંસદસભ્યોના નામ આમંત્રણ પત્રિકામાં છાપવા અંગેનો પરિપત્ર ન હોઈ પ્રોટોકોલ ભંગ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાં છેલ્લા બે વર્ષમાં ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓ તરફથી ૧૧ રજૂઆતો મળી છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ક્વીક રીસ્પોન્સ ટીમની રચના

૧૮૨૦૫ : **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જાહેર સુરક્ષા અને સલામતી માટે રાજ્યમાં ક્વીક રીસ્પોન્સ ટીમની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી. જાહેર સુરક્ષા અને સલામતી માટે રાજ્યમાં ક્વીક રીસ્પોન્સ ટીમની રચના કરવામાં આવી છે.

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) ગુજરાત રાજ્યની સુવર્ણ જ્યંતિ વર્ષ ૨૦૧૦ની ઉજવણીના ભાગ રૂપે રાજ્ય સરકારે ૫૦ સ્વર્ણિમ લક્ષ્યાંકો નક્કી ર્ક્યા છે તે પૈકી ગૃહ વિભાગના લક્ષ્યાંક મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં દરેક પોલીસ કમિશનર વિસ્તારમાં અને તમામ દરીયાઈ તથા સરહદી જિલ્લાઓમાં આધુનિક હથિયાર અને ટેક્નોલોજીથી સુસજ્જ ૨૧ ક્વીક રીસ્પોન્સ ટીમની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨માં વધુ ૨૦ ક્વીક રીસ્પોન્સ ટીમની રચના કરવાનું આયોજન છે.

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯માં ધોલેરા ઈન્વેસ્ટર્સ રિજીયન વિક્સાવવા થયેલ એમ.ઓ.યુ**

૧૭૩૩૭ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯ના વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં ધોલેરા ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિક્સાવવા ક્યા ક્યા ઉદ્યોગ સાહસિકોએ કેટલી રકમના એમ.ઓ.યુ. ર્ક્યા હતા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગ સાહસિકોએ કેટલા પ્રોજેક્ટ મુકેલા છે, અને

(૩) આ પ્રોજેક્ટ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૯ના વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં ધોલેરા ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિક્સાવવા નીચે મુજબના ઉદ્યોગ સાહસિકોએ એમ.ઓ.યુ. ર્ક્યા હતા.

| ક્રમ | ઉદ્યોગ કંપનીનું નામ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | યુનિવર્સલ સક્સેસ ગૃપ (યુ.એસ.ઈ.એલ.) સિંગાપુર | ૩૦,૦૦૦.૦૦ |
| ૨ | હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કંપની (એચ.સી.સી.) મુંબઈ | ૪૦,૦૦૦.૦૦ |
| ૩ | સાબિર ભાટિયા ગૃપ યુ.એસ.એ. | ૩૦,૦૦૦.૦૦ |

(૨) અને (૩)
તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ આ એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગ સાહસિકો દ્વારા પ્રોજેક્ટ તૈયાર કરવાની કામગીરી આખરી તબક્કે છે.

---------

**સાવરકુંડલા તાલુકાના વંડા ગામનું પોલીસ સ્ટેશન ભાડાના મકાનમાં રાખવા બાબત**

૧૭૬૭૬ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાના વંડા ગામે ગ્રામ્ય રૂરલ પોલીસ સ્ટેશન મંજૂર કરી શરૂને ભાડાના મકાનમાં બેસે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ગૃહ વિભાગ ધ્વારા આ રૂરલ પોલીસ સ્ટેશન માટે જમીન મેળવીને મકાન માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે, કેમ, અને

(૩) જો હા, તો શી કાર્યવાહી કરવામાં આવી છે અને પોતાનું મકાન ક્યારે બાંધવા માંગો છો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા જમીન મેળવવાની કાર્યવાહી ગતિમાં છે.

(૩) જમીન ઉપલબ્ધ થયે મકાનના બાંધકામની કામગીરી હાથ ધરી શકાશે.

---------

**ફોરેન્સિક સાયન્સ દ્વારા સેવા પૂરી પાડવા બાબત**

૧૮૨૫૮ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સિક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.
રાજ્યની એફ.એસ.એલ. આધુનિક, પારદર્શક અને તટસ્થ હોવાને કારણે દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઈ., એન.સી.બી., રેલ્વે, કસ્ટમ, એક્સાઈઝ જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પૂરી પાડે છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવી ?

(૨) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દેશના જે રાજ્યોને/ક્ન્દ્ર સરકારની સંસ્થાઓને સહાયતા પૂરી પાડવામાં આવેલ છે. તે કેસોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | નવી દીલ્હી | ૧૫૬ |
| ૨ | જમ્મુ-કાશ્મીર | ૧૫ |
| ૩ | મધ્ય-પ્રદેશ | ૦૭ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૦૪ |
| ૫ | રાજસ્થાન | ૧૬ |
| ૬ | ઝારખંડ | ૦૩ |
| ૭ | હિમાચલ પ્રદેશ | ૦૧ |
| ૮ | ગોવા | ૦૫ |
| ૯ | મહારાષ્ટ્ર | ૦૨ |
| ૧૦ | પંજાબ | ૦૪ |
| ૧૧ | હરીયાણા | ૦૭ |
| ૧૨ | તામિલનાડુ | ૦૧ |
| ૧૩ | કર્ણાટક | ૦૬ |
| ૧૪ | ઉત્તરાખંડ | ૦૧ |
| ૧૫ | આંધ્રપ્રદેશ | ૦૧ |
| ૧૬ | આસામ | ૦૧ |
| | (૧) કુલ : | ૨૩૦ |

| ક્રમ | કેન્દ્રીય સંસ્થાઓ | કેસો |
|---|---|---|
| ૧ | આર્મી | ૦૩ |
| ૨ | સી.બી.આઈ. | ૧૦ |
| ૩ | વેસ્ટર્ન રેલ્વે | ૦૩ |
| ૪ | કેન્દ્ર શાસિત પ્રદેશો | ૪૫ |
| ૫ | ઈન્સ્યોરન્સ એજન્સી | ૧૪ |
| ૬ | એરપોર્ટ ઓથોરીટી | ૦૧ |
| ૭ | કેન્દ્રીય તપાસ એજન્સી (અન્ય) | ૪૨ |
| | (૨) કુલ : | ૧૧૮ |
| | (૧) અને (૨) નો સરવાળો | ૩૪૮ |

---------

**વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૧માં ભાગ લેનાર ડેલીગેશન**

૧૮૨૨૬ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ -૨૦૧૧માં કેટલા દેશોના લોકોએ ભાગ લીધો, અને

(૨) કેટલા દેશોમાંથી મુખ્યત્વે ડેલીગેશનો આવેલા અને,

(૩) આમાં ક્યા દેશોમાંથી તેમના વડા અથવા દેશના પ્રતિનિધિ આવ્યા ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ માં કુલ ૧૦૧ દેશોના લોકોએ ભાગ લીધો હતો.

(૨) તે પૈકી ૧૫ દેશોમાંથી ૨૬ ઉચ્ચસ્તરીય ડેલીગેશનો આવેલા હતા.

(૩) ૧૫ દેશોમાંથી નીચે જણાવેલ દેશોમાંથી તેમના વડા અથવા પ્રતિનિધિ આવ્યા હતા.

* કેનેડા
* જાપાન
* રવાન્ડા
* ગેબોન
* યુ. કે.
* ત્રિનિદાદ એન્ડ ટોબાગો
* યુગાન્ડા
* બ્રાઝીલ

## સુરત જિલ્લાના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન

૧૭૯૯૮ **: શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) સુરત જિલ્લામાં પોલીસ હેડ ક્વાર્ટર, ઘલુડી, તા.-કામરેજ ખાતે ૧-(એક) કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

## કચ્છ જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૬૮૬ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે કચ્છ જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે ? | (૧) ૫૯૦ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

## સોર ઉર્જાના પ્રોજેક્ટો

૧૮૨૩૫ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં રાજ્યમાં સોર ઉર્જાથી વીજ ઉત્પાદન કરવા માટે કેટલી ક્ષમતાના પ્રોજેક્ટોને મંજૂરી અપાઈ છે, અને<br>(૨) આ પ્રોજેક્ટોની વિગતો શી છે ? | (૧) અને (૨) : વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં રાજ્યમાં સોર ઉર્જાથી વીજ ઉત્પાદન કરવા માટે ૯૫૮.૫ મેગાવૉટ માટે કુલ -૮૩ પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરવામાં આવ્યાં છે. |

## બનાસકાંઠા જિલ્લામાં નવિન જી.આઈ.ડી.સી. શરૂ કરવા બાબત

૧૭૪૦૨ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં નવિન જી.આઈ.ડી.સી. શરૂ કરવાનું આયોજન છે, | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના થરાદ અને ધાનેરા તાલુકામાં નવિન જી.આઈ.ડી.સી. શરૂ કરવાનું આયોજન છે. |
| (૨) જે તાલુકામાં જી.આઈ.ડી.સી. શરૂ કરવાની થાય છે તે તાલુકામાં જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) અને (૩) : ઉપરોક્ત બંને તાલુકાઓમાં વસાહત સ્થાપવા અંગેનો અભ્યાસ હાથ પર છે. |

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧માં થયેલા બેરોજગારોને રોજગારી આપવાના સેક્ટરવાર એમ.ઓ.યુ.

૧૭૩૪૫ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જાન્યુ.-૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં સેક્ટરવાર જે એમ.ઓ.યુ. થાય છે તેનાથી રાજ્યમાં કેટલા બેરોજગારોને કેટલી સંખ્યામાં રોજગારી મળવાનો અંદાજ છે ? | જાન્યુ.-૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં સેક્ટરવાર જે એમ.ઓ.યુ. થાય છે તેનાથી રાજ્યમાં કુલ ૬૦,૬૯,૨૦૧ રોજગારી મળવાનો અંદાજ છે. |

છે ?

---------

**રાજ્યમાં મહિલા પોલીસ સ્ટેશનની સ્થાપના બાબત**

૧૮૨૦૨ **: ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની મહિલાઓની વિશેષ સલામતી માટે તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લાઓમાં મહિલા પોલીસ સ્ટેશન ઉપલબ્ધ છે, અને

(૨) રાજ્યમાં નવા મહિલા પોલીસ સ્ટેશન બનાવવા અંગેનું કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં મહિલાઓની વિશેષ સલામતિ માટે રાજ્યના તમામ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તથા દરેક જિલ્લામાં અલગ મહિલા પોલીસ સ્ટેશન મંજૂર કરવામાં આવેલ છે.

---------

**ઓ.એન.જી.સી.એ કરેલ એસ.આર.પી.ની માંગણી**

૧૮૨૧૦ **: શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સ્થિતિએ ઓ. એન. જી. સી. દ્વારા રાજ્ય સરકાર પાસે તેઓના યુનિટો અને તેની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનની માગણી કરવામાં આવી હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઓ.એન.જી.સી.ના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એક એસ.આર.પી. બટાલીયન પુરી પાડવા માટે પાંચ વર્ષ માટે રાજ્ય સરકાર અને ઓ.એન.જી.સી. કંપની વચ્ચે સમજુતી કરાર કરવામાં આવેલ છે સમજૂતી કરાર મુજબ ઓ.એન.જી.સી.ને એક એસ.આર.પી. બટાલીયન પુરી પાડવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં છ એક્ટીવ કંપની જેનું મહેકમ એક કંપની દીઠ ૧૦૦ કર્મચારીઓ તથા એક હેડ ક્વાર્ટર કંપની પુરા પાડવાનું નક્કી કરેલ છે. ઓ.એન.જી.સી. કંપની તરફથી નવી બટાલીયનના ખર્ચ પેટે એડવાન્સ પેમેન્ટ તરીકે રૂપિયા ૨૦ કરોડ આપેલ છે.

**પોલીસ માટે તાલીમી સંસ્થાઓ**

૧૮૨૦૬ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) :** **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પોલીસ દળ માટે કઈ કઈ તાલીમી સંસ્થાઓ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કાર્યરત છે,

(૨) આ તાલીમી સંસ્થાઓને અધ્યતન બનાવવા માટે નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં કેટલી રકમ

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટેની તાલીમી સંસ્થાઓ નીચે મુજબ આવેલ છે.

૧. ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ

૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા

૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ

૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ)

(૨) તાલીમી સંસ્થાઓ માટે વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ રૂપિયા ૧૨.૭૮/- કરોડની ફાળવણી કરવામાં આવી

માટે નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને

કુલ રૂપિયા ૧૩.૭૯/- કરોડની ફાળવણી કરવામાં આવી છે.

(૩) આ સંસ્થાઓમાં કેટલા તાલીમાર્થીઓને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલીમ આપવામાં આવી ?

(૩) માહિતી નીચે પ્રમાણે છે.

| અ.નં. | બેંચની વિગત | જી.પી.એ. કરાઈ | પી.ટી.એસ., વડોદરા | પી.ટી.સી. જુનાગઢ | એસ.આર. પી.ટી.સી. ચોકી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | હથિયારી લોકરક્ષક બેઝીક તાલીમ | ૦ | ૩૯૭ | ૦ | ૦ | ૩૯૭ |
| ૨ | પો.સ.ઈ.મોડ-૨ | ૫૪૦ | ૧૪૪ | ૧૪૬ | ૦ | ૮૩૦ |
| ૩ | ગુજરાત કેડર કોર્ષ | ૦ | ૧૩૫ | ૦ | ૨૯ | ૧૬૪ |
| ૪ | બિન હથિયારી લોકરક્ષક બેઝીક તાલીમ | ૨૨૫ | ૯૧ | ૦ | ૦ | ૩૧૬ |
| ૫ | એસ.આર.પી. લોકરક્ષક બેઝીક તાલીમ | ૩૦૩ | ૧૫૪૨ | ૧૨૭૫ | ૪૭૪ | ૩૫૯ |
| ૬ | આ.પો.કો.રીફ્રેશર | ૦ | ૦ | ૭૦૮ | ૦ | ૭૦૮ |
| ૭ | આ.હે.કો. રીફ્રેશર | ૦ | ૦ | ૧૦૦ | ૦ | ૧૦૦ |
| ૮ | સહાયક પો.સ.ઈ. | ૨૫૩ | ૦ | ૩૯૮ | ૦ | ૬૫૧ |
| ૯ | એસ.આર.પી. રીફ્રેશર | ૦ | ૦ | ૦ | ૨૯૧ | ૨૯૧ |
| ૧૦ | એ.એસ.આઈ./ હે.કો. રીફ્રેશર | ૦ | ૦ | ૦ | ૧૫૮ | ૧૫૮ |
| ૧૧ | પો.સ.ઈ.કમાન્ડો | ૫૪ | ૦ | ૦ | ૦ | ૫૪ |
| ૧૨ | કમાન્ડો રીફ્રેશર | ૩૧ | ૦ | ૦ | ૦ | ૩૧ |
| ૧૩ | બેન્ડ બ્યુગલ બેઝીક | ૫૫ | ૦ | ૦ | ૦ | ૫૫ |
| ૧૪ | હથિયારી પો.સ.ઈ. બેઝીક | ૮૧ | ૦ | ૦ | ૦ | ૮૧ |
| ૧૫ | ના.પો.અધિ. બેઝીક | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | આઈ.પી.એસ. કમાન્ડો તાલીમ બેઝીક | ૯ | ૦ | ૦ | ૦ | ૯ |
| ૧૭ | જેન્ડર એન્સટાઈઝેશન | ૩૪ | ૦ | ૦ | ૦ | ૩૪ |
| ૧૮ | નાર્કોટીક્સ ડ્રગ્સની તાલીમ | ૪૫ | ૦ | ૦ | ૦ | ૪૫ |
| ૧૯ | લેટેસ્ટ રૂલીંગ વીજ રીગાર્ડ | ૧૨૬ | ૦ | ૦ | ૦ | ૧૨૬ |
| ૨૦ | મીડીયા રીલેશન ઈન ક્રાઈસીસ સીચ્યુએશન | ૩૫ | ૦ | ૦ | ૦ | ૩૫ |
| ૨૧ | બી.ડી.ડી.એસ. તાલીમ | ૭૦ | ૦ | ૦ | ૦ | ૭૦ |
| ૨૨ | અનાર્મ પો.સ.ઈ. રીફ્રેશર | ૨૩ | ૦ | ૦ | ૦ | ૨૩ |
| ૨૩ | સેમીનાર ટેરેરીઝમ-કાઉન્ટ મેઝર | ૬૧ | ૦ | ૦ | ૦ | ૬૧ |
| ૨૪ | સી.ડી.આર. એનાલીસીસ તાલીમ | ૫૮ | ૦ | ૦ | ૦ | ૫૮ |
| ૨૫ | સેમીનાર ઓન કોમ્બેટીંગ વાયોલન્સ વુમન ઈન્ટર એક્શન વીથ પોલીસ પર્સનલ | ૬૬ | ૦ | ૦ | ૦ | ૬૬ |
| ૨૬ | આઈ.પી.એસ. ડ્રસ્ટીક પ્રેક્ટીક્લ તાલીમ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ |
| | સરવાળો :- | ૨૦૭૪ | ૨૩૦૯ | ૨૬૨૭ | ૯૫૨ | ૭૯૬ |

## ગૃહ વિભાગે શરૂ કરેલ વેબ એપ્લીકેશન

૧૮૨૦૩ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ નાગરિકોની જાહેર સુવિધા માટે ગૃહ વિભાગે વેબ એપ્લીકેશન કાર્યરત કરી છે તે વાત સાચી, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની શી વિગતો છે ?

(૨) હાલમાં ગૃહ વિભાગના તમામ ખાતાના વડાઓ/પોલીસ કમિશનરશ્રીઓ/પોલીસ અધિક્ષકશ્રીઓ સહિત ૪૩ વેબસાઈટ કાર્યરત છે. જેમાં હાલમાં નાગરિકોની જાહેર સુવિધા માટે નીચે મુજબની વેબબેજ એપ્લિકેશન્સ કાર્યરત છે.

- નાના ગુનાઓ (નોન કોગિઝિબલ ક્રાઇમ્સ) માટે બનાવ/માહિતીની પ્રાથમિક જાણ

- નજીકનું પોલીસ સ્ટેશન શોધવું
- એફ.આઈ.આર.ની સ્થિતિ જાણવી.
- ખોવાયેલ / ગુમ થયેલ / અપહૃત / નાસી છુટેલ / વણઓળખાયેલ /અટક કરેલ/બિનવારસી શબ/વોન્ટેડ વ્યક્તિ શોધો.
- પોલીસ બેન્ડ બુકિંગ
- ખોવાયેલ મોબાઈલની માહિતી
- ખોવાયેલ/ ચોરાયેલ અન્ય વસ્તુની જાણ
- ખોવાયેલ/ ચોરાયેલ પાસપોર્ટની જાણ
- ખોવાયેલ વ્યક્તિની જાણ
- ખોવાયેલ/ ચોરાયેલ વાહન અંગે જાણ
- ભાડુઆત/ ઘરઘાટી નોંધણી ફોર્મ

**પાટણ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો**

૧૭૯૬૧ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) : પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦ દરમ્યાન પોલીસ ખાતા માટે રૂા. ૧૫૭૭.૯૯ લાખના ખર્ચે વિવિધ કક્ષાના ૨૫૩ રહેણાંકના મકાનો બાંધવામાં આવેલ હોઈ પોલીસ આવાસન અંગેની જરૂરીયાતો મહદ્દઅંશે પૂર્ણ થયેલ છે. તેથી ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંકના કોઈ મકાનો હાથ ઉપર લેવામાં આવેલ નથી. જેથી આ સમયગાળા દરમ્યાન ખર્ચ થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

**રક્ષા શક્તિ યુનિવર્સિટીનું મકાન**

૧૮૨૧૫ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રક્ષાશક્તિ યુનિવર્સિટી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાડાના મકાનમાં કાર્યરત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકારે યુનિવર્સિટીનું અલાયદું મકાન બનાવવા શાં પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) ના. જી. રક્ષાશક્તિ યુનિવર્સિટી હાલ ઉપલબ્ધ સરકારી મકાનમાં મેઘાણીનગર, અમદાવાદ ખાતે સફળતા પૂર્વક કાર્યરત છે.

(૨) યુનિવર્સિટીના અલગ કેમ્પસના બાંધકામ માટે દહેગામ તાલુકાના લવાડ ગામે ૧૯૨ એકર જમીન ફાળવવામાં આવેલ છે. જ્યાં બાંધકામ માટે આર્કીટેકટની નિમણૂંક માટે તથા એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ મેળવવા વર્તમાનપત્રમાં જાહેર ખબર આપવામાં આવી છે.

--------

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ માં સોર ઉર્જાથી વિજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.

૧૭૩૯૭ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯માં સોર ઉર્જાથી વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ. માંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા અને ક્યા ક્યા ઉત્પાદકોએ તેમની કામગીરીને મંજૂરી મળતાં કામગીરી હાથ ધરી છે, અને

(૨) તે અન્વયે ક્યા ક્યા એકમોએ પાવર પરચેઝ માટે એક યુનિટ દીઠ શા ભાવે વિજ ભાવના કરાર ક્ર્યા છે ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ સમિટ-૨૦૦૯માં સોર ઉર્જાથી વિજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ. પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કુલ ૧૬ ઉત્પાદકોએ કામગીરી હાથ ધરી છે જેની વિગતવાર માહિતી આ સાથેના પત્રક*માં સામેલ છે.

(૨) ઉપર્યુક્ત ૧૬ એકમોએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. સાથે નીચે જણાવેલ દરથી વીજળી વેચવા કરાર કરેલ છે.

| | |
|---|---|
| સોલર ફોટોવોલ્ટેઈક | (૧) રૂા. ૧૫/-પ્રતિ યુનિટ પ્રથમ ૧૨ વર્ષ માટે .<br>(૨) રૂા. ૫/-પ્રતિ યુનિટ ૧૩માં વર્ષથી ૨૫ વર્ષ સુધી. |

**પત્રક***

| ક્રમાંક | એકમનું નામ | કેપેસેટી મે.વો. | પ્રોજેક્ટનું સ્થળ | વીજ ખરીદી કરાર કરેલ છે કે કેમ ? | પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવાની સંભવિત તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | એસ્ટોનફિલ્ડ સોલર (ગુજરાત) પ્રા. લી. | ૧૧.૫ | લોના, જિ. કચ્છ | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૨ | અઝુર પાવર પ્રાઈવેટ લી. | ૧૫ | ઝિંઝુવાડા જિ. સુરેન્દ્રનગર ખડોળા, જિ. સાબરકાંઠા | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૩ | યુરો સોલર પ્રા. લી. | ૫ | શિવલખા, જિ. કચ્છ | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૪ | લેંકો ઈન્ફ્રાટેક લી. | ૩૫ | ભદ્રાળા, જિ. પાટણ | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૫ | મિલેનીયમ સીનર્જી (ગુજરાત) પ્રા. લી. | ૧૦ | ધામા, જિ. સુરેન્દ્રનગર | હા જી | ૩૦-૦૯-૨૦૧૧ |
| ૬ | મોસર બેર એનર્જી એન્ડ ડેવલપમેન્ટ લી. | ૧૫ | મીઠા, જિ. મહેસાણા | હા જી | ૩૦-૦૬-૨૦૧૧ |
| ૭ | પીએલજી પાવર લી. | ૪૦ | લોલાડા જિ. પાટણ | હા જી | ૩૦-૦૬-૨૦૧૧ |
| ૮ | પ્રેસીયસ એનર્જી સર્વિસ પ્રા. લી. | ૧૫ | દલપતપુરા જિ. બનાસકાંઠા | હા જી | ૩૦-૦૬-૨૦૧૧ |
| ૯ | સોલીટેઈર એનર્જી પ્રા. લી. | ૧૫ | દલપતપુરા જિ. બનાસકાંઠા | હા જી | ૩૦-૦૬-૨૦૧૧ |
| ૧૦ | સનકોન એનર્જી પ્રા. લી. | ૧૦ | સુરેલ, જિ. સુરેન્દ્રનગર | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૧ | યુનિટી પાવર પ્રા. લી. | ૫ | ઝાપોદા, જિ. અમરેલી | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૨ | વા સોલર પ્રાઈવેટ લી. | ૧૦ | ટિકર, જિ. સુરેન્દ્રનગર | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૩ | એક્મે ટેલી પાવર લી. | ૧૫ | ગુંઠાવાડા, જિ. બનાસકાંઠા | હા જી | ૨૯-૦૫-૨૦૧૧ |
| ૧૪ | વેલ્સપન ઉર્જા ઈન્ડિયા લી. | ૧૫ | નવા ઈન્દેવા જિ. બનાસકાંઠા | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૫ | ઈન્સ્પિરા સોલર પ્રા. લી. | ૧૫ | આંબલીયા જિ. કચ્છ | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| ૧૬ | સનબોર્ન એનર્જી ગુજરાત વન પ્રા.લી. | ૧૫ | કરમારીયા જિ. કચ્છ | હા જી | ૩૧-૧૨-૨૦૧૧ |
| | કુલ : | ૨૪૬.૫ | | | |

## ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ઘસારાની રકમ વસૂલ કરવા બાબત

૧૮૩૫૪ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ક્ન્સેસન કરાર દ્વારા વિક્સેલ Boot, Boom કે અન્ય સવલતોએ વિક્સેલ ખાનગી બંદરો પર થયેલ ખર્ચના ઘસારા પેટે કરાર અનુસાર રકમ મેરીટાઈમ બોર્ડમાં જમા લેવામાં આવી નથી તે હકીક્ત સાચી છે, | (૧) ખાનગી બંદરોના કરારનામા અનુસાર ઘસારા ખર્ચ માટે જોગવાઈ નથી આથી પ્રશ્ન ઉદ્ભવતો નથી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ક્યા ક્યા બંદરો વિકાસકારો દ્વારા કેટલા ખર્ચની સામે કુલ ઘ ાસારાની કેટલી રકમ જમા લેવામાં આવી નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઘસારાની કેટ કેટલી રકમ ક્યા ક્યા બંદર/ વિકાસકારોએ કરેલ ખર્ચ પેટે જમા લેવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## આણંદ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૫૬ **: શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને<br>(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૧) અને (૨) : આણંદ જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના કુલ-૫૦ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂા. ૨૯૮.૮૪ લાખનો ખર્ચ થનાર છે. |

---------

## ખેડા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૫૫ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને<br>(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૧) અને (૨) : ખેડા જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના કુલ-૧૬૦ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂા. ૯૦૬.૩૧ લાખનો ખર્ચ થનાર છે. |

## સરદાર સરોવર યોજના પાછળ થયેલ ખર્ચ

૧૭૩૧૮ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તારીખ ૩૧મી ડીસેમ્બર-૨૦૧૦ સુધીમાં સરદાર સરોવર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૧) તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૧૦ સુધીમાં સરદાર સરોવર યોજના પાછળ કુલ રૂ. ૩૨૬૪૫.૪૯ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૨) હવે કેટલું કામ કરવાનું બાકી છે ? | (૨) મુખ્ય બંધનું કામ ૧૨૧.૯૨ મીટરથી ઉપર કરવાનું બાકી છે. તે સિવાય શાખા નહેરો, વિશાખા, માઇનોર અને સબમાઇનોરના કામો પણ બાકી છે. આ બાકી રહેતા કામોની |

અંદાજીત રકમ રૂ. ૧૮૩૬૩.૧૦ કરોડ છે.

### ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૬૫ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) ભાવનગર જિલ્લામાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના **કુલ-૧૧૨** મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે **કુલ રૂા.૬૬૬.૧૩** લાખનો ખર્ચ થનાર છે. હાલમાં ૧૮૭ મકાનોના કામો રૂા.૧૦૪૧.૪૬ લાખના ખર્ચે પ્રગતિમાં છે.

### અમરેલી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૬૭ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) અમરેલી જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના **કુલ-૧૦૪** મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે **કુલ રૂા.૭૩૫.૮૩** લાખનો ખર્ચ થનાર છે. હાલમાં **૧૪૯** મકાનોના કામો રૂા.૯૬૯.૯૯ લાખના ખર્ચે પ્રગતિમાં છે.

---------

### ૧૨૬/page> જૂનાગઢ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૬૮ **: શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) જૂનાગઢ જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના **કુલ-૧૧૨** મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે **કુલ રૂા.૭૧૮.૨૭** લાખનો ખર્ચ થનાર છે. હાલમાં **૧૧૩** મકાનોના કામો **રૂા.૭૨૭.૦૬** લાખના ખર્ચે પ્રગતિમાં છે.

---------

### વલસાડ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૧૭૯૪૭ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) વલસાડ જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના **કુલ-૨૪** મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે **કુલ રૂા.૧૪૬.૨૫** લાખનો ખર્ચ થનાર છે. હાલમાં **૩૮** મકાનોના કામો રૂા.૨૫૨.૬૦ લાખના ખર્ચે પ્રગતિમાં છે.

---------

**અમદાવાદ શહેરમાં પોલીસ ખાતાના રહેણાંકના કામો**

૧૭૯૪૩ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં અમદાવાદ શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે,

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : અમદાવાદ શહેરમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંકના **કુલ-૩૫૪** મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ **રૂા. ૧૯૦૫.૧૩** લાખનો ખર્ચ થનાર છે. બાકી કામો ડિસેમ્બર ૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. હાલમાં **૬૩૮** મકાનોના કામો રૂા. **૩૪૨૧.૧૪** લાખના ખર્ચે પ્રગતિમાં છે.

---------

**મહેસાણા જિલ્લામાં ધર્મ પરિવર્તન કાયદા અન્વયે કેસો**

૧૮૭૨૧ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધર્મ પરિવર્તન કાયદા અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસો નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા કેસોમાં મંજૂરી મળી ?

**જવાબ**

(૧) એક પણ કેસ નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત હજીરા ખાતેની આર.ઝેડમાંથી ગેરકાયદેસર રેતી લઇ જવા બાબત**

૧૭૬૩૧ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત હજીરા ખાતેના આર.ઝેડ ઝોનમાં એસ્સાર કંપની તથા સિમેન્ટ કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રેતી કાઢવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ અંગે ખાણ ખનીજ ખાતા તરફથી કેસો કરવામાં આવ્યા છે કે કેમ, અને

(૩) જો હા, તો ગેરકાયદેસર રેતી કાઢવા અંગે જવાબદારો સામે શાં પગલાં લીધેલાં છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન રહેતો નથી.

---------

**માજી સૈનિકોને પોલીસ ભરતીમાં લાભ**

૧૮૨૦૦ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માજી સૈનિકોના પુનઃ વસન માટે પોલીસ ભરતીમાં કોઇ લાભ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તેના માટે શું વિશિષ્ટ જોગવાઇઓ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રવર્તમાન જોગવાઇ મુજબ માજી સૈનિકો માટે ૧૦ ટકા અનામતની જોગવાઇ તેમજ વય મર્યાદામાં છુટછાટની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઉપરાંત માજી સૈનિકો માટે શારીરિક ક્ષમતા કસોટીમાં સામાન્ય ઉમેદવારની સરખામણીમાં ધોરણો હળવા રાખવામાં આવેલ છે.

## સ્વર્ગીય સેનાનીઓના સંતાનના પુનઃ વસન માટે પગલાં

૧૮૧૯૯ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯-૧૦ પૂર્વ સેનાનીઓ, સ્વર્ગીય પૂર્વ સેનાનીઓ અને મિલીટ્રી સેવાઓમાં અવસાન પામેલના સંતાનોના પુનઃ વસન માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા છે, અને | (૧) (અ) અભ્યાસક્રમ માટે કુલ-૩,૩૮૩ સંતાનોને રૂ. ૬૦ લાખની શિષ્યવૃત્તિ આપવામાં આવેલ છે. (બ) ઉચ્ચતર અભ્યાસક્રમ માટે કુલ ૬૬૩ સંતાનોને પ્રવેશ માટે પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. (ક) લગ્ન સહાય પેટે કુલ ૧૪૫ દિકરીઓને કુલ રૂ. ૧૫.૦૫ લાખની સહાય આપવામાં આવેલ છે. (ડ) જેઓના માતા-પિતા હયાત નથી તેવા એક દિકરી સહિત કુલ-૪ સંતાનોને માસિક રૂ. ૨૦૦૦ની સહાય આપવામાં આવે છે. |
| (૨) આ યોજના હેઠળ કેટલો લાભ આપવામાં આવ્યો છે ? | (૨) કુલ-૪,૧૯૫ લાભાર્થીઓને રૂ. ૭૬.૦૧ લાખની સહાય આપવામાં આવેલ છે. |

---------

## ઝગડીયા તાલુકાના તલોદરા જી.આઈ.ડી.સી. માંથી માટી મુરમ માટે થતી ચોરીઓ

૧૭૪૦૦ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકાના તલોદરા જી.આઈ.ડી.સી.માંથી માટી મુરમ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મોટા પાયે ચોરીઓ થઈ છે, તેવી કેટલી ફરિયાદો સરકારને મળી છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | ફરીયાદ |
|---|---|
| ૨૦૦૯ | શૂન્ય |
| ૨૦૧૦ | ૬ |
| કુલ | ૬ |

**પ્રશ્ન**

(૨) આ જમીન જી.આઈ.ડી.સી.ની માલીકીની હોઈ આવી ચોરી માટે જવાબદારો સામે સરકાર શું પગલાં ભરવા માંગે છે?

**જવાબ**

(૨) ઉપરોક્ત ફરીયાદોની તપાસ કરતા ખનિજ ચોરી ન થયેલ હોવાનું જણાયેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## સાબરકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૧૭૯૬૦ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૧) અને (૨) સાબરકાંઠા જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંકના કુલ-૨૭ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂા. ૧૮૫.૭૮ લાખનો ખર્ચ થનાર છે. |

## અન્ય રાજ્યોને વેચેલ વીજળી બાબત

૧૮૪૩૬ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી ક્યા ક્યા રાજ્યોને શા ભાવે વેચી ? | રાજ્ય સરકાર રાજ્યના તમામ વીજ ગ્રાહકોને વીજળી પૂરી પાડવા પ્રતિબધ્ધ છે. તેમ છતાં રાત્રિના સમય દરમ્યાન, રજાના દિવસોમાં, ખેતીવાડીની વીજ માંગ ઓછી હોય તેવા સમયે તેમજ વરસાદની ઋતુમાં રાજ્યની વીજ માંગ ઓછી હોય તેવા પ્રસંગોએ વધારાની વીજળી અન્ય રાજ્યની વીજ ખેંચને પહોંચી વળવા આપવામાં આવે છે. વધુમાં, રાજ્યની વીજ માંગ ઓછી હોય તેવા |

સમયે રાષ્ટ્રીય સંપત્તિ એવા વીજ મથકો બિનઉપયોગી ન રહે અને કુલ વીજ ખરીદીની પડતર કિંમત ઘટે તે હેતુસર તેનો મહત્તમ ઉપયોગ થાય તે માટે રાજ્ય બહાર વીજળી આપવામાં આવે છે. તદ્નુસાર તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યવાર વેચેલ વીજળીની માહિતી **પત્રક-અ** મુજબ છે

**પત્રક-અ**

| રાજ્ય | ૨૦૦૮ | | | ૨૦૦૯ | | | ૨૦૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મિલીયન યુનીટ | રૂા./ યુનીટ | રૂા. કરોડમાં | મિલીયન યુનીટ | રૂા./ યુનીટ | રૂા. કરોડમાં | મિલીયન યુનીટ | રૂા./ યુનીટ | રૂા. કરોડમાં |
| રાજસ્થાન | ૨૭.૨૯ | ૮.૫૧ | ૨૩.૨૩ | ૬૮.૫૬ | ૬.૪૭ | ૪૪.૩૫ | ૨૧૨.૬૧ | ૪.૩૪ | ૯૨.૨૦ |
| તમિલનાડુ | ૪.૬ | ૮.૯૫ | ૪.૧૧ | ૧૩૬.૧૬ | ૮.૨૧ | ૧૧૧.૮૩ | ૧૦૦૨.૩૬ | ૪.૦૫ | ૪૦૬.૬૮ |
| ઉત્તરપ્રદેશ | ૦.૧૫ | ૮.૩૦ | ૦.૧૨ | ૧૧.૬૨ | ૫.૨૨ | ૬.૦૬ | ૧૮૬.૧૪ | ૪.૨૩ | ૭૮.૮૦ |
| મહારાષ્ટ્ર | ૧૨૭.૧૮ | ૭.૭૦ | ૯૭.૮૯ | ૪૩.૩૯ | ૭.૯૯ | ૩૪.૬૬ | ૪૦.૯૭ | ૫.૭૪ | ૨૩.૫૨ |
| દિલ્હી | ૦.૬૩ | ૯.૫૨ | ૦.૬૦ | ૧.૩૪ | ૬.૮૬ | ૦.૯૨ | ૫૫.૬૮ | ૫.૧૦ | ૨૮.૩૭ |
| આંધ્રપ્રદેશ | ૨૫૮.૫૩ | ૭.૬૬ | ૧૯૭.૯૨ | ૩૧.૫૮ | ૮.૬૭ | ૨૭.૩૯ | -- | -- | -- |
| છત્તીસગઢ | -- | -- | -- | ૨.૧૪ | ૫.૮૪ | ૧.૨૫ | -- | -- | -- |
| હરિયાણા | -- | -- | -- | ૨૫૯.૪૩ | ૫.૮૬ | ૧૫૨.૦૬ | -- | -- | -- |
| હીમાચલપ્રદેશ | ૪.૦૪ | ૬.૮૧ | ૨.૭૫ | -- | -- | -- | -- | -- | -- |
| ઉત્તરાખંડ | -- | -- | -- | ૭.૮૬ | ૧૧.૧૭ | ૮.૭૮ | -- | -- | -- |
| કર્ણાટક | -- | -- | -- | ૭.૬૧ | ૬.૪૯ | ૪.૯૪ | ૧૫૨.૪૧ | ૪.૯૩ | ૭૫.૧૭ |
| મધ્યપ્રદેશ | ૩૫.૦૩ | ૭.૫૯ | ૨૬.૫૯ | ૦.૬ | ૮.૫૦ | ૦.૫૧ | -- | -- | -- |
| પશ્ચિમબંગાળ | -- | -- | -- | -- | -- | -- | ૦.૩૧ | ૪.૫૨ | .૧૪ |
| **કુલ** | **૪૫૭.૪૫** | **૭.૭૨** | **૩૫૩.૨૧** | **૫૭૦.૨૯** | **૬.૮૯** | **૩૯૨.૭૫** | **૧૬૫૦.૪૮** | **૪.૨૭** | **૭૦૪.૮૮** |

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટ સમીટ-૨૦૧૧ માટે થયેલ હોટલ બુકિંગ

૧૮૬૪૯ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે જાન્યુઆરી-૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં આવનાર દેશ-વિદેશના પ્રતિનિધિઓ માટે કેટલી હોટલો-કલબોમાં કેટલા દિવસ માટે બુકીંગ કરવામાં આવેલ, અને

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ગાંધીનગર ખાતે જાન્યુઆરી-૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ સમિટમાં આવનાર દેશ-વિદેશના પ્રતિનિધિઓ માટે ઈન્ડેક્ષ્ટબી દ્વારા નીચે મુજબની હોટલ/કલબોમાં બુકીંગ કરવામાં આવ્યું હતું.

| હોટલ/કલબો | રૂમ | દિવસ |
|---|---|---|
| ૧. કર્ણાવતી કલબ | ૧૨ | ૧૦ થી ૧૩ જાન્યુ. ૨૦૧૧ |
| ૨. રાજપથ કલબ | ૦૬ | ૧૦ થી ૧૩ જાન્યુ. ૨૦૧૧ |
| ૩. પ્રિસ્ટાઈન રેસીડેન્સી | ૦૩ | ત્રણ પૈકી બે રૂમ ૯ થી ૧૩ જાન્યુ. ૨૦૧૧ માટે અને એક રૂમ ૮ થી ૧૪ જાન્યુ. ૨૦૧૧ માટે. |

(૨) ઉપરોક્ત હોટલમાં રોકાણ સંબંધી તા. ૧૦-૨-૨૦૧૧ અંતિતે ઈન્ડેક્ષ્ટબી દ્વારા કુલ રૂા. ૫૪,૦૩૩/નું ચૂકવણું કરેલ છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૧૭૯૬૪ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) અને (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંકના કુલ-૭૨ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂા.૩૯૭.૮૯ લાખનો ખર્ચ થનાર છે. હાલમાં કુલ ૧૪૮ મકાનોનાં કામો રૂા. ૮૦૩.૯૭ લાખના ખર્ચે પ્રગતિમાં છે.

## આદિવાસી વિસ્તારોમાં તત્કાલ વીજ યોજનાનો લાભ

૧૭૪૬૧ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલ તત્કાલ વીજ યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં તત્કાલ યોજનાનો લાભ નહીં આપવાના કારણો શાં છે ?

**જવાબ**

રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણો માટેની "તત્કાલ યોજના"માં આદિજાતિ વિસ્તારોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

## પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન હેઠળના શીયાલ બેટ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ

૧૭૯૭૨ **: શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) :** **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં અમરેલી જિલ્લા સ્થિત પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન હેઠળના શીયાલ બેટ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ માટે કોઈ વધારાની સગવડ આપવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી.

શીયાલ બેટ ખાતે જાફરાબાદ પોલીસ સ્ટેશન હેઠળ આઉટ પોસ્ટ શરૂ કરવાની બાબત વિચારણા હેઠળ છે.

વધુમાં શીયાલ બેટ વિસ્તાર અમરેલી જિલ્લાના પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન હેઠળ નહિ પરંતુ, જાફરાબાદ પોલીસ સ્ટેશન હેઠળ આવેલ છે.

## બનાસકાંઠા જિલ્લાના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન

૧૮૦૦૩ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલા કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બનાસકાંઠા જિલ્લામાં પોલીસ હેડ ક્વાર્ટર, પાલનપુર ખાતે ૧-(એક) કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે.

## વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯માં થયેલ કરારો

૧૮૩૭૯ **: શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :** **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ-વર્ષ ૨૦૦૯માં ક્યા ઉદ્યોગો માટે કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા ?

**જવાબ**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-વર્ષ ૨૦૦૯માં ૮૬૬૦ એમ.ઓ.યુ. (૮૮૮૮ પ્રોજેક્ટો) માટે કુલ રૂા. ૧૨,૩૭,૫૭૧.૦૦ કરોડના થયા. જેનું પત્રક-અ આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

| અ. નં. | સેક્ટરનું નામ | અપેક્ષિત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૨૮૬૫૪.૫૫ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૨૫૦૮.૫૦ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૪૨૪૭૩.૦૦ |
| ૪ | સીવીલ એવીએશન | ૧૨૦૪૪.૦૦ |
| ૫ | એજ્યુકેશન | ૧૩૭૦૪.૯૪ |
| ૬ | એન્જિનિયરીંગ એન્ડ ઓટો | ૪૬૩૧૩.૨૨ |
| ૭ | એનવાયરમેન્ટ | ૯૩૬૮.૦૧ |
| ૮ | ફાઈનાન્સીઅલ સેક્ટર | ૬૧૭૬૦.૦૦ |
| ૯ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૯૦૭૫.૦૦ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૮૭૩૨.૫૦ |
| ૧૧ | હેલ્થ કેર | ૧૬૦૩૨.૧૯ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૨૮૩૧૦.૦૦ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૪૬૫૦૬.૯૬ |

| અ. નં. | સેક્ટરનું નામ | અપેક્ષિત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧૪ | લોજીસ્ટીક | ૨૨૨૫.૦૦ |
| ૧૫ | મીનરલ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ | ૪૨૭૦૦.૩૫ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૭૮૧૬૬.૦૦ |
| ૧૭ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૭૪૨.૫૦ |
| ૧૮ | પી.સી.પી.આઈ.આર. | ૨૩૦૨૩.૫૮ |
| ૧૯ | ફાર્માસ્યુટીકલ | ૨૭૦૫.૬૬ |
| ૨૦ | પોર્ટ | ૮૫૭૨૦.૦૦ |
| ૨૧ | પાવર | ૨૧૧૮૯૫.૦૦ |
| ૨૨ | પાવર રીનોવેબલ | ૧૦૯૧૪૯.૦૦ |
| ૨૩ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૧૯૦૦૦.૫૭ |
| ૨૪ | સેઝ | ૬૫૪૧૪.૦૦ |
| ૨૫ | એસ.આઈ.આર. | ૧૦૦૦૦૦.૦૦ |
| ૨૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૮૪૮૪.૦૦ |
| ૨૭ | ટુરીઝમ | ૪૧૪૩૮.૮૯ |
| ૨૮ | ટ્રાઈબલ | ૬૯૯.૨૭ |
| ૨૯ | અર્બન ડેવલોપમેન્ટ | ૧૦૧૪૪૪.૩૦ |
| ૩૦ | વોટર રીસોર્સીસ | ૬૦૬૭.૦૦ |
| | અન્ય | ૧૦૦૦.૦૦ |
| | **કુલ** | **૧૨૨૫૩૫૭.૯૯** |
| | **એમ.એસ.એમ.ઈ.** | **૧૨૨૧૨.૪૯** |
| | **એકંદરે કુલ** | **૧૨૩૭૫૭૦.૪૮** |

## ગાંધીનગર જિલ્લામાં હથિયાર પરવાના

૧૮૬૬૪ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર હથિયાર લાયસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલા હોય અને પોલીસ/મેજીસ્ટ્રેટનો અભિપ્રાય નકારાત્મક હોય છતાં કોને કોને ક્યા પ્રકારના હથિયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે ?

**જવાબ**

આવા કોઈ હથિયાર પરવાના આપવામાં આવેલ નથી.

## કોલસા આધારિત વીજ મથકો માટે ખરીદેલ કોલસા

૧૮૨૨૩ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ રાજ્યના કોલસા આધારિત વીજ મથકો માટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા રાજ્યોમાંથી કોલસાનો જથ્થો મેળવવામાં આવ્યો, અને

(૨) તેનો પડતર ખર્ચ વર્ષવાર કેટલો થયો ?

**જવાબ**

(૧) અને (૨)

છેલ્લા ત્રણ વર્ષમાં છત્તીસગઢ અને મહારાષ્ટ્ર રાજ્યોમાંથી કોલસાનો જથ્થો મેળવવામાં આવ્યો. જેના જથ્થા અને પડતર ખર્ચની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મહારાષ્ટ્રથી મેળવાયેલા કોલસા | | | છતીસગઢ થી મેળવાયેલા કોલસા | | |
|---|---|---|---|---|---|---|
| વર્ષ | જથ્થો લાખ ટનમાં | પડતર ખર્ચ (રૂા. /મેટન) | કુલ ખર્ચ (રૂા. કરોડ) | જથ્થો લાખ ટનમાં | પડતર ખર્ચ (રૂા. /મેટન) | કુલ ખર્ચ (રૂા. કરોડ) |
| ૨૦૦૮ | ૮.૦૯ | ૧૯૬૯ | ૧૫૯.૨૯ | ૧૬૫.૩૩ | ૨૪૦૯ | ૩૯૮૨.૮૦ |
| ૨૦૦૯ | ૧૦.૬૧ | ૧૯૯૨ | ૨૧૧.૩૫ | ૧૬૨.૧૪ | ૨૬૫૫ | ૪૩૦૪.૮૨ |
| ૨૦૧૦ | ૧૨.૪૮ | ૨૧૪૪ | ૨૬૭.૫૭ | ૧૫૭.૦૭ | ૨૬૭૯ | ૪૨૦૭.૯૦ |

## માંડવી તાલુકામાં સ્ટોન ક્વોરીઓને ફાળવેલ જમીન

૧૮૪૮૩ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના કમલપોર ગામે ચાલતી મહાદેવ સ્ટોન ક્વોરી અને ખજરોલી ગામે ચાલતી જલારામ સ્ટોન ક્વોરીને કેટલા એકર સરકારી જમીનમાં ખોદકામ માટે પરવાનગી આપવામાં આવેલ

**જવાબ**

(૧) મહાદેવ સ્ટોન ક્વોરીને ૭.૫૦ એકર અને જલારામ સ્ટોન ક્વોરીને ૭.૫૦ એકર

છે, અને

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા એકર સરકારી જમીનમાં ખોદકામ ચાલુ રહ્યું છે ?

(૨) મહાદેવ સ્ટોન ક્વોરીમાં ૪.૧૮ એકરમાં જલારામ સ્ટોન ક્વોરીમાં ૨.૫૦ એકર વિસ્તારમાં ખાણ કામ ચાલે છે.

### જૂનાગઢ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અપાયેલ વીજ જોડાણો

૧૮૧૫૯ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૧૧૪.૬૭ લાખના ખર્ચે ૩૮૭૫ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા.

### જ્યોતિગ્રામ યોજના હેઠળ બાકી આદિજાતિ ગામોને આવરી લેવા બાબત

૧૭૭૯૯ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં કુલ કેટલા ગામો આવેલા છે,

(૨) તે પૈકી ડિસેમ્બર -૨૦૧૦ સુધીમાં કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલા છે, અને

(૩) બાકી રહેલ ગામો અને પેટાપરાઓને ક્યારે તેનો લાભ મળશે ?

**જવાબ**

(૧) રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં કુલ ૫૭૦૬ ગામો આવેલા છે.

(૨) તે પૈકી ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં ૫૬૫૦ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

(૩) માત્ર આરક્ષિત જંગલમાં આવેલ ગામ અને પેટા પરાને જ્યોતિગ્રામ યોજના નીચે આવરવાના બાકી છે. જેના પરંપરાગત વિજળીકરણ માટે વન અને પર્યાવરણ ખાતાની મંજુરી તાજેતરમાં જ મળેલ હોઈ આ તમામ ગામ અને પેટાપરાને જુલાઈ-૨૦૧૧ સુધીમાં પરંપરાગત વીજળીકરણથી સાંકળી જ્યોતિગ્રામ યોજના નીચે આવરી લેવાનું આયોજન છે.

### આદિજાતિ વિસ્તારોમાં વીજળીકરણ

૧૮૧૬૯ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં કુલ કેટલા પેટા-પરાઓનું વીજળીકરણ કરવાનું આયોજન હતું, અને

(૨) તે પૈકી તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા પેટાપરાઓના વીજળીકરણની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી, અને તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં કુલ ૧૦૫ પેટાપરાઓનું વીજળીકરણ કરવાનું આયોજન હતુ.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ-૨૦૦૯-૨૦૧૦માં ૧૦૫ પેટાપરા રૂપિયા ૬૪૯.૪૪ લાખ અને વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન ડીસેમ્બર-૨૦૧૦ અંતિત ૮૦ પેટાપરા રૂા. ૪૧૪.૭૨ લાખના ખર્ચે એમ કુલ ૧૮૨ પેટાપરાઓનું વીજળીકરણ રૂા. ૧૦૬૪.૧૬ લાખના ખર્ચે કરવામાં આવેલ છે.

---------

### વડોદરા જિલ્લાના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન

૧૭૯૯૭ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ

**જવાબ**

(૧) હા, જી.

બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે ?

(૨) એક હોલ.

---------

**કલમ-૩૨૬ મુજબ નોંધાયેલ ગુના**

૧૮૩૯૩ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં આઇ.પી.સી. કલમ-૩૨૬ના ગુના હેઠળ કેટલી ફરિયાદો નોંધાઇ, | (૧) લુણાવાડામાં એક ફરિયાદ નોંધાયેલ છે. જ્યારે ખાનપુર તાલુકામાં આવી એકપણ ફરિયાદ નોંધાયેલ નથી. |
| (૨) નોંધાયેલ ફરિયાદોમાંથી કેટલી ફરિયાદોમાંથી ૩૨૬મી કલમ કાઢી નાંખવામાં આવી છે, અને | (૨) એકપણ નહીં. |
| (૩) એક વખત ૩૨૬મી કલમ હેઠળ ગુનો નોંધ્યા બાદ ફરિયાદમાંથી આ કલમ કાઢી નાંખવાના ક્યા કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**પાટણ જિલ્લામાં નવા ઉદ્યોગો સ્થાપવાની દરખાસ્તો**

૧૭૪૩૦ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા નવા ઉદ્યોગ સ્થાપવા માટેની દરખાસ્તો સરકારને મળી, અને | (૧) આઇડીઆરની શેડયુલ I અને II હેઠળનાં ના હોય તેવા ઉદ્યોગો તથા વર્ષ ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૦ લાખથી વધુ વસ્તીવાળા શહેરી વિસ્તારોની ૨૫ કી.મી.ની ત્રિજ્યામાં ના હોય તેવા સ્થાને સ્થપાનાર મોટા ઉદ્યોગોને પૂર્વ મંજૂરી લેવાની હોતી નથી.<br>વર્ષ-૧૯૯૧ પહેલા જાહેર થયેલ ઓદ્યોગિક વિસ્તારોમાં સ્થપાતા મોટા ઉદ્યોગોએ પણ મંજૂરી લેવાની હોતી નથી. તેમજ સુક્ષ્મ લઘુ અને મધ્યમ એકમો સ્થાપવા પૂર્વ મંજૂરી લેવાની હોતી નથી. સૂક્ષ્મ અને લઘુ ક્ક્ષા માટે એક્નોલેજમેન્ટ રજુ કરવાનું સ્વેચ્છીક હોય છે. આમ પાટણ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા દરખાસ્તોની મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. |
| (૨) તે પૈકી ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી ? | (૨) ઉપર મુજબ પાટણ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા દરખાસ્તો મંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. |

**ખુશી યોજનાના ફાયદા**

૧૮૧૬૫ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂતોને પૂરતા દબાણે વીજ દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલ ખુશી યોજનાના ફાયદા ક્યા ક્યા છે, | (૧) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલ ""ક્સિાન હિત ઉર્જા શક્તિ યોજના (KHUSHY)""થી ફાયદાઓ નીચે મુજબ છે.<br>* દરેક ટ્રાન્સફોર્મર સાથે ઓછા વીજ ગ્રાહકો જોડાયેલા હોવાથી ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થતાં ઓછા વીજ ગ્રાહકોને અસર થશે.<br>* વોલ્ટેજમાં વધ-ઘટનું પ્રમાણ ઘટવાના કારણે તથા પૂરતા દબાણથી વીજ પુરવઠો મળવાના કારણે મોટરો બળવાના કિસ્સામાં ઘટાડો થશે. |

* નોંધાયેલ વીજ ગ્રાહકોમાં માલિકીપણાનો તથા જવાબદારીનો ભાવ ઊભો થવાથી તેઓ બીજા ખેડૂતોને હળવા દબાણની વીજ રેષા સાથે ચેડા કરવા દેશે નહિ અને તેથી વીજ ચોરીનું પ્રમાણ સારૂ એવું ઘટશે.

* ક્ષમતા કરતાં વધુ લોડના કારણે ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થવાના કિસ્સાઓનું પ્રમાણ ઘટવાથી વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહેશે.

* નાની ક્ષમતના ટ્રાન્સફોર્મર ગ્રાહકોના વીજ સ્થાપન નજીક મૂક્વાથી લો-વોલ્ટેજના પ્રશ્નો નિવારી શકાશે.

* આ યોજના અંતર્ગત નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર્સ વીજ કંપનીઓ દ્વારા સ્વખર્ચે મૂકાતા હોવાથી ગ્રાહકો પર કોઇ જ વધારાનો નાણાંકીય બોજો નહીં પડે.

(૨) ખુશી યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલી નાણાંકીય રકમની જોગવાઇ કરવામાં આવેલ, અને

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) અને (૩) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂા. ૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી અને તેની સામે રૂા. ૪૧.૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

### રાજકોટ જિલ્લાના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન

૧૭૯૯૯ **: શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક હોલ.

### સ્વ. અમીત બી. જેઠવાના હત્યારાને સાબરમતી જેલમાં મળતી સવલતો

૧૭૭૩૪ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વ. અમીત બી. જેઠવાના હત્યારાને સાબરમતી જેલમાં ગેરકાયદેસર સવલતો મળે છે તેવી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ફરિયાદો મળેલ છે, અને

(૨) આવી મળેલ ફરિયાદો બાદ જવાબદારો સામે શું પગલાં લીધલ છે?

**જવાબ**

(૧) અને (૨) : એક ફરિયાદ મળેલ છે, જેમાં પ્રાથમિક તપાસમાં કોઈ તથ્ય જણાયેલ નથી. આમ છતાં, ઉચ્ચ ક્ક્ષાએથી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

### રાજકોટ જિલ્લા નવા સબ સ્ટેશનોનું આયોજન

૧૮૨૫૩ **: ડૉ. ભરતભાઈ બોઘરા (જસદણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કુલ કેટલા નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને

(૨) આ સબ સ્ટેશનો કઈ કઈ જ્યાએ

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કુલ ૨૦ (વીસ) નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં

સ્થાપવામાં આવશે?

આયોજીત સબસ્ટેશનોની યાદી આ સાથેના પત્રકમાં સામેલ છે.

**પત્રક**

| અ.નં. | સબ સ્ટેશનનું નામ | તાલુકાનું નામ | કાર્યરત કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. સરતાનપર | વાંકાનેર | ૩૦.૦૯.૨૦૧૦ |
| ૨ | ૬૬ કે.વી. ઘુંટુ રોડ | મોરબી | ૩૦.૧૦.૨૦૧૦ |
| ૩ | ૬૬ કે.વી. લખધીરપુર | મોરબી | ૨૭.૧૧.૨૦૧૦ |
| ૪ | ૬૬ કે.વી. લાકડધર (માટેલ) | વાંકાનેર | ૨૯.૧૧૨૦૧૦ |
| ૫ | ૬૬ કે.વી. ભોજપરા | વાંકાનેર | ૩૦.૧૧.૨૦૧૦ |
| ૬ | ૬૬ કે.વી. નાગર પિપલીયા | લોધિકા | ૧૭.૧૨.૨૦૧૦ |
| ૭ | ૬૬ કે.વી. દલડી | વાંકાનેર | ૨૧.૧૨.૨૦૧૦ |
| ૮ | ૬૬ કે.વી. બાલધોઈ (વીરનગર) | જસદણ | ૨૭.૧૨.૨૦૧૦ |
| ૯ | ૬૬ કે.વી. સનાલી | જસદણ | ૨૭.૧૨.૨૦૧૦ |
| ૧૦ | ૬૬ કે.વી. રવાપર ધોડા | મોરબી | ૩૦.૧૨.૨૦૧૦ |
| ૧૧ | ૬૬ કે.વી. જોધપુર નાડી | મોરબી | ૩૧.૧૨.૨૦૧૦ |
| ૧૨ | ૬૬ કે.વી. આંબરડી | જસદણ | ૦૬.૦૧.૨૦૧૧ |
| ૧૩ | ૬૬ કે.વી. શ્રીનાથગઢ | ગોંડલ | ૨૪.૦૧.૨૦૧૧ |
| ૧૪ | ૬૬ કે.વી. ભાડલા | જસદણ | ૨૯.૦૧.૨૦૧૧ |
| ૧૫ | ૬૬ કે.વી. જીવાપર | જસદણ | ૨૯.૦૧.૨૦૧૧ |
| ૧૬ | ૬૬ કે.વી. કાંગસીયાળી | લોધિકા | કાર્ય પ્રગતિમા છે. |
| ૧૭ | ૬૬ કે.વી. નેકનામ | ટંકારા | કાર્ય પ્રગતિમા છે. |
| ૧૮ | ૬૬ કે.વી. ગોંડલ | ગોંડલ | કાર્ય પ્રગતિમા છે. |
| ૧૯ | ૬૬ કે.વી લાઠ (ભીમોરા) | ઉપલેટા | કાર્ય પ્રગતિમા છે. |
| ૨૦ | ૬૬ કે.વી. ભાડેર | ધોરાજી | કાર્ય પ્રગતિમા છે. |

## પોલીસ કર્મચારીઓને વધુ મહેનતનું મહેનતાણા બાબત

૧૮૩૬૪ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર )** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૬-૧૦ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ કર્મચારીઓ પાસે ૮ કલાકથી વધુ કામગીરી લેવાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે પાછળનાં કારણો શાં છે,

(૩) નિયત કલાકથી વધુ કામગીરી બદલ કોઈ વધારાનું મહેનતાણું અપાય છે કે કેમ, અને

(૪) જો હા, તો કઈ કેડરને કેટલું મહેનતાણું અપાય છે.

**જવાબ**

(૧) અને (૨) : સામાન્ય સંજોગોમાં વધુ કામગીરી લેવામાં આવતી નથી પરંતુ કોમી રમખાણો, આંદોલન, ગંભીર રમખાણો, આંતકવાદી હુમલા જેવા જાહેર વ્યવસ્થાનો ભંગ કરતા સંજોગોમાં તથા વી.આઈ.પી. બંદોબસ્ત માટે ફરજના ભાગરૂપે જરૂરિયાત મુજબ પોલિસ કર્મચારીઓ પાસેથી ૮ કલાક ઉપરાંતની કામગીરી લેવામાં આવે છે.

(૩) અને (૪) : પોલિસ કર્મચારીઓ કે જેમાં મદદનીશ પોલિસ સબ ઈન્સ્પેકટર/હેડ કોન્સ્ટેબલ/પોલિસ કોન્સ્ટેબલને સંચારબંધી વિસ્તારમાં ૮ કલાકથી વધારે ફરજ માટે રૂા. ૨૫/- તથા સંચારબંધી સિવાયના અન્ય વિસ્તારમાં ૧૦ કલાકથી વધારે ફરજ માટે રૂા. ૨૫/- રીફ્રેશમેન્ટ એલાઉન્સ ચુકવવામાં આવે છે. વધુમાં રજાના દિવસે કામ કરવા બદલ એક દિવસનો પગાર અથવા વળતર રજા (Compensatory off) વૈકલ્પિક સ્વરૂપે અપાય છે.

## ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૧માં ઉર્જા ક્ષેત્રે થયેલા એમ.ઓ.યુ.

૧૭૩૩૬ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૧માં જાન્યુઆરીમાં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં ઉર્જા ક્ષેત્રે કોના કોના તરફથી કેટ કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) સને ૨૦૧૧માં જાન્યુઆરીમાં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં ઉર્જા ઉત્પાદન ક્ષેત્રે કુલ-૭૭ એમ.ઓ.યુ. રૂા. ૩,૭૩,૪૨૯.૦૩ કરોડના મૂડી રોકાણ માટે કરવામાં આવ્યા છે જેની યાદી આ સાથેના પત્રક મુજબ છે.

**પ ત્ર ક**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ અન્વયે કરાયેલ એમ.ઓ.યુ.ની યાદી (પુનઃ પ્રાપ્ય ઉર્જા)**

| ક્રમાંક | કંપનીનું નામ | રૂ.કરોડ | સેક્ટર |
|---|---|---|---|
| ૧ | અગ્રગામી ગ્લોબલ લી. | ૧૬૧૭ | ઈલેક્ટ્રોમેગ્નેટીક્સ |
| ૨ | એટલાન્ટીસ કોર્પોરેશન | ૩૭૫૦ | ટાઈડલ |
| ૩ | એલેક્ષ એસ્ટ્રલ પાવર પ્રા.લી. | ૩૦૦ | વિન્ડ |
| ૪ | કેપ્રો એનર્જી (ઈન્ડિયા) લી. | ૩૦૦૦ | વિન્ડ |
| ૫ | કાર્ગો વિન્ડ પાવર ગુજરાત પાવર લી. | ૩૦૦ | વિન્ડ |
| ૬ | ક્નસેપ્ટ પાવર પ્રા.લી. | ૩૦૦ | વિન્ડ |
| ૭ | ડ્યુએટ ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટક્ચર પ્રા.લી. | ૩૦૦ | વિન્ડ |
| ૮ | એમ્પોરીસ પ્રોજેકટસ લી. | ૯૦ | વિન્ડ |
| ૯ | ગેમેસા વિન્ડ ટર્બાઈન્સ પ્રા.લી. | ૩૦૦૦ | વિન્ડ |
| ૧૦ | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લી. | ૧૮૦ | વિન્ડ |
| ૧૧ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન | ૬૦૦ | વિન્ડ |
| ૧૨ | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સ લી. | ૩૦૬ | વિન્ડ |
| ૧૩ | ઈનોક્ષ રીન્યુએબલ લી. | ૧૮૦૦ | વિન્ડ |
| ૧૪ | ઈસાર પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | ૬૦૦ | વિન્ડ |
| ૧૫ | ક્લિન્ટેક સીનર્જી (પી) લી. | ૧૮૦૦ | વિન્ડ |
| ૧૬ | લખજીરાજ ડેવલોપર્સ પ્રા.લી. | ૬૦૦ | વિન્ડ |
| ૧૭ | લોરેક્સ બાયો એનર્જી લી. | ૧૨૦ | વિન્ડ |
| ૧૮ | મર્ની પાવર | ૬૦૦ | વિન્ડ |
| ૧૯ | પવનરાજ એનર્જી પ્રા.લી. | ૯૦૦ | વિન્ડ |
| ૨૦ | પોવેરીક્ા લી. | ૩૦૦ | વિન્ડ |
| **ક્રમાંક** | **કંપનીનું નામ** | **રૂ.કરોડ** | **સેક્ટર** |
| ૨૧ | રાજ લ્યુબ પ્રા.લી. | ૧૫૦ | વિન્ડ |
| ૨૨ | રીસોર્જ ગ્રૃપ | ૯૦૦ | વિન્ડ |
| ૨૩ | સામીરન જેસલમેર વિન્ડ ફાર્મસ લી. | ૧૯૫૦ | વિન્ડ |
| ૨૪ | સામીરન જોધપુર વિન્ડ ફાર્મસ લી. | ૧૯૫૦ | વિન્ડ |
| ૨૫ | સામીરન ઉદેપુર વિન્ડ ફાર્મસ લી. | ૧૯૫૦ | વિન્ડ |
| ૨૬ | સન સોર્સ ઈન્ડિયા લી. | ૩૦૦ | વિન્ડ |
| ૨૭ | સુઝલોન ગુજરાત વિન્ડ પાર્ક લી. | ૬૦૦૦ | વિન્ડ |
| ૨૮ | ટ્રાઈડન્ટ ડેવલોપર્સ પ્રા.લી. | ૧૨૦૦ | વિન્ડ |
| ૨૯ | વીર એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | ૧૦૮૦ | વિન્ડ |
| ૩૦ | વિસ વિન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | ૩૦૦૦ | વિન્ડ |
| | **કુલ :** | **૩૮૯૪૩** | |

**વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ અન્વયે કરાયેલ એમ.ઓ.યુ.ની યાદી (પરંપરાગત ઉર્જા)**

| ક્રમાંક | કંપનીનું નામ | રૂ.કરોડ | સેક્ટર |
|---|---|---|---|
| ૧ | ભરૂચ પાવર લિમીટેડ (રીયાલન્સ પાવર લી.) | ૩૦૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨ | જીવીકે એન્ર્જી વેન્ચર પાવર લી. | ૨૨૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩ | કચ્છ પાવર જનરેશન લી. | ૨૦૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૪ | ઝિંદાલ પાવર લી. | ૧૧૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૫ | ટોરેન્ટ પાવર લી. | ૧૦૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૬ | સિન્ટેક્ષ પાવર લી. | ૮૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૭ | ઓપીજી પાવર ગુજરાત પ્રા.લી. | ૨૫૬૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૮ | એસપીઆર ઈન્ફ્રાસ્ટક્ચર ઈન્ડીયા લી. | ૧૫૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૯ | અદાણી પાવર લી. | ૧૪૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૦ | વંદના પાવર ઈન્ફ્રાટેક પ્રા.લી. | ૧૦૧૯૪.૯૮ | પરંપરાગત ઉર્જા |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | એસ્સાર પાવર ગુજરાત | ૯૨૮૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૨ | આર્કીયન ગ્રુપ | ૮૪૦૬.૫ | પરંપરાગત ઉર્જા |
| ૧૩ | જીવીકે એનર્જી વેન્ચર પ્રા.લી. | ૮૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૪ | મોઝર બેયર પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | ૮૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૫ | જયપ્રકાશ એસોસીએટ લી. | ૮૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૬ | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પો. લી. | ૭૧૧૨ | પરંપરાગત ઉર્જા |
| ૧૭ | રનહીલ-આઈ પ્રા.લી. | ૭૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૮ | રૂપા એન્ડ કંપની | ૭૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૯ | બીરલા એનર્જી ઈન્ફ્રા.લી. | ૭૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૦ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પો.લી. | ૬૬૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૧ | સુર્યા ગુજરાત પાવર લી. | ૬૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૨ | એબીજી એનર્જી (ગુજરાત) લી. | ૫૨૮૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૩ | ડંકન મેક્નીલ પાવર એન્ડ યુટીલીટી લી. | ૫૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૪ | આધુનિક કોર્પોરેશન લી. | ૫૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૫ | બી.આર. એનજીનીયર્સ | ૪૫૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૬ | અદાણી પાવર દહેજ લી. | ૪૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૭ | પમિ ગુજરાત વીજ કંપની લી. | ૪૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૮ | કેડીયા એનર્જી લી. | ૩૩૦૦ | પરંપરાગત ઉર્જા |
| **ક્રમાંક** | **કંપનીનું નામ** | **રૂ.કરોડ** | **સેક્ટર** |
| ૨૯ | ઈસ્પાત ઈન્ડસ્ટ્રીઝ લી. | ૩૧૬૮ | પરંપરાગત ઉર્જા |
| ૩૦ | લીન્ક ગ્લોબલ ગ્રુપ | ૨૪૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૧ | બિનાની સીમેન્ટ લી. | ૨૩૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૨ | અવીવા પાવર અને પ્રોજેક્ટ પ્રા.લી. | ૧૫૩૬ | પરંપરાગત ઉર્જા |
| ૩૩ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. | ૧૪૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૪ | જી.એસ.પી.સી. પીપાવાવ પાવર કંપની લી. | ૧૪૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૫ | નર્મદા થર્મલ પાવર લી. | ૧૩૫૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૬ | દહેજ એનર્જી પ્રા.લી. | ૧૩૫૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૭ | ટીએમપી ગ્રીન એનર્જી (ઈન્ડીયા) પ્રા.લી. | ૧૧૨૫ | પરંપરાગત ઉર્જા |
| ૩૮ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ૧૧૨૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૯ | દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. | ૭૭૮ | પરંપરાગત ઉર્જા |
| ૪૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ૭૫૦ | પરંપરાગત ઉર્જા |
| ૪૧ | એવર્લોનસીન્થેટીક લી. | ૬૫૦ | પરંપરાગત ઉર્જા |
| ૪૨ | વેલ્સ્પન કેપ્ટીવ પાવર જનરેશન લી. | ૪૭૬ | પરંપરાગત ઉર્જા |
| ૪૩ | જેકે પ્રોજેક્ટ પ્રા.લી. | ૩૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૪૪ | ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીયુટ (જમીં) | ૧૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૪૫ | કોલંબીયા વોટર સેન્ટર (સીડબલ્યુસી) ઈન્ડીયા | ૨.૩ | પરંપરાગત ઉર્જા |
| ૪૬ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૦.૨૫ | પરંપરાગત ઉર્જા |
| ૪૭ | રીલાયન્સ પાવર લી. | ૩૫૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| | **કુલ :** | **૩૩૪૪૮૬.૦૩** | |

(૨) ઉક્ત થયેલા એમ.ઓ.યુ. અન્વયે વધારાની કેટલી વીજળી ક્યાં સુધીમાં મળવાનો અંદાજ છે?

(૨) ઉપર્યુક્ત એમ.ઓ.યુ. પેકીના જે એકમોએ પ્રોજેક્ટ શરૂ કર્યા હશે તેના અમલીકરણ માટે ફ્યુઅલની ઉપલબ્ધી સહિત વિવિધ તાંત્રિક પરિબળો અને જરૂરી તમામ મંજુરીઓમાં વ્યતિત થનાર સમયને કારણે વીજળીના ઉત્પાદનની ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહીં. ઉપરાંત જે એકમો ઉત્પાદન હેઠળ જશે તેમની સ્થાપિત વીજ ક્ષમતાના આધારે જ કેટલી વીજળી ઉત્પન્ન થશે તે કહી શકાય.

---------

**પંચમહાલ જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૨૪૦ **: શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે પંચમહાલ જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦ માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે ? | ૧૯૨૧ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અપાયેલ વીજ જોડાણો**

૧૮૧૬૧ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન વડોદરા જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) :<br>રાજ્ય સરકારની ""ઝૂંપડાવીજળીકરણ યોજના"" અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન વડોદરા જિલ્લામાં તા. ૩૧ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૩૩૫.૩૫ લાખના ખર્ચે ૩૦૧૪ લાભીર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે. |

---------

**પોરબંદર જિલ્લામાં પોલીસ આવાસો**

૧૮૨૧૯ **: શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં પોરબંદર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને<br>(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૧) અને (૨) : પોરબંદર જિલ્લામાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના કુલ-૯૭ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂ.૬૦૦.૨૫ લાખનો ખર્ચ થનાર છે. હાલમાં ૧૩૬ મકાનોના કામો રૂ.૮૫૪.૯૨ લાખના ખર્ચે પ્રગતિમાં છે. |

---------

**રાજ્ય સરહદે થતી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ રોક્વા લીધલ પગલાં**

૧૮૧૭૯ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યની જમીન અને દરિયાઇ સરહદ પરથી રાજ્ય-રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ થતી રોક્વા રાજ્ય સરકારે શું પગલાં લીધા છે, અને | (૧) ૧. રાજ્યની જમીન-દરિયાઇ સરહદ પરની સુરક્ષા માટે આતંક્વાદ વિરોધી દળ તથા તમામ જિલ્લાઓમાં સ્પેશ્યલ ઓપરેશન ગૃપ કાર્યરત કરવામાં આવેલ છે. સ્પેશ્યલ ઓપરેશન ગૃપમાં કુલ મળીને ૧૨-પોલીસ ઇન્સપેક્ટર, ૨૩-પોલીસ સબ ઇન્સપેક્ટર તથા ૨૬૪-હેડકોન્સ્ટેબલ/પોલીસ કોન્સ્ટેબલનો સ્ટાફ છે અને આ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપને વાહનો, એમ્યુનેશન તેમજ તમામ જરૂરી સગવડોથી સુસજ્જ કરવામાં આવેલ છે.<br>૨. સાગર તટની સુરક્ષા માટે મરીન રાજ્ય અનામત પોલીસ દળની રચના કરવામાં આવેલ છે.<br>૩. રાજ્યના ૧૩ દરીયાકાંઠાના જિલ્લામાં પેટ્રોલિંગ |

માટે સાગર રક્ષક દળ, હોમગાર્ડ તથા ગ્રામ રક્ષકદળના જમીનોની સેવા લેવામાં આવે છે.

૪. દરિયાઇ સુરક્ષા યોજના હેઠળ ૧૦ મરીન પોલીસ સ્ટેશન, ૩૨ આઉટ પોસ્ટ તથા ૧૬ ચેક પોસ્ટ કાર્યરત છે.

૫. ૨૮ ઇન્ટસેપ્ટર બોટ દ્વારા સઘન દરિયાઇ પેટ્રોલિંગ કરવામાં આવે છે. જરૂરિયાત મુજબ બોટ ભાડે રાખીને પણ દરિયાઇ પેટ્રોલિંગ કરવામાં આવે છે.

૬. પોલીસ, કસ્ટમ અને કોસ્ટ ગાર્ડ દ્વારા સંયુક્ત દરિયાઇ પેટ્રોલિંગ કરવામાં આવે છે.

૭. રાજ્ય અને કેન્દ્ર સરકારની એજન્સી સંયુક્ત રીતે રસ્તા રોકો, રાહ બંધ, સાગર કવચ જેવા વિવિધ ઓપરેશન સમયાંતરે હાથ ધરે છે.

૮. ઘૂસણખોરી અટકાવવા માટે દરિયા કિનારાના બે કિ.મી. વિસ્તારના રહીશો તેમજ માછીમારોને બાયોમેટ્રીક ઓળખપત્ર આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૯. ભૂમિ સરહદે કાંટાળી તારની વાડનું આયોજન કરવામાં આવેલ છે.

૧૦. રાજ્યના અગત્યના વાઇટલ ઇન્સ્ટોલેશનને ખાનગી/સરકારી એજન્સીઓ તરફથી સુરક્ષા પુરી પાડવામાં આવે છે. અને તેનું સમયાંતરે સિક્યુરીટી ઓડીટ કરવામાં આવે છે.

૧૧. રાજ્યનો ક્રાઇસીસ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતા સખ્શો પકડાયા ?

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કુલ-૨૫૮ શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

---------

## સુરત જિલ્લામાં નવા સબસ્ટેશનો

૧૮૨૫૫ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન સુરત જિલ્લામાં કુલ કેટલા નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને

(૨) આ સબ સ્ટેશનો કઇ કઇ જગ્યાએ સ્થાપવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન સુરત જિલ્લામાં કુલ ૧૦(દસ) નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) આ અંગેની વિગતો આ સાથેના **પત્રક**માં સામેલ છે.

**પત્રક**

| અ. નં. | સબસ્ટેશનનું નામ | તાલુકાનું નામ | કાર્યરત કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. સચિન-સી | ચોર્યાસી | ૨૯.૦૬.૨૦૧૦ |
| ૨ | ૬૬ કે.વી. ઉમરખડી (માલધા) | માંડવી | ૩૧-૧૨-૨૦૧૦ |
| ૩ | ૪૦૦ કે.વી. દીનોદ | માંગરોલ | કાર્ય પ્રગતિમાં છે |
| ૪ | ૬૬ કે.વી. મોરા | ચોર્યાસી | કાર્ય પ્રગતિમાં છે |
| ૫ | ૬૬ કે.વી. કરજણ | કામરેજ | કાર્ય પ્રગતિમાં છે |
| ૬ | ૬૬ કે.વી. સરભોણ | બારડોલી | કાર્ય પ્રગતિમાં છે |
| ૭ | ૬૬ કે.વી. ભગવતી | ચોર્યાસી | કાર્ય પ્રગતિમાં છે |
| ૮ | ૬૬ કે.વી. આફવા (ડુંગર) | બારડોલી | કાર્ય પ્રગતિમાં છે |
| ૯ | ૬૬ કે.વી. ભેસ્તાન (ઇક્લેરા) | ચોર્યાસી | કાર્ય પ્રગતિમાં છે |
| ૧૦ | ૬૬ કે.વી. એરથાન (લીગડ) | પલસાણા | કાર્ય પ્રગતિમાં છે |

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખાણ અને ખનીજ ચોરીઓ

૧૭૩૩૩ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખનીજની વ્યાપક ચોરીઓ થાય છે તે હકિક્તથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચોરીના બનાવો પકડવામાં આવ્યા અને આવી ખનીજ ચોરી અન્વયે કોની કોની સામે ક્યા પ્રકારના પગલાં લીધા, અને

(૩) તે અન્વયે દંડ પેટે કેટલી રકમ નક્કી થઇ અને તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, જુનાગઢ જિલ્લામાં ચોરીના કુલ **૫૬૦** બનાવો અને પોરબંદર જિલ્લામાં ચોરીના **૩૩૯** બનાવો પકડવામાં આવ્યા અને આવી ચોરી અન્વયે પ્રત્યેક ઇસમો સામે લીધેલ પગલા ની વિગતો સામેલ છે. *(પત્રક ૧ થી ૮)

(૩) તે અન્વયે દંડ પેટે રકમ જુનાગઢ જિલ્લામાં રૂ. ૨૮૧૦.૮૩ લાખ અને પોરબંદર જિલ્લામાં રૂ. ૬૦૦.૨૧ લાખ નક્કી થયેલ છે. જે પૈકી તારીખ ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં જુનાગઢ જિલ્લામાં રૂ. ૧૧૩૯.૩૯ લાખ અને પોરબંદર જિલ્લામાં રૂ. ૨૩૧.૪૯ લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

**(* પત્રક ૧ થી ૮ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## ખેડા જિલ્લામાં નર્મદાનો કમાન્ડ વિસ્તાર

૧૮૧૦૨ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકાના કેટલા ગામોની કેટલી જમીન નર્મદા યોજનાના સિંચાઈના કમાન્ડ વિસ્તારમાં આવેલી છે, અને

(૨) સને ૨૦૧૦માં કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવ્યું છે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ૭ ગામોની ૨૭૩૧ હેક્ટર અને કઠલાલ તાલુકાના ૪૯ ગામોની ૧૬૨૭૪ હેક્ટર વિસ્તારનો નર્મદા યોજનાના સિંચાઈના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થાય છે.

(૨) સને ૨૦૧૦માં કપડવંજ તાલુકાના ૮૬૭ હેક્ટર વિસ્તારમાં અને કઠલાલ તાલુકાના ૨૬૨૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવ્યું છે.

## આણંદ જિલ્લામાં હથિયાર પરવાના

૧૮૭૦૮ **: શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર હથિયાર લાયસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલા હોય અને પોલીસ/મેજીસ્ટ્રેટનો અભિપ્રાય નકારાત્મક હોય આમ છતા કોને કોને ક્યા પ્રકારના હથિયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે?

**જવાબ**

આવા કોઈ હથિયાર પરવાના આપવામાં આવેલ નથી.

## કચ્છ જિલ્લામાં નવી જી.આઈ.ડી.સી. શરૂ કરવા બાબત

૧૭૬૫૩ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર કેટલી જી.આઈ.ડી.સી. અસ્તિત્વમાં છે, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અસ્તિત્વમાં હોય તેવી વસાહતોની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ભુજ | ૩ |
| ૨ | માંડવી | ૧ |
| ૩ | મુન્દ્રા | ૨ |
| ૪ | અંજાર | ૧ |
| ૫ | ગાંધીધામ | ૨ |
| ૬ | રાપર | ૧ |
| ૭ | નખત્રાણા | ૧ |
| ૮ | ભચાઉ | ૧ |

(૨) છેલ્લા બે વર્ષમાં કેટલી ક્યા ક્યા સ્થળે નવી શરૂ થઈ ?

(૨) છેલ્લા બે વર્ષમાં નવી કોઈ જી.આઈ.ડી.સી. શરૂ કરવામાં આવેલ નથી.

---------

**ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થી**

૧૮૨૪૩ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

માનવ કલ્યાણ યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં કેટલા લાભાર્થીઓને આવરી લીધેલ છે?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૧૦માં ૫૬૯ લાભાર્થીઓને આવરી લેવાયેલ છે.

---------

**રાજ્યમાં ભારે અને કમોસમી વરસાદને કારણે મીઠા ઉદ્યોગને થયેલ નુકસાન**

૧૭૬૮૨ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અને છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ભારે અને કમોસમી વરસાદને કારણે મીઠા ઉદ્યોગને કેટલી રકમનું નુકસાન થયાનો અંદાજ છે.

(૨) મીઠા ઉદ્યોગને આ રીતે થયેલ નુકસાન પેટે સરકારે કેટલી રાહત આપેલ છે?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાનના સમયગાળામાં વર્ષ ૨૦૧૦માં કમોસમી અને ભારે વરસાદના કારણે થયેલા નુકસાનની બાબતમાં રાજ્ય સરકારના રાહત કમિશ્નરશ્રી મારફતે ભારત સરકારની ટીમને મીઠા ઉદ્યોગને થયેલ નુકસાનના સંદર્ભમાં, ઉત્પાદકીય નુકસાન અને સોલ્ટ વર્કસને થયેલ નુકસાન રૂપિયા ૮૬.૨૨ કરોડ અને અગરીયાઓ દ્વારા ૧૫ દિવસની ગુમાવેલ રોજગારી પેટે રૂપિયા ૭.૮૭ કરોડના નુકસાનનો અંદાજ રજુ કરવામાં આવેલ છે, અને રૂપિયા ૧૨૫૭ લાખના ખાસ પેકેજ મંજુર કરવા રજુઆત કરેલ છે.

રાજ્યમાં આવેલ કેન્દ્ર સરકારની નાયબ સોલ્ટ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા નુકસાનનો અંદાજ મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

આમ કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી કોઈ રાહત/પેકેજ જાહેર કરાયેલ નથી.

---------

**પવન ઉર્જાની સ્થાપીત ક્ષમતા**

૧૮૨૩૩ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧ ડિસેમ્બર-૧૦ ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧ ડિસેમ્બર-૧૦ ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા નીચે પ્રમાણે છે :

- તા. ૩૧-૩-૨૦૧૦ ના રોજ ૧૭૮૧.૫૦૫ મે.વો. અને
- તા. ૩૧-૧૨-૨૦૧૦ ના રોજ ૧૯૧૬.૯૩ મે.વો.

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન પવન ઉર્જાથી વીજ ઉત્પાદન મેળવવા માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) જુન-૨૦૦૭ માં વિન્ડ પાવર પોલીસીની જાહેરાત બાદ જાન્યુઆરી-૨૦૦૯ માં આ પોલીસીમાં સુધારા કરવામાં આવ્યા જેનાં નોંધપાત્ર લક્ષણો નીચે મુજબ છે :

૧. મુદત : તા.૩૦-૦૬-૨૦૧૨ સુધી.
૨. વિન્ડ - ટેરીફ રૂા. ૩.૫૬ પ્રતિ યુનિટ.
૩. પુનઃપ્રાપ્ય ઉર્જાસ્ત્રોતોમાંથી ઉત્પન્ન થતી વીજળી પૈકી પવન ઉર્જાથી ઉત્પન્ન થતી વીજળીની ન્યુનતમ ખરીદીનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે.
૪. વિન્ડ ફાર્મ સબ-સ્ટેશનથી ૧૦૦ કિ.મી. પછીના વિસ્તારમાં "જેટકો" દ્વારા વીજ વહન સુવિધા પુરી પાડવામાં આવશે.

--------

## દાહોદ જિલ્લાના વાસીયા ડુંગરીગામની સગીર કન્યાઓના અપહરણના બનેલા બનાવો

૧૭૪૬૫ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લાના વાસીયાડુંગરી ગામમાંથી કેટલી સગીર કન્યાઓના અપહરણની ફરીયાદો નોંધાઈ,

(૧) ૧ (એક).

(૨) આવી સગીર કન્યાના અપહરણ અન્વયે કેટલા ઈસમોની ક્યારે ધરપકડ કરવામાં આવી, અને

(૨) ૧ (એક) ઈસમની તા.૨૭-૧૨-૧૦ ના રોજ ધરપકડ કરવામાં આવી.

(૩) કેટલી કન્યાઓના અપહરણની ફરીયાદો પોલીસ સ્ટેશનમાં લેવામાં ન આવી ?

(૩) મળેલ ફરિયાદ લેવામાં આવી છે.

## રાજકોટ જિલ્લામાં માનવકલ્યાણ યોજનાના લાભાર્થી

૧૮૨૪૧ **: શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

માનવ કલ્યાણ યોજના અન્વયે રાજકોટ જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦ માં કેટલા લાભાર્થીઓને આવરી લીધેલ છે ?

વર્ષ ૨૦૦૯-૧૦ માં ૨૭૧૩ લાભાર્થીઓને આવરી લેવાયેલ છે.

--------------

## કુટિર જ્યોતિ યોજનામાં ભરૂચ જિલ્લામાં અપાયેલા જોડાણો

૧૮૧૫૬ **: શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ (ભરૂચ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કુટિર જ્યોતિ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન ભરૂચ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન હતું, અને

(૨) તે અંતર્ગત તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને તે માટે કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨) ""કુટિર જ્યોતિ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન ભરૂચ જિલ્લામાં ૧૭૦૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન છે. તે અંતર્ગત ૩૧ ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૩૫.૨૫ લાખના ખર્ચે ૧૬૦૧ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

### ખાદીના વિકાસ માટે ખર્ચવામાં આવેલ નાણાં

૧૭૬૦૦ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૫-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ખાદીના વિકાસ માટે કેટલા નાણા સરકાર દ્વારા ખર્ચવામાં આવ્યા, | (૧) વર્ષ — ખર્ચ રૂ.(લાખમાં)<br>૨૦૦૮-૦૯ — રૂ. ૫,૨૨,૬૪,૨૮૭/-<br>૨૦૦૯-૧૦ — રૂ. ૫,૭૩,૫૫,૨૧૬/-<br>૨૦૧૦-૧૧ — રૂ. ૩,૫૨,૭૭,૪૩૧/-<br>(તા.૨૫-૧-૧૧ અંતિત) |
| (૨) ઉક્ત સમયગાળામાં વર્ષવાર કેટલી કિંમતની ખાદીનું ઉત્પાદન થયું, અને | (૨) વર્ષ — ઉત્પાદન(લાખમાં)<br>૨૦૦૮-૦૯ — રૂ. ૪૦૫૭.૦૬<br>૨૦૦૯-૧૦ — રૂ. ૪૦૧૮.૯૪<br>૨૦૧૦-૧૧ — રૂ. ૨૩૧૦.૫૮<br>(ડીસે-૧૦ અંતિત) |
| (૩) તે અન્વયે કેટલા શ્રમજીવીઓ વર્ષવાર રોજગારી મેળવી શક્યા ? | (૩) વર્ષ — રોજગારી<br>૨૦૦૮-૦૯ — ૧૮૩૭૦<br>૨૦૦૯-૧૦ — ૧૭૧૬૯<br>૨૦૧૦-૧૧ — ૧૫૧૧૬<br>(ડીસેમ્બર-૧૦ અંતિત) |

---------

### દક્ષિણ ગુજરાતમાં કાર્યાન્વિત બંદરો

૧૮૨૭૧ **: શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દક્ષિણ ગુજરાતમાં કેટલા કોમન યુજર ખાનગી બંદરો કાર્યાન્વિત છે, અને | (૧) દક્ષિણ ગુજરાતમાં દહેજ, જિ. ભરૂચ અને હજીરા જિ. સુરત ખાતે કોમન યુજર ખાનગી બંદરો કાર્યન્તિક થયેલ છે. |
| (૨) આ બંદરો ઉપરથી ક્યા ક્યા પ્રકારના કાર્ગોની હેરફેર કરવાનું આયોજન છે ? | (૨) આ બંદરો પરથી મુખ્યત્વે એલએનજી લીક્વીડ કેમીકલ્સ, કોલસો, ફર્ટીલાઇઝર, સ્ટીલ, ડી ઓઇલ કેક વિગેરે હેરફેર કરવાનું આયોજન છે. |

--------

### પોલીસ માટે તાલીમી સંસ્થાઓ

૧૮૨૫૬ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટે કઇ કઇ તાલીમ સંસ્થાઓ આવેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટેની તાલીમી સંસ્થાઓ નીચે મુજબ આવેલ છે.<br>**૧. ગુજરાત પોલીસ એકેડમી, કરાઇ.**<br>૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા.<br>૩. પોલીસ તાલીમ મહાવિધ્યાલય, જુનાગઢ.<br>૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ). |
| (૨) આ સંસ્થાઓમાં કઇ કક્ષાના અધિકારી/ કર્મચારીઓને ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે ? | (૨) માહિતી/વિગતો નીચે પ્રમાણે છે.<br>૧. ગુજરાત પોલીસ એકેડમી, કરાઇ.<br>ના.પો.અ. અને પો.સ.ઇ.કક્ષાના અધિકારીઓને પાયાની તાલીમ, તથા ઇન-સર્વિસ તાલીમ, કમાન્ડો તાલીમ તથા પોલીસ અધિકારીઓ માટેની વિવિધ તાલીમ, બેન્ડ બેઝિક તથા રીફ્રેશર તાલીમ પી.એસ.ઓ. બેઝીક/રીફ્રેશર તાલીમ. |

**૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા.**
બિન હથિયાર પોલીસ કોન્સ્ટેબલની પાયાની તાલીમ તથા બિન હથિયારી એ.એસ.આઇ. તથા હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલને રીફ્રેશર તાલીમ.

**૩. પોલીસ તાલીમ મહાવિધ્યાલય, જુનાગઢ**
હથિયારી પોલીસ કોન્સ્ટેબલની પાયાની તાલીમ તથા હથિયારી એ.એસ.આઇ. તથા હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલને રીફ્રેશર તાલીમ,

**૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ)**
એસ.આર.પી.પોલીસ કોન્સ્ટેબલની પાયાની તાલીમ તથા એસ.આર.પી. એ.એસ.આઇ., હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલને રીફ્રેશર તાલીમ.

---------

## દાહોદ જિલ્લાના ઉદ્યોગ કેન્દ્રમાં અરજીઓ

૧૮૪૪૧ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં બાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કુલ કેટલી અરજીઓ આવી, અને

(૩) આ આવેલ અરજીઓમાંથી કેટલી મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૦૫ અરજીઓ

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર આવેલ અરજીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | દાહોદ | ૬૮૮ | ૬૮૪ | ૯૩૧ |
| ૨ | ઝાલોદ | ૩૫૧ | ૩૭૨ | ૫૧૨ |
| ૩ | દેવગઢબારીયા | ૨૫૫ | ૨૫૮ | ૩૮૩ |
| ૪ | ધાનપુર | ૪૮ | ૪૮ | ૪૩ |
| ૫ | ગરબાડા | ૩૨૪ | ૩૩૪ | ૨૪૭ |
| ૬ | ફતેપુરા | ૧૩૯ | ૧૫૦ | ૩૩૯ |
| ૭ | લીમખેડા | ૧૯૧ | ૨૧૫ | ૨૨૨ |
| | **કુલ** | **૧૯૯૬** | **૨૦૬૧** | **૨૬૭૭** |

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજુર કરેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર મંજુર થયેલ અરજીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | દાહોદ | ૨૪૯ | ૨૫૩ | ૩૫૨ |
| ૨ | ઝાલોદ | ૯૯ | ૧૧૮ | ૧૨૫ |
| ૩ | દેવગઢબારીયા | ૬૬ | ૯૫ | ૧૩૯ |
| ૪ | ધાનપુર | ૪ | ૭ | ૫ |
| ૫ | ગરબાડા | ૧૩૧ | ૨૩૨ | ૭૮ |
| ૬ | ફતેપુર | ૩૮ | ૯૯ | ૭૦ |
| ૭ | લીમખેડા | ૧૫ | ૫૮ | ૧૦૧ |
| | **કુલ** | **૬૦૨** | **૮૬૨** | **૮૭૦** |

**૧૩૪**
**૨૬**

---------

## ખેડા જિલ્લામાં વાજપાઇ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૨૪૪ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે ખેડા જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં કેટલા શિક્ષિત બે-રોજગારોને સહાય આપવામાં આવી ?

**જવાબ**

૨૧૨૬ શિક્ષિત બેરોજગારોને સહાય ચુકવવામાં આવેલ છે.

---------

## ઉર્જા ક્ષેત્રે એવોર્ડ

૧૮૨૬૨ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારને ઉર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા એવોર્ડ મળેલ છે, અને

(૨) આ એવોર્ડની વિગતો શી છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારને ઊર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કુલ ૧૨ (બાર) એવોર્ડ મળેલ છે.

(૨) આ એવોર્ડની વિગતો ""પત્રક-અ"" માં સામેલ છે.

### પ ત્ર ક - અ

| અ.નં. | શિલ્ડ/સર્ટીફિકેટનું નામ | એવોર્ડ કોને મળેલ છે ? | એવોર્ડ ક્યા સ્વરૂપે મળેલ છે ? | કઈ કામગીરી માટે એવોર્ડ મળેલ છે | એવોર્ડ કોના તરફથી મળેલ છે ? | એવોર્ડ કઈ તારીખે મળેલ છે |
|---|---|---|---|---|---|---|
| ૧ | એવોર્ડ ફોર મેરીટોરીયસ પર્ફોમન્સ ઈન પાવર ડીસ્ટ્રીબ્યુશન ૨૦૦૮-૦૯ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | બ્રોન્ઝ શીલ્ડ અને સર્ટીફીકેટ | મેરીટોરીયસ પર્ફોમન્સ ઈન પાવર ડીસ્ટ્રીબ્યુશન | ઊર્જા મંત્રાલય, ભારત સરકાર | ૨૯.૦૧.૨૦૧૦ |
| ૨ | ઈનોવેશન ફોર ઈન્ડીયા એવોર્ડ-૨૦૧૦ (પબ્લીક સર્વીસ ઈનોવેશન એવોર્ડ) | ગુજરાત સરકાર | એવોર્ડ | જ્યોતિગ્રામ યોજનાને પબ્લીક સર્વીસ ઈનોવેશન માટે | મેરીકો ઈનોવેશન ફાઉન્ડેશન | ૧૭.૦૫.૨૦૧૦ |
| ૩ | નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ખર્ચ ઘટાડવાની અલગ અલગ ટેક્નીકો, વેરાયન્સ એનાલીસીસ, બજેટીંગ, ઈન્વયન્ટરી કન્ટ્રોલ ટેક્નીક, ફંડ મેનેજમેન્ટ, ગ્રાહકલક્ષી દેવામાં દ ાટાડો, સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ વિગેરે બાબતે | ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ મેનેજમેન્ટવર્કસ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા નવી દિલ્હી ખાતે એનાયત થયેલ છે. | ૦૮.૦૭.૨૦૧૦ |
| ૪ | નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ | પમિ ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ખર્ચ ઘટાડવાની અલગ અલગ ટેક્નીકો, વેરાયન્સ એનાલીસીસ, બજેટીંગ, ઈન્વયન્ટરી કન્ટ્રોલ ટેક્નીક, ફંડ મેનેજમેન્ટ, ગ્રાહકલક્ષી દેવામાં દ ાટાડો, સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ વિગેરે બાબતે | ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ મેનેજમેન્ટવર્કસ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા નવી દિલ્હી ખાતે એનાયત થયેલ છે. | ૦૮.૦૭.૨૦૧૦ |
| ૫ | ઈ.એમ.પી.આઈ. ઈન્ડીયા એક્સપ્રેસ ઈન્ડીયન ઈનોવેશન એવોર્ડ | ગુજરાત સરકાર | ગોલ્ડ ટ્રોફી | એક્ઝામપ્લરી ઈનોવેટીવ વર્ક જ્યોતિગ્રામ યોજના | ઈ.એમ.પી.આઈ. ઈન્ડીયા એક્સપ્રેસ ઈન્ડીયન ઈનોવેશન એવોર્ડ | ૧૨.૦૭.૨૦૧૦ |
| ૬ | પાવર એક્સલન્સ એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત સરકાર | એવોર્ડ | બેસ્ટ પર્ફોમન્સ ઓફ સ્ટેટ પાવર યુટીલીટી | ઈન્ડીયાન ચેમ્બર ઓફ કોમર્સ કલકત્તા | ૨૩.૦૮.૨૦૧૦ |
| ૭ | એનર્શીયા એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત સરકાર અને રાજસ્થાન સરકાર (સંયુક્ત રીતે) | ટ્રોફી અને સર્ટીફીકેટ | મોસ્ટ ઈનવેસ્ટમેન્ટ ફ્રેન્ડલી સ્ટેટ ફોર એનર્જી એન્ડ પાવર એવોર્ડ | ફાલ્કન મીડીયા | ૦૬.૧૦.૨૦૧૦ |
| ૮ | ઈન્ડિયા ટેક એક્સલન્સ એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત સરકાર | ટ્રોફી | એપ્લીકેશન ઓફ આઈટી ઈન પાવર : ઈ ઊર્જા ઈઆરપી બેઝ એન્ડ ટુ એન્ડ સોલ્યુસન | ઈન્ડીયા ટેક ફાઉન્ડેશન મુંબઈ | ૨૭.૧૦.૨૦૧૦ |
| ૯ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ઓવરઓલ યુટીલીટી પર્ફોમન્સ (ડીસ્ટ્રીબ્યુશન) નોન અર્બન એરીયા | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી | ૧૧.૧૧.૨૦૧૦ |
| ૧૦ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ઈનોવેશન ઈન ડીઝાઈન એન્ડ એકઝીક્યુશન ઓફ પ્રોજેક્ટસ | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી | ૧૧.૧૧.૨૦૧૦ |

| અ.નં. | શિલ્ડ/સર્ટીફિકેટનું નામ | એવોર્ડ કોને મળેલ છે ? | એવોર્ડ ક્યા સ્વરૂપે મળેલ છે ? | કઈ કામગીરી માટે એવોર્ડ મળેલ છે | એવોર્ડ કોના તરફથી મળેલ છે ? | એવોર્ડ કઈ તારીખે મળેલ છે |
|---|---|---|---|---|---|---|
| | | | | ફોર ડ્રમ પ્રોજેક્ટ એટ ઉમરેઠ. | | |
| ૧૧ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | એનર્જી એફીશ્યન્સી, કંઝર્વેશન એન્ડ ડીએસએમ-ખેતી વિષયક ગ્રાહકો માટે ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટમાં ઈનીશ્યેટીવ લેવા બદલ અને પ્રવર્તમાન પંપની જગ્યાએ એનર્જી એફીશ્યન્સ પંપ સેટસ રીપ્લેસ કરવા બાબત. | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી. | ૧૧.૧૧.૨૦૧૦ |
| ૧૨ | કે.પી.એમ.જી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટુ ડે એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. | ટ્રોફી | મોસ્ટ એડમાયર સ્ટેટ એન્ટીટી ઈન પાવર સેકટર | એ.એસ.એ.પી.પી. મીડીયા ઈન્ફર્મેશન ગૃપ (પબ્લીસર ઓફ કંન્ટ્રકશન વર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટુ ડે) એન્ડ કેપીએમજી (એ ગ્લોબલ નેટવર્ક ઓફ પ્રોફેશનલ્સ ફર્મ્સ પ્રોવાઈડીંગ ઓડીટ, ટેક્ષ એન્ડ એવાયઝરી સર્વીસીસ ઈન ૧૪૮ કંટ્રીઝ. | ૦૧.૧૨.૨૦૧૦ |

--------

## આણંદ અને ખેડા જિલ્લામાં લૂંટ, ધાડ, બળાત્કાર, ચોરી અને અપહરણના નોંધવામાં આવેલ બનાવો

૧૭૪૨૮ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર આણંદ અને ખેડા જિલ્લાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં લૂંટ, ધાડ, બળાત્કાર, ચોરી અને અપહરણના કેટ કેટલા બનાવો નોંધવામાં આવ્યા,

(૨) તે પૈકીના કેટલા ગુન્હાઓ ઉકેલી શકાયા, અને

(૩) તેમાં સંડોવાયેલ કેટલા આરોપીઓની ધરપકડો કરી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) સામેલ પત્રક-૧ અને ૨ મુજબ.

--------

### પ ત્ર ક -૧
### આણંદ જિલ્લાના શહેરી વિસ્તારની માહિતી

| | લૂંટ | | | ધાડ | | | બળાત્કાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માસ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| જાન્યુઆરી | - | - | - | - | - | - | - | - | - |
| ફેબ્રુઆરી | ૧ | ૧ | ૩ | - | - | - | - | - | - |
| માર્ચ | ૧ | ૧ | ૪ | - | - | - | - | - | - |
| એપ્રિલ | - | - | - | - | - | - | - | - | - |
| મે | - | - | - | - | - | - | ૧ | ૧ | ૯ |
| જુન | - | - | - | - | - | - | - | - | - |
| જુલાઈ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ઓગષ્ટ | - | - | - | - | - | - | - | - | - |
| સપ્ટેમ્બર | - | - | - | - | - | - | - | - | - |
| ઓકટોબર | - | - | - | - | - | - | - | - | - |
| નવેમ્બર | - | - | - | ૧ | - | - | - | - | - |
| ડીસેમ્બર | - | - | - | - | - | - | - | - | - |
| **કુલ** | **૩** | **૩** | **૮** | **૧** | **-** | **-** | **૧** | **૧** | **૯** |

**Table ૧**

| ચોરી | અપહરણ |
|---|---|

| નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૭ | - | - | - |
| ૧૮ | ૩ | ૪ | - | - | - |
| ૯ | ૨ | ૩ | - | - | - |
| ૧૭ | - | - | - | - | - |
| ૧૩ | ૧ | ૧ | - | - | - |
| ૧૭ | ૧ | ૧ | ૧ | - | - |
| ૧૭ | ૧ | ૧ | - | - | - |
| ૧૦ | ૩ | ૪ | ૧ | ૧ | ૭ |
| ૬ | ૧ | ૧ | - | - | - |
| ૧૦ | ૧ | ૧ | - | - | - |
| ૧૬ | ૫ | ૬ | - | - | - |
| ૨૦ | - | - | - | - | - |
| **૧૫૮** | **૨૨** | **૨૯** | **૨** | **૧** | **૭** |

## આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની માહિતી

| | લૂંટ | | | ધાડ | | | બળાત્કાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માસ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| જાન્યુઆરી | ૨ | ૨ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૧ |
| ફેબ્રુઆરી | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - |
| માર્ચ | ૧ | ૧ | ૧ | - | - | - | ૩ | ૩ | ૪ |
| એપ્રિલ | - | - | - | - | - | - | ૨ | ૨ | ૩ |
| મે | - | - | - | - | - | - | ૩ | ૩ | ૬ |
| જુન | - | - | - | - | - | - | ૨ | ૨ | ૩ |
| જુલાઈ | ૧ | ૧ | ૩ | - | - | - | ૧ | ૧ | ૧ |
| ઓગષ્ટ | - | - | - | - | - | - | - | - | - |
| સપ્ટેમ્બર | ૧ | - | - | - | - | - | - | - | - |
| ઓકટોબર | ૧ | - | - | ૨ | ૨ | ૨૧ | ૨ | ૨ | ૧ |
| નવેમ્બર | ૩ | ૧ | ૨ | ૨ | ૨ | ૪૫ | - | - | - |
| ડીસેમ્બર | - | - | - | - | - | - | - | - | - |
| **કુલ** | **૧૦** | **૬** | **૧૮** | **૬** | **૫** | **૭૧** | **૧૪** | **૧૪** | **૧૯** |

## Table ૨

| ચોરી | | | અપહરણ | | |
|---|---|---|---|---|---|
| નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| ૨૪ | ૯ | ૨૩ | ૬ | ૬ | ૧૫ |
| ૩૦ | ૧૫ | ૪૫ | ૧ | ૧ | - |
| ૨૮ | ૧૨ | ૩૫ | ૪ | ૪ | ૧૦ |
| ૨૯ | ૮ | ૩૧ | ૮ | ૮ | ૯ |
| ૨૩ | ૬ | ૧૧ | ૪ | ૪ | ૩ |
| ૪૧ | ૧૪ | ૨૫ | ૪ | ૪ | ૯ |
| ૪૧ | ૧૧ | ૨૧ | ૩ | ૩ | ૭ |
| ૩૮ | ૨ | ૩ | ૩ | ૩ | ૬ |
| ૩૧ | ૧૨ | ૧૯ | - | - | - |
| ૩૯ | ૯ | ૧૭ | - | - | - |
| ૨૭ | ૬ | ૧૨ | ૫ | ૫ | ૭ |
| ૨૩ | ૯ | ૧૪ | ૫ | ૪ | ૫ |
| **૩૭૪** | **૧૧૩** | **૨૫૬** | **૪૩** | **૪૨** | **૭૧** |

## પ ત્ર ક -૨
## ખેડા જિલ્લાના શહેરી વિસ્તારની માહિતી

| | લૂંટ | | | ધાડ | | | બળાત્કાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માસ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| જાન્યુઆરી | - | - | - | - | - | - | - | - | - |
| ફેબ્રુઆરી | - | - | - | - | - | - | - | - | - |
| માર્ચ | - | - | - | - | - | - | - | - | - |
| એપ્રિલ | - | - | - | - | - | - | - | - | - |
| મે | - | - | - | - | - | - | - | - | - |
| જુન | - | - | - | ૨ | ૨ | ૯ | - | - | - |
| જુલાઈ | - | - | - | - | - | - | ૧ | ૧ | ૧ |
| ઓગષ્ટ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨૪ | - | - | - |
| સપ્ટેમ્બર | - | - | - | - | - | - | - | - | - |
| ઓકટોબર | - | - | - | - | - | - | ૧ | ૧ | ૧ |
| નવેમ્બર | - | - | - | - | - | - | - | - | - |

| | લૂંટ | | | ધાડ | | | બળાત્કાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માસ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| ડીસેમ્બર | - | - | - | - | - | - | - | - | - |
| **કુલ** | **૧** | **૧** | **૨** | **૩** | **૩** | **૩૩** | **૨** | **૨** | **૨** |

## Table ૩

| ચોરી | | | અપહરણ | | |
|---|---|---|---|---|---|
| નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| ૯ | ૪ | ૮ | - | - | - |
| ૧૦ | ૮ | ૧૧ | - | - | - |
| ૭ | ૪ | ૫ | ૨ | ૨ | ૯ |
| ૧૦ | ૮ | ૧૪ | ૩ | ૩ | ૨ |
| ૮ | ૬ | ૬ | ૨ | ૧ | ૧ |
| ૪ | ૧ | ૧ | - | - | - |
| ૯ | ૨ | ૨ | - | - | - |
| ૮ | ૪ | ૫ | - | - | - |
| ૬ | ૩ | ૩ | - | - | - |
| ૩ | ૨ | ૨ | - | - | - |
| ૬ | ૫ | ૬ | ૧ | ૧ | ૪ |
| ૮ | ૩ | ૬ | - | - | - |
| **૮૮** | **૫૦** | **૬૯** | **૮** | **૭** | **૧૬** |

## ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની માહિતી

| | લૂંટ | | | ધાડ | | | બળાત્કાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માસ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| જાન્યુઆરી | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૫ | - | - | - |
| ફેબ્રુઆરી | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૮ | ૨ | ૨ | ૨ |
| માર્ચ | ૨ | ૨ | ૬ | ૧ | ૧ | ૫ | - | - | - |
| એપ્રિલ | - | - | - | - | - | - | ૫ | ૫ | ૬ |
| મે | ૧ | ૧ | ૩ | - | - | - | ૨ | ૨ | ૨ |
| જુન | ૨ | ૨ | ૭ | - | - | - | ૧ | ૧ | ૧ |
| જુલાઈ | - | - | - | - | - | - | - | - | - |
| ઓગષ્ટ | - | - | - | ૧ | ૧ | ૪ | - | - | - |
| સપ્ટેમ્બર | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ઓકટોબર | ૧ | ૧ | ૩ | - | - | - | - | - | - |
| નવેમ્બર | ૨ | ૧ | ૩ | - | - | - | - | - | - |
| ડીસેમ્બર | - | - | - | ૧ | ૧ | ૭ | ૩ | ૩ | ૫ |
| **કુલ** | **૧૨** | **૧૦** | **૨૯** | **૬** | **૫** | **૨૯** | **૧૩** | **૧૩** | **૧૬** |

## Table ૪

| ચોરી | | | અપહરણ | | |
|---|---|---|---|---|---|
| નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| ૬ | ૩ | ૨૬ | ૫ | ૫ | ૧૨ |
| ૧૯ | ૧૨ | ૨૧ | ૪ | ૪ | ૬ |
| ૧૫ | ૭ | ૧૯ | ૬ | ૫ | ૬ |
| ૨૧ | ૧૪ | ૩૪ | ૫ | ૫ | ૮ |
| ૧૯ | ૩ | ૨ | ૩ | ૩ | ૩ |
| ૯ | ૨ | ૧ | ૬ | ૬ | ૯ |
| ૧૮ | ૮ | ૧૦ | ૪ | ૪ | ૧ |
| ૧૪ | ૮ | ૮ | ૪ | ૪ | ૫ |
| ૧૧ | ૪ | ૨ | ૪ | ૪ | ૨ |
| ૧૨ | ૪ | ૧૨ | ૪ | ૪ | - |
| ૧૦ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ |
| ૧૬ | ૬ | ૫ | ૮ | ૮ | ૨ |
| **૧૭૦** | **૭૪** | **૧૪૩** | **૫૫** | **૫૪** | **૫૬** |

**સોર ઉર્જાના કરારો**

૧૮૨૩૧ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૦-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સોર ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે કેટલી ક્ષમતાના વીજ ખરીદી કરાર થયેલ છે ?

**જવાબ**

તા.૩૦-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સોર ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે ૯૫૮.૫ મેગા વોટ ક્ષમતાના વીજ ખરીદી કરાર થયેલ છે.

--------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ માં સ્ટેટ ગેસ્ટને આપવામાં આવેલ સુવિધા**

૧૭૫૧૩ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે જાન્યુઆરી-૨૦૧૧ માં આયોજીત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ માં કેટલા મહાનુભાવોને સ્ટેટ ગેસ્ટ તરીકેની અને ખાસ કિસ્સામાં કેટલાને સ્ટેટ ગેસ્ટની સુવિધાઓ આપવામાં આવી, અને

(૨) આવી સુવિધાઓ આપવા પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ગાંધીનગર ખાતે જાન્યુઆરી-૨૦૧૧ માં આયોજીત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ માં સામાન્ય વહીવટ વિભાગ તરફથી ૦૪ (ચાર) મહાનુભાવોને સ્ટેટ ગેસ્ટ તરીકેની અને ખાસ કિસ્સામાં ૧૩૧ (એકસો એકત્રીસ) મહાનુભાવોને સ્ટેટ ગેસ્ટ તરીકેની સુવિધાઓ આપવામાં આવી.

(૨) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ખર્ચ રૂા.૨૩,૨૯૩/- ઉપરાંત તા.૪-૨-૨૦૧૧ની સ્થિતિએ ઈન્ડેક્ષ્ટબી દ્વારા સ્ટેટ ગેસ્ટ અને તેમના લાયઝન અધિકારી માટેની ગાડીઓની વ્યવસ્થા માટે રૂા.૧૮.૩૦ લાખનું ચૂકવણું થયેલ છે.

--------

**રક્ષા શક્તિ યુનિવર્સિટી માટે ખર્ચવામાં આવેલ નાણા**

૧૭૬૦૫ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ રક્ષા શક્તિ યુનિવર્સિટી માટે કુલ કેટલી રકમ ખર્ચવામાં આવેલ છે, અને

(૨) યુનિવર્સિટીની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) કુલ રૂપિયા ૩,૯૯,૩૮,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ નવાણું લાખ આડત્રીસ હજાર પુરા).

(૨) "ધી રક્ષા શક્તિ યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯" હેઠળ રક્ષા શક્તિ યુનિવર્સિટીની રચના થયા બાદ,

- મેઘાણીનગર, અમદાવાદ ખાતે હંગામી ધોરણે ફાળવેલ જ્ગ્યાએ "ડીપ્લોમાં ઈન પોલીસ સાયન્સ" અંગેનો અભ્યાસક્રમ તા.૨૬-૭-૨૦૧૦થી શરૂ કરવામાં આવેલ છે. જે કોર્સમાં કુલ ૧૬૦ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે જ્ગ્યા છે, પરંતુ કુલ ૧૫૯ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવેલ છે.
- મોજેઃ લવાડ, તાલુકો : દહેગામ, જિ. ગાંધીનગર ખાતે ફાળવેલ ૧૯૨ એકર જમીનનું કંટુરીંગ કરવામાં આવેલ છે. આ સ્થળે યુનિવર્સિટીની કેમ્પ ઓફિસ શરૂ કરવામાં આવેલ છે તેમજ, પરેડ ગ્રાઉન્ડ તૈયાર કરેલ છે.
- યુનિવર્સિટીના બિલ્ડીંગ નિર્માણ માટે આર્કિટેકટની નિમણૂંક માટે એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ મંગાવી તેમાંથી ચયન પ્રક્રિયા પ્રગતિમાં છે.

--------

## ઉર્જા ક્ષેત્રે એવોર્ડ

૧૮૨૬૪ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત સરકારને ઉર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા એવોર્ડ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, આ એવોર્ડની વિગતો શી છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારને ઉર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ૧૨ (બાર) એવોર્ડ મળેલ છે.

(૨) આ એવોર્ડની વિગતો પત્રક-અ માં સામેલ છે.

**પ ત્ર ક - અ**

| અ.નં. | શિલ્ડ/સર્ટીફિકેટનું નામ | એવોર્ડ કોને મળેલ છે ? | એવોર્ડ ક્યા સ્વરૂપે મળેલ છે ? | કઈ કામગીરી માટે એવોર્ડ મળેલ છે | એવોર્ડ કોના તરફથી મળેલ છે ? | એવોર્ડ કઈ તારીખે મળેલ છે |
|---|---|---|---|---|---|---|
| ૧ | એવોર્ડ ફોર મેરીટોરીયસ પર્ફોમન્સ ઈન પાવર ડીસ્ટ્રીબ્યુશન ૨૦૦૮-૦૯ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | બ્રોન્ઝ શીલ્ડ અને સર્ટીફીકેટ | મેરીટોરીયસ પર્ફોમન્સ ઈન પાવર ડીસ્ટ્રીબ્યુશન | ઊર્જા મંત્રાલય, ભારત સરકાર | ૨૯.૦૧.૨૦૧૦ |
| ૨ | ઈનોવેશન ફોર ઈન્ડીયા એવોર્ડ-૨૦૧૦ (પબ્લીક સર્વીસ ઈનોવેશન એવોર્ડ) | ગુજરાત સરકાર | એવોર્ડ | જ્યોતિગ્રામ યોજનાને પબ્લીક સર્વીસ ઈનોવેશન માટે | મેરીકો ઈનોવેશન ફાઉન્ડેશન | ૧૭.૦૫.૨૦૧૦ |
| ૩ | નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ખર્ચ ઘટાડવાની અલગ અલગ ટેક્નીકો, વેરાયન્સ એનાલીસીસ, બજેટીંગ, ઈન્વયન્ટરી કંન્ટ્રોલ ટેક્નીક, ફંડ મેનેજમેન્ટ, ગ્રાહકલક્ષી દેવામાં ઘટાડો, સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ વિગેરે બાબતે | ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ મેનેજમેન્ટવર્કસ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા નવી દિલ્હી ખાતે એનાયત થયેલ છે. | ૦૮.૦૭.૨૦૧૦ |
| ૪ | નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ખર્ચ ઘટાડવાની અલગ અલગ ટેક્નીકો, વેરાયન્સ એનાલીસીસ, બજેટીંગ, ઈન્વયન્ટરી કંન્ટ્રોલ ટેક્નીક, ફંડ મેનેજમેન્ટ, ગ્રાહકલક્ષી દેવામાં ઘટાડો, સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ વિગેરે બાબતે | ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ મેનેજમેન્ટવર્કસ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા નવી દિલ્હી ખાતે એનાયત થયેલ છે. | ૦૮.૦૭.૨૦૧૦ |
| ૫ | ઈ.એમ.પી.આઈ. ઈન્ડીયા એક્સપ્રેસ ઈન્ડીયન ઈનોવેશન એવોર્ડ | ગુજરાત સરકાર | ગોલ્ડ ટ્રોફી | એક્ઝામપ્લરી ઈનોવેટીવ વર્ક જ્યોતિગ્રામ યોજના | ઈ.એમ.પી.આઈ. ઈન્ડીયા એક્સપ્રેસ ઈન્ડીયન ઈનોવેશન એવોર્ડ | ૧૨.૦૭.૨૦૧૦ |
| ૬ | પાવર એક્સલન્સ એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત સરકાર | એવોર્ડ | બેસ્ટ પર્ફોમન્સ ઓફ સ્ટેટ પાવર યુટીલીટી | ઈન્ડીયાન ચેમ્બર ઓફ કોમર્સ કલકત્તા | ૨૩.૦૮.૨૦૧૦ |
| ૭ | એનર્શીયા એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત સરકાર અને રાજસ્થાન સરકાર (સંયુક્ત રીતે) | ટ્રોફી અને સર્ટીફીકેટ | મોસ્ટ ઈનવેસ્ટમેન્ટ ફ્રેન્ડલી સ્ટેટ ફોર એનર્જી એન્ડ પાવર એવોર્ડ | ફાલ્કન મીડીયા | ૦૬.૧૦.૨૦૧૦ |
| ૮ | ઈન્ડિયા ટેક એક્સલન્સ એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત સરકાર | ટ્રોફી | એપ્લીકેશન ઓફ આઈટી ઈન પાવર : ઈ ઊર્જા ઈઆરપી બેઝ એન્ડ ટુ એન્ડ સોલ્યુસન | ઈન્ડીયા ટેક ફાઉન્ડેશન મુંબઈ | ૨૭.૧૦.૨૦૧૦ |
| ૯ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ઓવરઓલ યુટીલીટી પર્ફોમન્સ (ડીસ્ટ્રીબ્યુશન) નોન અર્બન એરીયા | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી | ૧૧.૧૧.૨૦૧૦ |
| ૧૦ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ઈનોવેશન ઈન ડીઝાઈન એન્ડ એક્ઝીક્યુશન ઓફ પ્રોજેક્ટસ ફોર ડ્રમ પ્રોજેક્ટ એટ ઉમરેઠ. | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી | ૧૧.૧૧.૨૦૧૦ |
| ૧૧ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | એનર્જી એફીશ્યન્સી, કંઝર્વેશન એન્ડ ડીએસએમ-ખેતી વિષયક ગ્રાહકો માટે ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટમાં ઈનીશ્યેટીવ લેવા બદલ અને પ્રવર્તમાન પંપની જગ્યાએ એનર્જી એફીશ્યન્સ પંપ સેટ્સ રીપ્લેસ કરવા બાબત. | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી. | ૧૧.૧૧.૨૦૧૦ |
| ૧૨ | કે.પી.એમ.જી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટુ ડે એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. | ટ્રોફી | મોસ્ટ એડમાયર સ્ટેટ એન્ટીટી ઈન પાવર સેક્ટર | એ.એસ.એ.પી.પી. મીડીયા ઈન્ફર્મેશન ગ્રુપ (પબ્લીસર ઓફ કંન્ટ્રક્શન વર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટુ ડે) એન્ડ કેપીએમજી (એ ગ્લોબલ નેટવર્ક ઓફ પ્રોફેશનલ્સ ફર્મ્સ પ્રોવાઈડીંગ ઓડીટ, | ૦૧.૧૨.૨૦૧૦ |

| અ.નં. | શિલ્ડ/સર્ટીફિકેટનું નામ | એવોર્ડ કોને મળેલ છે ? | એવોર્ડ ક્યા સ્વરૂપે મળેલ છે ? | કઈ કામગીરી માટે એવોર્ડ મળેલ છે | એવોર્ડ કોના તરફથી મળેલ છે ? | એવોર્ડ કઈ તારીખે મળેલ છે |
|---|---|---|---|---|---|---|
| | | | | | ટેક્ષ એન્ડ એવાયઝરી સર્વીસીસ ઈન ૧૪૮ કંટ્રીઝ. | |

--------

## વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ માં જામનગર જિલ્લા માટે થયેલ એમ.ઓ.યુ.

૧૮૨૪૯ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ માં જામનગર જિલ્લા માટે કેટલા ઉદ્યોગ ગૃહો તરફથી એમ.ઓ.યુ. થયા,

(૨) તેમાં ઉર્જા ક્ષેત્રે કેટલા, અને

(૩) બંદર ક્ષેત્રમાં કેટલા ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ માં જામનગર જિલ્લા માટે કુલ ૨૮૩ ઉદ્યોગ ગૃહો તરફથી એમ.ઓ.યુ. થયેલ છે.

(૨) ઉર્જા ક્ષેત્રે ૬ એમ.ઓ.યુ. થયેલ છે.

(૩) બંદર ક્ષેત્રમાં ૭ એમ.ઓ.યુ. થયેલ છે.

## સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન

૧૮૨૫૨ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા )** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને

(૨) અને ક્યાં ક્યાં સ્થળે સ્થાપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કુલ ૧૪૦ (એક્સો ચાલીસ) સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) આ અંગેની વિગતો આ સાથેના ***પત્રક**માં સામેલ છે.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## નર્મદા-કચ્છ નહેરના કામો

૧૮૨૭૪ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત કાંકરેજ, ભાભર, વાવ અને સાંતલપુર તાલુકામાંથી પસાર થતી કચ્છ શાખાના નહેરના કામો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કાંકરેજ અને ભાભર તાલુકાઓમાં કામ પૂર્ણ થયેલ છે. વાવ તથા સાંતલપુર તાલુકાઓમાં કામ પ્રગતિમાં છે.

(૨) આ કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

## કમાન્ડો તાલીમ કેન્દ્રની રચના

૧૮૨૦૧ : **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧ માં રાજ્યમાં કમાન્ડો તાલીમ કેન્દ્રની રચના માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા જી, તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧ માં રાજ્યમાં કમાન્ડો તાલીમ કેન્દ્રની રચના માટે રાજ્ય સરકારે આયોજન કરેલ છે.

(૨) કમાન્ડો તાલીમ કેન્દ્ર ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ખલાલ ગામે સર્વે નં.૩/અ, ૮૦ હેક્ટર જમીન ફાળવવામાં આવેલ છે. અને વિવિધ સંવર્ગની કુલ-૩૪ જ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. અને તેઓના પગારના ખર્ચને પહોંચી વળવા માટે સને ૨૦૧૦-૧૧ માં ₹ ૧૮.૧૩ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**વીજ ગ્રાહકો માટે લોક અદાલત**

૧૮૨૬૭ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન કરવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું ? | (૨) છેલ્લા ત્રણ વર્ષના ગાળા દરમ્યાન કુલ ૬૯૨૪ લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું છે. જે દ્વારા ૧,૯૬,૭૯૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જેના દ્વારા રૂપિયા ૧૦૩.૭૬ કરોડ મળવાપાત્ર છે. |

--------

**જામનગર અને કચ્છ જિલ્લામાં ખુલ્લા વીજ વાયરને લીધે થયેલ મૃત્યુ**

૧૭૪૫૦ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને કચ્છ જિલ્લામાં સને ૨૦૦૯ તથા ૨૦૧૦ ના વર્ષમાં ખુલ્લા વીજ વાયર તથા ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનો તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા, | (૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ઈલેકટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માતો થતા હોય છે. જામનગર અને કચ્છ જિલ્લામાં સને ૨૦૦૯ તથા ૨૦૧૦ના વર્ષમાં થયેલ વીજઅકસ્માતો અંગેની વિગતો આ સાથેના સામેલ **""પત્રક-અ""** મુજબ છે. |

**પ ત્ર ક - અ**

| ક્રમ | જિલ્લો | વર્ષ | કુદરતી આફતો/આકસ્મિત કારણોના કારણે ખુલ્લા વીજવાયરને થયેલ નુકશાને લીધે થયેલ અકસ્માતમાં | ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોના લીધે થયેલ અકસ્માતમાં થયેલ મૃત્યુ | વીજ તંત્રની બેદરકારીને લીધે થયેલ અકસ્માતમાં થયેલ મૃત્યુ | કુલ અકસ્માતોમાં થયેલ મૃત્યુ |
|---|---|---|---|---|---|---|

| | | | થયેલ મૃત્યુ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ |
| ૧ | જામનગર | ૨૦૦૯ | ૧૨ | ૪૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૧૭ | ૪૫ |
| ૨ | | ૨૦૧૦ | ૧૬ | ૯૯ | ૨૬ | ૦ | ૦ | ૦ | ૪૨ | ૯૯ |
| ૩ | | **કુલ** | **૨૮** | **૧૪૪** | **૩૧** | **૦** | **૦** | **૦** | **૫૯** | **૧૪૪** |
| ૪ | કચ્છ | ૨૦૦૯ | ૧૦ | ૩૨ | ૮ | ૦ | ૦ | ૦ | ૧૮ | ૩૨ |
| ૫ | | ૨૦૧૦ | ૧૮ | ૪૩ | ૧૭ | ૦ | ૦ | ૦ | ૩૫ | ૪૩ |
| ૬ | | | ૨૮ | ૭૫ | ૨૫ | ૦ | ૦ | ૦ | ૫૩ | ૭૫ |
| **૭** | **કુલ** | | **૫૬** | **૨૧૯** | **૫૬** | **૦** | **૦** | **૦** | **૧૧૨** | **૨૧૯** |

(૨) આ બાબતે કેટલા જવાબદારો સામે કાનુની તેમજ ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવી તથા તેમને શી શિક્ષા કરવામાં આવી,

(૨) સામાન રીતે અકસ્માતોના આવા કિસ્સાઓમાં પુરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ કિસ્સાઓમાં કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોઈ, શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) વળતર ચૂકવણી પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના અને પ્રાણીઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને રકમ નક્કી થતી હોય છે. ગ્રાહકોના આંતરિક વાયરીંગ કે ઈલેકટ્રીક સાધનોના કારણે થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું રહેતું નથી.

કુલ ૫૬ (છપ્પન) વ્યક્તિઓના વારસદારો અને ૨૧૯ (બસ્સો ઓગણીસ) પ્રાણીઓના માલિકોને ચૂકવેલ વળતરની વિગતો આ સાથે સામેલ ""**પત્રક-બ**"" મુજબ છે.

**પ ત્ર ક – બ**

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | **અસરગ્રસ્તોની સંખ્યા** | | **વળતર પેટે થયેલ ચૂકવણી રકમ (રૂ. લાખમાં)** | | | | **વળતર ચૂકવવા માટે બાકી અસરગ્રસ્તોની સંખ્યા** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | **નાગરીકો** | | **પ્રાણીઓ** | | **નાગરીકો** | | **પ્રાણીઓ** |
| | | | વ્યક્તિ | પ્રાણી | સંખ્યા | રકમ | સંખ્યા ૧૫૩ | રકમ | કોર્ટ કેસ વાળા | બીન પાત્રતા વાળા (જરૂરી અરજી અને | બીન પાત્રતાવાળા (જરૂરી અરજી અને દસ્તાવેજી |

| | | | | | | | | | | દસ્તાવેજી પૂરાવાઓના અભાવે) | પૂરાવાઓના અભાવે) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૦૦૯ | ૧૨ | ૪૫ | ૦ | ૦.૦૦ | ૧૫ | ૦.૬૦ | ૨ | ૧૦ | ૩૦ |
| ૨ | | ૨૦૧૦ | ૧૬ | ૯૯ | ૦ | ૦.૦૦ | ૮ | ૦.૩૦ | ૭ | ૯ | ૯૧ |
| ૩ | | **કુલ** | **૨૮** | **૧૪૪** | **૦** | **૦.૦૦** | **૨૩** | **૦.૯૦** | **૯** | **૧૯** | **૧૨૧** |
| ૪ | કચ્છ | ૨૦૦૯ | ૧૦ | ૩૨ | ૩ | ૦.૧૫ | ૦ | ૦.૦૦ | ૩ | ૪ | ૩૨ |
| ૫ | | ૨૦૧૦ | ૧૮ | ૪૩ | ૨ | ૦.૫૫ | ૬ | ૦.૨૪ | ૩ | ૧૩ | ૩૭ |
| ૬ | | **કુલ** | **૨૮** | **૭૫** | **૫** | **૦.૭૦** | **૬** | **૦.૨૪** | **૬** | **૧૭** | **૬૯** |
| ૭ | **કુલ** | | **૫૬** | **૨૧૯** | **૫** | **૦.૭૦** | **૨૯** | **૧.૧૪** | **૧૫** | **૩૬** | **૧૯૦** |

(૪) બાકી રહેલ વળતરની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) પ્રાણીઓના અકસ્માતના કિસ્સાઓમાં ૫૦ ટકા રકમ રૂા.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર તેઓને નિયમાનુસાર મળતું વળતર સ્વીકાર્ય છે, એવી લેખિત બાંહેધરી આપ્યા બાદ ચૂકવવામાં આવે છે. જ્યારે બાકીની રકમ વિદ્યુત નિરીક્ષકનો અહેવાલ મળ્યા બાદ ચૂકવવામાં આવે છે.

નાગરિકોના અકસ્માતના કિસ્સાઓમાં ""બાઈનંદ્ર"" કેસમાં સુચવેલ માર્ગદર્શીકા મુજબ રકમ ચૂકવવામાં આવે છે. આમ ઉપરક્ત બાકી રકમ પુરતા દસ્તાવેજી પુરાવા મળ્યેથી સંબંધિતને ચૂકવી આપવામાં આવશે.

--------

**સોલાર પાવર પ્રોજેક્ટને આપવામાં આવેલ મંજૂરી**

૧૭૩૪૧ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સોલર પાવર, પ્રોજેક્ટ અંગે કેટલા એકમોને મંજૂરી આપવામાં આવી,

(૨) તે અન્વયે કેટલા પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે કેટલા એકમોએ કેટલું પ્રોડક્શન કર્યુ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સોલર પાવર પ્રોજેક્ટ અંગે કુલ-૯૩ એકમોને ૧૨૯૧ મેગા વૉટ માટે મંજૂરી આપવામાં આવી.

(૨) તે અન્વયે કુલ-૯૫૮.૫ મેગા વૉટ માટે કુલ-૮૩ પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરવામાં આવ્યાં.

(૩) પાવર પરચેઝ એગ્રીમેન્ટ પ્રમાણે સોલર પાવર ઉત્પાદનની છેલ્લી તા.૩૧-૧૨-૨૦૧૧ છે.

--------

**ગૃહ વિભાગમાં સંવર્ગવાર ખાલી જ્યાઓ**

૧૮૪૩૫ **: શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગૃહ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અન્વયે કેટલી જ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨) : ગૃહ વિભાગમાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ સંવર્ગવાર ખાલી જ્યાઓની સંખ્યા આ સાથેના **પત્રકના કોલમ-૫** માં દર્શાવેલ છે.

આ જ્યાઓ જે તે **પત્રકના કોલમ-૬ થી ૯** માં દર્શાવેલ સમયથી ખાલી છે, અને આ ખાલી જ્યાઓ વહીવટી કારણોસર ભરી શકાયેલ નથી.

**પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ | | | જ્ગ્યા કેટલા સમયથી ખાલી છે ? | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર જ્ગ્યાઓ | ભરેલ જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ | ૧ થી ૨ વર્ષ | ૨ વર્ષથી વધુ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| રાજ્ય પત્રિત | | | | | | | | |
| ૧ | અધિક મુખ્ય સચિવ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| ૨ | સચિવ | ૦૨ | ૦૧ | ૦૧ | - | - | - | ૧ |
| ૩ | નાયબ સચિવ | ૦૫ | ૦૫ | - | - | - | - | ૧ |
| ૪ | ઉપસચિવ | ૦૮ | ૦૭ | ૦૧ | - | ૦૧ | - | - |
| ૫ | સેક્શન અધિકારી | ૨૮ | ૨૫ | ૦૩ | - | ૦૩ | - | - |
| બિન રાજ્ય પત્રિત | | | | | | | | |
| ૬ | નાયબ સેક્શન અધિકારી | ૧૦૦ | ૮૦ | ૨૦ | - | ૦૭ | ૦૯ | ૦૪ |
| ૭ | સામાન્ય ફરજ કારકુન | ૨૭ | ૨૬ | ૦૧ | - | - | - | ૦૧ |
| ૮ | અંગત મદદનીશ | ૦૭ | ૦૭ | - | - | - | - | - |
| ૯ | ગુજરાતી/અંગ્રેજી ટાઇપીસ્ટ | ૨૩ | ૦૬ | ૧૭ | ૦૧ | ૦૮ | ૦૧ | ૦૭ |
| ૧૦ | ડ્રાયવર | ૦૬ | ૦૪ | ૦૨ | - | - | - | ૦૨ |
| ૧૧ | વર્ગ-૪ (હવાલદાર, નાયક, પટાવાળા, હમાલ) | ૩૯ | ૨૪ | ૧૫ | - | ૦૨ | - | ૧૩ |

--------

**ક્રાઈમ બ્રાન્ચને અદ્યતન કરવા બાબત**

૧૮૧૮૩ **: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે ગુન્હા નિવારણ અને ગુના સોધનમાં મહત્વની ભુમિકા અદા કરતી જિલ્લા/શહેરની ક્રાઈમ બ્રાન્ચને વધુ સુદ્દઢ બનાવવાની યોજના બનાવેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ક્રાઈમ બ્રાન્ચોને સુદ્દઢ બનાવવા ક્રાઈમ બ્રાન્ચોમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને વિવિધ પ્રકારની ખાસ તાલીમો આપવાનું તેમજ વધુ સારા સંદેશાવ્યવહાર ઉપકરણો અને કોમ્પ્યુટરાઈઝ સાધનો ફાળવવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે.

(૨) આધુનિક વાહનો અને હથિયારો આપવામાં આવેલ છે.

(૩) આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરી ગુના શોધનની કામગીરી કરવા સુચનાઓ આપેલ છે.

(૪) અધિકારી/કર્મચારીઓને મોબાઈલ ટ્રેકીંગ તેમજ અન્ય તાલીમ મેળવી અનડીટેક્ટ ગુના શોધી કાઢવા સુચના આપેલ છે.

(૫) નાસ્તા ફરતા ગુનેગારોને પકડવાની ગંભીર અનડીટેક્ટ ગુના ડીટેક્ટ કરવા, મિલક્ત વિરૂધ્ધના ગંભીર ગુનાની કામગીરી કરવા સુચના આપેલ છે.

(૬) ઈન્ટરનેટથી એકબીજા શહેર/જિલ્લાઓનું જોડાણ કરવામાં આવેલ છે. તેમજ સરળતાથી વાપરી શકાય તેવી અતિ આધુનિક હાથકડીઓની ફાળવણી કરવામાં આવેલ છે.

(૭) ગાંજા, ચરસ, અફીણ, હેરોઈન અને સીન્થેટીક ડ્રગ્સની બદી અટકાવવા માટે જરૂરી પગલા લેવા ટ્રાન્સપોર્ટ કોમ્યુનીકેશનના અદ્યતન સાધનો તથા કોમ્પ્યુટરને લગતા અદ્યતન સોફ્ટવેર પુરા પાડી અસરકારક કામગીરી કરાવવાની યોજના છે. સ્ટેટ સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીમાં કાર્યરત સી.આઈ.સેલ

શાખામાં સમગ્ર રાજ્યના પેરોલ/ફર્લો, વચગાળાના જામીન, જેલમાંથી અને પોલીસ જાપ્તામાંથી ફરારી કેદીઓને પકડવાની કાર્યવાહીનું મોનીટરીંગ અને સુપરવિઝન થાય છે અને શહેર/જિલ્લાના પેરોલ/ફર્લો સ્કવોડ એલ.સી.બી. સાથે સંપર્કમાં રહી આ ફરારી કેદીઓ પકડવાની કાર્યવાહી કરે છે.

**કુટિર જ્યોતિ યોજનામાં ડાંગ જિલ્લામાં અપાયેલ વીજ જોડાણો**

૧૮૧૫૮ : **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુટિર જ્યોતિ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન ડાંગ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન હતું, અને

(૨) તે અંતર્ગત તા. ૩૧મી ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા અને તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) ""કુટિર જ્યોતિ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન ડાંગ જિલ્લામાં ૧૦૦૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન છે. તે અંતર્ગત ૩૧ ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૩૩.૦૦ લાખના ખર્ચે ૧૫૦૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો**

૧૭૯૬૨ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) : મહેસાણા જિલ્લામાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના કુલ-૩૮ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂ.૨૧૩.૫૭ લાખનો ખર્ચ થનાર છે.

--------

**સાબરકાંઠા જિલ્લામાં હથિયાર લાયસન્સ**

૧૮૪૨૮ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર હથિયાર લાયસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલા હોય અને પોલીસ/મેજીસ્ટ્રેટનો અભિપ્રાય નકારાત્મક હોય છતાં કોને કોને ક્યા પ્રકારના હથિયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે ?

**જવાબ**

આવા કોઇ હથિયાર પરવાના આપવામાં આવ્યા નથી.

---------

**વડોદરા જિલ્લામાં ગુનાઓ**

૧૮૭૦૦ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખૂન, લૂંટ, બળાત્કાર, ધાડ અને અપહરણના બનાવો પોલીસ દફતરે નોંધાયા, અને

**જવાબ**

(૧)

| તાલુકો | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | અપહરણ |
|---|---|---|---|---|---|
| વડોદરા તાલુકો | ૯ | ૫ | - | ૫ | ૫ |
| કરજણ | ૧ | ૨ | ૧ | ૨ | ૧૦ |
| શિનોર | ૫ | ૧ | ૧ | - | ૬ |
| સાવલી | ૧૩ | ૧ | ૭ | ૧ | ૧૬ |
| પાદરા | ૧૨ | ૨ | ૩ | ૪ | ૧૪ |
| તાલુકો | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | અપહરણ |
| વાઘોડીયા | ૧૨ | ૧ | ૧ | ૧ | ૯ |
| સંખેડા | ૮ | ૪ | ૭ | ૧ | ૭ |
| નસવાડી | ૫ | - | ૬ | - | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નસવાડી | ૫ | - | ૬ | - | ૬ |
| ડભોઇ | ૬ | ૩ | ૩ | ૧ | ૧૪ |
| છોટાઉદેપુર | ૨૫ | ૪ | ૬ | ૧ | ૭ |
| ક્વાંટ | ૧૪ | ૨ | ૧ | - | ૩ |
| જેતપુર | ૯ | - | ૩ | ૧ | ૨૨ |
| **કુલ :** | **૧૧૯** | **૨૫** | **૩૯** | **૧૭** | **૧૧૯** |

(૨) કેટલા કેસોનો ઉકેલ લાવવામાં આવ્યો અને કેટલા આરોપીઓની ધરપકડ થઇ ?

(૨)

| **તાલુકો** | **ખૂન** | | **લૂંટ** | | **બળાત્કાર** | | **ધાડ** | | **અપહરણ** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **ઉકેલ લાવ્યા** | **ધરપકડ** | **ઉકેલ લાવ્યા** | **ધરપકડ** | **ઉકેલ લાવ્યા** | **ધરપકડ** | **ઉકેલ લાવ્યા** | **ધરપકડ** | **ઉકેલ લાવ્યા** | **ધરપકડ** |
| વડોદરા તાલુકો | ૮ | ૨૧ | ૪ | ૬ | - | - | ૩ | ૧૫ | ૫ | ૩ |
| કરજણ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૩ | ૧૦ | ૯ |
| શિનોર | ૫ | ૪ | ૧ | ૪ | ૧ | ૧ | - | - | ૧૦ | ૧૯ |
| સાવલી | ૧૩ | ૧૯ | ૧ | ૨ | ૭ | ૧૦ | - | - | ૧૬ | ૧૭ |
| પાદરા | ૧૧ | ૩૭ | ૧ | ૨ | ૩ | ૩ | ૪ | ૫૧ | ૧૪ | ૨૯ |
| વાઘોડીયા | ૧૧ | ૨૮ | - | - | ૧ | ૧ | ૧ | ૫ | ૯ | ૨૨ |
| સંખેડા | ૮ | ૧૯ | - | - | ૭ | ૧૧ | ૧ | ૪ | ૭ | ૧૫ |
| નસવાડી | ૫ | ૧૩ | - | - | ૬ | ૭ | - | - | ૬ | ૬ |
| ડભોઇ | ૪ | ૮ | ૩ | ૯ | ૩ | ૨ | ૧ | ૧૦ | ૧૪ | ૧૩ |
| છોટાઉદેપુર | ૨૪ | ૫૩ | ૩ | ૪ | ૬ | ૧૦ | ૧ | ૯ | ૭ | ૧૦ |
| ક્વાંટ | ૧૨ | ૨૫ | ૧ | ૩ | ૧ | - | - | - | ૩ | ૧ |
| જેતપુર | ૮ | ૧૭ | - | - | ૩ | ૩ | ૧ | ૨૩ | ૨૨ | ૨૧ |
| **કુલ :** | **૧૧૦** | **૨૪૫** | **૧૫** | **૩૪** | **૩૯** | **૪૯** | **૧૪** | **૧૨૦** | **૧૧૯** | **૧૬૫** |

---------

## વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનામાં વડોદરા જિલ્લામાં લાભાર્થી

૧૮૨૩૯ : **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

માનવ કલ્યાણ યોજના અન્વયે વડોદરા જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા લાભાર્થીઓને આવરી લીધેલ છે ?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૧૦માં ૫૦૯૬ લાભાર્થીઓને આવરી લેવાયેલ છે.

---------

## ગારીયાધાર તાલુકાને સિંચાઇ માટે કલ્પસર યોજનાનું પાણી આપવા બાબત

૧૭૭૦૨ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારીયાધાર તાલુકામાં એક પણ સિંચાઇ યોજના નથી તે હકીકત સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો કલ્પસર યોજના દ્વારા આ તાલુકાને સિંચાઇ માટેનું પાણી આપવાનું સરકારનું આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) ગારીયાધાર તાલુકામાં એક નાની સિંચાઇ યોજના આવેલ છે.

(૨) કલ્પસર યોજના શક્યતાદર્શી અહેવાલ તબક્કે છે. અહેવાલની કામગીરી પૂર્ણ થયેથી ગારીયાધાર તાલુકાને સિંચાઇ માટેના પાણીના આયોજન બાબતે વિચારી શકાશે.

---------

**જાહેરાતો, પ્રચાર અને પોસ્ટરો છપાવવા પાછળ થયેલ ખર્ચ**

૧૭૪૫૯ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારની જાહેરાતો, પ્રચારો અને પોસ્ટરો છપાવવા પાછ્ળ કેટ કેટલાં ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારની જાહેરાતો, પ્રચારો અને પોસ્ટરો છપાવવા પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

| વર્ષ | કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | રૂ. ૧૦૮૦.૧૬ |
| ૨૦૧૦-૧૧ (તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) | રૂ. ૧૯૫૨.૮૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કરકસરના પગલાં રૂપે આવા ખર્ચાઓ ઉપર સરકાર અંકુશ રાખવા માંગે છે કે કેમ ? | (૨) હા, જી. |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧માં થયેલ ખર્ચ**

૧૭૩૩૮ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૧ના વર્ષમાં યોજવામાં આવેલ પાંચમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં રોકાણકારોને આકર્ષવા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા પત્રો-ફેક્સ કે ઇ-મેઇલ કરવામાં આવ્યા, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ સમીટ માટે ઇન્ડેક્ષ્ટબી વિવિધ કામગીરી સંભાળતી હતી. ઇન્ડેક્ષ્ટબી તરફથી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કુલ ૩૮૨૫ પત્રો અને કુલ ૩૯,૩૨૦ ઇ-મેઇલ મોકલવામાં આવ્યા હતા. ફેક્સથી મોકલાવેલ પત્રોનો અલગ આંક તારવવામાં આવ્યો નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) આ બાબત માટે કોઇ અલગ ખર્ચ તારવવામાં આવ્યો નથી. ઇ-મેઇલ મોકલવાનો ખર્ચ રૂા.૧૬,૫૩૨ થયો હતો. |

---------

**નર્મદા સોરાષ્ટ્ર શાખાના કામો**

૧૮૨૭૭ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ સોરાષ્ટ્ર શાખા નહેરના કામો ક્યા તબક્કે છે, અને | (૧) સોરાષ્ટ્ર શાખા નહેરની સાં.૦.૦ થી ૭૦.૯૭૬ કી.મી.ના તમામ કામો પૂર્ણ થયેલ છે તથા સાં. ૭૦.૯૭૬ થી ૧૦૪.૪૬ કી.મી.ના ભાગમાં નહેરના અસ્તરકામ સિવાયના કામો પૂર્ણ થયેલ છે. અસ્તરકામના કામો પ્રગતિમાં છે. |
| (૨) બાકી કામો પૂર્ણ કરવા કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ? | (૨) બાકી કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**અલંગ શીપ બ્રેકીંગમાં જહાજોની સંખ્યા**

૧૮૨૬૯ : **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે કેટલા ટનેજના જહાજો ભાગવામાં આવેલ છે, અને | (૧) તા.૧-૪-૨૦૦૭ થી તા.૩૧-૧૧-૨૦૧૦ સુધીમાં ૭૩,૦૫,૪૩૯ ટનભાર/એલ.ડી.ટી.ના કૂલ ૯૭૧ જહાજો ભાંગવામાં આવેલ છે. |
| (૨) આવા જહાજોની સંખ્યામાં કોઇ વધારો થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

---------

## પોલીસ અકાદમીની સ્થાપના

૧૮૨૫૭ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં કરાઇ ખાતે પોલીસ અધિકારીઓને અદ્યતન તાલીમ આપવા માટે પોલીસ અકાદમીની સ્થાપના કરવામાં આવી હોવાની હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ અકાદમીની સ્થાપના પાછળ અત્યાર સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને કેટલાને તાલીમ આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા. જી, પોલીસ અધિકારીઓને અદ્યતન તાલીમ આપવા માટે પોલીસ અકાદમીની સ્થાપના તારીખ ૦૧/૦૫/૨૦૦૧ના રોજ ગાંધીનગર જિલ્લાના કરાઇ ખાતે કરવામાં આવેલ છે.

(૨) અકાદમીની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીમાં કૂલ **ÚU** ૩૬૯૭.૫૫ લાખનો ખર્ચ અકાદમી પાછળ કરવામાં આવેલ છે. અને આજ દિન સુધીમાં કુલ ૨૦૮૯૮ તાલીમાર્થીને તાલીમ આપવામાં આવેલ છે.

---------

## કુટિર જ્યોતિ યોજનામાં તાપી જિલ્લામાં અપાયેલા જોડાણો

૧૮૧૫૭ **: શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુટિર જ્યોતિ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તાપી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન હતું, અને

(૨) તે અંતર્ગત તા.૩૧ ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) ""કુટિર જ્યોતિ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તાપી જિલ્લામાં ૨૦૦૦ લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન છે. તે અંતર્ગત ૩૧ ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૫૨.૮૦ લાખના ખર્ચે ૨૪૦૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં વાજપાઇ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૬૮૦ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

૧૩૧૯ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે.

--------

## અમદાવાદ શહેરમાં બાઇક અને કાર ચલાવી સ્ટંટ કરતા યુવાનો સામે થયેલ ફરિયાદો

૧૭૩૨૯ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ઓક્ટોબર-નવેમ્બર અને ડીસેમ્બર ૨૦૧૦માં બાઇક અને કાર ચલાવી સ્ટંટ કરતા કેટલા યુવાનો પકડાયા, તેમાં કેટલા સગીર વયના હતા,

(૨) તેઓની સામે કઇ કઇ કલમો લગાવી ગુન્હાઓ નોંધવામાં આવ્યા, અને

(૩) સુખી કુંટુંબના આવા યુવાન-સગીર બાળકો પકડાય છે તે પૈકી કેટલાક્ને પોલીસ દ્વારા છોડી મૂક્વામાં આવ્યા છે તેવી કેટલી ફરીયાદો તા.૩૧-૧૨-૧૦

**જવાબ**

(૧)

| માસનું નામ | યુવાનો પકડાયા | સગીરવયના | કુલ |
|---|---|---|---|
| ઓક્ટોબર | ૨૨ | ૨ | ૨૪ |
| નવેમ્બર | ૦ | ૦ | ૦ |
| ડીસેમ્બર | ૦ | ૦ | ૦ |

(૨) ઇ.પી.કો. ક્લમ ૨૭૯, ૧૭૭, ૧૮૪ તથા ૧૮૮ લગાવી ગુનો નોંધવામાં આવેલ છે.

(૩) એકપણ ફરિયાદ મળેલ નથી.

સુધીમાં સરકારને મળી ?

---------

**વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં થનાર મૂડીરોકાણ**

૧૮૨૪૬ **: ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧માં કુલ કેટલા પ્રોજેક્ટો માટે કેટલા એમ.ઓ.યુ. થયા, અને

(૨) આ પ્રોજેક્ટોમાં કેટલું મૂડીરોકાણ થનાર છે ?

**જવાબ**

(૧) વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧માં કુલ ૮૩૮૦ પ્રોજેક્ટ માટે ૮૩૮૦ એમ.ઓ.યુ. થયા.

(૨) આ પ્રોજેક્ટોમાં કુલ ૨૦.૮૩ લાખ કરોડનું મૂડીરોકાણ થનાર છે.

---------

**સુરત શહેરમાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો**

૧૭૯૫૦ **: શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં સુરત શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨)

સુરત શહેરમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦ દરમ્યાન પોલીસ ખાતા માટે **ÚU** ૧૭૭૨.૭૭ લાખના ખર્ચે વિવિધ કક્ષાના ૨૪૮ રહેણાંક્ના મકાનો બાંધવામાં આવેલ હોઈ પોલીસ આવાસન અંગેની જરૂરિયાતો મહદ્અંશે પૂર્ણ થયેલ છે. તેથી ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના કોઈ મકાનો હાથ ઉપર લેવામાં આવેલ નથી.

**મીઠા ઉદ્યોગ માટે ફાળવેલ વેગનો**

૧૮૨૩૬ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં મીઠાના વહન માટે રેલ્વેના વેગન ફાળવવા માટે કેન્દ્ર સરકારને કોઇ રજુઆત કરવામાં આવી છે કે કેમ, અને

(૨) સમગ્ર દેશમાં મીઠાના ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત પ્રથમ નંબરે હોવા છતાં કેન્દ્રના રેલ્વે મંત્રાલય દ્વારા મીઠાના વહન માટે રાજ્યમાં જરૂરીયાત કરતાં ઓછાં વેગનો ફાળવવામાં આવ્યા છે, તે વાત સાચી છે ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલ એસોસીએસનો તરફથી મીઠાના વહન માટે વધુ રેક ફાળવવા થયેલ રજુઆતો સંદર્ભમાં પૂરતાં રેક ફાળવવા રાજ્યના માનનીય રાજ્યક્ક્ષાના મંત્રીશ્રી, (ઉદ્યોગ) દ્વારા તા.૩-૧૨-૨૦૦૯ અને તા. ૧-૧૦-૨૦૧૦ના પત્રોથી કેન્દ્રના માનનીય રેલવે મંત્રીશ્રીને રજુઆત કરવામાં આવેલ છે. રાજ્ય સરકારની રજુઆત સંદર્ભે રેલવે મંત્રાલય તરફથી કોઇ હકારાત્મક પ્રત્યુત્તર નથી.

**સૈનિક કલ્યાણ બોર્ડની જિલ્લાવાઇઝ સુવિધા**

૧૮૨૧૪ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જિલ્લા સૈનિક કલ્યાણ બોર્ડની ક્ષેત્રિય કચેરી ક્યા ક્યા જિલ્લાઓમાં કાર્યરત છે, અને

(૨) બાકી જિલ્લાઓમાં આવી કચેરીઓ ખોલવાની સરકારની કોઇ યોજના છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જિલ્લા સૈનિક કલ્યાણ બોર્ડની ક્ષેત્રિય કચેરીઓ કુલ-૬ (છ) અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, રાજકોટ અને સાબરકાંઠા (હિંમતનગર) જિલ્લાઓમાં કાર્યરત છે.

(૨) કચ્છ જિલ્લા માટે નવી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી ખોલવાની મંજુરી ગુજરાત સરકારશ્રી તરફથી આપવામાં આવેલ છે. કેન્દ્ર સરકારશ્રી તરફથી મંજુરી મળ્યે કચ્છ જિલ્લાની નવી કચેરી કાર્યન્વિત કરવામાં આવશે.

## પાટણ જિલ્લામાં વાજપાઇ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૬૮૧ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે પાટણ જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે ? | ૮૬૬ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

---------

## વીજ કંપનીઓ દ્વારા ગ્રાહકોને સુવિધા

૧૮૨૬૬ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની વીજ કંપનીઓ દ્વારા ગ્રાહકોની સેવામાં સુધારો થાય તે માટે કોમ્પ્યુટરના માધ્યમથી કાર્યવાહી કરવા માટે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને<br>(૨) તા.૩૧ ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ આ અંગે કઇ કઇ કામગીરી કરવામાં આવી છે ? | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની વીજ કંપનીઓ દ્વારા ગ્રાહકોની સેવામાં સુધારો થાય તે માટે કોમ્પ્યુટરના માધ્યમથી વીજ બીલની ચૂકવણી માટે ""ઇ-પેમેન્ટ"" અને ""ઇ-ગ્રામ"" યોજના ચાલુ કરવામાં આવેલ છે.<br>""ઇ-પેમેન્ટ"" ની સુવિધા દ્વારા ગ્રાહકો તેમના વીજ બીલનું ચૂકવણું ઇન્ટરનેટ, ક્રેડીટ કાર્ડ તથા ડેબીટ કાર્ડથી અને નેટ બેન્કીંગ દ્વારા કરી શકે છે. જ્યારે ""ઇ-ગ્રામ"" યોજના દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગ્રાહકો તેમના વીજ બીલનું ચુકવણું તેમની ગ્રામ પંચાયતમાં કરી શકે છે. આ બન્ને યોજનાઓથી વીજ ગ્રાહકોના શ્રમ શક્તિ અને સમયનો બચાવ થાય છે અને ગ્રાહકોએ જાતે વીજ વિતરણ કંપની કે બીલ કલેક્શન સેન્ટર સુધી જવું પડતું નથી. તે ઉપરાંત વીજ વિતરણ કંપનીઓને પણ પેમેન્ટ સમયસર મળે છે.<br>તારીખ ૩૧મી ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ ચાર વીજ કંપનીઓ દ્વારા ""ઇ-ગ્રામ"" યોજના અંતર્ગત કુલ ૧૩૭૧૨ ""ઇ-ગ્રામ"" પંચાયતો પૈકી ૧૩૨૩૯ ""ઇ-ગ્રામ"" પંચાયતોમાં વીજ બીલ કલેક્શનની કામગીરી ચાલુ થઇ ગયેલ છે. |

---------

## વીજ વિતરણ કંપનીઓ માટે હરીત ઉર્જાનો ઉપયોગ

૧૭૩૯૬ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તમામ વીજ વિતરણ કંપનીઓ માટે ૧૦ ટકા હરીત ઉર્જાનો ઉપયોગ ફરજીયાત બનાવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સોલાર વીજ ઉત્પાદકોને યુનીટ દીઠ કેટલી રકમ આપવાનું ઠરાવવામાં આવેલ છે, અને | (૨) સોર ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે બહાર પાડેલ સોલાર પાવર પોલીસી અંતર્ગત કુલ-૯૫૮.૫ મે.વો. માટે પી.પી.એ. સહી થયા છે જે માટે નીચે મુજબના ભાવો આપવાનું ઠરાવવામાં આવેલ છે. |

| | |
|---|---|
| સોલાર ફોટોવોલ્ટેઇક પાવર | (૧) રૂ. ૧૫/- પ્રતિ યુનિટ-પ્રથમ ૧૨ વર્ષ માટે<br>(૨) રૂ. ૫/- પ્રતિ યુનિટ ૧૩મા વર્ષથી ૨૫ વર્ષ સુધી |
| સોલાર | (૧) રૂ. ૧૧/- પ્રતિ યુનિટ-પ્રથમ ૧૨ |

| | |
|---|---|
| થર્મલ પાવર | વર્ષ માટે.<br>(૨) રૂ. ૪/- પ્રતિ યુનિટ ૧૩મા વર્ષથી ૨૫ વર્ષ સુધી. |

(૩) તેનાથી વીજગ્રાહકોને કેટલો ફાયદો થવાનો અંદાજ છે ?

(૩) ઉપર્યુક્ત ૯૫૮.૫ મે.વો.ના સોલાર પાવર પ્રોજેક્ટસને કારણે વાર્ષિક ધોરણે ૧.૫ મિલીયન ટન કાર્બનનું વાતાવરણમાં થતું ઉત્સર્જન ઘટશે જેનાથી રાજ્યના પર્યાવરણને મોટા પ્રમાણમાં લાભ થશે જે ગ્લોબલ વોર્મીંગના પડકારને નાથવામાં મદદરૂપ થશે.

---------

**નર્મદાનું સિંચાઇ માટેનો લક્ષ્યાંક**

૧૮૩૫૫ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાનાં કમાન્ડ વિસ્તારમાં પાંચ લાખ હેક્ટરમાં સિંચાઇનું પાણી ખેતીનાં હેતુસર પહોંચ્યું નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) નિર્ધારીત કમાન્ડ એરીયામાં પાણી પહોંચાડવાની નક્કી/અંદાજીત સમયની વિગત શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરદાર સરોવર (નર્મદા) યોજનાના નિર્ધારીત કમાન્ડ એરીયામાં વર્ષ ૨૦૧૪-૧૫ સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે.

**જી.એસ.પી.સી. ને મળતો ઘર વપરાશની ગેસ બાબત**

૧૮૨૩૦ **: શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ જી.એસ.પી.સી. ગેસ કં.ને વાહનોના ઇંધણ માટે તથા ઘ ર વપરાશના રાંધણ ગેસ માટે એડમીનીસ્ટ્રેટેડ પ્રાઇઝ મીકેનીઝમ મુજબનો ગેસ મળે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ એ.પી.એમ.ગેસ ઉક્ત સ્થિતિએ ક્યા ભાવે મળે છે ?

**જવાબ**

(૧) અને (૨) ના, જી.

ભારત સરકારને એડમીનીસ્ટ્રેટેડ પ્રાઇઝ મીકેનીઝમ મુજબનો ગેસ મળે તે માટે વખતો વખત રજુઆત કરવા છતાં હજુ સુધી ગેસ મળેલ નથી.

**ખેડા જિલ્લામાં વાજપાઇ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૬૭૭ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે ખેડા જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦ માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવી?

**જવાબ**

૨૧૨૬ શિક્ષિત બેરોજગારોને સહાય ચુકવવામાં આવેલ છે.

---------

**ખાનગી વીજ કંપની પાસેથી વીજળી ખરીદવા અંગે**

૧૭૩૧૯ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી થી ડીસેમ્બર, ૨૦૧૦ ના એક વર્ષમાં સરકાર દ્વારા કઇ કઇ ખાનગી વીજ કંપનીઓ પાસેથી કેટલી વિજળી ખરીદવામાં આવી, અને

**જવાબ**

(૧) અને (૨) :

રાજ્ય સરકારની નીતિ મુજબ રાજ્યના વીજ ગ્રાહકોને વીજળી પૂરી પાડવા

(૨) ઉક્ત વીજળીની ક્યા દરે ખરીદી થઇ અને કુલ કેટલી રકમ ચૂકવાઇ ?

રાજ્ય સરકારના તેમજ રાજ્ય સરકાર હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકાર ને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોના હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન ઉપરાંત અને જેમની સાથે લાંબાગાળાના ધોરણે વીજ કરારો થયા હોય તેવી ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. તદનુસાર સને ૨૦૧૦ના જાન્યુઆરી થી ડીસેમ્બરના એક વર્ષના ગાળામાં નીચે દર્શાવ્યા મુજબની ખાનગી કંપનીઓ પાસેથી લાંબાગાળાના ધોરણે થયેલ વીજ કરારો અનુસાર થયેલ વીજળીની ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| | **કંપનીનું નામ** | **જાન્યુ.૧૦ થી ડીસે. ૧૦ સુધીમાં ખરીદાયેલ વીજળી** | | **કુલ ખરીદાયેલ વીજળીની રકમ જાન્યુ.૧૦ થી ડીસે.૧૦** |
|---|---|---|---|---|
| | | **મીલીયન યુનીટ** | **દર રૂ.પ્રતિ યુનીટ** | **(રૂ.કરોડમાં)** |
| અ. | લાંબાગાળાના કરારો | | | |
| ૧. | એસ્સાર | ૧૪૩૬ | ૩.૩૭ | ૪૮૪ |
| ૨. | જીપેક (ગેસ આધારિત) | ૩૮૬૮ | ૩.૯૨ | ૧૫૧૬ |
| ૩. | અદાણી પાવર | ૪૧૪૩ | ૨.૫૮ | ૧૦૬૭ |
| ૪. | પવનચક્કી આધારીત | ૧૪૬૨ | ૩.૩૮ | ૪૯૪ |
| | **કુલ (અ) :** | **૧૦૯૦૯** | | **૩૫૬૧** |
| બ | કેપ્ટીવપાવર પ્લાન્ટ | ૨૩૯ | ૩.૧૭ | ૨૩૯ |
| | **કુલ(અ+બ):** | **૧૧૧૪૮** | | **૩૮૦૦** |

---------

## ભાવનગર જિલ્લામાં વાજપાઇ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૨૩૮ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

શ્રી વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે ભાવનગર જિલ્લામાંથી સન-૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

૨૦૪૧ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે.

---------

## વીજ કંપનીઓ દ્વારા ગ્રાહકોને સુવિધા

૧૮૨૬૫ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની વીજ કંપનીઓ દ્વારા ગ્રાહકોની સેવામાં સુધારો થાય તે માટે કોમ્પ્યુટરના માધ્યમથી કાર્યવાહી કરવા માટે કોઇ આયોજન કરાયેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) :

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની વીજ કંપનીઓ દ્વારા ગ્રાહકોની સેવામાં સુધારો થાય તે માટે કોમ્પ્યુટરના માધ્યમથી વીજ બીલની

(૨) જો હા, તો તા.૩૧ ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ આ અંગે શું શું કામગીરી કરવામાં આવી ?

ચૂકવણી માટે ""ઇ-પેમેન્ટ"" અને ""ઇ-ગ્રામ"" યોજના ચાલુ કરવામાં આવેલ છે.

""ઇ-પેમેન્ટ""ની સુવિધા દ્વારા ગ્રાહકોની તેમના વીજ બીલનું ચૂકવણું ઇન્ટરનેટ, ક્રેડીટ કાર્ડ તથા ડેબીટ કાર્ડથી અને નેટ બેન્કીંગ દ્વારા કરી શકે છે. જ્યારે ""ઇ-ગ્રામ"" યોજના દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગ્રાહકો તેમના વીજ બીલનું ચુકવણું તેમની ગ્રામ પંચાયતમાં કરી શકે છે. આ બન્ને યોજનાઓથી વીજ ગ્રાહકોના શ્રમ શક્તિ અને સમયનો બચાવ થાય છે અને ગ્રાહકોએ જાતે વીજ વિતરણ કંપની કે બીલ ક્લેકશન સેન્ટર સુધી જવું પડતું નથી. તે ઉપરાંત વીજ વિતરણ કંપનીઓને પણ પેમેન્ટ સમયસર મળે છે.

તારીખ ૩૧મી ડીસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ ચાર વીજ કંપનીઓ દ્વારા ""ઇ-ગ્રામ"" યોજના અંતર્ગત કુલ ૧૩૭૧૨ ""ઇ-ગ્રામ"" પંચાયતો પેકી ૧૩૨૩૯ ""ઇ-ગ્રામ"" પંચાયતોમાં વીજ બીલ ક્લેક્શનની કામગીરી ચાલુ થઇ ગયેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં નવા સબ સ્ટેશનો**

૧૮૨૫૪ **: શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કુલ ૮(આઠ) નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) કઇ કઇ જગ્યાએ સબસ્ટેશનો સ્થાપવામાં આવશે ?

(૨) આ અંગેની વિગતો આ સાથેના **પત્રક** સામેલ છે.

**પત્રક**

| અ.નં. | સબસ્ટેશનનું નામ | તાલુકાનું નામ | કાર્યરત કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. સિધજ | કોડિનાર | ૧૪-૦૭-૨૦૧૦ |
| ૨ | ૬૬ કે.વી. માલઝિંઝવા | તલાલા | ૧૪-૧૨-૨૦૧૦ |
| ૩ | ૬૬ કે.વી. ઇસરા | કેશોદ | ૩૧-૧૨-૨૦૧૦ |
| ૪ | ૬૬ કે.વી. પત્રમા (ખાલી પીપલી) | મેન્દરડા | ૩૧-૦૧-૨૦૧૧ |
| ૫ | ૬૬ કે.વી. અરણીયાણા | મેન્દરડા | કાર્ય પ્રગતિમાં છે |
| ૬ | ૬૬ કે.વી. નાનદિયા | મનાવડા | કાર્ય પ્રગતિમાં છે |
| ૭ | ૬૬ કે.વી. મહોબતપુરા (નવાગામ) | વંથલી | કાર્ય પ્રગતિમાં છે |
| ૮ | ૬૬ કે.વી. વડાલા | વંથલી | કાર્ય પ્રગતિમાં છે |

---------

**વલસાડ જિલ્લાના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન**

૧૮૦૦૫ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૧) હા જી,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ

(૨) વલસાડ જિલ્લામાં પોલીસ હેડ ક્વાર્ટર વલસાડ

વલસાડ જિલ્લામાં કેટલા કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? ખાતે ૧-(એક) કોમ્યુનીટી હોલ કાર્યરત છે.

---------

**પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા**

૧૮૨૩૪ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાથી સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાથી સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૧૯૧૭ મે.વો. જેટલી છે. |
| (૨) પવન ઉર્જા દ્વારા તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન મેળવાયું ? | (૨) પવન ઉર્જા દ્વારા તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૭૪૪૬ મિલીયન યુનિટ વીજ ઉત્પાદન મેળવાયું. |

---------

**વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં બંદર ક્ષેત્રે એમ.ઓ.યુ.**

૧૮૨૭૬ **: શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૧માં બંદર ક્ષેત્રે કોઈ એમ.ઓ.યુ. થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા રોકાણ કરવા માટેના એમ.ઓ.યુ. થયેલ છે? | (૨) રૂા. ૧,૦૨,૮૮૯ કરોડના મૂડી રોકાણ કરવા માટેના એમ.ઓ.યુ. થયેલ છે. |

--------

**અમદાવાદ શહેરમાં ચાલતા જુગારના અડ્ડાઓ, ડાન્સબાર, ડિસ્કો, હુક્કાબાર અને દારૂના અડ્ડા સામે પગલાં લેવા બાબત**

૧૭૬૨૯ **: શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ખુલ્લેઆમ ચાલતા જુગારના અડ્ડાઓ, ડાન્સબાર, ડિસ્કો, હુક્કાબાર અને દારૂના અડ્ડાઓ સામે પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, | (૧) જુગાર, ડિસ્કો, હુક્કાબાર તેમજ દારૂ અંગેના કેસો શોધી કાઢવામાં આવેલ છે, અને પગલાં લેવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત બનાવોમાં કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે, અને | (૨) નીચેની વિગતે કુલ ૧૯૬૪૭ની ધરપકડ કરવામાં આવી છે. |

| હેડ | ૨૦૦૯ | ૨૦૧૦ |
|---|---|---|
| જુગાર | ૩૦૮૫ | ૩૦૫૦ |
| ડિસ્કો | ૧૯ | - |
| હુક્કાબાર | ૪૦ | ૦૧ |
| દારૂ | ૭૫૬૫ | ૫૮૮૭ |
| **વર્ષવાર કુલ** | **૧૦૭૦૯** | **૮૯૩૮** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આવા અનીતિના ધામો રોક્વા માટે સરકારે કોઈ નક્કર પગલાં લીધેલ છે કે કેમ? | (૩) હા, જી. આવા બનાવો સંદર્ભે ગુનેગારો સામે પાસા કે તડીપાર જેવા પગલાં ભરવામાં આવે છે, વધુમાં આવા બનાવો રોકવામાં નિષ્ફળતા જણાઈ આવે ત્યાં સબંધિત પોલીસ અધિકારી/કર્મચારીઓ સામે ખાતાકીય |

રાહે પગલાં લઈને ક્સૂરવાર જણાયે શિક્ષા પણ કરવામાં આવે છે.

--------

**ભાવનગર જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૬૯૦ **: શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે ભાવનગર જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૨૦૪૧ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે.

--------

**ભરૂચ જિલ્લામાં ખાણ ખનિજની આપવામાં આવેલ લીઝો**

૧૭૪૦૧ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનીજની કેટ કેટલી લીઝો વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનિજની વર્ષવાર મંજુર કરવામાં આવેલ લીઝોની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | ખનીજનું નામ | તાલુકો | સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦૯ | બ્લેકટ્રેપ | ઝઘડીયા | ૯ |
| | સામાન્ય રેતી | ઝઘડીયા | ૧ |
| | સોફ્ટ મુરમ | ઝઘડીયા | ૧ |
| | સામાન્ય માટી | ભરૂચ | ૨ |
| | સામાન્ય માટી | વાગરા | ૨ |
| | | **કુલ** | **૧૫** |
| ૨૦૧૦ | બ્લેકટ્રેપ | ઝઘડીયા | ૧૧ |
| | | વાલીયા | ૧ |
| | સામાન્ય રેતી | ઝઘડીયા | ૩ |
| | | ભરૂચ | ૧ |
| | સામાન્ય માટી | ભરૂચ | ૨ |
| | | વાગરા | ૧૩ |
| | | અંક્લેશ્વર | ૨ |
| | | **કુલ** | **૩૩** |

**પ્રશ્ન**

(૨) આ મંજૂર થયેલ લીઝો પાસેથી કેટલી રોયલ્ટીની રકમ વસુલ કરવામાં આવી?

**જવાબ**

(૨) આ મંજુર થયેલ લીઝો પાસેથી વર્ષ ૨૦૦૯માં રૂા. ૧૭,૮૨,૫૦૦/- અને વર્ષ ૨૦૧૦માં રૂા.૨,૫૧,૫૦,૩૨૯/-ની રોયલ્ટી વસુલ કરવામાં આવેલ છે.

----------

**સાબરકાંઠા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અપાયેલ વીજ જોડાણો**

૧૮૧૬૦ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકારની ""ઝૂંપડા વીજળીકરણ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૬૨૩.૩૪ લાખના ખર્ચે

| | |
|---|---|
| આપવામાં આવ્યા, અને | ૮૨૬૪ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | |

--------

**નર્મદાની સંપાદિત જમીન પરત આપવા બાબત**

૧૮૪૩૭ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ તાજેતરમાં સરકારે નર્મદા કેનાલ માટે સંપાદિત કરેલ જમીનોમાંથી સાણંદ, વિરમગામ જેવા અમુક વિસ્તારોમાં કેનાલ વર્કની જરૂર ન હોવાથી બીન જરૂરી જમીન ખેડૂતોને પરત આપવાનો નિર્ણય કર્યો છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યા વિસ્તારની કેટલી જમીન ખેડૂતોને ક્યાં સુધીમાં પાછી આપવાનું સરકારનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**કલ્પસર પ્રોજેક્ટનું આયોજન**

૧૮૬૫૦ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ દરીયાના મીઠા પાણીના સરોવર કલ્પસર પ્રોજેક્ટ રાજ્ય સરકારે ક્યારથી શરૂ કરી ક્યારે પૂરો કરવાનું આયોજન કરેલ છે. અને | (૧) શક્યતાદર્શી અહેવાલ થયા બાદ કેન્દ્ર સરકાર સ્તરેથી વિવિધ મંજૂરીઓને આધિન બે થી ત્રણ વર્ષમાં શરૂ કરી પાંચ થી છ વર્ષમાં પુરૂ કરવાનું આયોજન છે. |
| (૨) આ કામ માટે કેટલા મૂડી રોકાણનો અંદાજ છે. | (૨) શક્યતાદર્શી અહેવાલની કામગીરી પૂર્ણ થયેથી મૂડી રોકાણનો અંદાજ ઉપલબ્ધ થઈ શકશે. |

--------

**તાપી જિલ્લામાં આદિવાસી પુરુષો અને મહિલાઓ ઉપર સત્તાધિકારીઓ દ્વારા થતો અત્યાચાર**

૧૭૪૬૨ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી જિલ્લામાં નિર્દોષ આદિવાસીઓ અને આદિવાસી મહિલાઓ ઉપર સત્તાધિકારીઓ દ્વારા અત્યાચાર થયાની કેટકેટલી ફરિયાદો નોંધવામાં આવી, અને | (૧) આવી કોઈ ફરિયાદો નોંધાયેલ નથી. |
| (૨) આ ફરિયાદો અન્વયે સરકારે આવા અધિકારીઓ સામે શાં પગલાં લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**૧૬૭/page> અમદાવાદ જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૬૮૩ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે અમદાવાદ જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે? | ૨૯૩૨ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

--------

### માંડવી તાલુકામાં ઈંટો બનાવવા ફાળવેલ જમીન

૧૮૪૮૪ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના અમલસાડી ગામે સરકારી જમીનમાં કેટલી ઈંટો પાડવાની કઈ તારીખે મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૧) એક પણ નહીં |
| (૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ અમલસાડી ગામે છેલ્લા બે વર્ષમાં કેટલા વિસ્તારમાં ખોદકામ કરેલ છે અને માટીની કેટલી ચોરી કરી છે? | (૨) મોજે-અમલસાડી ગામે તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી જમીનમાં ઈંટભઠ્ઠાના કારણે માટીનું ખોદકામ થયેલ નથી અને માટીની ચોરી થયેલ નથી. |

### વડોદરા શહેરમાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૧૭૯૪૮ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર )** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં વડોદરા શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને<br>(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૧) અને (૨) : વડોદરા શહેરમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંકના કુલ-૧૪૪ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂ.૭૯૫.૮૧ લાખનો ખર્ચ થનાર છે. હાલમાં ૨૧૯ મકાનોના કામો રૂ.૧૧૮૧.૮૬ લાખના ખર્ચે પ્રગતિમાં છે. |

---------

### રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા

૧૮૨૨૧ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો છે, અને | (૧) તા.૧-૧-૨૦૦૮ ના રોજ ગુજરાત રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતા ૯૪૯૨ મે.વો. હતી.<br>તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૭૬૬ મે.વો. નો વીજ સ્થાપિત ક્ષમતામાં વધારો થયેલ છે. પરિણામે ગુજરાત રાજ્યમાં હાલની કુલ વીજ સ્થાપિત ક્ષમતા ૧૩૨૫૮ મે.વો. થવા પામેલ છે. |
| (૨) આગામી બે વર્ષમાં તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે ? | (૨) આગામી બે વર્ષમાં સ્થાપિત વીજ ક્ષમતામાં ૬૧૮૧ મે.વો. જેટલો વધારો કરવાનું આયોજન છે. |

---------

### નર્મદા જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૨૪૨ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| શ્રી વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે નર્મદા જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦ માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે ? | ૩૭૦ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

**ખેતી વિષયક વીજ જોડાણો આપવા બાબત**

૧૮૩૯૪ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આવેલા ડાર્કઝોનમાં ન આવતા હોય તેવા તાલુકાઓના ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ આપવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

રાજ્યના બિન આદિજાતિ વિસ્તારોમાં વીજ જોડાણની સામાન્ય યોજનાઓ હેઠળ અને આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ પેટા યોજના હેઠળ પ્રતિવર્ષ વીજ ઉત્પાદન, વીજમાંગ, ઉપલબ્ધ આંતરમાળખાકીય સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર અંદાજપત્રીય જોગવાઈ અનુસાર તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે. તદઉપરાંત ચાલુ વર્ષે ""તત્કાલ વીજ જોડાણ યોજના-૨૦૧૦"" હેઠળ રાજ્યના આદિજાતિ/બિન આદિજાતિ વિસ્તારોમાં વધારાના ૫૦,૦૦૦ વીજ જોડાણો આપવાનું આયોજન છે.

પંચમહાલ જિલ્લામાં કોઈ તાલુકો ડાર્કઝોન વિસ્તારમાં સમાવિષ્ટ થતો નથી. આથી પંચમહાલ જિલ્લામાં પણ ઉક્ત યોજનાઓ અંતર્ગત તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

---------

**બંદરો ઉપર ફરજ બજાવતા કાયમી વર્કચાર્જ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ**

૧૭૪૩૧ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બંદરો ઉપર ફરજ બજાવતા કાયમી વર્કચાર્જ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા વિભાગ દ્વારા નાણાં વિભાગ સમક્ષ ક્યારે ક્યારે દરખાસ્તો કરવામાં આવી, અને

(૨) આવા નાના કર્મચારીઓને સત્વરે છઠ્ઠા પગાર પંચનો લાભ મળે તે માટે વિભાગો દ્વારા કેટલા સમયમાં તેનો અમલ કરી આદેશો કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૧૫-૧૨-૨૦૧૦ ના રોજ નાણાં વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) નાણાં વિભાગની મંજૂરી મળ્યેથી આદેશો કરવામાં આવશે.

---------

**ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને સન્માન**

૧૮૧૯૮ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીને તેની વિશિષ્ટ કામગીરી અંગે સંસ્થાને અને વ્યક્તિગત કેટલા રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સન્માન મળ્યા છે ?

**જવાબ**

(૧-અ) ઈન્ટરપોલ ઈન્ટરનેશનલ ફોરેન્સિક સાયન્સ સીમ્પોઝીયમમાં ડૉ. જે.એમ.વ્યાસ, મહાનિયામક, ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી અને નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગરની નિમણૂંક એક સભ્ય તરીકે ત્રણ વર્ષ માટે કરવામાં આવેલ છે. સમગ્ર દુનિયામાંથી ૧૭ નિષ્ણાંતોનો સમાવેશ આ કમિટીમા કરેલ છે. જેમાં ભારત જ નહી પરંતુ સમગ્ર સાઉથ એશિયામાંથી એક માત્ર ડૉ.જે.એમ.વ્યાસની પસંદગી કરવામાં આવેલ છે.

(૧-બ) ડીસેમ્બર-૨૦૧૦ માં યોજાયેલ ઓલ ઈન્ડીયા ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સમાં બીહેવીરયલ સાયન્સ ઈન્સ્ટીટયુટના વડા ડૉ. શ્રીમતી એસ.એલ.વયાને

""યુનિયન હોમ મીનીસ્ટર એવોર્ડ""થી નવાજવામાં આવેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં ૯૦ અને ૬૦ દિવસમાં ચાર્જશીટ રજૂ ન કરવા બાબત

૧૭૭૩૫ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ૯૦ અને ૬૦ દિવસમાં ચાર્જશીટ ફ્રેમ કરેલ નથી તેવા કેટલા કિસ્સાઓ બનેલ, અને

(૨) આવી નિષ્ક્રિયતા માટે જવાબદારો કોણ કોણ છે અને તેની સામે શાં પગલાં લેવાયા છે ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) ૯૦ દિવસમાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ ન કરવાના એક કિસ્સામાં તપાસ કરનાર અધિકારી વિરૂધ્ધ ૬ માસનો ઈજાફો બંધ કરવાના પગલાં લેવામાં આવ્યા છે. અન્ય કેસોમાં કાબુ બહારના સંજોગો/પરિબળોના કારણે ચાર્જશીટ રજૂ થઈ શકેલ ન હોવાથી પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૮ | | ૨૦૦૯ | | ૨૦૧૦ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૯૦ દિવસ | ૬૦ દિવસ | ૯૦ દિવસ | ૬૦ દિવસ | ૯૦ દિવસ | ૬૦ દિવસ |
| ૧ | જૂનાગઢ | ૧૬૫ | ૩૭૪ | ૨૬૮ | ૩૫૧ | ૨૪૭ | ૪૫૩ |
| ૨ | વિસાવદર | ૨૬ | ૧૦ | ૨૮ | ૩૨ | ૯૯ | ૧૧ |
| ૩ | મેંદરડા | ૫ | ૮ | ૫ | ૮ | ૧૩ | ૪૮ |
| ૪ | ભેંસાણ | ૧૮ | ૧૨ | ૧૩ | ૦ | ૨૮ | ૦ |
| ૫ | કેશોદ | ૨૬ | ૧૮ | ૭૭ | ૩૫ | ૯ | ૨૯ |
| ૬ | વંથલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | માણાવદર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૮ | વેરાવળ | ૪૪ | ૪૭ | ૩૪ | ૫૪ | ૩૧ | ૫૯ |
| ૯ | સુત્રાપાડા | ૨૪ | ૫૪ | ૬૧ | ૯૯ | ૧૮ | ૪૮ |
| ૧૦ | કોડીનાર | ૬૯ | ૫૭ | ૭૪ | ૩૮ | ૮૮ | ૮૭ |
| ૧૧ | ઉના | ૯૬ | ૧૬૯ | ૧૪૩ | ૨૩૦ | ૧૫૪ | ૧૬૨ |
| ૧૨ | તાલાલા | ૧૮ | ૩૬ | ૨૩ | ૪૬ | ૨ | ૪૬ |
| ૧૩ | માંગરોળ | ૮૦ | ૬૯ | ૪૧ | ૭૭ | ૧૭૩ | ૧૬૫ |
| ૧૪ | માળીયા | ૮ | ૧૫ | ૧૦ | ૨૧ | ૨૧ | ૪૬ |

---------

## રાજકોટ જિલ્લામાં હથિયાર પરવાના

૧૮૬૪૫ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર હથિયાર લાઈસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલા હોય અને પોલીસ/મેજીસ્ટ્રેટનો અભિપ્રાય નકારાત્મક હોય છતા કોને કોને ક્યા પ્રકારના હથિયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૮માં શ્રી રસિકભાઈ ગોબરભાઈ ગોંડલીયાને પાક રક્ષણનો તથા શ્રી મોહંમદ જાવેદ પીરઝાદાને સ્વ રક્ષણનાં હેતુ માટે હથિયાર પરવાનો આપેલ છે. આ બન્ને કિસ્સામાં પોલીસનો અભિપ્રાય નકારાત્મક હતો પરંતુ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીનો અભિપ્રાય હકારાત્મક હતો.

(૨) સને ૨૦૦૯માં શ્રી જગુભાઈ બીચ્છુભાઈ ધાંધલને પાકરક્ષણના હેતુ માટે હથિયાર પરવાનો આપેલ છે. તેમના કિસ્સામાં પોલીસનો અભિપ્રાય નકારાત્મક પરંતુ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીનો અભિપ્રાય હકારાત્મક હતો.

(૩) સને ૨૦૧૦માં આવો કોઈ કિસ્સો નથી.

---------

**સુરત જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૬૭૬ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે સુરત જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે? | ૧૪૩૫ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં કેનાલની કામગીરી**

૧૮૧૦૩ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારના તાલુકાઓમાં માઈનોર અને સબમાઈનોર કેનાલનું તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલું કામ બાકી છે, અને | (૧) ખેડા જિલ્લાના નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારના તાલુકાઓમાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ માઈનોર કેનાલની ૬૮.૬૬ કી.મી. અને સબ માઈનોર કેનાલની ૨૦૧.૧૫ કી.મી. લંબાઈમાં કામ બાકી છે. |
| (૨) બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) બાકી કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ અને ૨૦૦૫માં સ્થપાયેલ ઉદ્યોગો**

૧૮૭૦૯ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ સમીટમાં જે ઉદ્યોગોના એમ.ઓ.યુ. થયા હતા તે અન્વયે કેટલા ઉદ્યોગો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખરેખર કેટલા મૂડીરોકાણ સાથે કાર્યાન્વિત થયા? | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં સને ૨૦૦૩માં કૂલ ૭૬ એમ.ઓ.યુ. (૮૦ પ્રોજેક્ટ) અને ૨૦૦૫માં કુલ ૨૨૬ એમ.ઓ.યુ. (૨૨૭ પ્રોજેક્ટ) કરેલા, તે પૈકી ૨૦૦૩માં કુલ ૪૭ પ્રોજેક્ટ કુલ રૂા. ૩૨૮૮૨.૪૪ કરોડના અને ૨૦૦૫માં કુલ ૧૩૭ પ્રોજેક્ટ કુલ રૂા. ૩૩૧૦૨.૮૮ કરોડના મૂડીરોકાણ સાથે કાર્યન્વિત થયેલ છે. |

--------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં કચ્છ જિલ્લામાં થયેલા એમ.ઓ.યુ.**

૧૭૬૫૪ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧માં કચ્છ જિલ્લામાં કુલ કેટલા એમ.ઓ.યુ. થયા, અને | (૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં કચ્છ જિલ્લામાં કુલ ૩૧૯ પ્રોજેક્ટોનાં એમ.ઓ.યુ. થયા. |
| (૨) તે પૈકી તાલુકાવાર કેટલા એમ.ઓ.યુ. થયા અને તેમાં તાલુકાવાર કેટલું મૂડીરોકાણ થવાનો અંદાજ છે? | (૨) તાલુકાવાર એમ.ઓ.યુ. અને મૂડી રોકાણની માહિતીનું પત્રક-"અ" આ સાથે સામેલ છે. |

**પત્રક-અ**

| અનુ.નં. | તાલુકો | કુલ પ્રોજેક્ટ | કુલ સૂચિત મૂડી રોકાણ (કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૧૪ | ૧૫૦૨૪ |
| ૨ | અંજાર | ૩૨ | ૨૦૪૩ |
| ૩ | ભચાઉ | ૮ | ૧૮૮૨ |
| ૪ | ભુજ | ૬૦ | ૯૩૪ |
| ૫ | ગાંધીધામ | ૩૫ | ૬૨૬ |
| ૬ | લખપત | ૧૫ | ૮૩૩૦ |
| ૭ | માંડવી | ૧૩ | ૧૯૫૦૦ |
| ૮ | મુન્દ્રા | ૨૭ | ૪૨૫૯૭ |

| | | | |
|---|---|---|---|
| ૯ | નખત્રાણા | ૧૯ | ૧૧૨૦ |
| ૧૦ | રાપર | ૭ | ૯૮૨ |
| ૧૧ | અન્ય | ૮૯ | ૭૮૪૬૩ |
| **કુલ** | | **૩૧૯** | **૧૭૧૫૦૧** |

--------

**દાહોદ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો**

૧૭૪૬૬ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા સી.એન.જી. સ્ટેશનો છે, અને

(૨) વધારે સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) અને (૨) : કેન્દ્ર સરકારની નવી નીતિ મુજબ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા સહિતની શહેરી ગેસ વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ નવી દિલ્હીની મંજુરી આવશ્યક છે. બોર્ડના ધારાધોરણો મુજબ જે તે વિસ્તારોમાં વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા થતી બીડીંગની કાર્યવાહી અન્વયે સફળ બીડર બન્યા બાદ દાહોદ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશન સ્થાપવાનું રાજ્ય સરકારનું/જી.એસ.પી.સી. ગેસ કંપની લી. નું આયોજન છે.

--------

**રાજકોટ જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૬૮૭ **: શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે રાજકોટ જિલ્લામાંથી સન ૨૦૦૯-૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૯૫૧ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે.

--------

**ભરૂચ જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૬૭૪ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે ભરૂચ જિલ્લામાંથી સન ૨૦૦૯-૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૪૭૧ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે.

**૧૭૨/page> દાહોદ જિલ્લામાં તત્કાળ વીજ જોડાણો**

૧૮૪૪૨ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તત્કાળ યોજના હેઠળ કૃષિ વીજ જોડાણ માટેની કુલ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ અરજીઓ પૈકી ૩ વર્ષથી તાલુકાવાર વધુ સમયની અરજીઓ કેટલી, અને

(૩) આ અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવાનું સરકારશ્રીનું આયોજન છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તત્કાળ યોજના હેઠળ કૃષિ વીજ જોડાણ માટે કોઈ અરજી પડતર નથી.

## આણંદ જિલ્લામાં આયોજન મંડળ હસ્તકની વિવેકાધીન જોગવાઈ હેઠળના વિકાસના કામો

૧૭૪૨૯ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા અને તાલુકા આયોજન મંડળ હસ્તકની ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ હેઠળ કેટલા વિકાસના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી સૈધ્ધાંતિક સ્વીકાર થયેથી વહીવટી મંજૂરી આપવામાં એક મહીના કરતા વધારે સમય થયો હોય તેવા કેટલા કામો છે, અને

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા અને તાલુકા આયોજન મંડળ હસ્તકની ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ હેઠળ મંજૂર કરેલ કામો, સૈધ્ધાંતિક સ્વીકાર થયેથી વહીવટી મંજૂરી આપેલ કામો અને વહીવટી મંજૂરી આપવામાં એક મહીનાથી વધારે સમય થયેલ કામો અંગેની વિગતો સામેલ પત્રક મુજબ છે.

**પ ત્ર ક**

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરેલ કામો | સૈધ્ધાંતિક સ્વીકાર થયેથી વહીવટી મંજૂરી આપેલ કામો | વહીવટી મંજૂરી આપવામાં એક મહીનાથી વધારે સમય થયો હોય તેવાં કામો | મંજૂર કરેલ કામો | સૈધ્ધાંતિક સ્વીકાર થયેથી વહીવટી મંજૂરી આપેલ કામો | વહીવટી મંજૂરી આપવામાં એક મહીનાથી વધારે સમય થયો હોય તેવાં કામો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આણંદ | ૭૮ | ૬૧ | ૬૧ | ૧૦૦ | ૮૪ | ૮૪ |
| ૨ | ઉમરેઠ | ૪૦ | ૩૮ | ૩૮ | ૧૧૫ | ૧૦૭ | ૧૦૭ |
| ૩ | આંકલાવ | ૩૯ | ૩૫ | ૩૫ | ૧૩૧ | ૧૧૬ | ૧૧૬ |
| ૪ | બોરસદ | ૯૫ | ૯૧ | ૯૧ | ૧૭૧ | ૧૫૮ | ૧૫૮ |
| ૫ | સોજીત્રા | ૨૫ | ૨૩ | ૨૩ | ૧૧૮ | ૧૦૩ | ૧૦૩ |
| ૬ | પેટલાદ | ૬૭ | ૬૨ | ૬૨ | ૧૪૬ | ૧૨૪ | ૧૨૪ |
| ૭ | તારાપુર | ૩૦ | ૩૦ | ૩૦ | ૧૧૪ | ૯૭ | ૯૭ |
| ૮ | ખંભાત | ૭૬ | ૬૨ | ૬૨ | ૧૩૫ | ૯૭ | ૯૭ |
| | **કુલ :** | **૪૫૦** | **૪૦૨** | **૪૦૨** | **૧૦૩૦** | **૮૮૬** | **૮૮૬** |

(૩) વહીવટી મંજૂરી પછી ગ્રાન્ટ ફાળવવામાં થતાં વ્યાપક વિલંબ નિવારવા સરકારે શાં પગલાં લીધા છે ?

(૩) સરકારશ્રી દ્વારા ત્રિમાસિક ધોરણે ચાર હપ્તામાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આથી આ બાબતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## કલ્પસર યોજના પાછળ થયેલ ખર્ચ

૧૭૬૦૭ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજના હેઠળ ડીસેમ્બર-૨૦૧૦ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) આ યોજના હેઠળ રાજ્યને ક્યા પ્રકારના બહુહેતુક (મલ્ટીપલ) લાભો થનાર છે ?

**જવાબ**

(૧) રૂા.૪૫.૫૬ કરોડ

(૨) આ યોજનાથી સિંચાઈ, ઓદ્યોગિક અને ઘરેલું ઉપયોગ માટે પાણી, દક્ષિણ ગુજરાત અને સોરાષ્ટ્ર વચ્ચે અંતરમાં ઘટાડો, જમીન નવસાધ્યકરણ, બંધની હેઠવાસમાં બંદરોનો વિકાસ, પવન અને સોર ઉર્જા જેવા બીન પરંપરાગત ઉર્જા વિકાસની સંભાવના, ભૂગર્ભ જળની ગુણવત્તામાં સુધારણા, પ્રવાસન વિકાસ, સોરાષ્ટ્રના પમિ કાંઠે ખારાશમાં ઘટાડો, જેવા વિવિધ લાભો અપેક્ષિત છે.

## ફોરેન્સિક સાયન્સ દ્વારા તાલીમ

૧૮૨૬૦ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

ગુજરાત રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેની દેશભરમાં ગણના થાય છે, અને અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની સી.બી.આઈ. જેવી સંસ્થાઓને તેના કેસો ઉકેલવામાં મદદ કરવા ઉપરાંત બહારના રાજ્યોના ન્યાયાલયોના ન્યાયાધીશો

તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓના પોલીસ અધિકારીઓ, મીલીટરીના સીનીયર અધિકારીઓ તથા ફોરેન્સિક નિષ્ણાંતોને ગુન્હાની તપાસમાં ઉપયોગમાં લેવાતી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ વિશે વિસ્તૃત તાલીમ આપવાની નોંધપાત્ર કામગીરી પણ બજાવે છે. આ તમામ તાલીમ કાર્યક્રમો કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યની એફ.એસ.એલ.ને સોંપવામાં આવે છે.

(૨) જો હા, તો ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા ક્યા રાજ્યના કેટલા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે ?

(૨) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા યોજાયેલ વિવિધ તાલીમ કાર્યક્રમમાં રાજ્ય બહારના કુલ-૨૯૩ અધિકારીઓ/કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | રાજ્યનું નામ | અધિકારીઓ/કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહારાષ્ટ્ર | ૨૧ |
| ૨ | મધ્યપ્રદેશ | ૨૨ |
| ૩ | અરૂણાચલ | ૨૩ |
| ૪ | ઉત્તરપ્રદેશ | ૨૮ |
| ૫ | બિહાર | ૨૦ |
| ૬ | પંજાબ | ૨૧ |
| ૭ | હરિયાણા | ૧૭ |
| ૮ | આસામ | ૧૭ |
| ૯ | કર્ણાટક | ૧૮ |
| ૧૦ | છત્તીસગઢ | ૧૨ |
| ૧૧ | ઉત્તરાંચલ | ૧૭ |
| ૧૨ | દિલ્હી | ૧૭ |
| ૧૩ | ઝારખંડ | ૦૮ |
| ૧૪ | આંધ્રપ્રદેશ | ૧૩ |
| ૧૫ | કેરાલા | ૧૨ |
| ૧૬ | તામીલનાડુ | ૦૭ |
| ૧૭ | રાજસ્થાન | ૦૬ |
| ૧૮ | હિમાચલ પ્રદેશ | ૦૪ |
| ૧૯ | સી.બી.આઈ. (કેન્દ્રીય એજન્સી) | ૦૫ |
| ૨૦ | એન.સી.બી. (કેન્દ્રીય એજન્સી) | ૦૫ |
| | કુલ : | ૨૯૩ |

--------

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ માં થયેલા સેકટરવાર એમ.ઓ.યુ.

૧૭૩૪૨ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯ માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં સેકટરવાર કુલ કેટલી સંખ્યામાં કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૯ માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ દરમ્યાન સેકટરવાર કુલ-રૂ.૧૨૩૭૫૭૦.૪૮ કરોડના ૮૬૬૦ એમ.ઓ.યુ. થયા. જેનું પત્રક-"અ" આ સાથે સામેલ છે.

**પ ત્ર ક - અ**

| અ.નં. | સેકટરનું નામ | એમ.ઓ.યુ. | અપેક્ષિત રોકાણ |
|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૨૨૭ | ૨૮૬૫૪.૫૫ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૩૧ | ૨૫૦૮.૫૦ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૪૩ | ૪૨૪૭૩.૦૦ |
| ૪ | સીવીલ એવીએશન | ૧૩ | ૧૨૦૪૪.૦૦ |
| ૫ | એજ્યુકેશન | ૯૪ | ૧૩૭૦૪.૯૪ |
| ૬ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો | ૧૧૬ | ૪૬૩૧૩.૨૨ |
| ૭ | એનવાયરમેન્ટ | ૩૪ | ૯૩૬૮.૦૧ |
| ૮ | ફાઈનાન્સીયલ સેકટર | ૮ | ૬૧૭૬૦.૦૦ |
| ૯ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૧૦ | ૯૦૭૫.૦૦ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૧૪ | ૮૭૩૨.૫૦ |
| ૧૧ | હેલ્થ કેર | ૩૨ | ૧૬૦૩૨.૧૯ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૧૨ | ૨૮૩૧૦.૦૦ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૨૦ | ૪૬૫૦૬.૯૬ |
| ૧૪ | લોજીસ્ટીક | ૪ | ૨૨૨૫.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | લોજીસ્ટીક | ૪ | ૨૨૨૫.૦૦ |
| ૧૫ | મીનરલ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ | ૩૨ | ૪૨૭૦૦.૩૫ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૨૪ | ૭૮૧૬૬.૦૦ |
| ૧૭ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૩ | ૭૪૨.૫૦ |
| ૧૮ | પી.સી.પી.આઈ.આર. | ૬૯ | ૨૩૦૨૩.૫૮ |
| ૧૯ | ફાર્માસ્યુટીક્લ | ૨૬ | ૨૭૦૫.૬૬ |
| ૨૦ | પોર્ટ | ૫૦ | ૮૫૭૨૦.૦૦ |
| ૨૧ | પાવર | ૩૧ | ૨૧૧૮૯૫.૦૦ |
| ૨૨ | પાવર રીનોવેબલ | ૭૧ | ૧૦૯૧૪૯.૦૦ |
| ૨૩ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૫ | ૧૯૦૦૦.૫૭ |
| ૨૪ | સેઝ | ૧૭ | ૬૫૪૧૪.૦૦ |
| ૨૫ | એસ.આઈ.આર. | ૩ | ૧૦૦૦૦૦.૦૦ |
| ૨૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૪૭ | ૮૪૮૪.૦૦ |
| ૨૭ | ટુરીઝમ | ૯૭ | ૪૧૪૩૮.૮૯ |
| ૨૮ | ટ્રાઈબલ | ૧૯ | ૬૯૯.૨૭ |
| ૨૯ | અર્બન ડેવલોપમેન્ટ | ૨૬૨ | ૧૦૧૪૪૪.૩૦ |
| ૩૦ | વોટર રીસોર્સીસ | ૬ | ૬૦૬૭.૦૦ |
| | અન્ય | ૫ | ૧૦૦૦.૦૦ |
| | **કુલ** | **૧૪૨૫** | **૧૨૨૫૩૫૭.૯૯** |
| | એમ.એસ.એમ.ઈ. | ૧૯૨૧ | ૯૫૪૦.૪૯ |
| | એસોસીએશન | ૫૩૧૪ | ૨૬૭૨ |
| | **એકંદરે કુલ :** | **૮૬૬૦** | **૧૨૩૭૫૭૦.૪૮** |

(૨) તે અન્વયે સેકટરવાર તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ખરેખર વાસ્તવિક મૂડી રોકાણ કેટલું થયું ?

(૨) ૨૧૮૪ પ્રોજેકટોમાં વાસ્તવિક મૂડી રોકાણ રૂ.૭૦૨૨૬.૮૮ કરોડ થયેલ છે. અને વધુ મૂડી રોકાણની પ્રક્રિયા ચાલુ છે તથા ૧૩૦૯ પ્રોજેકટ કમીશન્ડ થયેલ છે. ૨૧૮૪ પ્રોજેકટોમાં થયેલ વાસ્તવિક મૂડી રોકાણની સેકટરવાર માહિતીનું પત્રક-બ આ સાથે સામેલ છે.

પ ત્ર ક - બ

| અ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટસ કમીશન્ડ | | પ્રોજેકટસ અંન્ડર ઈપ્લીમેન્ટેશન | | કુલ વાસ્તવિક રોકાણ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | વાસ્તવિક રોકાણ (રૂ.કરોડમાં) | સંખ્યા | વાસ્તવિક રોકાણ (રૂ.કરોડમાં) | |
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૩૫ | ૭૧.૪૦૪૫ | ૫૭ | ૧૩૨.૭૪૧૪ | ૨૬૧.૧૪૫૯ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૫ | ૨૦૯ | ૨૩ | ૧૦૨ | ૩૩૪ |
| ૩ | કેમિક્લ એન્ડ પેટ્રોકેમિકલ | ૨ | ૧૧૦ | ૧૮ | ૦ | ૧૨૮ |
| ૪ | સીવીલ એવીએશન | ૦ | ૦ | ૧ | ૦.૦૩ | ૧.૦૩ |
| ૫ | એજ્યુકેશન | ૦ | ૦ | ૪ | ૧૪૨.૮૪ | ૧૪૬.૮૪ |
| ૬ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો | ૩૪ | ૩૩૨૨.૧૨ | ૪૩ | ૧૦૪૦.૧૬ | ૪૪૦૫.૨૮ |
| ૭ | એનવાયરમેન્ટ | ૦ | ૦ | ૧૭ | ૨૭૪.૨૭ | ૨૯૧.૨૭ |
| ૮ | ફાઈનાન્સીયલ સેકટર | ૪ | ૧૧૪૪૫.૩૧ | ૦ | ૦ | ૧૧૪૪૫.૩૧ |
| ૯ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૦ | ૦ | ૫ | ૦ | ૫ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | હેલ્થ કેર | ૦ | ૦ | ૬ | ૦ | ૬ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૦ | ૦ | ૪ | ૩.૫ | ૭.૫ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૦ | ૦ | ૫ | ૧૫૨.૨૭ | ૧૫૭.૩૭ |
| ૧૪ | લોજીસ્ટીક | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | મીનરલ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ | ૦ | ૦ | ૧ | ૫ | ૬ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૦ | ૦ | ૨૩ | ૧૨૫૪૮.૩૫ | ૧૨૫૭૧.૩૫ |
| ૧૭ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૧ | ૩૧૦ | ૨ | ૧૫૨.૫ | ૪૬૪.૫ |
| ૧૮ | પી.સી.પી.આઈ.આર. | ૬ | ૬૨૦.૫ | ૫૧ | ૧૦૧૨.૬૧ | ૧૬૮૪.૧૧ |
| ૧૯ | ફાર્માસ્યુટીક્લ | ૪ | ૮૬.૨ | ૧૩ | ૪૭૯.૧૨ | ૫૭૮.૩૨ |
| ૨૦ | પોર્ટ | ૮ | ૧૫૪૩.૫ | ૧૭ | ૪૮.૩૫ | ૧૬૦૮.૮૫ |
| ૨૧ | પાવર | ૦ | ૦ | ૩ | ૬૧૦ | ૬૧૩ |
| ૨૨ | પાવર રીનોવેબલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | સેઝ | ૦ | ૦ | ૫ | ૧૦૦૦.૩૯ | ૧૦૦૫.૭૯ |
| ૨૫ | એસ.આઈ.આર. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૧૩ | ૧૬૯૫ | ૧૯ | ૫૪૬.૫ | ૨૨૬૦.૫ |
| ૨૭ | ટુરીઝમ | ૪ | ૨૯૦ | ૭૧ | ૯૬ | ૪૫૭ |
| ૨૮ | ટ્રાઈબલ | ૦ | ૦ | ૧ | ૧૫.૫૪ | ૧૬.૫૪ |
| ૨૯ | અર્બન ડેવલોપમેન્ટ | ૨૯ | ૨૭૧૫.૭૨ | ૧૮૬ | ૨૨૯૪૦.૭ | ૨૫૮૪૨.૪૨ |
| ૩૦ | વોટર રીસોર્સીસ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | અન્ય | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| | **કુલ** | **૧૪૫** | **૨૨૪૧૮.૭૫** | **૫૭૬** | **૪૧૪૦૩.૩૭૧** | **૬૩૮૨૨.૨૨** |
| | એમ.એસ.એમ.ઈ. | ૧૧૬૪ | ૫૯૦૦.૮૭ | ૨૯૯ | ૫૦૩.૭૯ | ૬૪૦૪.૬૬ |
| | **એકંદરે કુલ** | **૧૩૦૯** | **૨૮૩૧૯.૬૨** | **૮૭૫** | **૪૧૯૦૭.૨૬** | **૭૦૨૨૬.૮૮** |

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેટસ્ટેર્સ સમીટ-૨૦૦૯ માં વાસ્તવિક મૂડીરોકાણની તારીજ

| પ્રોજેકટસ | સંખ્યા | વાસ્તવિક મૂડીરોકાણ |
|---|---|---|

| | | |
|---|---|---|
| કમીશન્ડ | ૧૩૦૯ | ૨૮૩૧૯.૬૨ |
| અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન | ૮૭૫ | ૪૧૯૦૭.૨૬ |
| કુલ. | ૨૧૮૪ | ૭૦૨૨૬.૮૮ |

--------

**જૂનાગઢ જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૬૮૯ **: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારને સહાય આપવામાં આવેલ છે ? | ૧૪૬૬ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

---------

**ચેતક કમાન્ડોની રચના**

૧૮૧૯૭ **: શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આંતકવાદી હુમલો થાય તો તાકીદે એક્શન લેવા માટે ચેતક કમાન્ડો ફોર્સની રચના કરેલ છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ચેતક કમાન્ડોની સંખ્યા કેટલી છે ? | (૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ચેતક કમાન્ડોના ચાર યુનિટ ગાંધીનગર ખાતે કાર્યરત છે. જેમાં જુદા જુદા સંવર્ગના કુલ ૩૭૮ અધિકારી/કર્મચારીઓ મંજુર કરવામાં આવેલ છે. |

**મહેસાણા જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય**

૧૮૬૮૨ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે મહેસાણા જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારને સહાય આપવામાં આવેલ છે ? | ૧૦૬૬ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

**સાબરકાંઠામાં નર્મદા યોજનાથી સિંચાઈ**

૧૮૩૮૫ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જીલ્લામાં નર્મદા યોજના આધારિત નહેરોથી સિંચાઈ માટે પાણી ક્યારે આપવામાં આવશે.<br>(૨) ક્યા ક્યા તાલુકાઓને પાણી આપવામાં આવશે, અને<br>(૩) કેટલી જમીનને તેનો લાભ મળશે ? | (૧), (૨) અને (૩) સાબરકાંઠા જીલ્લાનો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવેશ થતો નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### શિહોર અને સોનગઢ પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી અંગ્રેજી દારૂ પકડવા બાબત

૧૭૭૨૦ **: શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિહોર અને સોનગઢ પોલિસ સ્ટેશન હેઠળ આવતા વિસ્તારમાંથી રૂ.૨૦ (વીસ) હજાર ઉપરની કીંમતનો અંગ્રેજી દારૂ પકડાયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો, હા તો ઉક્ત દારૂ સ્થાનિક પોલિસ અધિકારી દ્વારા પકડાયેલ છે કે બહારની પોલીસ દ્વારા પકડાયેલ છે, અને | (૨) સ્થાનિક પોલિસ તેમજ બહારની પોલીસ દ્વારા પણ પકડાયેલ છે. |
| (૩) જો બહારની પોલિસ દ્વારા ૨૦(વીસ) હજારની ઉપરનો અંગ્રેજી દારૂ પકડાયેલ હોય તો સ્થાનિક પોલિસ અધિકારી સામે શું પગલાં લેવામાં આવેલ છે ? | (૩) બહારની પોલિસ દ્વારા પકડાયેલ દારૂ અંગે સ્થાનિક પોલિસ વિરૂધ્ધ તપાસ શરૂ કરેલ છે. |

### રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર ધ્વારા આપવામાં આવેલ સી.એન.જી. ગેસ

૧૭૩૩૯ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ક્યા ક્યા ભાવે કેટલો સી.એન.જી. ગેસ આપવામાં આવે છે, અને

(૨) રાજ્ય સરકાર ધ્વારા આ સી.એન.જી. ગેસ ક્યા ભાવે ઘર વપરાશ અને અન્ય ઉપયોગ માટે અન્ય કંપનીઓને આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર ધ્વારા રાજ્ય સરકારને સી.એન.જી. ગેસની ફાળવણી કરાયેલ નથી. પરંતુ નીચેની પરિસ્થિતિ હોવા છતાં માત્ર સાબરમતી ગેસ કું. લી. તેમજ એચ.પી.સી.એલ.ને જ એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મીનીસ્ટર્સ, ભારત સરકાર ધ્વારા ડીડ ફીલ્ડ રીલાયન્સના ગેસની ફાળવણી કરવામાં આવેલ છે.

| વિતરણ સંસ્થાનું નામ | રાજ્યમાં સી.એન.જી. સ્ટેશનોની સંખ્યા | સી.એન.જી.નું હાલનું વેચાણ (એસ.સી.એમ.ડી માં) | ફાળવેલ સી.એન.જી. | ભાવ$ એમ. એમ. બી.ટી. યુ. |
|---|---|---|---|---|
| અદાણી ગેસ લી.. | ૫૩ | ૪,૫૦,૦૦૦ | - | - |
| જી.એસ.પી.સી. ગેસ કુ.લી | ૮૩ | ૩,૬૦,૦૦૦ | - | - |
| ગુજરાત ગેસ કુ.લી. | ૪૨ | ૩,૩૦,૦૦૦ | - | - |
| સાબરમતી ગેસ કુ. લી. | ૧૬ | ૧,૨૫,૦૦૦ | ૭૭૫૯૩ | ૪.૨ |
| હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પો. લી. | ૧૬ | ૦,૪૯,૩૮૩ | ૪૯૩૮૩ | ૪.૨ |

(૨) કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવણી કરેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ગાંધીનગર જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૬૮૪ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે? | ૫૯૯ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧માં આપવામાં આવેલ આમંત્રણ

૧૭૩૩૦ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૧૧માં ગાંધીનગર ખાતેની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં પધારવા રાજ્યના કેટલા સરપંચો આગેવાનોને ભોજન સહિતનું આમંત્રણ આપવામાં આવ્યું,

(૨) તે અન્વયે કેટલા સરપંચો-આગેવાનો ઉપસ્થિત રહયા, અને

(૩) સરપંચો-આગેવાનોને લાવવા લઈ જવા તેમજ ભોજન ખર્ચ પેટે કેટ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૧૧માં ગાંધીનગર ખાતેની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં પધારવા ઉદ્યોગ વિભાગ દ્વારા સરપંચો આગેવાનોને ભોજન સહિતનું આમંત્રણ આપવામાં આવ્યું નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## સાબરકાંઠા જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૬૭૮ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે સાબરકાંઠા જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૭૯૬ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે.

--------

## નર્મદાની કેનાલ શાખા માટે જમીન સંપાદન કરવા બાબત

૧૭૩૯૮ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષવાર નર્મદાની શાખા કેનાલ માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવી, અને

(૨) આવી કેનાલોના બાંધકામ માટે વર્ષવાર તે અન્વયે કેટ કેટલી રકમના કોન્ટ્રાકટ કોને કોને આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નર્મદાની શાખા નહેરો માટે અનુક્રમે ૯૩૨.૩૬ હેકટર, ૧૯૦.૧૦૩ હેકટર અને ૫૦૩.૬૯ હેકટર જમીન સંપાદન કરવામાં આવી,

(૨) આવી કેનાલોના બાંધકામ માટે વર્ષવાર અપાયેલ કોન્ટ્રાકટની વિગત નીચે મુજબ છે. (તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ)

| વર્ષ | શાખા નહેર | કોન્ટ્રાકટરનું નામ | કોન્ટ્રાકટની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| અ. ૨૦૦૮-૦૯ | - | - | - |
| બ. ૨૦૦૯-૧૦ | ધ્રાંગધ્રા શાખા | મે.કે.એમ. પટેલ, અમદાવાદ | ૨૪.૧૯૧૧ |
| | | મે. ધોરાજીયા કન્સ્ટ્રકશન કંપની, અમદાવાદ | ૧૩.૬૮૦૭ |
| | | મે. એમ.એમ.સી. પ્રોજે. લી. ગાંધીધામ | ૨૦.૦૮૨૩ |
| | લીંબડી શાખા | મે. બી.એ. પટેલ, અમદાવાદ | ૨૪.૧૯ |
| | | મે. એમ.એમ.સી. પ્રોજે. લી. ગાંધીધામ | ૧૩.૧૯ |
| | | રઘુવીર કન્સ્ટ્ર., અમદાવાદ. | ૪૫.૫૧ |
| | બોટાદ શાખા | મે. બેકબોન પ્રોજે.લી. અમદાવાદ | ૮૮.૯૫૧૧ |
| | | મે. કિશાન ઈન્ફ્રા. રાજકોટ | ૩૦.૯૨૬૦ |
| | મોરબી શાખા | આઈવીઆરસી.એલ. ઈન્ફ્રા. એન્ડ પ્રો.લી., હેદ્રાબાદ | ૯૬.૪૮૪૫ |
| | **કુલ** | **૯ કામો** | **૩૫૭.૨૦૫૭** |
| ક. | ધ્રાંગધ્રા | મે.એમ.એમ.સી. પ્રોજે. લી. ગાંધીધામ | ૩૦.૧૦ |
| ૨૦૧૦-૧૧ | | મે. કૃણાલ કન્સ્ટ્ર. પ્રા.લી., રાજકોટ | ૨૧.૦૬ |
| | | મંડા ડેવલોપર્સ પ્રા.લી. બિકાનેર | ૨૧.૪૫ |
| | લીંબડી શાખા | મે. એમ.એમ.સી. પ્રોજે. ગાંધીધામ | ૨૦.૩૩ |

| વર્ષ | શાખા નહેર | કોન્ટ્રાક્ટરનું નામ | કોન્ટ્રાક્ટની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| | | મે. કૃણાલ કન્સ્ટ્ર. પ્રા.લી., રાજકોટ | ૨.૯૨૮ |
| | | આરતી કન્સ્ટ્ર. વડોદરા | ૧૨.૮૩૭ |
| | | મે. રોયલ કન્સ્ટ્ર., સુરત | ૦.૮૯ |
| | મોરબી શાખા | એસ.એ.ડબલ્યુ. ઈન્ફ્રા. લી. હૈદ્રાબાદ | ૨૨૩.૮૭૫૯ |
| | મડકા શાખા નહેર | મે. એમએમસી પ્રોજે. લી., ગાંધીધામ | ૧૭.૪૪ |
| | વેજપુર, માલસણ શાખા નહેર | એ.બેકબોન (પ્રોજેક્ટર) લી. | ૧૩૫.૭૫ |
| | કચ્છ શાખા, (ઈપીસી-૧) | મે.નાગાર્જુન કન્સટ્રક્સન કંપની | ૪૦૨.૪૫ |
| | કચ્છ શાખા (ઈપીસી-૨) | મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની કુ. | ૩૪૫.૩૧ |
| | **કુલ** | **૧૨ કામો** | **૧૨૫૫.૪૨૦૯** |
| | **કુલ સરવાળો (અ+બ+ક)** | **૨૧ કામો** | **૧૬૧૨.૬૨૬૬** |

-------

## નર્મદા કચ્છ કેનાલમાં ઉદ્દવહનની કામગીરી

૧૮૩૫૬ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નર્મદા યોજના અન્વયે કચ્છમાં ખેતી માટેનું પાણી પહોંચાડવાની કચ્છ બ્રાન્ચ કેનાલમાંથી પંમ્પીંગ / ઉદ્દવહનથી (HFT) પાણી પહોંચાડવાનું શરૂં થયું નથી તે હકીક્ત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા પમ્પીંગ સ્ટેશનોએ ક્યા ક્યા તબક્કે છે, અને | (૨) પમ્પીંગ સ્ટેશનના ટેન્ડર મંજૂરીના તબક્કામાં અને શક્ય તેટલી વહેલી તકે કામ શરુ કરવામાં આવશે. |
| (૩) જો ના, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બ્રાન્ચ કેનાલમાંથી કચ્છ જિલ્લામાં કેટલું પાણી વહાવવામાં આવ્યું ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## કલ્પસર યોજના પાછળ થયેલ ખર્ચ

૧૭૩૨૦ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧ ડીસેમ્બર-૨૦૧૦ ની સ્થિતિએ કલ્પસર યોજના પાછળ કુલ કેટલું ખર્ચ થયું, અને | (૧) રૂા.૪૫.૫૬ કરોડ |
| (૨) આ યોજનાનું ભોતિક અમલીકરણ સરકાર ક્યારથી શરૂ કરવા માંગે છે ? | (૨) શક્યતાદર્શી અહેવાલ થયા બાદ કેન્દ્ર સરકાર સ્તરેથી વિવિધ મંજુરીઓને આધિન બે થી ત્રણ વર્ષમાં શરૂ કરવાનું આયોજન છે. |

---------

## અમદાવાદ શહેરમાં પશુઓની હેરફેર કરતાં કેસો નોંધવા અંગે

૧૭૬૩૩ **: શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરમાં પશુઓની ગેરકાયદેસર હેરફેર કરતાં કેટલા કેસો નોંધાયા છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરમાં પશુઓની ગેરકાયદેસર હેરફેર કરતાં નીચે મુજબ વર્ષ વાર કેસો નોંધાયેલ છે. |

| અ.નં. | વર્ષ | દાખલ થયેલ કેસોનીસંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૮ | ૫૬ |
| ૨ | ૨૦૦૯ | ૩૩ |
| ૩ | ૨૦૧૦ | ૫૩ |

(૨) આ પશુઓની ગેરકાયદેસર હેરફેર રોકવા માટે કઇ-કઇ સંસ્થાઓને સરકાર દ્વારા સત્તાઓ આપવામાં આવી છે?

(૨) ૨. બે સંસ્થાઓ

૧. ગીતાબેન રાંભીયા સ્મૃતિ જીવદયા અહિંસા ટ્રસ્ટ, અમદાવાદ.

૨. અખિલ ભારતીય ગોરક્ષા સમિતિ, આશ્રમરોડ, અમદાવાદ.

---------

## સરકાર દ્વારા વીજળીની ખરીદી

૧૮૪૩૮ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં કોની કોની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી?

**જવાબ**

રાજ્ય સરકારની નીતિ મુજબ રાજ્યના વીજ ગ્રાહકોને વીજળી પૂરી પાડવા રાજ્ય સરકારના તેમજ રાજ્ય સરકાર હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોના હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન ઉપરાંત જેમની સાથે લાંબાગાળાના ધોરણે વીજ કરારો થયા હોય તેવી ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. તદ્નુસાર તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જેમની પાસેથી વીજ ખરીદી કરી છે તે કંપનીઓના નામની અને વીજ ખરીદીની વિગતો પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| અ.નં. | પાવર સ્ટેશનનું નામ | ૨૦૦૮ | | ૨૦૦૯ | | ૨૦૧૦ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મિલિયન યુનિટ | દર (રૂા.પ્રતિ યુનિટ) | મિલિયન યુનિટ | દર (રૂા.પ્રતિ યુનિટ) | મિલિયન યુનિટ | દર (રૂા.પ્રતિ યુનિટ) |
| **અ.** | **કેન્દ્રીય સાહસો** | **૧૫૫૭૨** | **૨.૪૨** | **૧૭૯૫૬** | **૨.૦૨** | **૧૭૦૦૩** | **૨.૦૯** |
| **બ.** | **રાજ્ય સરકારના પોતાના સાહસો.** | | | | | | |
| ૧. | જી.એસ.ઇ.સી.એલ. | ૨૬૩૬૯ | ૨.૩૮ | ૨૫૩૧૧ | ૨.૮૪ | ૨૫૪૫૭ | ૨.૯૪ |
| ૨. | જી.એસ.ઇ.જી. (હજીરા) | ૧૭૭૬ | ૨.૮૭ | ૧૧૨૧ | ૨.૯૧ | ૯૯૯ | ૨.૮૦ |
| ૩. | જી.આઇ.પી.સી.એલ. ૧૬૦ મે.વો. | ૧૦૯૦ | ૩.૭૯ | ૧૦૩૧ | ૨.૭૧ | ૯૯૪ | ૨.૬૩ |
| ૪. | જી.આઇ.પી.સી.એલ.,એસ.એલ.પી.પી. | ૨૭૪૩ | ૨.૦૫ | ૧૬૩૦ | ૨.૧૦ | ૨૦૭૦ | ૨.૪૩ |
| ૫. | જી.આઇ.પી.સી.એલ. ૧૪૫ મે.વો | ૪૦૫ | ૪.૭૮ | ૩૬૯ | ૩.૩૬ | ૩૩૭ | ૨.૯૫ |
| ૬. | જી.એમ.ડી.સી. | ૮૭૮ | ૨.૦૧ | ૧૧૬૦ | ૨.૩૦ | ૧૧૬૦ | ૨.૪૦ |
| | **કુલ.** | **૩૩૨૬૧** | **૨.૪૫** | **૩૦૬૨૩** | **૨.૭૯** | **૩૦૯૮૩** | **૨.૮૭** |
| **ક** | **ખાનગી સાહસો** | | | | | | |
| | લાંબા ગાળાના કરારો | | | | | | |
| ૧. | એસ્સાર | ૧૮૦૮ | ૩.૪૭ | ૧૪૫૬ | ૩.૫૧ | ૧૪૩૬ | ૩.૩૭ |
| ૨. | જીપેક | ૪૦૨૯ | ૫.૮૨ | ૪૫૧૨ | ૩.૯૪ | ૩૮૬૮ | ૩.૯૨ |
| ૩. | અદાણી પાવર લિ. મુન્દ્રા | - | - | ૪૦૯ | ૨.૭૧ | ૪૧૪૩ | ૨.૫૮ |
| ૪. | પવનચક્કી | ૧૧૮૬ | ૩.૩૩ | ૧૪૭૮ | ૩.૩૬ | ૧૪૬૨ | ૩.૩૮ |
| | **કુલ.** | **૭૦૨૩** | **૪.૮૦** | **૭૮૫૫** | **૩.૬૮** | **૧૦૯૦૯** | **૩.૨૭** |

| અ.નં. | પાવર સ્ટેશનનું નામ | ૨૦૦૮ | | ૨૦૦૯ | | ૨૦૧૦ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મિલિયન યુનિટ | દર (રૂા.પ્રતિ યુનિટ) | મિલિયન યુનિટ | દર (રૂા.પ્રતિ યુનિટ) | મિલિયન યુનિટ | દર (રૂા.પ્રતિ યુનિટ) |
| ડ | અન્ય | | | | | | |
| ૧. | કેપ્ટીવ પાવર | ૫૨૧ | ૩.૪૩ | ૧૪૨૯ | ૩.૫૫ | ૨૩૯ | ૩.૧૭ |
| ૨. | ટોરેન્ટ પાવર (એ.ઇ.સી.) | ૨૬ | ૨.૨૧ | ૫ | ૨.૫૭ | - | - |
| ૩. | વીજ વેચાણકારો | ૯૮૮ | ૬.૬૧ | ૫૨ | ૬.૭૬ | - | - |
| | કુલ. | ૧૫૩૫ | ૫.૪૬ | ૧૪૮૬ | ૩.૬૬ | ૨૩૯ | ૩.૧૮ |
| | કુલ(અ+બ+ક+ડ) | ૫૭૩૯૦ | ૨.૮૧ | ૫૭૯૨૦ | ૨.૬૯ | ૫૯૧૩૫ | ૨.૭૨ |

## પંચમહાલ જિલ્લામાં હથિયાર પરવાના

૧૮૬૫૧ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર હથિયાર લાયસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલા હોય અને પોલીસ / મેજીસ્ટ્રેટનો અભિપ્રાય નકારાત્મક હોય આમ છતાં કોને કોને ક્યા પ્રકારના હથિયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે ?

**જવાબ**

આવા કોઇ પરવાના આપવામાં આવેલ નથી.

## તાપી જિલ્લામાં નવા ઉદ્યોગો સ્થાપવા બાબત

૧૭૪૬૩ **: શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી જિલ્લામાં નવા ઉદ્યોગો સ્થાપવા કોના કોના તરફથી કેટલી દરખાસ્તો સરકારને મળી, અને

(૨) મળેલી આ દરખાસ્તો પૈકી કઈ કઈ દરખાસ્તો મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) આઈડીઆરની શેડ્યુલ I અને II હેઠળનાં ના હોય તેવા ઉદ્યોગો તથા વર્ષ ૧૯૯૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૦ લાખથી વધુ વસ્તીવાળા શહેરી વિસ્તારોની ૨૫ કી.મી.ની ત્રિજ્યમાં ના હોય તેવા સ્થાને સ્થપાનાર મોટા ઉદ્યોગોને પૂર્વ મંજૂરી લેવાની હોતી નથી. વર્ષ-૧૯૯૧ પહેલા જાહેર થયેલ ઔદ્યોગિક વિસ્તારોમાં સ્થપાતા મોટા ઉદ્યોગોએ પણ મંજૂરી લેવાની હોતી નથી. તેમજ સૂક્ષ્મ લઘુ અને મધ્યમ એકમો સ્થાપવા પૂર્વ મંજૂરી લેવાની હોતી નથી. સૂક્ષ્મ અને લઘુ કક્ષા માટે એક્નોલેજમેન્ટ રજુ કરવાનું સ્વૈચ્છિક હોય છે. આમ તાપી જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા દરખાસ્તોની મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૨) ઉપર મુજબ તાપી જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા દરખાસ્તો મંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

## અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ ખાતાના રહેણાંક્ના મકાનો

૧૭૯૪૪ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨) : અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના કુલ-૧૮ મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે કુલ રૂ.૧૮૬.૪૨ લાખનો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | ખર્ચ થનાર છે. હાલમાં ૪૭ મકાનોના કામો રૂ.૩૭૯.૬૭ લાખના ખર્ચે પ્રગતિમાં છે. |

## તાપીની રેતીની લીઝ અરજીઓ

૧૮૪૮૫ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તાપી નદીના પટમાંથી રેતીની લીઝની તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ એક વર્ષમાં કેટલી પરમીશન આપવામાં આવી, | (૧) શૂન્ય. |
| (૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રેતીની લીઝની પરમીશન માટે કેટલી અરજીઓ મળી, | (૨) ૨૬ |
| (૩) કેટલાને પરમીશન આપવાની બાકી છે, અને | (૩) ૨૬ ને પરમીશન આપવાની બાકી છે. |
| (૪) પરમીશન ના આપવાના શા કારણો છે ? | (૪) તમામ ૨૬ અરજીઓ મહેસૂલ અભિપ્રાય અર્થે, માંગણી વિસ્તારના નક્શાની ઓવરલેપીંગની ચકાસણી અર્થે પડતર છે. તથા સ્થાયી સૂચના/નીતિ મુજબ સાદી રેતી ખનીજની ક્વોરીલીઝની અરજીઓનો એક જુથમાં બ્લોક બનાવી હરાજીથી ફાળવવાનું નિયત થતાં તે મુજબની કાર્યવાહી અર્થે પરમીશન આપવામાં આવેલ નથી. |

--------

## વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૧માં નાના અને મધ્યમ ઉદ્યોગોના એમ.ઓ.યુ.

૧૮૨૩૭ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર )** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ માં નાના અને મધ્યમ ઉદ્યોગો (SME) ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧માં નાના અને મધ્યમ ઉદ્યોગો (એસ.એમ.ઈ.) સેક્ટર હેઠળ ૪૪૧૭ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. |
| (૨) તેનાથી કેટલુ મૂડીરોકાણ થવાની અને રોજગારી મળવાની સંભાવના છે ? | (૨) તેનાથી રૂ.૧૯૦૪૩ કરોડનું મૂડીરોકાણ થવાની અને ૨૨૮૬૬૭ રોજગારી મળવાની સંભાવના છે. |

## બનાસકાંઠા જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજનામાં સહાય

૧૮૬૭૯ : **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦માં કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે ? | ૧૩૧૯ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે. |

--------

## મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો દ્વારા હેલીકોપ્ટરનો ઉપયોગ

૧૭૪૩૨ : **શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ)** : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૯-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રાજ્યમાં મુખ્યમંત્રી અને મંત્રીમંડળના ક્યા ક્યા સભ્યોએ હેલીકોપ્ટરનો ક્યારે ક્યારે કેટ કેટલો ઉપયોગ કર્યો, અને | (૧) તા.૧-૯-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં માનનીય મુખ્યમંત્રીશ્રી તથા શ્રીમતિ આનંદીબેન પટેલ અને શ્રી સોરભભાઈ પટેલ એ હેલીકોપ્ટરની કુલ ૨૨ કલાક અને ૫૦ મીનીટ મુસાફરી કરી હતી. |

(૨) તેની પાછળ કેટ કેટલો ખર્ચ થયો ? (૨) તેની પાછળ રૂ.૨,૫૩,૧૨૦/- નો ખર્ચ થયો હતો.

---------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૧૯૭૨ ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમની અધિસૂચના

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પ્રવાહન અને વિતરણ કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોના તમામ રોજગારોને આવશ્યક સેવા જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગની તા.૮-૯-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક:જીએચયુ-૨૦૧૦(૧૩૭)-જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ અનુમતિ મળેલ વિધેયક

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૨મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૪ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૪ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

## વધારાના ખર્ચ પત્રકો

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૩-૯૪, ૧૯૯૪-૯૫ અને ૧૯૯૫-૯૬ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજૂ કરવાની રજા લઉં છું.

**વધારાના ખર્ચના પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

## ખર્ચના પૂરક પત્રકો

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦-૧૧ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**પૂરક પત્રક સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યું**

# સન ૨૦૧૧-૧૨ના અંદાજપત્રની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,

ફાલ્ગુન ૬, ૧૯૩૨ શાકે
સન ૨૦૧૧-૧૨ના અંદાજપત્રની રજૂઆત

**વિરામનો સમય રદ કરી સભાગૃહનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રિશેષનો સમય રદ કરીને માનનીય નાણામંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચનનું વાંચન પૂરું થાય અને અંદાજપત્ર રજૂ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવા પ્રસ્તાવ રજૂ કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) વિરામનો સમય રદ કરી, અંદાજપત્રનું પ્રવચન ચાલુ રહે અને અંદાજપત્ર રજૂ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હવે હું અંદાજપત્ર પ્રવચન ભાગ-ખ રજૂ કરું છું.

**સન ૨૦૧૧-૧૨ ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ સવારના ૧૦-૩૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી,૨૦૧૧ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૧**
**ફાલ્ગુન ૯, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજય સરકારનું દેવું તેમજ ચૂકવેલ વ્યાજ

*** ૧૭૩૫૧ શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા) :** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-
(૧) સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં રાજય સરકારનું દેવું કેટલી રકમનું થાય છે,
(૨) સને ૨૦૦૯-૧૦ના દેવા ઉપર કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું, અને
(૩) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં દેવા ઉપર તે અન્વયે કેટલું વ્યાજ ચૂકવવાનું થાય છે?
**નાણા મત્રીશ્રી:**

| (૧) નાણાકીય વર્ષ | દેવું (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૯૮૦૦૯ |
| ૨૦૧૦-૨૦૧૧ (૩૧-૧-૨૦૧૧ સુધીમાં (અંદાજીત) | ૧૦૯૨૭૩ |

(૨) રૂા. ૭૭૦૩ કરોડ
(૩) રૂા. ૮૫૬૮ કરોડ (અંદાજીત)

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સ્વર્ણિમ ગુજરાતના સ્વર્ણિમ જયંતિ વર્ષની અંદર ગુજરાતની પ્રજા માથે જ્યારે ૧૦૯૨૭૩ કરોડ કરતાં વધારે દેવું થઈ ગયું છે ત્યારે આ દેવું વધવાના કારણો શું?

મારો બીજો પ્રશ્ન એ છે કે આટલા દેવા ઉપર આટલા મોટા પ્રમાણમાં વ્યાજ ચૂકવવાનો મુખ્ય હેતુ શું? સરકાર શું કરકસર કરીને આ દેવું ઘટાડવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે દેવું વધે છે એના કારણો શું, કોઈપણ રાજયની અંદર કેટલો વિકાસ થાય અને એ રાજય કેટલું દેવું સહન કરી શકે એ નક્કી કરવાની સત્તા આયોજન પંચ અને કેન્દ્ર સરકારની છે. ગુજરાત સરકાર ઇચ્છે એટલું દેવું કરી શકતી નથી. આપણને એમ થાય કે આપણે ૨૦ હજાર કરોડ લઈ લઈએ પરંતુ એ આપણને ન મળે, પરંતુ એના માટે થઈને આયોજન પંચ નક્કી કરશે અને કેન્દ્ર સરકાર એને મંજૂરી આપે પછી જ દેવું કરી શકે છે. ગુજરાત રાજયનું જે કંઈ દેવું છે એ તમારું પ્લાન સૅક્ટર હોય પ્લાનિંગ હોય, આયોજન હોય એ આયોજનની અંદર પૈસા વાપરવા માટે થઈને કરીએ છીએ. આજે જોઈએ તો એમ કહીએ કે આપણી જેટલી આવક છે, આવક એટલે ગુજરાત રાજય ડોમેસ્ટીક પ્રોડકટ એના પ્રમાણની અંદર દરેક રાજયની સદ્ધરતા નક્કી થાય એ સદ્ધરતા પ્રમાણે ૧૨મું નાણા પંચ હોય કે ૧૩મું નાણા પંચ હોય એ પ્રમાણે દેવું કરવાની છૂટ આપે છે. સન ૨૦૦૯-૨૦૧૦નું દેવું ૯૮૦૦૯ છે જ્યારે ૨૦૧૦-૨૦૧૧નું દેવું ૧૦૯૨૭૩ છે અને આ જે કહ્યું એ ૩૧-૧-૨૦૧૧ સુધીનું છે હજી બે મહિના બાદ એ ૧,૧૩૦૦૦ થશે. આપે કહ્યું એમાં વ્યાજ છે એ વ્યાજ પણ જે પ્રમાણે દેવું કેટલું કરવું એ આયોજન પંચ અને કેન્દ્ર સરકાર નક્કી કરે છે. પરંતુ હું આપને કહીશ કે ૧૩માં નાણા પંચે ૨૦૧૦ થી ૨૦૧૫ સુધીના આપણને ફિગર આપ્યા છે એમાં ૨૦૧૦-૧૧માં તમારો ગ્રોથ સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડકટ જેટલો હોય એના ૨૯.૪ ટકા જેટલું કરજ કરી શકે પરંતુ આપણે ખરેખર આપણો જી.એસ.ડી.પી. છે એના ૨૯.૪ ટકાને બદલે આપણે ૨૧.૯૮ ટકા જ કરજ કર્યુ છે. એટલે જેટલી મંજૂરી આપી છે એના ૭૫ ટકા જ દેવું કર્યુ છે. ૨૫ ટકા ઓછું દેવું કર્યુ છે. એ પ્રમાણે ૨૦૧૧-૧૨માં ૨૮.૯ ટકાની મંજૂરી આપી છે, એ જ રીતે ૨૦૧૩-૧૪માં ૨૮.૧ ટકાની મંજૂરી આપી છે, ૨૦૧૪-૧૫માં આપણને ૨૭.૧ ટકાની મંજૂરી આપી છે. આ લૉનો લઈએ છીએ એ આપણે ન લઈએ પરંતુ આપણને લોન જોઈતી હોય તો આપણે રિઝર્વ બેંકને કહીએ, રિઝર્વ બેંક કેન્દ્ર સરકારની મંજૂરી લઈને પછી લોન આપે છે. કરજ બે પ્રકારના છે, એક આપણને કેન્દ્ર સરકાર આપે અને બીજું રાજયનું. કેન્દ્ર સરકાર આપે છે એમાં કહીશ કે એમાં એટલું વિશેષ દેણું નથી. આપણે ઈન્સ્ટીટયુશન લોન હોય એ ૨૦૧૦-૧૧માં ૪૧૩૫ છે અને જે માર્કેટ લોન છે એ આપણે જોઈતી હોય તો આપણે રિઝર્વ બેંકને કહીને રિઝર્વ બેંક આપણી ક્રેડિટ પ્રમાણે સસ્તામાં સસ્તા વ્યાજે જે મળે એ લોન આપણને મેળવી દે એમાં ૪૪૧૬૦ કરોડ છે અને ખરેખર વાત એ છે કે નેશનલ સેવિંગ્ઝ,

રાષ્ટ્રીય બચત યોજના નીચે રાજયમાં જેટલી બચત કરે એ રકમ એ રાજયને આપી દે. એ રકમ એ રાજયને આપી દે. પહેલાં કેન્દ્ર સરકાર નાની બચતના ૭૦ ટકા આપણને આપે અને ૩૦ ટકા એ રાખતા તેને બદલે હવે એ કેન્દ્રના દેણાને બદલે રાજયનું કરજ થઈ ગયું. રાજયનું આંતરિક એટલે જેટલું સેવીંગ સર્ટિફિકેટ હોય એ વધુમાં વધુ કરજ છે એ ૫૧,૫૨૩ ગુજરાત રાજયની પ્રજા સમૃદ્ધ હોય તો સમૃદ્ધિના કારણે તેની બચત વધુ થાય. એ જે બચત કરે એ ટોટલ આપણે લેવી જ પડે. એટલા માટે થઈને ૫૧,૫૨૩ છે એ એનું કરજ છે. એટલે ૫૦ ટકા ઉપરાંત જે કરજ છે એ આ રાષ્ટ્રીય બચત યોજનાનું છે. મારે કોઈ સરખામણી નથી કરવી પણ હું કહું કે ગુજરાતનું માથાદીઠ દેવુ ૧૭,૦૬૫ છે. જ્યારે કેન્દ્રનું ૨૯,૮૭૮ છે. તેના કરતાં આપણે જોઈએ તો ઘણું વધારે છે. એ જ પ્રમાણે આપણી માથાદીઠ આવક ૫૫,૧૪૦ ની છે અને કેન્દ્રની માથાદીઠ આવક ૪૦,૧૪૧ની છે. એટલે આ રીતે ગુજરાત રાજયએ એક પણ લોનનો હપ્તો ચૂક્યા નથી. એક પણ વ્યાજનો હપ્તો ચૂક્યા નથી અને માર્કેટ લોનમાં પૈસા લેવા માટે ઉભા થઈએ તો બે કલાકમાં આપણું ભરણું ભરપાઈ થઈ જાય એટલી આપણી સદ્ધરતા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું બે વસ્તુ જાણવા માગું છું. બે વસ્તુ હોય છે. એક કેન્દ્ર સરકાર કંઈક કહે, એક કૉમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ, કેગ કંઈક કહે. કેગ જ્યારે કંઈક કહે તો તેને એક તટસ્થ બંધારણીય સંસ્થા તરીકે વધારે વજુદ મળવું જોઈએ. (અંતરાય) નીતિનભાઈ, આ રીતે જો ડીસ્ટર્બ કરવાના હો તો અમને પણ આવડે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** (બેઠાં બેઠાં) હું કયાં કંઈ બોલ્યો જ છું. હું કંઈ બોલ્યો જ નથી. એમને મારા ભણકારા વાગે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** ટ્રેઝરી બેંચમાં આ રીતનું વલણ બરાબર નથી. (અંતરાય) કોઈ ભણકારા અમને વાગતા નથી. તમે બોલ્યા છો અને બેઠાં બેઠાં બોલ્યા છો. મારા ૫૧ જણા બોલશે તો તમારો એક પણ વ્યકિત બોલી નહીં શકે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓએ સંયમ રાખવો જોઈએ. અગાઉના માનનીય અધ્યક્ષશ્રીઓના અનેક નિર્ણયો છે કે તેમણે વધારે મર્યાદા રાખવી જોઈએ. હું એ કહેતો હતો, ઘણી ગંભીરતાપૂર્વક કહું છું એક બાજુ સરકાર કંઈક કહેતી હોય અને એક બાજુ કેગ કંઈક કહેતું હોય તો આપનો પણ એ અભિગમ રહ્યો છે કે કેન્દ્ર સરકાર ખોટી અને કેગ સાચું. તેને વજુદ મળવું જોઈએ. આપણે ત્યાં કેગ દ્વારા પૅરા ઉઠાવીને ભયંકર ટીકા થઈ છે. કેન્દ્ર સરકારના દેવા સામે ટીકા નથી. આપણી સામે ટીકા થઈ છે અને જ્યારે કેગે કહ્યું છે કે ગુજરાત જે રીતે દેવું લે છે, આવતા દિવસોમાં, અત્યારે ખબર નહીં પડે, આવતા વર્ષો પછી ગુજરાતની પરિસ્થિતિ ખરાબ થશે. માટે નવું દેવું ન લેવું અને ઘટાડવું. આ સંદર્ભમાં કોઈ પગલાં કેગની ટીકા પૅરા પછી આપણું લૉજિક જી.ડી.પી. જે હોય તે સમજાવ્યું અને તેમને ગળે ન ઉતરે પછી જ કેગનો પૅરા બને છે. એ પૅરા આ રીતનો છે. તેના સંદર્ભમાં સરકાર શું પગલાં ભરવા માગે છે?

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે કેગે આપણને આ પ્રમાણે સૂચના આપી. કેગનું કામ હિસાબ ઑડિટ કરવાનું છે. તેનું સંચાલન કરવાનું નથી. જો અમને કહેતા હોય તો એ રીતે આપને કહું છું, સલાહકાર તરીકે કેગ નહીં ઑડિટની દ્રષ્ટિએ ઑડિટના જે પૅરા હોય તો તેના માટે થઈને કહી શકે. તમારે કેટલું કરજ કરવું તેના માટે થઈને આયોજન પંચ નક્કી કરે અને કેન્દ્ર સરકાર તેને મંજૂર કરે. જો આપ કહેતા હો તો કેગ ગુજરાતને સલાહ આપતા હોય તો ગુજરાતની માથાદીઠ આવક વધુ છે. માથાદીઠ કરજ ઓછું છે અને કેન્દ્રનું તેના કરતા અનેકગણું છે. જો આપણાં રિપૉર્ટમાં આવું લખતા હોય તો એ કેન્દ્રના રિપૉર્ટમાં કેવું લખતા હોય, કોઈ દિવસ હોય જ નહીં. કેગનું કામ ઑડિટ કરવાનું છે. તમે કરેલા ખર્ચનું ઑડિટ કરે. કેટલું કરજ કરવું, કેટલું તમે બેર કરી શકશો એ કામ છે એ આયોજન પંચનું છે અને કેન્દ્ર સરકારની મંજૂરીથી આયોજન પંચ કહે એટલું જ આપણે કરજ કરીએ છીએ અને કરજ રિઝર્વ બેંક લે છે. આપણે ડાયરેકટલી કોઈ પાસે એક રૂપિયો લેતા નથી.

**શ્રી સિદ્ધાર્થભાઈ ચી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, કરજ વધારે લેવાની ઉપલબ્ધતા હોય, માર્કેટ પણ સાનુકૂલ હોય એના કારણે આપણે કરજ લીધા જ કરવું એની સામે ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ ગણવું કે કેમ? સવાલ એ છે કે, ૧૯૯૫ની અંદર જેટલું રાજયનું દેવું હતું એટલું આજે આપણે દર વર્ષે વ્યાજ ભરતા થયા છીએ. આટલો મોટો તફાવત આ છેલ્લા ૧૫-૧૬ વર્ષમાં આવી ગયો છે. આ ખૂબ ગંભીરતાથી એટલા માટે લેવાની જરૂર છે કે જે રાજયની મહેસૂલી આવક છે એ મહેસૂલી આવકના લગભગ ૨૦ ટકા જેટલું આપણે વ્યાજ ભરતા થઈ ગયા છીએ. આ બાબતે રાજય સરકાર કોઈ કરકસરના પગલાં લેવા માગે છે કે કેમ? કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ ગયા વર્ષે વિપરીત પરિસ્થિતિ હતી ત્યારે પોતાના પગારમાંથી ૨૦ ટકા પગાર કાપ કરકસર રૂપે ઓછો લેવાનો સ્વીકાર કર્યો હતો. આવા કોઈ પગલાં રાજય સરકાર લેવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી, (અંતરાય) તમે સાંભળો. કોઈપણ રાજય છે એ રાજયનો વિકાસ એના GSDP ઉપર આધાર રાખે. દેવું કરો છો. દુનિયાની અંદર કોઈપણ દેવું એ જ કરી શકે જેની ભરપાઈ કરવાની ત્રેવડ હોય. આ દેવું ભરપાઈ કરવાની ત્રેવડ અહીં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર નક્કી કરતી નથી. એ દિલ્હીની કોંગ્રેસ સરકાર નક્કી કરે છે અને તમે કહો છો

કે દેવું વધતું જાય છે. દેવું જેની આર્થિક સ્થિતિ સદ્ધર છે એ કરી શકે છે. ભૂતકાળની અંદર ઓ.ડી. માગવા જતા હતા. આ ગુજરાતની ભાજપની સરકારે કોઈપણ ઓ.ડી. લીધો નથી. ઓ.ડી. લીધા વગર ચલાવીએ છીએ. શ્રી બાબુભાઈ, તમારા વખતમાં ways and means ની રકમ વાપરતા હતા અને ઓ.ડી. લેતા હતા. તમે planning ના ૭૫ ટકા જ વાપરી શકતા હતા. આ બધા દિવસો ગયા. કોઈપણ વેપારીની સ્થિતિ સારી હોય, કોઈપણ પ્રગતિશીલ રાજય હોય એની દેવું ભરપાઈ કરવાની ત્રેવડ હોય એણે જ દેવું કરવું જોઈએ. આ દેવું કરીએ છીએ એ રાજયના વિકાસમાં વપરાય છે નહીં કે કોઈના પગાર ચૂકવવામાં. ૨૦ ટકા પગાર કાપ રાખ્યો હતો એના બદલે ૧૦૦ ટકા પગાર લેવાનું બંધ કરોને. શ્રી સિદ્ધાર્થભાઈ, બધાને આ કહું છું. તમે બધા આક્રમણ કરો છો અને હું ગભરાઈ જાઉં છું. નાણાકીય સ્થિતિની વાત કરું છું.

## બનાસકાંઠા જિલ્લામાં વેટની થયેલ આવક

***૧૮૬૧૧ શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) બનાસકાંઠા જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે?

**નાણાં મંત્રીશ્રી:**

(૧) રૂ.૧૩૬.૯૮ કરોડ(ગ્રોસ) (પ્રોવિઝનલ)

(૨) રૂ.૧૧.૦૭ કરોડ

(૩) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ** : માનનીય અધ્યક્ષ મહોદય, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, બનાસકાંઠા જિલ્લામાંથી વર્ષ ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ અને વેટની આવક કેટલી થઈ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે અને આ બાકી રકમ વસૂલ કરવા સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યાં છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો સવાલ છે કે, બનાસકાંઠા જિલ્લામાં ૨૦૧૦ના વર્ષમાં સેલટેક્ષ અને વેટની આવક કેટલી થઈ. કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે. એટલે ૨૦૧૦ની કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે એ ૧૧.૦૭ કરોડ રકમ વસૂલ કરવાની બાકી છે અને આ જે રકમ બાકી છે એ જુદી જુદી ૧૯૫ પાર્ટીઓ પાસેથી આ રકમ વસૂલ કરવાની બાકી છે. અને એમાં જે રકમ વસૂલ થતી હોય ત્યારે મનાઈ હુકમ એક વ્યકિત એક પાર્ટીએ લીધો છે, ધંધો બંધ અને લાપત્તા હોય એવી ૩ પાર્ટી છે, એટલે ચાર પાર્ટી જ એવી છે અને જેની વસૂલાત ચાલુ હોય એવી ૧૯૧ પાર્ટી છે. એટલે આ પ્રમાણે ૧૯૫ પાર્ટી પાસેથી આ ૨૦૧૦નું જ કરજ બાકી છે. એની વસૂલાત રાબેતા મુજબ થતી હોય છે અને એમાં જે એમાઉન્ટ હોય એની રકમ જેની વધુમાં વધુ રકમ હોય એ સ્ટે, જેની વધુ રકમ હોય અને વાંધો હોય એવા લોકો સ્ટે લેતા હોય, પણ સ્ટેની અંદર, મનાઈ હુકમની અંદર એવી કોઈ રકમ બાકી વિશેષ નથી એટલે આ જે રકમ છે એ ચાલુ વર્ષની જ છે અને એ રાબેતા મુજબ વહેલામાં વહેલી વસૂલ થઈ જાશે, કારણ કે આમાં જ્યારે એસેસમેન્ટ કરે ત્યારે એ લોકોએ ટેક્સ ભર્યો હોય ૨૦ લાખ રૂપિયા અને આપણે કહીએ ૨૧ લાખ અને ૬૦ હજાર ભરવાનો છે , એટલે ૧ લાખ અને ૬૦હજારનો ડીફરન્સ એની પાસેથી વસૂલ કરવાનો હોય તો એ પાર્ટી કાં અપીલમાં જાય અને કા આપણને પૈસા ભરી દે, પૈસા ભરી દે તો પૂરું થઈ જાય, અપીલમાં જાય તો એની સ્ટે થઈને આગળની કાર્યવાહી ચાલે.

## વિદેશ અભ્યાસની મળેલ અરજીઓ

***૧૮૩૦૦ શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વિદેશમાં અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં કેટલી અરજીઓ મળી

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧૨૫

(૨) ૭૭

(૩) ૪૧

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે વિદેશમાં અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓની સન ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૦માં કેટલી અરજીઓ મળી?, મારો પ્રશ્ન નં.૨ છે. તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી? પ્રશ્ન નં. ૩ એ છે કે આ યોજના હેઠળ લોન મેળવવા માટે શું માપદંડ છે અને શું પાત્રતા છે? અને લોનમાં કંઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦માં મળેલ અરજીઓ ૧૨૫ હતી, એમાં ૭૭ અરજીઓ મંજૂર કરેલ છે, ૪૧ અરજીઓ નામંજૂર કરેલ છે. ચૂકવેલ લોન અત્યાર સુધીમાં ૬૨૭ લાખ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન એ પૂછયો કે આ યોજના હેઠળ લોન મેળવવા માટેની પાત્રતા શું, તો વિદ્યાર્થી સામાજિક શૈક્ષણિક પછાત વર્ગનો હોવો જોઈએ, વિદ્યાર્થીએ ધોરણ ૧૨માં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય અથવા તો સ્નાતક કક્ષાએ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઈએ, વિદેશમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાના અથવા તો ટેકનિકલ પ્રોફેશનલ તેમજ ડિપ્લોમા તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ, કુટુંબ દીઠ ફક્ત એક જ વ્યકિતને મળવાપાત્ર છે. આમાં કોઈ આવક મર્યાદા નથી. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભારતમાં ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી સેવા આપવાની હોય છે, અને વિદેશ જતા પહેલા એણે અરજી કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીએ ત્રીજો પ્રશ્ન એ પૂછયો કે આ રકમમાં વધારે ક્યારે કરવામાં આવેલ છે અને કેટલો કરવામાં આવેલ છે? આજે મને કહેતા ખૂબ આનંદ થાય છે કે ૨૦૦૭માં આ રાજયના લાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બક્ષીપંચના લોકોની ચિંતા કરીને ૫ લાખ રૂપિયાથી વધારી ૧૦ લાખ રૂપિયાનો વિદેશની લોનમાં વધારો કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીએ ચોથો પ્રશ્ન પૂછયો કે અરજી નામંજૂર કરવાના કારણો શું છે? એના કારણો એ છે, ૧૩ અરજી વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાએ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ન ધરાવતા હોવાથી, ૧૧ અરજીઓ ક્ષતિપૂર્ણ ન કરતા હોવાથી, ૯ અરજીઓ, વિદ્યાર્થીની અરજીઓ વિદેશ ગયા બાદની હોવાથી અને ૫ અરજીઓ અભ્યાસ પોસ્ટ ગ્રૅજ્યુએટ કક્ષાનો ન હોવાથી અને ૩ વિદ્યાર્થીઓએ લોન લેવાનો ઇનકાર કરવાથી આ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને કયા કોર્ષ કે અભ્યાસક્રમ માટે વિદેશ જવા માટે સહાય આપવામાં આવે છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા જ વાત કરી કે આના માપદંડો શું છે. મેં હમણા જ વાત કરી વિદેશમાં લોન લેવા માટે ધોરણ ૧૨માં ૫૦ ટકા કે તેથી વધારે ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. વિદેશમાં પોસ્ટ ગ્રૅજ્યુએટ કક્ષા અથવા તો ટેકનિકલ પ્રોફેશનલ તેમજ ડિપ્લોમા અને તેની સમકક્ષ વિદ્યાર્થી હોવો જોઈએ,

તાંત્રિક અભ્યાસક્રમમાં એડમિશન મેળવેલ હોવું જોઈએ અને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભારતમાં ઓછામાં ઓછી પાંચ વર્ષ સેવા આપવાની હોય છે. વિદેશમાં જતા પહેલાં અરજી કરવાની હોય છે.

## દાહોદ જિલ્લામાં અપંગોને સાધન સહાયની મળેલ અરજીઓ

*૧૮૪૪૪ **શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અપંગોને સાધન સહાય માટે તાલુકાવાર કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અપંગોને સાધન સહાય માટે તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળી, અને

| તાલુકાનું નામ | તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધી મળેલ અરજીઓ. |
|---|---|
| દાહોદ | ૬૮ |
| ગરબાડા | ૭૧ |
| ઝાલોદ | ૮૨ |
| ફતેપુરા | ૯૭ |
| લીમખેડા | ૩૨ |
| દેવગઢબારીયા | ૩૩ |

| | |
|---|---|
| ધાનપુર | ૨૫ |
| કુલ : | ૪૦૮ |

(૨) મળેલ અરજીઓ પૈકી તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવી.

| તાલુકાનું નામ | મંજૂર અરજીઓ. |
|---|---|
| દાહોદ | ૬૫ |
| ગરબાડા | ૭૧ |
| ઝાલોદ | ૭૮ |
| ફતેપુરા | ૮૯ |
| લીમખેડા | ૩૨ |
| દેવગઢબારીયા | ૩૨ |
| ધાનપુર | ૨૫ |
| કુલ : | ૩૯૨ |

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, અપંગોને સાધન સહાયની ૧૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તો એ ૧૬ અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે અને આ ૧૬ જણા અપંગો છે તો એમના માટે સરકાર ફરી વિચારી અને મંજૂર કરવા વિચારે છે કે કેમ? આ અરજીઓ મંજૂર કરવાના અને સાધન સહાયના ધોરણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે ૪૦૮ અરજીઓ આવી હતી એમાંથી ૩૯૨ મંજૂર થઈ અને ૧૬ નામંજૂર થઈ. એમણે નામંજૂરીના કારણો પૂછ્યા, તો ૧૩ અરજદારોની ઉંમર વધારે હોવાથી નામંજૂર કરવામાં આવી છે અને ૩ અરજીઓ આવક વધુ હોવાથી નામંજૂર કરવામાં આવી છે. બીજો એમનો પ્રશ્ન હતો કે સહાયના ધોરણો શું છે? તો એના માટે અરજદારની વય ૫ થી ૫૦ વર્ષની હોવી જોઈએ. એની અપંગતામાં એ ૪૦ ટકાથી વધારે હોવી જોઈએ. આવક મર્યાદા વાર્ષિક ૨૫૦૦૦ હોવી જોઈએ અને વિકલાંગતા અંગેનું જિલ્લા સમાજ સુરક્ષાએ આપેલ ઓળખપત્ર એ ધરાવતા હોવા જોઈએ. એમણે કહ્યું કે આ અપંગ છે અને સરકાર એમના માટે બીજી કોઈ રીતે સહાય કરવા માગે છે કે કેમ? સરકારની અન્ય યોજનાઓમાં જો એ પાત્રતા ધરાવતા હશે તો એના લાભો એમને ચોક્કસ આપવામાં આવશે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી એ જાણવા માગું છું કે, અપંગોને સાધન-સહાય કયા કયા સાધનો માટે આપવામાં આવે છે અને કેટલી આપવામાં આવે છે? તેમાં સરકારશ્રી કોઈ વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અપંગોને જે સાધનો આપવામાં આવે છે એ ૨૦ જેટલા સાધનો છે. એ કહું એ પહેલાં વધારો કરવાની વાત કરી. માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે આ અંગે માગણી પણ આવેલી અને નાણામંત્રીશ્રીએ અમને મંજૂરી આપી છે એ મુજબ જાન્યુઆરી-૨૦૧૧ થી આ બધી સહાયના ધોરણો આપણે વધારી દીધા છે. એમણે જે સાધનો અંગે વિગતો માગી છે એ મુજબ ટ્રાઈસિકલ માટે ૪૫૦૦ રૂપિયા, સાઈકલ માટે ૨૪૦૦ રૂપિયા, શ્રવણ યંત્ર પૉકેટ રેન્જનું હોય એના ૧૧૦૦ રૂપિયા અને કાન પાછળ લગાડવાનું યંત્ર હોય એના માટે ૩૫૦૦ રૂપિયા, સીવવાના મશીન માટે ૩૩૦૦ રૂપિયા, હાથ લારી માટે ૩૭૦૦ રૂપિયા, બન્ને પગના કેલીપર્સ માટે ૨૫૦૦ રૂપિયા, એક પગના કેલીપર્સ માટે ૧૫૦૦ રૂપિયા, બુટ કે ઘોડી હોય તો ૧૨૦૦ રૂપિયા, મોચીકામના સાધનો માટે ૩૯૦૦ રૂપિયા, સંગીતના સાધનો માટે ૨૫૦૦ રૂપિયા, સુથારી કામના સાધનો માટે ૩૧૦૦ રૂપિયા, કમ્પ્યુટર રીપેરીંગ માટે ૨૬૦૦ રૂપિયા, ઈલેક્ટ્રિક રિપેરીંગના સાધનો માટે ૪૦૦૦ રૂપિયા, ભરત-ગુંથણના મશીન અડધા આંટાના મશીન માટે ૩૦૦૦ રૂપિયા, સાઈકલ રીપેરીંગ માટે ૨૦૦૦ રૂપિયા, એમ્બ્રોઈડરી મશીન માટે ૪૫૦૦ રૂપિયા અને ફોલ્ડીંગ વ્હીલ ચેર માટે ૪૫૦૦ રૂપિયા એમાં ચાઈલ્ડ કીટ માટે ૧૮૦૦ રૂપિયા અને ફોલ્ડીંગ કીટ માટે ૪૦૦ રૂપિયાના સાધનો આપણે આપીએ છીએ.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : દાહોદ જિલ્લો એક તો નિરક્ષર જિલ્લો છે. ઉંમરના કારણે માહિતી વગર અરજી કરી શક્યા નથી. હવે એમને ભૂલ સમજાઈ છે તો બાકીનું જીવન જીવી શકે એ માટે કંઈ વિચારો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ઉંમરની મર્યાદા નક્કી કરી છે એ ૫ થી ૫૦ વર્ષ છે. જે લોકો ૫૦ વર્ષ સુધી ધંધો કરી શકતા હોય એના માટેના સાધનો છે. બાકીની અપંગ સહાય છે, ધંધા માટેની સહાયના આ ધોરણો છે. બાકીની વિકલાંગતાની સહાય એમને મળે છે.

## મહેસાણા જિલ્લામાં વેટની થયેલ આવક

* ૧૮૬૦૬ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) મહેસાણા જિલ્લાની ૨૦૧૦ ના વર્ષની સેલટેક્ષ/વેટની આવક કેટલી થઈ,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યાં છે?

**નાણા મંત્રીશ્રી**

(૧) રૂા.૨૭૨.૭૦ કરોડ (ગ્રોસ)(પ્રોવિઝનલ)

(૨) રૂા. ૨૪.૬૧ કરોડ

(૩) શકય વસૂલાતવાળા કેસોમાં વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારા જવાબમાંથી ગુજરાત સરકારની અને તંત્રની જે નાણાકીય શિસ્તતા ઝલકે છે એની કદાચ પ્રોફેશનલનને પણ ઈર્ષા આવે. મારા જવાબમાં રૂા. ૨૪.૬૧ કરોડ જ બાકી છે, એટલે લગભગ ૯૩% થી ૯૪% રીકવરી કરી ચુકેલ છે અને મારો પ્રશ્ન એ છે કે રૂા. ૨૪.૬૧ કરોડ બાકી છે એ કેટલી પાર્ટીઓ પાસેથી બાકી છે અને મોટી મોટી પાર્ટીઓ પાસેથી વસૂલાત કરવા માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કહી એ ૨૦૧૦ ના ચાલુ વર્ષ માટેની જ વાત છે. એમાં ખરેખર ૨૦૧૦ ની અંદર ઉદ્‌ભવેલ કેસો છે એની સંખ્યા ૬૩૩ હતી અને એમાંથી ૩૫ કરોડ ૭૦ લાખ રૂપિયા એ નેચરલી કોર્ષની રીતે આવે એ પ્રમાણે ભરાય ગયા છે અને વસૂલાત કરવાના કેસો ૩૩૯ જે બાકી છે એની રકમ ૧૧ કરોડ ૯ લાખ હતી અને બાકી કેસો હવે ૨૮૪ છે એની વસૂલાત ૨૪.૬૧ કરોડ છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે મોટી મોટી રકમો કેટલી બાકી છે તો એમાં જે ખાસ કરીને DIFR, BIFR અને GBIFR માં જાય છે કે ધંધા બંધ હોય, લાપતા થઈ ગયા હોય કે RCC રેવન્યુ રીકવરીના સર્ટીફિકેટના કેસના હોય એમાં આપણે તાત્કાલિક વસૂલાત કરી શકતા નથી. એટલે આમ જોવા જઈએ તો ૨૮૪ કેસોમાંથી મનાઈ હુકમના ૯ કેસ છે જેના પાસેથી આપણે ૨૬,૮૯,૭૧૦/- વસૂલ કરવાના બાકી છે પછી DIFR, BIFR અને GBIFR એના ૬ કેસ છે. આ ૬ કેસ પાસેથી ૪,૭૫,૬૬,૫૯૪/- બાકી છે અને જેનો ધંધો બંધ છે અને લાપતા છે એવા ૧૮ કેસો છે એની પાસેથી ૧૩,૭૨,૧૫,૯૦૬/- રૂપિયા લેવાના બાકી છે અને RCC એટલે કે રેવન્યુ રીકવરી સર્ટીફિકેટ માટે ૨ ની સામે કેસ છે એમાં ૪૩,૧૪,૨૭૩/- રૂપિયા લેવાના બાકી છે પણ જે વસૂલાતની અંદર આપણે જોઈએ તો ૨૮૪ માંથી ૨૪૯ કેસ એવા છે કે જેની પાસેથી ૫,૪૩,૪૬,૦૨૨/- રૂપિયા વસૂલાત કરવાની બાકી છે અને આ રકમ જે છે ૨૮૪ માંથી ૨૪૯ કેસોની એ રકમ તો બહુ ઈઝીલી વસૂલાત જઈ જાશે પણ ૩૫ કેસો છે એ કાં તો અપીલમાં ગયા હોય, કાં તો કેન્દ્રની અંદર DIFR જ્યારે નકકી કરે અને એનું જે જજમેન્ટ આપે એ પ્રમાણે આપણે રકમ લેવાની હોય, BIFR છે એ બેંકોનું કરજ કેટલું છે, એ પાર્ટી ઉપર કુલ કરજ કેટલું છે અને એ પાર્ટીને રીવાઈવ કરવા માટે થઈને તમારે કેટલા વેવ કરવા જોઈએ એ આપણને સૂચના આપે એ પ્રમાણે DIFR, BIFR માં વસૂલાત કરી શકીએ. એટલે મોટાભાગના ૨૮૪ કેમાંથી ૨૪૯ કેસો છે એની પાસેથી ઈઝીલી વસૂલાત કરી શકાય એવી રીતના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે જો ૨૦૧૦ ના આખરની અંદર આપણે જો જોઈએ તો ૬૧૯.૦૫ કરોડ રૂપિયા આખા જિલ્લાની અંદર લેવાના બાકી છે, આવી પાર્ટીઓની સંખ્યા ૨૮૬૧ છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનીનય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે વેપારીઓ રીફંડને પાત્ર છે એને રીફંડ આપવા માટે કેવા પ્રકારની સૂચનાઓ આપવામાં આવેલી હોય છે અને આ રીફંડ આપવામાં જો તંત્ર દ્વારા વિલંબ થાય તો વ્યાજ આપવાની કોઈ જોગવાઈ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીફંડ આપવાની જોગવાઈ છે એ બને એટલે વહેલામાં વહેલી તકે એને રીફંડ આપી દેવું એ પ્રમાણે છે અને કોઈ વિલંબિત કેસ વધુ પ્રમાણમાં થયું હોય તો ચોક્કસ વેપારી અને એનું એસોશિએશન પણ આપણને જાણ કરે છે. જેમાં બે મહિના, ત્રણ મહિનાનો સમય થઈ ગયો હોય એટલે આપણે પાર્ટીને બોલાવીએ છીએ, અધિકારીને બોલાવીએ છીએ અને બંનેને રિફંડ જે કાયદેસરનું લેવા પાત્ર હોય એ આપણે અપાવી દઈએ છીએ, પણ રિફંડ આપતા પહેલાં એ રિફંડ લેવા પાત્ર છે કે કેમ, એના માટે જે એના આનુષાંગિક ડોક્યુમેન્ટસ છે એ ડોકયુમેન્ટસ્ એણે પૂરા પાડવા જોઈએ. ઘણીવાર એકને એક ડોક્યુમેન્ટસ બે જગ્યાએ લાગુ પડતું હોય પણ આણે આપ્યું હોય એક જ ડોકયુમેન્ટ તો આપણે એને કહીએ કે તમે એની બીજી કોપી આપો તો એ થઈ શકે. એક જ પાર્ટી હોય, ૨૦૦૬-૦૭નું એસેસમેન્ટ થાય અને ૨૦૦૭-૦૮નું થાય તો એક જ પ્રકારનું હોય તો એણે ડોકયુમેન્ટ એકમાં આપ્યું હોય અને પછી એમ કહે કે અમે એને આપ્યું છે એટલે બીજાનું રિફંડ બાકી રહી જાય આવી ગેરસમજ દૂર કરી અને આ કરીએ છીએ. લગભગ વેપારીઓનો કોઈ કયાંય અસંતોષ રહેવા દેતા નથી.

## અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી.

***૧૮૩૦૨ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં ૨૦૧૦ના વર્ષમાં કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૨) નોંધાયેલ બેરોજગારો પૈકી તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ઉમેદવારોને રોજગારી મળી?

**શ્રમ અને રોજગારી મંત્રીશ્રી :**

(૧) ૪૫,૨૫૪.

(૨) કુલ નોંધાયેલ ઉમેદવારો પૈકી તા. ૧-૧-૨૦૧૦થી તા. ૩૧-૧૨-૨૦૧૦ દરમિયાન ૨૫,૯૧૫ ઉમેદવારોને રોજગારી મળી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી ધ્વારા ગુજરાતની અંદર વાયબ્રન્ટ સમિતની અંદર જે અભિયાન ચાલ્યું છે જેના કારણે અમદાવાદ જિલ્લામાં ઘણા ઉદ્યોગો આવ્યા છે અને ઘણા ઉદ્યોગો આવનારા છે જેના કારણે અમદાવાદ જિલ્લાના સંખ્યાબંધ બેકારોને રોજગારીનું એક આશાનું કિરણ બંધાયું છે ત્યારે આ રાજયની જે પ્રર્વતમાન નીતિ છે બેરોજગારોને રોજગારી આપવા માટેની એના માટે આ રાજય સરકારને અને રાજયના મુખ્ય મંત્રીશ્રીનો આભાર માનું એટલો ઓછો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અમદાવાદ જિલ્લામાં જે રોજગારી આપી ૨૫,૯૧૫ એમાંથી રાજયના શિક્ષિત અને અર્ધ-શિક્ષિત બેરોજગારોને કેટલી રોજગારી આપી અને જે નવા રોજગારો આવવાના છે, ઉદ્યોગો સ્થપાવાના છે એમાં સ્થાનિકોને રોજગારી માટેની સરકારની શું નીતિ છે ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા હું સ્પષ્ટ કહી શકું કે, આટલા વર્ષ સુધી દર વર્ષે બેરોજગારોને જે રોજગારી નહતી મળતી એને બદલે આખા હિન્દુસ્તાનમાં સૌથી વધુમાં વધુ જો રોજગારી આપતું રાજય હોય તો એ ગુજરાત રાજય છે. ૨૦૦૮માં ૩,૦૪,૦૦૦ લોકોને આખા હિન્દુસ્તાનમાંથી રોજગારી આપવામાં આવી, એમાંથી એકલા ગુજરાતે ૨,૧૭,૦૦૦ લોકોને, ૭૨ ટકા લોકોને ગુજરાતે આપી અને આ ૨૮ ટકાની અંદર આખું હિન્દુસ્તાન અને આ આંકડા પણ આપ જોઈ શકશો કે ૪૫,૨૫૪ જે નોંધાયેલા રોજગાર હતા ૨૦૧૦માં એમાં ૨૦૧૦માં તો ૨૫,૯૧૫ને તો આપણે ઓલરેડી રોજગારી આપી દીધી છે. આ એક વર્ષમાં આ એક જિલ્લામાં ૨૫,૦૦૦ લોકોને રોજગારી મળી છે આ આંકડો જ બતાવે છે. આપ ભૂતકાળના આપના જિલ્લાનો આંકડો જોશો તો આટલો મોટો આંકડો કોઈ દિવસ હશે નહીં અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું કે, બેરોજગારો છે એમાં શિક્ષિત અને અર્ધશિક્ષિત કેટલું છે, તો શિક્ષિત જે બેરોજગારો હતા એમાં જે ૨૯,૬૩૮ પુરૂષો હતા અને સ્ત્રીઓ હતી એ ૯,૪૮૬ એટલે કુલ બેરોજગારોની સંખ્યા જે શિક્ષિતોમાં ૩૯,૧૨૪ હતી ત્યાર પછી અર્ધ-શિક્ષિતો છે એમાં પુરૂષો ૫,૫૬૮ હતા અને સ્ત્રીઓ હતી ૫૬૨. કુલ ૬,૧૩૦ બહેનો હતી અને આ પ્રમાણે કુલ જે બેરોજગારો છે એમાં ૩૫,૨૦૬ પુરૂષો હતા અને ૧૦,૦૪૮ બહેનો હતી એટલે ૪૫,૨૫૪નો બ્રેક-અપ આ પ્રમાણે છે પરંતુ એમાંથી જે રોજગારી મળી છે એ રોજગારી મળી એમાં શિક્ષિત લોકોમાં પુરૂષો ૧૭,૮૩૭ને રોજગારી મળી અને સ્ત્રીઓમાં ૨૭૩૮ને એટલે કુલ શિક્ષિતોમાં ૨૦,૫૭૪ લોકોને રોજગારી મળી અને અર્ધ-શિક્ષિતો હતા એમાં પુરૂષો ૫,૦૬૩ હતા અને બહેનો હતી ૨,૨૭૮ હતી એટલે કુલ બહેનોને રોજગારી મળી ૫,૩૪૧ આ પ્રમાણે જે ૨૫,૯૧૫ લોકોને રોજગારી મળી, એમાં જે શિક્ષિતોને રોજગારી હતી એમાં રાજય સરકારની અંદર ૧,૧૬૯ લોકોને રોજગારી આપી, કેન્દ્ર સરકારમાં ૨૧૨ લોકોને રોજગારી મળી.અને લોકલ બોડીની અંદર ૧૮૨ લોકોને રોજગારી મળી પણ ગુજરાત રાજય જે ઔદ્યોગિક રીતે વિકાસ કરી રહ્યું છે અને ખાનગી ક્ષેત્રમાં રોજગારી મેળવવા માટે અને રોજગારી માટે ખૂબ વિપુલ પ્રમાણમાં તક રહેલી છે તો આ વર્ષે આપણે જોઈએ તો જે ૨૫૯૧૫ લોકોને રોજગારી મળી એમાં ખાનગી ક્ષેત્રમાં ૨૪૩૫૨ લોકોને રોજગારી મળી છે. ૨૫૦૦૦માંથી ૨૪૦૦૦ તો ખાનગી ક્ષેત્રમાં રોજગારી મળી એટલે કેન્દ્ર સરકારને લોકલ બોડી ઉપર આધાર રાખવો પડતો હતો એના બદલે બેરોજગારોને ખાનગી ક્ષેત્રમાં એટલી જ રોજગારી મળી છે એમાં અનુસૂચિત જાતિના ૨૭૭૯ લોકોને રોજગારી મળી, બક્ષીપંચના લોકોને ૩૯૦૨ લોકોને રોજગારી મળી અને અન્ય ૧૮૯૧૧ લોકોને રોજગારી મળી આ પ્રમાણે જે રોજગારી છે એ શિક્ષિત અને અર્ધશિક્ષિત લોકોને મળેલ છે.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૪૫૨૫૪ એમ્પ્લોમેન્ટમાં નોંધાયેલા હતા એમાંથી ૨૫૯૧૫ લોકોને રોજગારી મળી, જિલ્લાના ૨૬૦૦૦ લોકોને રોજગારી મળી છે પણ એમ્પ્લોમેન્ટમાં નોંધાયેલા છે એવા લોકો છે પણ જે લોકોની ડાયરેકટ ભરતી થઈ છે એવા લાખો લોકો આ જિલ્લામાં રોજગારી મેળવી રહ્યા છે તો વાઈબ્રન્ટ સમિટ થઈ એના કારણે સરખેજથી બાવળા, બગોદરા, સાણંદ સુધી રોડ ઉપર પાટિયા દેખાતા નથી ગામના નામના કે કયું ગામ આવીને જતું રહ્યું એ ગામ જતું રહે પછી ખબર પડે છે. (અંતરાય) આ વિસ્તારમાં પહેલાના લોકો એમ્પ્લોમેન્ટમાં નામ નોંધાવતા અને વર્ષો સુધી રીન્યુ કરાવતા.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : અને બહુ લાંબી યાદી હતી. પચીસ હજાર લોકોને, છવ્વીસ હજાર લોકોને રોજગારી મળી છે એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આ જે બેરોજગારો છે એમાં બાવળા, ધોળકા, સાણંદ અને દસક્રોઈ તાલુકાના લોકોને કેટલી રોજગારી મળી છે એ જાણવા માગું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી મેળવવા માટે બે પદ્ધતિ છે ગુજરાતની અંદર. એક એમ્પલોમેન્ટ એકસચેન્જની અંદર નોંધાયેલા લોકો છે એ રીતે પણ ગ્રામ વિસ્તારમાં જે લોકો ત્રણ ધોરણ, પાંચ ધોરણ, સાત ધોરણ ભણેલા હોય એને રોજગારી મેળવવામાં મુશ્કેલી પડતી હતી એની મુસીબતોનું નિરાકરણ કરવા માટે ગયા વર્ષના બજેટની અંદર આ ચાલુ વર્ષમાં ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો આપણે કર્યા જેના કારણે ગામડાંની અંદર ઓછું ભણેલા લોકોને રોજગારી મળે છે. એને ઈલેકટ્રીકલનો કોર્ષ કરવા મળે, એને રીવાઈન્ડીંગનો કોર્ષ કરવા મળે, એને સુથારી કામનો કોર્ષ કરવા મળે, એને લુહારી કામનો કોર્ષ કરવા મળે, બહેનોને બ્યુટી પાર્લર, રસોઈ માટેના સાધનો મળે, ભરત ગુંથણ માટેની ટ્રેનિંગ મળે. ગ્રામ વિસ્તારમાં રોજગારી આ રીતે મળે છે. મને આનંદ થાય છે. મારી પાર્ટીના બે સુત્રો છે. " હર ખેત કો પાની અને હર હાથ કો કામ" (અંતરાય) પછી તમને કામ આપું હું પહેલા આ વાત કરી લઉં. આ પ્રમાણે આજે કૃષિ ક્ષેત્રમાં વધુમાં વધુ સિંચાઈ પાછળ પૈસા આ ગુજરાત રાજયના બજેટમાં છે અને ગુજરાત રાજયની અંદર એક પણ યુવાન અને ખાસ કરીને મહિલાઓ કે બહેનો બેકાર ન રહે એટલા માટે અમે આઈ.ટી. આઈ.માં મહિલા વિભાગ પણ કર્યો છે અને કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં બહેનોની ભરતી કરી છે. મને કહેતા આનંદ થાય છે અમારા ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં ૪૬ટકા બહેનો ટ્રેનિંગ લેવા માટે આવે છે રોજગારી નાબૂદ કરવા માટે થઈને અને માનનીય સભ્યશ્રીએ જે એમના તાલુકા માટેની વાત કરી તો હું કહીશ કે દસક્રોઈ તાલુકાની અંદર ૩૪૨ લોકોને રોજગારી મળી છે, ધોળકામાં ૨૫૧ને રોજગારી મળી, બાવળામાં ૧૩૦ને રોજગારી મળી, ધંધુકામાં ૨૯૪ને રોજગારી મળી, રાણપુરમાં ૫૧ અને બરવાળામાં ૪૯ લોકોને રોજગારી મળી. સાણંદમાં ૪૧૭ ને રોજગારી મળી. વીરમગામમાં ૧૯૯ લોકોને, માંડલમાં ૪૨ લોકોને, દેત્રોજમાં ૩૬ લોકોને રોજગારી મળી. સિટી વિસ્તારમાં જે સામાન્ય કહેવાય કે શહેરી ગરીબો માટે થઈને બેકારો માટે સિટીમાં ૨૪૧૦૪ લોકોને ૨૫૯૦૦ માંથી રોજગારી મળી છે. આ રીતે ૨૫૯૧૫ લોકોને તાલુકા અને સિટીમાં રોજગારી આપવામાં આવેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રી પાસેથી અમદાવાદ જિલ્લાની સાણંદ તાલુકાનો રોજગારી માટેનો મારો પ્રશ્ન છે. સાણંદ ઔદ્યોગિક કેન્દ્ર છે. અને આમાં મહત્ત્વાકાંક્ષી પ્રોજૅકટ એમાં ટાટા મોટર્સ પણ આવેલ છે અને એને ગુજરાત સરકારે નાણાકીય ભાર વેઠીને પણ એમને ૪૦ વર્ષે ભરવી પડે તેવી વગર વ્યાજની લોન પણ આપેલ છે. જમીન પણ આપેલ છે. મારે મંત્રીશ્રીને આપના મારફત એટલું પૂછવું છે કે આ નેનો મોટર્સમાં એમને પૅકેજ આપવા છતાં એમને ૮૦ ટકા સ્થાનિક રોજગારીમાંથી મુકિત આપેલ છે કે કેમ? અને આપે જે અત્યારે રોજગારી બતાવી એમાંથી આ નેનો મોટર્સમાં કેટલા લોકોને રોજગારી આપવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા** : નેનો મારી સાથે લાગુ ન પડે. એ ઉદ્યોગ ખાતામાં જાય. તમે બીજા ખાતાનો પ્રશ્ન પૂછ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રોજગારીનો પ્રશ્ન છે.

**શ્રી વજુભાઈ વાળા** : ઉદ્યોગ ખાતાનો છે. ઉદ્યોગ ખાતું સહાયતા આપે એમાં કેટલા ટકા રોજગારી આપવી. મારો સવાલ છે જ નહીં. મારો શ્રમ રોજગારને માટે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો રોજગારીનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન રોજગારીનો છે. બીજો પ્રશ્ન ઘણાં બધાં કામ આપવાની અહીયા વાત કરી કે તમને કામ પછી આપીશું. બહેનોને આટલું પહેલા કરીએ છીએ. ગુજરાતની બહેનોને કેવું મહત્વ અપાય છે એની મને ખબર નથી. પણ દિલ્હીથી આવેલ બહેન સાથે ફોટા પડાવવામાં ૨૯,૦૦૦ કરોડ લઈ જાય છે. દિલ્હીથી બહેન આવે છે એમાં ૨૯,૦૦૦ કરોડનું નુકસાન જાય છે.

**શ્રી વજુભાઈ વાળા** : તમારો પ્રશ્ન હોય એ પૂછોને?

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી આપ જવાબ આપો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન નેનો મોટર્સમાં કેટલી રોજગારી આપી અને ૮૦ ટકા રોજગારી ફરજિયાત આપવી પડે જે રાજ્યમાંથી લાભો લેતા હોય એમાંથી મુકિત આપવામાં આવી છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગનો ઠરાવ છે. જે કોઈ ઉદ્યોગ રાજય સરકારની અંદરથી બેનીફિટ લેતા હોય એવા લોકોને ૮૫ ટકા સ્થાનિક રોજગારી અને ૧૫ ટકા બાકીનાને રોજગારી અપાય એના માટેનો ઠરાવ છે. છતા નેનો માટે થઈને જેમ ગાડીમાં પેટ્રોલ રેડાય તેમ (અંતરાય)એની મને ખબર નથી. (અંતરાય) એનો જવાબ આપું છું. સાંભળો. નેનો પ્રોજૅકટમાં ૨૫૪૯ લોકો છે. ૨૫૪૯ લોકોને રોજગારી જે કુલ આપી એમાં સ્થાનિક ૧૯૫૪ લોકોને આપી. બીનસ્થાનિક ૫૯૫ ને આપી. સ્થાનિક વાળાને આ રીતે આપેલી છે.

## સુરત જિલ્લામાં વેટની થયેલ આવક

*** ૧૮૧૧૮શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સુરત જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલ્સટેકસ/વેટની કેટલી આવક થઈ

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે અને

(૩) બાકી રકમ વસૂલ કરવા શાં પગલાં લેવામાં આવ્યાં છે?

**નાણામંત્રીશ્રી :**

(૧) રૂા.૩૦૫૪.૪૩ કરોડ (ગ્રૉસ) (પ્રોવિઝનલ)

(૨) રૂા.૭૭૫.૯૪ કરોડ

(૩) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સેલ્સ ટેક્સ અને વેટની રૂા.૭૭૫.૯૪ કરોડ જેટલી માતબર રકમ કેટલી પાર્ટીઓ પાસેથી વસૂલ કરવાની બાકી છે અને મારો બીજો પ્રશ્ન કે આટલી મોટી રકમ બાકી હોય તેવી કેટલી પાર્ટીઓ છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કુલ ૭૭૫.૯૪ કરોડ રૂપિયાની બાકી રકમ છે તે ૭૪૩ પાર્ટી પાસેની છે. આ જે રકમ બાકી છે તેમાં ૬૬૯.૬૨ છે તે મનાઈ હુકમ ત્રણ પાર્ટીનો છે તેની બાકી છે અને બીજી ૭૪૦ જે પાર્ટીઓ છે તેની પાસેથી તો ફક્ત ૬.૩૨ કરોડ બાકી છે. આ પ્રમાણે ૭૭૫.૯૪ કરોડ જે બાકી છે તેની અંદર જે ત્રણ લોકોને સ્ટે છે તેની અંદર ઓ.એન.જી.સી. છે તેનું આકારણી વર્ષ ૨૦૦૪-૦૫ની અંદર ૧૮/૧/૧૦ના રોજ આકારણી કરી અને તેની પાસેથી બાકી રકમ નીકળે છે ૨૮૨.૨૬ કરોડ નીકળે છે અને બીજા વર્ષની એટલે કે ૨૦૦૫-૦૬ની આકારણી તા.૨૩/૩/૧૦ના રોજ કરી અને તેની અંદર ૪૮૭.૨૯ કરોડ બાકી નીકળે છે અને મોહિત ઈન્ડસ્ટ્રીઝ પાસે ફક્ત ૬ લાખ બાકી નીકળે છે. આમ આ ત્રણ પાર્ટીઓનો સ્ટે છે. ઓ.એન.જી.સી. અને રાજય સરકારનો ડીસ્પ્યુટસ ચાલે છે. ઓ.એન.જી.સી. આઈ.ઓ.સી.ને જે માલ આપે તેનું બિલ બનાવીને આપે અને પછી તેની અંદર રિબેટ આપે છે. તે રિબેટ આપે કે ડિસ્કાઉન્ટ આપે છે તેના ઉપર પણ ટેક્સ લાગે તેવું આપણે કહીએ છીએ. ખરેખર જે વેચાણ થયું હોય તેના ઉપર ટેક્સ લાગે. તેને તમે રિબેટ આપો ન આપો, શું સગવડતા આપવી તે વાત જુદી છે. એટલે આ ડીસ્પ્યુટસના કારણે ઓ.એન.જી.સી. પાસે આ પ્રમાણેની રકમ બાકી છે. આમાં ઓ.એન.જી.સી.ના ૨૮૨ અને ૪૮૭ કરોડ એટલે ૭૭૫ કરોડની અંદર મોટી રકમમાંથી ફક્ત છ લાખ બાદ કરી નાંખીએ એટલે ૭૬૯ કરોડ ઓ.એન.જી.સી. પાસે બાકી છે. આમ ૭૪૦ લોકો પાસેથી ફક્ત ૬ કરોડ ૩૨ લાખ વસૂલ કરવાના બાકી છે.

## વડીયા ખાતે આઈ.ટી.આઈ.ના મકાન અંગે

***૧૮૩૭૨ શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) અમરેલી જિલ્લાના વડીયા ખાતે આઈ.ટી.આઈ.નું બિલ્ડીંગ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) આઈ.ટી.આઈ.નું બિલ્ડીંગ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) બિલ્ડીંગ હજુ સુધી મંજૂર થયેલ નથી.

(૨) બિલ્ડીંગ માટે જમીન મળેલ છે અને બિલ્ડીંગ બાંધવા માટે સને ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં જોગવાઈ કરાવવામાં આવેલ છે.

(૩) સને ૨૦૧૧-૧૨માં શરૂ કરી વહેલી તકે પૂરું કરવામાં આવશે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડીયા ખાતે આઈ.ટી.આઈ.ના બિલ્ડીંગ માટે ૨૦૧૧-૧૨ના બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે તો બજેટની અંદર જે સમાવેશ કર્યો છે તેમાં કેટલી રકમનો સમાવેશ કર્યો છે? અને બિલ્ડીંગનો અંદાજિત ખર્ચ કેટલો થશે અને કેટલા ટાઈમમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે વડીયા ખાતે આઈ.ટી.આઈ. હતી તે ભાડાના મકાનમાં બેસતું હતું. સવાલ છે કે ભાડાના મકાનને બદલે પોતાનું મકાન કરવા માગો છો કે નહીં? વડીયા અને કુકાવાવ, કુકાવાવાની અંદર મકાન હતું અને વડીયામાં ન હતું. વડીયામાં જે છે તેમાં ૫ એકર જમીન કલેકટરે સંપાદન કરી દીધી છે. ૧૫૦૦ ચો.મી.નું બાંધકામ કરવામાં આવશે. તેમાં ૭ વર્કશોપ હશે અને ૭ થિયરી રૂમ હશે. વહિવટી મકાન હશે. આના માટે ખર્ચ ૩ કરોડનો થશે. ચાલુ વર્ષની અંદર તેમાંની અમૂક રકમ જે પ્રમાણે બાંધકામ વિભાગ આ ૧૫૦૦ ચો.મી. કામ કરી શકે તેના પ્રોરેટા પ્રમાણે ફાળવણી કરવામાં આવશે. પરંતુ વહેલામાં વહેલી તકે આ મકાન શરૂ થાય અને પૂર્ણ થાય તેના માટે કરેલ છે. નકશા અને અંદાજો બે ત્રણ મહિનાની અંદર..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ફક્ત એમાઉન્ટ કહે એટલે પ્રશ્ન પૂરો થાય. જે ત્રણ કરોડ રૂપિયા ફાળવ્યા છે તેમાંથી આ વર્ષે કેટલા ફાળવવામાં આવ્યા છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ત્રણ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેમાંથી આ વર્ષે એક કરોડ રૂપિયા ફાળવ્યા છે. મકાનની ઝડપ થશે તો આ વર્ષે વધુ રકમ ફાળવીને આ રકમ વહેલી તકે પૂરું થાય તેના માટે કટિબદ્ધ છીએ.

## પંચમહાલ જિલ્લામાં વેટની આવક

***૧૮૧૨૦ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) પંચમહાલ જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ,

(૨) હજુ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા શાં પગલાં લેવામાં આવ્યા છે?

**નાણાં મંત્રીશ્રી :**

(૧) રૂા.૧૮૯.૧૪ કરોડ(ગ્રોસ)(પ્રોવિઝનલ)

(૨) ૧૩.૬૧ કરોડ

(૩) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી દ્વારા જાણવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં રૂા. ૧૩.૬૧ કરોડ જેટલી રકમ પાર્ટીઓ પાસેથી લેવાની બાકી છે, આ બાકી લેવાની રક્મ કઈ કઈ પાર્ટીઓની છે? કેટલા સમયથી બાકી છે? અને આવી કોઈ પાર્ટીઓ કોર્ટમાં ગયેલ છે કે કેમ અને એ કોર્ટમાં ગયા પછી આજની સ્થિતિ શું છે? એ માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાની અંદરનો આ એક જ વર્ષનો સવાલ છે, ૨૦૧૦ની અંદર જે પાર્ટીઓ હતી એમાં ૨૦૧૦માં ૨૨૪૯ જે કેસ થયા એટલે પાર્ટીઓ હતી એમાંથી ૨૨૧૦ છે એની વસૂલાત થઈ ગઈ, અને ૨૩૯ લોકો હતા એની વસૂલાત બાકી છે એટલે કુલ ૨૪૪૯ કેસોમાંથી ૨૨૧૦ની વસૂલાત તો ઓલરેડી થઈ ગઈ છે અને જે ૨૩૯ પાર્ટી છે એની પાસે લેણું ૧૩.૬૧ કરોડ રૂપિયાનું છે આ ૧૩.૬૧ કરોડ રૂપિયાનું લેણું એ ૨૩૯ પાર્ટીમાંથી મનાઈહુકમ બે પાર્ટીના છે, ધંધો બંધ કે લાપત્તા હોય એવી બે પાર્ટી છે અને વસૂલાતની જેની કાર્યવાહી ચાલુ હોય એવી ૨૩૫ પાર્ટી છે એટલે મનાઈહુકમ જેની પાસે છે એની પાસે બહુ, બે પાર્ટી પાસે ૩૯,૦૨,૮૮૪ રકમ છે અને ધંધો બંધ કે લાપત્તા હોય એની પાસેથી પણ ૩૯,૩૬,૨૬૪ રૂપિયા બાકી છે પણ વસૂલાતની કાર્યવાહી જેની સામે ચાલુ છે એવી ૨૩૫ પાર્ટી પાસેથી ૧૨,૮૨,૩૩,૩૫૦ બાકી રકમ વસૂલ કરવાની બાકી છે એટલે જેની પાસેથી એવી મોટી પાર્ટી હોય કે જેની પાસેથી ૫૦ લાખ કરતાં વધુ રકમ વસૂલ કરવાની બાકી હોય એવી કોઈ પાર્ટી નથી એટલે જે પાર્ટીઓ છે એ ૨૩૫ પાર્ટીઓ છે ૧૨,૮૨,૩૩,૩૫૦ રકમ છે એ વસૂલ કરવાની બાકી છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પાર્ટીઓ પાસેથી બાકી છે એવી કઈ કઈ પાર્ટીઓના બાકી છે એવી પાર્ટીઓના નામ માનનીય મંત્રીશ્રી આપી શકતા હોય તો જણાવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૩૫ પાર્ટીઓ છે હું એકેએક પાર્ટીની વાત કરી દઉં, સવા પાંચ વાગ્યા સુધીમાં વંચાઈ જશે. એટલે જો આપશ્રી રજા આપતા હોવ તો..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી આપણે કોઈ ધાર્મિક ટ્રસ્ટ- મંદિરમાંથી પૈસા લીધેલા છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

## જાહેર દેવાની ચૂકવેલ પરત રકમ

*** ૧૮૧૩૧ શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ)** : **માનનીય નાણાંમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ રાજયનું કુલ દેવુ કેટલું છે?

(૨) રાજય સરકારે આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ જાહેર દેવાની કેટલી રકમો કોને કોને પરત કરી, અને

(૨) આ સ્થિતિએ જે તે સંસ્થાઓની કેટલી રકમ દેવા પેટે ચૂકવવાની બાકી છે?

**નાણાં મંત્રીશ્રી :**

(૧) કુલ દેવુ રૂા. ૧૦૯૨૭૩ કરોડ (અંદાજિત).

(૨) (રૂા. કરોડમાં)

| સંસ્થા | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (૩૧-૧-૧૧ની સ્થિતિએ અંદાજિત) |
|---|---|---|
| સંસ્થાગત લોન | ૫૨૦ | ૪૬૯ |
| બજાર લોન | ૧૦૯૨ | ૭૨૫ |
| નાની બચત લોન | ૧૦૬૯ | ૧૨૪૦ |
| કેન્દ્ર સરકારની લોન | ૫૬૪ | ૪૯૫ |

(૩)

**( રૂા. કરોડમાં)**

| સંસ્થા | રકમ |
|---|---|
| સંસ્થાગત લોન | ૪૧૩૫ |
| બજાર લોન | ૪૪૧૬૦ |
| નાની બચત લોન | ૫૧૫૨૩ |
| કેન્દ્ર સરકારની લોન | ૯૪૫૫ |

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જે રીતે આપ્યું છે કે, રાજયનું દેવુ રૂા. ૧૦૯૨૭૩ કરોડ છે એમાં જે બજાર લોન છે એ લગભગ ૪૪૧૬૦ કરોડ રૂપિયા છે એટલે લગભગ દેવાના ચાલીસ ટકા જેટલી રકમ આપણે બજારમાંથી લીધેલી છે અને જે પરત કરવાની આજની તારીખે બાકી છે, તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કઈ કઈ સંસ્થાઓ પાસેથી કેટલી રકમ અને કયા હેતુ માટે લોન લેવામાં આવી છે અને રાજયના કોઈ ધાર્મિક ટ્રસ્ટ પાસેથી આપણે કોઈ લોન લીધેલ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** માનનીય અધ્યક્ષશ્રી, જે લોન લેવામાં આવે એ લોન લેતાં પહેલાં આપણે આયોજન પંચને કહેવું પડે, કેન્દ્ર સરકારને કહેવું પડે, અને કયા હેતુ માટે લોન લેવાય છે એ પણ કહેવું પડે ત્યાર પછી આયોજન પંચ અને કેન્દ્ર સરકાર નકકી કરે એ જ કરજ લઈ શકીએ અને સામાન્ય રીતે આપની વાત સાચી કે જે પ્રમાણે ચાલીસ ટકા જે છે એ બજાર લોન છે, એમ નાની બચત લોન પણ ૫૧૫૨૩ કરોડ રૂપિયા બાકી છે. એટલે આ જે લોન આવે છે ને, એ આટલા વખતની અંદર જુદા જુદા લોકો પાસેથી જ લોન લેવાતી, પણ દેવાની અંદર હવે એ રીતે પહેલાં જે માર્કેટ લોન છે એ જુદા જુદા પાસેથી લેતા હતા એના બદલે કેન્દ્ર સરકાર આપણને જે પાર્ટી ગોતી આપે એની પાસેથી લઈએ, પાર્ટી પસંદ કરવાની સત્તા પણ આપણને નથી, એટલે આ જે કરી દે છે એ આપણા વતી માર્કેટમાંથી બોરો કરવાનું કામ એ રિઝર્વ બેંક તરીકે , આયોજન પંચને આપણે અરજી કરીએ, કેન્દ્ર સરકાર એને મંજૂરી આપી, આપણા વતી રીઝર્વ બેન્ક માર્કેટ લોન માટે થઈને એ એની જાહેરાત બહાર પાડે કે ગુજરાત રાજયને આટલા રૂપિયાની જરૂર છે એ પ્રમાણે એની પાર્ટીઓ આપતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલુ જ કહેવાનું કે માનનીય સભ્યશ્રીઓએ પહેલા પ્રશ્નની અંદર જ જે ચિંતા વ્યકત કરી હતી કે બહુ કરજ છે, બહુ કરજ છે એટલું લાગતું હોય તો એવું નથી. કેન્દ્ર સરકારે પણ ગુજરાત રાજયનું એપ્રિસિએશન કર્યું છે અને એ એપ્રિસિએશનની અંદર દેવાની આપણે વખતસર ચૂકવણી કરીએ છીએ એના કારણે એ દેવાની તબદીલી માટે થઈને આપણને અત્યાર સુધીમાં ૯૯૦ કરોડનો કેન્દ્ર સરકારે ઘટાડો કરી દીધો છે. પછી લોનોનું એકત્રિકરણ, જુદા જુદા વ્યાજની જે લોનો હતી એ તમામ લોનોનું એકત્રિકરણ કરી ડેબ્ટ કોન્સોલીડેશન કરી અને ૧૬૧૦ કરોડનો ઘટાડાનો આપણને લાભ આપ્યો છે અને એજ પ્રમાણે દેવા નાબૂદી છે ડેબ્ટ વેવર એ નાણાકીય સંચાલન અને વ્યવસ્થાપન સારું હોય એને માટે કેન્દ્ર સરકાર જ આ કરી દે છે એમાં ૨૨૬૨ કરોડનું દેવું આપણું નાબૂદ કર્યું છે. આ રીતે આપણે જોઈએ તો લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયા આપણી નાણાકીય સારી વ્યવસ્થાના કારણે આપણને આ કેન્દ્ર સરકાર તરફથી લાભ મળ્યા છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે, કઈ સંસ્થા પાસેથી કયા હેતુ માટે કેટલી રકમ લીધી? અને ગુજરાતના કોઈ ધાર્મિક સ્થળ પાસેથી આપણે લોન લીધી છે કે કેમ?

| (૨) માથાદીઠ દેવું કેટલું છે? | (૨) વર્ષ ૨૦૦૯-૧૦નું માથાદીઠ દેવું રૂા. ૧૭૦૬૫/- (અંદાજીત) અને ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ માથાદીઠ દેવું રૂા. ૧૮૭૬૫/- (અંદાજીત) છે. |

**દાહોદ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને આપેલ રોજગારી**

૧૮૪૪૫ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કુલ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, | (૧) ૧૯૬૫૮. |
| (૨) આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી થઈ, અને | (૨) ૫૨૮૫. |
| (૩) તે પૈકી કેટલાને રોજગારી આપવામાં આવી? | (૩) ૪૭૭. |

૨૪૧/page> **રાજ્ય સરકારનું જાહેર દેવું**

૧૮૩૮૦ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા)** : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારનું વર્ષ ૨૦૦૯ અંતિતનું જાહેર દેવું કેટલું છે, અને | (૧) ₹ ૮૭૦૧૦ કરોડ. |
| (૨) વર્ષ ૨૦૧૦નું જાહેર દેવું કેટલું છે? | (૨) ₹ ૯૮૦૦૯ કરોડ. |

---------

**બાળ મજૂરોના પુનઃ વસન પાછળ કરેલ ખર્ચ**

૧૮૧૩૨ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બાળ મજૂર સમસ્યાના નિવારણ પુનઃવસન માટે | કેન્દ્ર સરકાર દ્વારા નવ જિલ્લાઓમાં ક્લેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ કાર્યરત નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ |

કેન્દ્ર સરકાર અને યુનિસેફ ધ્વારા કેટલી સહાય/ગ્રાન્ટ મળી ?

સોસાયટીઓને કુલ રૂા.૩,૭૭,૫૮,૪૯૫/-ની ગ્રાન્ટ મળેલ છે.

યુનિસેફ દ્વારા કોઈ ગ્રાન્ટ મળેલ નથી પરંતુ નીચે મુજબ સાધન સહાય મળેલ છે.

૧. ફોટો કોપીયર (ટોનર સાથે) નંગ-૫
૨. ડેસ્ક ટોપ કોમ્પ્યુટર-૫ પ્રિન્ટર-૫
૩. સ્કોર્પિયો વાહન-૮

--------

## ખેડા અને આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ

૧૭૫૨૮ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

(૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલાને તેના લાભો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ |
|---|---|---|
| ખેડા | ૧૧૪ | ૩૯૧ |
| આણંદ | ૧૮૧ | ૭૧૨ |

(૨)

| જિલ્લાનું નામ | વર્ષ | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ |
|---|---|---|---|
| ખેડા | ૨૦૦૯ | ૬૦ | ૧૬૦ |
| | ૨૦૧૦ | ૪૯ | ૧૫૭ |
| આણંદ | ૨૦૦૯ | ૮૯ | ૩૪૪ |
| | ૨૦૧૦ | ૮૯ | ૩૧૮ |

## ગાંધીનગર જિલ્લામાં વેટની થયેલ આવક

૧૮૬૧૩ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) રૂા. ૬૩૯.૪૮ કરોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ)

(૨) રૂા. ૨૦.૦૫ કરોડ

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

## કચ્છ જિલ્લામાં ઓવરલોડ વાહનો પાસેથી વસુલ લીધેલ દંડનીય રકમ

૧૮૩૫૮ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગત વર્ષમાં કચ્છ જિલ્લામાં ઓવરલોડ સબબે નિયમ અનુસાર પરિવહનનો ભંગ કરતા વાહનો આર.ટી.ઓ. દ્વારા રોકવામાં કે જપ્ત કરવાની દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કચ્છ જિલ્લામાં કેટલાક ઓદ્યોગિક એકમો દ્વારા નિયમ અનુસાર લોડ પરિવહન કરવાના ધોરણો કરતાં વધુ લોડ ભરવાનાં કિસ્સાઓ આ કાર્યવાહીમાં પૂરવાર થયા હોય તો આવા એકમો સામે કોઈ દંડનીય કાર્યવાહી કરવામાં આવી હોય તો વિગત શી છે, અને

(૩) આ સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં ઓવરલોડ

**જવાબ**

(૧) હા.

(૨) આવા પ્રકારના કિસ્સાઓમાં વધુ લોડ ભરવાના કારણોસર કચ્છ જિલ્લામાં ૮૧ વાહનોનું રજીસ્ટ્રેશન ૩૦ દિવસ માટે મોકુફ કરવામાં આવેલ છે.

(૩) કચ્છ જિલ્લામાં ગત ત્રણ વર્ષમાં ઓવરલોડ

વહન કરતા વાહનોના માલીકો પાસેથી દંડની કેટલી રકમ વર્ષવાર વસુલ કરવામાં આવી ?

વહન કરતા વાહનોનાં માલિકો પાસેથી નીચે દર્શાવ્યા મુજબ દંડની રકમ વસુલ કરવામાં આવેલ છે.

| વર્ષ | કેસો | વસુલ કરેલ દંડની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૮ | ૧,૦૩,૩૫૯ | ૧૪.૨૭ |
| ૨૦૦૯ | ૮૬,૨૭૬ | ૧૦.૮૫ |
| ૨૦૧૦ | ૫૯,૯૭૨ | ૭.૭૯ |

---------

**ભરૂચ જિલ્લામાં વેટની થયેલ આવક**

૧૮૬૨૧ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ)** : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની આવક કેટલી થઈ,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૮૯૭.૮૯ ક્રોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ)

(૨) રૂા. ૧૧.૪૪ ક્રોડ

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

----------

**ભાવનગર જિલ્લામાં વેટની થયેલ આવક**

૧૮૬૦૪ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) રૂા. ૫૪૨.૦૭ ક્રોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ)

(૨) રૂા. ૪૫.૩૪ ક્રોડ.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

--------

**નાણા વિભાગમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૭૫૧૭ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નાણા વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ સંવર્ગવાર કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આવી જગ્યાઓ સત્વરે ભરવામાં નથી આવી તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) કુલ : ૩૭૨
સંવર્ગવાર વિગતો પરિશિષ્ટ-૧માં દર્શાવેલ છે.

(૨) કુલ : ૧૨૧
સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો સામેલ પરિશિષ્ટ-૨માં દર્શાવેલ છે.

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગતિમાં છે.

## પરિશિષ્ટ-૧

| ક્રમ | સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ (નાણા વિભાગ ખુદ) | મંજૂર થયેલ જગ્યા |
|---|---|---|
| ૧. | અધિક મુખ્ય સચિવશ્રી, (નાણા) | ૦૧ |
| ૨. | અગ્ર સચિવશ્રી (ખર્ચ) | ૦૧ |
| ૩. | અગ્ર સચિવશ્રી (આર્થિક બાબતો) | ૦૧ |
| ૪. | સચિવશ્રી (જાહેર સાહસ બ્યુરો) | ૦૧ |
| ૫. | અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/નાણા સલાહકારશ્રી | ૧૪ |
| ૬. | નિયામકશ્રી (સંસ્થાગત વિત્ત) અને હોદ્દાની રૂએ અધિક સચિવ | ૦૧ |
| ૭. | ખાસ ફરજ પરના અધિકારી (જાહેર સાહસ બ્યુરો) | ૦૧ |
| ૮. | ખાસ ફરજ પરના અધિકારી અને નાયબ સચિવ (આર્થિક બાબતો) | ૦૧ |
| ૯. | ઉપ સચિવ | ૧૧ |
| ૧૦. | કાયદા અધિકારી | ૦૧ |
| ૧૧ | હિસાબી અધિકારી, વર્ગ-૧ | ૦૨ |
| ૧૨ | ડિવિઝનલ એકાઉન્ટન્ટ ગ્રેડ-૧ | ૦૧ |
| ૧૩ | સેક્શન અધિકારી | ૫૧ |
| ૧૪ | નાયબ સેક્શન અધિકારી | ૧૩૮ |
| ૧૫ | સીનીયર સબ ઓડિટર | ૦૧ |
| ૧૬ | કારકુન | ૩૬ |
| ૧૭ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૧૨ |
| ૧૮ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૦૭ |
| ૧૯ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૦૪ |
| ૨૦ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૦૮ |
| ૨૧ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૩ | ૦૨ |
| ૨૨ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧ | ૦૩ |
| ૨૩ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૦૬ |
| ૨૪ | ડ્રાઈવર | ૦૯ |
| ૨૫ | હવાલદાર | ૦૩ |
| ૨૬ | નાયક | ૦૬ |
| ૨૭ | પટાવાળા | ૪૫ |
| ૨૮. | હમાલ | ૦૫ |
| | **કુલ** | **૩૭૨** |

## પરિશિષ્ટ-૨

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગત | | | |
|---|---|---|---|---|---|
| | | એક વર્ષથી ઓછા સમયથી ખાલી | એક વર્ષથી વધુ પરંતુ બે વર્ષથી ઓછા સમયથી ખાલી | બે વર્ષથી વધુ પરંતુ ત્રણ વર્ષથી વધુ સમયથી ખાલી | ત્રણ વર્ષથી વધુ સમયથી ખાલી |
| નાયબ સચિવ | ૦૧ | ૦૧ | - | - | - |
| ઉપ સચિવ | ૦૭ | ૦૪ | ૦૩ | - | - |
| સેક્શન અધિકારી | ૧૭ | ૧૩ | ૦૪ | - | - |
| નાયબ સેક્શન અધિકારી | ૪૫ | ૨૦ | ૧૧ | ૦૮ | ૦૬ |
| કારકૂન | ૦૭ | ૦૭ | - | - | - |
| ગુજરાતી ટાઈપીસ્ટ | ૦૮ | ૦૫ | ૦૨ | - | ૦૧ |
| અંગ્રેજી ટાઈપીસ્ટ | ૦૨ | ૦૧ | - | ૦૧ | - |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૩ | ૦૧ | - | - | - | ૦૧ |
| અંગ્રેજી સ્ટેનોગ્રેડ-૧ | ૦૧ | - | ૦૧ | - | - |
| અંગ્રેજી સ્ટેનોગ્રેડ-૨ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૧ | - |
| ડ્રાઈવર | ૦૧ | - | ૦૧ | - | - |
| હવાલદાર | ૦૨ | - | -- | - | ૦૨ |
| નાયક | ૦૪ | - | ૦૧ | ૦૨ | ૦૧ |
| પટાવાળા | ૨૦ | ૦૧ | ૦૧ | - | ૧૮ |
| હમાલ | ૦૧ | - | - | - | ૦૧ |
| **કુલ :-** | **૧૨૧** | **૫૩** | **૨૬** | **૧૨** | **૩૦** |

---------

## રાજકોટ જિલ્લામાં કરેલ સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે

૧૮૩૧૧ **: શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૧૦ના વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૩. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવ્યું ? | (૨) ૧૯૬૧. |

## ગારીયાધાર તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવા અંગે

૧૭૭૦૪ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકામાં એકપણ સરકારી આઈ.ટી.આઈ. નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. તારીખ ૩૦-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકામાં ગારીયાધાર ખાતે-૦૧ સરકારી ઓદ્યોગિક તાલીમ સંસ્થા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૦૩-૧૨-૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : તલમ-૧૨૨૦૧૦-૬૨૩૧૯૦/૨(૨)થી મંજૂર થયેલ છે. |
| (૨) જો હા, તો આ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ? | (૨) સદર સંસ્થાની આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થયેથી ઓગસ્ટ-૨૦૧૧થી શરૂ કરવામાં આવનાર છે. |

---------

## તાપી જિલ્લામાં નવા છાત્રાલયો શરૂ કરવા કરેલ આયોજન

૧૭૫૨૦ : **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના કેટલા કન્યા/કુમાર છાત્રાલયો આવેલા છે, અને | (૧) **બક્ષીપંચના છાત્રાલયો**<br>નિઝર તાલુકામાં એક કુમાર ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય આવેલ છે.<br>**અનુસુચિત જાતિના છાત્રાલયો**<br>વ્યારા તાલુકામાં એક કન્યા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય આવેલ છે. |
| (૨) વધુ નવા છાત્રાલયો શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) નવા છાત્રાલયો શરૂ કરવા હાલમાં કોઈ આયોજન નથી. |

---------

## ૨૪૫/page> રાષ્ટ્રીય કક્ષાએ રમતગમતમાં ભાગ લીધલ ખેલાડીઓ

૧૮૩૪૭ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા)** : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ રમતગમતોમાં ભાગ લેવા ખેલાડીઓને મોકલવામાં આવે છે કે કેમ, અને | (૧) જી, હા. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ કેટલા ખેલાડીઓને ભાગ લેવા મોકલવામાં આવ્યા ? | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાગ લેનાર ખેલાડીઓની સંખ્યા નીચે મુજબ છે. |

| | તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિ. | ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિ. |
|---|---|---|
| ભાઈઓ | ૬૭૬ | ૮૮૩ |
| બહેનો | ૫૮૦ | ૬૯૦ |
| **કુલ** | **૧૨૫૬** | **૧૫૭૩** |

--------

## કચ્છ જિલ્લામાં વેટની થયેલ આવક

૧૮૬૦૮ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ, | (૧) રૂા. ૭૫૨.૩૦ કરોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ) |
| (૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) રૂા. ૮૦.૭૮ કરોડ |

(૩) બાકી રકમ વસૂલ કરવા સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં માનવગરીમા યોજનાની મળેલ અરજીઓ

૧૮૩૮૭ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૯૮૦. |
| (૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૮૪. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી અરજીઓ પડતર છે ? | (૩) નામંજૂર ૧૯૬. |

---------

## રાજ્ય સરકારનું આંતરિક અને બાહ્ય દેવું

૧૭૪૩૪ **: શ્રી જેઠાજી ઠાકોર (વાગડોદ)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારનું આંતરિક અને બાહ્ય દેવું કેટલું છે, અને

(૧) આંતરિક દેવું ₹ ૯૮૮૩૨ કરોડ (અંદાજીત) બાહ્ય દેવું--શૂન્ય.

(૨) સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ દેવા ઉપર કેટલી રકમનું વ્યાજ ચૂકવવામાં આવ્યું ?

(૨) (₹ કરોડમાં)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૬૮૮૨ |
| ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અંદાજીત) | ૫૫૪૯ |

---------

## ભરૂચ જિલ્લામાં અપંગોને આપેલ સહાય

૧૭૩૫૦ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા અપંગોને તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સહાય આપવામાં આવી, અને

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અપંગોને સહાય આપવામાં આવી.

| તાલુકાનું નામ | વિકલાંગ સાધન સહાય | સંત સુરદાસ સહાય |
|---|---|---|
| ભરૂચ | ૫૮ | ૨૨૨ |
| જંબુસર | ૯૨ | ૧૯૭ |
| આમોદ | ૧૨ | ૩૮ |
| વાગરા | ૨૪ | ૫૪ |
| અંકલેશ્વર | ૧૪ | ૬૪ |

| | | |
|---|---|---|
| ઝગડીયા | ૨૬ | ૧૧૦ |
| હાંસોટ | ૦૪ | ૫૩ |
| વાલીયા | ૦૪ | ૬૩ |
| **કુલ** | **૨૩૪** | **૮૦૧** |

(૨) આવી અપંગ સહાય આપવામાં થતા વ્યાપક વિલંબ નિવારવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) સમયસર સહાય ચુકવવામાં આવે છે.

## સાબરકાંઠા જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાની મળેલ અરજીઓ

૧૮૭૨૫ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ડૉ. આંબેડકર આવાસ યોજના માટે કેટલી અરજીઓ આવી,

(૨) એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) અને કેટલા ઈસમોને આવાસનો લાભ આપવામાં આવ્યો, અને

(૪) બાકીની અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક*ના કોલમ-૯માં જણાવ્યા મુજબ કુલ ૨૮૪૧ અરજીઓ મળેલ છે.

(૨) પત્રકના કોલમ નં. ૧૦ મુજબ કુલ ૧૪૦૪ મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) ૧૪૦૪ ઇસમોને આવાસનો લાભ આપવામાં આવેલ છે.

(૪) બાકીની ૧૪૩૭ અરજીઓ સાધનિક પુરાવાના અભાવે જેવા કે બાંધકામ રજા-ચિઠ્ઠી, આકારણી પત્રક, વય મર્યાદા તેમજ બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ના ગુણાંકમાં નામ ન હોવાના કારણોસર નામંજુર કરવામાં આવેલ છે.

**પત્રક***

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | હિંમતનગર | ૧૪૬ | ૧૨૨ | ૨૮૭ | ૧૪૬ | ૨૬ | ૧ | ૪૫૯ | ૨૬૯ |
| ૨ | ઈડર | ૪૦૫ | ૧૭૨ | ૧૭૮ | ૧૫૮ | ૭૩ | ૧૬ | ૬૫૬ | ૩૪૬ |
| ૩ | વડાલી | ૧૮૦ | ૮૬ | ૬૨ | ૫૯ | ૧૯ | ૧૩ | ૨૬૧ | ૧૫૮ |
| ૪ | ખેડબ્રહ્મા | ૮૩ | ૩૪ | ૫૫ | ૨૬ | ૩ | ૨ | ૧૪૧ | ૬૨ |
| ૫ | વિજયનગર | ૨૭ | ૧૪ | ૩૪ | ૯ | ૭ | ૦ | ૬૮ | ૨૩ |
| ૬ | પ્રાંતિજ | ૪૫ | ૩૭ | ૮૫ | ૩૮ | ૧૯ | ૨ | ૧૪૯ | ૭૭ |
| ૭ | તલોદ | ૧૫૫ | ૯૬ | ૧૧૧ | ૫૯ | ૩૧ | ૦ | ૨૯૭ | ૧૫૫ |
| ૮ | ધનસુરા | ૨૭ | ૧૪ | ૪૩ | ૬ | ૩ | ૦ | ૭૩ | ૨૦ |
| ૯ | બાયડ | ૫૨ | ૪૧ | ૧૫૭ | ૩૫ | ૧૨ | ૫ | ૨૨૧ | ૮૧ |
| ૧૦ | મોડાસા | ૮૨ | ૩૪ | ૫૪ | ૪૨ | ૨ | ૦ | ૧૩૮ | ૭૬ |
| ૧૧ | માલપુર | ૫૫ | ૧૯ | ૨૭ | ૬ | ૦ | ૦ | ૮૨ | ૨૫ |
| ૧૨ | ભિલોડા | ૧૦૧ | ૨૮ | ૯૯ | ૫૮ | ૮ | ૦ | ૨૦૮ | ૮૬ |
| ૧૩ | મેઘરજ | ૨૨ | ૧૬ | ૬૦ | ૧૦ | ૬ | ૦ | ૮૮ | ૨૬ |
| | **કુલ :** | **૧૩૮૦** | **૭૧૩** | **૧૨૫૨** | **૬૫૨** | **૨૦૯** | **૩૯** | **૨૮૪૧** | **૧૪૦૪** |

--------

## જૂનાગઢ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં વ્યાખ્યાતાઓની ખાલી જગાઓ

૧૭૭૩૭ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કઈ કઈ ઓદ્યોગિક તાલિમ સંસ્થામાં ક્યા ક્યા ટ્રેડમાં વ્યાખ્યાતાઓની કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં નીચે મુજબના ટ્રેડમાં વ્યાખ્યાતાઓની જગ્યા ખાલી છે.

| ઓદ્યોગિક તાલીમ | ટ્રેડનું નામ | ખાલી |
|---|---|---|

| સંસ્થાનું નામ | | જગ્યા |
|---|---|---|
| જુનાગઢ | ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનીક | ૧ |
| | વાયરમેન | ૧ |
| | ફીટર | ૨ |
| કેશોદ | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ | ૨ |
| | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧ |
| | ઇલેક્ટ્રીશીયન | ૧ |
| કોડીનાર | મરીન ડિઝલ મિકેનીક | ૧ |
| | વેલ્ડર | ૧ |
| | વાયરમેન | ૧ |
| **ઓદ્યોગિક તાલીમ સંસ્થાનું નામ** | **ટ્રેડનું નામ** | **ખાલી જગ્યા** |
| માળિયા-હાટીના | વેલ્ડર | ૧ |
| | વાયરમેન | ૧ |
| | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૨ |
| | ફીટર | ૨ |
| મેંદરડા | ફીટર | ૨ |
| | ઇલેક્ટ્રીશીયન | ૧ |
| તલાલા (ધુસીયા) | ઇલેક્ટ્રીશીયન | ૧ |
| | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧ |
| ઉના | ફીટર | |
| | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ | ૧ |
| | કોમ્પ્યુટર ઓપરેટર કમ | |
| | પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧ |
| | મિકેનીક ડીઝલ | ૧ |

(૨) આ જગ્યાઓ ન ભરવાના શાં કારણો છે, અને

(૨) સરકારી આઇ.ટી.આઇ.માં ખાલી જગ્યાઓ ભરવા માટે નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરીના તા. ૧૧-૬-૨૦૦૯ અને તા. ૧૭-૧૧-૨૦૦૯ ના પત્રોથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને માંગણી પત્રક મોકલી આપેલ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ભરતીની કાર્યવાહી થઇ રહેલ છે. આ કાર્યવાહી પૂર્ણ થતાં જગ્યાઓ ભરવામાં આવશે.

(૩) સને ૨૦૧૧-૧૨માં આવી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ભરતીની કાર્યવાહી થઇ રહેલ છે. આ કાર્યવાહી પૂર્ણ થતાં જગ્યાઓ ભરવામાં આવશે. દરમ્યાનમાં ૧૧ માસનાં કરારના ધોરણે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

## ભરૂચ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ફાળવેલ ગ્રાન્ટ તેમજ કરેલ ખર્ચ

૧૭૪૦૭ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં રમતગમત અને યુવા સાંસ્કૃતિ કાર્યો માટે વર્ષવાર કેટ કેટલી રકમ ફાળવી, અને

(૧) પત્રક મુજબ.

**પ ત્ર ક**

| પ્રવૃતિનું નામ | તા. ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધી ફાળવેલ રકમ | તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધી ફાળવેલ રકમ | તા. ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ સુધી ફાળવેલ રકમ | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| રમતગમત | ૩,૭૩,૫૩૮/- | ૭,૦૦,૮૩૧/- | ૯,૦૧,૨૭૧/- | ૧૯,૭૫,૬૪૦/- |
| યુવા | ૧,૭૬,૦૦૦/- | ૨,૨૨,૫૦૦/- | ૭,૫૦,૫૦૦/- | ૧૧,૪૯,૦૦૦/- |
| સાંસ્કૃતિક | ૭૨,૦૦૦/- | ૯૦,૦૦૦/- | ૨,૨૦,૦૦૦/- | ૩,૮૨,૦૦૦/- |
| કુલ | ૬,૨૧,૫૩૮/- | ૧૦,૧૩,૩૩૧/- | ૧૮,૭૧,૭૭૧/- | ૩૫,૦૬,૬૪૦/- |

(૨) વર્ષવાર તે અંગે કેટ કેટલો ખર્ચ થયો ? (૨) પત્રક મુજબ.

**પ ત્ર ક**

| પ્રવૃતિનું નામ | તા. ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધી થયેલ ખર્ચ | તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધી થયેલ ખર્ચ | તા. ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ સુધી થયેલ ખર્ચ | કુલ થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| રમતગમત | ૩,૦૮,૧૫૮/- | ૫,૨૧,૧૧૧/- | ૮,૨૧,૬૫૮/- | ૧૬,૫૦,૯૨૭/- |
| યુવા | ૧,૭૬,૦૦૦/- | ૧,૯૧,૭૦૪/- | ૭,૨૭,૧૧૧/- | ૧૦,૯૪,૮૧૫/- |
| સાંસ્કૃતિક | ૩૦,૦૦૦/- | ૮૪,૮૩૫/- | ૧,૭૫,૯૮૮/- | ૨,૯૦,૮૨૩/- |
| કુલ | ૫,૧૪,૧૫૮/- | ૭,૯૭,૬૫૦/- | ૧૭,૨૪,૭૫૭/- | ૩૦,૩૬,૫૬૫/- |

---------

## રાજ્યમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓની કચેરીઓમાં નિમણૂંક અંગે

૧૭૫૨૨ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યભરમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (અ.જા) તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (સા.શૈ.પ.) ની કેટલી કચેરીઓ આવેલી છે,

(૧) અનુસૂચિત જાતિની-૨૬ તથા સામાજિક શૈક્ષણિક પછાત જાતિની-૧૩ કચેરીઓ આવેલી છે.

(૨) આ પૈકી કેટલી કચેરીઓમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની નિમણૂંકો થયેલી છે અને કેટલી કચેરીઓ ચાર્જથી ચલાવાય છે, અને

(૨) (અ) અનુસૂચિત જાતિની-૧૭ અને સામાજિક શૈક્ષણિક પછાત જાતિની-૧૩ કચેરીઓમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની નિમણૂંક થયેલ છે.

(બ) અનુસૂચિત જાતિની-૯ કચેરીઓમાં ચાર્જ આપેલ છે.

(૩) જે કચેરીઓ ચાર્જથી ચલાવાય છે તેનાં કારણો શાં છે,

(૩) પૂરતી સંખ્યામાં અધિકારીઓ ઉપલબ્ધ ન હોવાથી.

(૪) ક્યાં સુધીમાં આ જગ્યા પર કાયમી નિમણૂંકો કરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ.

## રૂા. એક કરોડથી વધુ વેટની બાકી વસુલાતના એકમો

૧૭૩૨૩ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં રૂા. એક કરોડથી વધુ વેટની વસૂલાત ક્યા ક્યા એકમો પાસેથી લેવાની બાકી છે, અને

(૧) **પત્રક** મુજબ.

(૨) વસુલાત કરવા ક્યા ક્યા પગલાં લેવામાં આવ્યા છે ?

(૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મુલ્યવર્ધીત વેરા કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

## પત્રક

| અનુક્રમ | એકમનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૧ | શાહીદભાઇ ચામડીયા |
| ૨ | શ્રી કેમિકલ્સ |
| ૩ | પેમ હંસ સ્ટીલ કેમ |
| ૪ | ડાયકેમ કોર્પોરેશન |
| ૫ | ગ્રીનડેમ એક્ઝીમ |
| ૬ | લાઇનકેર ઇન્ફ્રો સોલ્યુશન |
| ૭ | ગુપ્તા માર્કેટીંગ |
| ૮ | કે. જી. એન. ઇન્ડસ્ટ્રીઝ |
| ૯ | પલક કોર્પોરેશન |
| ૧૦ | તિશ્યા ટ્રેડીંગ કંપની |
| ૧૧ | એસ. કુમાર ઇન્ડસ્ટ્રીઝ |
| ૧૨ | મહાવીર બુલીયન |
| ૧૩ | કે એફ સી કોર્પોરેશન |
| ૧૪ | ઠક્કર મણીલાલ દેવચંદ |
| ૧૫ | હનુમાન એન્ટર પ્રાઇઝ |
| ૧૬ | જે. કે. બેરલ |
| ૧૭ | કેર પેકેજીંગ |
| ૧૮ | કે. જી. એન. એન્ટરપ્રાઇઝ |
| ૧૯ | કે.એફ.સી. એક્ષપર્ટ પ્રા. ઇસ. |
| ૨૦ | શિવ ડાય કેમ |
| ૨૧ | ઓમ ગણપતી |
| ૨૨ | સુરભી કંટ્રક્શન |
| ૨૩ | વિકાસ ઇન્ટરનેશનલ |
| ૨૪ | સપ્તેશ્વર એન્ટરપ્રાઇઝ |
| ૨૫ | ભાગ્યોદય મેટલ પ્રા. લી. |
| ૨૬ | એડીટોલ લુબ્રીકેટસ |
| ૨૭ | કે.એફ.સી. ઇન્ડસ્ટ્રીઝ |
| ૨૮ | રાજસ્થાન પેટ્રોલિયમ |
| ૨૯ | રેકીટ બેંકીંસર (ઇં) લી. |
| ૩૦ | વી. આર. પોલી ફેબ |
| ૩૧ | મર્ક સ્પેસ્યાલીટીસ પ્રા. લી. |
| ૩૨ | એશીયન પેઇન્ટસ લી. |
| ૩૩ | પેન્ટીયમ ઇન્ફ્રાટેક |
| ૩૪ | પરમેશ્વરી સ્ટીલ, કલોલ |
| ૩૫ | સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક |
| ૩૬ | ઉમીયા ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ |
| ૩૭ | પટેલ વિપુલકુમાર ભરતકુમાર ની કું. |
| ૩૮ | ભાવીન ટ્રેડર્સ |
| ૩૯ | જય ભવાની શીપીંગ કંપની. (જી.પી. ઇન્ડસ્ટ્રીઝ) |
| ૪૦ | જેમ્સ ઇન્ટરનેશનલ પ્રા. લી. |
| ૪૧ | ઇસેન્દુ એગ્રો કેમ |
| ૪૨ | અમી ડ્રગ્સ એન્ડ સ્પેશીયાલીટી કેમીકલ પ્રા.લી. |
| ૪૩ | નિકુંજ ડીસ્ટ્રીબ્યુટર્સ |
| ૪૪ | રીલાયંસ ઇન્ડસ્ટ્રીઝ લીમીટડ |
| ૪૫ | જયંત અગ્રો ઓર્ગેનિક્સ |
| ૪૬ | રીલેક્ષ ટેક્નો ફેબ |
| ૪૭ | મે.ન્યુ ઇન્ડીયા એસીડ બરોડા પ્રા.લી. |
| ૪૮ | મે.સ્નાઇડર ઇલેક્ટ્રીક (ઇન્ડીયા) પ્રા.લી. |
| ૪૯ | કેમરોક ઇન્ડ એન્ડ એક્ષપોર્ટ |
| ૫૦ | બાયોટોર ઇન્ડસ્ટ્રીઝ |
| ૫૧ | જયંત ઓઇલ મીલ |
| ૫૨ | જયંત ઓઇલ પ્રોડક્ટસ |
| ૫૩ | બરોડા ઓટો સેન્ટર |
| ૫૪ | રાધાક્રીષ્ન પેપર મીલ્સ |
| ૫૫ | દિપક મેટ્રોકેમ લી. |
| ૫૬ | શેલાની એગ્રોટેક ઇન્ડસ્ટ્રીઝ લી. |
| ૫૭ | વંદના ટેક્ષડાઇઝ |
| ૫૮ | એસ.વી.એમ. શીરા બિલ્ડ |
| ૫૯ | તપોવન કોર્પોરેશન |
| ૬૦ | રવિ ટ્રેડર્સ |
| ૬૧ | શીવ એન્ટરપ્રાઇઝ |
| ૬૨ | સિંજેન્ટા ઇન્ડિયા |

| અનુક્રમ | એકમનું નામ |
|---|---|
| ૬૩ | મે. સેમ મેગ્નેટ ઇમ્પેક્ષ |
| ૬૪ | રુસીવન એંટરપ્રાઇઝ |
| ૬૫ | મે. ઓરીએન્ટ બિલ્ડર્સ |
| ૬૬ | જે.સી.ટી.લી. |
| ૬૭ | એ. આર. ઇન્ટરનેશનલ |
| ૬૮ | ચેતક ટ્યુબ ટ્રેડર્સ |
| ૬૯ | વાલ્સન ઇન્ડસ્ટ્રીઝ |
| ૭૦ | વાલ્સન પોલીયેસ્ટર |
| ૭૧ | સતલજ ટેક્ષટાઇલ્સ |
| ૭૨ | ક્લેઝાઇડ કોંટામીશન પ્રા.લી. |
| ૭૩ | બુશરા ટ્રેડીંગ કુ. |
| ૭૪ | તિરૂપતિ એન્ટરપ્રાઇઝ |
| ૭૫ | મે. શુભ એન્ટરપ્રાઇઝ |
| ૭૬ | મે.ગુજરાત પેટ્રોકેમ |
| ૭૭ | આસ્થા કોર્પો |
| ૭૮ | શીવશક્તિ ટ્રેડર્સ |
| ૭૯ | વોકમેન વર્લ્ડ |
| ૮૦ | એ. એમ. ટ્રેડલીંક |
| ૮૧ | શ્રી ભવાની ઇસ્પાત |
| ૮૨ | ઠક્કર સ્ટીલ |
| ૮૩ | મે. સિધ્ધી સિમેન્ટ લી. |
| ૮૪ | સૌરાષ્ટ્રા સિમેન્ટ લી. |
| ૮૫ | ન્યુએજ ઇન્ડસ્ટ્રીઝ |
| ૮૬ | ન્યુએજ હોઝ મે ફે કુ |
| ૮૭ | જીગર ટ્રેડીંગ કુ |
| ૮૮ | હેમાણી પ્રોવીજન સ્ટોર્સ |
| ૮૯ | મહેશ ટ્રેડર્સ |
| ૯૦ | બાલાજી મોટર્સ |
| ૯૧ | પ્લેથીકો ફાર્માસ્યુટીકલ લી. |
| ૯૨ | કચ્છ પેટ્રો પ્રા.લી. |
| ૯૩ | ન્યુ ટેક ફોર્જર એન્ડ ફાઉન્ડરી |
| ૯૪ | મહાવીર ટ્રેડીંગ કં. |
| ૯૫ | નોવા શીપીંગ |
| ૯૬ | જય ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ |
| ૯૭ | એચ.પી.સી.એલ.લી. |
| ૯૮ | બી.પી.સી.એલ.લી. |
| ૯૯ | વિદ્યુત મેટાલીક પ્રા.લી. |
| ૧૦૦ | ધ્રુવ ઓટો મોબાઇલ્સ |
| ૧૦૧ | ધ્રુવ મોટર્સ |
| ૧૦૨ | ધ્રુવનામ ઓટો મોબાઇલ્સ પ્રા.લી. |
| ૧૦૩ | ભાવના કાર્સ પ્રા.લી. |
| ૧૦૪ | એસ્સાર ઓઇલ લી. |

## રાજકોટ જિલ્લામાં વેટની થયેલ આવક

૧૮૬૨૩ **: ડૉ. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ, | (૧) રૂા.૭૩૯.૨૫ કરોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ) |
| (૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) રૂા. ૧૪.૮૪ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

## આર.ટી.ઓ. કચેરી, ભાવનગરની થયેલ આવક

૧૮૩૨૮ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર આર.ટી.ઓ. કચેરીને ૨૦૧૦ના વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા. ૪૨.૫૪ કરોડ. |

(૨) ૨૦૦૯ના વર્ષની આવક કેટલી હતી, અને

(૨) રૂા. ૩૩.૪૭ કરોડ.

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ?

(૩) આવકમાં ઘટાડો થયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્ય સરકારનું દેવું તેમજ ચૂકવેલ વ્યાજ**

૧૮૬૯૭ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારનું દેવું કેટલું છે,

(૨) તે અન્વયે છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલું દેવું હતું, અને

(૩) આ દેવા ઉપર કેટલી રકમનું વ્યાજ ચૂકવાયું ?

**જવાબ**

(૧) રૂા. ૧૦૮૩૪૧ કરોડ (અંદાજીત).

(૨) અને (૩)

(₹ કરોડમાં)

| નાણાકીય વર્ષ | જાહેર દેવું | ચૂકવેલ વ્યાજ |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૮૭૦૧૦ | ૭૦૬૫ |
| ૨૦૦૯-૧૦ | ૯૮૦૦૯ | ૭૭૦૩ |

---------

**કચ્છ જિલ્લામાં વેટની થયેલ આવક**

૧૮૬૦૭ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાની ૨૦૧૦ના વર્ષની સેલટેક્ષ/વેટની કેટલી આવક થઈ,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) રૂા.૭૫૨.૩૦ કરોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ)

(૨) રૂા. ૮૦.૭૮ કરોડ

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

**આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લામાં વાહન કાયદાના ભંગ અન્વયે દંડ પેટે વસુલ કરેલ રકમ**

૧૭૪૬૮ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર.ટી.ઓ. દ્વારા આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લાવાર વાહન કાયદાના ભંગ અન્વયે દંડ પેટે કેટલી રકમ વર્ષવાર વસુલ થઈ, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર.ટી.ઓ. દ્વારા આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લાવાર વાહન કાયદાના ભંગ અન્વયે દંડ પેટે વસુલ કરેલ રકમ નીચે મુજબ છે.

| કચેરી જિલ્લાવાર | કેલેન્ડર વર્ષ | વાહન કાયદાના ભંગ બદલ દંડ પેટે વસુલ કરેલ રકમ (રૂા.માં) |
|---|---|---|
| ખેડા | ૨૦૦૯ | ૭૩,૪૭,૫૮૩ |
| | ૨૦૧૦ | ૫૭,૪૯,૧૮૨ |
| આણંદ | ૨૦૦૯ | ૪૬,૯૫,૫૬૦ |
| | ૨૦૧૦ | ૩૩,૭૪,૩૮૪ |
| અમદાવાદ | ૨૦૦૯ | ૩,૦૫,૫૯,૬૯૬ |
| | ૨૦૧૦ | ૪,૨૬,૬૦,૩૭૬ |
| | કુલ : | ૯,૪૩,૮૬,૭૮૧ |

(૨) વાહન વ્યવહાર ટ્રાફીક્ના કાયદાના ભંગના ગુન્હાઓ ઓછા બને તે માટે સરકારનું શું આયોજન છે ?

(૨) વાહન વ્યવહાર ટ્રાફીક્ના કાયદાના ભંગના ગુનાઓ ઓછા બને તે માટે માર્ગ સલામતી માટે જનજાગૃતિ કેળવવા ઉપરાંત ડ્રાયવરો માટે કલ્યાણકારી કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. માર્ગસલામતી માટે વિદ્યાર્થીઓમાં જાગૃતતા લાવવા પણ ખાસ કાર્યક્રમો યોજવામાં આવે છે.

---------

## દાહોદ જિલ્લામાં અપંગ સાધન સહાયની મળેલ અરજીઓ

૧૭૪૭૦ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર અપંગ સાધન સહાય યોજના અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી સહાય આપવામાં આવી, અરજીઓ મંજુર થઈ હોય છતાં સહાય ન ચૂકવાઈ હોય તેવી કેટલી અરજીઓ પડતરમાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર અપંગ સાધન સહાય યોજના અન્વયે વર્ષવાર નીચે મુજબ અરજીઓ આવી, અને

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૯ | વર્ષ-૨૦૧૦ |
|---|---|---|
| દાહોદ | ૩૪ | ૩૪ |
| ગરબાડા | ૩૧ | ૪૦ |
| ઝાલોદ | ૪૪ | ૩૮ |
| ફતેપુરા | ૭૧ | ૨૬ |
| લીમખેડા | ૧૨ | ૨૦ |
| દેવગઢબારીયા | ૧૮ | ૧૫ |
| ધાનપુર | ૦૯ | ૧૬ |
| **કુલઃ** | **૨૧૯** | **૧૮૯** |

(૨) વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજુર કરવામાં આવી

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૯ | વર્ષ-૨૦૧૦ |
|---|---|---|
| દાહોદ | ૩૨ | ૩૩ |
| ગરબાડા | ૩૧ | ૪૦ |
| ઝાલોદ | ૪૧ | ૩૭ |
| ફતેપુરા | ૬૫ | ૨૪ |
| લીમખેડા | ૧૨ | ૨૦ |
| દેવગઢબારીયા | ૧૭ | ૧૫ |
| ધાનપુર | ૦૯ | ૧૬ |
| **કુલઃ** | **૨૦૭** | **૧૮૫** |

મંજુર કરેલ તમામ અરજીઓના લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવેલ છે.

## રૂા. એક કરોડથી વધુ વેટ બાકી હોય તેવા ઉદ્યોગો

૧૭૪૫૧ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર અને કચ્છ જિલ્લામાં તા.૩૧મી ડીસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ ક્યા ક્યા ઉદ્યોગો પાસેથી રૂપિયા એક કરોડથી વધુ રકમનો વેટ વસુલવાનો બાકી છે,

(૨) આ બાકી વેટ કેટલા સમયથી વસુલવાનો બાકી છે, અને બાકી રહેવાના શા કારણો છે,

(૩) લાંબા સમયથી બાકી રહેતો વેટ વસુલ લેવા ઉચ્ચકક્ષાએ શા પ્રયાસો થયા છે, અને

(૪) વેટ વસુલ કરવામાં નિષ્ફળ ગયેલા અધિકારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા છે અને બાકી વેટ (સેલ્સટેક્ષ) ક્યાં સુધીમાં વસુલ લેવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) પત્રક મુજબ.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવે છે. સામયિક બેઠકોમાં જરૂરી સૂચના આપવામાં આવે છે.

(૪) જવાબદારી નક્કી થયેથી અધિકારી સામે શિસ્ત અને અપીલ નિયમો અનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. સામયિક બેઠકમાં બાકી વસુલાતના કેસોમાં કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે.

**પત્રક**

| અ.નં. | ઉદ્યોગનું નામ | વસૂલાત ક્યારથી બાકી છે? | બાકી રહેવાના કારણો |
|---|---|---|---|
| | **જામનગર જિલ્લો** | | |
| ૧ | મહાવીર ટ્રેડીંગ કંપની કું. | ૨૦૧૦-૧૧ | જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે નોટીસ આપેલ છે. |
| ૨ | નોવા શીપીંગ | ૨૦૧૦-૧૧ | આકારણી તા.૯-૯-૨૦૧૦ના રોજ પૂર્ણ થયેલ છે. ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા અન્વયે એકમના બેંક ખાતા ઉપર ટાંચ મૂકવામાં આવેલ છે. |
| ૩ | જય ઓઇલ ઇન્ટસ્ટ્રીઝ | ૨૦૦૯-૧૦ | જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે નોટીસ આપેલ છે. ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા અન્વયે એકમના બેંક ખાતા ઉપર ટાંચ મૂકવામાં આવેલ છે. |
| ૪ | એસ્સાર ઓઇલ લી. | ૨૦૦૮-૦૯ | નામ. સુપ્રિમ કોર્ટમાં કેસ પડતર હોવાથી. |
| | **કચ્છ જિલ્લો** | | |
| ૧ | ન્યુટ્રેક ફોર્જ એન્ડ ફાઉન્ડ્રી | ૨૦૧૦-૧૧ | નામ. ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ વેરામુક્તિ પ્રમાણપત્ર આખરી કરવા માટે આ એકમને સાંભળવાની તક આપવા માટે ઉદ્યોગ વિભાગની રાજ્ય કક્ષાની સમિતિ સમક્ષ પડતર હોવાથી. |
| ૨ | પ્લેથીકો ફાર્મા | ૨૦૧૦-૧૧ | ડીમાન્ડ ઉપસ્થિત થયાને પાંત્રીસ(૩૫) દિવસનો સમય હાલ જ પૂર્ણ થયેલ છે. વસુલાતની કાર્યવાહી ચાલુ છે. |
| ૩ | સ્વચ્છ પેટ્રો | ૨૦૦૭-૦૮ | નામ. ગુજરાત હાઇકોર્ટનો મનાઇ હુકમ હોવાથી. |

---------

## સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી ધ્વારા શિક્ષત બેરોજગારોને આપેલ રોજગારી

૧૮૪૮૮ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આવેલ રોજગાર વિનિમય કચેરી ખાતે કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા નોંધાયેલ છે, અને | (૧) શિક્ષિત અર્ધશિક્ષિત કુલ<br>૪૮૩૯૬ ૩૧૫૨ ૫૧૫૪૮ |
| (૨) તે પૈકી આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાને રોજગારી આપવામાં આવી ? | (૨) તા.૧-૨-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૧ દરમ્યાન આપવામાં આવેલ રોજગારી<br>શિક્ષિત અર્ધશિક્ષિત કુલ<br>૧૪૭૮૬ ૨૨૬૪૦ ૩૭૪૨૬ |

## ખેલ મહાકુંભમાં થયેલ ખર્ચ

૧૭૩૫૩ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં રાજ્યમાં યોજાયેલ ખેલ મહાકુંભમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) કુલ રૂા.૧૬,૨૧,૩૧,૧૩૫/- |
| (૨) તે અન્વયે જમણવાર, રહેવાની વ્યવસ્થા, આવવા જવા માટે વાહન વ્યવસ્થા પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) જમણવાર, રહેવાની વ્યવસ્થા, આવવા-જવા માટે વાહન વ્યવસ્થા પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.<br>જમણવાર રૂા.૧,૯૫,૩૪,૨૧૮/-<br>રહેવાની વ્યવસ્થા રૂા.૩૫,૬૪,૭૦૪/-<br>વાહન વ્યવસ્થા રૂા.૮૯,૮૪,૧૬૦/- |

---------

## આણંદ અને ખેડા જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી

૧૮૧૩૩ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયા,

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ભરતી મેળા યોજાયા, અને

(૩) તેમાં કેટલા લોકોને સરકારી, અર્ધ સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં કાયમી ધોરણે રોજગારી મળી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૧૧૧૯૮ | ૧૪૨૩૨ | ૨૫૪૩૦ |
| ખેડા | ૧૩૪૦૮ | ૧૦૪૭૯ | ૨૩૮૮૭ |
| કુલઃ | ૨૪૬૦૬ | ૨૪૭૧૧ | ૪૯૩૧૭ |

(૨)

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૧૯ | ૨૧ | ૪૦ |
| ખેડા | ૧૧ | ૧૧ | ૨૨ |
| કુલઃ | ૩૦ | ૩૨ | ૬૨ |

(૩) સામાન્ય રીતે ઓદ્યોગિક ભરતીમેળા ફક્ત ખાનગી ક્ષેત્રમાં રોજગારી માટે આયોજીત થાય છે. જેમાં કાયમી કે હંગામી બાબતની માહિતી અંગે નોકરીદાતા બાંહેધરી આપતા નથી. સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓની ભરતી ઓદ્યોગિક ભરતીમેળામાં કરવામાં આવતી નથી.

અપાવેલ રોજગારી
આણંદ - ૭૧૭૯
ખેડા - ૦૯૮૮
કુલ - ૮૧૬૭

---------

## ખેડા જિલ્લામાં વેટના પાડેલ દરોડા

૧૮૪૫૧ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વેટ ચોરીના કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૧) ૨૯

(૨) આમાં કેટલા વેપારીઓ તેમજ ઉદ્યોગો વેટ ચોરીમાં પકડાયા, અને

(૨) ૨૪

(૩) આવા ઈસમો સામે કેટલી નાણાકીય વસુલાત કરવામાં આવી અને તેમની સામે શાં શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા?

(૩) રૂા. ૨૫૧.૭૮ લાખ; જેમાં વ્યાજ તેમજ દંડની રકમ શિક્ષાત્મક પગલાં રુપે વસુલવામાં આવી.

## રૂા. ૧૦ કરોડથી વધુ બાકી વેચાણવેરો/વેટના એકમો

૧૮૩૫૯ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં સેલ્સટેક્ષ કે વેટ અન્વયે ૧૦ કરોડ કે વધુ રકમની કેટલાક ઓદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો દ્વારા સમયસર ચૂકવણી કરી નથી તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) એક વર્ષ, બે વર્ષ કે તેથી વધુ સમયથી દસ કરોડ કરતા વધુ રકમનાં એકમોની યાદી અને તેમની સામે વસુલાત અંગે થયેલ કાર્યવાહીની વિગત શી છે, અને

(૨) પત્રક મુજબ શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

(૩) આ સ્થિતિએ ચાલુ નાણાકીય વર્ષમાં આવા એકમો પાસેથી વસુલ રકમ આવી હોય તો વિગત શી છે?

(૩) રૂા. ૫૫.૦૩ કરોડ.

**પત્રક**

**બે વર્ષથી વધુ**

| **એકમનું નામ** |
|---|
| સ્વપ્નીલ પ્લાટીક |
| ડેરીડેન લી |
| પ્રસિધ્ધિ ટી. કું. |
| એન. કે. ઓઈલ પ્રા. લી. |
| આઈ.સી.આઈ.સી.આઈ. લી. |
| આકાશ એન્ટરપ્રાઈઝ |
| ધરણેન્દ્ર ઈન્ડસ્ટ્રીઝ |
| સાંઈનાથ પ્રોટીન લી. |
| એક્ષક્લોજેવ રેમીડીજ પ્રા. લી. |
| મહેન્દ્ર મીલ્સ લી. |
| પ્રમુખ એગ્રો પ્રા. લી. |
| શક્તિવિજય ઈન્ડસ્ટ્રીઝ લી. |
| હેતલ પોલી પ્લાસ્ટ |
| મહેન્દ્ર પેટ્રોકેમીક્લ |
| હાઈનુપ ફૂડ ઓઈલ ઈન્ડ |
| એમ્બીક એગ્રો ઓઈલ |
| એટલાસ પેટ્રો કેમિકલ્સ |
| કોસ્ટલ એનર્જી લી. |
| ગુજરાત સ્મોલ ઈન્ડ. |
| પ્રકૃતિ નોરીયર્સ |
| ગુજરાત રાજ્ય નાણાકિય નિગમ |
| રાજશ્રી ઓટો એન્ટરપ્રાઈઝ |
| હરિરાજ પેપર મીલ |
| જલધારા પમ્પ પ્રા. લી. |
| સીમ્ફની કમ્ફર્ટ સીસ્ટમ પ્રા. લી. |
| જય એગ્રોકેમ લી. |
| મીનલ ઓઈલ એગ્રો ઈન્ડ |
| એન. કે. ઈન્ડસ્ટ્રીઝ |
| બાલારામ સિમેંટ |
| સાયોના પેટ્રોકેમ લિ. |
| જી.ઈ. પ્લાસ્ટીક ઈન્ડીયા લી. |
| એપેક્ષ ઈલેક્ટ્રીક્લ્સ લી. |
| સુપર ઈન્ડસ્ટ્રીઝ |
| ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમીક્લ્સ લી. |
| મોટોરોલા સ્પેશ્યાલીટી |
| પર્લ પેરીફેરલ્સ |
| ચરોતર ખાંડ ઉદ્યોગ |

| |
|---|
| ઓ.એન.જી.સી. લી. |
| દેમાંગ દે વાલા |
| વાયકોમ ઈલેક્ટ્રોનીક્સ પ્રા. લી. |
| એ.પી.એસ. સ્ટાર ઈન્ડસ્ટ્રીઝ લી. |
| મોટોરોલા (ઈ) લી |
| પમિ પેટ્રોકેમ |
| આર.એસ. પેટ્રોકેમીકલ્સ |
| આઈ.સી. ટેક્ષટાઈલ્સ લી. |
| પંચમહાલ સિમેન્ટ કંપની લિ. |
| ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ |
| કાંકરીયા પેપર મીલ |
| ભારત પેટ્રોલીયમ |
| ઝવેરી પોલિમર્સ |
| શ્રીરામ આલ્કલીઝ એન્ડ કેમીકલ |
| સર્ચકેમ ઈન્ડસ્ટ્રીજ (યુનાઈટેડ ફોસફરસ) |
| લાયકા લેબ્સ |
| એસ.વી.એમ.સીરે. બિલ્ડ |
| ઓ.એન.જી.સી. |
| એસ્સાર સ્ટીલ લી. |
| એલ. એન્ડ ટી. |
| રિલાયન્સ કોમ્યુ. |
| પલક ટેક્ષ્ટાઈલ્સ |
| બી. ક્રીમ્પટેક્ષ પ્રા. લી. |
| પામીસ ટેક્ષ પ્રા.લી. |
| બરોડા રેયોન કોર્પોરેશન |
| એચ.એમ.પી. |
| રીલાયન્સ ઈન્ડ. લી. |
| રોનક ઓઈલ મીલ્સ |
| સ્વસ્તિક એન્ડ કુ. |
| ખંડેલવાલા લેબોરેટરીઝ |
| અંકુર એગ્રો કેમ |
| મયુર ઈન્ડ |
| પ્રશાંત એન્ટરપ્રાઈઝ |
| ત્રિવેણિ ઈન્ડ. |
| સૌરાષ્ટ્ર સીમેન્ટ લી. |
| એચ.એમ.પી. સીમેન્ટ લી. |
| અજય ઈન્ડ |
| એસ.એસ. જૈન એન્ડ કુ. |
| ઉદયાની શીપ બ્રેકિંગ પ્રા. લી. |
| વિરાટ શીપ બ્રેકિંગ કોર્પોરેશન |
| બી.જી. એક્ષ્પ્લોરેશન એન્ડ પ્રોડ. ઈન્ડીયા લી. |
| નિરમા લી. |
| મીરા ટ્રેડીંગ કું. |
| પારૂલ એન્ટરપ્રાઈઝ |
| મરડીયા કેમીકલ લી. |
| ડેકોરા સિરામિક્સ પ્રા.લી. |
| કે.ટી.કોટ સીન્થેટીક પ્રા.લી. |
| રઘુવીર એજન્સી |

| |
|---|
| ગોપાલ ટી |
| પટેલ રણછોડ હીરજી |
| ભરતકુમાર વૃજલાલ એન્ડ કું. |
| આર. બી. ઓર્ગેનિક |
| રીષીતા એજન્સી |
| રીષીતા એન્ટરપ્રાઇઝ |
| નોવા શીપીંગ |
| ભરત ઈમ્પેક્સ |
| વી. કે. ઈન્ડસ્ટ્રીઝ |
| એસ્સાર ઓઈલ લી. |
| વિષ્ણુ ઓઈલ વનસ્પતિ ઈન્ડ. |
| પારસનાથ એન્ટરપાઈઝ |
| યશ ઈન્ટરનેશનલ |
| ભૂમિ પ્લાસ્ટ પ્રા. લી. |
| ક્રિષ્ણા પેટ્રો ટ્રેડર્સ લી. |
| ક્રિષ્ણા પેટ્રો ટ્રેડીંગ |
| પ્લેથીકો ફાર્મા |
| સાર્થક ઈન્ડસ્ટ્રીઝ |
| આઈ.ઓ.સી. |
| એચ.પી.સી.એલ. |

**બે વર્ષની બાકી**

| એકમનું નામ |
|---|
| એલ. એન. ટી ઈ.સી.સી. |
| એન. કે. કોર્પોરેશન |
| ભાગ્યોદય ઈન્ટરનેશનલ |
| બેરોન ટેલી કોમ્યુનિકેશન (ઈ) લી. |
| મહેસાણા જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. |
| રામા પેપર એન્ડ બોર્ડ |
| બી.પી.સી. એલ. |

**એક વર્ષની બાકી**

| એકમનું નામ |
|---|
| આસિમા લી. |
| એન. કે. પ્રોટીન |
| કે. જી.એન. ઈન્ડસ્ટ્રીઝ |
| ફીલ કોર્પોરેશન |
| કે.જી.એન. એન્ટરપ્રાઈઝ |
| રાજસ્થાન પેટ્રોલિયમ |
| પેન્ટીયમ ઈન્ફ્રાટેક |
| ભાવિન ટ્રેડર્સ |
| ઈસેદુ એગ્રો કેમ |
| જયંત એગ્રો ઓર્ગનિક્સ |
| સ્નાઈડર ઈલેક્ટ્રીક્લ ઈન્ડીયા પ્રા.લી. |
| શેલાની એગ્રોટેક |
| બાયોટોર ઈન્ડસ્ટ્રીઝ |
| જયંત ઓઈલ મીલ પ્રા. લી. |
| અશ્વિન વનસ્પતિ ઈન્ડ. |
| સિંજેંટા ઈંડીયા |

| |
|---|
| રેશમ મોટર્સ |
| પી.એસ.એલ. વરસાણા યુનીટ-૧ |
| ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ |

## ભાવનગર જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ

૧૭૭૦૫ **: શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના મેળવવા માટેની કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં મળેલ છે. | (૧) ૬,૬૧૫ |
| (૨) મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) ૪૭૪૩ |
| (૩) કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે? | (૩) ૧૨૧ |

## રાજકોટ, જૂનાગઢ, પોરબંદર અને અમરેલી જિલ્લાની સિમેન્ટ કંપનીઓ પાસેથી લેવાની બાકી વેચાણવેરાની રકમ

૧૭૭૩૮ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ, રાજકોટ, પોરબંદર અને અમરેલી જિલ્લાની કઈ કઈ સિમેન્ટ કંપનીઓ પાસે કેટલાં કેટલાં વેચાણવેરાની વસુલાતો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષથી બાકી છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | સિમેન્ટ કંપનીનું નામ | રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| જુનાગઢ | ગુજરાત હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ | ૫.૦૫ |
| જુનાગઢ | મે. સિધ્ધી સિમેન્ટ લીમીટેડ | ૫.૦૮ |
| જુનાગઢ | કામદાર સિમેન્ટ લીમીટેડ | ૧.૨૧ |
| રાજકોટ | સરદાર સિમેન્ટ પ્રા.લીમીટેડ | ૪.૩૬ |
| રાજકોટ | કાંગારૂ સિમેન્ટ પ્રા.લીમીટેડ | ૦.૪૮ |
| **જિલ્લો** | **સિમેન્ટ કંપનીનું નામ** | **રકમ રૂા. (કરોડમાં)** |
| પોરબંદર | સોરાષ્ટ્ર સિમેન્ટ લીમીટેડ | ૮૭.૪૨ |
| પોરબંદર | ગુજરાત હિમાલયા સિમેન્ટ લીમીટેડ | ૧.૩૨ |
| પોરબંદર | એચ.એમ.પી. સિમેન્ટ લીમીટેડ | ૪૪.૫૯ |
| અમરેલી | અલ્ટ્રાટેક સિમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ | ૬.૫૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ કંપનીઓ પાસેથી કુલ કેટલી રકમની વસુલાતો બાકી છે, અને | (૨) રૂા. ૧૫૬.૦૮ કરોડ |
| (૩) આ રકમો વસુલ કરવા અંગે રાજ્ય સરકારે ક્યા ક્યા પગલાં છેલ્લાં બે વર્ષમાં લીધા? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

## ધ્રોલ ખાતેના ભૂચરમોરી સ્મારકને ગ્રાન્ટ ફાળવણી

૧૭૪૫૨ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આવેલ એતિહાસિક વારસો ધરાવતી ભૂચરમોરીની જ્ગ્યા જે રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવેલ છે તેની | (૧) ના જી, એવી કોઈ ફરીયાદ મળેલ નથી. |

| | |
|---|---|
| સુરક્ષા અને જાળવણી માટે સન ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ના વર્ષમાં પુરતી ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે. | |
| (૨) જો હા, તો પુરતી ગ્રાન્ટ ન ફાળવવાના કારણે આ મહત્વના સ્મારકની સારી રીતે સુરક્ષા અને જાળવણી પણ થઈ શક્તી નથી તે હકીક્ત સાચી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ફરિયાદના નિકાલ માટે રાજ્ય સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## ગાંધીનગર શહેરમાં કમળાના ઉપદ્રવ અંગે

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર આરોગ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"ગાંધીનગર શહેરમાં કમળાનો વ્યાપક ઉપદ્રવ ફેલાયેલ છે અને જિલ્લાની સરકારી હોસ્પિટલમાં કમળાના અનેક કેસો નોંધાયા છે, ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં અનેક વ્યકિતઓએ કમળામાં જીવ ગુમાવ્યા છે. કમળાને કાબુમાં લેવા આરોગ્ય તંત્ર હજુ સુધી સક્રિય બન્યું નથી, તેથી કમળાનો રોગચાળો વધુ વ્યાપક બનતો જાય છે. દર્દીઓના મૃત્યુદર વધે તે પહેલાં તેને તાત્કાલિક ડામી દેવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં."

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હાલના સમયમાં ઠંડી અને ગરમી બંને ઋતુનો અનુભવ થાય છે જે મિશ્ર ઋતુ હોવાના કારણે આ ઋતુમાં પાણીજન્ય રોગો ફેલાવવાની શકયતાઓ વિશેષ હોય છે.

ગાંધીનગર શહેર વિસ્તારના પાણી પુરવઠાની જે વ્યવસ્થા છે તેમાં વ્યકિતગત ધોરણે પાણીનો સંગ્રહ કરવા માટે મકાન માલિકો દ્વારા અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓ બનાવવામાં આવી છે. જેમાં નળ ગ્રાઉન્ડ લેવલથી નીચે રાખવામાં આવેલા હોય છે. આથી પાણી પુરવઠો બંધ થાય તેવા સમયે ટાંકીના નળના કનેક્ટિંગ લેવલથી ઉપર ભરાયેલ પાણી સપ્લાય લાઈનમાં બેકફ્લોથી પરત જાય છે. આમ થવાને પરિણામે સમગ્ર નેટવર્કમાં કોઈપણ એક અથવા વધારે ટાંકી સાફ નહી હોવાના કારણે તેમાંનું દૂષિત પાણી સમગ્ર પાઈપલાઈનમાં ભળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ પ્રકારનો કમળો જેને હીપેટાઈટીસ - ઈ કહે છે તે આવા દૂષિત પાણીના માધ્યમથી ગાંધીનગરના કેટલાક રહેણાંક વિસ્તારો જેવાં કે સેકટર- ૩, ૪, ૫, ૬, ૭, ૧૨, ૧૩ અને ૧૭ માં ફેલાયેલ હોવાનું સર્વે ટીમોએ તારણ કાઢયું છે.

કમળાના કેસો અંગેની તા. ૨૪/૧/૨૦૧૧ ની સેકટર - ૬ ના રહિશોની લેખિત રજૂઆત જિલ્લા આરોગ્ય તંત્રને સાંજે મળતાં તંત્ર દ્વારા આ અંગેની જાણ તા. ૨૫/૧/૨૦૧૧ ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા, પાણી પુરવઠા વિભાગ તેમજ ડ્રેનેજ વિભાગને કરવામાં આવેલ. જેથી તેમના દ્વારા આગળની કાર્યવાહી થઈ શકે અને જિલ્લા આરોગ્ય તંત્રની ૧૦ ટીમોનુ઼ં ગઠન કરી તા. ૨૫- ૧-૨૦૧૧ થી જ આનુષાંગિક કામગીરી કરવામાં આવી. જે અંતર્ગત ફીલ્ડ સર્વેલન્સ દ્વારા કમળાના શંકાસ્પદ કેસો શોધી કાઢવામાં આવ્યાં, જેમાં પ્રથમ બે દિવસના કુલ ૧૩ કેસો નોંધાયેલ. જેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ધનિષ્ઠ સારવાર માટે રિફર કરવામાં આવેલ હતા, જયાં આ રોગની લેબોરેટરી તપાસ હાથ ધરાતાં આ કમળો હીપેટાઈટીસ-ઈ પ્રકારનો હોવાનું માલુમ પડેલ. આ પ્રકારનો કમળો મુખ્યત્વે દૂષિત પાણી તથા વાસી ખોરાક થકી ફેલાતો હોય છે, આ રોગના મુખ્ય લક્ષણો - ભૂખ ન લાગવી, ઉલ્ટી-ઉબ્કા થવા, ઝીણો તાવ આવવો, આંખમાં પીળાશ દેખાવવી, થાક લાગવો અને પેશાબ પીળો થવો જેવા હોય છે.

સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ઓ.પી.ડી. અથવા ઈનડોર દર્દી તરીકે કમળાના લક્ષણો ધરાવતાં તમામ દર્દીઓને પૂરતી સારવાર મળી રહે જે બદલ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ રોગ મુખ્યત્વે દૂષિત પાણીથી ફેલાતો હોઈ તાત્કાલિક આ વિસ્તારમાં જોવા મળેલ લિકેજ અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. અને આવા આઠ લિકેજ આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સમયાંતરે શોધી કાઢી પાણી પુરવઠા વિભાગને તાત્કાલિક લિકેજ રીપેરીંગ કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું. પાણી પુરવઠા

વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે આ કામગીરી પૂર્ણ કરી તમામ લિકેજ રીપેર કરવામાં આવ્યા હતા. જેના પરિણામે આ રોગચાળાને કાબુમાં લઈ આગળ વધતો અટકાવી શકાયો હતો.

પીવાના પાણીના કલોરિનેશન અંગેના નિયમિત સેમ્પલ દૈનિક ધોરણે ગાંધીનગર શહેરના જુદા જુદા સેકટરોમાંથી કમળો નોંધાયેલ તે દિવસેથી લેવામાં આવેલ હતા, જેમાં અત્યાર સુધીમાં કુલ ૧૫૯૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૩૦૯ ટેસ્ટ કલોરિન માટે પોઝીટીવ જણાયેલ છે. જેનો અર્થ આ પાણીમાં કલોરિનેશન પૂરતા પ્રમાણમાં હોવાનો થાય છે. જે ૨૮૪ ટેસ્ટ કલોરિન માટે નેગેટીવ આવેલ તે શરૂઆતના પ્રથમ બે દિવસ દરમ્યાન જ જોવા મળેલ હતા. જ્યારે લિકેજ રીપેરીંગની કામગીરી ચાલુમાં હતી. અને આ લિકેજના કારણે જે તે સમયે સેમ્પલ નેગેટીવ હતા. પરંતુ લિકેજ રીપેર થયા બાદ આજ દિન સુધીના તમામ સેમ્પલ કલોરિન માટે પોઝિટીવ જણાયેલ છે. આમ, પીવાના પાણીની શુદ્ધતા અંગેની અસરકારક  વ્યવસ્થા ગોઠવવામાં તંત્ર સફળ રહયું છે.

આ રોગચાળાની અટકાયત માટે જિલ્લા રેપીડ રિસ્પોન્સ ટીમે તા. ૨૫-૧-૨૦૧૧ થી જ સ્થળ ઉપર સતત કામગીરી હાથ ધરી છે. આમ છતાંયે વધારાની તકેદારી રુપે રાજયકક્ષાની એપીડેમીક વિભાગની ટીમ દ્વારા પણ તા. ૨૭-૧-૨૦૧૧ અને તા. ૩૦-૧-૨૦૧૧ ના રોજ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ જરુરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ છે.

મહાનગરપાલિકા દ્વારા પણ આ બાબતે તુરત જ કાંયવાહી હાથ ધરેલ હતી જેમાં મહાનગરપાલિકાના સ્ટાફ એવા મેલેરિયા સર્વેલન્સ વર્કર સમેત આરોગ્ય વિભાગના કર્મચારીઓની ૨૦ ટીમ જિલ્લા આરોગ્ય અધિકારી ગઠિત કરી રોગચાળાની શરૂઆતથી જ ખાદ્ય પદાર્થો વેચતાં સ્થળોએ સઘન ચેકીંગ દ્વારા એકદંરે ૫૦૦ કિલો જેટલા બિનઆરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરવામાં આવેલ. આમ આવા બિનઆરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો દ્વારા પણ રોગચાળો ફેલાતો અટકે તે માટેની સઘન કામગીરી તાત્કાલિક અસરથી કરવામાં આવી છે.

ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા પણ આ અંગે આગોતરા પગલાં લઈ ગાંધીનગર શહેરની આજુબાજુના વિસ્તારમાં પણ સ્વચ્છતાનું પ્રમાણ ઉચું જળવાય તે અંગે કામગીરી હાથ ધરવામાં આવેલ.

ગાંધીનગર શહેરમાં આ રોગચાળાની શરૂઆત એટલે કે તા. ૨૪ - ૧- ૨૦૧૧થી થઈ ત્યારથી તા. ૨૩-૨-૨૦૧૧ સુધીમાં કુલ ૨૫૨ દર્દીઓ નોંધાયેલ છે. જે પૈકી ૧૬૦ પુરૂષો અને ૯૨ સ્ત્રીઓ નોંધાયા હતા. ૨૫૨ દર્દીઓ પૈકી ૦ થી ૧૪ વર્ષના ૨૮ બાળકો અને ૧૫ થી ૪૫ વર્ષના ૧૭૩ વ્યકિતઓ અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના ૫૧ વ્યકિતઓ હતા. કમળાના રોગચાળામાં એક સગર્ભા બહેનનું મૃત્યુ તા. ૨૨-૨-૨૦૧૧ ના રોજ નોંધાયેલ છે. જેનો લેબોરેટરી અહેવાલ આ મૃત્યુ હીપેટાઈટીસ-એ અથવા ઈ (પાણીજન્ય કમળો) થી થયું હોવાનું જણાય છે. મૃત્યુ થનાર સગર્ભા બહેનની સાસરી ચાંદલોડિયા ખાતે અને પિયર ગાંધીનગર ખાતે છે. જ્યારે તેઓ મુળ પેથાપુરના વતની છે અને તેમના પિતા ગાંધીનગર મહાનગરપાલિકામાં સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. તા. ૧૧-૨-૨૦૧૧ના રોજ તેણીએ ગાંધીનગર શહેરના ખાનગી તબીબ પાસેથી તેમજ તા. ૧૬-૨-૨૦૧૧ ના રોજ રાંધેજા ખાતે ટ્રસ્ટની હોસ્પિટલમાં ઓપીડી સારવાર લીધેલ. આ સમયે તેણીને દાખલ થઈ સારવાર લેવાનું તબીબો દ્વારા જણાવવામાં આવેલ પરંતુ તેણીએ દાખલ થઈ સારવાર લીધેલ નહી. જે બાદ બીમારીએ ગંભીર સ્વરુપ ધારણ કરતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે તા. ૨૦-૨-૨૦૧૧ના રોજ દાખલ થયેલ અને સારવાર દરમ્યાન તેણીનું મૃત્યુ થયું જો શરૂઆતના તબકકામાં આપેલ સલાહ મુજબ દાખલ થઈ સારવાર લીધી હોત તો આ મૃત્યુ પણ નિવારી શકાયું હોત અત્રે ઉલ્લેખનીય છે કે, હીપેટાઈટીસ-ઈ પ્રકારના કમળામાં સગર્ભાવસ્થા દરમ્યાન કોલેસીસ્ટાઈસ થવાથી રોગ વધારે ગંભીર બનતો હોય છે. આમ સગર્ભા સ્ત્રીને હીપેટાઈટીસ-ઈ પ્રકારનો કમળો થયો ત્યારે હીપેટીક ફેઈલરનું જોખમ વધતુ હોય છે.

આ રોગચાળો શહેરના સેકટરો ૩, ૪, ૫, ૬, ૭, ૧૨, ૧૩ અને ૧૭ ખાતે નોંધાયેલો છે. જેમાં વિશેષ પ્રમાણમાં સેકટર - ૬ માં ૭૭ કેસ, સેકટર - ૪ માં ૫૯ કેસ અને સેકટર - ૫ માં ૩૬ કેસ નોંધાયેલ છે.

સદર રોગચાળાનું કારણ જિલ્લા રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા નકકી થયેલ હોવા છતાં બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદની તજજ્ઞ ટીમ ધ્વારા તા. ૩-૨-૨૦૧૧ના રોજ આ રોગચાળાના વિસ્તૃત અભ્યાસ માટે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેવામાં આવેલ. જેઓને અભિપ્રાય મુજબ આ રોગચાળાનું મુખ્ય કારણ આ વિસ્તારમાં રહેલી અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓ કે જેમાં રહેલા નીચા નળોના કારણે નેગેટીવ પ્રેસરથી સપ્લાય બંધ થયા બાદ ટાંકીનું દુષિત પાણી પરત (બેકફલો) પાણીની મુખ્ય પાઈપ લાઈનમાં જતાં આ રોગ થયેલ હોવાનું તારણ મળેલ છે.

ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા લોકોમાં જનજાગૃતિ  માટે આ રોગચાળાના અટકાયતી પગલાં અંગે બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં પત્રિકાઓનું પણ વિતરણ કરેલ છે. લોકજાગૃતિ માટે તેમજ ફીલ્ડમાં સ્વચ્છ પીવાના પાણીની ચકાસણી ત્વરીત થાય તે હેતુ માટે શહેર તેમજ જિલ્લાની તમામ આશાબહેનોને વાસ્મો, જિલ્લા આરોગ્યતંત્ર અને જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના સંયુકત પ્રયાસોથી તા. ૧૫ ફેબ્રુઆરીથી તા. ૧૯ ફેબ્રુઆરી  સુધી તાલીમ આપી જરુરી કીટ પુરી પાડવામાં આવી છે.

હાલ પણ સર્વેલન્સ તેમજ પીવાના પાણીના નમુના લેવાની કામગીરી ચાલુ છે. આમ સમગ્રતયા તવરિત કામગીરી અને સતત પ્રયત્નોને કારણે રોગચાળાને કાબુમાં લેવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે, રોગચાળા અંગે જાણ થતાં તરત જ અને આ રોગચાળો વધુ વ્યાપક બને તે પહેલા જ આરોગ્ય વિભાગના સઘન પ્રયત્નો દ્વારા ત્વરિત અસરકારક પગલાં લેવામાં આવ્યા છે. જેના પરિણામે રોગચાળાના વ્યાપને અટકાવી શકાયો છે. તેમજ જાનહાનિ નિવારી શકાઈ છે. આ પરિપ્રેક્ષમાં આરોગ્યતંત્ર હજુ સુધી સક્રિય બન્યું નથી, અને કમળાનો રોગચાળો વ્યાપક બનતો જાય છે તે હકીકતને સમર્થન મળતું નથી અને આરોગ્ય વિભાગ ધ્વારા અસરકારક પગલાં આવ્યા છે.

- કરવામાં આવેલ સઘન કામગીરીની વિગતો દર્શાવતું પરિશિષ્ટ સામેલ છે.

**ગાંધીનગર શહેરમાં કમળાના રોગચાળાના નિયંત્રણ અંગે કરવામાં આવેલ કામગીરીની વિગતો**

| **તારીખ** | **કામગીરી** |
|---|---|
| ૨૫. ૧. ૨૦૧૧ | જિલ્લા આરોગ્ય અધિકારી તથા જિલ્લા રોગચાળા અધિકારી દ્વારા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યું. તા. ૨૪. ૧. ૨૦૧૧ની સેકટર-૬ ના રહીશોની લેખિત રજૂઆત મળતા સેકટર-૬ ના સર્વે અંગેની કામગીરી હાથ ધરી. આ માટે અર્બન હેલ્થ પ્રોજેકટના સીબીએચવીની મદદ લેવામાં આવી. અને કમિશનરશ્રી મહાનરગરપાલિકાને જાણ કરવામાં આવી. |
| ૨૬. ૧. ૨૦૧૧ | સર્વે માં કુલ ૧૩ કેસો મળતા કમિશનરશ્રી મહાનગરપાલિકા, પાણીના કલોરીનેશન અંગે વિગતવાર પત્ર દ્વારા જાણે કરવામાં આવી જેમાં ૧૫૭ પૈકી ૧૪૪ નમૂના નેગેટીવ જણાયા. |
| ૨૭. ૧. ૨૦૧૧ | નોટીફાઈડ  એરીયાના કાર્યપાલક ઈજનેર મિટીંગ દ્વારા સરિતા ઉદ્યાન વોટર વર્કસ કે જેના દ્વારા સેકટર- ૬, ૭, ૫, ૪, ૩માં પાણી સપ્લાય થાય છે તેનું સુપરવીઝન કરવામાં આવ્યું પાણીનું સુપર કલોરીનેશન કરવામાં આવ્યું. કલેકટરશ્રી ગાંધીનગરને રોગચાળા અંગે વાકેફ કરવામાં આવ્યા અને સંભવિત કારણ દૂષિત પાણી હોવાનું જણાવવામાં આવ્યું. કલેકટરશ્રી દ્વારા મહાનગરપાલિકા તથા કાર્યપાલક ઈજનેરશ્રીને દ ાનિષ્ઠ કામગીરી કરવા સૂચના આપવામાં આવી. સ્ટેટ એપીડેમીક  ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ જિલ્લાના અધિકારીઓને રોગચાળા નિયંત્રણ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| ૨૮. ૧. ૨૦૧૧ | કાર્યપાલક ઈજનેરની ટીમ ધ્વારા સવારે આવતા પાણીનું કલોરીનેશન તપાસ કરતા તમામ નમૂના કલોરીન પોઝીટીવ જણાયા તેનો અર્થ એ થાય કે  પાણીનું કલોરીનેશન પૂરતા પ્રમાણમાં થાય છે.આ ઉપરાંત નોટીફાઈડ દ્વારા સેકટર-૩, ૪, ૫, ૭ તથા અન્ય જગ્યાએ ખાદ્ય પદાર્થોના વેચાણ કરતા ૨૧ લારીમાંથી ૫૦ કિલો માવો, પાણીપુરીનું પાણી, ટામેટા સોસ તથા અન્ય વસ્તુઓ નષ્ટ કરેલ છે. |
| ૨૯. ૧. ૨૦૧૧ | અર્બન હેલ્થ પ્રોજેકટના સીબીએચવી ઉપરાંત પ્રાથમિક  આરોગ્ય કક્ષાએથી ૧૬ આરોગ્ય કર્મચારીઓ અને ૪ સુપરવાઈઝર તથા સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના ૧૦ સ્ટાફ નર્સની મદદથી સર્વેની કામગીરી અસરગ્રસ્ત વિસ્તારમાં કરાવી. સેકટર-૬માં ઓપીડીની કામગીરી ચાલુ કરવામાં આવી. સેકટર- ૨, ૩, ૪, ૫, ૬, ૭ તથા પથિકાશ્રમ  એમ કુલ ૧૭ જગ્યાએથી ખાદ્ય પદાર્થોની વહેંચણી કરતા સેન્ટરો પરથી ૪૦ કિલો બટાકાનો માવો, પાણી પુરીનું આશરે ૧૦૦ લીટર પાણી, ૪ નંગ ટામેટા સોસના ડબ્બા, ૮ નંગ બાફેલા ટામેટાની બાટલીઓનો નાશ કરેલ. |
| ૩૦. ૧. ૨૦૧૧ | સ્ટેટ એપીડેમીક ટીમ દ્વારા પુનઃ મુલાકાત લઈ રોગચાળાની સમીક્ષા કરવામાં આવી અને વધુ કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં મળેલ ૩ લીકેજ ૨૮ તારીખે તથા ૪ લીકેજ ૩૦ તારીખે મળેલ જેને તે જ દિવસે રીપેર કરાવેલ. આમ, પ્રથમ કેસ શોધાયાના ત્રણ જ દિવસમાં તમામ લીકેજ રીપેર કરી પીવાના પાણી દુષિત ન થાય  તેવી કામગીરી કરવામાં આવી. |
| ૩૧. ૧. ૨૦૧૧ | જીપ દ્વારા માઈક પ્રચાર બ્લોક આઈઈસી અધિકારી દ્વારા હાથ ધરી રોગ અટકાયતી પગલાં અને લોકસહયોગ સારુ બહોળો પ્રચાર કરવામાં આવ્યો. |
| ૧.૨. ૨૦૧૧ | કમળાના રોગથી બચવા માટે ઉપાયો દર્શાવતી ૫૦૦૦ પત્રિકાઓનું અસરગ્રસ્ત વિસ્તારોમાં  વિતરણ કરવામાં આવ્યું. |
| ૨. ૨. ૨૦૧૧ | અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સ, આરોગ્ય શિક્ષણ અને કલોરિન ટેબ્લટના વિતરણની કામગીરી સઘન બનાવવામાં આવી. |
| ૩. ૨. ૨૦૧૧ | અસરગ્રસ્ત એરીયાની સ્ટેટ એપેડેમીક ટીમ દ્વારા મુલાકાત લઈ ફરીવાર સમીક્ષા |

| | |
|---|---|
| | કરવામાં આવી. કમળાના ૫ દર્દીઓના સીરમ સેમ્પલ લઈ બી.જે મેડીકલ કોલેજમાં રીપોર્ટ કરવામાં આવ્યો જેનો રીપોર્ટ હીપેટાઈટીસ-ઈ માલૂમ પડેલ. સદર રોગચાળાનું કારણ જિલ્લા રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા નકકી થઈ ગયેલ હોવા છતાં બી. જે મેડીકલ કોલેજની તજજ્ઞ ટીમ બોલાવી સદર રોગચાળાનો વિસ્તૃત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો. |
| ૪. ૨. ૨૦૧૧ | કમળાના રોગચાળા અંગે જનજાગૃતિ લાવવા માટે લોકભાગીદારી દ્વારા ૧૦૦૦૦ પત્રિકા છપાવી સર્વેલન્સ ટીમો દ્વારા વિતરણ કરવામાં આવ્યું. |
| ૫. ૨. ૨૦૧૧<br>૬. ૨. ૨૦૧૧<br>૭. ૨. ૨૦૧૧<br>૮. ૨. ૨૦૧૧<br>૯. ૨. ૨૦૧૧<br>૧૦. ૨. ૨૦૧૧<br>૧૧. ૨. ૨૦૧૧<br>૧૨. ૨. ૨૦૧૧<br>૧૩. ૨. ૨૦૧૧<br>૧૪. ૨. ૨૦૧૧ | અસરગ્રસ્ત વિસ્તારમાં રોજની ૨૦ ટીમો દ્વારા સર્વેલન્સ કામગીરી કરવામાં આવી. કાર્યપાલક ઈજનેર દ્વારા દર્દીઓના ઘરેથી, પાણીના બોરથી તથા મુખ્ય વોટર વર્કસથી કુલ ૬૩ જેટલા સેમ્પલ બાયોકેમિકલ તપાસ અર્થે જલસેવા ભવન ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવેલ. જેના રિપોર્ટ આવતા તે તમામ પીવાલાયક પાણી જણાવેલ. આ ઉપરાંત રોજરોજ આરોગ્ય શિક્ષણની કામગીરી કરવામાં આવી. દર્દીઓ ઘરોની મુલાકાત તબીબી અધિકારી અર્બન હેલ્થ તથા આયુષ તબીબી અધિકારી દ્વારા લેવામાં આવી અને સેકન્ડરી કેસ ન થાય તે માટેના તકેદારીના પગલા જણાવવામાં આવ્યા. સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર દ્વારા કમળાના રોગ અંગે લોહીની તપાસ મફત કરી આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી. જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા બ્લોક વાઈઝ તમામ કર્મચારીઓની રિવ્યુ મિટીંગ ભરી તેમાં કમળાના રોગચાળા અંગે જાગૃત કરવામાં આવ્યા. |
| ૧૫. ૨. ૨૦૧૧<br>૧૬. ૨. ૨૦૧૧<br>૧૭. ૨. ૨૦૧૧<br>૧૮. ૨. ૨૦૧૧ | જિલ્લા આરોગ્ય તંત્ર, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી તથા વાસમો દ્વારા જિલ્લાની તમામ આશાબેનોને પાણીના બોયોકેમિકલ ટેસ્ટીંગ સારુ ગ્રામ્ય પાણી સમિતિના સભ્યો તરીકે વાસમો દ્વારા સપ્લાય કરાયેલ વોટર ટેસ્ટીંગ કીટના ઉપયોગ અંગેની તાલીમ શિબિર બ્લોક વાઈઝ આયોજિત કરવામાં આવી. |
| ૧૯. ૨. ૨૦૧૧ | કલેકટરની અધ્યક્ષતામાં સંકલન મિટિંગમાં કલોરિનેશન તથા કમળાના રોગચાળા અંગેની કામગીરીની સમીક્ષા કરવામાં આવી જેમાં ફુડ એન્ડ ડ્રગ, મહાનગરપાલિકા, ગાંધીનગર તથા કાર્યપાલક ઈજનેર તમામને કામગીરી ઘનિષ્ઠ બનાવવા માટે સૂચના આપવામાં આવી. |
| ૨૦. ૨. ૨૦૧૧<br>૨૧. ૨. ૨૦૧૧<br>૨૨. ૨. ૨૦૧૧<br>૨૩. ૨. ૨૦૧૧<br>૨૪. ૨. ૨૦૧૧ | ગાંધીનગર શહેરમાં સર્વેલન્સ માટે કુલ ૨૦ ટીમો બનાવી રોજેરોજ અસરગ્રસ્ત વિસ્તારનું સર્વે, આરોગ્ય શિક્ષણની કામગીરી, તબીબી અધિકારીઓ દ્વારા દર્દીઓના દ ારે મુલાકાત લઈ અન્ય કેસ ન થાય તે માટે તકેદારીના પગલાં જણાવવામાં આવ્યા. |

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આજની તારીખ સુધીમાં કમળાના રોગના ઉપદ્રવના કારણે કુલ કેટલા કેસો સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં નોંધાયા અને આજની તારીખે કુલ કેટલા મૃત્યુ કમળાના રોગના કારણે થયાં?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખ સુધીમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કુલ ૭૩ દર્દીઓ અને ૩૦ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં એમ કરીને કુલ ૧૦૩ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થયાનો અહેવાલ છે અને એમાંથી એક દર્દીનું મૃત્યુ ખાનગી હોસ્પિટલમાં થયું છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કમળાનો રોગ આટલો વ્યાપક ફેલાયો અને આટલા મૃત્યુ થયાં હોય ત્યારે તંત્ર એને કેમ રોકી શકતું નથી અને ગાંધીનગર શહેર અને જિલ્લા સિવાય રાજયમાં પણ કમળાનો ઉપદ્રવ શરૂ થયો છે આ અંગે સરકાર પાસે કોઈ જાણકારી છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પાસે સંપૂર્ણ જાણકારી છે અને માનનીય સભ્યશ્રીને જે માહિતી આપવામાં આવી છે તે પરથી ફલિત થાય છે કે, આ કેસ અંગે જેવી સરકારને ૨૪મી જાન્યુઆરીએ ફરિયાદ મળી ત્યારથી માંડીને લગભગ રોજબરોજના ધોરણે સરકારે જાહેર હિતમાં જે કોઈ પગલાં લેવા જોઈએ તે બધાજ પગલાં લીધાં છે. માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે, ગાંધીનગરમાં પણ જે વ્યાપક રોગચાળાની વાત કરવામાં આવી છે એમાં મહદ્અંશે પ્રભાવિત સેકટરોમાં સેકટર-૪, ૫, ૬ અને કંઈક અંશે સેકટર-૧૩ છે.એટલે વ્યાપક પ્રમાણમાં રોગચાળો ફેલાયો છે તે વાતને એના પરથી સમર્થન મળતું નથી. માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે, જે પગલાં લેવામાં આવ્યાં છે એની અસરકારકતાના પરિણામે છેલ્લાં છ દિવસમાં આ સંખ્યામાં ઘટાડો થઈને

માત્ર બાર જ કેસ નોંધાયા છે એટલે આ ઉપદ્રવ ઘટતો જાય છે, મારે સભ્યશ્રીને એ પણ કહેવું છે કે આ હિપેટાઈટીસ ઈ પ્રકારનો જે પાણીજન્ય કમળાનો રોગ છે જે આ સિઝનમાં થતો હોય છે અને દૂષિત પાણીના કારણે આ રોગચાળો ફેલાયો છે અથવા તો ખોરાક દૂષિત થયો તેના કારણે આ રોગચાળો ફેલાયેલો છે અને એના જંતુઓનો સંવર્ધન કાળ ૧૫ થી ૪૫ દિવસનો હોય છે એટલે હજી છુટાછવાયા પ્રમાણમાં કેસ આવે છે અને છાપામાં જાહેરખબર આપવાથી માંડીને ઘરેઘરનો સરવે કરીને પણ કેસીસ શોધી કાઢવા માટેનું કામ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે અને માનનીય સભ્યશ્રીની આ વાતના સંદર્ભમાં મારે કહેવું છે કે, મારે કહેવું છે કે બ્લોક હેલ્થ ઓફિસ ગાંધીનગર દ્વારા ૨૫-૧-૨૦૧૧ થી ૨૪-૨-૨૦૧૧ સુધીમાં કુલ ૪૦૭ ટીમો દ્વારા ૩૩,૬૪૩ ઘરની મુલાકાત લઈ ૧,૪૮,૨૬૪ની વસતિનો સર્વે કરીને કુલ ૨૫૨ કેસ શોધી સારવાર આપવામાં આવેલ છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, સિવિલ હોસ્પિટલની ખાસ ટીમે આ સંદર્ભે ગાંધીનગરની ક્યારે મુલાકાત લીધી અને તેના અહેવાલમાં શું જણાવ્યું છે ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સિવિલ હોસ્પિટલ અમદાવાદની તજજ્ઞ ટીમે આ સંદર્ભમાં ત્રીજી ફેબ્રુઆરીએ મુલાકાત લઈ અને સઘન સર્વે કર્યો હતો જેના તારણનો છેલ્લો ફકરો હું વાંચુ છું આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે

" Epidemiologically it is Hepatits E due to the following reasons :

i) Nearly all the patients gave history of drinking dirty water since last three months and post Diwali there were significant increase in number of cases of diarrhoea. So it is water borne disease.

ii) Preponderence among adults (૧૫ - ૪૫ years) which is the peculiarity of Hepatitis E when compared with Hepatitis A in whom preponderance among children.

iii) Epidemic occurred during winter months. Hepatitis A is most common following heavy rainfal. "

એટલે આ તારણો અનુસાર આ જે કંઈ કાર્યવાહી કરવાની તે અસરકારક કાર્યવાહી આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ હજુ સુધી મને મળ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માંગુ છું કે, ગાંધીનગર, કલોલ ઉપરાંત રાજયના બીજા વિસ્તારોમાં પણ કમળાનો ઉપદ્રવ ફેલાયો છે. રાજય સરકારના ધ્યાનમાં આ બાબત છે કે કેમ ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના ધ્યાનમાં આ બાબત છે તે માનનીય સભ્યશ્રીને મેં કહ્યું, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન માત્ર ગાંધીનગર પૂરતો મર્યાદિત છે એટલે સમગ્ર રાજયને લગતી બાબતને લગતી વિસ્તૃત માહિતી આ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતી નથી.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### ૨૬૪/page>આક્ષેપાત્મક ઉચ્ચારણો અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન ક્રમાંક:૭માં પેટા પ્રશ્નમાં માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ એક આક્ષેપ કર્યો(અંતરાય)સાહેબ મને સાંભળો તો ખરાં (અંતરાય) તમારે ઉભું થવુ હતું તો થવું હતુ મેં ના નહોતી પાડી. માનનીય અધ્યક્ષશ્રીએ મને પરવાનગી આપી છે અને અધ્યક્ષશ્રીની પરવાનગીથી હું બોલી રહ્યો છું એટલે મને ખલેલ નહીં પહોંચાડો (અંતરાય) પછી તમારે જે ખુલાસો કરવો હોય તે કરજો તમને અધિકાર છે. પછી અધિકાર છે.. જે સ્પષ્ટતા કરવી હોય, માફી માગવી હોય તે બધો અધિકાર છે. (અંતરાય) મને પરવાનગી આપી દીધી છે. ઝીરો અવર્સ લીધો નથી. મને અધ્યક્ષશ્રીએ પરવાનગી આપી દીધી છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપને પરવાનગી નથી આપી નીતિનભાઈ પોઈન્ટ ઓફ ઓર્ડર ચાલુ રાખો. મંત્રીશ્રીને સાંભળ્યા બાદ આપને જે કહેવું હોય તે કહેજો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પણ ઝીરો અવર્સની તમને પરવાનગી નથી મળી (અંતરાય) અધ્યક્ષશ્રી ના કહે છે પછી તમે શું કામ દલીલ કરો છો. (અંતરાય) અર્જુનભાઈ આપને પરવાનગી નથી મળી ઝીરો અવર્સની. આપને પરવાનગી આપવામાં આવી નથી. ફરી માંગજો કાલે ટ્રાય કરજો.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપશ્રીએ મારી પાસે ઝીરો અવર્સની પરવાનગી માગી નથી, આપ મને મળ્યા નથી એટલે આપને મેં પરવાનગી આપી નથી. આપને સંતોષ ના હોય તો આપ નિયમો પ્રમાણે આગળ વધશો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, હું સીધો અહીં આવ્યો. (અંતરાય) હું આપનું એ તરફ ધ્યાન દોરવા માગું છું...(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : ઝીરો અવર્સની આપણી પાસે નિયમોમાં જોગવાઈ જ નથી. પ્રોસીજર પ્રમાણે કરવું હોય તો પણ..(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર કર્યુ છે કે મેં મંજૂરી આપી નથી, એટલે એ પ્રશ્ન ઉભો થાય જ નહીં. આપ તો કાયદાના જાણકાર છો. માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે મંત્રીશ્રી બોલી લે, પછી આપને સાંભળશે. (અંતરાય) કોઈ વસ્તુ નિયમ વિરૂદ્ધની થઈ શકે નહીં. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે માનનીય અર્જુનભાઈએ એવું કહ્યું કે કોઈ કંપનીને ૨૯ હજાર કરોડનો ફાયદો આપી દેવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, એક તો આપણા વિધાનસભાના નિયમોના નિયમ ૭૮(૪) પ્રમાણે પ્રશ્નમાં દલીલો, અનુમાનો, આળ વાતો, વક્રોકિત, વિશેષણો અથવા બદનક્ષીભર્યા વિધાનો હોવા જોઈએ નહીં. ભૂતકાળમાં પણ માનનીય પૂર્વ અધ્યક્ષશ્રીએ ગયા સત્રમાં વિધાનસભામાં કોઈપણ આધાર, પુરાવા, આંકડાકીય માહિતી હોય તો બન્ને પક્ષે રજૂ કરવા પડે. સરકાર પક્ષે પણ અમે કહીએ કે આ આધાર પુરાવો છે, તો અમારે પણ રજૂ કરવો પડે. વિરોધ પક્ષના કોઈ સભ્ય સરકાર ઉપર કોઈ આરોપ કરે તો એનો આધાર પુરાવો પણ રજૂ કરવો પડે. એમને મનમાં આવે એ પ્રમાણેના આંકડા આપી શકાય નહીં અને ગુજરાતની પ્રજાને આ ગૃહ મારફતે ગેરમાર્ગે દોરી શકાય નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે કહેવું છે કે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો. એના પાના ૧૯૬ ઉપર અધ્યક્ષશ્રીના નિર્ણય નંબર ૨૯૭. એમાં પણ સ્પષ્ટ લખ્યું છે કે પ્રશ્ન પૂછતા પહેલા સભ્યએ તેની માહિતી આધારભૂત છે કે કેમ તેની ખાતરી કરવી જોઈએ અને માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે કોઈ સભ્ય મનમાં આવે એમ ગમે તેવા આંકડા કે ગમે તેવી માહિતી વિધાનસભાના ફલોર ઉપર મૂકી દે અને એ રેકર્ડ ઉપર રહે તો સરકારને અને પ્રજાને એ ગેરમાર્ગે દોરી રહ્યાં છે તેમ સાબિત થાય. આ ગૃહનો ઉપયોગ ખોટી માહિતી આપવા માટે, ખોટા આક્ષેપો કરવા માટે થઈ શકે નહીં. માટે માનનીય અર્જુનભાઈએ અહીંયા જે કહ્યું છે તે રેકર્ડ પરથી રદ કરવું જોઈએ. અથવા એના પુરાવા એ રેકર્ડ ઉપર રજૂ કરૈ. માનનીય અધ્યક્ષશ્રી, મને વાંધો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર નીતિનભાઈએ બહુ સારો મુદ્દો ઉઠાવ્યો છે. કે ટાટા નેનો મોટર્સને કેટલો ફાયદો કરાવી આપવામાં આવ્યો છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : સાહેબ આ તો..(અંતરાય) કયા નિયમ હેઠળ કહે છે એ તો કહે. (અંતરાય) આપણા નિયમો બહુ સ્પષ્ટ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (સતત અંતરાય) અરે, બહુ સારો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. (સતત અંતરાય) અમે સાંભળ્યા છે સાહેબ. હું સ્પષ્ટતા કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : નિયમની સ્પષ્ટતા કરો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા. નિયમની સ્પષ્ટતા કરીશ અને આંકડાની પણ સ્પષ્ટતા કરીશ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : નિયમની સ્પષ્ટતા કરો. કયા નિયમ હેઠળ આ આક્ષેપ કર્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું નિયમની સ્પષ્ટતા કરીશ અને મેં ૨૯ હજાર કરોડ રૂપિયાનો આંકડો આપ્યો છે, એની સ્પષ્ટતા કરીશ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ ટાટા નેનો મોટર્સ છે, એની સાથે કરાર કરવામાં આવ્યા અને એ કરારનો દસ્તાવેજ રાજય સરકાર પાસે મોજુદ છે. એમાં કેટલા પૈસા આપવામાં આવ્યા એના કરારનો દસ્તાવેજ મોજુદ છે. અને આ જયારે કરાર થયા એ કરારની ડોકયુમેન્ટરી પણ મારી પાસે મોજુદ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, રતન ટાટા અને નીરા રાડિયાના ફોટા પણ મારી પાસે મોજુદ છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હવે ૨૯ હજારના જે આંકડા છે, એને હું વળગી રહું છું અને એનો બ્રેકઅપ પણ આપું છું. હા. રેકર્ડ ઉપર આપું છું. (અંતરાય) હા. રેકર્ડ ઉપર મૂકીશ અને સરકારે જે દસ્તાવેજનું જે પેલું કરેલું છે, એ પણ આપીશ માનનીય અધ્યક્ષશ્રી. હું માહિતી આપું છું, પહેલાં મારી પાસેની માહિતી સાંભળો. મેં આપને સારી રીતે સાંભળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આ ટાટા નેનો મોટર્સને નેનો કાર બનાવવા માટે ૧૧૦૦ એકર જમીન ૫૦ કરોડ રૂપિયાના ૬ માસિક હપ્તાથી ૪૫૦ કરોડ રૂપિયામાં આપી દીધી છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એક મિનિટ, સાંભળો. અહીં આ કોઈ નેનોની ચર્ચા થતી નથી. સવાલ એ છે કે ૨૯ હજાર કરોડ રૂપિયાનો આંકડો આપે કહ્યો છે એ આપની પાસે માહિતી હોય તો રજૂ કરો. આપે એ આંકડો રજૂ કરવો જોઈએ, અહીં આના વિશે બોલતાં પહેલાં એ રજૂ કરવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી પાસે એ માહિતી છે, રેકોર્ડમાં છે.

**શ્રી વજુભાઈ વાળા** : એ રેકાર્ડ હોય તો આપો. બીજી કોઈ વાત હોય જ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, જે વસ્તુ માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ બોલ્યા છે, એમણે કહ્યું કે મારી પાસે આનો રેકોર્ડ છે તો એ રેકોર્ડ એ રજૂ કરે, બાકી બીજી કોઈ વાત હોઈ જ ના શકે. અહીં કાંઈ નેનોની ચર્ચા થતી નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પ્રશ્નને વળગી રહું છું અને રાજય સરકાર આના માટેની એક સમિતિ બનાવે અને એ સમિતિ સમક્ષ આ બધી માહિતી આપવાની મારી તૈયારી છે. તો રાજય સરકાર એ સમિતિ બનાવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અર્જુનભાઈ, આપની પાસે રેકોર્ડ હોય તો રજૂ કરો. આમાં સમિતિ બનાવવાની કયાં વાત છે? તમારી પાસે આનો રકોર્ડ હોય તો રજૂ કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આના માટેની  માનનીય અધ્યક્ષશ્રી, હાઉસની  જોઈન્ટ કન્સલ્ટેટિવ કમિટી બનાવો, મારી સમિતિને રેકાર્ડ આપવાની તૈયારી છે.

**શ્રી વજુભાઈ વાળા** : આપે આક્ષેપ કરતાં પહેલાં એ રેકાર્ડ રજૂ કરવો પડે, પછી આક્ષેપ કરવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપ અત્યારે પણ મને કહો તો એ રેકોર્ડ આપવાની મારી તૈયારી છે. બાકી રાજય સરકાર પાસે હોય તો મૂકે.

**શ્રી વજુભાઈ વાળા** : તો એ આપી દો, ચર્ચા કરવા તૈયાર છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં સુધી આ પોઈન્ટ ઓડ ઓર્ડર મુલતવી રાખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નીરા રાડીયા આવીને ૨૯ હજાર કરોડ રૂપિયા ગુજરાતના લઈ જાય એ કોઈપણ દિવસ ચલાવી નહી. લઈએ. હાથ મિલાવવાના...(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય નીતિનભાઈ, માનનીય દિલીપભાઈ, એક મિનિટ, આ સભાગૃહમાં કોઈપણ સભ્યશ્રી જયારે વાત કરતા હોય એમ હોઈ શકે, મંત્રીશ્રી કહેતા હોય ત્યારે પણ હોઈ શકે, કયાંક માહિતી ટેબલ ઉપર મૂકો અથવા રેકર્ડ આપો એવી માગણી પણ હોઈ શકે તો એના માટે પ્રસ્થાપિત પ્રણાલિકાઓ અને નિયમોની જોગવાઈ છે. એકે એક પ્રશ્નમાં પહેલાં રેકર્ડ આપીને પછી જ આક્ષેપ કરવો એવો. કોઈપણ જગ્યાએ કોઈપણ શિરસ્તો નથી. એટલે આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નથી. માનનીય નીતિનભાઈને માનનીય અર્જુનભાઈએ આપેલ આંકડા સામે વાંધો હોય અને એમને રેકોર્ડ જોઈતું હોય, એનો દસ્તાવેજ જોઈતો હોય કે માહિતી  જોઈતી હોય તો વિધાનસભામાં પ્રસ્થાપિત નિયમો અને પ્રણાલિકા મુજબ આપને પત્ર લખવો પડે, સભ્યશ્રીને નકલ આપવી જોઈએ. આપ જયારે માગો અને આપને  લાગે કે આ દસ્તાવેજની તેમને જરૂર છે તો આપશ્રી તરફથી સભ્યશ્રીને કહેવામાં આવે અને એ રેકર્ડ એમને મળે.(અંતરાય) આ મુદ્દો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નથી પ્રસ્થાપિત પ્રણાલિકા મુજબ રેકર્ડ જોઈતું હોય તો ચાહે એ  માનનીય અર્જુનભાઈ જે કહે છે એ રેકર્ડ આપને  જોઈતું હોય તો આમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ના હોઈ શકે. એના માટેની જે પ્રણાલિકા છે  એ પ્રમાણે ચાલવું પડે. પછી આપને દસ્તાવેજો છે એ જોઈતા હોય કે કેટલા લાભ આપ્યા? એના કોઈ જી.આર. ની કોપી આપો. આપને માહિતી જોઈતી હોય કે માનનીય મુખ્યમંત્રીશ્રીના કોઈની સાથેના ફોટાની એમણે વાત કરી એ જોઈએ છે એ આપો. તો આપને આ બધી જોઈતી માહિતી માટે આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો જ નથી. એ માટેની પ્રસ્થાપિત પ્રણાલિકા અનુસરવી જોઈએ અને એ રીતે જ અનુસરાય. મને નવાઈ લાગે છે કે મંત્રીશ્રી કક્ષાએ આ  પોઈન્ટ ઓફ ઓર્ડર ના ઉભો કર્યો હોય તો સારું થાત. આપે તો કારણ વિનાનું અથવા તો આપનો  બીજો ઈરાદો હતો કે ઈરાદાપૂર્વક એક વસ્તુ રેકર્ડ ઉપર અહીં આવે. ફોટાથી માંડીને, આક્ષેપથી માંડીને  એ બધી તક તમે અર્જુનભાઈને વિના કારણે આપી છે એ નહોતી આપવાની જરૂર. એટલે આ પોઈન્ટ ઓફ ઓર્ડર નહોતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી તૈયારી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ આપ બેસો.  માનનીય મંત્રીશ્રીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે એ સંદર્ભમાં માનનીય સભ્યશ્રી મારી સમક્ષ પુરાવા રજૂ કરશે ત્યાર પછી હું વિગતવાર નિર્ણય આપીશ.

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧**

# મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક-૨૦૧૧

**મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૧નું મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૧નું મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (સુધારા વિધેયક)નું પહેલુ વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં અત્યારે મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ અમલમાં છે. જે તે વખતે આ કાયદો બનાવ્યો ત્યારની પ્રણાલી પ્રમાણે આ એકટને દર દસ વર્ષે રીન્યુ કરવાનો રહે છે અને એના ભાગરૂપે આ કાયદો આગામી દસ વર્ષ માટે રિન્યુ કરવાની દરખાસ્ત, વિધેયક લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું ઉપસ્થિત થયો છું.

આપણા દેશની અંદર મકાન માલિક અને ભાડૂઆત બંનેને પોતપોતાની શરતો પ્રમાણે પોતાની જરૂરિયાત પ્રમાણે મકાન ભાડે આપવાનો અને મકાન ભાડે રાખવાનો અધિકાર છે અને કાયદાથી આ બાબતને રક્ષણ આપવા માટે આ કાયદો જે તે વખતે અમલમાં મૂકવામાં આવેલો. આ કાયદાની મુખ્ય જે જોગવાઈઓ છે એમાં મોટે ભાગે ભાડૂઆતને રક્ષણ મળે એ પ્રકારની જરૂરિયાતો સૂચિત કરવામાં આવી છે. એવા સમયમાં રાજય સરકારે અગાઉ ૨૦૦૧માં એવા કાયદામાં સુધારણા કરી ૨૦૦૧ પછી આ કાયદો સુધારણામાં અમલમાં આવે તેવી જોગવાઈ પ્રમાણે

કોઈપણ મકાન માલિક કે કોઈપણ ભાડૂઆત જો કરાર કરી આ કાયદાની જોગવાઈનો લાભ લઈને મકાન ભાડે આપવાનો અથવા ભાડે રાખવાનો કરાર કરે અને એ કરારને માન્યતા આપે તો આ કરારના આધારે આ રેન્ટ એકટ ૧૯૪૭ છે એમાંથી બંને જણાને મુકિત મળે છે. ભૂતકાળમાં આપણા બધાને મોટા ભાગનાને અનુભવ છે કે આપણા દેશમાં અને રાજયમાં હજારો મકાનો પછી રહેઠાણના મકાન હોય કે દુકાન હોય વેપાર માટે વાણિજ્ય માટે વાપરી શકાય તેવા બાંધકામ વાળા મકાન હોય મોટા ભાગના વિસ્તારમાં અનુભવ છે કે જે લોકો શહેરમાંથી બહાર ગયા હોય, પોતાના વતનમાંથી બહાર ગયા હોય, રોજગાર ધંધા માટે બીજા વિસ્તારમાં ગયા હોય તો એમના ગામમાં પોતાનું રહેવાનું મકાન હોય દુકાન લાયક મકાન હોય એ દુકાન ભાડે આપતા લોકો અચકાય.અને એટલા માટે ખચકાય છે કે ૧૯૪૭નો જૂનો કાયદો છે તેમાં ભાડૂઆતોને જે રક્ષણ મળેલું છે તેની સામે મકાન માલિકને પૂરતા પ્રમાણમાં રક્ષણ મળેલું નથી. જૂના કાયદાની જે જોગવાઈઓ હતી તેના કારણે જે મકાન ભાડે આપ્યું હોય એ વખતે જે ભાડું ચાલતું હોય એ પછી દાયકાઓ જતા રહે તો પણ એના ભાડૂઆત ભાડું વધારતા નથી. મકાન માલિક પાસે એવી કોઈ સત્તા રહેતી નથી કે મકાન માલિક પોતે ભાડું વધારી શકે. કેટલીય જગ્યાએ આપણે જોઈએ છીએ કે કેટલાય મકાનો જર્જરિત હાલતમાં પડ્યા હોય, બંધ પડ્યા હોય, તાળા વાસેલા પડ્યા હોય, બિન વપરાશી પડ્યા હોય અને જો કદાચ એને વપરાશમાં મૂકવામાં આવે તો એ મકાનની સ્થિતિ, મજબુતાઈ, સ્વચ્છતા વગેરે જળવાઈ રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી જગ્યાએ આપણને એવું જાણવા મળે છે કે મારી પોળમાં, મારી સોસાયટીમાં, મારા મહોલ્લામાં પાંચ મકાન ખાલી છે એટલે ત્યાં આગળ ગંદકી થાય છે. ત્યાં અવાવરું થઈ જાય છે અને ત્યાં આગળ રહેનારા જે લોકો હોય એમને તકલીફ પડતી હોય છે. તો એવા લોકો નગરપાલિકામાં, મહાનગરપાલિકામાં કે પંચાયતમાં ફરિયાદ કરતા હોય છે કે આ પાંચ મકાનો અમારે ત્યાં ખાલી છે, અમારે ત્યાં તકલીફ પડે છે. તો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને પણ કોઈ એવો અધિકાર નથી કે મકાન માલિકને મકાનનો ઉપયોગ કરવા માટે કહી શકીએ. એવા સંજોગોમાં મકાન માલિકને પોતાની મિલકતની આવક મેળવવી છે. દુકાન હોય ૫૦૦-૧૦૦૦ રૂપિયા જેવો વિસ્તાર હોય એ ભાડું આવતું હોય તો એ મેળવવું છે. ઘર હોય તો ઘર વપરાતું રહે તો તેને ફાયદો થતો હોય છે. ઘરની જાળવણી થતી હોય છે. ભાડાની આવક પણ મળતી હોય છે પણ

* વિધેયક તા. ૨૯મી જાન્યુઆર, ૨૦૧૧ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ભાડૂઆત મકાન ખાલી નહીં કરે એવા ડરથી આપણાં રાજયની અંદર હજારો મિલકતો ભૂતકાળમાં અને અત્યારે પણ ખાલી પડેલી છે. તો આવા સંજોગોમાં અત્યારે જ્યારે વસતિ વધતી જાય છે, મકાનોની જરૂરિયાત ઉદ્યોગ, ધંધા, રહેઠાણ માટે વધતી જાય છે તો નાગરિકોને બન્ને પક્ષે સરળતા થાય, મકાન માલિકને પોતાનું મકાન ભાડે આપવા માટે એક સુરક્ષાની ગૅરન્ટી મળે અને ભાડૂઆતને પણ મકાન ભાડે લેવા માટે એક સુરક્ષાની ગૅરન્ટી મળે એમ ઉભય પક્ષે બન્નેને લાભ થાય એવી જોગવાઈ કરતું આ બિલ જ્યારે ૨૦૦૧માં કાયદાનું સ્વરૂપ આપણે ૧૦ વર્ષમાં આપ્યું ત્યારે તેમાં એવી સરસ જોગવાઈ છે કે મકાન માલિક અને ભાડૂઆત ભાડું કેટલું હશે, દર વર્ષે ભાડામાં કેટલો વધારો થશે, નગરપાલિકાનો ટેક્સ કોણ ભરશે. મકાનની માવજત કેવી રીતે રખાશે, પાણીનું બિલ, લાઈટનું બિલ વગેરે કોણ ભરશે, મકાન ખાલી કરવું હોય તો કેટલા વર્ષમાં ખાલી કરવાનું રહેશે આવી સ્પષ્ટ સરળતાવાળી જોગવાઈઓ સૂચવી બન્ને પક્ષે જે સંમતિ મળે અને જે એગ્રીમૅન્ટ કરે એ એગ્રીમૅન્ટને આ રેન્ટ એકટ ૧૯૪૭નો જે છે એમાંથી આપણે મુકિત આપીએ છીએ. એટલે કે ૨૦૦૧ પછી જે મકાનો ભાડે અપાયા અને આ એગ્રીમૅન્ટ નીચે આ કાયદાનો લાભ લઈને અપાયા એ મકાન માલિકે ૨૦૦૫માં મકાન ભાડે આપ્યું હોય અને અંદર શરત કરી હોય કે ૨૦૧૦માં પાંચ વર્ષ પછી તમારે આ મકાન ખાલી કરવું પડશે. દર વર્ષે આટલી આટલી રકમનો ભાડા વધારો થશે. નગરપાલિકાનો ટેક્સ ભાડૂઆતે ભરવાનો રહેશે. જે જોગવાઈ બન્નેની સંમતિથી કરી હોય એ જોગવાઈને લાગુ કરતું આ બિલ જ્યારે ૧૦ વર્ષની મુદત પૂર્ણ થઈ છે ત્યારે ૩૧-૩-૨૦૧૧ સુધી આ કાયદો અમલમાં છે. એટલે ૧લી એપ્રિલથી ફરી ૧૦ વર્ષ માટે ૩૧-૩-૨૦૨૧ સુધી ૧૦ વર્ષ માટે આ કાયદાને ફરી લંબાવવા માટે, રીન્યુ કરવા માટે આ સન્માનનીય ગૃહ સમક્ષ હું આ સુધારા વિધેયક લાવ્યો છું. બન્ને પક્ષે ફાયદો છે અને ભારત સરકાર પણ ઇચ્છે છે કે આખા દેશની અંદર મૉડલ રેન્ટ એકટ બને, ભારત સરકારે પણ દરેક રાજય સરકારોને મૉડલ રેન્ટ એકટનું એક મૉડલ સ્વરૂપનું બિલ વિચારણા માટે મોકલી આપ્યું છે. દરેક રાજયોએ વત્તા-ઓછા પ્રમાણમાં પોતાની જરૂરિયાતો અને પોતાની વ્યવસ્થાને અનુરૂપ થઈ આ કાયદામાં સુધારા કર્યા છે ત્યારે ૨૦૦૧માં ભારતીય જનતા પક્ષની માનનીય નરેન્દ્રભાઈની સરકાર આવ્યા પછી આ સુધારો પ્રજાને રાહત આપવા માટે, જે મકાન માલિક હોય એને પોતાના મકાનની આવક થાય, એનું પોતાનું મકાન સુરક્ષિત રહે, એના મકાનની જાળવણી થાય અને સ્વચ્છ રહે અને હજારો મકાનો જે ખાલી પડ્યા રહેતા હતા, ભાડૂઆતોને મકાન નહોતા મળતા, તો હજારો ભાડૂઆતો આ કાયદાનો ઉપયોગ કરીને એમને મકાનો ભાડે મળે એવી ઉભયપક્ષે જે સરળતા કરી છે એ સરળતા ખૂબ આવકાર મેળવે છે. હજારો લોકોએ આ કાયદાની જોગવાઈનો લાભ લઈ મકાનો ભાડે આપ્યા છે.અને મકાન ભાડે લીધું છે ત્યારે આગામી દસ વર્ષ માટે પણ આપણે આ કાયદો લંબાવવાનું ઇચ્છીએ છીએ. મેં અનેક વકીલ મિત્રોને પૂછ્યું, ભાડે લેનાર વ્યકિતઓને પૂછ્યું, આ કાયદો લાવતા પહેલાં પૂછ્યું, નામ.હાઈકોર્ટમાં પ્રૅક્ટિસ કરતા વકીલ મિત્રોને પૂછ્યું, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ પ્રૅક્ટિસ કરતા વકીલ મિત્રોને પૂછ્યું. બધાએ જણાવ્યું કે, જ્યારથી આ કાયદો અમલમાં આવ્યો છે ત્યારથી ભાડૂઆત અને મકાન માલિક વચ્ચે તકરારો થતી હતી, દાવા થતા હતા, વકીલો પાછળ હજારો રૂપિયાનો ખર્ચ થતો હતો, એક બીજાના સંબંધો બગડતા હતા, કોઈ જગ્યાએ તો મકાન ખાલી કરાવવા મારામારી થતી હતી, ફોજદારી કાર્યવાહી કરવી પડતી હતી. એ બધા જ પ્રશ્નોનું નિરાકરણ આ કાયદાથી આવ્યું છે. આ કાયદો તા.૩૧-૩-૨૦૨૧ સુધી લંબાવવા માટે આ સુધારા વિધેયક લઈને હું આ ગૃહ સમક્ષ આવ્યો છું. હું સમજું છું કે, મારી આટલી પૂર્વ ભૂમિકા સૌ સભ્યશ્રીઓ સમજ્યા હશે અને આખા રાજયની પ્રજાને બધી જ રીતે ઉપયોગી થાય તેવા આ કાયદાને પક્ષાપક્ષીથી પર રહીને સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આપ સૌ સાથે મળી આ કાયદાને સર્વાનુમતે પસાર કરીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ વિધેયક લને આવ્યા છે. આ જ કાયદામાં ૧૯૯૧માં બિલ નં.૩થી ૨૦૦૧માં બિલ નં.૨૯ અને ૨૦૦૧માં બિલ નં.૩૪થી સુધારાઓ આવ્યા હતા. માનનીય મંત્રીશ્રીએ ઉદ્દેશ, કારણો અને હાર્દ સમજાવવા પ્રયત્ન કર્યો છે. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે, હાઈકોર્ટના ઘણા બધા વકીલો પાસેથી માહિતી મેળવી છે. ખબર નહીં પડી, હું પણ હાઈકોર્ટનો, અહીંયાં નજીકમાં જ હતો અને કહ્યું હોત કે અભિપ્રાય મોકલો.(અંતરાય) એટલે જ મને શંકા ગઈ. વકીલો બેકાર થવાના હોય અને વકીલો એમ કહે કે, આ બિલ લાવો. આ બે વસ્તુનો મેળ નહોતો પડતો અથવા મને સમજાતું નહોતું. માનનીય નીતિનભાઈનું ઘણું સમજવા જેવું નથી હોતું. પણ મારે એવું બોલાય નહીંને.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકના ઉદ્દેશો, કારણો અને હાર્દ, એની વાત. આપણે એક વખત એક કાયદો દસ વર્ષ માટે આપ્યો. એ વખતે ચિરંજીવ લઈને નથી આવ્યો. સ્પેશીફિક ટાઇમ માટે લાવીએ છીએ. એની મુદત વધારીએ છીએ. એનો અર્થ એ કે, બિલ જેમણે ડ્રાફટ કર્યું છે એ એક્ઝિક્યુટિવ, બીજું જેમણે પાસ કર્યું છે એ લૅજીસ્લેટીવ, The are very conscious. આ કાયદો આપણે ચિરંજીવ બનાવવાની અંદર let us have this Act for ten years ૧૦ વર્ષ માટે આ કાયદાનો અમલ કરીએ. દસ વર્ષ દરમિયાનના અનુભવોને આપણે સુયોજિત કરીએ અને દસ વર્ષ પછી આનું અમલીકરણ ચાલુ રાખવું છે કે કેમ એ પણ નક્કી કરીશું. દસ વર્ષના અનુભવે, એ અનુભવના નિચોડથી સુધારો લાવવો હશે તો એ લાવીને પણ એ સ્પેશીફીક સમય માટે લાવે. માનનીય મંત્રીશ્રીને એટલા માટે ટકોર કરી કે, આપ જ્યારે મોટા ફલક ઉપર આ વાત લઈને જાઓ છો. કારણ કે,

કાયદો છે એ ભલે લાવે છે સરકાર અને એને પાસ કરે છે આ વિધાન સભાગૃહ. પણ કાયદો એ એક ક્લાસ માટે નથી હોતો, આખા માસ માટે હોય છે. ભલે કાયદો સત્તાધારી પક્ષ માટે કામમાં આવે અને વિરોધપક્ષને નડે, સત્તાધારી પક્ષને ન નડે એવું ન હોય. આ કાયદો દરેક નાગરીક માટે સમાન છે. એ સંજોગોમાં આપણે આ ૧૦ વર્ષના, કારણ કે હું કેટલીક પ્રોવિઝન જોતો હતો, કેટલીક વાસ્તવિક મુશ્કેલીઓ આપના પાસે પણ આવી હશે, આ ગૃહના માનનીય સભ્યશ્રીઓ, આ પાટલી પર બેસતા હોય કે આ પાટલી પર બેસતા હોય એમની પાસે પણ આવી હશે, એક તરફ આપણો રેન્ટ એકટનો કાયદો છે, એ ભાડૂતને પ્રોટેકટ કરે છે. અને ભાડૂતના હિતોનું રક્ષણ કરે છે. આ કાયદાથી આપણે ભાડૂત અને માલિક વચ્ચેના કરારને મહત્ત્વ આપીએ છીએ, અને માલિકના હિતોનું રક્ષણ, હું સમજુ છું એ પ્રમાણે આ કાયદાથી એનું રક્ષણ વધારે થાય છે. સમજી શકાય છે, આપના લૉજિક સાથે, આપની વાત સાથે, સહમત થઈ શકાય છે. કે ભાડૂતને માત્ર પ્રોટેકટ કરતી કેટલીક જોગવાઈઓના કારણે મકાન માલિક એનું મકાન બંધ રાખવાનું પસંદ કરે, કોઈને આપે જ નહીં, અને પરિણામે એક નેશનની પ્રોપર્ટી અનયુટીલાઈઝ રહે, અને એના કારણે રાષ્ટ્રીય સંપત્તિનું નુકસાન ન થાય એની ચિંતા જરૂર હોવી જોઈએ અને આપણે કરવી જોઈએ, પરંતુ સાથોસાથ કાયદાની પરિભાષા જેના પાસે સંપત્તિ છે, એ સંપત્તિના માલિકને એટલો સમૃદ્ધ ન બનાવતી હોવી જોઈએ કે જેથી કરીને એને ત્યાં આવનારો ભાડૂત છે એ ભાડૂતના કાંડા કાપી લેવામાં આવે. કે તારે આટલું આટલું કરવાનું તો જ તને મળે, એટલા માટે હું માનું છું કે આમાં વધારે સંશોધનનો પણ અવકાશ છે. વધારે ફલક પર ચર્ચાનો પણ અવકાશ છે. કેટલીક જોગવાઈઓ જે મકાન માલિક હોવાનો છે એ સમૃદ્ધ હશે એટલું જ નહીં એના પાસે કાયદાકીય જ્ઞાન પણ હોવાનું, એનું ડ્રાફટીંગ પણ એ હશે, ભાડૂત કોણ જવાનું છે, જે પોતાની અસ્ક્યામત ઉભી નથી કરી શકે એવો એ માણસ ભાડૂત તરીકે જાય છે. એ દસ્તાવેજમાં જે સહી કરે છે એ એને બંધનકર્તા રહેવાનો ત્યારે આ કાયદાને હું આજે તમે ન આની મુદત વધારો એમ કહેવા માગતો નથી. હું માત્ર આને અમે વિરોધ પક્ષમાં છીએ વિરોધ જ કરીએ છીએ એમ કરવા માગતો નથી કે તમે બહુમતિના જોરે પાસ કરો, પણ હું આપને એ કહેવા માગુ છું કે ખુલ્લા મને કેટલીક જોગવાઈઓનો અભ્યાસ કરવો પડશે. ભલે આ કાયદાની મુદત ૧૦ વર્ષ આજે લંબાવીએ, આપ હકારાત્મક વાત સાથે લાવો, અમારા રચનાત્મક સહયોગ રહે, પરંતુ એક મન ખુલ્લું એ પણ રાખીએ કે આ માટે, હું તો એમ કહીશ કે આજે આ બિલ ભલે પસાર કરો પણ સાથોસાથ બંને પક્ષના સભ્યોનો અથવા આ ગૃહના તમામ પક્ષના સભ્યોની એકાદી એક કમિટી એવી કરીએ કે જે આપને પણ અભ્યાસ કરીને એકાદ વર્ષ દરમિયાન આ કાયદામાં અમલમાં ભાડૂઆતને અને માલિક વચ્ચેના સંબંધોમાં ભાડૂઆતના હિતો રેન્ટ એકટથી મળતું એમનું રક્ષણ, એ કયાંય ખોટી રીતે તો નથી દબાતોને, એનો અભ્યાસ કરે, અને આવતા બજૅટ સત્રમાં આવીએ ત્યાં સુધીમાં આપને રિપૉર્ટ મળ્યા પછી, આપના વિભાગ સાથે અથવા આપની બુદ્ધિક્ષમતાથી આપ એને ચકાસીને આપને એમ લાગે કે ના આ કાયદામાં આ સુધારાઓને પણ અવકાશ છે જેથી કરીને જે મૂડીપતિઓ જે, માલિકો છે મકાનના એમની અસ્ક્યામતો વપરાયા વગરની ના રહે એ પણ બરાબર પણ એને વાપરનાર માણસ છે એનું શોષણ પણ ન થાય, એ બંને વચ્ચેની ભૂમિકા ઉભી થાય એ માટેનો અભ્યાસ પણ આપણે કરીએ એ જ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ))** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક મંત્રીશ્રી જે લાવ્યા છે એને સમર્થન અને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭નો રેન્ટ એક્ટ છે તેને આજના પરિપ્રેક્ષ્યમાં ફરીથી વિચારવાનો સમય પાકી ગયો છે. હું એક દાખલો આપવા માગું છું. મારી પાસે ગયા વર્ષે એક વ્યક્તિ આવી હતી. એ વ્યક્તિ મકાન માલિક હતી. એ મકાનનું ભાડું ૧૫ રૂપિયા હતું. મકાનમાં રહેતો ભાડૂઆત ૧૫ રૂપિયા દર મહિને ભાડું મની ઑર્ડરથી મોકલતો હતો. મકાન માલિકે એમ કહ્યું કે તમે ભાડૂઆતને સમજાવો કે એ ખાલી કરે અથવા મકાન વેચાતું લઈ લે. એક સિફારીશ લઈને આવ્યો હતો. મેં કહ્યું કે કારણ શું? તો એમ કહે કે ૨૦૦ રૂપિયા લાઈટ બિલ અને ૧૨૦ રૂપિયા મિલકત વેરો એમ દર મહિને મારે ૩૨૦ રૂપિયા ખર્ચવાના. એટલે વર્ષના ૩૮૪૦ ની સામે એ વર્ષે દહાડે ૧૮૦ રૂપિયા મને આપે. આ મકાન મને પોષાતું નથી. ક્યાં એ વેચાતું લઈ લે. મને પોતાને પણ એમ લાગ્યું કે એમની વાતમાં તથ્ય તો છે જ. કાયદામાં કંઈક કચાશ તો છે જ. આજની તારીખમાં મકાન બનાવવું એટલે જમીન, દુનિયામાં પૈસો વધશે, માણસની કિંમત વધશે પરંતુ જમીન એટલી જ રહેવાની છે, એ વધવાની નથી. જે વ્યક્તિએ રોકાણ કર્યું હોય, જે જમાનામાં રોકાણ કર્યું હોય તે જમાનામાં ભલે ૫ રૂપિયામાં મકાન બાંધ્યું હોય, પરંતુ આજની તારીખમાં એ મકાનની કિંમત જમીન અને મિલકત બન્ને બાંધેલી છે તેના આધારે નક્કી થતી હોય છે. એવા સંજોગોમાં એને કડવું લાગે છે. આ રેન્ટ એક્ટના કારણે ૨૦૦૧ પહેલાં ઘણા મકાનો ખાલી પડી રહેતા હતા. ૧૯૯૨માં મોડેલ લો બનાવવા માટે કેન્દ્ર સરકારે દરેક રાજ્યોને લખ્યું પણ છે કે આ બાબતમાં એક મોડેલ લો બનાવો અને એ બાબતમાં સરકાર વિચારણા પણ કરી રહી છે. પરંતુ તાત્કાલિક બન્ને પક્ષે કંઈક ક્રીમ નીકળે, કંઈક ફાયદો થતો હોય, બન્નેના હિતોનું રક્ષણ થતું હોય એવું સરકાર વિચારી રહી છે અને એટલા માટે સરકારે ૨૦૦૧માં આ વિધેયક લાવીને એવું નક્કી કર્યું કે ૧૦ વર્ષ સુધી, જે ૨૦૦૧ના ભાડૂઆત છે તેને એમાંથી બાકાત રાખીને ત્યારપછી વિદ્યમાન જગ્યા છે ત્યાં બંધાયેલ મકાનને નવો કાયદો લાગુ પાડવામાં આવ્યો છે. તેને રેન્ટ

એક્ટમાંથી મુક્તિ આપવામાં આવી. અમારા સુરતમાં રેન્ટ એક્ટ હતો ત્યારે અમારા વડવાઓ એક કહેવત લાવ્યા હતા કે, ગાંડાઓ બાંધે અને ડાહ્યા રહેવા જાય. સુરતની પરિસ્થિતિ એવી થઈ છે કે ત્યાં રોટલો મળે છે પણ ઓટલો ન મળે. રહેવાનું મકાન મળતું નથી. એના પરિણામે સુરતમાં જ નહીં સમગ્ર ગુજરાતમાં ઉદ્યોગો જે રીતે વિકાસ પામી રહ્યા છે, ગુજરાત વિકાસની રાહ બતાવી રહ્યું છે તેના આધાર ઉપર રોજગારી મેળવવા માટે ગામડા તરફથી અને અન્ય રાજ્યોમાંથી ઘણા લોકો સુરત શહેર તરફ કે ગુજરાત તરફ આવી રહ્યા છે. મકાનો મળે નહીં એટલે ઝુંપડપટ્ટીઓ બનવા માંડી. સરકારી જગ્યા ઉપર દબાણો કરીને આ પરપ્રાંતીઓએ અને ગરીબોએ ઝુંપડપટ્ટી બનાવી અને રહેવા માંડ્યા. કારણ શું? કોઈપણ મકાન માલિક પોતાનું મકાન આજે સ્ક્વેર ફીટ પ્રમાણે ભાડું લે છે. ફ્લેટ પણ એ પ્રમાણે ભાડું લે છે. ૪૦ લાખનું મકાન લઈને શું ભાડું આપશે? મારે ત્યાં પરપ્રાંતીઓ આવ્યા છે. હું કોમ્યુનિટીનું નામ આપવા માગતો નથી પણ દલાલી કરે છે. ૫૦ લાખ રૂપિયાનો ફ્લેટ ભાડે રાખવાનો અને દર મહિને ૧૫ હજાર ભાડું. હવે ૫૦ લાખ ધંધામાં નાખે અને ૧૦ ટકા મળે તો કેટલા મળે? પાંચ લાખ રૂપિયા કમાય. પાંચ લાખ રૂપિયા કમાય, એને ૧૫૦૦૦ ભાડું પોષાય. હું તો કહું છું કે ટ્રેડિંગનો બિઝનેશ કરે એમાં ૨% મળતા હોય કમીશનના તોય એને ૧૦ લાખ મળે તો કઈ વ્યકિત મહિનાની વાત કરું છું કે એ મહિને ૧૫૦૦૦ ખર્ચે કે ૧ લાખ ખર્ચે? એ મકાનમાં ભાડે રહેવા જાય એટલે જેની પાસે પૈસા છે એની વાત છે પણ જેની પાસે પૈસા નથી તેનું શું? તેઓ ઝૂંપડાં બનાવવા માંડ્યાં અને આ ઝૂંપડાં એ આજે આપણા ગુજરાતમાં નહિ પરંતુ સમગ્ર દેશની અંદર શહેરની એક ઓળખ થઈ ગઈ છે કે ઝૂંપડા એટલે શહેર બની ગયું. કારણ કે રોજીરોટી માટે લોકો આવવાના જ છે. એમ કહેવાતું કે ગુજરાત, આખો ભારત દેશ ગામડામાં વસે છે. આજે શહેરોની અંદર કુલ ૪૦-૪૫% વસ્તી થવા માંડી છે. સાહેબ, ટૂંકમાં મારો કહેવાનો ભાવાર્થ એટલો છે કે એક એવી નીતિ બનાવવી જરૂરી છે કે લોકો મકાન પણ બાંધે, લોકો રહેવા પણ જાય અને લોકોને એમાં સગવડતાય મળે તે પ્રકારની કોઈ નીતિ બનવવાની જરૂર હતી અને આપણા ૨૦૦૧ ની અંદર આ નીતિમાં જે લોકો મકાન ભાડે આપશે તેને રેન્ટ એકટમાંથી મુકિત આપવી તે નક્કી થયું, જેની ૧૦ વર્ષની મુદત આપવમાં આવી. આ ફરી ૧૦ વર્ષની મુદત આપણે વધારી રહ્યાં છીએ. દેશમાં ઘણાં કાયદાઓ છે, ઈવન કેન્દ્ર સરકારની ૧૦-૧૦ વર્ષની મુદત વધારીએ છીએ. એ કાયદાઓને નિલંબિત નથી કરી શકી. ઈવન આપણા બંધારણના લેખક બાબા સાહેબ આંબેડકરે એસ.સી.ના રીઝર્વેશન માટે પણ ૧૦ વર્ષની મુદત આપી. ૫૦ થી ૬૦ વર્ષ આજે ૨૦૧૧માં થયા તોય આપણે ૧૦-૧૦ વર્ષની મુદત વધારીએ છીએ. આ ૧૦ વર્ષની મુદત દરમ્યાન પરિણામ સારું આવ્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું કહેવા માગીશ કે આપ જાણો છો કે ઈન્વેસ્ટમેન્ટ સમિટની અંદર આજે બાંધકામના ધંધામાં પડેલા બિલ્ડરો અને ઓર્ગેનાઈઝરોએ પણ ગુજરાત સરકાર સાથે MOU કર્યા છે. શા માટે? ઈન્વેસ્ટર ૫૦,૦૦૦ રોકતા થયા મકાનની અંદર, મારા પોતાના ૩ મકાન હોય તો હું ૩ મકાનમાં તો રહેવા નથી જવાનો, બાકીના બે મકાનોમાંથી સેઈફ ઈનકમ, ખાતરીપૂર્વકની ઈનકમ ઊભી કરીને કેટલીય વ્યકિતઓ જીવન નિર્વાહ કરી રહ્યાં છે. માનનીય મંત્રીશ્રી આજે જે બિલ લઈને આવ્યાં છે હું એમ કહું છું કે આ બિલને સમર્થન નહિ આપવું જોઈએ પણ એકી અવાજે તમામે તેને અનુમોદન આપવું જોઈએ અને તેની ઉપર ચર્ચા પણ નહિ હોવી જોઈએ પણ એટલું થશે કે ૨૦૦૧ પહેલા જેટલા ભાડુઆતો છે તે લોકોનું શું? ૨૦૧૦ માં જે લોકોને મુકિત આપી છે તે લોકોની ૧૦ વર્ષની મુદત વધારો પણ જે ૨૦૦૧ પહેલા મકાન માલિક અને ભાડુઆત વચ્ચે જે કરારો થયા છે તે બાબતમાં શું કરવું? રાજ્ય સરકાર, આપણી સરકાર આ બાબતની અંદર પણ જૂના ભાડૂઆતોને રક્ષણ આપવા માટેનું બિલ, ૧૦ વર્ષની મુદત વધારવા માટેનું બિલ લઈને આવ્યાં છે તેને રેન્ટ એકટ હેઠળ ચાલુ છે તેને ફરી ૧૦ વર્ષ માટે ચાલુ રાખવું તેવું નક્કી કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારાં નેતાશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું એમની વાત થોડી હકારાત્મક હતી. આ સુધારો અયોગ્ય છે એવું નથી પરંતુ આ દેશમાં કોઈપણ વ્યકિત આજે હું મકાન માલિક હોઈ શકું, આવતી કાલે ભાડુઆત પણ બની શકું. એવી પરિસ્થિતિનું નિમાર્ણ થતું જ હોય છે એટલે કોઈ પણ કાયદો કે કોઈ પણ નિયમ બનાવવામાં આવે તો તમામને માટે એક સરખી હોઈ શકે તેમાં કોઈ પણ તફાવત કે ડિફરન્સ રાખવામાં આવતો નથી, એ વિચારણા માગી લે છે અને એને માટે રાજય સરકાર પોતે પણ કેન્દ્ર સરકારનો મોડેલ એકટ ૧૯૯૨નો છે જે દરેક રાજયને સલાહ આપી છે કે, આપ આ બનાવો તો એ બાબતમાં પણ ગંભીરતાપૂર્વક વિચારણા કરી રહી છે અને એ બાબત જ્યારે અમલમાં આવશે ત્યારે તમામના હિતો જળવાય એ પ્રકારનું તમામ એક જ અવાજે આ ગૃહમાંથી પસાર થાય એ પ્રકારનું બનાવવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૧ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને આપની મારફતે તમામ સભાગૃહના સદસ્યશ્રીઓને વિનંતી કરવા માગું છું કે, તેને સર્વાનુમતે મંજૂરી આપે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, The Bombay Rents, Hotel and lodging House Rates Control ( Gujarat Amendament) Bill, ૨૦૧૧ લઈને આવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર મહત્ત્વના મુદ્દાઓ મારા નેતા આદરણીય શ્રી શકિતસિંહભાઈ અને માનનીય સભ્યશ્રી કિશોરભાઈએ ઊભા કર્યા છે. હાઉસીંગની સમસ્યા માનનીયશ્રીની વાત સાથે હું સંમત છું કે, આપણા સૌ માટે એ ચિંતાનો વિષય છે. અર્ફોડેબલ હાઉસની અંદર આ સમસ્યાનો સામનો એક યા બીજા રાજયો,

એક યા બીજી રીતે કરી રહ્યા છે. અને બહુ સાચી વાત કરી કે, એના કારણે આજે શહેરોની જે ઓળખ છે એ બદલાઈ રહી છે અને સામાન્ય માણસ માટે પાકા મકાનમાં રહેવું, ભાડેથી રહેવું એ સ્વપ્નું થઈ ગયું છે, માલિકી હોવી એ પણ સ્વપ્નું થઈ ગયું છે. રાજયની અંદર જે શહેરમાં રહેતો વર્ગ છે મોટાભાગે એ દસ હજારથી વીસ હજાર રૂપિયા કમાતો વર્ગ છે એના માટે ઘર હોવું જોઈએ અને આ વર્ગ છે એ ૬૦ ટકા કરતાં વધારે વર્ગ છે અને છતાં જે શહેરી નીતિ આપણી બને છે એ નીતિમાં આ વર્ગ માટે કોઈને કોઈ જગ્યાએ જે જગ્યા રાખવી જોઈએ એ જગ્યાનો અભાવ છે. ખૂબ ચિંતાનો વિષય છે અને જો આપણે એ ચિંતા નહીં કરીએ તો આવનારા દિવસોમાં શહેરો આપણા વધારે કદરૂપા, વધારે ગંદા અને પ્રવેશ રાખવા લાયક બનશે નહીં. માનનીય મંત્રીશ્રી આ બાબતની ચિંતા કરે, નિષ્ણાંતોની સલાહ લે એ બાબતમાં અને વધારે ઘરો અવેલેબલ થાય, બિલ્ડરોને નફો મળે એ બાબતમાં કોઈ ના કહી શકે નહીં, વ્યવસાય કરતો હોય એને એનો નફો મળવો જોઈએ પરંતુ આપણે ત્યાં નીતિ બની છે, નીતિ એવી બની છે કે, એકના હજાર થઈ જાય, એક રૂપિયાના હજાર રૂપિયા થાય અને એનો લાભ માત્ર ને માત્ર ગણ્યાગાંઠયા લોકો જે જમીન-મકાનનું કામ કરનારા લોકો છે, બિલ્ડરો નહીં, કામ કરનારા નહીં પણ જે ઊથલો કરનારા લોકો છે એના ખિસ્સામાં જાય અને એના કારણે જે કામ કરનારો બિલ્ડર છે એને પૈસા ના મળે, જમીન વેચાનારો ખેડૂત છે એને પૈસા ના મળે.અને માત્ર ને માત્ર ગણ્યાગાંઠયા જે લોકો જમીનનું હોર્ડીંગ્સ કરે છે એ આખી પ્રક્રિયાનું સંચાલન અત્યારે એમના હાથમાં આવી ગયું છે. એનો વિચાર કરે. માનનીય કિશોરભાઈએ જે મુદ્દો ઉઠાવ્યો છે એના સમર્થનમાં હું વાત કરું છું કે જયાં  સુધી આ વિચાર નહીં કરીએ ત્યાં સુધી આ શહેરોની અંદર ગરીબ માણસ માટે, મધ્યમ વર્ગ માટે ઘરનું ઘર હોવું કે ભાડાના ઘરમાં રહેવું બેય આજે એની પહોંચની બહાર છે. બિલના મુદ્દા ઉપર આવું. શકિતસિંહભાઈએ મને વાત કરી. (અંતરાય) તમારો વિરોધ કરવા નથી ઊભો થયો. અમારે ખાસ ભાઈબંધી છે. તમે ગમે તેટલા પ્રયાસ કરશો અમને છુટા નહીં પાડી શકશો નહીં. એક દુજે કે લીયે છે એટલે બિલનો જે શકિતસિંહભાઈએ વાત કરી અમે વિરોધ કરવા ઊભા થયા છીએ એવી વાત નથી. બે સમસ્યાઓ આજે કોરી ખાય છે. એક સમસ્યા એવી છે કે ભાડુઆતને મકાનની જરૂરિયાત નથી એ કોઈ બીજી જગ્યાએ રહેવા ચાલી ગયો છે. એના પેટા ભાડુઆતને આપી દીધું છે. કબજો છોડતો નથી. માલિક છે એ પોતે ભાડાના ઘરમાં રહે છે એને જગ્યા નથી અને છતાં આવા કિસ્સાની અંદર આપણો ભાડુઆત કાનુન એને મદદ કરતો નથી. એનાથી બીજી વાત એ છે કે મકાન માલિક સદ્ધર છે એને મકાનની જરૂરિયાત નથી. એક જ મકાનની અંદર બે ભાડુઆતો છે એકને ખાલી કરાવી અને એમાં એવા ન્યુસન્સને મારા જેવાને મુકે કે એને ખાલી કરી દેવું પડે. (અંતરાય) મારા ઉપર લીધું છે. મેં આવા કિસ્સાઓ અનેક જગ્યાએ જોયા છે. પડોશની અંદર એવો માણસ આવે કે મકાન પાડી નાખે એટલે જે ભાડુત મકાન છે એ આખું અસ્થિર થઈ જાય. જુના અમદાવાદની અંદર અમે આ ખાડીયાની ચૂંટણી વખતે ફર્યા. મારા જેવા લોકો મકાન લઈ લે. બાજુનું હેરીટેજ પ્રકારનું મકાન હોય. એની બાજુનું મકાન પોતે લઈને પાડી નાખે. એનું મકાન અસલામત થઈ જાય. કમિશ્નરને અરજી કરે કે આ બાજુનું મકાન અસલામત છે. કોઈનો ફોન જાય એટલે કમિશ્નર ત્યાં બુલડોઝર લઈને મોકલાવે અને જો મારા જેવો માણસ એ મકાન લઈ લે તો ફરી પાછું એ મકાન સલામત થઈ જાય. આ રેકેટ જે જુના ભાડુઆતોની વચ્ચે ચાલે છે. એક આ પ્રકારની વ્યવસ્થા છે. બીજી જગ્યાએ એવું છે કે જેન્યુઈન માણસ છે. એની રોજીરોટી મકાનના ભાડાની આવકમાંથી થાય છે. એવા માણસને મકાન ભાડે આપી દીધું કે મકાન ખાલી જ ન કરે. માનનીય નિતિનભાઈ, આપણા બંનેના જિલ્લાને લાગુ પડે છે એટલા માટે કહું છું અને એને કારણે નવા મકાનો બને પણ ભાડે તો દેવું જ નથી. શું કરવા? કે દે એટલે ખાલી કરે નહીં કોઈ. વાત એક વર્ષની હોય એ દોઢ વર્ષ સુધી રહે, બે વર્ષ સુધી રહે પણ ખાલી પણ ન કરે અને ભાડુ પણ ન આપે. હું એવા જિલ્લામાંથી આવું છું કે જયાં સૌથી વધારેમાં વધારે એન.આર.આઈ. છે. નિતિનભાઈ પણ છે. એમાં અત્યારની પેઢી પણ છે અને વતનપ્રેમ પણ છે. આવા જિલ્લાની અંદર એને એવું છે કે મારે જમીન પણ રાખવી છે અને મારે મકાન પણ રાખવું છે અને રહેવાય જવું છે. આપણે જોયું છે અહીંયા જયનારાયણભાઈ નથી એમના પાટણ જિલ્લાની અંદર કે મુંબઈની અંદર જે લોકો રહે છે મુસ્લીમભાઈઓ. એ ત્રણ ત્રણ,ચાર-ચાર પેઢીથી ત્યાં છે છતાં ગામની અંદર મકાન રાખ્યું છે અને એ મકાન ગામના લોકોને સાચવવા માટે આપ્યું છે. બીજી જગ્યાએ થતું હોય કે ન થતું હોય મને ખબર નથી પણ અમારે ત્યાં આવી પરિસ્થિતિ થઈ કે મકાનો છે કે કોઈની રોજીરોટી ચાલે એટલા માટે વગર ભાડે પણ કોઈકે પોતાના સગા સબંધીને આપ્યા, પોતાના મિત્રોને આપ્યા અને એના પછી પોતાની સંપત્તિ પણ કોઈને સાચવવા આપી પણ જયારે એ માણસ અહીંયા આવે ત્યારે એને હોટલમાં રહેવું પડે પેલો એને કહે કે હું ખાલી નહીં કરું. આ બંને પ્રકારના જે મેં કિસ્સા કીધા.એ કિસ્સામાં આ કાયદો કયાંય મદદરૂપ થઈ શકતો નથી, એટલા માટે કે પોલીસ સંપત્તિની અંદર જમીનના પ્રકરણમાં પડતી હતી. માત્રને માત્ર તોડ કરવા માટે, એટલે રાજ્ય સરકારે સારો સર્ક્યુલર કર્યો. સંપત્તિના કિસ્સામાં પોલીસનું જ્યુરિસ્ડિકશન બહાર. કલેક્ટર પાસે જાય કે કાયદા મુજબ ખાલી કરાવી આપો. તો કલેક્ટર કહે કોર્ટમાં જાવ. કોર્ટમાં આખી જિંદગી એમાંને એમાં નીકળી જાય. પરિસ્થિતિ એ થઈ કે આ બંને પ્રકારના કેસનો ઉકેલ લઈ આવવા માટે સ્થાનિક માથાભારે લોકો મેદાનમાં આવ્યા. એન.આર.આઈ. આવે તો તે પોલીસનો, કલેક્ટર ઑફિસનો સંપર્ક નથી કરતો. આવા લોકોનો સંપર્ક કરે છે અને મહેનતાણું લઈને ખાલી કરાવી આપે અથવા તો ખાલી કરાવીને પોતે કબજો લે. આના માટે એન.આર.આઈ. પ્રભાગે આવા લોકોને

પ્રોટેકશન આપવા માટે એક જી.આર. બહાર પાડ્યો. પોરબંદરમાં હમણા ૧૦ દિવસ પહેલાં આખું એન.આર.આઈ.નું ડેલિગેશન મળવા આવ્યું. અમારી સંપત્તિ, અમે પૈસાનું રોકાણ કરીએ છીએ. મુખ્યમંત્રીશ્રી કહે છે કે અહીયા રોકાણ કરો. હું કોઈ રાજકીય પ્રવચન નથી કરતો. રોકાણ કરો. અમે આટલું રોકાણ કરીએ છીએ. અમારી સંપત્તિ આ લોકોએ પડાવી લીધી છે. તમે શું મદદ કરી શકશો? મેં ડી.એસ.પી. ને ફોન કર્યો તો તેમણે કહ્યું કે આ મારા કાર્યક્ષેત્રમાં નથી. કલેક્ટર પાસે ગયા તો કલેક્ટરે કહ્યું કોર્ટમાં જાવ. તો કાનૂન શેના માટે બનાવ્યો છે? આપણી વાત એ છે કે આ કાનૂનનો અર્થ તો જ રહે કે આના માટે નોમીનેટેડ અધિકારી ખાલી કરાવવાનું પ્રોસિડિંગ ચલાવીને ૩ મહિનામાં મકાન ખાલી કરાવી દે. સાથે સાથે વાસ્તવિક ભાડુઆતને ત્રાસ ન કરે. એમનું રક્ષણ કરે તો જ આ કાનૂનનો અર્થ રહે છે. બાકી અત્યારે એવું છે કે સેંકડો મકાનો બને છે એ આવા ડરથી એ કોઈને ભાડે આપતા નથી, કારણ કે આવા મકાનો ખાલી કેવી રીતે કરાવવા? ખાસ આના માટેની ગૅન્ગ પણ અસ્તિત્વમાં આવી છે. મકાન ખાલી કરાવવાનું અને એ મકાનનો કબજો લઈ લેવાનો અને આનું આખું રૅકેટ રાજ્યવ્યાપી ચાલે છે. આ રૅકેટને તોડવું હોય તો આના માટેની ટ્રિબ્યુનલ બનવી જોઈએ. હું માનતો હતો કે આ સુધારો લઈ આવ્યા એની સાથે સાથે ટ્રિબ્યુનલની રચના થઈ હોત અને એના હાથમાં ખાલી કરાવવા માટેના અને એને પ્રોટેકશન આપવાના અધિકારો આપ્યા હોત તો આ કાયદાનો અસરકારક અમલ થાત. આ કાયદો ૨૦૦૧ થી ચાલુ છે. હું કહું છું કે કાયદો કાગળ ઉપર રહ્યો છે. એનો અમલ કોઈ જગ્યાએ કરાવી શકાતો નથી. રાજ્ય સરકારે આવા અધિકારો આ કાનૂનમાં આપ્યા હોય તો મારી જાણમાં નથી. જો કોઈ જગ્યાએ જોગવાઈ હોય તો કલેક્ટરશ્રીને એની સૂચના જવી જોઈએ. તમે આ કાનૂન મુજબ આટલા ટાઈમમાં એક અસરકારક રીતે ભાડુઆતને એના હક્કનું પણ રક્ષણ થાય અને માલિકને પણ રક્ષણ થાય એ પ્રકારની સૂચના આ કાયદા આધારે જવી જોઈએ. આ કાયદાનો અમલ થાય છે કયાંય? માત્ર વેપારી સંસ્થા છે. તે વેપારી સંસ્થા પોતાના કોમર્શિયલ હેતુ માટે મકાન ભાડે આપે છે અને લે છે. એના માટે રક્ષણ જરૂર મળે છે. કોમર્શિયલ મિલકત ભાડે આપવા માટે રહેણાંકની મિલકત નાનાં નાનાં શહેરોમાં છે. જૂનાં શહેરોમાં વાત કરી તે પ્રમાણે એને કાયદાથી કોઈ રક્ષણ મળતું નથી. જો સુધારો લઈ આવ્યા હોત તો વધારે આવકાર્ય ગણાત. મેં કહ્યું તે પ્રકારે બહારના રાજ્યમાં રહેનાર આપણો ગુજરાતી, દેશમાં રહેનાર ગુજરાતી અને ગલ્ફ કન્ટ્રીમાં કમાવા જનાર લોકો જે મિલકત સોંપીને જાય છે તે મિલકત ખાલી થતી નથી. એ લોકોને ફાયદો મળત. આ કાયદામાં આટલી જોગવાઈ થઈ નથી. આ કાયદામાં આટલો સુધારો લઈ આવે એની સાથે મારું પ્રવચન પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અનિલભાઈ પટેલ, માનનીય સભ્યશ્રીઓને નમ્ર વિનંતી એ છે કે આપણે રિસેસ પહેલાં કાર્ય પૂરું કરવાનું હોઈઅ ને કામકાજ સલાહકાર સમિતિની કાર્ય પૂરું કરવાની ભલામણો છે. એટલે પ્રવચન ટૂંકમાં કરી રિસેસ પહેલાં પૂર્ણ કરીએ. કામકાજ સલાહકાર સમિતિએ સૂચનો કર્યા છે કે આજે આટલા કામો પૂર્ણ કરવાના છે એટલા માટે આપણે સમય જાળવવો જરૂરી છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મુંબઈ ભાડા હોટલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ.૪૭ સુધારા વિધેયક લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે તેના સમર્થન માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક અગાઉ દસ વર્ષથી તેની સાતત્યપૂર્ણ કામગીરી બજાવી ચુકી છે. આપણા રાજયના નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત છે રોટી, કપડાં, મકાન તે રોટી, કપડાં, મકાનમાં મકાનની જે સુવિદ્યાઓ મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને વિશેષ કરીને સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેના માટે મકાનોની ઉપલબ્ધિ થાય તેના માટે જૂના રેન્ટ એકટમાં સુધારો કરીને જે દસ વર્ષ પહેલાં સુધારો કરવામાં આવ્યો હતો તેને સર્વત્ર આવકાર મળેલો હતો અને તેના લાભો સર્વત્ર રાજયમાં એ રીતે દેખાઈ રહયા છે કે છેલ્લા દસ વર્ષની અંદર રીયલ એસ્ટેટના ક્ષેત્રમાં અને તેમાં ખાસ કરીને રેસીડેન્સીયલ અને કોમર્શિયલ મકાનોની જે ઉપલબ્ધિ છે તેમાં ઘણો વધારો નોંધાયો છે. આજે એમ જરૂર કહી શકાય કે જે મકાનોની જરૂરિયાત હોય તેમાં ઘણા બધા વર્ગો હોય છે. કેટલાક લોકો ટેમ્પરરી શહેરની અંદર બે પાંચ વર્ષ માટે નોકરી કરવા આવતા હોય તો એવા લોકો મકાનો ખરીદી ન શકે, તેમને હંમેશાં ભાડાના મકાનોની સુવિદ્યા જોઈએ. સાથે સાથે મધ્યમ વર્ગના એવા કેટલાય પરિવારો છે કે જે પોતાનું મકાન હોય તો પણ મકાનનો એક રૂમ કે બે રૂમ બીજી વ્યકિતને ભાડે આપીને પોતાની આવકમાં વધારો કરી શકતા હોય છે. આ પ્રકારની સલામતિ કે જ્યારે તેમનો દીકરો મોટો થાય ત્યારે બે રૂમની જરૂર પડે ત્યારે ખાલી કરાવી શકે તેવા પ્રકારની જોગવાઈઓવાળું આ જે સુધારા વિધેયક છે તે મારી દ્રષ્ટિએ મધ્યમ વર્ગના અને ગરીબ વર્ગના પરિવારો માટે એટલું જ મહત્વનું અને ઉપયોગી પુરવાર થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે સપ્લાય ડિમાન્ડની દ્રષ્ટિએ જેમ જેમ આપણા રાજયની અંદર જે ઝડપથી આર્થિક વિકાસ થઈ રહ્યો છે અને નવી નવી યુવા પેઢીને મકાનોની માંગ ઉભી થવાની છે તેને પણ રહેવા માટેની, વસવાટ માટેની સુવિદ્યા તે કદાચ મોંઘવારીને લઈને પોતાના મકાનો વસાવી ન શકે, ખરીદી ન શકે ત્યારે તેમને ભાડેથી મકાનોની ઉપલબ્ધિ વધે અને તેમાં જરૂર પડે આર્ગેનાઈઝ સેકટર, લિમિટેડ કંપનીઓ ૫૦, ૧૦૦, ૨૦૦-૫૦૦ ફ્લૅટનું કન્સ્ટ્રકશન કરી અને તેના માધ્યમ મારફતે આવી ઉપલબ્ધિ કરાવે તો સપ્લાય સાઈડ વધશે તો ભાડાના દરમાં પણ સાર્વત્રિક નિયંત્રણ આવશે અને તે રીતે જરૂરિયાતવાળા લોકોને વ્યાજબી ભાડાના દરથી મકાન

મળી શકશે. એટલે આ એક કેટાલીસ્ટ પ્રકારનું બિલ છે કે જેના કારણે આ ઉદ્દીપકને લઈને મકાનો બનાવનારાઓની પ્રવૃત્તિમાં વધારો થવાનો છે. જે વધારો થશે તેનો લાભ તે સીધો આ રાજયના નાગરિકોને મળવાનો છે. આ અધિનિયમમાં એ જોગવાઈ પણ રાખી છે કે જે જૂના ભાડુઆતો છે તેમને ૨૦૦૧ની સાલ પહેલાં મકાન ભાડે રાખ્યા છે તેમને જે જૂનું પ્રોટેકશન હતું તે ચાલુ રાખવાની જોગવાઈ આ અધિનિયમમાં જ્યારે કરવામાં આવી છે ત્યારે ત્યારે હું માનું છું કે આ અધિનિયમને લઈને જે રોટી, કપડા, મકાન, એમાં મકાનની જે જરૂરિયાત છે એ જરૂરિયાત પરિપૂર્ણ કરવામાં આ બિલ એ યોગ્ય રીતે પૂરક બનશે એને લઈને એમની સુવિધાઓ વધશે એટલે આ બિલને આ સમગ્ર આપણી ધારાગૃહ એને સમર્થન આપે એવી સૌ સભ્યશ્રીઓને હું અપીલ કરું છું અને મારું એક નમ્ર સૂચન માનનીય મંત્રીશ્રીને આ બિલ સંબંધે એ રીતે કરવું છે કે, સ્થાનિક સ્વરાજયની જે સંસ્થાઓ છે એ ભાડાના મકાનો ઉપર જે વધારે પડતા ઊંચા ટેક્સના દરો રાખે છે એને લઈને પણ આ ભાડાની પ્રવૃત્તિમાં થોડુક જે નિષેધ આવે છે એની અંદર પણ કેટલીક જોગવાઈઓ અને સ્થાનિક સ્વરાજ્યની નગરપાલિકાઓ કે મહાનગરપાલિકાઓ એમાં કોઈપણ પ્રકારની જે ટેક્સની બાબતમાં થોડોક ગેપ રાખીને એની વાજબી દરે આ વ્યવહારિક દરે એની ટેક્સની આકારણી કરે તો આ ભાડાની જે પ્રવૃત્તિ છે એ ઘણી બધી રીતે એ ભાડે આપનારને અને ભાડે લેનારને એ ઉપયોગી છે તો એ અંગે પણ માનનીય મંત્રીશ્રી જે તે સત્તાવાળાઓ સાથે આ અંગે પણ કામગીરી કરશે એવા વિશ્વાસ સાથે આ વિધેયકને હું મારું સમર્થન આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી મુંબઈ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૧ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો હું વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અગાઉ જે મુંબઈ રેંટ એકટ તરીકે ઓળખાય એ ૧૯૪૭નો જે કાયદો છે એના ઉપર ૨૦૦૧માં એક સુધારો લઈને આ સન્માનનીય સભાગૃહમાં આ સુધારો પાસ થયો હતો એને વધુ દશ વર્ષ થઈ ગયા એને લંબાવવા માટેની જરૂરિયાત સમજીને આ લાવ્યા છે. આ દશ વર્ષની અંદર આ સુધારાને કારણે કંઈ રાજયની પ્રજાને રહેણાંક મળવામાં સરળતા થઈ ખરી? જે ભાડૂતોને આ રેંટ એકટ દ્વારા જે રક્ષણ મળે છે એ પણ સલામત રીતે રહી શકે છે ખરા? માનનીય અધ્યક્ષશ્રી, આજે માત્ર મોટા શહેરો નહી પણ જે નાની નાની મ્યુનિસિપાલિટીના એરિયા છે રાપર હું જે ક્ષેત્રમાંથી આવું છું, ત્યાં બરો મ્યુનિસિપાલિટી છે ત્યાં એક પણ સરકારની હાઉસિંગ સ્કીમ નથી. એ વિસ્તારની અંદર જે ગ્રામ ગૃહ નિર્માણ છે એની કોઈ સ્કીમો નથી અને હમણાં જ માનનીય અર્જુનભાઈએ કહ્યું કે જે ડેવલપર પોતાને, આમાં બંને પાટલી ઉપર ડેવલપર છે સાહેબ, અને આપણે આત્મખોજ કરીએ આ જે જમીનના ભાવો છે એ વધતા જાય છે, બાંધકામના ભાવોના પ્રમાણમાં જમીનના ભાવો ખૂબ વધતા જાય છે. અને એના ઉપર નફાનું ધોરણ પણ ખૂબ વધતું ચાલ્યું છે આને જો કન્ટ્રોલ કરવો હોય તો આપણે રાજય વ્યવસ્થા મારફતે રોટી, કપડા, મકાન આપવા માટે આપણે સૌ જે વચનબદ્ધ છીએ એને અમલમાં મૂકવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે આ મુંબઈ રાજય હતું અને ત્યારે ૧૯૪૭નો કાયદો હતો અને કોઈ મકાન જગ્યા ખાલી થાય તો એને બીજે ભાડે આપવું એના પહેલાં સરકારની અનુમતિ લેવી પડે અને એના માટેનું એક એકોમોડેશન ખાતુ મહારાષ્ટ્રની અંદર હતું એટલી મને ખબર છે આપણા ત્યાં છે કે નહીં તેની મને ખબર નથી. બે રાજયો જુદા થયા પછી, અને એ એકોમોડેશન ખાતાની મંજૂરી લીધા પછી એ જગ્યા કોને આપવી અને કોને નહીં, એ પણ ત્યાંથી નક્કી થતું. આજે પણ ભાડાનું મકાન હોય, મકાન માલિકને તમે સુપરત કરો અને મકાન માલિક એ તમે બીજાને તમે આપવા માટે ઇચ્છતા હોય અને એની ઇચ્છા હોય તો તમને એ નામ બદલો કરી આપો અને એને કારણે આપણા ત્યાં અહીં સુખડી કહેવાય છે અને ત્યાં મોટા શહેરોમાં એને પાઘડીની સિસ્ટમ કહેવાય છે અને એક જમાનામાં મારા વડીલો કહેતા કે મુંબઈમાં શિવાજી પાર્ક પાસે કચ્છના બિલ્ડરે જગમાલ રાજા કરી અને ગુર્જર ક્ષત્રિય હતા એ મકાનો બાંધતા અને ભાડે મકાન આપવું છે એવા બોર્ડ લગાડતા, શિવાજી પાર્ક જેવો પ્રાઈમ એરિયા જે આને કહેવાય એ વખતે પણ એ પ્રાઈમ એરિયા કહેવાતો અને ત્યારે મકાનો ભાડે આપવા પડે એવી બિલ્ડરોની પરિસ્થિતિ હતી જેમ ઉદ્યોગ જે માલનું ઉત્પાદન કરે એ માલ વેચવો હોય તો એની જાહેરાત કરવી પડે એ રીતે મકાનો ભાડે આપવા માટેની જાહેરાતો કરવી પડતી. આજે પણ ઘણી બધી સ્કીમોની જાહેરાતો આપણે વાંચીએ છીએ પણ એમાં કોઈ સામાન્ય માણસ, મધ્યમ કક્ષાનો માણસ સીધે સીધો મકાન ખરીદી શકે એવી સ્થિતિ નથી. એટલે જે ઈન્વેસ્ટર આવે એ મકાન ભાડે આપે અને ૧૧ મહિનાના કરાર સિવાય કયાંય કોઈને મકાન ભાડે મળતું નથી એ પરિસ્થિતિનો આપણે સૌ અહેસાસ કરીએ છીએ. અને એ વખતે આ સુધારા એકટથી રક્ષણ આપ્યું હોય તો કોને રક્ષણ આપ્યું? ઉપભોગતાને રક્ષણ આપ્યું કે ઈન્વેસ્ટરને રક્ષણ આપ્યું એની પણ આપણે મુલવણી કરવી જોઈએ. દરેક કાયદાના સુધારાઓ લોકોને ફાયદાકારક થવાના છે એ રીતે હંમેશા કહેવાતું હોય છે અને આપણે કહીએ છીએ. સ્લમ કલીયરન્સ માટે આ દેશની અંદર જેમણે જેમણે મહેનત કરી છે એ તમામને યાદ કરીએ એમાં મારે સ્વ.રાજીવ ગાંધીને યાદ કરવા પડે એટલા માટે કે આ દેશમાં એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી એ ધારાવીની માહિમની પાસેથી મુંબઈની ઝૂંપડપટ્ટી હતી એની સુધારણાનો એમણે કાર્યક્રમ કર્યો હતો. એ પછી અહીં પણ આપણે વિચારીએ છીએ આજે જ મેં છાપામાં વાચ્યું સ્લમ કલીયરન્સ માટે જે સ્લમ્સ છે એની અંદર વધુ એફ.એસ.આઈ.આપવી અને એ સ્લમ એરિયાને સરખો બનાવવા માટે આપણે સ્કીમો આપીએ.

વિકરસેકશન માટે વધારાની એફ.એસ.આઈ. ફલોર સ્પેસ ઈન્ડેક્ષ આપવામાં આવે. હમણાં જ મારા અગાઉના વક્તાએ કહ્યું કે જે જમીન છે એ વધતી નથી. સંપત્તિ વધતી હોય છે, વસતિ વધતી હોય છે પણ આ વિકરસેકશન માટેના જે મકાનો બનતા હોય એનું એફ.એસ.આઈ.નું ધોરણ કયાંક અઢી ગણું કયાંક ચાર ગણું પણ કેટલાક રાજ્યોમાં અપાયું છે એનો પણ વિચાર કરવો જોઈએ. આ બાબત આ બિલની મર્યાદામાં નથી પરંતુ જયારે બોલીને વિચારો વ્યકત કરવાના હોય ત્યારે કેટલાક સારા સૂચનો હોય એ કરવાનું હું ઉચિત સમજું છું. મારા મનની અંદર જે સૂચનો આવેલા છે એ હું કરું છું. માનનીય મંત્રીશ્રી બહુ હકારાત્મક છે એવું મારે કહેવું જોઈએ કેમ કે મને આટલા વર્ષોનો એનો અનુભવ છે. આ બિલ ઉપર જયારે તેઓ જવાબ આપે ત્યારે કંઈક એવી જાહેરાત કરે કે જેથી કરીને સરકાર શું કરવા માગે છે એ આ ગૃહ મારફતે આખા રાજયના જે રહેણાંક ઝંખતા લોકો છે જેને રહેણાક આ પેઢીની અંદર મળી શકે એવું નથી જયારે માથાદીઠ આવકનો આપણે વિચાર કરીએ અને પાંચ માણસના કુંટુંબની જે માથાદીઠ આવક હોય એની સરેરાશ આવકને પાંચ ગણી ગુણીએ તો પણ એને બે રૂમનું મકાન મળી શકે એવી પરિસ્થિતિ ખરી આજે? ગામડાની અંદર સો ચોરસ મીટરના આવાસો માટે કે સરદાર આવાસ યોજના માટે આપણે ૪૦ હજાર રૂપિયા કે ૫૦ હજાર રૂપિયા આપીએ છીએ પણ એ ૫૦ હજાર રૂપિયામાં આજે કયાંય મકાન થાય ખરૂં? આપણી જે હાઉસીંગ સ્કીમો છે, આપણી પાસેની જે જગ્યા છે, જગ્યા ન હોય તો ઉપલબ્ધ કરી અને વિકરસેકશન માટેના મકાનો આપણે ઉપલબ્ધ કરાવવા જોઈએ. દર વર્ષે ઓછામાં ઓછા રાજયની અંદર પાંચ લાખ મકાનો સરકાર બનાવે અને એ ડ્રોથી આપે તો પાંચ વર્ષે કે દસ વર્ષે એના બેકલોકમાં ઘટાડો થશે અને પેલા ભાડે આપવાના છે એવા જાહેરાતના બોડ લાગી શકવાના છે. આ મુશ્કેલ છે પણ અશકય નથી. એજ રીતે રહેણાંકનું મકાન કેટલા માપનું હોવું જોઈએ એની કોઈ આપણી પાસે સીલીંગ નથી. સો ચોરસ ફૂટનું એક મકાન હોય એની અંદર પાંચ જણનું કુટુંબ રહેતું હોય અને બે જણના કુટુંબને રહેવા માટે દસ હજાર ચોરસ ફુટનો ફલેટ હોય, હજાર બે હજાર ફુટનું એનું દિવાનખાનું હોય ત્યારે કાયદાની રીતે આપણે એને રોકી શકતા નથી. પરંતુ એની સામે જે રહેણાંક માટેના જરૂરિયાત વાળા લોકો છે એને આપણે વાજબી ભાવે મકાન આપી શકીશું? રેન્ટ એકટના બન્ને પાસાઓ છે, ઘણી વખત કોઈ ભાડાના અધિકારો મળ્યા હોય અને જ્યારે મકાન ડેવલપ કરવાનું હોય ત્યારે એને સહયોગ આપો તો પણ એમાં ઘણી વખત એવું હોય છે કે સહયોગ લેનાર છે એનું ભાડાની કિંમતના પ્રમાણમાં મકાનની કિંમતની સરખામણી કરે ત્યારેં મન ફરી જતું હોય છે, રસ્તા ઉપર આવી ગયેલો વર્ષોનો રેન્ટ એકટથી રક્ષાયેલો જે માણસ છે એ ભરોસો મૂકીને ડેવલપરને આપે, વર્ષોસુધી એ મકાન ડેવલપ કરીને ના આપે એવા પણ ઘણા દાખલા બનતા હોય છે, હું મારો પોતાનો અનુભવ કહું તો મારું પોતાનું મકાન ક્યાંય નથી, હું ભાડાના મકાનમાં મુંબઈ જેવા શહેરમાં રહું છું આજની તારીખે પણ અને મારા ડેવલપરે, હું જુહુ પાસે જ્યાં રહુ છું ત્યાં ૧૦૦ રૂપિયા મીટરનો હું ગયો ત્યારે ભાવ હતો, અત્યારે પાંચ લાખ રૂપિયા મીટરનો ભાવ છે, તેમ છતાં ડેવલપરે મોડું મોડું પણ હમણાં મને ચારેક વર્ષ અમે અહીંયા અને ત્યાં ઉચાળા ભરીને રહ્યા મારા પરિવાર સાથે અને હવે અમે ઠરીઠામ થયાં છીએ. ભારતનો નાગરિક કોઈપણ ઠેકાણે વ્યવસાયના કારણે રહી શકતો હોય છે, અને મારું કાર્યક્ષેત્ર ગુજરાત છે મારી જન્મભૂમિના કારણે વ્યવસાયિક રીતે મારું પરિવાર ત્યાં રહેતું હોવાના કારણે હું ક્યારેક જઉં છું, પરંતુ આજે કહેવાનું એ છે કે, આના સારાં પાસાંઓ પણ છે કોઈ સારા ડેવલપર હોય એ સરકારની સાથે સહયોગમાં આવીને આવી સ્કીમ આપી શકે છે. અમે ૧૯૯૭માં માનનીય શંકરસિંહજીની સરકાર વખતે શહેરી વિકાસ ખાતાએ એવું વિચારેલું કે એના ડેવલપર હોય એને ત્રણ માળ બનાવવા આપીએ એમાં એક માળ જે છે એ આવા જરૂરિયાતવાળા લોકોને સરકાર જેને કહે તેને આપે અને આ ત્રણ માળના બાંધકામનો ખર્ચ એ પોતે ડેવલપર કરે પણ વચ્ચેનો એક માળ છે તે ફ્રી ઓફ કોસ્ટ આ જરૂરિયાતવાળા લોકોને આપે આવી રીતે આ રહેણાંકનો જે આ એક મુદ્દો છે આપણે જે અત્યારે વાત કરી રહ્યા છીએ એ રાજયના બધાને માટે રહેણાંકની સારી અને સસ્તી જગ્યા મળે અને રેન્ટ એકટની અંદર સલામતિ મળે એટલા માટે કરીએ છીએ અને એટલા માટે જે સૂચનો મને ઉદ્ભવ્યા એ મેં કહ્યા છે એ મેં આ બિલ ઉપર કહ્યા છે, આખરે તો બહુમતિથી આપણે આ બિલ પાસ કરવાનું છે પરંતુ એની સાથે સાથે જે સૂચનો આવ્યા છે એ દરેક મુદ્દા ઉપર માનનીય મંત્રીશ્રી વિચારણા કરે અને એનો જવાબ આપતી વખતે કોઈ એવો પોઝીટીવ જવાબ આપે એવી અપેક્ષા રાખું છું અને ફરી એક વાત દોહરાવું છું કે સરકાર કંઈક આપવા માગે છે એનો સંદેશો આપે એટલી વાત કહીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી અમારા આ સુધારા વિધેયક ઉપર માનનીય પાંચ સભ્યશ્રીઓએ એમના વિચારો અને સૂચનો અહીંયા મૂક્યા છે, આ કાયદો બહુ સ્પષ્ટ છે, જે પ્રમાણે માનનીય અનિલભાઈએ વાત કરી કે સન ૨૦૦૧ પહેલાંના જે ભાડૂઆતો છે, પછી એ ગમે તેટલા જુના હોય, ૧૦૦ વર્ષ જુના હોય તો પણ આ કાયદો એને કોઈ રીતે અસર કરતો નથી, માનનીય અર્જુનભાઈએ જે વાત કરી કે થોડુંક આમાં અધૂરું રાખ્યું છે, પરંતુ આપણે બધું જ સારું કદાચ એકસાથે ન કરી શકીએ તો એનો અર્થ એવો નથી કે આપણે જે કરી શકીએ છીએ તે સારું કરવાની શરૂઆત ના કરીએ. ૨૦૦૧માં અમે આ શરૂઆત કરી એ શરૂઆતના સારા પરિણામો મળ્યા, મિલકત ભાડે આપવા લેવાના ખૂબ મોટા પ્રમાણમાં, પ્રેમથી જ્યારે કરારો થવા માંડ્યા, એનાથી પ્રોત્સાહિત થઈને જ્યારે અમે આ વધારો કર્યો છે ત્યારે આ કાયદો એ

સામાન્ય વર્ગ માટે જેમ જેમ જરૂરિયાત વધશે, ૨૦૦૧ પછી જે નવા મકાનો બનશે, બની રહ્યા છે એમાંથી જે જે લોકોને ભાડે આપવા હોયં, જે પ્રમાણે માનનીય સભ્યશ્રી કિશોરભાઈએ સુરતની વાત કરી વસતિ વધતી જાય છે, જરૂરિયાત વધતી જાય છે, માનનીય અનિલભાઈએ જે વાત કરી કે અહીંયા સપ્લાય અને ડિમાન્ડ વધવો જોઈએ તો વસતિ વધતી જાય છે, મકાનોની જરૂરિયાત વધતી જાય છે, મકાનોના ઉપયોગ પણ વધતા જાય છે, સામે મકાન બાંધકામ પ્રવૃત્તિ જો કદાચ ના વધે તો ભવિષ્યમાં ભાડા વધી જાય, કિંમતો વધી જાય અને અહીંયા જે બધા જ માનનીય સભ્યશ્રીઓએ, ગંભીરતાથી ચિંતા વ્યક્ત કરી કે મધ્યમ વર્ગ, ગરીબવર્ગને મકાનો ઉપલબ્ધ નથી થતાં તો એને ઉપલબ્ધતા વધારવા માટે સરકાર શું કરી શકે.

માનનીય બાબુભાઈએ પણ વાત કરી કે સરકારે પોતાના પ્રયત્નોમાં મકાનો બનાવવા જોઈએ. એમણે કહ્યું તો સરકાર તો પોતાની રીતે જુદી જુદી યોજનાઓ દ્વારા વિભાગ દ્વારા આ કાર્યવાહી સતત કરતી રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આ સભાગૃહમાં જણાવતાં આનંદ થાય છે કે, હમણાં જે રાજય સરકારે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યુ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પચાસ વર્ષના ઈતિહાસમાં એક સાથે જેટલા ગરીબોને મફત ગાળાના પ્લોટ ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચના ગરીબ લોકોને બીપીએલ લોકોને વર્ષો સુધી નથી અપાયા એના કરતાં વધુ એક લાખ કરતાં વધુ મકાનો ફક્ત સનદો અને પ્લોટ એક વર્ષમાં સરકારે જ્યારે ગરીબ કલ્યાણ મેળા દ્વારા મુખ્યમંત્રીશ્રી દ્વારા અને આપના સૌના દ્વારા અપાય તો હું આ એટલા માટે બતાવું છું કે એકલા તેરમા માણસને મકાન નથી જોઈતું ગરીબને ગરીબને પોષાય એવું અને તેમની જરૂરિયાત પ્રમાણેનું મકાન જોઈએ. ગામડામાં પણ ગરીબોને મકાન આપવા તો આ સરકારે આ રીતે ગરીબ કલ્યાણ મેળા દ્વારા મોટા પ્રમાણમાં આયોજન કર્યુ અને તેનો ખૂબ મોટો ફાયદો અને મકાનો બનવાનું પણ કામ મોટા પ્રમાણમાં ચાલુ થઈ ગયું. એવી જ રીતે માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારની વાત કરું તો શહેરી ગરીબો માટે પણ જુદી જુદી યોજનાઓનો સમન્વય કરી આ સરકારે અને આપણી ગુજરાતની મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાએ ત્રણ વર્ષમાં એક લાખ કરતાં વધુ ગરીબ આવાસ યોજનાઓના મકાનો શહેરોમાં પૂર્ણ કર્યા છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા શહેરમાં હજારો મકાન માલિકોને ગરીબોને આપણે મકાનો સુપરત પણ કરી દીધા છે. તો આ પ્રમાણે ગંદા વાતાવરણમાંથી, અસ્વચ્છ વાતાવરણમાંથી (અંતરાય) આ તમારા પહેલાં વાત આવી છે અહીંયા એટલે આપણે મકાનો રાજય સરકારે સારી રીતે આપ્યા છે.

બીજું માનનીય બાબુભાઈએ મુંબઈનો ધારાવીનો ઉલ્લેખ કર્યો તો મને એ પણ જણાવતા આનંદ થાય છે કે ગુજરાત સરકારે પણ ગુજરાતના શહેરોમાં જે ઝૂંપડપટ્ટી છે તે ઝૂંપડપટ્ટીના મકાન માલિકોને ત્યાંજ પોતાની માલિકીનું કાયમી સારું મકાન મળે, પાકું મકાન મળે, હાલના છાપરાં કરતા સારા વાતાવરણમાં રહેવા મળે તે માટે ઝૂંપડપટ્ટી પુનઃ:વસન યોજના આ રાજય સરકારે અમલમાં મૂકી દીધી છે. ગુજરાતના શહેરી ગરીબોને તેનો પણ લાભ મળવાનો છે. બીજું ટાઉનશીપ યોજના ગુજરાતની તે ખૂબ મોટી આખા દેશમાં વખણાય છે. મોટા વિસ્તારમાં જે ટાઉનશીપ બને તો ટાઉનશીપ બનાવનાર ડેવલપરોને પણ રાજય સરકાર ટાઉનશીપની તે શરતે જ મંજૂરી આપે છે કે તેમની ટાઉનશીપમાં પાંચ ટકા મકાનો ગરીબો માટે, મધ્યમ વર્ગના લોકો માટે ફરજિયાત બનાવવાના રહેશે. અત્યારે જે ટાઉનશીપોને લગભગ આઠ જેટલી મંજૂરી આપવામાં આવી છે માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, યોજના પૂરી થશે ત્યારે શહેરી વિસ્તારોમાં પણ પચાસ હજાર કરતાં વધુ મકાન એક સાથે આ મધ્યમ વર્ગના ગરીબ લોકોને પ્રાપ્ત થવાના છે. આપણાં ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા પણ આપણે બાંધકામ પ્રવૃત્તિ ફરી ચાલુ કરી છે અને શહેરી વિસ્તારના અને તાલુકા મથકના ગરીબોને અને મધ્યમ વર્ગના લોકોને પોતાના મકાનો મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. આ કાયદાની સુધારણા તો ૨૦૦૧ પછી જે મકાનો બને તેમને જ ..

## સમય લંબાવવા અંગે

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ (મુખ્ય દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક ઉપર મતદાન થાય અને તે પસાર થાય ત્યાં સુધીનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક પસાર થાય ત્યાં સુધીનો સમય લંબાવવાની દરખાસ્તને હું ટેકો આપું છું.

**અધ્યક્ષશ્રી** : સમય લંબાવવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય શકિતસિંહજી જરૂર પણ નહીં પડે પૂરું થઈ ગયું છે. એ તો એમની ફરજ એમણે બજાવી છે પણ જરૂર નહીં પડે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, બાંધકામ પ્રવૃત્તિને વેગ મળે, મકાનો બંધાય, પોતાનું મૂડી રોકાણ કરનાર મૂડી રોકાણ કરે અને બધા લોકોને મકાનો પ્રાપ્ત થાય. પછી એવું નથી કે રહેવા માટેના મકાનો પણ ધંધા માટે પણ તેમને જગ્યા પ્રાપ્ત થાય એ રીતે સર્વાંગી રીતે આ અમે સુધારો લાવ્યા છીએ તેને આપ સર્વાનુમતે મંજૂર કરો એવી ફરીથી બધા માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧, સન ૨૦૧૧નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ(ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૧ના મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૧ના મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**વિરામ બપોરના ૨-૩૧ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**સન ૨૦૧૧ નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૮**

# મુંબઈની ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૧

**મુંબઈની ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ,૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૧૧ નું મુંબઈનું ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૧૧ નું મુંબઈનું ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે એક ઉચ્ચ કક્ષાની સમિતિ તા. ૧-૩-૨૦૦૫ના ઠરાવથી કરવામાં આવી હતી. આ સમિતિએ આનો સર્વગ્રાહી અભ્યાસ કર્યો અને એ કર્યા પછી ૧૯-૭-૨૦૦૬ના રોજ નવ ભલામણ કરી હતી એમાંથી પાંચ ભલામણો આ સરકારની મંજૂરીથી કરી દેવામાં આવી છે. હવે બાકીની જે ભલામણો છે એ ભલામણો માટેનું બિલ હું આજે આ સભાગૃહની અંદર લાવી છું.

હાલની જોગવાઈ પ્રમાણે ટુકડાની જમીન લાગુમાં આવેલ ખેડૂત સિવાય કોઈ ખરીદી શકતું નથી તેના બદલે હવે ટુકડાની જમીન રાજયનો કોઈપણ ખેડૂત ખાતેદાર ખરીદી શકશે. તેમજ તેવો ટુકડી તબદીલીથી લેનારનો સરવે નંબર તથા તેના સરવે નંબરનો પેટા વિભાગ લગોલગ આવતો હોય તો તેમાં એકત્ર કરી દેવામાં આવશે. મતલબ એ થયો કે અત્યાર સુધીમાં ખેડૂત આ ટુકડો લગોલગ હોય એને જ વેચી શકતો હતો બીજા કોઈને વેચી નહોતો શકતો એ હવે ગુજરાતના કોઈપણ ખેડૂતને વેચી શકશે.

અગાઉ ટુકડાધારાની જોગવાઈથી વિરૂદ્ધ વેચાણ કે તબદીલી કે વિભાજન કરેલ હોય તો ૨૫૦ રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ હતી. તેના બદલે શહેરી વિસ્તાર માટે પાંચ હજાર રૂપિયા અથવા જમીનની બજાર કિંમતના દસ ટકા અને અન્ય વિસ્તાર માટે બે હજાર રૂપિયા અથવા જમીનની બજાર કિંમતના દસ ટકા બેમાંથી જે વધુ હોય એટલો દંડ ભરવાનેપાત્ર થશે તેવી જોગવાઈ સૂચવેલ છે. એટલે આ કાયદામાં સુધારો કર્યા પછી કોઈ ટુકડાધારાનો ભંગ કરશે તો આ જોગવાઈ એના માટે લાગુ કરવામાં આવશે. હાલની જોગવાઈ મુજબ એકત્રીકરણ થયેલી જમીન અંગે વેચાણ બક્ષીશ વિનિયમ અથવા પટ્ટા તરીકે તબદીલી કરવા માટે કલેકટરશ્રીની લેખિત પરવાનગી લેવાની રહે છે જેથી ટુકડા પડે તે રીતે વેચાણ તબદીલી ન થતી હોય તેવા કિસ્સામાં આ જોગવાઈ રદ કરવા સૂચવાયેલ છે. મતલબ કે પહેલા જો એકત્રીકરણ થયેલી જમીનનું વેચાણ થાય, બક્ષીશ થાય એના પહેલા એ

---

* વિધેયક તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરવા માટે પહેલા કલેકટરશ્રીની મંજૂરી લેવી પડતી હતી પરંતુ હવે જો એ પોતે જમીન વેચે અથવા વારસાઈ કરે પરંતુ એટલું ધ્યાન રાખવાનું પડશે કે એમાંથી ટુકડો ન થવો જોઈએ અને જો ટુકડો ન થતો હોય તો એ વેચાણ અને બક્ષીશ બધું કરી શકશે એમાં કલેકટરશ્રીની મંજૂરી મેળવવી પડશે નહિ. કાયદામાં મુંબઇ કો.ઓપરેટીવ સોસાયટી ૧૯૨૫ને બદલે ધી ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટી એકટ ૧૯૬૧ કરવાની જોગવાઈ પણ આની અંદર સૂચવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદામાં સુધારો કરવાથી ખેડૂતોને શું લાભો થશે. તો ટુકડાધારાના ભંગ બદલે કાર્યવાહીમાં ઘણો બધો વિલંબ થતો હતો કેટલાક કિસ્સામાં વેચનાર વ્યકિત બદઈરાદાથી ટુકડાધારા ભંગની ફરિયાદ કરતા. ખરીદનાર વ્યકિત અન્યાય રીતે દંડાય છે તેથી હાલની જોગવાઈમાં સુધારો કરતા ટુકડાની જમીન કોઈપણ ખેડૂત ખાતેદાર ખરીદી શકશે અને જરૂરિયાત સમયે જમીન વેચનારને જમીનની પૂરતી કિંમત મળશે. ટુકડાધારાનો ભંગ કરવામાં આવે ત્યારે હાલની જોગવાઈમાં ૨૫૦ રૂપિયાનો દંડ છે આ જોગવાઈમાં સમિતિના ભલામણ મુજબ સુધારો કરતાં દંડની રકમમાં વધારો કરવાથી ટુકડાધારાનો ભંગ કરતા ખેડૂતો અટકશે અને ટુકડાધારાના ભંગ બદલના લિટિગેશનનું પ્રમાણ પણ ઘટશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના લગભગ ૧૮હજાર ગામો પૈકી ૪૫૮૬ ગામોમાં એકત્રીકરણ યોજના દાખલ કરવામાં આવેલ છે. એટલે કે રાજયના ૨૫ ટકા ગામોને કાયદાની એકત્રીકરણની જોગવાઈ લાગુ પડે છે. જે ગામોમાં યોજના દાખલ થયેલ નથી તેવા ગામોમાં હાલની એકત્રીકરણની જોગવાઈ મુજબના પ્રતિબંધ લાગુ પડે છે. ખાતેદારો અજાણ અને કાયદાથી અજ્ઞાન હોવાથી જરૂરિયાતના પ્રસંગે કાયદા મુજબ પૂર્વ પરવાનગી મેળવી બ્લૉક પૈકી જમીન વેચી શકતા નથી અને તેના કારણે કાયદાના ભંગ બદલ પગલાં લેવામાં આવે છે. આ બ્લૉકના ભાગલા પાડવા કલેકટરશ્રીની પૂર્વ પરવાનગીની જોગવાઈના કારણે લોકો યોજના પ્રત્યે વિરોધ કરે છે જેથી ખેડૂતોના લાંબા સમયની મુશ્કેલી દૂર થાય અને રાજયમાં એક સમાન કાયદાના અમલ સામે હાલના કાયદામાં ફેરફાર કરવાનું જરૂરી બને છે અને હવે જરૂરી મંજૂરી લેવા માટે કોઈ પૂર્વ પરવાનગીની આવશ્યકતા રહેશે નહિ. હું આ સુધારા વિધેયક વિધાનસભામાં લાવી છે ત્યારે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ વિધેયક સર્વાનુમતે મંજૂર કરે.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સને ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૮, સન-૨૦૧૧નું મુંબઈ ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું ગુજરાત સુધારા વિધેયક લઈને આવ્યા છે તેમાં મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દિનપ્રતિદિન જે રીતે ખેતી સિવાયના હેતુ માટે અને ખાસ કરીને ઔદ્યોગિકરણ માટે જે રીતે સરળતા કરવા તરફ સરકાર આગળ વધતી જાય છે તેમાં અનેક સુધારા દાખલ કરવામાં આવી રહ્યા છે. બે એકર કરતા જે જમીન ઓછી હોય અને બિન પિયત વિસ્તારમાં હોય, એક એકર કરતા પિયત વિસ્તારમાં જમીન ઓછી હોય અને એવી જમીન હોય અને ૨૦ ગૂંઠા કરતા નીચેની જમીન હોય અને એ જમીન બાગાયત પ્રકારની હોય એ સમગ્ર રાજયમાં ટૂકડા એકટમાં ખેડૂત માટે આવી જતી હોય છે. જ્યારે આ બિલ લઈને મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે બિલના ઉદ્દેશો અને કારણો જણાવેલ છે એ કારણો અને ખરેખર સુધારાનો અને એકત્રીકરણનો નવો ટૂકડા એકટ લાવી રહેલ છે એ બન્નેની વચ્ચે કોઈ સમન્વય હોય એવું લાગતું નથી. આઠ કિલોમીટરની ત્રિજ્યાથી વધારે જમીન વેચાણ માટેની મંજૂરી આપી. આજે પરિણામ એ આવ્યું કે રાજયની હજારો એકર જમીનમાં ખેડૂતો બિન ખેડૂત બની ગયા. ખેતીની જમીન ગુમાવી દીધી અને રાજયની બહારથી હજારોની સંખ્યામાં લોકો સસ્તા ભાવે ખેડૂતની જમીન લેવા માટે ગુજરાતમાં દાખલ થઈ ગયા અને સરવે કરવામાં આવે તો હજારો એકર જમીન ખેતીની એગ્રીકલ્ચર ફિલ્ડમાંથી, એગ્રીકલ્ચર સૅક્ટરમાંથી આજે નીકળી ગઈ અને તેના કારણે ખેડૂતોની દશા એક વાર પૈસા મળી ગયા પણ કાયમ માટે ખેતી દ્વારા રોજી-રોટી મેળવતા હતા, ખેતી દ્વારા આવક મેળવતા હતા એ ગુમાવી દીધી. એ પરિસ્થિતિ આપણે આઠ એકર કરતા વધુ વિસ્તારની જમીનમાં જે છૂટ આપી. તેના પરિણામે ગુજરાતમાં આજે જોઈ રહ્યા છીએ કે હાલમાં દિનપ્રતિદિન ખેતીનું ઉત્પાદન ઘટી રહ્યું છે. ઉદ્યોગોની વાત કરીએ છીએ. જરૂર ઉદ્યોગોને આવકારવા જોઈએ. ઉદ્યોગોનો વિકાસ એવા વિસ્તારમાં થવો જોઈએ કે જે વિસ્તારમાં જમીન બિન ફળદ્રુપ હોય, જે વિસ્તારમાં જમીનમાં પાક ઓછો થતો હોય, જે વિસ્તાર દૂરના વંચિત વિસ્તારમાં હોય. આજે આપણે એવા કોઈ ધારા-ધોરણો રહેવા દીધા નથી. એક પછી એક રેવન્યુ એકટ સુધારતા ગયા અને સુધારતા સુધારતા જે બિન ખેડૂત છે, એમના માટેનું ગ્રીન સિગ્નલ કહેવાય, લીલું કાર્પેટ જેને કહેવાય, એ આપણે બિછાવીને તેના માટે તેમને સરળતા કરી આપી. જમીન કોણ ખરીદે છે? જમીન માત્ર ખેડૂત નથી ખરીદતો. જમીન ખેડૂત સિવાયની વ્યકિત પણ ખરીદી રહેલી છે. તેના ખરીદી માટેના અનેક રસ્તાઓ ખુલ્લા કરી આપ્યા. આજે પરિણામ એ આવ્યું છે કે ખાદ્ય પદાર્થો પેદા કરતા હતા, જે જીવન જરૂરિયાતની વસ્તુઓ પેદા કરતા હતા. ઘઉં, જુવાર, રાઈસ, મગફળી, બીજાં ખેત ઉત્પાદન હોય એ દિવસે દિવસે ઘટતા ગયેલા છે. તેના કારણે જે સરવે નંબરોમાં, હજારો એકર જમીનમાં જે ખેતરોમાં લીલો પાક લહેરાતો હતો એ જગ્યાએ કોઈ પાકના દર્શન થતાં નથી. આજે જે આ ઉદ્દેશો અને કારણો લઈને મંત્રીશ્રી આવેલા છે કે મુંબઈની ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેના એકત્રીકરણ કરવા બાબતમાં ૧૯૪૭ની જોગવાઈ હેઠળ

ખેડૂતો ટૂકડા પાડેલી જમીનના ખરીદ અને વેચાણમાં હાડમારી અનુભવી રહ્યા છે. રાજય સરકારે ખેડૂતોને અનુભવવી પડતી હાડમારીઓ દૂર કરવા માટે આ ભલામણો રાજય સમિતિએ જે આપેલી હતી. તેના પાંચ ઈમ્પ્લીમેન્ટેશન કરેલા હતા એકટમાંથી, બીજા ઉમેરવા જઈ રહેલા છે. ત્યારે સવાલ એ ઉપસ્થિત થાય છે કે ટૂકડાની જમીનમાં આજે અનેક પ્રશ્નો છે. લાગુ ખેડૂત જે છે તે ટૂકડો ખરીદવા જાય તો જરૂરી મંજૂરી મળતી નથી. એટલા માટે સરકારે જરૂરી મંજૂરીની પ્રક્રિયામાં એણે જવું પડશે તે વખતે મામલતદારમાં અને પ્રાંત અધિકારી કક્ષામાં એટલો બધો વિલંબ થઈ રહેલ છે કે એ વિલંબને કારણે અનેક સાધનીક કાગળો, વાજબી રજૂઆતો, વાજબી કારણો આપવા છતાં પણ આજે પણ એ ટુકડાની જમીન બાજુવાળો ખરીદી શકતો નથી અને જરૂરી કાગળો સામેલ થાય છે. એટલું નહીં પણ જ્યારે ખેડૂત આ જગ્યામાં પોતાના કુટુંબનું વિભાજન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને કુટુંબમાં જ્યારે ભાઈઓ છૂટા પડે છે ત્યારે અનેક સવાલ ઉપસ્થિત થાય છે. આ કાયદામાં ટુકડા એકટ મુજબ એ ટુકડો કોઈપણ વ્યકિતને આપી શકશે. લાગુ ખેડૂત ન લે અને બીજા અન્યને આપવાનો એવો પ્રશ્ન નથી એ કોઈને પણ વેચી શકશે. આજ સુધી જેટલા ખેડૂતો છે, નાની સરખી જમીન છે, નાના ખેડૂતો છે, ચાર એકર કે બે એકર જમીન હોય એવા ખેડૂતો બીન ખેડૂત બની જશે. વેચાણ પરમિશન આપવાથી એની જમીન કોઈપણ વ્યકિત ખરીદી શકશે. આમાં કેટલીક વાત ખેડૂત વિરોધી પણ સામેલ કરવામાં આવેલી છે. અત્યાર સુધીમાં માત્ર ટોકન કિંમત ઉપર આ જમીનની મંજૂરી આપવામાં આવતી હતી. અત્યારે નવા કાયદાથી જે જંત્રીના ભાવ છે એના દસ ટકા લેખે આ નવા એકટમાં આવી રહેલ છે. એના કારણે રાજય સરકારને જરૂર આવક થશે. જંત્રીના ભાવ નવા રીવાઈઝ કરી રહેલ છીએ અને એમાંથી આપણે ખૂબ મોટી આવક ઊભી કરેલ છે. આમાં આપણે રૂ.૨૫૦/-માં રજીસ્ટ્રેશન કરાવી શકતા હતા. હવે જંત્રીની કિંમત નક્કી કરતાં એનો આધાર લેવો પડશે અને એના ઉપર દસ ટકા રકમ વસૂલ કરવામાં આવશે. આમાં ખરેખર ખેડૂતનું હિત જાળવવું હોય તો, ખેડૂતનો ઈન્ટરેસ્ટ જાળવવો હોય તો, ખેડૂતને લાભ કરાવવો હોય તો આમાં ખેડૂતને લાભ દેખાતો નથી, માત્રને માત્ર આવક ઊભી કરવાની દ્રષ્ટિએ સુધારો લાવ્યા છીએ એવી જોગવાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બ્લૉકના વિભાગનનું નિયંત્રણ દૂર કરવાની વાત કરી છે. એક બાજુ નિયંત્રણ દૂર કરવાની વાત કરી છે અને બીજી બાજુ અનેક પ્રશ્નો આ મુદ્દા ઉપર ઉપસ્થિત થવાના છે. એક બાજુ એકત્રીકરણ કરવાની વાત કરવામાં આવે છે. ૪૫૮૬ ગામોમાં એકત્રીકરણની વાત કરેલી છે. ૧૮૦૦૦ ગામડાઓમાંથી ૧૩૫૦૦ ગામડાઓમાં આજે પણ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ નથી. એટલું જ નહીં પણ અત્યારે કોઈપણ મામલતદાર કચેરીમાં જઈએ, કોઈપણ પ્રાંત ઑફિસમાં જઈએ અને એક જમીનના ટુકડામાં બીજા જમીનના ટુકડામાં ઉમેરવાની વાત કરીએ અને અરજી આપીએ તો એનો કોઈ ઉકેલ આવતો નથી. એના સોફ્ટવેરમાં એનો પ્રોગ્રામ નાખવામાં આવેલ નથી, એના અધિકારોનું સ્પષ્ટીકરણ કરવામાં આવેલ નથી, કોની પાસે એના અધિકારો છે, એની સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. આજે પણ આ જમીન માટે કોઈ નીતિની સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. ખેડૂતોની બાબતમાં કોઈ એકટ સ્પષ્ટ નથી. જૂનો જે કાયદો હતો એમાં એ વધારે કલીયર હતું. ઉદ્યોગોને માટે સરળતા કરવા માટે, માત્ર ખેડૂતોનું ગળુ દબાવવા માટેનો આ કાયદો હોય તેમ લાગે છે. એનાથી ખેડૂતોને નુકસાન થવાનું છે, ખેતીને નુકસાન થવાનું છે એના ઉત્પાદનને નુકસાન થવાનું છે. આ કાયદો ખેડૂતો માટે સરળ થવો જોઈએ. જે કામ તલાટી કરતા હતા એ મામલતદાર પણ કરી શકતા નથી અને જે કામ મામલતદાર કરતા હતા એ કલેક્ટર કરી શકતા નથી. દિન-પ્રતિદિન સુધારાની વાત કરીએ છીએ પણ સુધારાની અંદર જોગવાઈઓમાં અનેક વિસંગતતાઓ ઊભી કરી કલીયર પ્રશ્નો નહીં અટકાવવાના કારણે કેટલા બધા મહેસૂલી તુમારોનો ભરાવો થયો છે એનો નિકાલ વાસ્તવિક રીતે ખેડૂતની અરજી આવે, ટુકડાની અરજી આવે અને ખેડૂતની જમીનના વિભાજનના પ્રશ્નો આવે.અનેક એન્ટ્રી એવી છે કે જે એન્ટ્રીઓ નિકાલ વગરની સોફ્ટવેરના પ્રોગ્રામ વિનાની આજે હજારોની સંખ્યામાં રાજયની રેવન્યુ વિભાગમાં પડી રહેલી છે. એક પણ ખેડૂત એવું કહી નહીં શકે કે અમે ગયા, રેવન્યુમાં અરજી આપી અને અરજી આપીને વીધીન ટાઇમ પિરિયડ, એની સમયમર્યાદામાં એનો ઉકેલ થયો હોય એવું કોઈ કહી શકતું નથી, કારણ આપણે સિસ્ટમ બંધ કરેલી છે. આપણે ઉદ્યોગોની પાછળ દોટ મૂકેલી છે. આપણે એને કેવી રીતે જમીન સરળતાથી મળે એવા કાયદા બનાવેલા છે, પરિણામે રેવન્યુ વિભાગની અંદર જે ઉકેલ આવવો જોઈએ તે ઉકેલ થતો નથી. આજે જ્યારે ઉદ્દેશો અને કારણ સાથે માનનીય મંત્રીશ્રીએ બીજી અન્ય જે કલમો ઉમેરેલી છે તે કલમોના અંદર પણ કેટલાક આનુષાંગિક સુધારાઓ આમાં બતાડેલા છે. આ વિધેયકમાં જે રીતે સુધારો કરવામાં આવી રહેલો છે તે સુધારામાં જે છૂટ આપવામાં આવી રહેલી છે, અન્ય લોકોને જમીન ખરીદીની એના ઉપર રેડ સિગ્નલ જેને કહેવાય, લાલ બત્તી જેને કહેવાય, વિચારણા જેને કહેવાય એવું કરવાની જરૂરિયાત હતી. ખરેખર આ બિલનો અવકાશ થોડોક વધારે વ્યાપક હતો, એની ચર્ચા માટેના મુદ્દાઓમાં જ્યારે બિલ આપવામાં આવે છે ત્યારે પણ અન્ય મુદ્દાઓ આપવામાં નથી આવતા એના કારણે જે ધારાસભા ધારા ઘડવા માટે કે કાયદો ઘડવા માટે કે ઉમેરો કરવા માટે કે સુધારો કરવા માટે જે રીતે આગળ વધવું જોઈએ એના અવકાશ ખૂબ લિમિટેડ રહે છે ત્યારે માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવેલા છે એના ઉપર અમે અમારા વિચારો વ્યકત કરેલા છે.

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં રાજયના મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૧૧ વિધેયક ક્રમાંક: ૮, સન ૨૦૦૧૧નું મુંબઈનું ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું સુધારા વિધેયક લઈને આવ્યા છે તેમને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. આ વિધેયક આવતા ખેડૂતોને ખૂબ જ સરળતા ઉભી થશે. આમ તો આપણું રાજય અને રાષ્ટ્ર ખેતીપ્રધાન છે, આપણો દેશ ખેતીપ્રધાન છે. ખેતીપ્રધાન આપણું રાજય છે. અને ગુજરાતમાં મોટા ભાગના ખેતી પાછળ ૭૦ ટકા વસ્તી રોજીરોટી મેળવે છે. આ બિલ અતી મહત્ત્વનું બિલ છે. કારણ કે ૧૯૪૭ના જે કાયદા મુજબ જે ટુકડાધારામાં સુધારો લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, આપણે ઘણી વખત ગામડામાં કહેતા હોઈએ છીએ, દેશી ભાષામાં, ગામડામાં કહે કે "હયિયારી હાહુ અને ઉકરડે મોકાણ, " એવું બોલતા હોઈએ છીએ, કારણ કે જ્યારે જમીનમાં ભાગીદારો વધે, વધુ ભાગ થાય, આજે આપણે ગુજરાતમાં જોઈએ છીએ, વસ્તી વધારાના કારણે જમીન ઘટતી જાય છે, વસ્તી વધે છે, ચાર એકર જમીન હોય, એમાં દર પેઢી પેઢીને કારણે આજે એક એકરમાં પાંચ પાંચ ભાગીદારોના સંયુક્ત નામે હોય છે. અને સંયુક્ત નામે હોય ત્યારે એ જમીનનો સમયસર ઉપયોગ થઈ શકતો નથી. સંયુક્ત નામે જમીન હોય, વહેંચણી થઈ શકે નહીં, સારી રીતે એમનો ઉપયોગ થઈ શકે નહીં અને કહેવત છે કે, " જર, જમીન અને જોરુ આ ત્રણેય કજિયાના છોરું" એમાંથી ખૂબ તોફાન, ટંટા અને કજિયા થાય અને આજે આપણે જોઈ શકીએ છીએ કે આવી જમીન વાવેતર વગરની પડતર રહે છે. જ્યાં સુધારા વિધેયકને કારણે આ જમીનના ખાતેદારોમાં જે પરિસ્થિતિ છે. જમીન કોઈ લેવા તૈયાર થાય નહીં, સહિયારી જમીન હોય ખાતે ચડે નહીં, માનનીય સભ્યશ્રી ઈકબાલભાઈએ કીધું કે પાડોશી લઈ શકશે નહીં પણ જ્યારે વાંધા જનક જમીન હોય એમને નામે ન થતી હોય ત્યારે કોઈ પૈસા ખર્ચે નહીં, કોઈપણ લે નહીં, એવી પરિસ્થિતિ ચાલી રહી છે ત્યારે ગુજરાત સરકાર અને માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ એક ખેડૂતના દીકરી છે. આપણે ત્યાં કહેવત છે કે બૂટ કઠે એને ખબર પડે કે કેટલી પીડા કરે છે? આ ખેડૂતના દીકરાને ખબર હોય કે બૂટ કઠે એની પીડા કેવી હોય. આ જમીન સહિયારી હોય એની પરિસ્થિતિ કેવી હોય? ભાઈ-ભાઈમાં ઝઘડાઓ થાય, એક બાપના ચાર દીકરાઓ હોય પણ બોલવાનો સંબંધ ન રહે. આવવા જવાનો સંબંધ ન રહે. આ બિલ તો ખૂબ વહેલું લાવવાની જરૂર હતી. પણ મહેસૂલ મંત્રીશ્રીએ આ બિલ લાવીને ખૂબ જ સારી ભાષામાં આ બિલ સુધરશે એવું દેખાય છે. ખેડૂતોને આના ખૂબ મોટા ફાયદાઓ થશે. સભ્યશ્રીએ વાત કરી, સન્માનનીય ગૃહમાં ભારતીય જનતા પક્ષની સરકાર છે. ૮ કિ.મી.નો કાયદો લાવ્યા એના કારણે આજે ખેડૂતો માલામાલ બન્યા છે. નબળા પડ્યા નથી. આજે ભાવો વધ્યા છે, જમીનની કિંમત થઈ છે. મને કહેતા ગૌરવ થાય છે કે સૌરાષ્ટ્રનો ખેડૂત આ કાયદાના કારણે અમદાવાદ, સુરત, અંકલેશ્વર, વડોદરા જેવા શહેરોમાં રહેતો ખેડૂત જે જમીન વર્ષોથી પડી રહેતી હતી, એનો કોઈ ઉપયોગ થતો ન હતો અને ગાંડા બાવળ સિવાય કોઈ પરિસ્થિતિ ન હતી. આ પરિસ્થિતિમાં ૮ કિલોમીટરનો કાયદો સુધર્યો અને સમગ્ર ગુજરાત આજે હરિયાળું બન્યું છે. ખેતીની જમીનની કિંમત થઈ. આ સુધારા બિલના કારણે ખૂબ જ સારી રીતે એક નાનામાં નાનો ખેડૂત સ્વતંત્ર ખાતેદાર બની શકશે. જેની પાસે બે એકર જમીન હોય, પિયત વગરની જમીન હોય એને વેચી શકે નહીં, એનો દસ્તાવેજ થતો નથી. ૨૦ ગુંઠા જમીન હોય એને કાયમી મુશ્કેલી રહે. આ કાયદો આવતા ખેડૂત પોતે ખાતેદાર અને સ્વતંત્ર બનશે. એનું ફેમિલી સુખી થશે. એને ગૌરવ થશે કે સ્વતંત્ર માલિકીનો ખેડૂત છું. મને કહેતા ગૌરવ થાય છે કે સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી, હું સમજી શકું છું કે વિરોધ પક્ષમાં હોય પણ ખરેખર સારી વાતમાં સહમતિ આપવી જોઈએ. ઈકબાલભાઈ, એ આપણો ધર્મ છે. આ બેંચમાં બેઠેલા ૮૦ ટકા ખેડૂતના દીકરા છે. જ્યારે સારી બાબત આવતી હોય અને મંત્રીશ્રી જ્યારે આવું સરસ કામ કરતા હોય ત્યારે એમને અભિનંદન આપવા જોઈએ અને એ આપણા સૌની ફરજ છે. સભ્યશ્રીએ એક વાત કરી કે અત્યારે બહુ મુશ્કેલી થઈ રહી છે. મામલતદારનો હક્ક નથી, મંત્રી-તલાટીનો હક્ક નથી. કલેકટરશ્રી પાસે જવું પડે એ બાબતે દુ:ખ વ્યક્ત કર્યું. મારે ગૌરવ સાથે કહેવું છે કે ગુજરાતના મહેસૂલ વિભાગ નીચે જે કામગીરી ચાલે છે એ કામગીરી અંગે ટૂંકમાં મારે કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંકલ્પ કર્યો એ સાકાર કરવા માટે રાજ્યના મહેસૂલી વહીવટને કોમ્પ્યુટર દ્વારા નિયંત્રિત, સલામત, સુરક્ષિત, છીંડામુક્ત, સુદ્રઢ, સ્વચ્છ, ક્ષતિ રહિત અને ઝડપી બનાવવાના પગલા રૂપે ઈ-ગવર્નન્સ અંતર્ગત ઈ-રજિસ્ટ્રેશનની સંકલિત સેવા તાલુકા ઈ-ધરા કેન્દ્ર ખાતે જે ઊભી કરવામાં આવી છે એમાં કોમ્પ્યુટરની મદદથી નવું વેબ બેઝડ સોફ્ટવેર ડેવલપ કરવામાં આવ્યું છે. ઈ-ધરા કેન્દ્ર ખાતે એનું નામઈ-જમીન નામાભિધાન રાખવમાં આવેલ છે. આજે રાજ્યના ૨૨૫ તાલુકાઓ પૈકી ૨૨૧ તાલુકાઓમાં ઈ-જમીન પ્રોજેકટની શરૂઆત કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અર્ધ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરવામાં આવતા જુદા જુદા તબક્કાઓનું વિલીનીકરણ કરી એકજ સ્થળે સમગ્ર પ્રક્રિયા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બેઠલા સભ્યશ્રીઓને મારે યાદ અપાવવું છે કે આ રાજ્યની પરિસ્થતિ એવી હતી કે અગાઉ આડેધડ દસ્તાવેજો થાય, કોઈએ મોઢું જોયું ના હોય, કોઈને ખબર ના હોય, એને પોતાને ખબર ના હોય સ્વાભાવિક છે કે માણસની પરિસ્થિતિ મુશ્કેલીવાળી હોય અને કોઈ પાર્ટીના પ્રસંગોપાત ૫૦૦, ૨૦૦૦ લીધા હોય તો એના બદલામાં જે લોકો એ ટાઈપના હતાને એની પાસેથી પાવર લઈને એની જમીનના દસ્તાવેજો કરી લેતા હતા. મારે સભ્યશ્રીઓને કહેવું છે કે ખોટા પાવર ઓફ એટર્નીથી દસ્તાવેજ કરીને ખેડૂતને મૂળ ખેડૂત નહોતા રહેવા દેતા અને ખોટા દસ્તાવેજોથી અનેક ખેડૂતો પોતે જમીન વગરના થઈ ગયા. એમની ભાવી પેઢીને તો ૧૫-

૨૦-૨૫ વર્ષે ખબર પડે કે આપણી જમીનનો માલિક કોઈ બીજો બની ગયો છે. ૩૨(અ)ની નોટિસ આ સારી બાબત છે કે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. એક પણ માણસ કે વચેટિયો જરા, તરા પણ આડું-અવળું કરી શકે નહિ અને પોતાની જમીન પોતાની પાસે રહી શકે, પોતે માલિક રહી શકે આવું જ્યારે મહેસૂલનું માળખું આખું જ્યારે કામ કરી રહ્યું હોય ત્યારે આપણે સૌએ એમને અભિનંદન આપવા જોઈએ.

માનનીય અધ્યક્ષી જ્યારે આ સુધારો અમલમાં આવશેને ત્યારે ખેડૂત કદાચ નાનામાં નાનો હશે. આજે કદાચ વસ્તી વધારાના કારણે આપણી જમીન તો વધતી નથી પણ ૪ એકર જમીન હશે કે ૨ એકર જમીન હશે એમના ભાઈઓના ભાગે કોઈના ભાગે ૨૦ ગૂંઠા, કોઈને ૧૦ ગૂંઠા, કોઈને ૧૫ ગૂંઠા કે જે ભાગમાં આવશે એ સ્વતંત્ર ખેતીનો માલિક બનશે અને માલિક બનવાના કારણે એ ખેડૂત સ્વતંત્ર થશે. એ ખેતીના એમને ઘણાં ફાયદાઓ થશે દા.ત. સ્વતંત્ર માલિક બન્યાં પછી એ ખેડૂત પોતાની જમીન પર સ્વતંત્ર કબજો ધરાવતો થશે તેના કારણે યુ.જી.બી.સી.એલ.નું કનેકસન સ્વતંત્ર મેળવી શકશે તેમજ ખેડૂત પોતાની જમીનનો ઉપયોગ પાક ધીરાણ લઈ શકશે, અન્ય લોન મેળવી શકશે. ખેડૂતની જમીન શહેર કે ગામની નજીક હશે. કદાચ થોડી હશે તો એ બીન-ખેતી કરાવી શકશે. પોતાના ઉપયોગ માટે સ્વતંત્ર રીતે મકાનના હેતુ માટે પ્લોટિંગ કરશે અને જરૂરીયાત મુજબ પોતાની માટે રાખીને બાકીના પ્લોટનું વેચાણ કરીને ખૂબ સારી કિંમત ઉપજાવી શકશે. ખેડૂત આ રીતના સુધારાના કારણે ટૂંકી જમીન હોવા છતાં સ્વતંત્ર ભોગવટો ભોગવશે અને ખૂબજ સારી રીતે આ જમીનનો પોતે ઉપયોગ કરી શકશે.

માનનીય અધ્યક્ષી, મને કહેતાં ગૌરવ થાય છે કે સમગ્ર ગુજરાતમાં નાના ખેડૂતોની સંખ્યા ૧૩ લાખ ૪૫ હજાર કરતા પણ વધારે છે તેમજ સીમાંત ખેડૂતોની સંખ્યા ૧૬ લાખથી પણ વધારે છે તો આ ટોટલ ખેડૂતોને આ બિલ મંજૂર થતા ખેડૂતની લાંબા સમયની મુશ્કેલીઓ દૂર થશે અને રાજ્યમાં એક સમાન કાયદો બનવાથી ખેડૂતોને ખૂબજ સરળતા થશે તેમજ ખૂબ મોટા ફાયદાઓ થશે. રાજ્યના મહેસૂલ મંત્રીશ્રીમતી માનનીય આનંદીબેન પટેલને આ સન્માનનીય ગૃહમાં જે સુધારા બિલ લાવ્યાં છે અને આ સુધારા બિલના કારણે ગુજરાતના લાખો ખેડૂતોની પોતાની મુશ્કેલીઓ દૂર થશે તો માનનીય મહેસૂલ મંત્રીશ્રીમતી આનંદીબેન પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને સન્માનનીય ગૃહના બધાજ સભ્યોને વિનંતી કરું છું કે આ બિલ સર્વાનુમતે મંજૂર થાય અને ગુજરાતનો ખેડૂત ખૂબ સુખી થાય અને ખુશ બને તેવી અભિલાષા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીઓને વિનંતી છે કે, કામકાજ સલાહકાર સમિતિની ભલામણ મુજબ આજના એજન્ડામાં દર્શાવેલા પાંચેય વિધેયકો પૂરો કરવાના હોઈ હજુ ત્રણ વિધેયકોની ચર્ચા હાથ ધરવાની બાકી છે ત્યારે તમામ સભ્યશ્રીઓ પોતાનું વક્તવ્ય ટૂંકમાં, સુધારા વિધેયકની મર્યાદામાં કરે જેથી કરીને સમયસર કામ પૂરું કરી શકાય, માનનીય બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એના ઉદ્દેશ્યની અંદર એમણે જે વાત કરી કે, જમીનોના જે ટુકડા થતા હતા અને ટુકડા ધારા નીચે જમીનોનું વેચાણ કરવા માટે થઈને પૂર્વ મંજૂરી કલેકટરશ્રી પાસેથી લેવી પડતી હતી એ અડચણમાંથી હવે આ જમીનના માલિકો જે છે એ બચી જાય એ માટેનું આ બિલ જે છે એ લઈને આવેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનીય સભાગૃહમાં વારંવાર આ ટુકડા ધારાની ચર્ચામાં ખાસ કરીને અમારા ટ્રેઝરી બૅન્ચમાં બેઠેલા શ્રી પરબતભાઈ પટેલ હંમેશા ઉત્તર ગુજરાતની વાત લઈને આવેલા. માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં રેલવેની લાઈન પડી, નેશનલ હાઈ-વે પડ્યા એ પછી બીજા રસ્તાઓ પડ્યા એના કારણે ખેડૂતોની જમીનોના ભાગ પડી ગયા. એમાં એક ખેતરમાંથી એક ભાગ રહી જાય અને બીજો જાય એના કારણે પણ આ વિટંબણાઓ થઈ. માનનીય અધ્યક્ષશ્રી, આ તો વીસ ગુંઠા કે ત્રીસ ગુંઠાની વાત કરે પણ કેટલાય એકરો જે હોય એની અંદર એના ભાગલા પડી જાય, કુટુંબમાં ભાગ પડી જાય અને આજે પણ રેવન્યુ ડિપાર્ટમૅન્ટના જે ધોરણો છે કાયદામાં, એમણે એમ કહ્યું કે, નવ ભલામણો હતી એમાંથી પાંચનો અમલ કર્યો અને ચારનો અમલ કરવા માટે થઈને આજે આવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એ ભલામણો કરો પણ એનો અમલ થાય છે ખરો ? માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સારા કામની અંદર હૉસ્પિટલ કે શાળા માટે થઈને કોઈ ખેડૂત જગ્યા જેટલી જરૂરિયાત હોય એટલી દાનમાં આપે બાકીની જે જમીન જે બચેલ હોય એની પોતાની માલિકીની હોય એ જમીન ટુકડા ધારામાં આવે છે એના કારણે સરકાર દાખલ થઈ જાય અને એ દાન આપનાર જે જમીન જે છે એને જમીન મેળવવા માટે થઈને અરજદાર બનવું પડે આવી સંખ્યાબંધ બાબતો મારા ધ્યાનમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિલીપભાઈને મારે કહેવાનું છે કે, કાગળ ઉપર બધું ઊજળું લાગે આપણને. હમણાં કહ્યું કે, આઠ કિલોમીટરની ત્રિજ્યામાં ખેડૂત જ જમીન ખરીદી શકે એમાંથી આપણે મૂકિત આપી દીધી અને ખેડૂતો માલામાલ થઈ ગયા. સાહેબ ખેડૂતો ઓફ-ફલોર થઈ ગયા, ખેડૂતો હળવા થઈ ગયા આ ધરણી પુત્રો જે છે એ ખેત મજૂરો થઈ ગયા અને આ જે વેચાઈ ગયેલી જમીનો જેમાં ખેતી કેટલામાં થાય છે એનો જો અભ્યાસ કરવામાં આવે તો જમીનના શાહ-સોદાગરોએ આ જમીનો લઈ લીધી અને જેમની ખેતી દર પેઢીની હતી એ હવે યાદ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ખેતીની જમીનોના વેચાણના અમારે ત્યાં કચ્છમાં કચ્છ મિત્ર અખબારમાં

એક લીઝર ડેસ્ક કરીને એક આખું પાનું આવતું હોય છે, રોજની કેટલી જમીનોની લે-વેચ થતી હોય એનો જો આપણે અભ્યાસ કરીએ તો આ આઠ કિલોમીટરનો કાયદો જે છે આ ધરતી પુત્રોની જમીનો જે છેને એને ધરતીથી વંચિત કરી નાખશે. માનનીય મહેસૂલ મંત્રીશ્રી ( અંતરાય) આપ કહેજો, આપ ટ્રેઝરી બૅન્ચે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ આપ બોલો (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આતો જે અમે અનુભવેલું છે એ કહીએ છીએ. (અંતરાય) (આ તકે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ બેઠા બેઠા, આઠ કિલોમીટરનો કાયદો પસાર કર્યો ત્યારે તમે, (અંતરાય) બોલતાં) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે એનો સ્વીકાર કરતા અને કોઈપણ ભુલ થઈ હોય એનો સ્વીકાર કરવામાં જરાય છોછ ન અનુભવવો પડે એટલા માટે હું કે અપક્ષ તરીકે ચૂંટણી લડયો, ભારતીય જનતા પાર્ટીમાં હતો. રા.જ.પા.માં હતો. કોંગ્રેસનો છું બધા ઘાટના પાણી પી ચુકેલો છું પણ જે સાચું છે ત્યારે જે વિચારેલું હતું એના કરતાં એનું અમલીકરણ કેટલું ખોટું થયું છે એ હું દાખલા સહિત આપવા માગું છું. આજે જે પરિસ્થિતિ છે ખેડૂત ખેતમજૂર થઈ જાય એ પરિસ્થિતિ છે. અમારે ત્યાં એક ખેતર વેચે અને એક ટ્રક લઈ આવતા હતા અને ટ્રકમાં પછી શું થાય એનો મારા મિત્ર વાસણભાઈને અનુભવ છે. આજે ખેડૂતોની જમીનો જે છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બંધારણમાં આપણે નવમા શિડ્યુલની અંદર લેન્ડ રીફર્મના માટેનો સુધારો મુકયો કે કોઈ દલિતો, આદિવાસીઓની જમીનો વેચી શકાય નહીં પૂર્વ મંજૂરી વગર. આજે મારા વિસ્તારની અંદર જે આદિવાસી હતા એમને આદિવાસીમાંથી બાદ કરી નાખ્યા અને એમની જમીનની લે વેચ થઈ. પાવર ઓફ એટર્નીની વાત થઈ તો પાવર ઓફ એટર્ની કઈ તારીખે લેવાયા છે એની તપાસ કરવામાં આવે તો જે તારીખે લેવામાં આવ્યા ત્યારે ૭૩ (ડબલ એ) હતું. આજે આ.....

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, આપનો સમય પૂરો થાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આમાં ઘણી વખત એક જ પ્લોટની અંદરથી નવી અને જુની શરતની મને એક અનુભવ છે એક સંસ્થાની સાથે માપણી વધારવા માટેનો એક એકર કે તમારે દસ્તાવેજ કરવો હોય તો એક એકરની માપણીનો તમે દસ્તાવેજ કરો. અમે એના પૈસા ભરી દીધા. પછી જયારે એ જમીનનો બીજો ઉપયોગ કરવાનો હતો ત્યારે એમ કહેવામાં આવ્યું કે આ કરતા પહેલાં તમારે નવી શરતનું પ્રિમિયમ ભરવું પડે. નવી શરતનું પ્રિમિયમ ભરવાનું જયારે આવ્યું એમાં વિલંબ થયો ત્યારે જંત્રીના ભાવે ભચાઉ શહેરની અંદરથી ખેતીની જમીનનો ભાવ જંત્રીના ભાવની રીતે ૮૦લાખ રૂપિયા એકરનો નકકી કરવામાં આવ્યો. ૮૦લાખ રૂપિયા એકર એ જમીનનો ભાવ નકકી કરવામાં આવ્યો હતો અને એ જમીનો જયાં વેચાઈ હશે એ ખેડૂતોને કેટલો અફસોસ થતો હશે કે આઠ કિલોમીટરનો કાયદો હોત તો મારી જમીન તો મારી પાસે બચી હોત. એટલે આ એક તારવણી કરી શકીએ એટલા માટે. એની આગળ તમે ટુકડા ધારાની વાત કરો છો પણ એક એકર જમીન પણ આ પ્લોટમાંથી જુદી કરી શકાતી નથી અને એટલા માટે થઈને સંસ્થાને શૈક્ષણિક હેતુ માટેનું જે મકાન બનાવવું છે પણ એ પ્રક્રિયા થઈ શકતી નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રાગજીભાઈ...

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એટલા માટે કે આ ટુકડા ધારાની અંદર જે વિટંબણા છે એ આનાથી દુર થવાની હોય તો અમે ચોકકસ (અંતરાય)

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ આજે આ સભાગૃહની અંદર સને ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૮, મુંબઈની ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનું જે સુધારા વિધેયક લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું. આમ તો આ કાયદાને આમજનતા ટુકડા ધારા તરીકે ઓળખે છે. ખેતીની જમીનના કાયદા મુજબ જે વ્યાખ્યા કરેલી છે. બીન ખેતીની અંદર બે એકરથી ઓછી જમીન જે હોય અને પિયત જમીનની અંદર ૨૦ ગુંઠાથી ઓછી જમીનનો જે ટુકડો હોય એને આ ધારામાં ટુકડા તરીકે ઓળખવામાં આવે છે. જયારે આ કાયદો જુના મુંબઈ રાજય ૧૯૪૭માં અમલમાં આવ્યો ત્યારથી એ વખતના કાયદાની અને એ વખતના સમય, સંજોગોની પરિસ્થિતિ જુદી હતી. આજે આ રાજયની અંદર ટુકડાઓની સંખ્યા વધી છે એનું પણ એક કારણ છે. આજે આ રાજયની અંદર મોટા પાયે ખૂબ જ વ્યાપક પ્રમાણમાં વિકાસ થયો છે ગુજરાતનો. ગામને ગામથી જોડતા રસ્તા, તાલુકાથી તાલુકાને જોડતા રસ્તા, જિલ્લાથી જિલ્લાને જોડતા રસ્તા, મોટા એકસપ્રેસ હાઈવે અને નર્મદા યોજનાની અનેક કેનાલો ઝાળાની જેમ ગુજરાતની અંદર પથરાઈ છે જમીનની અંદર એને કારણે એ સુવિધાને કારણે ગુજરાતમાં ટુકડાની સંખ્યા વધી છે. આજે એકસપ્રેસ હાઈવેની અંદર પાંચ વીઘા જમીન આ બાજુ હોય, વીસ ગુંઠાનો કે દસ ગુંઠાનો ટુકડો આ બાજુ હોય તો ખેડૂત એ ખેડવા માટે પણ જઈ શકતો નથી અને વેચી પણ શકતો નથી કારણકે કલેકટરની પરવાનગીની જરૂર પડે.બાજુવાળો સરવે નંબરનો માલિક હોય લેવા તૈયાર ન હોય, એના કારણે લાખો એકર જમીન આજે ગુજરાતમાં પડતર રહેતી હતી. આ કાયદો લાવવા માટે મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. ગુજરાતની અંદર પૂરી જમીનનું વાવેતર થશે અને ખરેખર ઓપન માર્કેટમાં આ ટુકડા ઉપરનું બાન છૂટે છે, આ ટુકડો કોઈપણ ખેડૂતને વેચી શકે છે ત્યારે ટુકડો સાચા અર્થમાં સોનાનો ટુકડો બનશે. માટે મહેસૂલ વિભાગને

ખૂબ જ અભિનંદન આપું છું. જ્યારે આ ખેડૂતને ફાયદો થવાનો, આ ખેડૂતનું શોષણ બંધ થશે. ખેડૂત એનો ઓપન માર્કેટના કારણે ભાવ આપી શકતા નહોતા. આ કાયદો લાવવાથી રાજ્યના ખેડૂતોની જે હાલત છે. ખૂબ જ મોટો સુધારો થશે. જે ૧૮,૦૦૦ ગામડામાંથી માત્ર ૨૫ ટકા ગામડામાં એકત્રીકરણ થવાથી કાયદાનું અમલીકરણ થતું હતુ. હવે સમાન કાયદો આવશે અને મહેસૂલ વિભાગને અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : શ્રી ઈકબાલભાઈએ પૂરા રેવન્યુ વિભાગની ચર્ચા અહીયા કરી અને એટલે જે બિલ છે તેનો સુધારો લાવી છું. મર્યાદામાં રહીને જ મારી વાત કરવા માગું છું. રેવન્યુ વિભાગની આપે ચર્ચા કરી છે. રેવન્યુ વિભાગની ચર્ચા થાય ત્યારે જરૂર કહેજો. એનો જવાબ પણ અમે આપીશું. બાબુભાઈએ જે વાત કરી એ આ સરકાર આવી ત્યારથી નથી થઈ. જો આપની સરકારે અને કેન્દ્રમાં જે તે વખતે સરકારો હતી એમણે રી-સરવેની કામગીરી દર ૩૦ વર્ષે કરાવી હોત તો આજે આપ જે બોલો છો, તેવા પ્રશ્નો ઉપસ્થિત થયા ન હોત અને એટલે રી-સરવેની કામગીરી કરવાની શરૂઆત રેવન્યુ વિભાગે કરી છે અને ૨૦૧૫ સુધીમાં આ બધું જ રી-સરવે થઈ જશે ત્યારે કે.જે.પી. થઈ જશે. પ્રમોલગેશન થઈ જશે. આપે જે કહ્યું કે નેશનલ હાઈવેમાં ગયું છે, તેમાં ગયું છે. તે બધુ કેજેપી થશે ત્યારે મહેસૂલ વિભાગનું શુદ્ધીકરણ થશે ત્યારે થશે એની ડીટેઈલ ચર્ચા વિભાગમાં હું ચોક્કસ કહીશ. કાળુભાઈ અને પ્રાગજીભાઈએ બિલને સમર્થન આપ્યું છે. ૮ કિ.મી.ની મર્યાદા દૂર કરવાના કારણે કોઈ બીન ખેડૂત ખેડૂત થઈ શકતો નથી. અને ૭૩(એએ) ની જોગવાઈ આજે પણ યથાવત ચાલુ છે. એમાં કોઈપણ પ્રકારનો ફેરફાર આ સરકારે કર્યો નથી. આપ બધાના ધ્યાન ઉપર રજૂ કરવા માગું છું. આ સુધારા વિધેયક માત્રને માત્ર ટુકડો જ્યાં હોય એ ટુકડા પહેલા માત્ર લગોલગ જમીન ધારક કરી શકતો હતો એમાં આટલો ફેરફાર થાય છે કે આખા ગુજરાતમાંથી કોઈપણ ખેડૂત ખાતેદારને એ વેચી શકશે એમાં પાબંદી નહિ આવે બીજું જે એકત્રીકરણ થયેલ જમીન છે, તે જમીન વેચવાનો પ્રશ્ન ઊભો થાય કે વારસાઈમાં આપવાનો પ્રસંગ બને ત્યારે પૂર્વમંજૂરી કલેકટરશ્રીની લેવાની હતી. હવે એ મંજૂરી લેવાની જરૂરત નથી. વેચી શકશે અને તબદીલ કરી શકશે, પરંતુ એમાં ટુકડો ન થાય એટલો વેચનારે કાળજી લેવાની છે. આ બે સુધારો આની અંદર લાવ્યા છીએ. હું વિધાનસભાના સૌ સદસ્યોને વિનંતી કરું છું કે આપ ખેડૂતોના હિતની અંદરનો સુધારો છે. આપ બધા આ સુધારા વિધેયકને મંજૂરી આપો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૧૧નું મુંબઈનું ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકણ કરવા બાબત(ગુજરાત સુધારા) વિધેયકનું બીજી વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૯, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૮નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૮નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૭.**

# મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૧

**મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

**આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૭ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂં કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૭ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદો ૧૯૪૮, તા.૨૮/૧૨/૧૯૪૮ થી અમલમાં આવ્યો. આ કાયદાનો સ્વેચ્છાએ જમીન ખરીદવાના હક્કનો લાભ માત્ર

* વિધેયક તા.૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

બે ટકા ગણોતિયાઓએ લીધેલો અને તેથી ૧-૮-૫૬માં ફરજિયાત ખરીદીનો સુધારા કાયદો અમલમાં લાવવામાં આવ્યો. આ મહત્ત્વના ચુકાદાથી ૧-૪-૧૯૫૭ના દિવસે ગણોતિયો જે જમીન કાયદેસર ખેડતો હોય તે જમીન ખરીદવા માટે હકકદાર બની જાય છે તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી. આમ ગણોતિયાને જમીન ખરીદવાના હક્ક આપવાની તારીખ ૧-૪-૧૯૫૭ હતી તે ખેડૂત દિન તરીકે ઓળખવામાં આવે છે. ખેડે તેની જમીન, જમીનના કાયદા અનુસાર ગણોતિયાઓને જમીનના માલિક બનાવવામાં આવ્યા. ગુજરાતમાં ૧૩ લાખ જેટલા નોંધાયેલા ગણોતિયાઓ હતા. તે પૈકી મોટા ભાગના ગણોતિયાઓને જમીનના માલિક બનાવવામાં આવેલા છે. ગણોત ધારાની જોગવાઈઓ મુજબ જ્યારે કોઈ વ્યકિત પોતાને ગણોતિયો જાહેર કરવા માગે ત્યારે તેણે મામલતદાર અને કૃષિપંચ સામે અરજી કરવી પડે છે અને અરજી મળ્યા પછી કાયદા અનુસાર તપાસ કરવામાં આવે, મામલતદાર અને કૃષિપંચ તેને ગણોતિયો જાહેર કરે અને જાહેર કર્યા પછી જમીન માલિકને કેટલી ખરીદ કિંમત આપવાની છે તે ખરીદ કિંમત નક્કી કરી આપવામાં આવે અને તે ખરીદ કિંમત એકસાથે ભરપાઈ કરવામાં આવે અથવા તો તે ખરીદ કિંમતના હપ્તા કરવામાં આવે અને તે હપ્તા જ્યારે પણ ગણોતિયો ભરી દે ત્યારે નમૂના નં.૯નું પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવે. આમ ગણોતિયો જાહેર થયા બાદ આ જમીનની ખરીદ કિંમત ઉચ્ચક હોય અથવા તે માટે ઠરાવેલા સમયમાં જેટલા હપ્તા ઠરાવ્યા હોય તેમાં ચાર અથવા વધુ હપ્તા ભરાયેલ ન હોય તેવા કિસ્સામાં ગણોતિયાની તરફેણમાં થયેલો જમીનનું વેચાણ બિનઅમલી બને છે અને જમીનનો ગણોત ધારાની જોગવાઈઓ મુજબ નિકાલ કરવાનો રહે છે. હપ્તા ન ભરાયા હોય, ખરીદ કિંમત જે હોય તે ન અપાઈ હોય તો તે ગણોતિયો રહેતો નથી અને તેનો હક્ક જતો રહે છે. ગણોત ધારાની જોગવાઈઓ હેઠળ નક્કી થયેલ ખરીદ કિંમત જ્યાં સુધી ભરપાઈ ન થાય ત્યાં સુધી નમૂના નં.૯નું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી. તેને કારણે ગણોત ધારાની જોગવાઈ મુજબ જમીનનું ટાઈટલ કલીયર મળતું નથી. ઉચ્ચક રકમ ચાર અથવા ચાર કે તેથી વધારે હપ્તાની રકમ ભરપાઈ થયેલ ન હોય તો પણ તેમના ખરીદ હક્કો ચાલુ રાખવા અને રકમ ભરવાની ફરી એકવાર તક આપવા માટે ૧૯૬૨ના કાયદાથી ત્રણ વર્ષની મુદત લંબાવવામાં આવી હતી. ફરી એકવાર તક આપવા માટે ૧૯૬૫ના કાયદાથી ત્રણ વર્ષની મુદત લંબાવવામાં આવી હતી, આમ છતાં કેટલાક કિસ્સાઓમાં ગણોતિયાએ આ રકમ ભરવાનું ચૂકી ગયા, વખતો વખત મુદત વધારવામાં આવી, છેલ્લે ચાર હેકટર સુધીની જમીન ધારણ કરતા ગણોતિયા ખરીદનારા માટે ૩૧-૧૨-૮૬ સુધી લંબાવી આપવામાં આવી હતી. એ જ રીતે ખેડૂતોના ખરીદ હક્કો બાબતે કૃષિ પંચ સમક્ષ અગાઉ ગેરહાજર રહેવાથી અથવા હક્ક મેળવવા નામરજી બતાવવાથી બિનઅમલી ઠર્યા હતા પરંતુ જમીનનો ગણોતધારાની જોગવાઈઓ હેઠળ નિકાલ ન થયો હોય તો તેમને પણ ખરીદ હક્ક મેળવવા માટે વધુ તક આપવા છતાં મુદતમાં અરજી કરી શકેલ ન હોય તે બાબત ધ્યાને લઈ ચાર હેકટર સુધીની જમીન ધરાવતી વ્યકિતઓ માટે ૩૧-૧૨-૮૬ સુધી મુદત લંબાવવામાં આવી. આ મુદત લંબાવવા છતાં પણ હજુ પણ કેટલાક ગણોતિયાઓ ખરીદનારા ઉચ્ચક રકમ અથવા ચાર કે વધુ હપ્તા ભરવાનું ચૂકી ગયા છે તથા કૃષિ પંચ સમક્ષ અગાઉ ગેરહાજર રહેવાથી અથવા હક્ક મેળવવા નામરજી બતાવવાથી બિનઅમલી ઠર્યા છે જમીનનો ગણોતધારાની જોગવાઈઓ હેઠળ નિકાલ ન થયો હોય તેમને ખરીદ હક્ક મેળવવા વધુ તક આપવા છતાં નિયત સમય મર્યાદામાં અરજી કરી શક્યા નથી, જો ૩૧-૧૨-૮૬ સુધીની મુદત લંબાવવામાં ન આવે તો ગણોતિયા ખરીદનારાઓ આ જમીન ઘણા વર્ષોથી ધારણ કરતા હોવા છતાં જમીન પરત્વેના તેમના હક્કો ગુમાવે અને તેઓ ગણોત હક્કે આ જમીન મેળવી શકે નહીં અને ગણોતિયાની ખરીદી બિન અમલી બને એટલે ૩૧-૧૨-૮૬ પછી સમય લંબાવવામાં ન આવે તો જેમની પાસે આજે પણ જમીનો છે એ જમીનો એ ગુમાવે અને એટલા માટે આવી બિનઅમલી થયેલ જમીનો ગણોતધારાની જોગવાઈઓ મુજબ કલેકટરશ્રીઓએ અગ્રતાની યાદી મુજબ નિકાલ કરવાનો રહે છે. અને તે મુજબ જમીન પુનઃઅગ્રહકકે મૂળ ગણોતિયાઓને પ્રાપ્ત થાય પરંતુ આવી રીતે ગણોતિયો જે તારીખથી જમીન અગ્ર હક્કે મેળવે તે તારીખથી નવી અને અવિભાજ્યે શરતે ધારણ કરે આમ તેનો ગણોત હક્ક જૂના સમયનો છે તે ગુમાવવો પડે અને આવી જમીનો અગ્ર હક્કથી મેળવે તે તારીખથી તેને કબજો ગણવાનો થાય જેથી ખેતી-બિન ખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવવા અગ્ર હક્કથી મેળવે તે તારીખથી પંદર વર્ષ સુધી રાહ જોવી પડે, આવી જમીનો ગણોતિયા ખરેખર ઘણા વર્ષોથી ધારણ કરતા હોવા છતાં તેઓ જૂની શરતમાં ફેરવી શકતા નથી. આ બધાયને કારણે આપણે આ સુધારો લાવ્યા છીએ, આ વિગતોને ધ્યાનમાં લેતાં એ ઉપરાંત કાયદાની અજ્ઞાનતા, કાયદાની પૂરતી સમજના અભાવે, શરતચૂક કે અન્ય કારણોસર ગણોતધારા હેઠળ નક્કી થયેલ ખરીદ કિંમત ભરપાઈ કરવાનું ચૂકી ગયા હોવાથી ગણોતધારાની જોગવાઈઓ મુજબ નમૂના નંબર નવનું પ્રમાણપત્ર મેળવી શકતા નથી જેથી આવી જમીનો ઘણા વર્ષો સુધી ધારણ કરતા હોવા છતાં ખેતી કે બિન ખેતીના હેતુ માટે શરતફેર કરી શકાતી નથી આવા ગણોતિયાઓ નમૂના નંબર નવનું પ્રમાણપત્ર મેળવી શકે તથા તેઓને અન્યાય ન થાય તે માટે નક્કી કરેલ થયેલ ખરીદ કિંમત ભરપાઈ કરવા અંગેની મુદત વધારી આપવા માટે સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ભારતીય કિસાન સંઘ, વિવિધ અરજદારો દ્વારા સરકારને વારંવાર રજૂઆતો મળતી હતી અને મુદત વધારી આપવામાં આવે તો હજારો ગણોતિયાઓને આનો લાભ થાય, ગણોતધારા હેઠળ નક્કી થયેલ ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત વધારી આપવાની બાબત ઘણા સમયથી સરકારની વિચારણામાં હતી જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે ગણોતધારા હેઠળ નક્કી થયેલ ખરીદ કિંમત ભરપાઈ કરવાનું તથા કૃષિ

પંચ સમક્ષ અગાઉ ગેરહાજર રહેવાથી અથવા હક્ક મેળવવા નામરજી બતાવવાથી બિનઅમલી ઠર્યા હતા પરંતુ જમીનનો ગણોતધારાની જોગવાઈઓ હેઠળ નિકાલ થયો ના હોય તેમને ખરીદ હક્ક મેળવવા વધુ તક આપવા છતાં અરજી કરવાની છેલ્લી મુદત ૩૧-૧૨-૮૬ સુધીની હતી તે મુદત વધારવા માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવામાં આવે અને છતાં પણ આ વધારેલ સમય મર્યાદામાં કોઈ કારણસર ગણોતિયાઓ ગણોતધારા હેઠળ નક્કી થયેલ કિંમત ભરપાઈ કરવાનું ચૂકી ગયા હોય મુદત વધારી આપવા માટે રજૂઆતો મળે ત્યારે પુનઃ મુદત વધારવા કાયદામાં સુધારો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય અને તે બાબત ધ્યાને લઈ ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત વધારવા માટે વારંવાર કાયદામાં સુધારો કરવાનો થાય નહીં તે માટે ચોક્કસ સમય મર્યાદાના બદલે ગણોતધારા હેઠળ નક્કી થયેલ ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત વધારવા સરકારશ્રી દ્વારા વખતો વખત જાહેરનામુ બહાર પાડવા કાયદામાં જરૂરી સુધારો કરવા અંગનું વિધેયક આ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર મુદત વધારવાની છે અને એ મુદતની અંદર આ બધા જ કામો પૂરા થાય એના માટે આ સુધારા વિધેયક હું આ વિધાનસભાની અંદર લાવી છું. હું તમામ ધારાસભ્યશ્રીઓની વિનંતી કરું છું કે આપ એમાં સહયોગ કરો કારણ કે, આ ગણોત ધારામાં જે લોકો રહી ગયા છે, ગણોતિયાઓ બની નથી શકયા, પોતાની પાસે જમીન હોવા છતાં પણ એનો હક્ એમને નથી મળતો, વેચાણ નથી કરી શકતા, એના ઉપર કોઈ લોન-બોજો વગેરે નથી લઈ શકતા એવા હજારો ગણોતિયાઓને આનો લાભ મળે એટલા માટે ૩૧-૧૨-૧૯૮૬ પછીની મુદતમાં વધારો થાય એનું આ બિલ સુધારા બિલ છે.

**અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હકીકતે આ બિલ તો ૧૯૮૬માં ડેડ થઈ ગયું છે એ વખતે પ્રોગ્રેસીવ સરકારો હતી અને એ પ્રોગેસીવ સરકારો એવી હતી કે જે એમ ઈચ્છતી હતી કે, ખેડૂતોની જમીન છે એ ખેતી કરનારા ખેડૂત પાસે રહે. અત્યારે તો બે વર્ગ થઈ ગયા છે, એક વર્ગ એવો છે કે મર્સીડીસ ગાડી લઈ અને ફાર્મ હાઉસમાં જાય એ પણ ખેડૂત કહેવાય અને એક વર્ગ એવો છે કે સવારથી સાંજ સુધી મજૂરી કરે એ પણ ખેડૂત છે. ત્યારે સરકાર એમ ઈચ્છતી હતી કે આ ખેતીની જમીન છે એ ખરેખરા ખેડૂત પાસે રહે અને એટલા માટે એ વખતે કાનૂન એવા હતા કે, ખેડૂત છે એ જો જાતે ખેતી કરવી હોય તો આઠ કીલોમીટરની રેન્જમાં જ કરી શકે એનાથી આગળ જાય તો એ મૂડી રોકાણ જરૂર કરે પણ ખેડૂત ખેતી ન કરી શકે. એટલા માટે કાયદો આઠ કીલોમીટરનો રાખ્યો હતો. નવી શરતની જમીનો એટલા માટે ખેડૂતોને વેચાવાની મંજૂરી નહોતી આપતા કે ખેડૂત ખેતી કરે ત્યાં સુધી એ ખેતીનો માલીક એજ રહે એ બીજાને આપી ન શકે એના વારસદારોને જરૂર આપી શકે પણ બીજાને આપી ન શકે. સાંથણીની જમીનો દલિતભાઈઓને અને મિલિટરીના રીટાયર જવાનોને અપાય એ પણ એને ખેતી કરવા માટે આપીએ છીએ. મારા મિત્રો રમણભાઈ, ફકીરભાઈ, આત્મારામભાઈ બધા બેઠા છે. અંતરાત્માને પૂછે કે કેટલા દલિતો જે ખેડૂતો બનાવ્યા છે એ બિન ખેડૂત આજે થઈ ગયા છે. આઠ કીલોમીટરની ત્રીજીયાના કારણે કેટલા ખેડૂતો ખેત મજૂર થઈ ગયા છે એક સર્વે કરાવી જુઓ તો ખબર પડે. પણ અનેક લોકોની જમીનો છે એ આજે જમીનના સટ્ટાખોરો પાસે આવી ગઈ છે. (અંતરાય) કમાભાઈ કે અમારા બાબુભાઈ જમનાદાસ એમના મોઢા પર હાસ્ય હોય એ હું સમજી શકું પણ કાળુભાઈના મોઢા પર આ કાયદાથી હાસ્ય કેવી રીતે આવે મને આશ્ચર્ય એ વાતનું છે. એટલા માટે કહું છું કે આ જે છે એ ખેડૂતોને બિન ખેડૂતો બનાવવાની વાત છે. વાત ખેડૂતોને નામે કરે પરંતુ મને મુનાવર રાણાનો એક શેર યાદ આવે છે. મુહાજીરો માટેનો છે. મુહાજીરો એટલે વિસ્થાપિતો અને નિરાશ્રિતો. માનનીય અધ્યક્ષશ્રી, મુહાજીરો માટેનો શેર છે. 'મુહાજીરો યહી તારીખ હે મકાનો કી, બનાનેવાલા હંમેશા બરામદોમે રહા.' માનનીય અધ્યક્ષશ્રી, જે ખેડૂતોની પાસે ખેતીની જમીન હોય એ ખેડૂતોની પાસે એ ખેતીની જમીન રહે એટલા માટે અમારા વડવાઓએ અનેક બલિદાનો આપ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રની અંદર એ વખતના માથાભારે સામંતશાહી તત્વો એ વખતે ખેડૂતોને ખેડે તેની જમીનના ફોર્મ ભરવા દેતા નહોતા. અને એ વખતે રતુભાઈ અદાણી, કરમશી મકવાણા આ બધા આગેવાનોને જાનના જોખમે એ ફોર્મ ભરાવ્યા અને ખેડૂતોને પોતાની જમીનના માલિક બનાવ્યા અને આજે એજ જમીનો એક યા બીજા પ્રકારે લઈ અને આ ખેડૂતોને મુહાજીરો બનાવવાનું કામ આ સરકાર કરી રહી છે. હું જે કહેતો હતો એ વાત હતી કે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે પહેલી એપ્રિલ, ૧૯૫૭, સૌરાષ્ટ્રમાં તો એની પહેલાં કાયદો થઈ ગયો હતો, ત્યારે પ્રમોલગેશન થયું, ખેડૂત દિન હતો અને જેના કબજામાં જમીન હતી, જે લોકો એ વખતે ગણોતિયાઓ હતા એ જમીનના માલિક ડિમ્ડ માલિક બન્યા અને સૌરાષ્ટ્રમાં તો એવું કર્યુ કે જેમની પાસે પૈસા ભરવાના નહોતા એને રાજય સરકારે લોન આપી, એના ખાતામાં જમા કરાવી દીધા અને એમને માલિક બનાવી દીધા, ગુજરાતમાં આ ન થઈ શક્યું. એટલા માટે ૧૯૮૬ સુધી કાયદો લંબાવવો પડ્યો, સૌરાષ્ટ્રમાં આજે એક પણ ગણોતિયાનો કેસ નથી, તમામ જમીનો ખેડૂતો પાસે છે, માલિકીની જમીન છે, ૧૯૮૬માં પણ જે તે વખતની સરકારને એમ લાગ્યું કે હવે કોઈ ગણોતિયા રહ્યા નથી એટલા માટે એ વખતે આ કાનૂન લંબાવવામાં ન આવ્યો એમણે કહયું કે હવે કંઈ જરૂર નથી., જે ગણોતિયાઓના હક્કો હતા એ બધાના પ્રસ્થાપિત કરી દીધા હતા અને એના પછી જે ઘટનાઓ બની, એ ઘટનાઓ તરફ હું આપનું ધ્યાન આકર્ષિત કરવા માગું છું. હવે આ જમીનના ગણોતિયાઓ કોણ થાય છે? સાચા ગણોતિયાઓ ગણોતિયા

થાય છે? હું સરકારી રેકર્ડના આધારે જ આ ટ્રેઝરની બેન્ચનું ધ્યાન દોરવા માગું છું આ મેં કહ્યું એમ સૌરાષ્ટ્રમાં આ પ્રશ્ન નથી આ તો પ્રશ્ન છે ગોલ્ડન કોરીડોરનો અને એમાં ગણોતિયાના નામે જમીનો પડાવી અને સરકારનું પ્રિમીયમ લેવા માટેની આ વાત છે, હું જે વાત કરતો હતો એ વાત એ હતી કે, આમાં બે કલમો છે એક ૩૨(દ ા)ની કલમ, કે જેના હેઠળ પ્રોસિડીંગ્સ ચલાવી અને ગણોતિયો પ્રસ્થાપિત થાય છે અને બીજી જે મહત્વની કલમ છે જેના ઉપર સરકારની બહુ જ નજર છે એ છે ૭૦(ઓ) ની કલમ, એ કલમમાં પ્રિમીયમ વગર આ જમીન બિનખેતી કરી શકાય છે, ૨૦૦૫ સુધી આ ગણોતિયાઓ કેવા બનતા રહ્યા? જેની પાસે સારામાં સારી કાર, સારામાં સારો બંગલો, ગણોતિયાના નામની પાવર ઓફ એટર્ની લઈ, મરી ગયા હોય એના નામની લઈ સીધી જ એને બિનખેતી કરાવી લે અને સરકારને અબજો રૂપિયાના પ્રિમીયમની નુકશાની કરાવે, સરકારનો રેકર્ડ શું કહે છે એ હું કહેવા જાઉં છું (અંતરાય) વિભાવરીબેન મેં કર્યુ હોય તો હું મુહાજીર છું અને એને આ લોકો છોડે નહિ, પ્રદિપ શર્મા છે એના કરતાં અર્જુન મોઢવાડિયા પહેલો યાદ આવે, મને ગૌરવ છે કે અનેક સમિતિઓ બની, અર્જુન મોઢવાડિયાને કોઈ આંગળી નહિ ચિંધી શકે, એને મારવો હોય તો મારી નાંખે એ વાત જુદી છે, ઘણી બની ગઈ ખાનગીમાં, ઘણી તપાસો કરાવી લીધી, અહીંયા અમારી સામે આંગળી ચિંધી શકાય એવું નથી હું જે વાત કરવા માગું એ, એ વાત કરવા માગું છું કે પ્રદિપ શર્મા પહેલાં અમારો વારો હોય, પણ હું એ વાત કરતો હતો કે ૫-૭-૨૦૦૦ના રોજ બરોડાના કલેકટરે ગુજરાત મહેસૂલ પંચમાં એક એફીડેવીટ કરી કે આ પ્રકારના જે ગણોતધારા હેઠળના કેસો છે.:તેની અંદર ખોટા કેસો થાય છે. અને તેની અંદર રાજય સરકારને કરોડો રૂપિયાના પ્રીમિયમની નુકસાની જાય છે અને સાચા ગણોતિયાઓ હોતા નથી. અને એટલા માટે જે મંજૂર થયેલા કેસો છે તેનું રિવિઝન કરવામાં આવે અને તેના માટે જે મંજૂર થયેલા કેસ છે તેના ઉપર મનાઈ હુકમ આપવામાં આવે અને રિવિઝન કરવામાં આવે. મહેસૂલ પંચે રિવિઝન પણ મંજૂર કર્યુ અને મનાઈ હુકમ પણ આપ્યો. હું એ કલેકટરને ધન્યવાદ આપું છું. મારા બરોડાના મિત્રો જાણે છે આ બાબતમાં (સમય-સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા ઉપર જ બોલુ છું સાહેબ પરંતુ તેના પછી ૯-૧૦-૨૦૦૧ના રોજ કોઈ નવા કલેકટર આવ્યા અને એ કલેકટરે રેવન્યુની અંદર, ટ્રીબ્યુનલની અંદર એફિડેવિટ કર્યુ અને આ મનાઈ હુકમ વિડ્રો કરવાની વિનંતી કરી. અને રેવન્યુ ટ્રીબ્યુનલે શું ચુકાદો આપ્યો તેની ખાલી બે-ત્રણ લાઈનો છે તે હું વાંચુ છું Before this Revision Application comes up for final hearing the learned Special Government Pleader has filed one application on ૨૫-૦૧.૦૧ stating that the Collector, Vadodara has requested to withdraw the application vide its order dated ૩૦-૬-૦૧ directed them to withdraw the Revision Application. ગુજરાત સરકારે સૂચના આપી એટલા માટે આ રિવિઝન એપ્લિકેશન પાછી ખેંચવામાં આવી. અને તેના પછી જે આ પ્રવૃત્તિ હતી તે પાછી શરૂ થઈ. ફરી પાછા ૧૬-૧૦-૦૩ના રોજ એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો, આ કલમ-૭૦ઓ માટે. માનનીય અધ્યક્ષશ્રી, શું થાય છે તે લખ્યું છે એટલે હું એક નાનકડો પેરેગ્રાફ વાંચુ છું. " કે ગણોતધારાની કલમ-૭૦ઓના અવલોકન માટે આવતા મોટાભાગના કેસોમાં દાવેદાર તરીકે મૂળ ગણોતિયાની દાવા અરજી હોતી નથી. પરંતુ વહીવટકર્તા અને કુલ મુખત્યાર તરીકેના અરજદારો પાવર ઓફ એટર્નીના આધારે જોવા મળ્યાં છે. આ પાવર ઓફ એટર્નીવાળા. કામના કાગળોમાં પણ મોટાભાગના કેસોમાં મૂળ ગણોતિયાના કોઈ લેખિત જવાબ કે મામલતદારની સહતપાસણી સમક્ષના રૂબરૂ નિવેદનો લેવામાં આવેલ હોવાનું જણાયું નથી. અમુક કિસ્સામાં પાવર ઓફ એટર્નીના આધારે વહીવટકર્તા કુલમુખત્યારની દાવાની અરજીના આધારે કેસોમાં નિર્ણય લેવાયેલ છે તેવા કેસોમાં મૂળ ગણોતિયા તરફથી તેમણે કોઈ આવી પાવર ઓફ એટર્ની આપી હોતી નથી. અને ખોટી પાવર ઓફ એટર્ની રજૂ કરી અને તેના આધારે નિર્ણય થયેલ છે તેવી રજૂઆતો મળી છે. સરકારની કાયમી ગણોત હક્ક આપવાની નીતિ ગણોતિયાના લાભ માટેની છે ત્યારે તેને લગતા કેસોમાં ગણોતિયાના દાવાની અરજી અને નિવેદનો હોય તે અત્યંત આવશ્યક છે આમ છતાં આ બાબતની ચકાસણી જિલ્લા કક્ષાએ કરવામાં આવી નથી અને અનિયમિતતા થઈ હોવાનું જણાવેલ છે. એટલા માટે એમ કહ્યું માનનીય અધ્યક્ષશ્રી, કે હવે ૭૦ઓ નીચેના પ્રોસિડિંગ ચલાવા જ નહીં કે જેનાથી આ ભ્રષ્ટાચાર થયો છે. પરંતુ તેના પછી એક ખાનગી પરિપત્ર થયો ૨૭-૫-૦૫ના રોજ. એણે કહ્યું કે કેસ નહીં ચલાવવાના પણ અત્યાર સુધીમાં પ્રોસિડિંગ ચાલી ગયા છે એને રિવિઝન પણ નહીં મૂકવાના અને તેનું પ્રીમિયમ પણ વસૂલ નહીં કરવાનું અને આ પ્રીમિયમ હજારો કરોડ રૂપિયાનું થતુ હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રોસિડિંગ્સ ચલાવ્યા અને મનાઈ હુકમ જે ઉઠાવી લેવામાં આવ્યો તે પ્રદીપ શર્મા નહોતા પરંતુ તે એક કલેકટર હતા તે આજે મુખ્યમંત્રી કાર્યાલયમાં માનની જગ્યા ઉપર બેસે છે. ...(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા ઉપર જ બોલુ છું.

**અધ્યક્ષશ્રી** : તમે સૌથી વધારે ૧૩ મિનિટ બોલ્યા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કડવી વાત હંમેશા સાંભળવાની તૈયારી રાખવી પડે. (અંતરાય) ફરી પાછા..

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા ઉપર જ બોલુ છું.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :આની અંદર જે ડર છે, એ જે કલમ ૭૦(ઓ) ના પ્રોસિડિંગ્સનો છે. એ સરકારે બંધ કરાવ્યા પણ ૨૦૦૯માં ફરી પાછા શરૂ થયા. મારી ટ્રેઝરી બેંચને એટલી જ વિનંતી છે કે આમાં કયા ગણોતિયાઓને મદદ કરવા માગે છે? હમણા જ જેમણે હેલિકોપ્ટરો લીધાં એમને? કે જે ખેતી કરે છે, હળ હાંકે છે કે ટ્રેકટર ચલાવે છે એ ગણોતિયાઓને? આ બિલ લાવવાથી માત્ર ને માત્ર જે નુકસાન થવાનું છે તે રાજયની તિજોરીને જવાનું છે. એટલું જ નહીં, જૂના કેસો જે થયેલા છે અત્યારસુધીમાં, એમાં પ્રોસિડિંગ્સ ચલાવી, ખોટા પ્રોસિડિંગ્સ કરાવી, ખોટા ગણોતિયાઓ ઉભા કરી રાજય સરકારને અબજો રૂપિયાનું નુકસાન કરે છે એને માફી આપવા માટેની યોજના આ વખતનું બિલ લાવવા પાછળનો હેતુ છે. માનનીય મંત્રીશ્રીએ કીધું કે ૧૩ લાખ ગણોતિયા હતા. અને એમાં મોટા ભાગનાએ લાભ લઈ લીધો છે. લિસ્ટ તો આપે કે કેટલી ફરિયાદ આવી છે. કેટલા ગણોતિયા સાબિત કરી ચૂકયા છે. અત્યાર સુધીમાં. રાજય સરકાર એક તરફ એમ કહે છે કે ખોટા દાવાઓ થઈ રહ્યાં છે અને બીજી તરફથી કહેવાનું છે કે ગણોતિયાઓને મદદ કરવાની છે. આ જમીનના દલાલોને મદદ કરવાનું બિલ છે. એના માટે કોંગ્રેસ પક્ષ કયારેય સંમત થઈ શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લે એક વાત કરવી છે. આ સરકાર કેવા લોકોને મદદ કરી રહી છે? ખેડૂતોને? ખેડૂતો એની જમીન વેચી શકે એને મદદ કરવી એ નહીં. ખેડૂત જમીન ન વેચે, ખેતી કરે એમાં મદદ કરવી એ આ રાજય સરકારની ફરજ છે. અત્યારે ખેડૂતો હોય, આદિવાસીઓ હોય કે દલિતો હોય એની હાલત કેવી થઈ છે એ હું મુસ્તફા જયદીનો એક શેર કહીને મારી વાત પૂરી કરવા માગું છું.

" વો કયા કરે જો તેરી બદોલત ના હંસ સકે,
ઔર જીનપે ઈત્તફાકસે આંસુ હરામ હૈ. "

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતો હસી શકતા નથી અને છાનુમાનું રોવાનું. એમને રડાવવાનું કામ આ સરકાર કરે છે. અને આવનારા દિવસોમાં તમારા બધાએ રડવાનું આવશે.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલી મંત્રીશ્રી ગણોતધારાની જોગવાઈઓમાં સુધારા અંગેનું જે બિલ લઈને આવ્યા છે, એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શરૂઆત ત્યાંથી કરવી છે. કદાચ મારા પૂર્વ વકતાને ખ્યાલ નહીં હોય કે ખેડૂતો ગુજરાતમાં જન્મે છે, ખેડૂતો બનાવાતા નથી. ખેડૂત માતાની કૂખે જન્મેલો જ ખેડૂત બની શકે છે, ગુજરાતમાં. ખેડૂતો બનાવાતા નથી સાહેબ. અને એટલા માટે જે કાંઈ ચર્ચાઓ થાય છે, મારે વાત એ કરવી છે. મારે ગુજરાતના મુખ્યમંત્રી અને આનંદીબેનને અભિનંદન એટલા માટે આપવાં છે કે અત્યાર સુધીમાં કાયદાઓમાં જે સુધારા કરવામાં આવ્યા છે એ ગરીબોને મદદરૂપ થાય એવા સુધારાઓ કર્યા છે. હમણાં ભાઈશ્રીએ વાત કરી, અર્જુનભાઈ મોઢવાડિયાએ કે ખોટા પાવરથી સોદાઓ થતા હતા. ખોટા પાવરથી થતા સોદાઓને રોકવાનું કામ આ ગુજરાતની સરકારે રજીસ્ટ્રેશન એકટમાં સુધારો કરીને ૨૧/૭/૨૦૦૮થી અમલમાં મૂકયું છે કે પાવર ઓફ એટર્નીથી થતા સોદાઓની નોંધ કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે મારે બીજી વાત કરવી છે કે ગુજરાતમાં જે સરકાર છે. ગરીબોની, ગામડાના ખેડૂતોની, ગણોતિયાઓની વ્યથા અને એની કથા સાંભળનારી આ સરકાર છે. ટૂંકમાં એમ કહું કે ધરતી સાથે જોડાયેલાઓનું શાસન આજે ગુજરાતમાં છે એમ કહેવામાં મને કોઈ વાંધો નથી. મારે વાત એટલા માટે કરવી છે કે આ જે સુધારો આવી રહ્યો છે. ગણોતિયા કોણ હતા? જમીન ખેડનારાઓ. બે વીઘા, ચાર વીઘા, ચાર એકર જમીનો કોના માટે હતી? આ સુધારા કોઈ માલેતુજાર માટે નથી. આ સુધારા કોઈ ધનવાનો માટે નથી. આ સુધારા કોઈ જાગીરદારો માટે નથી. આ સુધારા કોઈ મોટા જમીનદાર માટે નથી. બે હેકટર, ચાર હેકટર જેટલી જમીન ધારણ કરનાર ગરીબ ખેડૂત, ગરીબ ગણોતિયો જે એના હપ્તાની રકમ નહોતો ભરી શકયો, એવા એક ગરીબ ગણોતિયા માટેનો આ સુધારો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે કે વાત થઈ સરકારી તિજોરીની રકમ વધારવાની. મારે એ વાત પણ કરવી છે કે અત્યારસુધીમાં જમીનના દસ્તાવેજો માટેની કિંમત કેટલી હતી એ તમે ભૂતકાળમાં જઈને ઝાંખી લો. આ સરકારે જંત્રીના કાયદામાં કિંમતમાં વધારો કરીને કરોડો રૂપિયાથી સરકારી તિજોરી છલકાવી દીધી છે અને આજે ઈતિહાસ એનો સાક્ષી છે. આ વાત મારે એટલા માટે કરવી પડે છે કે 'ખેડે તેની જમીન'નો કાયદો અમલમાં આવ્યો ત્યારપછી ૧૯૮૬ થી આ કાયદો ડેથ છે. કોણ સત્તામાં હતું, કોનું શાસન ગુજરાતમાં ચાલતું હતું, કોણે તમને રોકયા હતા આ કાયદામાં સુધારો કરતાં? મારે આ વાત એટલા માટે કરવી છે કે ગરીબોની વાત કરીને ગરીબોના મત મેળવીને સત્તાના સિંહાસન ઉપર પહોંચીને ગરીબોને મોંઘવારીમાં હોમી દીધા છે એ લોકોને ગરીબોની વાત કરવાનો કોઈ જ અધિકાર નથી. કયા મોંઢે તમે ગરીબોની વાત કરો છો? આ તો ગણોતિયાઓની વાત છે. ગામડાનો ગણોતિયો એની કઈ દશા છે? કઈ દશામાં જીવે છે? ૨ હેકટર કે ચાર હેકટર જમીનમાં એ દિવસોમાં એ પોષણક્ષમ ખેતી નહોતો કરી શકતો? કેમ તો એ દિવસોમાં કૃષિ મહોત્સવ નહોતા થતા એટલે એમનામાં ખેતીનું જ્ઞાન નહોતું. એ દિવસોમાં સિંચાઈની સુવિધા નહોતી એટલા માટે એ પાક પકવી શકતો નહોતો, એ દિવસોમાં ખાતર અને બિયારણ અંગેનું કોઈ વૈજ્ઞાનિક માર્ગદર્શન એમને મળતું નહોતું એટલે નાનો અને સીમાંત ખેડૂત એ ગરીબ હતો. આવો ગુજરાતના બારડોલીમાં ખેડૂતો શેરડીનો પાક પકવે છે અને એ મર્સીડીઝ નહીં પરંતુ

બી.એમ.ડબલ્યુ. ગાડીમાં ફરી શકે એવા ખેડૂતો છે. મારે એ વાત કરવી છે કે બધા ખેડૂતો આ કક્ષાની ગાડીમાં ફરી શકે એવા ખેડૂતો આજે ત્યાં છે. એ લોકો શેરડીનો પાક વૈજ્ઞાનિક રીતે પકવે છે અને આટલી બધી કમાણી કરે છે. આજે એમની કરોડો રૂપિયાની એફ.ડી. સુગર ફેકરીઓમાં છે. આ ખેડૂતોના દીકરા છે એને બહારથી ખેડૂત બનાવીને લાવવામાં આવ્યા નથી.

જયારે આ લોકોના હિતની વાત છે ત્યારે મારે કહેવું છે કે જે આવા ગણોતિયાઓ રહી ગયા છે, પૈસા ભરી શકયા નથી, હપ્તાની રકમ ભરી શકયા નથી, એમાં કેટલાક ગરીબ હશે, બહોળા પરિવારવાળા હશે, એમના દીકરા દીકરીઓનાં લગ્ન કરવાનાં હશે, દીકરા-દીકરીઓને ભણાવવાનાં હશે, એને જમીનના હપ્તા ભરવાને બદલે પોતાના દીકરા-દીકરીઓને સંભાળવાનું કામ કર્યુ હશે એવા સંજોગોમાં જયારે એમને આ એક નવી તક આપવામાં આવે છે ત્યારે હું કહું છું કે ' આ ગરીબોને ત્યાં સોનાનો સૂરજ ઉગવાનો છે.' અને ગરીબોના ઝૂંપડાંમાં જે અંધારું છે એ દૂર થવાનું છે અને અમારું ધ્યેય છે કે 'ચલો જલાયે દીપ નહાં અભી ભી અંધેરા હૈ' અને એ દિશા તરફ અમે આગળ જઈ રહ્યા છીએ. ત્યારે મારે એક વાત કરવી છે કે એ લોકો ખેડૂતના પ્રમાણપત્ર મેળવી શકયા નથી તેમને ફરીથી આ તક આપવા માટે માનનીય આનંદીબેન આ સુધારા વિધેયક લઈને આવ્યાં છે ત્યારે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મિત્રો એટલા માટે કે એ ખેડૂત સાથે જોડાયેલા પરિવારમાંથી આવે છે, ખેતીની જે સમસ્યાઓ છે, ખેડૂતોની અને એમને ખેતીની જે જે મુશ્કેલીઓ છે અને જે લોકો ખેતીના વ્યવસાય સાથે નહીં, પરંતુ ખેતીના વ્યવસાયને જે લોકોએ આવક રળવાનું સાધન માન્યું છે એવા લોકોની સાથે સંબંધ નથી, પરંતુ મેં કહ્યું તે પ્રમાણે ધરતીની સાજ્ઞથે જોડાયેલો આ અમારો પક્ષ છે, ધરતીની સાથે જોડાયેલા પરિવારમાંથી માનનીય આનંદીબહેન આવે છે અને એટલા માટે ખેડૂતો માટેનાં અનેક કલ્યાણકારી પગલાં લેવાય છે ત્યારે એમને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ છે કે જે વાત થઈ રહી છે, જમીન અંગેના જે સુધારાઓ થઈ રહ્યા છે, જમીનોના દલાલોની ગાડીઓ આજે ગાંધીનગરમાં આવતી બંધ થઈ ગઈ છે, વચેટિયાઓ અને કટકીખોરો અને જમીનના દલાલો (અંતરાય) આ કકળાટ શાનો છે, આ બધો ઉકાળો શાનો છે, આ જે લોકો જમીનના કટકીખોરો હતા, ખેડૂતોની જમીનોના દગાબાજો હતા તેમનું સ્થાન આજે સામેની પાટલી ઉપર છે એ લોકોએ જોઈ લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે માનનીય અર્જુનભાઈ વાત કરતા હતા ત્યારે હું અર્જુનભાઈને રોકતો નહોતો કારણ કે તેમનું ધ્યાન નહોતું કે માનનીય શકિતસિંહજી પણ પાછળ આવીને બેઠા છે એમણે સૌરાષ્ટ્રની વાત કરી હતી કે ગણોતની જમીનમાં ખેડવા જતા હતા અને લોકો ખેડવા નહોતા દેતા, કોણ હતા એ બધાને એની બધાને સારી રીતે ખબર છે. મારે એટલા માટે કહેવું છે કે ગુજરાતનું સદ્ભાગ્ય છે કે ગુજરાતમાં સુમેળ અને શાંતિભર્યુ વાતાવરણ થયું છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ પણ એટલો જ છે, ખેડૂતોનો વિકાસ પણ એટલો જ થયો છે, ગરીબોના કલ્યાણ માટેની યોજનાઓ પણ એટલી જ લાવ્યા છે ત્યારે હું એટલું જ કહીશ કે "કશું ન જોઈ શકે તો દોસ્ત કેવળ હાથ ઊંચા કર, અમને જે જોઈએ છે મળી જશે દુઆમાંથી."

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે ગણોતિયાઓને ૧૯૮૬માં મુદત પૂરી થઈ હતી એ વધારવા માટેનું બિલ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

આ બિલ ઉપર વિસ્તૃત રીતે માનનીય અર્જુનભાઈ મોઢવાડિયાએ જે કહેવાનું હતું એ કહ્યું છે. માનનીય આત્મારામભાઈ એમના આત્માના અવાજ ઉપર કંઈક વધુ વજન મૂકીને એમણે કહ્યું કે જંત્રીના ભાવ અમલમાં મૂકીને આ રાજયને કરોડો રૂપિયાનો ફાયદો મહેસૂલ મંત્રીશ્રીએ કરાવ્યો છે. હું માત્ર એક-બે વાત કહેવા માગું છું કે જંત્રીના ભાવ ઘડિયાળના કાંટા કદી પાછા મુકાય ખરા? સન ૧૯૯૭માં મુંદ્રામાં જંત્રીના કોમર્શીયલ ભાવ એક હજાર હતા એમાં ૨૦૦૬માં ૫૦ ટકાનો વધારો થયો એ ૧૫૦૦ થયા અને પછી ૨૦૦૭માં પાંચ ટકાનો બીજો વધારો થયો અને ૧૫૭૫ રૂપિયા કોમર્શીયલના ભાવ થયા, પણ ૧-૪-૨૦૦૮થી જે નવી જંત્રી અમલમાં આવી એમાં ભાવ ઘટીને ૪૫૦ રૂપિયા કરી દેવામાં આવ્યા, કોના લાભાર્થે? સ્પેશ્યલ ઇકોનોમિક્સ ઝોનમાં જે જમીન સરકારી પડતર હોય ગોચરની જમીનો હોય એના ઉપર જંત્રીના ભાવ તો કમસેકમ તમારે લેવા હતા. આ જંત્રીના ભાવના બદલે મુંદ્રામાં માત્ર ૨૫ રૂપિયા મીટરની અંદર નવીનારમાં માત્ર ચાર રૂપિયામાં ગોચરના જમીનના ભાવો, છરપરાની અંદર માત્ર ચાર રૂપિયાના ભાવે જમીનો સ્પેશ્યલ ઇકોનોમિક્સ ઝોન પાવર ઉત્પાદન કરવા માટે થઈને ખેરાત કરવામાં આવી હોય એ રીતે આપવામાં આવેલી છે. આના કારણે કરોડો રૂપિયાનો ફાયદો થયો કે અબજો રૂપિયાનું નુકસાન થયું એ તપાસવા માટે મહેસૂલ મંત્રી જો એક તપાસ સમિતિ આ જ ગૃહના સભ્યોની નીમે જેમાં ૬૦ ટકા સત્તાધારી પક્ષના આવે અને ૪૦ ટકા અહીંથી આવે તો ખ્યાલ આવે કે રાજયને આ જંત્રીના ભાવોમાં ફેરફારોને કારણે ફાયદો થયો કે નુકસાન થયું છે. સૌરાષ્ટ્રમાં જમીનો તે વખતે ઋણ રાહત ધારો અને જમીનના સુધારાઓને કારણે ઘણો વર્ગવિગ્રહ પણ થયો હતો પરંતુ આખરે તો કોંગ્રેસે તે વખતે જે નામો લીધા, રતુભાઈ અદાણીના કે કરમશીભાઈ મકવાણા, એના કરતાં પણ હું સૌરાષ્ટ્રના ગૃહ પ્રધાન

રસિકલાલ પરીખ, લીબડીમાં નાનપણમાં મેં ખૂબ જોયેલા, એમણે આ ધરતીપુત્રો કિસાનો એમના અધિકારો કોઈ છીનવી ન લે એટલા માટે થઈને લોકશાહી પદ્ધતિએ આ જે તત્ત્વો હતા એમને નામશેષ થઈને દેશમાંથી જવું પડે તેવી પરિસ્થિતિ કરી અને ખેડૂતોના હક્કોની જાળવણી કરી. આજે ખેડૂતોના નામે વાતો કરીએ પરંતુ આ દાખલાઓ જે છે કે ખેડૂતોની જમીનો જે લેનારાઓ છે આ સન્માનનીય ગૃહની અંદર મેં મહેસૂલ મંત્રીશ્રીને પૂછેલું કે કુડાવાવની અંદર આપે જે જમીનો ટાટા પાવર્સને આપેલી છે. તેમાં જંત્રીના ભાવ કરતા ઓછા ભાવ લીધા છે એ હકીકત સાચી છે? તેમાં જે કન્સર્ન એવોર્ડ કરતા ભાવ ઓછા લીધા છે. સાચી વાત છે? મારે અભિનંદન આપવા જોઈએ કે મહેસૂલ મંત્રીએ એકરાર કરીને કહ્યું કે અમે એક મીટરે૧૩૬ રૂપિયાનો ભાવ ઓછો લીધો છે. ૧૩૬ રૂપિયાનો ઓછો ભાવ લઈએ અને ૨૩ લાખ મીટર, ૩૦ લાખ કે ૩૪ લાખ મીટર જમીન આપણે તેને આપીએ તો કેટલા કરોડ રૂપિયાનો ફરક થાય? જે ઉદ્યોગો આવે છે, પાવર સ્ટેશન આવે છે તેની કિંમત ચૂકવવી હોય એ તેને પાવર આપવો નક્કી થાય ત્યારે ગણતરીમાં લેવાની હોય છે. એટલે મારે આ બિલની અંદરનો બહુ લિમિટેડ સ્કોપ હોવા છતાં પણ જ્યારે ઉલ્લેખ થયો છે, આ સરકારની સિદ્ધિઓમાં ત્યારે આ સિદ્ધિઓની પાછળ કેટલી નબળાઈઓ છૂપાયેલી છે એના ઉપર પણ માનનીય મહેસૂલ મંત્રીશ્રી એનો અભ્યાસ કરે અને રાજયને એમના ખાતા દ્વારા જ્યાં જ્યાં નુકસાન થયું હોય એ ભવિષ્યમાં થાય નહીં અને જેમણે નુકસાન કર્યું છે એમની પાસેથી આ કિંમતો વસૂલ કરીને આ રાજયની તિજોરીમાં એ રકમ પાછી લાવે એવો આપના મારફતે અનુરોધ કરું છું.

**શ્રીમતી ૨૮૮/page>૨૮૮/page>આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી અર્જુનભાઈએ ૭૦(ઓ)ની બાબત હાઉસના ફ્લોર ઉપર મૂકી છે પણ આ આખી બાબત હાઈકોર્ટમાં સબજયુડીશ છે અને એટલા માટે તેની કોઈ ચર્ચા અહીં કરવી અસ્થાને છે. અહીં લાખો અને કરોડો રૂપિયાનું પ્રિમિયમ સરકારને મળી જશે તેવી વાત આપના દ્વારા થઈ છે. તેમાં સરકારને એક રૂપિયાનો પણ લાભ મળવાનો નથી અને એ પ્રિમિયમ લેવા માટે સુધારો કરવાનું બિલ અહીં નથી આવ્યું પણ માત્રને માત્ર ગણોતિયાઓ જમીનના માલિક બને, તેના માટેનું જ આ સુધારા બિલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧૨ પછી જો આપની સરકારે એ મુદતો વખતોવખત લંબાવી હોત તો શાયદ આ વારો જ ન આવ્યો હોત આ મુદત વધારવા માટે. અથવા તમે પૂરું કરી દીધું હોત તો અમારો વારો ન આવ્યો હોત એવું છે. એટલે તા. ૩૧-૧૨-૮૬ પછી વારંવાર રજૂઆતો થવા છતાં પણ એક પણ દિવસની મુદત વધારવામાં ન આવી અને એટલા માટે આ પ્રશ્ન પડતર રહ્યા અને આ ગણોતિયાઓ માટે છે. કોઈ માફિયાઓ માટે નથી. જ્યારે આપ માફિયાઓની વાત કરી રહ્યા છો ત્યારે જે ગરીબો છે, ગણોતધારા હેઠળ જમીનો મળી છે. પોતે તેના માલિક બની શકતા નથી. કારણ કે જમીન માલિકોને જમીનની કિંમત ભરપાઈ નથી કરી. એટલે આ માફિયાઓને ફાયદો નથી થવાનો. એ શબ્દો તમને પસંદ હોય તો તમને માન્ય, બાકી આ વધુમાં વધુ ગણોતિયાઓને ફાયદો થવાનો છે અને એટલા માટે કોંગ્રેસના સૌ ધારાસભ્યોને મારો એક પ્રશ્ન પૂછવો છે કે આપ આ જે ગણોતધારામાં ગણોતિયાઓને જમીનના હક્કો આપ અપાવવા માગો છો કે કેમ? હા કે ના. આપ આ ફ્લોર ઉપર બોલો. જુદી જુદી વાતો કરવાનું સહેલું છે. જંત્રીની બાબતની વાત કરવાની બહુ સહેલું છે પરંતુ આ બિલ છે, માત્ર ને માત્ર ગણોતિયાઓને જમીનના હક્કો નથી મળ્યા, નંબર-૯નું સર્ટિફિકેટ આપી શકતા નથી. પાછો કબજો તેમની પાસે છે. ખેતી પણ તેઓ તેના ઉપર કરે છે. એટલું જ છે કે એને જો જમીનના હક્કો આપી શકીએ તો વેચાણ પણ કરી શકે, વારસાઈ પણ કરી શકે. એના ઉપર લોન વગેરે લઈ શકે એટલા માટે આ બિલનો સુધારો લઈને આવી છું. આપને મારો ફરીથી પ્રશ્ન છે કે આ ગણોતિયાઓને આપ હક્ક આપવા માગો છો કે નથી આપવા માગતા. હા કે ના, આપ બોલો અને સર્વાનુમતે આ વિધાનસભામાં આ બિલ પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૭નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ -૨થી ૫, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ ગુજરાત વિધેયક ક્રમાંક- ૭ સન ૨૦૧૧ના મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ ગુજરાત વિધેયક ક્રમાંક- ૭ સન ૨૦૧૧ના મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક- ૨૩

# ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક,૨૦૦૯ (ક્રમશઃ)

### મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહે તા.૧૯-૧૨-૨૦૦૯ના રોજ એક ઐતિહાસિક અને આખા ભારત દેશની લોકશાહીને વધુ સુદૃઢ બનાવવા બાબતનો પ્રસ્તાવ મંજૂર કરી અને એને કાયદાનું સ્વરૂપ આપેલ અને આ પ્રસ્તાવ અને વિધેયકથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા બેઠકો અનામત આપવા અને દરેક નાગરિક પોતાની ફરજ સમજી મતદાન કરવા પ્રેરાય એ માટે મતદાન કરવાનો કાયદો અમલમાં લાવવાનું મહત્ત્વનું બિલ આપણે *પસાર કરેલ અને નામદાર રાજયપાલશ્રીને આ બિલ મંજૂરી માટે મોકલી આપેલ. નામદાર રાજયપાલશ્રીએ કેટલી સ્પષ્ટતાઓ કરવા માટે એક પત્ર લખી અને આપણને વિધાનસભાના સભ્યો પાસે મોકલેલ અને ગયા સત્રમાં તા.૭-૯-૨૦૧૦ના રોજ એનું પ્રથમ વાંચન કરવામાં આવેલ અને એ વખતે બિલના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ વિરોધપક્ષની મંજૂરી લઈ પસાર કરેલ અને ચર્ચા માટે મુલતવી રાખેલ અને એની ચર્ચા આજે આપણે કરીએ છીએ. સમયની મર્યાદા છે. એટલે બહુ વિગતો નહીં આપું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, મહિલાઓ સમાજમાં ૫૦ ટકા સ્થાન ધરાવે છે. વસ્તીમાં ૫૦ ટકા બહેનો હોય છે અને આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓએ હરણફાળ ભરી હોય ત્યારે આપણા રાજયની અંદર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની બાબત આપણા રાજયની સત્તામાં આવતી બાબત છે. એટલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા બેઠકો અનામત રાખવી એવું બિલમાં ઠરાવેલ અને માનનીય સભ્યશ્રીઓએ ખૂબ સમર્થન આપેલ અને એવી જ રીતે મતદાન કરવા માટે આપણે જોઈએ છીએ કે, ક્યાંક ૪૦ ટકા, ૪૫ ટકા કે ૫૦ ટકા મતદાન થાય. છેલ્લે છેલ્લે જે ચૂંટણીઓ થઈ એમાં ક્યાંક ૨૫ ટકા, ૩૦ ટકા કે ૪૦ ટકા મતદાન થયું અને ત્યાં પાંચ-છ ઉમેદવારો ઊભા હોય તો એમને ૧૫-૨૦ ટકા મત મળે એ બહુમતી પ્રજાનું પ્રતિનિધિત્વ કરે ત્યારે લોકશાહીને વધુ સુદૃઢ બનાવવા, મજબૂત બનાવવા, ખાસકરીને આવનારી નવી પેઢીને લોકશાહીની ફરજ પ્રત્યે સભાન થાય, અધિકાર પ્રત્યે સભાન હોય છે એ જ રીતે ફરજ પ્રત્યે પણ સભાન થાય, નાગરિકો મતદાન પ્રત્યે સભાન થાય એ માટે મતદાન માટેની જોગવાઈ કરેલ અને આ સભાગૃહે મંજૂર કરેલ અને નામદાર રાજયપાલશ્રી સમક્ષ જ્યારે મોકલેલ. ત્યારે આપણે જાણીએ છીએ કે, મહિલાઓનું સ્થાન આપણી ભારતીય સંસ્કૃતિમાં, આપણા ધર્મમાં અને સમાજ રચનામાં અગ્રેસર રહેલું છે.દરેક સમાજમાં પછી એ ભણેલો ગણેલો સમાજ હોય, ઓછું ભણેલો ગણેલો સમાજ હોય કે અભણ સમાજ હોય, દરેક જગ્યાએ મહિલાઓને યોગ્ય મહત્ત્વ સામાજિક રીતે, પ્રણાલિકાગત રીતે અને રૂઢિગત રીતે આપવામાં આવે છે ત્યારે રાજકારણની અંદર પણ અને પ્રજાકીય વહીવટમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પણ બહેનોને વહીવટ આપવામાં ભાગીદાર બનાવીએ એ માટે આપણે આ બિલ લાવીએ છીએ અને એને મંજૂર કરો એવી આપ સૌને મારી વિનંતી છે. એવી જ રીતે આ મતદાન માટેની પણ જે જોગવાઈ આપણે કરી છે એમાં માનનીય ગવર્નરશ્રીએ જે એમના પત્ર અહીં મોકલેલો એ પત્રમાં કેટલાક મુદ્દાઓ આપણા સૌના ધ્યાન ઉપર મૂકવા મને યોગ્ય લાગે છે કે માનનીય ગવર્નરશ્રીએ કેટલીક બાબતો વિશે આપણને અહીંયા સ્પષ્ટતા કરવા અને ફરી વિચારણા કરવા માટે સંદેશો પાઠવ્યો છે. માનનીય ગવર્નરશ્રીએ સૌ પહેલા તો એમ કહ્યું છે આપણને એમના પત્રમાં કે આ બિલ ઉપર ગંભીર ચર્ચા વિચારણા કરવામાં આવી નથી જેથી ગંભીર ચર્ચા-વિચારણા કરવી જોઈએ અને પુખ્ત વિચારણા પછી આ બિલ પસાર કરવું જોઈએ. હું આપને સૌને ચોક્કસ જણાવીશ કે આ બિલ લાવતી વખતે આપણે એને સમયસર દરેક સભ્યશ્રીઓને બિલનું વિતરણ અને સરકયુલેટ કર્યુ છે. દરેક સભ્યશ્રીઓએ એના ઉપર પુખ્તવિચારણા કરી છે. પ્રચાર-પ્રસાર માધ્યમો એટલે કે ઈલેકટ્રોનિક મીડીયા અને પ્રિન્ટ મીડીયા દ્વારા પણ રાજયની અંદર આ વિષય ઉપર સઘન ચર્ચા-વિચારણા જે આ કામ સાથે સંકળાયેલા લોકો છે, બુદ્ધિજીવી વર્ગ છે, સામાન્ય વર્ગ છે, વહીવટ સાથે સંકળાયેલા લોકો છે, રાજકારણ સાથે સંકળાયેલા લોકો છે એવા તમામ લોકોએ પણ આના ઉપર ખૂબ સુંદર પ્રતિભાવ આપેલા અને આ સભાગૃહની અંદર પણ જે ખૂબ લાંબી ચર્ચા થયેલી એમાં પણ માનનીય સભ્યશ્રીઓએ આ બિલને અને આ બિલની આ મતદાનની જોગવાઈને ખૂબ આવકારેલી ત્યારે માનનીય ગવર્નરશ્રીએ એમ કહેલું કે પુખ્ત ચર્ચા વિચારણા કરવી જોઈએ એ આપણે કરી ચૂકયા છીએ, એવી જ રીતે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગવર્નરસાહેબે એમના પત્રમાં એમ પણ જણાવેલું કે ઉમેદવારને પસંદ કરવો કે ના પસંદ કરવો, કોઈ ઉમેદવારને મત આપવો કે ના આપવો એ દરેક મતદારનો પોતાનો સ્વતંત્ર અધિકાર છે. સ્વાભાવિક વાત છે કે દરેક ને આ અંગેનો અધિકાર બંધારણે બક્ષેલો છે. માનનીય ગવર્નરસાહેબે એમ કહ્યું છે કે

---

* વિધેયક તા.૧૯-૧૨-૨૦૦૯ના રોજ વિધાનસભામાં પસાર કરેલ અને નામદાર રાજયપાલશ્રીએ પરત મોકલતાં તા. ૭-૯-૨૦૧૦ના રોજ વિધેયકનું પ્રથમ વાચન થઈ ગયેલ છે.

કોઈ ઉમેદવારને કોઈ નાપસંદ કરતા હોય તો શું? એને મતદાન કરવા માટે આપણે શા માટે ફૉર્સ કરી શકીએ? તો મારે આ સભાગૃહના ધ્યાન પર એ વખતે પણ બાબત મૂકેલી એ બાબત હું ફરી પણ મૂકુ છું, આપણે જે જોગવાઈ કરવાના છીએ એ જોગવાઈની અંદર ઈવીએમ મશીન દ્વારા જ્યારે વોટીંગ થાય ત્યારે જે રીતે બટનો હોય છે, જેને મતદારે મત આપવા માટે દબાવવાના હોય છે એમાં કયા મતદારને મત આપવો એ તો હોય જ. દા.ત. દસ ઉમેદવાર ઊભા હોય તો દસના નામ અને નિશાન આવતા હોય છે ઈવીએમ મશીનમાં પણ વધારાનું એક બટન આમાં એ પણ આપણે મૂકીએ કે કોઈ દસ ઉમેદવારમાંથી કોઈને પણ મત આપવો નથી, મારે તટસ્થ રહેવું છે તો એ બટન દબાવી અને મતદાર કહી શકશે કે મને આ દસમાંથી કોઈને મત આપવો યોગ્ય લાગતો નથી, અથવા હું તટસ્થ રહેવા માગુ છું, એ એનો સ્વતંત્ર અભિપ્રાય આપી શકશે અને એના માટે આપણે જોગવાઈ પણ કરી છે એટલે કોઈને. જે દસ ઉમેદવાર ઉભા છે એમને મત આપી જ દેવો, મતદાન મથકમાં જઈ એવી કોઈ બાબત આમાં આપણે રાખી નથી. બીજું નામદાર રાજયપાલશ્રીએ એમના સંદેશામાં એમ સૂચવ્યું છે કે મતદાર યાદીઓને યોગ્ય બનાવવી અને મતદારોને સુનિશ્ચિત કરવું, મતદાન કરવાના મથકોનું અને આ અંગેની જાગૃતતા કરવી, એ અંગે પણ નામદાર રાજયપાલશ્રીએ સૂચવ્યું છે. મને જણાવતા આનંદ થાય છે કે આખા દેશની અંદર આપણું ગુજરાત રાજય એક માત્ર રાજય એવું છે કે જેને મતદાર મથકોની સઘન વ્યવસ્થા નેટવર્ક, ભારત સરકારનું ચૂંટણીપંચ કે રાજય સરકારનું ચૂંટણીપંચ કહે એ પ્રમાણે દરેક જગ્યાએ આપણે કરી છે. તાજેતરમાં નગરપાલિકા, તાલુકાની અને જિલ્લા પંચાયતની જે ચૂંટણીઓ ગઈ એમાં મતદારોની સંખ્યા વધવાના કારણે જે બુથો વધારવા પડે એ બુથો પર માનનીય ચૂંટણીપંચોએ કીધું એ પ્રમાણે આપણે સંપૂર્ણ રીતે પૂર્ણ કર્યા છે અને એના કરતા પણ આગળ વધીને આ રાજય સરકારે મુખ્યમંત્રીશ્રીએ જે દીર્ઘદ્રષ્ટિ રાખી, આવનારા સમયમાં જે રીતની ટૅક્નૉલૉજીનો આવિષ્કાર થઈ રહ્યો છે એને ધ્યાનમાં રાખીને ઓન લાઈન વોટીંગ કરવાની પણ આખા દેશની અંદર ગુજરાતમાં આપણે શરૂઆત કરી દીધી છે.અને તાજેતરમાં જે મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ થઈ એમાં સુરત, અમદાવાદ અને વડોદરા વગેરે શહેરોમાં આપણે ઓન લાઈન વોટીંગ મતદારો કરી શકે એવી વ્યવસ્થા કરી હતી. સમય અત્યારે ખૂબ કિંમતી થઈ ગયો છે. મતદાન કરવા જવું હોય તો લાઈનમાં ઊભા રહેવાનો સમય ન હોય, ગાડી કે સ્કૂટર લઈને જવું પડે અને સમયનો અભાવ છે તો જ્યારે ટેકનોલોજી....

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બિલનો સ્કોપ નથી. માનનીય મંત્રીશ્રી સ્કોપની અંદર વાત કરે. ઓન લાઈન વોટીંગ એ આજના બિલનો કોઈ સ્કોપ નથી. પછી હું અને મારા પક્ષના સભ્યશ્રીઓ બોલશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારી ફરજ છે મંત્રી તરીકે કે માનનીય ગવર્નર સાહેબે એમના સંદેશમાં જે...

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ઓન લાઈન વોટીંગ માટેની પિટીશન મારી પાસે પડી છે. એના ઉપર હું પાંચ કલાક બોલીશ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નામદાર રાજયપાલશ્રીએ જે વિચારણા કરવાનું આપણને કહ્યું છે એ અંગે આ ગૃહને અવગત કરાવવું પડે, એ મારી ફરજમાં આવે છે. ઓન લાઈન વોટીંગની વ્યવસ્થા આપણે કરી છે. એવી જ રીતે નામદાર ગવર્નરશ્રીએ એમ સૂચવ્યું છે કે આ ચૂંટણીઓ થાય અને ફરજિયાત મતદાન પછી કદાચ કોઈ પ્રશ્ન થાય તો અધિકારીઓ ઉપર આ વાત ન છોડતાં એના માટે કોઈ ટ્રિબ્યુનલ કે નિષ્પક્ષની રચના કરવી જોઈએ. આ વાતને આપણે સારી રીતે સ્વીકારીએ છીએ અને જ્યારે વ્યવસ્થાઓ કાયદાકીય રુલ્સની કરીશું ત્યારે રાજ્ય સરકાર ચોક્કસ આ અંગે કાર્યવાહી કરશે. માનનીય ગવર્નર સાહેબે એક વાક્ય લખ્યું છે કે આઝાદીના ૬૦ વર્ષ થયા છતાં પણ ગરીબો મતદાન કરી શકે અથવા ગરીબો મતદારોમાં જાગૃતિ લાવવા માટે ૬૦ વર્ષમાં કશું કરવામાં આવ્યું નથી. આ મારા શબ્દો નથી કહેતો, નામદાર રાજયપાલશ્રીએ એમના સંદેશામાં લેખિત શબ્દોમાં કહ્યું છે. ૬૦ વ ર્ષમાં મતદારોને જાગૃત કરવા, એને મતદાનની ફરજ કરાવવા માટે કંઈ કરવામાં આવ્યું નથી. એના વિશે તો હું કંઈ કહી શકું નહીં. કારણ કે જે લોકોએ ૬૦ વર્ષ સુધી આ કામ કરવું જોઈતું હતું એ નથી કર્યું. એના વિશે કોઈ ખુલાસો કે જવાબ નહીં આપું. એટલે વધારે સમય ન લેતાં ફરીથી સન્માનનીય સભાગૃહને હું વિનંતી કહું છું કે આપણે મહિલાઓને આપણા સમાજમાં આપણી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એમને પ્રતિનિધિત્વ આપવા માટે ૫૦ ટકા મહિલા અનામત અને લોકશાહીને વધુ સુદ્રઢ કરવા માટે ફરજિયાત મતદાનનું જે બિલ આપણે પસાર કરી ચૂક્યા છીએ એ ફરીથી પસાર કરી એ વિચારણા માટે અને મંજૂરી માટે આપણે નામદાર રાજયપાલશ્રીને મોકલી આપીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે એની બે બાબતો છે. એક બાબત છે ૫૦ ટકા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને અનામત આપવાની. આ વાતને હું અને મારા પક્ષના સભ્યો ટેકો આપીએ છીએ. સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ આ શરૂઆત કરેલી મહિલાઓને સ્થાન આપવાની, અનામતની જોગવાઈ કરીને. નામદાર રાજયપાલશ્રીના સંદેશાના વાંચનને જો વાજબી રીતે લેવાનો પ્રયત્ન કર્યો હોત, હું તો વિનંતી કરીશ સામા પક્ષે પણ અને આ પક્ષે પણ, બધા જ માનનીય સભ્યશ્રીઓને કે શું આપણે આજે પણ મહિલાઓને માત્ર સ્થાન આપવાની વાતો જ કરવા માગીએ છીએ કે હકીકતમાં સ્થાન આપવા માગીએ છીએ? જો આપણો આશય મહિલાઓની ભાગીદારીને સમર્થન

આપવાનો હોય તો મારી બન્ને પક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે આ બિલ સર્વાનુમતિથી પસાર થઈ શકે તેમ છે. પણ વીલ છે ખરું? શું આપણે ઈચ્છીએ છીએ કે મહિલાઓ ભાગીદાર બને અને જો જવાબ હા હોય તો હજી મારી વિનંતી છે કે સત્તાધારી પક્ષ સુધારો લાવે. જરૂર પડે સાથે બેસીને જે વિચારણા કરવી હોય એ કરીએ. સર્વસંમતિથી બિલ પસાર થાય. નામદાર રાજયપાલશ્રીએ એમનો આદેશ કારણ કે એ પણ એક મહિલા છે. એમણે ચિંતા વ્યકત કરીને એમના સંદેશામાં કહ્યું છે કે આપ આ બંને બિલને જુદા કરીને લાવો તો કમસેકમ મહિલા અનામત ૫૦% સ્થાનિક સ્વરાજની સંસ્થામાં આપવી છે એનો અમલ તાત્કાલિક થઈ શકે. મારો સવાલ એ છે કે આપને તકલીફ શું પડે છે, કયાં ખૂંચે છે, કયાં ખટકે છે? આ ફરજીયાત મતદાન આપની જીદ હોય કે લાવવું છે અથવા આપની માન્યતા હોય કે આ લાવવું છે અથવા આપની ઈચ્છા શકિત હોય અથવા આપને એમ લાગતું હોય કે આમ કરવાથી એક પબ્લિસિટી ઊભી થાય છે અને મારે કરવું છે. It is your prerogative. (અંતરાય) હું કયાં કહું છે કે છે. હું આ શકયતાઓ કહું છું. આમાંથી કાંઈ પણ હોઈ શકે દિલીપભાઈ. કે આમાંથી આપનો જે આશય હોય તે એમાં હું આપના ઉપર પડવા માગતો નથી કે આક્ષેપ કરવા માગતો નથી કે આપની અંદર શું છે? એ હું વાંચી નહિ શકું પણ આમાંનું કાંઈક હોઈ શકે પણ જે હોય તે. આપ આ બિલ લાવવા જ માગતા હો તો ફરજીયાત મતદાનનું બિલ પણ લાવો અમે એનો વિરોધ કરીશું. આપની બહુમતી છે આપ એને પસાર કરશો. પસાર કર્યા પછી ગવર્નર સાહેબ તો કારણ કે બંધારણીય રીતે આની મંજૂરી આપી શકશે નહિ કે રાષ્ટ્રપતિશ્રી પણ આપશે કે કેમ એ મને ખબર નથી. એ એમના prerogative છે. I have no right to comment on it. પરંતુ આ બે બિલ ભેગા કરવાને બદલે આપ જુદા કરો. બંને ભાગને જુદા જુદા બિલ તરીકે લાવો તો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કાલે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આવશેને સાહેબ, એમાં ૫૦% મહિલાઓને બધાએ ટિકિટ આપવી પડશે તમારે અને અમારે અને ૫૦% મહિલા આ કેપિટલ ગાંધીનગરમાં પ્રતિનિધિત્વ કરતી થાય એ આપણી ઈચ્છા શકિત ના હોઈ શકે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (બેઠાં બેઠાં)** : જાહેરનામું બહાર પડી ગયું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જાહેરનામું ફરી બહાર પાડો. તમે કદાચ પસાર કરીને આ જેટલી ચૂંટણી થઈ ગઈ છે એ ડિઝોલ કરીને ફરી કરો અમે એમાંય સાથ આપીશું કે આ થઈ ગઈ છે એ ડિઝોલ અને આખા રાજ્યમાં કરવું છે માટે ફરી. એમાંય ટેકો અમારો ચાલો. (અંતરાય) તમને આવો રચનાત્મક વિરોધપક્ષ નહિ મળે કે અમારી એમાં પણ સહમતિ છે કે ડિઝોલ કરીને નવી ચૂંટણી આપજો આખા રાજ્યમાં. (અંતરાય) ભઈ, હિંમત હોય તો બનાવો આનંદીબેનને મુખ્યમંત્રી, હું ચંદ્રીકાબેનને વિરોધપક્ષના નેતા બનાવું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપ મૂળ વિષય પર આવી જજો. (અંતરાય) નીતિનભાઈ, (અંતરાય) આપ મૂળ વિષય પર આવો.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી મુશ્કેલી (અંતરાય) આજે પ્રશ્નોતરી કાળ પૂરો થયોને માનનીય અધ્યક્ષશ્રી, ત્યારથી માનનીય નીતિનભાઈ કાંઈક જુદા મૂડમાં છે. એ મને અને અર્જુનભાઈને એવા મોકા આપે છે કે જ્યાંથી અમારે મહિલાઓમાં પછી આનંદીબેન હોય કે ચંદ્રીકાબેન હોય કે નીરા રાડિયા હોય નામો લેવડાવા પડે એવો વીના કારણે એક મોકો આપે છે. મને ખબર નથી કે એમના અંદર શું ચાલતું હશે? કારણ કે ઘણી વખત કહે છે ને કે સબમરિનનું આટલું જ બહાર દેખાતું હોય પણ અંદર આખો મોટો કાફલો હોય એમ નીતિનભાઈનું પણ એવું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગતો હતો કે આપ હજુ પણ વિચારણા કરો અને હું આપને બહુ ગંભીરતાથી માનનીય નીતિનભાઈને કહેવા માગું છું કે આપનો આશય તો એજ છે કે આપને આ બિલ વિધાનસભામાં પસાર કરવું. આપનો આશય આ બિલમાં એજ છે કે બે ભૂમિકા છે. એક ૫૦% મહિલાઓને અનામત આપવું છે અને આપને ફરજીયાત મતદાનનું બિલ પસાર કરવું છે. શા માટે આપણી જીદ આ બંનેને સાથે રાખવાની છે? Is there any logic? આપના આખા પ્રવચનમાં કયાંય logic નહિ નીકળ્યું. આપના આખા પ્રવચનમાં નામદાર રાજયપાલશ્રીના નામનો ઉલ્લેખ્ આપે અનેક વખત કર્યો. પરંતુ નામદાર રાજયપાલશ્રીએ પહેલી અને મહત્વની વાત કરી હતી કે આ રાજ્યમાં મહિલાઓને ૫૦% અનામત તાત્કાલિક મળે એના માટે આ બિલના બે ભાગ કરો. મહિલા અનામતવાળું બિલ પસાર કરો. જેને ગવર્નર સાહેબે પણ આપણને indirect કહ્યું છે કે જેને મંજૂરીની મહોર મારતા મને આનંદ થશે.: એ પણ એક મહિલા બેઠા છે. (અંતરાય) ( આ તકે સભ્ય શ્રીમતી ગીતાબેન તેમના સ્થાનેથી, ભેગું રાખોને એવું બેઠા બેઠા બોલતાં) માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે ગીતાબેનને એટલું જ કહેવું છે કે, ભેગું રાખવાથી એવું થવાનું કે જેમ સંસદમાં ચાલે છે, ૩૩ ટકા મહિલાઓને અનામત અને બિલ પસાર થતું નથી, કાયદો બનતો નથી. આ ૫૦ ટકા પણ ખોરંભે પડશે. આપણા પસાર કરવાથી નહીં થાય આ, આને મંજૂરીની મહોર મરાવવી પડશે અને મંજૂરીની મહોર એટલા માટે નહીં લાગે કારણ કે, આજ પ્રકારનું ફરજીયાત મતદાનનું બિલ સંસદમાં આવ્યું હતું અને સંસદમાં જ્યારે આવ્યું ત્યારે તે બિલ ત્યાં નામંજૂર થયેલું છે. આપણે ગમે તેટલી વાતો કરીએ, આપણે રાજય છીએ અને ફૅડરલ સ્ટ્રકચરલમાં આપણે દિલ્હી સરકારના એક રાજય તરીકે છીએ. બંધારણીય રીતે કોઈ પણ કાયદો, કેન્દ્રએ જે ન સ્વીકાર્યો હોય અથવા કેન્દ્ર ન ઇચ્છતું હોય એનાથી વિપરીત કાયદો આપણે પસાર કરીએ પણ એ કાયદો ન બની શકે. આપણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ કરીએ છીએ પરંતુ આપણો આધાર એ સેન્ટ્રલ ઇલૅક્શન કમિશન એ રહેવાનો

છે. કેન્દ્રીય ચૂંટણી પંચે જે બંધારણીય છે, જે તટસ્થ છે, જેના માટે પોતે સ્વતંત્ર કામ કરે છે અને દુનિયાભરના દેશોએ હિન્દુસ્તાનના સેન્ટ્રલ ઇલૅક્શન કમિશનની પ્રશંસા કરી છે, એ સેન્ટ્રલ ઇલૅક્શન કમિશને કહ્યું છે કે, ફરજીયાત મતદાન એ આ દેશમાં બંધારણીય રીતે સ્વીકૃત નથી. This is on record, ( આ તકે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તેમના સ્થાનેથી બેઠા બેઠા કાંઈક બોલતાં ) This is on record, આ આપ કહો છો એમ હું કહું એ શકય નથી. When there is no possibility for C.E.C. can you say it is possible for us ? ( આ તકે ફરીથી મંત્રીશ્રી નીતિનભાઈ બેઠા બેઠા કાંઈક બોલતાં) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ચાલો માની લઈએ એક મિનિટ માટે આરગ્યુમેન્ટસ, માનનીય મંત્રીશ્રીની બેઠા બેઠાની કોમેન્ટસ્‌ને પણ હું સ્વીકારું છું.

**અધ્યક્ષશ્રી** : આપ નીતિનભાઈ તરફ ધ્યાન ઓછું આપો તો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછું તો પણ એમનો વારો આવે ત્યારે એમણે કહેવા, મારે પૂછવાનો અધિકાર છે, Because I am on my leg with the permission of Mr. Hon'ble Speaker એટલે હું તો પૂછું જ, અને મારું પૂછેલાનો જવાબ એ જ્યારે ચર્ચાના અંતે બોલવા ઊભા થાય ત્યારે એમને જવાબ આપવાનો અધિકાર છે.

## સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**શ્રી પંકજ દેસાઈ(મુખ્ય દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના એજન્ડા ઉપર દર્શાવેલા પાંચેય વિધેયકો હાથ ધરી તેને પૂરા કરવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ (વિરોધપક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહું છું, આપ એમ કહો છો કે, હા અમે સક્ષમ છીએ, હું એના વિવાદમાં નથી પડતો, ચાલોને ભાઈ તમે સક્ષમ પરંતુ આ બંને બિલોને જુદા પાડવા તો સક્ષમ છોને? શા માટે ત્યારે નથી થતા? એનો અર્થ એ છે કે, આપ જાણો છો કે, આ સાથે પસાર કરીએ એટલે મંજૂર નહીં થાય, મંજૂર ના થાય એટલે મહિલાઓને પચાસ ટકા અનામત ના આપવી પડે અને કહેવાય ખરું કે, જો હું આપવા માગતો હતો પરંતુ આને મંજૂરી મળી નથી. અરે, ભાઈ શા માટે? મહિલાઓ, મહિલાઓની ભાગીદારી (અંતરાય) બિલકુલ ભાઈ, અક્કલ વગરની નકલ તો બહુ ઈઝી હોય છે, અહીંથી કંઈક નીકળવું પડે તો એની મઝા આવે, બાકી તો નાનપણથી લોકો ડ્રામામાં જતા હોય છે અને ફાવી જતું હોય છે, જિંદગી આખી ચલાવે ગમે ત્યાં જાય તો ડ્રામા, એનો સવાલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું ગંભીરતાપૂર્વક કહેવા માગું છું કે, રાજયની અંદર આપણી નામના વધશે, આખા દેશમાં પચાસ ટકા સ્થાનિક સ્વરાજ્યમાં મહિલાઓની અનામત આપનારું ગુજરાત પ્રથમ રાજય બનશે એનું ગૌરવ મને અને આપને સૌને હોવું જોઈએ. એ કરવા માટે આપણે શું કરવાનું છે? મને તો એ સમજાતું નથી કે આ બિલ જો એ જ દિવસે આપણે લઈ આવ્યા હોત જે દિવસે રાજસ્થાને પણ નહોતું કર્યું તો આપણે અહીંયા ૫૦ટકામાં ગૌરવ લઈ શકયા હોત. કેન્દ્રની કૅબિનૅટે જયારે ૫૦ ટકાની વાત પસાર કરી. બધાએ કરવું પડશે. આપણી બંધારણીય જવાબદારીઓની બહાર આપણે શા માટે જવા માગીએ છીએ? આ રાષ્ટ્રની બંધારણની જોગવાઈઓ એ સૌના માટે છે. આપણા બંધારણના અનુચ્છેદ -૧૯ (૧) (ક)માં એક બંધારણીય અધિકારોના ભાગરૂપે આ કર્યું છે કે માણસે પોતાની લાગણી વ્યકત કરવી અને કેવી રીતે કરવી એનો એને બંધારણીય અધિકાર છે અને એ બંધારણીય અધિકાર છે ત્યારે વોટીંગ એ રાઈટ છે. ઈટસ નોટ અ ડયુટી. મત એ અધિકાર છે અને એટલે જ આપણે કહીએ છીએ મતાધિકારનો ઉપયોગ કરો. એ રાઈટને આપણે ડયુટી ન બનાવી શકીએ અને એની આડઅસરો શું થશે? મતદારો બે પ્રકારના હોય છે. એક મતદાર ફકીરભાઈ છે કે જે બંને ભાગોના અભ્યાસ કરે છે કે કઈ વિચારધારા છે, કોણ ઉમેદવાર છે, જાગૃતિપૂર્વક મત દેવા જાય છે. એ સમજી વિચારીને પોતાનો ઓપીનીયન એકસપ્રેસ કરે છે. એક મતદાર આત્મારામભાઈ છે એટલે એ અને બી. હું એમની સાથે જોડવા નથી. માગતો એક વોટર એ છે કે જે મતદાર જાગૃત છે.(અંતરાય) મારી પાસે તો કંઈક છે કે ત્યાંથી રાજીનામુ પણ અપાય તમારી પાસે તો એ ય ન આવ્યું કે જયાં રાજીનામુ આપવાનું. માણસને ગ્રહ નડે તમને ફકીરભાઈ નડે છે. એ ચુંટાયા ન હોત તો કદાચ મેળ પડત અને હવે અમારે તમારી લીલ પરણાવવી પડશે મંત્રીમંડળમાં. અમસ્તેઅમસ્તા લુઝ બોલ નાખે અને પછી કહે ફટકા મારે છે. તો નાખો છો શું કામ બોલતા હોઈએ ત્યારે?

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ બાજુ ધ્યાન આપવાનું ઓછું કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ઓછું આપું સાહેબ. પણ એ તો આત્માના રામ છે અને મારે ત્યાંથી સીધું જોડાણ છે એટલે અમારો વિસ્તાર છે. (અંતરાય) વાત સાચી છે. આત્મારામભાઈનો રામ રામ બોલે તો સારું એમ કહો છોને? હું એમ કહેવા માગતો હતો કે એક મતદાર એ છે કે જે જાગૃત છે અને અભ્યાસ. કરે છે કે કઈ પોલીટીકલ પાર્ટી છે, કઈ વિચારધારા છે, એનો કયો ઉમેદવાર છે અને જાગૃતિપૂર્વક મત આપવા જાય છે. એક મતદાર એવો છે જેને પોતાનું ઘર પોતાનું કુટુંબ અને પોતાની જીંદગી છે. એ કદી છાપાનું પહેલું પાનું વાંચતો

નથી. એ ટી.વી.ની સીરીયલ જુએ છે પણ ટી.વી.ના સમાચાર જોતો નથી. જે મતદાર પોલીટીકલ પાર્ટીની વિચારધારમાં કયારેય ધ્યાન આપતો નથી, જેને કોણ ઉમેદવાર ઉભો છે એમાં રસ નથી, જે કદી મત આપવા જતો નથી એ મતદારને આપણે કમ્પેલ કરીએ છીએ કે ગો એન્ડ કાસ્ટ અ વોટ. એ માણસ દંડાય નહીં એટલે મત દેવા તો જશે. ગયા પછી કોઈને નહીં એ બટન દબાવીને આવે તો તો એનો કોઈ મતલબ નથી. આ બધા ખર્ચા પાછળનો મતલબ શું છે ત્યાં ગયા પછી પણ હું કોઈને મત આપતો નથી તો તો ઘરે બેઠો તો એ કોઈને મત નહોતો આપવાનો તો ત્યાં ગયા પછી એ જ બટન દબાવવાનો હોય કે કોઈને નહીં તો આપણા અહમના સંતોષ માટે શા માટે આપણે એન લઈ જવો જોઈએ? બીનજરૂરી લાઈન પણ લાંબી થશે, બીનજરૂરી એ પેટ્રોલ કે ડીઝલ બાળીને ત્યાં જશે. બીનજરૂરી માનવશકિતનો દુર્વ્યય થશે અને એનાથી ફાયદો કોને થશે? કારણકે એ ત્યાં જઈને તો કોઈને નહીં બટન દબાવવાનો છે. અથવા એનાથી પણ વધારે ખરી પરિસ્થિતિ શું છે કે વોટર બી જે જાગૃત નથી એ ત્યાં ગયા પછી કોઈને નહીં બટન ન દબાવે. અહીયા આવ્યો જ છું તો જે છે એને દબાવો જે બટન આવે એ દબાવશે. એ બટન દબાવશે. અલ્ટીમેટ આઉટકમ શું હોય. જે જાગૃત મતદાર જાગૃતિપૂર્વક મત આપીને આવ્યો છે, એના મતની કિંમત ફ્રસ્ટેટ થશે. એ જાગૃત મતદાર વિચારપૂર્વક મત આપીને આવ્યો છે. એની કિંમત એટલી છે અને બીજા ધકાવીને પરાણે મોકલ્યો છે અને ગમે ત્યાં બટન દબાવે છે તેના કારણે જાગૃત મતદારના મતની વેલ્યું છે એ ફ્રસ્ટેટ થશે. એનો આપણે વિચાર કર્યો છે ખરો? આ બિલ આવ્યું છે. આપણે વાતો ઘણી કરીએ છીએ. શું આપણે મતદારોને મતદાનની સ્લીપ પહોંચાડવાની વ્યવસ્થા કરવાના છીએ ખરા? હા કે તું અમારા વોટર લિસ્ટમાં નોંધાયો છે અને આ તારી સ્લીપ છે. પ્રાથમિક શાળા ફલાણી, રૂમ નંબર ફલાણી, વોટર ક્રમાંક આ છે. આ તારીખ, આટલા વાગ્યે મત દેવા જજે. આ હન્ડ્રેડ પર્સન્ટ આપણે કરવાના છીએ ખરા?(અંતરાય) ટૅક્નૉલૉજી વધી ગઈ છે, તેનો બીજી રીતે આ રાજયમાં ટૅક્નૉલૉજીનો ઉપયોગ થાય છે અને એટલા માટે કહેવા માગું છું કે જો આપ મતદારને મતદાન મથકમાં કયાં મત દેવાનો છે, તેની સ્લીપ પહોંચાડી શકતા ન હોય તો તેને ફરજિયાત મત દેવા કહેવાનો અધિકાર છે ખરો? આપણે માનતા હોય કે Yes, voting is compulsory and any voter shall go and cast vote. અહીયા આપણે શું કરીએ છીએ? આ વિધાનસભા ગૃહમાં એકેએક બિલ આ બિલ લઈને આવ્યા છો. પહેલું વાંચન, બીજી વાંચન, ત્રીજું વાંચન. હા કહેનાર, ના કહેનાર આ એ મતદાન છે અને મતદાન વખતે મુખ્યમંત્રી હાજર ન રહેતા હોય તો બીજાને કેવી રીતે મતદાનની ફરજ પાડીશું? Can we compell every voters when our own Chief Minister is not present for voting here? આપણે શું કરવા જઈ રહ્યા છીએ? આપણે ત્યાં એમ કહીશું કે આ મતદાન ફરજિયાત નહિ આ બિલ ફરજિયાત મતદાનનું બિલ ચાલે છે. તે બિલ પસાર કરતી વખતે આ ગૃહના સભ્ય મત દેવા હાજર ન રહેતા હોય, એને ફરજ પાડી શકતા ન હોય તો ગુજરાતના આમઆદમીને ફરજ પાડવા માગીએ છીએ? મતદાર શું લૉજિક. આત્મારામભાઈ બોલે કે નરોત્તમભાઈ બોલે આપણે મતદાર નથી શું? આ ગૃહના મતદાર નથી? આપણા મતની વેલ્યુ નથી? આ બિલ શું મતદાનથી પસાર નથી થતું? જો આ બિલ મતદાનથી પસાર થતું હોય તો મત દેવા માટે મુખ્યમંત્રીશ્રીએ હાજર ના રહેવું પડે? ફરજિયાત મતદાન માટે મત આપવા માટે હાજર ન રહેનાર મુખ્યમંત્રીશ્રીની સરકાર આમ આદમીને ફરજિયાત મતદાન માટે કમ્પેલ કરી શકે ખરા? Put your hand on your heart and ભગવાનને સાક્ષીએ રાખીને કહો આ વ્યાજબી છે. આ મતદાન છે. આ પ્રક્રિયા લોકશાહી. ઉમેદવારને ચૂંટવાની છે તો આ બિલ પસાર કરવાનું મતદાન છે. બંને મતદાન છે. હા કહેનાર અને ના કહેનાર એ *(xxxx) નથી. જરૂર પડયે આપણે ડિવિઝન માગતા હોઈએ છીએ. આ લૉબી તે લૉબીમાં જઈને કરતા હોઈએ છીએ. હા કહેનાર, ના કહેનાર મતનો ઉપયોગ કરનાર વ્યકિત બંધારણીય રીતે એમ માનતો હોય કે તેની ફરજ છે. આ ગૃહના ૧૮૨ એ ૧૮૨ આ બિલના એકેએક તબક્કે હાજર રહી શકતા હોઈએ તો એકેએક તબક્કે કાલે સવારે માગણીની ચર્ચા આવશે. બીજો તબક્કાઓ આવશે. એ સમયે હાજર ન રહી શકતા હોય તો શું આપણો અધિકાર છે મતદાન ફરજિયાત કરવાનો? ખૂબ જ સહેલું હોય છે એ બાવકુભાઈ કહે છે એ કરવાનો. પરંતુ ગીમીકસ કાયદા સાથે ન હોઈ શકે. જે વાત કરવાની છે એમાં વજુદ જોઈએ. ચિરંજીવી વસ્તુ રહેવાની છે, ત્યારે મારી આપ સૌને વિનંતી છે કે પસાર કરતા પહેલા કોઈ દેશની ચિંતા કરજો. મેં કેટલાક દાખલાઓ જુદા જુદા દેશોએ અખત્યાર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં થોડા સમય પહેલાં યુ.કે.ના પાર્લામેન્ટરી ગવર્નન્સના સેમીનારમાં ભાગ લેતા ચર્ચાના વિષયમાં સાંભળ્યું હતું. ૩૧ દેશોના પ્રતિનિધિઓ લંડન ખાતે હાજર હતા અને ૩૧ દેશોના પ્રતિનિધિઓની હાજરીમાં થયેલી ચર્ચા કે ફરજિયાત મતદાન તેને લોકશાહી વ્યવસ્થામાં સ્થાન ન હોઈ શકે. શા માટે ન હોઈ શકે તેના લોજીક અને કેટલાકના અનુભવો તેની વિસ્તૃત ચર્ચા થઈ હતી. ઓસ્ટ્રિયામાં આ જ પ્રકારની વ્યવસ્થા કરવાની હતી. કરી તે લોકોએ. સમયાંતરે તેમને સમજાયું કે ફરજિયાત મતદાનનો ખતરો છે અને ઓસ્ટ્રિયાએ ૧૯૨૯માં આપણાથી બહુ વહેલાં પ્રેસીડેન્સીયલ ઈલેકશનમાં અને સને ૧૯૪૯માં રાજયની સંસદની ચૂંટણીમાં ફરજિયાત મતદાનનો કાયદો કરેલો હતો. અનુભવે તેમને લાગ્યું કે લોકશાહી માટે ફરજિયાત મતદાન કરવાથી મતદારોને

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સમજપૂર્વક મતદાન કરતાને, જે મેં વોટર એ અને બી નો દાખલો આપ્યો હતો કે ખોટું થાય છે અને એટલા માટે ઓસ્ટ્રિયાએ ૧૯૮૨ થી ૨૦૦૪ વચ્ચે તબકકાવાર ફરજિયાત મતદાનને વિડ્રો કરી અને આજે ત્યાં ફરજિયાત મતદાન અમલમાં નથી. નેધરલેન્ડે ૧૯૧૭માં ફરજિયાત મતદાનનો કાયદો કર્યો હતો. પરંતુ અનુભવે કાયદો યોગ્ય ન લાગતાં ૧૯૭૦માં તે કાયદો રદ કર્યો. સ્પેન ૧૯૦૭ થી ૧૯૨૩ વચ્ચે ફરજિયાત મતદાનનો કાયદો કરેલો પરંતુ તેને લાગુ કરવો યોગ્ય ન જણાતાં તેને લાગુ કરવામાં ન આવ્યો. ઘણા દાખલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દિનેશ ગોસ્વામી સમિતિ તેણે અહેવાલ રજૂ કર્યો છે. તે સમિતિએ કહયું છે કે આ વ્યાજબી નથી. સવાલ ફરજિયાત મતદાન લાવતાં પહેલાં નામદાર રાજયપાલશ્રીએ જે વાત કરી હતી તેને પણ આપણે કયાંય સાંકળવાનો પ્રયત્ન નથી કર્યો, જોડવાનો પ્રયત્ન નથી કર્યો. બહુ સહેલા છે પોલીટીકલ એલીગેશન. પ્રેકટીકલ વ્યવસ્થાને આપણે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ અને એટલા માટે જ હું માનું છું હજી આપણા પાસે તક છે. હા અને ના કરીને આપ બહુમતીમાં છો. અમે ડીવીઝન માંગવાના નથી. ડીવીઝન માંગીએ, સમય બગડે અને ડીવીઝન માગ્યું છે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને હાજર રાખવા પડે, બોલાવો, આ બધા *(xxxx) અમને વ્યાજબી નથી લાગતા.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : (xxxx) શબ્દનો ઉપયોગ ન કરી શકે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** આ સંદર્ભમાં હું કહું છું તેમાં ખોટું શું છે. આ સંદર્ભમાં કયાં વાંધો આવે. ધીસ ઈઝ વેર ઈન ધી કવેશ્ચન?

**અધ્યક્ષશ્રી** : (xxxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક ચચળાટ વ્યાજબી હોય, કેટલાક ગેરવ્યાજબી હોય. કેટલાક ગેરવ્યાજબી થાય છે ત્યારે જરા. બાકી મને કહો હું નહીં વાપરું. તમને એમાં વાંધો આવતો હોય. એમાં કયા સંદર્ભમાં એ જોવું પડે. તમારી સાથે પાર્લામેન્ટરી માથાકૂટ હું નહીં કરું. સૌરાષ્ટ્રમાં તો અમારે કહેવાય જ છે કે ભેંસ આગળ ભાગવત ન હોય નીતિનભાઈ. પૂછો દિલીપભાઈને પૂછો.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીભાઈ આપ આપના મૂળ વિષય ઉપર આવી જાઓ. માનનીય મંત્રીશ્રી તરફ ન જુઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય દિલીપભાઈ તે વસ્તુ સમજાવશે. ભેંસ આગળ ભાગવત નકામી છે.

**અધ્યક્ષશ્રી** : આપ જે સમય બચ્યો છે તેના પર ધ્યાન આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના બીજા સભ્યશ્રીઓ પણ બોલવાના છે એટલે એટલીજ વિનંતી કરું છું માનનીય મંત્રીશ્રીને કે હજી પણ સમય છે. ૫૦ ટકા મહિલા અનામતવાળું બિલ આનાથી છૂટું પાડીને લાવો. પેલું ન લાવો તેમ કહું છું. છતાં આપ લાવો અમારા વિરોધ સાથે જે કરવું હોય તે કરજો. આગળ બિલનું જે થવું હોય તે થાય. ૫૦ ટકા મહિલાઓને ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયમાં સ્થાન મળે, આમ કરવા જઈશું તો મહિલા વિરોધી માનસિકતા છતી થશે એ ન થવા દો અને હું આપને વિનંતી કરું છું કે, આ બિલને બે ભાગમાં લાવીને જ અહીયાં રજૂ કરવામાં આવે, બીજો ભાગ ના કરો, અથવા કરો તો પણ તમારી ઈચ્છા, આ જ વાત સાથે બંને સંયુકત વાત છે એટલા માટે મહિલા અનામત પૂરતો અલગ લાવે એને સમર્થન આપીશું, સંયુકત રીતમાં ફરજિયાત મતદાનને વિરોધ કરીને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ જે બિલ લઈને આવ્યા છે સ્થાનિક સ્વરાજયમાં પચાસ ટકા મહિલા અનામત અને ફરજિયાત મતદાન. નામદાર રાજયપાલશ્રીએ સુધારાઓ સાથે પોતાના અભિપ્રાયો સાથે પોતાની પાસે જે રજૂઆતો આવી એ બધા માટે ઉપસ્થિત થતા પ્રશ્નોને પંદરેક જેવા મુદ્દાઓ સાથે પોતા સંદેશા સાથે આ બિલ પુન: વિચારણા માટે મોકલાવ્યું છે

માનનીય અધ્યક્ષશ્રી, હું વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહભાઈને બહુ ધ્યાનથી સાંભળતી હતી એમણે ફરજિયાત મતદાન માટેનો જે વિરોધ નોંધાવ્યો છે પણ ખરેખર એ સમજાતું નથી કે આ બે બિલ સાથે હોય અને બંને બિલ પાસ કરીએ તો વાંધો શું? પચાસ ટકા મહિલા અનામતના બિલને સમર્થન આપતા હોઈએ એ પણ એક જાગૃતિ અભયાન જ છે તો ફરજિયાત મતદાન પણ એક જાગૃતિ અભિયાન છે. લોકોની ઉદાસીનતા મતદાન પ્રત્યેની અને લોકશાહીની અંદર જે હાર્દ રહેલો છે કે ત્રીસ કે ચાલીસ ટકા મતદાન થાય અને એમાંય ચૂંટાયેલી વ્યકિત જયારે વહીવટમાં આવતી હોય ત્યારે લોકશાહીના હિતમાં નથી અને એટલા માટે ફરજિયાત મતદાનની આપણા ગુજરાતમાં એની પહેલ કરવી જોઈએ, ગુજરાતે અનેક ક્રાંતિકારી નિર્ણયો લીધા છે અનેક કાયદાઓ ઘડયા છે ત્યારે મને લાગે છે કે આ ફરજિયાત મતદાનવાળો જે કાયદો છે એને આપણે બધા સર્વસંમતિથી પસાર કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખાસ કરીને પચાસ ટકા મહિલા અનામતની વાત કરીશ. એમણે એવું કહયું કે ઈચ્છાશકિત નથી, ખાલી દેખાવ માટે આ બિલ લાવવામાં આવ્યું છે અને બંને બિલ એટલે ભેગા લાવવામાં આવ્યા છે કે આ પસાર ના થાય.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મારે માત્ર એટલું જ કહેવું છે કે ઈચ્છા શકિત દેખાય છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જયારથી શાસનધુરા સંભાળી છે, સૌથી પહેલું કામ એમણે મહિલા અને બાળ વિકાસનો અલગ વિભાગ શરૂ કરવાનું કર્યુ. મહિલા અને બાળ વિકાસનો અલગ વિભાગ થવાથી એના જે પરિણામો પ્રાપ્ત થયા છે એ જ બતાવે છે કે મહિલાઓનો વિકાસ કરવો એને પ્રાઈમ ઈમ્પોર્ટન્સ આ સરકારમાં આપવામાં આવ્યું છે, માનનીય મુખ્ય મંત્રીશ્રી કહે છે કે પચાસ ટકા જયારે મહિલાઓની વસતિ હોય ત્યારે સમાજનું અર્ધુ અંગ જો અવિકસીત રહે અને એને જો તક આપવામાં ન આવે તો રાજયનો વિકાસ થઈ શકતો નથી એ દેશનો વિકાસ થઈ શકતો નથી અને એટલા જ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અનેક ક્રાંતિકારી નિર્ણયો અને અનેક આયોજનો મહિલાઓના વિકાસ માટે કરવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓને ત્રણ ભાગની અંદર વહેંચવામાં આવ્યા એના વિકાસના, એક તો મહિલાઓ ઉપર અત્યાચારો થાય એને રોકવા જોઈએ, મહિલાઓને આર્થિક રીતે પગભર કરવી જોઈએ અને મહિલાઓને જે કાંઈ શારીરીક યાતનાઓ છે, જે કાંઈ તકલીફો છે એમાંથી પણ મહિલાઓને મુકિત મળે એના માટે પણ આયોજનો કરવા જોઈએ અને એટલા માટે જનની સુરક્ષા યોજના કરવામાં આવી, ચિંરજીવી યોજના દ્વારા બહેનોને જનની સુરક્ષા યોજનાનો તમામ રીતે આયોજન કરીને લાભ આપવામાં આવ્યો, સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા માટેનું જે જબરજસ્ત અભિયાન શરૂ કરવામાં આવ્યો. કાયદાઓના કડક અમલીકરણથી ખૂબ સારું પરિણામ પણ એનું પ્રાપ્ત કરવામાં આવ્યું અને મહિલા જાગૃત્તિ અભિયાન માટે મહિલાઓના મોટા સંમેલનો કરવામાં આવ્યા, વિશાળ સંમેલનો કરવામાં આવ્યા, ૫૦ હજારથી ૧ લાખની સંખ્યામાં મહિલાઓ એવા સંમેલનોમાં હાજર રહી અને જબરજસ્ત મહિલાઓના વિકાસનો પ્રચાર કરવા માટેના સંમેલનો કરવામાં આવ્યા. તેનાથી આગળ વધીને મહિલાઓની સુરક્ષા માટે નારી અદાલતો કરવામાં આવી, એના માટે અલગ મહિલા પોલીસ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા અને મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા માટે સ્ત્રી શસકિતકરણની યોજના મૂકી અને સખી મંડળ દ્વારા અનેક લાભો મહિલાઓને મળે અને મહિલાઓ આર્થિક રીતે પગભર થાય એવા પગલાં લેવામાં આવ્યા અને આ બજેટમાં મિશન મંગલમ્ યોજના દ્વારા ૨૧૦૦૦ કરોડનું રોકાણ એ ઉદ્યોગપતિઓ દ્વારા કરી સખી મંડળોને સીધો લાભ આપી મહિલાઓને સ્વરોજગારી આપી સ્વાવલંબી બનાવવાની યોજના પણ મૂકવામાં આવી. એટલે આજે જે આ બિલ લાવવામાં આવ્યું છે એમાં ખાસ અગત્યનો એટલો જ મુદ્દો છે કે મહિલાઓને રાજકીય સત્તામાં પણ ૫૦ ટકા ભાગીદારી આપવામાં આવે અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત આપવામાં આવે. મહિલાઓને જ્યારે આ સત્તા સોંપવામાં આવે ખરેખર એ વહીવટના પરિણામ આપણે જોયા છે, ખૂબ સારું પરિણામ આપણને પ્રાપ્ત થયું છે અને એટલા માટે ૫૦ ટકા મહિલા અનામત એ ખૂબ જ જરૂરી છે અને મારી આ ગૃહમાં સર્વ સભ્યશ્રીઓને વિનંતી છે કે જ્યારે આપણે આ સ્વર્ણિમ જયંતિ ઉજવી રહ્યા છીએ ત્યારે અનેક સ્વર્ણિમ નિર્ણયો આપણે કરીએ. અને ૫૦ ટકા મહિલા અનામત અને ફરજિયાત મતદાન અંગેનો ક્રાંતિકારી નિર્ણય આપણે ગુજરાતમાંથી શરૂ કરીએ કારણ કે, આપણે ગુજરાતમાંથી અનેક એવા આયામો કર્યા છે કે જેની નોંધ દેશના તમામ રાજ્યોએ લીધી છે અને આપણા રાજ્યનું દેશના બીજા રાજ્યોએ અનુકરણ કર્યું છે. ત્યારે આ બિલ પણ આપણે સર્વસંમતિથી અને બહુમતિથી પસાર કરીએ અને એ સ્વર્ણિમ નિર્ણયના ભાગીદાર આપણે અહીં બેઠેલા તમામ થઈએ એવી વિનંતી સાથે હું સર્વ સામે બિરાજેલા વિરોધ પક્ષના તમામ સભ્યો અને વિરોધ પક્ષના નેતાશ્રીને પણ વિનંતી કરું છું કે, મહિલા અનામતનું બિલ અને આ ફરજિયાત મતદાનનું બિલ આપણે બધા ભેગા થઈ અને એક દાખલારૂપ સ્વર્ણિમ જયંતિ ઉજવવાના નિમિતે પણ પસાર કરવાનો નિર્ણય કરીએ એવી ભાવના સાથે વિરમું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક પુનઃવિચારણા માટે આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૯માં પણ આ જ વિધેયક આ ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યું અને એની વિસ્તૃત ચર્ચા આ ગૃહે તે વખતે કરી હતી. સવાલ માત્ર એટલો જ હતો કે વિધેયકના બે ભાગ છે. એક મહિલાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત આપવાનો ભાગ જેની સાથે અમારો પક્ષ સંપૂર્ણ રીતે સંમત થયો અને આજે પણ અમે એ બાબતમાં સંમત છીએ. એની બાબતમાં અમે કોઈ વિવાદ ઉભો કરતા નથી અને અમારી સંમતિ આપીએ છીએ. પરંતુ જે બીજો ભાગ છે ફરજિયાત મતદાનનો, એ ફરજિયાત મતદાનની જોગવાઈઓ કોઈ હિસાબે સ્વીકારી શકાય એવી જોગવાઈઓ નથી. નામદાર રાજયપાલશ્રીએ પણ જ્યારે આ પત્ર દ્વારા આ બિલ પરત કર્યું ત્યારે એમણે જે ઓબ્ઝર્વેશન કર્યા મને એમ હતું કે સરકાર દ્વારા જ્યારે ફરી બિલ લઈને આવવામાં આવશે ત્યારે સન્માનીય રાજયપાલશ્રીએ કરેલા ઓબ્ઝર્વેશનને ધ્યાનમાં રાખી અને જરૂરી સુધારા-વધારા કરીને પણ બે બિલો બનાવવામાં આવશે અને બિલમાં સુધારા-વધારા કરીને લાવવામાં આવશે. પણ સાહેબ, એ આશા ઠગારી નિવડી છે. ક્યા કારણોસર એમાં મારે પડવું નથી પણ, ફરજિયાત મતદાનના સંદર્ભમાં જે મુદ્દાઓ ઉભા થાય છે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આ સન્માનીય સભાગૃહ સમક્ષ એ મુદ્દાઓ હું રજૂ કરવા માગુ છું. મતદાન એ બંધારણથી આપેલો એક અધિકાર છે અને અધિકારને આપણે એક બિલ લાવી અને એ અધિકારને

ફરજમાં પરિવર્તીત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. બંધારણ મુજબ જે જોગવાઈઓ છે એ જોગવાઈઓથી વિપરિત જઈ અને જ્યારે કેન્દ્ર સરકાર સંસદમાં એ બિલ મૂકાયું હોય અને એ બિલ ના-મંજૂર થયું હોય

**સભાપતિ ડૉ. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

ઈલેક્શન કમિશને આ સંદર્ભમાં પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કર્યો હોય, ત્યારપછી પણ આ પ્રકારનું બિલ લાવી અને રજૂ કરવાથી ક્યાંક આપણે એવી તો વાત ઉભી કરવા માગતા નથીને કે સમગ્ર આ ગુજરાત ફેડરલ સ્ટ્રક્ચરની અંદર આ ગુજરાત એ દેશથી કંઈક જુદું છે એ પરિસ્થિતિ તો આપણે ઉભી કરવા માગતા નથીને? બહુ ગંભીરતાપૂર્વક આ પ્રશ્નને આ સભાગૃહે ચર્ચવાની જરૂર છે દુનિયાના વિવિધ દેશો ઘણા લાંબા સમય પહેલાં આ પ્રયોગ કરી ચૂક્યા છે અને આ પ્રયોગ કર્યા પછી જે જે દેશોએ આનો પ્રયોગ કર્યો એમને પણ એમ લાગ્યું છે કે, ફરજિયાત મતદાન એ કદાચ ડેમોક્રેટિક સિસ્ટમને વધારે મજબૂત કરનારું પરિબળ નહિ બની રહે અને એટલા માટે જ એ લોકો ફરજિયાત મતદાનની પ્રક્રિયામાંથી ધીરે ધીરે બહાર નીકળતા જાય છે, જ્યારે બીજા દેશોએ આનો અનુભવ કર્યો અને એમાંથી એ બહાર નીકળતા જાય છે ત્યારે એમના અનુભવોના આધારે શીખવાના બદલે એમણે કરેલી ભુલ એ ફરી ગુજરાત માટે આપણે ન કરીએ એનું તો આપણે ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ. સૌથી ચિંતાનો વિષય એ છે કે આ બિલમાં ફરજિયાત મતદાન દાખલ થયા પછી મતદાન કરનારા ઉપર જે પગલાં લેવાની જોગવાઈ છે એમાં ચોકકસ અધિકારીઓને અમર્યાદિત સત્તા આપી દેવામાં આવી છે કયા પ્રકારની દંડનાત્મક અને શિક્ષાત્મક જોગવાઈઓ એમની ઉપર દાખલ કરવામાં આવશે એનો કોઈ ઉલ્લેખ આ સમગ્ર બિલમાં કરવામાં આવ્યો નથી અને માનનીય મંત્રીશ્રીએ અગાઉ પણ કહ્યું હતું એમ કે નિયમોના આધારે નક્કી થશે, જ્યારે ગૃહ આ પ્રકારના ગંભીર બિલ ઉપર ચર્ચા કરી રહ્યું હોય અને મત ના આપનાર મતદાર ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની જોગવાઈ મૂકવામાં આવતી હોય તો ઓછામાં ઓછું આ ગૃહમાં બેઠેલા તમામ સભ્યશ્રીઓને જાણવાનો એ અધિકાર છે કે, આ જોગવાઈઓ એ કયા પ્રકારની હશે એની વિસ્તૃત સ્પષ્ટતા આ બિલની અંદર જ થવી જોઈએ, નિયમોના આધારે જોગવાઈ કરવાની વાત જે કરવામાં આવે છે તે અમારા હિસાબે કોઈ રીતે વાજબી વાત નથી. એક મહત્વની બાબતનું ધ્યાન આપણે રાખવાનું રહે છે કે ગુજરાતના ઘણા પછાત અને આદિવાસી વિસ્તારો એવા છે કે જ્યાંથી હજારો લોકો રોજગારી માટે એ વિસ્તારમાંથી હિજરત કરી અને બીજા વિસ્તારમાં જાય છે, દાખલાતરીકે પંચમહાલમાંથી હજારો લોકો રોજગારી મેળવવા માટે સૌરાષ્ટ્ર જતા હોય છે અને જ્યારે ફરજિયાત મતદાનની જોગવાઈ આપણે દાખલ કરીએ ત્યારે આવા જે ગરીબ, અભણ મતદારો છે જે બે ટંકનો રોટલો રળવા માટે બીજા વિસ્તારોમાં ગયા છે એમને આપણે ફરજ પાડી અને પોતાના વિસ્તારમાં બોલાવી અને મત આપવાનું કહેતા હોઈએ ત્યારે એમને કયા પ્રકારની સુવિધા સરકાર આપવા માગે છે એની પણ કોઈ સ્પષ્ટતા થતી નથી. આપણે એમના ઉપર જવાબદારી નાંખીએ છીએ અને આપણી પોતાની જવાબદારીમાંથી જાણે સરકાર મુક્ત થવા માગતી હોય એ પરિસ્થિતિ આ બિલના કારણે ઉભી થઈ છે, આ બિલમાં એક વધારાની જોગવાઈ કરવામાં આવી છે, કે જે ઉમેદવારોએ ઉમેદવારી કરી હોય એમાંથી જો મતદાર કોઈને પણ મત ના આપવા માગતો હોય તો 'ઉપરમાંથી કોઈપણ નહિ' એવા બટન ઉપર પણ પોતે બટન દબાવીને મત આપી શકે છે તો આ સંજોગોમાં જો બહુમતી મતદારો 'ઉપરમાંથી કોઈપણ નહિ' ની તરફેણમાં જો મતદાન કરે તો એ સંજોગોમાં એ ચૂંટણીને કાયદેસરની ચૂંટણી ગણવી કે રદબાતલ ગણવી કે ફરી ચૂંટણી કરવી આ સંદર્ભમાં પણ આ બિલની અંદર કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. માનનીય નીતિનભાઈએ ઓનલાઈન વોટીંગની વાત કરી હતી. શું પરિસ્થિતિ છે ગુજરાતમાં, હમણાં થોડા વખત પહેલાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ થઈ તે વખતે જે મતદાર યાદીઓ માનનીય અધ્યક્ષશ્રી, આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીઓમાં જે મતદાર યાદીઓ ઉપયોગમાં લેવાય તે મતદાર યાદીઓનો અમે અભ્યાસ કર્યો હતો. એક એક તાલુકાની જે મતદાર યાદીઓ છે તે મતદાર યાદીઓમાં એક તાલુકામાં ૩૫૦૦થી માંડી અને ૯ હજાર મતદાર સુધીના મતદારો માનનીય નીતિનભાઈ ડુપ્લીકેટ છે. ડુપ્લીકેટ એટલે એક મતદારનું નામ એક વિસ્તારની અંદર લખાયું હોય એના એ જ મતદારનું નામ બીજા વિસ્તારમાં પણ લખાયું હોય. એનો એપીક કાર્ડ નંબર પણ એકનો એક હોય આવા મતદારો છે. હજારો લોકો ભાવનગર અને અમરેલીથી સુરતમાં જઈને વસ્યા છે. એમના નામો સુરતની મતદાર યાદીમાં પણ હોય એમના નામો અમરેલી અને ભાવનગરની મતદાર યાદીમાં પણ હોય. સ્થળાંતર ગામડાઓમાંથી જે રીતે લોકોનું થઈ રહ્યું છે ગ્રામ્ય વિસ્તારમાં પણ એમના નામ ચાલતા હોય અને શહેરી વિસ્તારમાં જ્યાં નવેસરથી જઈને વસ્યા ત્યાં પણ એમના નામ ચાલતા હોય. માનનીય અધ્યક્ષશ્રી, તમે જ્યારે ઈ-વોટીંગની વાત કરો છો ત્યારે સવાલ એ ઉભો થાય છે કે જો ઈ-વોટીંગ દાખલ કરવામાં આવે તો આ બે જગ્યાએ જે નામો છે તેમને એક જગ્યાએ ફિઝિકલ એપીયરન્સ થી મત આપી શકશે બીજી જગ્યાએ ઈ-વોટીંગ દ્વારા મત આપી શકશે. આના ઉપર કન્ટ્રોલ કેવી રીતે રાખવો ? આપણે આપણી મતદાર યાદીઓ પણ સરખી કરી શકતા નથી એ સંજોગોમાં ટેકનોલોજી પાછળની દોટ એ આવનારા દિવસોમાં એક આંધળી દોટ પુરવાર થવાની છે અને આ સન્માનનીય સભાગૃહ દ્વારા હું માનનીય મંત્રીશ્રી અને સરકારશ્રીને એ બાબતે ચેતવવા માંગુ છું. ફરજિયાત વોટિંગથી બીજો સવાલ ઉભો થાય છે આપણાં કેટલાક બુથો એવા છે કે જેમાં ૧૩૦૦ મતદારોથી ૧૪૦૦ મતદારો પણ છે. આ રાજયનું કેન્દ્રિય ઇલૅક્શન કમિશને એક અભ્યાસ પછી એમ તારણ કાઢ્યું કે એક કલાકની અંદર ઈ-વોટિંગથી જ્યારે મતદાર કરીએ ત્યારે ૧૦૦ થી ૧૧૦ મત એક

કલાકની અંદર નાખી શકાય. ( સમય-સૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, બે-ત્રણ મિનિટ મારે વધારે લેવી છે અને હું માત્ર સ્પષ્ટ મુદ્દાઓ ઉપર જ બોલી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, જો ૧૪૦૦ મતદારોને મતદાન કરાવવું હોય અને આ સ્પીડે જો મતદાન થતું હોય તો મતદાન કરવા માટે ઓછામાં ઓછો ફરજિયાત વોટિંગની અંદર ૧૩ કલાકનો સમય જોઈએ. તમારી પાસે સવારના ૮ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધીનો નવ કલાકનો સમય છે અને નવ કલાકના સમયમાં ફિઝિકલી ૧૪૦૦ મતદારોનું મતદાન કરાવવું શકય નથી. અને એ સંદર્ભમાં પણ આ બિલ લાવતાં પહેલાં કોઈ જ જાતની ગંભીરતાપૂર્વક તેનો વિચાર કરવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીમાબેન જ્યારે પ્રવચન કરી રહ્યા હતા ત્યારે તેમણે ગુજરાતના ક્રાંતિકારી કાયદાને લગતી વાત કરી હતી. જો ક્રાંતિકારી પગલાં લાવવા હોય તો મારું મંત્રીશ્રીને બીજુ સૂચન છે કે, જો મહેનત કરવી હોય ગુજરાત સરકારે તો ઈવીએમ મશીનના સંદર્ભમાં ઘણાં પ્રશ્નો ઉભા થયા છે. ઈવીએમ મશીનમાં મતદારના અધિકારની જ્યારે વાત કરીએ છીએ ત્યારે ઈવીએમ મશીનમાં જે મતદાર મતદાન કરવા જાય છે એનો જાણવાનો અધિકાર છે કે હું મત કોને આપું છું. અને આપણી જે પદ્ધતિ છે તેમાં મતદારને જાણ નથી થતી કે તેણે જે બટન ઉપર હાથ દબાવ્યો ત્યાં મત પડ્યો કે નહીં તેની જાણ તેને થતી નથી. અને પરિણામે દુનિયાના ઘણાં બધા દેશો હવે પેપર ટ્રેન્ડની દિશામાં વિચાર કરી રહ્યાં છે કે જ્યારે ઈવીએમ વોટિંગ મશીનમાં મતદાન થાય તો તેની સાથે સાથે એક પેપર ટ્રેન્ડ પણ તૈયાર થાય જેનું સર્ટિફિકેટ મતદારને મળે એટલે તેને વિશ્વાસ બેસે કે તેણે જ્યાં મત આપ્યો હતો ત્યાં જ મત ખરેખર ટાસ્ક થયો છે. જો આપણે પહેલ કરવા માગતા હોઈએ, જો આપણે ક્રાંતિકારી પગલાં લેવા માંગતા હોઈએ, જો આપણે ગુજરાતને બીજા રાજયોની સરખામણીમાં આગળ કેમ બતાવવા માગતા હોઈએ તો તમે પેપર ટ્રેન્ડ દાખલ કરો. પેપર ટ્રેન્ડને દાખલ કરવાથી પણ ઘણાં બધા પ્રશ્નોનું નિરાકરણ આવી જશે.

**સભાપતિશ્રી** : માનનીય શંકરભાઈ ચૌધરી.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લો મુદ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લો મુદ્દો છે. મતદાનની ટકાવારી વધારવાના પ્રયત્નો આપણે કરીએ છીએ. ૪૦ ટકા, ૫૦ ટકા, ૫૫ ટકા કે ૬૦ ટકા મતદાન થાય છે. અને ૪૦થી ૫૦ ટકા મતદારો મતદાન કર્યા વગર રહી જાય છે. રાજયના હિતમાં આ લોકોને મતદાન કરતા કરવા જોઈએ, આ પ્રયત્ન છે. એ માટેના પ્રયત્નો હોય તો મતદારોમાં જાગૃતિ ઉભી કરવા માટે બીજા અનેક રસ્તા હોઈ શકે. એ રસ્તાઓ દ્વારા અને એ પ્રયત્નો દ્વારા મતદારોમાં જાગૃતિ ઉભી કરીને પણ મતદાનની ટકાવારી વધારી શકાય, પરંતુ રાજય સરકાર એવા પ્રયત્નો કરવા માગતી નથી. એવા પ્રયત્નોને કોરાણે મૂકીને માત્ર કાયદો લાવીને જ વધારે મતદાન કરવાની દિશામાં જે પ્રયત્નો કરી રહ્યાં છે એ કોઈપણ હિસાબે સ્વીકારી શકાય તેમ નથી અને આ બિલને હું કોઈપણ સંજોગોમાં સમર્થન આપી શકતો નથી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદામાં સુધારા વિધેયક આજે વિધાનસભામાં ચર્ચામાં છે, ત્યારે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯ના દિવસે આ સભાગૃહની અંદર આ બિલ ઉપર ચર્ચા થઈ હતી. તે વખતે પણ મેં કહ્યું હતું અને આજે ફરી કહું છું કે જો આ વિધાનસભાગૃહ આ બિલને મંજૂર કરે તો દેશની સંસદીય લોકશાહીના ઈતિહાસમાં લોકશાહીની દેવીની સૌથી સારી પૂજા આ વિધાનસભાગૃહે કરી ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ ટકા મહિલા અનામત અને ફરજીયાત મતદાન. આ બન્ને વિષય સાથેનું આ સંયુકત બિલ આ વિધાનસભાગૃહમાં આવેલ અને આપણે પાસ કરીને પણ મૂકયું. વારંવાર આ વિષય ઉપર ચર્ચા થાય કે બાકીનું બરાબર, પણ ફરજીયાત મતદાન કેમ?

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, શું મુશ્કેલી હોઈ શકે? શું પ્રોબ્લેમ હોઈ શકે. એક હજાર મતદારોનું એક બૂથ હોય. એક હજાર મતદારોએ નિર્ણય કરવાનો હોય. આપણે બહુમતિની પદ્ધતિ સ્વીકૃત કરી છે, ત્યારે એક હજારમાંથી ૪૦ કે ૪૫ ટકા મતદાન થાય. ૩ જેટલા ઉમેદવારો તાલુકા, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કે નગરપાલિકા, કોરપોરેશનની અંદર ઉભા રહેલા હોય, તેમાંથી જેને ૧૫૦ મત મળે તે વિજેતા જાહેર થાય. આ એક હજાર મતદારો વતી આ ૧૫૦ મતદારો પોતાને કયા ઉમેદવારને જીતાડવો છે એ અધિકાર એમને મળી ગયો કહેવાય. જો આપણે ૧૦૦ ટકા સંપૂર્ણ મતદાન કરાવીએ તો કમસેકમ ૫૦ ટકા કરતાં વધુ લોકો તો નિર્ણય કરી શકે કે અમારે અમારા પ્રતિનિધિ કોને ચૂંટવા છે? એના માટે ચૂંટણી પંચ મથામણ કરે છે. એના માટે રાજકીય પાર્ટીઓ પણ વધુ મતદાન માટે પ્રાર્થના કરે છે અને મહેનત કે મથામણ કરે છે, પરંતુ કાયદાના માધ્યમથી આ હકક મળશે. હકક અને ફરજ બન્ને એક સિકકાની બે બાજુ છે. હકક મળે છે તેની સાથે સાથે આપણું કર્તવ્ય પણ આવે જ છે. આજે તો કોઈ એવી વાત કરે કે મહારાજા ગાયકવાડજીએ તે વખતે ફરજીયાત શિક્ષણ માટેનો કાયદો લાવ્યા હતા ત્યારે કોઈએ એમ કહ્યું હોય કે ભણવું હોય એ ભણે, શાળામાં જવું હોય એ જાય, ભેંસો ચારવી હોય એ ચારે, ખેતરમાં જવું હોય એ ખેતરમાં જાય. ફરજીયાત કંઈ ના ચાલે. અને ફરજીયાત કરીએ તો સ્વતંત્રતાનો અધિકાર છીનવાઈ જાય છે. એ પ્રમાણેના વિચારો તે વખતે કર્યા હોત તો ગાયકવાડી સ્ટેટના જે આજે મોં-ફાટ વખાણ થાય છે, એ ન

થઈ શકતા હોત. એ જ પ્રમાણેનું વિધેયક એ વખતે ફરજીયાત શિક્ષણનો કાયદો બનાવ્યો હતો. આજે ફરજીયાત મતદાન માટેનો કાયદો આજે ગુજરાત વિધાનસભા પસાર કરવા જઈ રહી છે. જે પ્રમાણે મહારાજા ગાયકવાડજીને આજે યાદ કરવામાં આવે છે એ જ પ્રમાણે આ વિધેયક આજે પસાર કરીએ તો આ લોકશાહીના ઈતિહાસમાં રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને વર્ષો સુધી એ પ્રમાણે યાદ રાખવામાં આવશે.

સાથે સાથે આ વાત પણ કરીએ છીએ. અનેક જગ્યાએ સાંભળવા મળે છે કે ૬૦ ટકા જેટલા મતદારો તો મતદાન બૂથ સુધી પહોંચ્યા જ નહીં. માત્ર ૪૦ ટકા લોકોએ મતદાન કર્યુ, તો ૬૦ ટકા લોકો મતદાન મથકે ગયા જ નથી એની પાછળનું કારણ શું? કયાંક એવું તો નથી કે એમને બન્ને ઉમેદવાર પ્રતિ રોષ છે? એવું તો નથી કે આ પદ્ધતિ સામે વાંધો છે? તો એવું તો નથી કે નકકી કરેલ કારણને કારણે ૫૦ ટકા કરતાં વધારે મતદારો મતદાન કરવા માટે જતા નથી? તો આ કાયદામાં એ પણ જોગવાઈ છે કે જે મતદારને બન્ને ઉમેદવારને માટે મતદાન ના કરવું હોય અને નકકી કરે કે મને કોઈ ઉમેદવાર પસંદ નથી, કોઈ જ રાજકીય પાર્ટી પસંદ નથી તો એ ત્રીજા નંબરનું બટન પણ દબાવી શકે છે અને એ બટન દબાવવાને કારણે એક બાબત તો ધ્યાનમાં આવી શકે છે કે લાંબા ગાળાનો બંધારણીય સુધારા કરવા માટે પ્રજાનો મત શું છે, પ્રજા શું ઈચ્છે છે એ ત્યાં આગળ આપણે આનાથી જોઈ શકીએ છીએ કે પ્રજા આ બન્ને ઉમેદવાર કરતાં પણ બીજું ઈચ્છે છે. પ્રજાનો સાચો મત મેળવવા માટે આ પદ્ધતિ નિમિત્ત બનશે.

બીજો વિષય એ છે કે આપણે બધા અહીં આગળ ચટાઈને આવીએ છીએ અને સૌથી વધારે ખર્ચ જો કોઈ જગ્યાએ એ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી હોય કે ઉપરની ચૂંટણીઓ હોય તો વધારેમાં વધારે નાણાંનો વ્યય થતો હોય તો એ વધુ મતદાન કરાવવામાં થતો હોય છે અને જેના કારણે કાળા નાણાનો પણ બેફામ દૂરુપયોગ થતો હોય છે. (અંતરાય) હા, કાળાં નાણાં જ તો. ત્યાંની નહીં અહીંની વાત કરું છું, સ્વીસ બેંકની વાત કરતો નથી. હું વાત કરું છું તેમાં જે નાણાં ખર્ચીને આપણે આવ્યા છીએ એની વાત કરું છું. સ્વીસ બેંકમાં કોના ખાતામાં કેટલા પૈસા છે એની વાત કરવી નથી. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી સારો વિષય એ રહ્યો છે કે ફરજીયાત મતદાન થશે તો એના કારણે ચૂંટણી પ્રક્રિયામાં સૌથી આછો ખર્ચ થશે. મતદારે કયાં જઈને પોતાએ કોને મતદાન કરવું એ પોતપોતાની વિચારધારા ઉમેદવાર મતદાર સમક્ષ રજૂ કરશે, પરંતુ ઉમેદવારે મદારને મતદાન કરાવવા માટે ખર્ચ કરવું પડે છે એમાંથી એ બચી શકશે અને સૌથી સારી લોકશાહી પ્રક્રિયા જેના કારણે થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં આગળ એ પણ વાત થઈ કે આ આ દેશમાં આપણે ત્યાં ફરજીયાત મતદાન માટેનો નિર્ણય કરતા હતા ત્યાં આગળ નિષ્ફળતા મળી છે. આજે પણ ૩૨ કરતાં વધારે દેશોમાં ફરજીયાત મતદાન અસરકારક અમલીકરણ સાથે આ દુનિયામાં થઈ રહ્યું છે અને એનાં પરિણામ કેવાં મળ્યાં છે એની વાત કરું તો ઓસ્ટ્રીયામાં માત્ર ૪૮ ટકાથી વધારે મતદાન નહોતું થતું અને અત્યારે ૯૦ ટકા જેટલું મતદાન ગઈ ચૂંટણીમાં થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું જોઈએ કે ઈતિહાસમાંથી પણ આપણે પરિપકવ લોકશાહી તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે સમયસરનાં પગલાં લઈને નવા નિર્ણય કરવા પડશે. મહિલા અનામતની વાતમાં ૫૦ ટકા વાત કરી છે. હજુ યુરોપના રોમ નામના દેશમાં હજુસુધી પણ મહિલાઓને મત આપવાનો અધિકાર નથી. હું ઈટાલીના રોમની વાત કરું છું કે ત્યાં બેટીકન સીટીમાં હજુપણ મહિલાઓ મતદાનથી વંચિત છે. અહીંયાં આપણે ૫૦ ટકા અનામત મહિલાઓને આપવાની વાત કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત એ પણ વારંવાર આવી કે આ ફરજીયાત મતદાન માટેનો અધિકાર માત્રને માત્ર સંસદને છે. અહીંયાં આપણા વિધાનસભા ગૃહને કોઈ અધિકાર ન હોય એ પ્રમાણે વાત થઈ રહી છે ત્યારે મારે એ પણ ધ્યાન દોરવું છે કે અહીંયાં ેટર્ન સ્ટ્રકચર એની અંદર કેટલાક અધિકારો રાજયોને સોંપવામાં આવ્યા છે, કેટલાક રાજય વિધાન મંડળોને છે અને કેટલાક સંસદને છે તેમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ચૂંટણીમાં આ અંગેના કાયદાઓ ઘડવા માટેનો અધિકાર વિધાનસભાગૃહને મળેલ છે. એ અનુસૂચિ ૧૨૫ અંતર્ગત છે. આપણે પોતે એનો કાયદો ઘડી શકીએ છીએ, આપણને અધિકાર છે અને સંસદમાં એ અંગે વિધાનસભામાં કે સંસદમાં બિલ ૧૦૦ ટકા મતદાન કરવા માટેનો નિર્ણય ના થઈ શકતો હોય એનો મતલબ એ નથી કે આપણે ગુજરાત વિધાનસભામાં આ કાયદો ના બનાવવો. મને તો સૌથી મોટું દાળમાં કાળું નહીં, પરંતુ આખેઆખી દાળ જ કાળી લાગે છે દાળ કાળી એટલા માટે લાગે છે કે ગુજરાતની વિધાનસભાએ ૫૦ ટકા મહિલા અનામત આપવા માટેનો નિર્ણય કર્યો એટલે કયાંય એવું તો નથી કે સૌથી પહેલો નિર્ણય દેશના ઇતિહાસમાં ગુજરાત કરે અને ગુજરાતની અંદર ભારતીય જનતા પક્ષની સરકાર હોય અને આ સરકાર આ જશ ખાટી ન જાય એટલા માટે કરીને બીજી જગ્યાએ કોઈ નિર્ણય કરાવવાનો હોય તો ગુજરાત પહેલા બીજા કોઈ નિર્ણય કરે એ માટે કરીને અહીં આગળ વિરોધ કરવા માટેનું તો નથી ચાલતું ને? વિધાનસભાની અંદર બંને વિષયોને એક સાથે જોડવામાં આવ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર મહિલા સશકિતકરણ માટે વરેલી છે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ પહેલેથી જ દીકરી જન્મતાની પહેલા એને કોઈ મારી ન નાખે એ માટે કડક કાયદા બનાવ્યા છે. દીકરીને બચાવવા માટે એટલેથી પુરુ નહિ ચિરંજીવ યોજના મૂકી એટલેથી વિષય ન અટકાવતા દીકરીનું સો ટકા નામાકંન થાય સો ટકા સ્થાયકરણ થાય અને દીકરી ભણ્યા પછી એનું ગૌરવ એનું સ્વાભિમાન જાગે એ માટે દીકરી સાપનો

ભારો નહિ, દીકરી એ પારકી થાપણ નહિ પરંતુ સરકાર અને સરકાર સિવાય પણ સમાજ જાગૃતિ માટેનું મોટું અભિયાન જગાવીને દીકરી એ સાપનો ભારો નહિ દીકરી એ ઘરના આંગણાનો તુલસીનો ક્યારો છે. દીકરી એ સાપનો ભારો નહિ દીકરીએ મા-બાપના સુખનું કારણ છે, કુળનું ગૌરવ છે એ વિષય સાથે મહિલા સશકિતકરણનું કામ લઈને ચાલી રહ્યા છીએ ત્યારે આ બિલ એમાંનું સીમાચિહ્ન રૂપ સાબિત થશે એટલી જ વાત સાથે હું આ બિલને સંપૂર્ણ સમર્થન આપીને વિરમું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઘણા બધા મિત્રો આ બિલ ઉપર બોલ્યા છે એટલે મારે એમાં વધારે પુનરોકિત નથી કરવી, પણ વિષય બહાર પણ ઘણું બધું બોલ્યા છે, મારે વિષય બહાર નથી બોલવું. માનનીય નીમાબહેન, મહિલા વિકાસના કેન્દ્ર સરકારના કાર્યક્રમો છે એના વિશે સારુ બોલ્યા, માનનીય શંકરભાઈ પણ સારુ બોલ્યા છે, અને હું તો ઇચ્છુ કે નીમાબહેન ઘણા વખતથી પ્રયાસ કરે છે, આનંદીબહેનનો થોડોક બોજો હળવો કરીને મહિલા વિકાસ ખાતું એમને મળવું જોઈએ અમે માગણી કરીએ છીએ. ઘણા ઓવરલોડેડ છે, મારી વિનંતી કોઈક માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે પહોંચાડે કે ખરેખર સારું કામ કરશે, મારો અનુભવ છે, મારી સાથે નીમાબહેને કામ કરેલ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ વિષય ઉપર આવી જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : મેં તો માત્ર વિષય ઉપર જવાબ આપ્યો છે. વિષય બહાર બોલતો નથી. (અંતરાય)આનંદીબહેનને અહીંયા બેસાડવાની વાત કરીએ છીએ અને ચંદ્રિકાબહેનને પણ અહીંયા બેસાડવાની વાત કરીએ છીએ. ઘણા બધા મિત્રોએ કહ્યું કે આ બિલ આપણે પાસ કરીએ, અમારો વાંધો હશે કે નહિ હોય આ બિલ ભૂતકાળમાં પાસ થયું છે અને આજે પણ થવાનું છે અમને એમાં શંકા નથી. સવાલ એટલો છે કે આ બિલને આપણે પાસ કરવું છે કે કેમ, (અંતરાય) હું આપનુ રક્ષણ માગું છું, બધા મિત્રો મને ડિસ્ટર્બ ન કરે એટલી જ આપને વિનંતી છે. નહિ તો પાછુ મારુ ધ્યાન ત્યાં જશે અને હું એનો જવાબ આપે રાખીશ. માનનીય અધ્યક્ષશ્રી, વાત એ કરતો હતો કે માનનીય મંત્રીશ્રી જે આ રાજયપાલશ્રીનો સંદેશો છે એ સંદેશાનો માત્ર પહેલો પૅરા વાંચી ગયા હોત તો આ પ્રશ્ન ઉભો થયો ન હોત. તો જે બધાની ચિંતા છે કે મહિલાઓને માટે ૫૦ ટકા અનામત હોવી જોઈએ એ બાબતમાં કોઈ મતભેદ છે નહીં અને એ પાસ થઈ શક્યું હોત. નામદાર રાજયપાલશ્રીએ જે પેરેગ્રાફ લખ્યો છે એ પહેલો પેરેગ્રાફ હું વાંચું છું કે વિધેયકમાં મહિલાઓ માટે અનામતની જોગવાઈ છે અને તે મહિલાઓ માટે ૫૦ ટકા અનામતની જોગવાઈ કરે છે. આ ઈચ્છનીય અને આવકારદાયક જોગવાઈ છે. તેમ છતાં આ મહત્ત્વની બાબતને બિન જરૂરી રીતે ફરજીયાત મતદાનના વિવાદાસ્પદ મુદ્દા સાથે જોડવામાં આવી છે. આ હેતુ માટે અલગ વિધેયક હોત તો એ વધુ આવકારદાયક થાત અને તે તાજેતરમાં પૂરા થયેલા વિધાનસભાના સત્રમાં જ લાવવું જોઈતું હતું. નામદાર રાજયપાલશ્રીની ઈચ્છા છે. શાસક પક્ષ તો બિલ લાવ્યા છે અને અમે તો આ મહિલા અનામતના પાયાની અંદર કામ કરનારા પક્ષના સભ્યો છીએ. સ્વ. રાજીવ ગાંધીએ ૩૩ ટકા અનામત આપી અને ૧૦ લાખ મહિલાઓને પંચાયત અને નગરપાલિકાઓની અંદર સભ્યપદ અને પ્રમુખપદ અપાવ્યા. આજે અમે તો એવા પક્ષના સભ્યો છીએ કે જે પક્ષના પ્રમુખ પણ મહિલા છે અને જેમણે બે બંધારણીય હોદ્દાઓ રાષ્ટ્રપતિ અને સ્પીકર પદે પણ મહિલાની નિમણૂંક કરેલી છે. મને આનંદ એ વાતનો છે કે તમારે પણ તેમની પાછળ પાછળ આવવું પડ્યું અને આદરણીય સુષ્મા સ્વરાજજીને વિરોધપક્ષના નેતા બનાવવા પડ્યા. કેમ બનાવ્યા એમાં આપણે જવું નથી પણ બનાવવા પડ્યા. એટલે અમે પણ ઈચ્છીએ કે આ બિલ પાસ થાય. તમે એમ ઈચ્છતા હો કે આ બિલ અને ફરજીયાત મતદાનનું બિલ પણ પાસ કરવું છે. તો કરો, જુદું લઈ આવો ને? કોણ ના પાડે છે? એ બહુમતિએ કરો, આ એક સર્વાનુમતિએ કરીએ અને એમાં આદરણીય શંકરભાઈ બોલતા હતા એની ઘણી બધી બાબતો સાથે હું સંમત છું પણ એમ કહે છે કે આપણે બધા આ ઐતિહાસિક નિર્ણય લઈએ. ઐતિહાસિક નિર્ણય તો ગઈ વિધાનસભામાં લીધો હતો પણ જે બંધારણની સાથે સુસંગત નથી એટલા માટે કે આ કાનૂન ઘડવા માટે આ હાઉસ એમ્પાવર્ડ નથી, માત્ર પાર્લામેન્ટ એમ્પાવર્ડ છે. કારણ કે બંધારણને આ જે અધિકાર છે મતદાનનો એ પાર્લામેન્ટને આપેલો છે. એ બંધારણને ફરજમાં રૂપાંતરિત કરી અને કરવું હોય તો પાર્લામેન્ટ કરી શકે છે. આપના સભ્યો પણ ત્યાં છે. એમને કહો એ બિલ લઈ આવે ત્યાં. ભલામણ કરે ત્યાં પણ આ તો એવી વાત છે કે ચૂંટણી ઢંઢેરાની અંદર લઈ આવવાનું કે અમે અમદાવાદનું કર્ણાવતી નામ રાખીશું. પછી ભલામણ કરીને રાજય સરકાર કેન્દ્ર સરકારમાં મોકલે અને માનનીય અડવાણીજી ગૃહ ખાતાના મંત્રી હોય અને એ પાછું મોકલે કે આ નથી કરવાનું. આ એના જેવું બિલ છે. એટલે કર્ણાવતી જેવું ન કરો. આ બિલને પાસ કરવું છે તો આજે નક્કી કરી દો. હું ઈચ્છું કે આજે આ બિલને મુલતવી રાખે. આના પછી ફરી પાછા બે-પાંચ સભ્યો અમારામાંથી શકિતસિંહભાઈની આગેવાની હેઠળ અને આપની આગેવાની હેઠળ બીજા બે-પાંચ, ચર્ચા કરે. તમે જ સુધારો લઈ આવો. સુધારો એવો લઈ આવો કે બે બિલ સેપરેટ થઈ જાય. હું એમ નથી કહેતો કે બીજું બિલ ન લઈ આવો, પણ આ મહિલા અનામતનું બિલ સેપરેટ થઈ જાય, એના ઉપર અલગ મતદાન થાય અને પેલા ઉપર અલગ મતદાન થાય, ભલે પાછું રાજયપાલશ્રી પાસે જાય અને રાજયપાલશ્રીને નિર્ણય લેવા દઈએ. પણ અમને ખબર છે, આ દાળમાં કાળું નહીં, દાળ આખેઆખી કાળી છે. એ શંકરભાઈએ વાત કરી હતી બહુ સાચી વાત છે. બહુ સાચી વાત કરી હતી. એટલા માટે કે જો એવું કરે તો તો મહિલા અનામતનું બિલ પસાર થઈ જાય અને

ગાંધીનગરની ચૂંટણી આવે એમાં ૫૦ ટકા મહિલાઓને ટિકિટ આપવી પડે. (અંતરાય) તો હું કહું એમ કરો, આ બહુ સરળ વાત છે. પણ એ સરળ વાત બધાને સમજાય છે પણ ન કરવા માટેની વાત છે. આ કર્ણાવતી જેવું છે. ફરી પાછું કહું છું. એટલા માટે ફરી પાછી વિનંતી કરું, આ વખતે મહિલાઓ ચૂંટાય છે. બહેનો બધી મુખ્યમંત્રી પાસે જાય. બધા જાય મુખ્યમંત્રી પાસે અને કહે કે વિરોધપક્ષ આ મુદ્દા ઉપર સંમત છે અને શ્રી શકિતસિંહભાઈએ કહ્યું એમ પાસ કરાવવું હોય તો પણ વાંધો નથી. મહિલાઓ ઓછી ચૂંટાય છે. ૫૦ ટકા લઈને પાછું કરાવો. ૫૦ ટકા હોય તો હારવાનો સવાલ નથી. આ બહેનો કે તે બહેનો. અમારી બહેનો હારી જાય તો તમારી બહેનો આવશે. એક જ જગ્યાએ ચાલે (અંતરાય) હિંમત જોઈએ. એક વખત જઈને રીકવેસ્ટ કરી આવો. ૫૦ ટકા જોઈએ છે. બે બિલ જુદા કરી દો. એક સર્વાનુમતે પાસ કરીએ અને એક તમે બહુમતી સાથે પાસ કરો. પણ મને ખાતરી છે કે, આ સરકાર એવું કરે નહીં. તેની ઇચ્છા હતી કે પેલું બિલ મૂકીએ અને નાપાસ થાય તો કહી શકાય કે બિલ પાસ થવા દીધું નહીં. આ વાત કરવાની છે અને એ વાત કરતા રહો. અમારે કોઈ ચિંતા નથી. અમે મહિલા અનામતના બિલમાં કમિટેડ છીએ. બંધારણીય સુધારો થશે અને તમારે અલગ બિલ લઈને આવવું પડશે. કેન્દ્રિય કૅબિનૅટે નિર્ણય લઈ લીધો છે. આપણે ત્યાં ૫૦ ટકા અનામત છે એ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ છે એની અંદર ૫૦ ટકા અનામત આપવી એવો નિર્ણય લેવાઈ ગયો છે અને એ બિલ આવવાનું છે. પણ તમે એના પહેલાં કરવા માગતા હોય તો જે રીતે રાજસ્થાને કર્યું, બીજા કોંગ્રેસ શાસિત રાજયોએ કર્યું એ પ્રમાણે કરવા માગતા હોય તો હજુ પણ તક છે. હજુ આવતી કાલે સરકારી કામકાજનો સમય છે. સાથે બેસીને બન્ને બિલ જુદા કરીએ, બન્ને બિલ મૂકો અને અહીંયાં આ પાસ કરીએ અને નામદાર રાજયપાલશ્રી સમ મૂકીએ એવી વિનંતી છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક - ૨૩ ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક-પુન:વિચારણા અને ફરજિયાત મતદાન વિધેયક લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) શ્રી અર્જુનભાઈ બહેનોએ રજૂઆત કરી દીધી છે. ૫૦ ટકા મહિલા અનામતનું આ બિલ છે. અત્યારે ૩૩ ટકા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા અનામત છે. સરપંચથી માંડીને મહાનગરપાલિકા સુધી ૩૩ ટકા મહિલા અનામતના કારણે બહેનો ચૂંટાય છે અને એ બહેનો જુદી જુદી જવાબદારીઓ સાથે પદ શોભાવે છે. એ સરપંચ હોય, તાલુકા પંચાયતના પ્રમુખ હોય કે કોઈ મહાનગરપાલિકાના મેયર હોય, જુદી જુદી પોસ્ટ ઉપર પોતાની જવાબદારી નિભાવે છે. આ મહિલાઓની કેપેસીટી છે. આપણા રાજયમાં જે રીતે મહિલા ઉત્થાનના કામો થયા, મહિલા ઉત્કર્ષના કામો થયા, એના કારણે હવે જરૂર પડી છે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલાઓની અનામત આપવી જોઈએ. ચૂંટણીના પરિણામોની સાથે સાથે અનેક ક્ષેત્રોમાં પણ મહિલાઓ આગળ છે. પોલીસ ફૉર્સ હોય તો એમાં પણ મહિલાઓ આગળ છે અને આ રાજયના વિકાસમાં મહિલાઓએ મોટી હરણફાળ ભરી છે. કૃષિ ક્ષેત્રમાં પણ મહિલાઓનું યોગદાન મોટું રહ્યું છે. પછી એ પશુપાલનનો ડેરી ઉદ્યોગ હોય, કૃષિ ઉત્પાદનનો ઉદ્યોગ હોય. એમાં ગુજરાતે જે હરણફાળ ભરી છે એના કારણે કૃષિ ઉત્પાદન રૂ.૪૫૦૦૦ કરોડ ઉપરાંતનું થયું છે એ એક મોટી હકીકત છે. આપણે ધોરણ-૧૦ કે ધોરણ-૧૨નું પરિણામ જોઈએ, એમાં પણ કન્યાઓ ૧ થી ૧૦માં નંબર મેળવે છે. કહેવાનો આશય એ છે કે ૫૦ ટકા મહિલા અનામત આપણા રાજયમાં જરૂરી છે અને સાથેસાથે ફરજિયાત મતદાનની પણ હમણાં આપણે ચર્ચા કરી રહ્યા છીએ, આ એક ઐતિહાસિક બિલ છે. ફરજિયાત મતદાન એટલા માટે જરૂરી છે કે વર્ષોથી છેલ્લા ૬૨ વર્ષનો આપણે ઇતિહાસ જોઈએ, જે કંઈ ચૂંટણીઓ આવી એ ચૂંટણીમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, લોકસભા, વિધાનસભા એનું એનાલીસીસ કરીએ તો છેલ્લી ચૂંટણી છેલ્લા ૧૦ વર્ષનું એનાલીસીસ કરીએ તો વિધાનસભાની ચૂંટણી હોય તો ૫૦ થી ૬૦ ટકાનું મતદાન થતું હોય, લોકસભાની ચૂંટણી હોય તો ૪૦ થી ૫૦ ટકાનું મતદાન થતું હોય અને અનેક પક્ષના ઉમેદવારો ઈલેકશન લડતા હોય અને એના કારણે જે મતનું વિભાજન થાય છે, મતનું વિભાજન થવાને કારણે ઓછા ટકા મેળવેલ ઉમેદવાર જીતી જાય છે અને પછી એની સરકાર બનતી હોય છે. લોકસભાની આપણે વાત કરીએ તો મને યાદ છે કે ૪૦ ટકા જેટલું મતદાન થયું ઓવરઓલ આખા દેશમાં અને એના કારણે જે કંઈ મતો મેળવ્યા, જે પક્ષે મતો મેળવ્યા એની ટકાવારીમાં દોઢ થી બે ટકાના ફરકમાં સત્તા મેળવતા હોય છે સત્તાધારી પક્ષ, અને બે ટકા મતદાનમાં પછી આપણે જોઈએ છીએ કે આજે છેલ્લા દોઢ વર્ષમાં જે રીતે પ્રજાકીય અસંતોષ આ દેશમાં આપણે જોઈ રહ્યા છીએ એ હકીકત છે. એમાં જે કંઈ કોમનવેલ્થ કૌભાંડ હોય કે આદર્શનો ગોટાળો હોય કે ટુજી સ્પેકટ્રમનો ગોટાળો હોય આ દેશના નાગરિકોમાં એની ચર્ચા છે કે એમને અસંતોષ છે કે આ શું થઈ રહ્યું છે? આ દેશ કઈ દિશા તરફ જઈ રહ્યો છે અને એને કારણે હું કહીશ કે નાગરિકોમાં જબરજસ્ત અસંતોષ છે. મિત્રો એવી પણ ચર્ચા કરતા હોય છે કે કદાચ મીડલ ઈસ્ટ કંટ્રીઝમાં ઈજીપ્તમાં જે રીતે લોક આંદોલન થયું અને એ આંદોલનને કારણે ત્યાંના રાજાએ ૩૦ વર્ષ પછી જવું પડયું, દેશ નિકાલ થયો એવી પરિસ્થિતિની ચર્ચા લોકોમાં થઈ રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવું છે, સરકારનું કહેવું છે કે ફરજિયાત મતદાન જરૂરી છે એમાં હમણા જ સભ્યશ્રીએ કહ્યું કે ઈવીએમ મશીન એક બુથમાં બે મશીન હોય, ૧૪૦૦ મતદારો છે, તો ૧૪૦૦ મતદારોમાં બે બુથ હોય તો એમાં સુધારો થઈ શકે છે, કદાચ બે ઈવીએમ મશીનને બદલે ત્રણ મશીન પણ મૂકી શકાય, એટલે અનેક સુધારાઓ આપણે એમાં કરી શકીએ

છીએ, વધુમાં વધુ મતદાન કરાવવા તો આપણે ૫૦ ટકા મહિલા અનામત અને ફરજિયાત મતદાનનું જે વિધેયક લઈને આવ્યા છે માનનીય મંત્રીશ્રી એ વિધેયકને હું મારું સમર્થન આપુ છું, ઘણા સુધારા થઈ શકે છે પણ આજે આપણા રાજયે આ પહેલ કરવી પડશે આ દેશમાં અને આ ઐતિહાસિક વિધેયકને પસાર કરવું પડશે એવું મારું સ્પષ્ટ મંતવ્ય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બિલ ઉપર માનનીય છ સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યક્ત કર્યા છે. માનનીય સભ્યશ્રીઓએ આ બિલને સમર્થન પણ આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું વધારે સમય નહીં લઉ પણ મને માનનીય શકિતસિંહજીએ જે વાત કરી એ મને બહુ આશ્ચર્યજનક, પીડાદાયક અને દુ:ખદાયક લાગી કે વિરોધ પક્ષના નેતા, હાઈકોર્ટના એક સિનિયર કહી શકાય એવા વકીલ પોતે કબૂલ કરે છે, આ હાઉસની અંદર કે * (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) એવું માનનીય શકિતસિંહે કહ્યું છે, રેકર્ડ ઉપર છે. એટલે એ વાત સો ટકા નક્કી જ છે, સાબિત થાય છે, વિરોધ પક્ષના નેતા પોતે સ્વીકારે છે કે આ દેશની અંદર મતદાન પ્રત્યેની જાગૃતતા કેટલી ઓછી છે, અને લોકો

## પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, આપ રૅકૉર્ડ મંગાવીને જોઈ લેજો, મેં પર્સન્ટેજ કોઈ કહ્યા નથી, મેં ચોક્કસ કહ્યું છે કે એવો પણ મતદાર છે અને એ હકીકત છે કે જે મતદાન મથક સુધી જતો નથી, ટકાવારી એમની છે એ મારા મોઢામાં એમની ટકાવારી નહીં મૂકે.

**અધ્યક્ષશ્રી** : રૅકૉર્ડ જોઈ લઈશ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એટલે એમણે જે સ્વીકાર્યું, આપણે ટકાવારીમાં નહીં પડીએ (અંતરાય) એ તો ચકાસવાનું બાકી જ છે. એ લૉજિક તો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સ્વીકાર્યું છે કે આજ પણ ૬૦ વર્ષ પછી, આઝાદીના ૬૩ વર્ષ પછી પણ રાજ્યમાં અને દેશમાં એવા નાગરિકો છે કે જેઓ મતદાન કરવા માટે જતા નથી. એનો રાઈટ છે એ એનો વિષય છે પણ લોકશાહીને ટકાવવા માટે, લોકશાહીને મજબૂત કરવા માટે, લોકશાહીને સુદ્રઢ કરવા માટે આવા ૫૦ ટકા લોકોને પ્રેરણા આપવાની, એમને માર્ગદશનથી પ્રેરણા આપવાની, પ્રચાર તંત્ર દ્વારા પ્રેરણા આપવાની અને કાયદાકીય રીતે જવાનું મન થાય એ પ્રમાણે વ્યવસ્થા કરવી એ આ બિલ પાછળનો હેતુ છે. હું માનું છું કે ભલે માનનીય શક્તિસિંહભાઈ સમર્થન આપે કે ન આપે પણ એમણે હૃદયથી સ્વીકારી લીધું કે આ દેશનો મોટો વર્ગ મતદાન કરવા જતો નથી, *(xxxx) (xxxx) (xxxx) (xxxx)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મોઢામાં શબ્દો મૂકતાં પહેલાં હું શું બોલ્યો છું એ જુઓ. મેં કહ્યું છે કે મતદારને અધિકાર છે કે જવું કે નહીં.. હવે ટકાવારી ઉપરથી બહુમતી ઉપર આવ્યા. મારી આખી સ્ક્રીપ્ટ આપ મંગાવીને જોજો. મહેરબાની કરીને એમના શબ્દો મારા મોઢામાં ન મૂકે. રેકોર્ડ સ્ટ્રેટ રહે એ માટે કહું છું. એમને જે વાત કરવાની હોય એ જરૂર કરે પણ એમના શબ્દો મારા મોઢામાં મૂકીને ન કહે.

**અધ્યક્ષશ્રી** : રેકોર્ડ જોઈ લઈશું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એમણે એ પણ કહ્યું કે બીન જાગૃત મતદારો, બીન ઉત્સાહી મતદારો. હવે લોકશાહીના જે પાયાના ગણાય, ચૂંટણી વ્યવસ્થાના પાયાના ગણાય, વિધાનસભા અને લોકસભા તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પાયાના ગણાય, જે લોકશાહીના કર્તા-હર્તા ગણાય એવા નાગરિકો જો આવા બીન ઉત્સાહી અને નિરૂત્સાહી રહેશે અને મતદાન કરવા નહીં જાય તો કદાચ ભવિષ્યમાં કેવા પ્રકારના શાસનકર્તાઓ, કેવા પ્રકારના હોદ્દેદારો વિધાનસભા અને પાર્લામેન્ટમાં આવશે એ આપણે વિચારવાનું છે. માનનીય સભ્યશ્રી શંકરભાઈએ અને નીમાબેને કહ્યું એ ફરી દોહરાવું છું. આ પ્રેરણા આપવાનું એક પ્રકારનું વ્યવસ્થાપનતંત્ર છે. લોકશાહીના આવતા દિવસો માટે, માનનીય ભૂપેન્દ્રભાઈએ જે કહ્યું કે બીજા દેશમાં જે ચાલી રહ્યું છે. સરમુખત્યારશાહી, રાજાશાહી કે લશ્કરશાહી હતી ત્યાં પ્રજાનો આક્રોશ જાગ્યો છે. પ્રજાનો આક્રોશ એવો જ છે કે એમને મતદાનનો અધિકાર મળવો જોઈએ, અમને ચૂંટણી કરવાની સત્તા આપો. આપણા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને પંડિત જવાહરલાલ નહેરૂ જેવા લોકોએ આઝાદી અપાવી છે. શહીદ ભગતસિંહ જેવા સેંકડો લોકો હસતા હસતા ફાંસીના માંચડે લટકી ગયા હતા. હજારો અને લાખો લોકોએ જેલની યાતના વેઠી છે. વીર સાવરકર જેવાઓએ આંદામાનની જેલમાં કાળાપાણીની સજા ભોગવી છે અને ત્યાર પછી આઝાદી મળી છે. એને વધુ પુખ્ત બનાવી, એને વધુ પરિપકવ બનાવી, સક્ષમ બનાવવી એ આજે નહીં તો ભવિષ્યમાં આવનારી પેઢી માટે આપણી ફરજ છે. કોઈ મોડા સમજે. અહીંયા કહેવામાં આવ્યું કે ફલાણા દેશમાં અને પેલા રાજ્યમાં નથી. કોઈ મોડું સમજે, કોઈ મોડું સ્વીકારે પણ જ્યારે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ વિચાર આ દેશ માટે મૂક્યો છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxx) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દેશની એકતા અને અખંડિતતા માટે એ જ્યારે જરૂરી છે ત્યારે મને સમજ પડતી નથી કે માનનીય સભ્યશ્રીઓ ચોક્કસ સૂચનો કરે. જે પ્રમાણે સિદ્ધાર્થભાઈએ સૂચન કર્યું કે ૧૪૦૦ મતદારો હોય તો વધારે સમય લાગે. તો શંકરભાઈએ કહ્યું એ મુજબ બે એ.વી.એમ. મશીનો મૂકી શકાય. તમે પ્રશ્ન રજૂ કરો એને સામેલ કરીએ, એને અંગેની વ્યવસ્થા કરીએ અને એનો ઉપાય કરીએ એ આપણા માટે જરૂરી છે. સરકાર તરફથી હું સ્પષ્ટતા કરી દઉં કે જે લોકો અતિ જરૂરી કામમાં હોય, બીમાર હોય, યોગ્ય કારણો બતાવે, ઉમરલાયક હોય, અશક્ત હોય, કોઈ બહાર ગયા હોય, કોઈ પરદેશ ગયા હોય, કોઈના ઘેર સામાજિક પ્રસંગ હોય, હોસ્પિટલાઈઝ હોય, એવા સિવાયના અન્ય કારણોસર પણ જે મતદારો કદાચ મત આપવા ન આવે, સરકાર ચોક્કસ સમજે છે કે એક લાખ મતદારો હોય તો એક લાખનું મતદાન નથી થવાનું. એક લાખમાંથી ૪૦-૪૫ હજારનું જે મતદાન થાય છે એ કેવી રીતે મોટો જમ્પ મારે એ માટેની વ્યવસ્થા રાજ્ય સરકારે વિચારી છે. અહીંયા માનનીય અર્જુનભાઈએ વારંવાર કહ્યું, શકિતસિંહજીએ પણ કહ્યું કે અમે અમારા પક્ષ તરફથી ત્રણ ત્રણ મહિલાઓને સ્થાન આપ્યું ચોક્કસ એ આવકાર્ય છે પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે નમ્રતાથી પુછવું છે કે * (xxxx) (xxxx) (xxxx) (xxxx) આખો દેશ જાણે છે કે શા માટે આ સ્થાન આપ્યું છે?

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## ગૃહમાં હાજર ના હોય તેવા નામનો ઉલ્લેખ નહિ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉલ્લેખ્ સકારાત્મક જરૂર થઈ શકે. ભૂષણભાઈ ભટ્ટ અશોકભાઈના દીકરા ના હોત તો ખાડિયામાં ટિકિટ આપત? આવા પ્રશ્નો જો પુછીશું આપણે તો સ્તર દિવસે ને દિવસે નીચું જશે. કાલે રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર અમે બોલવાના છીએ. દરેકના પરિવારના ઉલ્લેખ્ સાથે અમે બોલીશું અને વિધાનસભાની ચર્ચાનું એક સ્તર આપણે મેઈન્ટેન કર્યુ છે. પોઝિટીવ જરૂર ઉલેખ કરીએ છીએ. જે વ્યકિત ગૃહમાં હાજર ના હોય એના નેગટિવ ઉલ્લેખોમાં પડવા જઈશું તો (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) આ સ્તરે નહિ લઈ જાવ માનનીય નીતિનભાઈ. આ સ્તર જળવાય છે પોઝિટીવ રેફરન્સ આપ્યા કરો સુષ્માજીનો. નેગેટિવ વાતમાં પડવા બેસીશું તો હું અને મારા પક્ષના સભ્યશ્રીઓ પાસે પણ એટલાજ તીર ભાથામાં છે. આ સ્તરને નીચે ના લઈ જઈએ અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની ચર્ચાઓમાં ના ઉતરીએ એ એમના, મારાં અને આ ગૃહના હિતમાં છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીજું માનનીય શકિતસિંહજીએ એમ કહ્યું કે આપણા રાષ્ટનું જે ફેડરલ સ્ટ્રકચર છે, સંગીય આપણી પ્રેણાલી છે, માનનીય અધ્યક્ષશ્રી, થોડી (xxxx) (xxxx) પણ આપી. કેવી રીતની કે તમે મંજૂર કરો અને પછી શું થાય તે અમારે જોવાનું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી કહ્યુ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું (xxxx) શબ્દ બોલ્યો છું. (અંતરાય) હું (xxxx) શબ્દ બોલ્યો છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું (xxxx) શબ્દ બોલ્યો છું અને હું મારા શબ્દને વળગી રહું છું.

**અધ્યક્ષશ્રી** : આપ જે મૂળ વિષય છે એના ઉપર જ વાત કરો અને અન્ય એક બિલ પણ આપણું હજુ બાકી છે. એટલે મૂળ વિષય ઉપર આપ વાત કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી ભાઈ, પ્લીઝ બેસી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હા, એ શબ્દ કાઢી નાંખો ચાલો.

**અધ્યક્ષશ્રી** : આપ બેસો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હા, કાઢી નાંખો. કાઢી નાંખો. (અંતરાય) ના, હું ફરી બીજુ કહું પણ હજુ બીજું હજુ છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (xxxx) એમણે કહ્યું છે એ હું રેકર્ડ ઉપર કહી શકું છું.

**અધ્યક્ષશ્રી** :. માનનીય શકિતસિંહભાઈ (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : શબ્દ રદ કરો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : શબ્દ રદ કરવામાં આવે છે. આપ જે મૂળ બિલ છે એના ઉપર જ આવો.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુંસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું એ કહેવા માગું છું કે જો આ આપણું ફેડરલ સ્ટ્રકચર છે છતાં *(xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ મૂળ બિલ ઉપર આવી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું સાહેબ મૂળ બિલ ઉપર જ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એટલું જ છે કે કેન્દ્ર સરકાર ગુજરાત જે કાયદો મોકલે છે એને મૂકી રાખે છે. (xxxx) (xxxx) (xxxx) (xxxx) એ મારે કહેવું છે. મારો કહેવાનો અધિકાર છે માનનીય અધ્યક્ષશ્રી, એ સાચી હકીકત છે. (અંતરાય) એ મહિલાની જ વાત છે (અંતરાય) એ મૂકી રાખ્યું હતું ને? માનનીય અધ્યક્ષશ્રી, મારી ફરીથી વિનંતી છે કે આ બિલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### નામદાર રાજ્યપાલશ્રી કે નામદાર રાષ્ટ્રપતિશ્રીની ટીકા કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહ કોઈપણ બિલ પસાર કરે તે પછી એને માન્ય કરવું કે નહિ કરવું એ બંધારણીય રીતે નામદાર રાજયપાલશ્રી અને માનનીય રાષ્ટ્રપતિશ્રીની સત્તાઓ છે. આ વિધાનસભાગૃહમાં માનનીય પૂર્વ અધ્યક્ષશ્રીઓના અનેક નિર્ણયો છે. કોઈ પણ સંજોગોમાં સીધી કે આડકતરી નામદાર રાજયપાલશ્રી કે માનનીય રાષ્ટ્રપતિશ્રીની ટીકા-ટિપ્પણી કે ઈવન ઉલેખ્ પણ નકારાત્મક કરી શકાતો નથી. એમ કહેવું કે કેટલાક બિલો બીજા રાજયોમાં પસાર થાય એને મંજૂરી મળે અને આ વિધાનસભા કરે એને નહીં કરે, ગુજરાત પ્રત્યે અન્યાય એની સાથે આ સંલગ્નમાં માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર રહે એ પણ વાજબી નથી અને જવાબદાર મંત્રીશ્રી બોલે છે, કદાચ કોઈ સભ્ય બોલ્યા હોતને તો મેં પૉઈન્ટ ઑફ ઑર્ડર ન કર્યો હોત કે, ચાલો સભ્યશ્રી બોલે છે ઠીક છે ત્યારે આ સંજોગોમાં આપ માનનીય અધ્યક્ષશ્રી, એક નહીં આપ કહેશો હું સમય બચાવવા માટે હું જજમૅન્ટ વાંચતો નથી મારા હાથ ઉપર છે અને એ સંજોગોમાં હકીકતનું નિરૂપણ પણ આ રીતે ન જ થઈ શકે જ્યાં નામદાર રાજયપાલશ્રી કે માનનીય રાષ્ટ્રપતિશ્રીની ટીકાઓનો સીધી કે આડકતરો પણ ઉલ્લેખ કરાતો હોય.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કોઈ ટીકા કરવામાં આવી નથી. મારું તો એટલું જ કહેવું છે કે, એક સરખા કાયદા, એક સરખી જોગવાઈ, એક રાજયનો કાયદો મંજૂર થાય એજ ટાઇપનો બીજા રાજયનો, ગુજરાતનો કાયદો નામંજૂર થાય એ રીતની પદ્ધતિ છે એજ હું ધ્યાન ઉપર મૂકું છું.

**અધ્યક્ષશ્રી** : હું રેકર્ડ જોઈ લઈશ અને ટિકાત્મક શબ્દો હશે તો એને દૂર કરીશું.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક,૨૦૦૯ (ક્રમશ:)

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨૩, સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયક-પુન:વિચારણાનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૩, કલમ -૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨૩, સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા ( સુધારા ) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યોં અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨૩નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩

## ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક,૨૦૧૧

### ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી દિલીપ સંઘાણી ( મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૧૧નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) બાબત વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી દિલીપ સંઘાણી**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૧૧નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ ખાતે ૨૬-૧૧-૨૦૦૮નો જે આતંકવાદી હુમલો થયો ત્યારબાદ ૨૮-૨-૨૦૦૯માં કેન્દ્ર સરકારે એક કેન્દ્ર સરકારના કેબિનેટ સચિવના અધ્યક્ષસ્થાનમાં ઉચ્ચકક્ષાની સમિતિ બનાવી અને દરિયા પારથી આવા આતંકવાદી હુમલા અટકાવવા માટે શું કરવું જોઈએ એની ચર્ચા દેશમાં વિવિધ રાજયોમાં, દરિયાકાંઠાના રાજયોમાં, વિવિધ કાયદાઓ છે. જે માછીમારીની બોટોને લાયસન્સ આપવામાં આવે એનું સમાનતાથી રજીસ્ટ્રેશન થાય, એકસુત્રતા જળવાય એ માટે કેન્દ્ર સરકારે મરચન્ટ શીપીંગ એકટ ૧૯૫૮ તળે આખા દેશમાં એકસુત્રતા ધારે એની નોંધણી થાય અને એની નોંધણીના કારણે એન.આઈ.સી. દવારા એક સમાનતાથી, સરળતાથી બધી જ માહિતી કેન્દ્ર સરકાર પાસે બુકીંગ અંગેની રહે એટલા માટે કેન્દ્ર સરકારે સુધારો કરવાની જે સૂચના આપી એના માટે ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ ૨૦૦૩ની કલમ-૨, કલમ-૧૦ ની પેટા કલમ-૩ હેઠળ માછીમારી બોટોને લાયસન્સ આપવા માટે કલમ-૧૨ હેઠળ રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ એવી જોગવાઈ છે એમાં સુધારો કરી કલમ-૧૨ અથવા મરચન્ટ શીપીંગ એકટ ૧૯૫૮ હેઠળ શીપીંગ બોટ માછીમારીનું લાયસન્સ આપી શકાય આટલો માત્ર ટુંકો સુધારો રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં લાવવા માટેની જરૂર છે એટલા પુરતો હું સુધારો રજૂ કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત મત્સ્યોદ્યોગ સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં  થોડી વાત કરવા માગું છું. ગુજરાત સમગ્ર ભારતની અંદર સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છૈ અને જે ફીશ પ્રોડકશન થાય છે આખા દેશમાં એમાં ગુજરાતનો મહત્વનો હિસ્સો છે અને એમાંય જે કિંમતી ફીશ થાય છે એ સૌથી વધારે કદાચ ગુજરાતમાં થાય છે. દેશી વહાણો છે એ દેશી વહાણોના ક્ષેત્રમાં પણ એના કસ્ટ્રકશનમાં અને બિઝનેસમાં એક આગવું સ્થાન દાયકાઓથી રહેલું છે અને આ વ્યવસાયને સ્ટ્રીમલાઈન કરવો જરૂરી છે અને એમાં જયારે ૨૬-૧૧નો મુંબઈનો બનાવ બન્યો અને એ વખતે આપણા ગુજરાતની બોટનો ત્રાસવાદીએ ઉપયોગ કરીને છેક આપણા ગુજરાતના દરિયાકિનારાનો ઉપયોગ કરીને મુંબઈ સુધી પહોંચી ગયા એ પછી બધાની ચિંતા વધી. નિતિનભાઈ, આપની કાંઈ ઈચ્છા છે. બોલવાની? આ દિલિપભાઈનુ બિલ છે એમને બોલવા દો.

**અધ્યક્ષશ્રી** : એમને પ્રોત્સાહિત કરો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એમને પ્રોત્સાહિત કરવા માટે જ ઉભો થયો છું. આ જે રીતે આપણો મોટર વ્હીકલ એકટ છે એમાં જે રીતે વાહનને આઈડેન્ટી ફાઈ કરી અને રજીસ્ટ્રેશન કરી અને મોનીટરીંગ કરવાનો અધિકાર કોઈ એજન્સીને આપવો જરૂરી છે. દેશના ચિંતકોએ વિચાર કરીને સૂચન કર્યુ કે રાજયનો જે મત્સ્યોદ્યોગ વિભાગ છે એ એનું રજીસ્ટ્રેશન કરે. અત્યાર સુધી એવું થતું હતું કે આ રજીસ્ટ્રેશન મલ્ટીપલ થતું હતું આપણે પણ કરતા હતા અને દેશનો કસ્ટમ વિભાગ પણ કરતો હતો. ઈન્સ્પેકશન પણ મલ્ટીપલ થતું હતું.  અને હું માનું છું કે એનાથી માછીમારોને થોડી તકલીફ વધારે પડતી હતી. હવે જયારે કાનુનથી અને એને પણ ભારત સરકારે માન્યતા આપી છે કે કાનુનથી આપણો ભારત સરકારનો વિભાગ એને રજીસ્ટ્રેશન કરી શકશે એ આનંદની બાબત છે.        તે તે એનું રજિસ્ટર કરી શકે છે, તે આવકાર્ય બાબત છે અને માત્ર આપણે આનાથી અટકી જઈશું તો જે ચિંતા વ્યક્ત કરી છે એ પરિપૂર્ણ ન થાય. આની પહેલા જે સિસ્ટમ લગાડવાની હતી જી.એસ.એમ.ટેક્નોલૉજી. તે ૨૦૦૮ સુધી લગાવી, પણ એને કન્ટ્રોલ રૂમ સાથે જોડી નહિ, એના કારણે બોટ કયાં જતી હતી, કયાં નહોતી જતી. એને ટ્રેકિંગ કરી શક્યા નહિ. એના કારણે આ બોટ આપણા ગુજરાત રાજયમાંથી પસાર થઈ ગઈ અને પાકિસ્તાનના બૉર્ડરથી શરૂ કરી અને મુંબઈ પહોંચી ત્યાં સુધી આપણા કોઈને ખ્યાલમાં ન રહ્યું. રજિસ્ટ્રેશન આપણી પાસે હોવું જોઈએ. બોટ કઈ જગ્યાએ જાય છે, તેની ટ્રેકિંગ સિસ્ટમ આપણી પાસે રહેવી જોઈએ. જે પહેલી વખત ટૅક્નૉલૉજી ભારત સરકારે આપવા માટે સહાય કરી તેનો ઉપયોગ પૂરેપૂરો ન થયો અને એની સાથે કન્ટ્રોલ રૂમ બનાવવો જોઈએ તે બન્યો નહિ. એના કારણે સફળતા ન મળી. ભારત સરકારે બીજી યોજના આપી છે. વેસલ ટ્રેકિંગ સિસ્ટમ. એ વેસલ ટ્રેકિંગ સિસ્ટમ કન્ટ્રોલ રૂમ સાથે શરૂ કરી બધા વેસલ આપણા એ કઈ જગ્યાએ જાય છે. એનું મોનીટરિંગ કરવું જોઈએ. હું માનું છું કે આપણે તેની શરૂઆત આપણા બજેટમાંથી ફાળવણી કરી માછીમારોના હિતમાં જરૂર લાગે શરૂઆત કરી વેસલ ટ્રેકિંગ સિસ્ટમ તાત્કાલિક ઊભી કરવી જોઈએ. તે કરીશું તો રજિસ્ટ્રેશનનો હેતુ જરૂર ફળિભૂત થવાનો છે. બીજું રજિસ્ટ્રેશન છે તે માત્ર ટ્રાન્સફર રજિસ્ટ્રેશનો કરવાના છે. છેલ્લા ૭ વર્ષથી આ સરકારે નવી બોટ બનાવવા ઉપર અને એના રજિસ્ટ્રેશન આપવા ઉપર પ્રતિબંધ મૂકેલ છે. આટલા વર્ષો પછી હવે નવી બોટને રજિસ્ટ્રેશન આપવાનો અને નવી બોટનું કન્સ્ટ્રકશન કરવાની મંજૂરી આપવાનો સમય થઈ ચૂક્યો છે. આપણે નવી ટ્રકને લાવતા રોકી ન શકતા હોઈએ, નવા ટ્રેકટરને

---

* વિધેયક તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

રોકી શકતા ન હોઈએ, નવાં કારખાનાને પ્રોત્સાહન આપતા હોઈએ તો જરૂરથી આપણે એને નજરમાં રાખીએ બરાબર છે. આટલાં વર્ષો પછી નવી બોટ બાંધવાની અને નવા રજિસ્ટ્રેશન માટેની છૂટ આપવી જોઈએ અને એની સાથે સાથે બીજી વિનંતી એટલી છે કે આપણે માછીમારોના હિતની વાત જરૂર કરીશું તો માછીમારોને આપવાની વાત આવે તો વધારાની વાત જતી કરીએ છીએ. વર્ષોથી કોંગ્રેસની સરકારે જે ડીઝલ સબસિડી આપી હતી. છેલ્લા બે વર્ષથી લગભગ દર વર્ષે ૧૫૦ કરોડ રૂપિયાની સબસિડી છે એ રાજય સરકારે બજેટમાં જોગવાઈ કરતી હતી. એને માટે હવેથી છેલ્લા બે વર્ષથી બંધ કરી છે. ગયા વર્ષે ૧૪ કરોડની જોગવાઈ હતી. આ વખતે ૧૪ કરોડની જોગવાઈ કરી છે. હું વિનંતી કરું છું કે માનનીય મંત્રીશ્રી નાણા મંત્રીશ્રીને મળે. આપણા સૌરાષ્ટ્રના છે. વધારે ફિશિંગ ઉદ્યોગ ત્યાં જ છે. ભૂતકાળમાં આપશ્રીએ બજેટની અંદર દર વખતે ૧૦૦ કરોડથી શરૂ કરીને ૧૨૫, ૧૩૦ કરોડ આપેલ જ છે. તો આ વર્ષના બજેટમાં પણ બજેટની ચર્ચામાં આવે તે પહેલા આના માટેની જોગવાઈ કરે અને માછીમારોને સબસિડી પુન:સ્થાપિત કરે તેવું મારું સૂચન છે. હું આ બિલને આવકારું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)**:માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત મત્સ્યોદ્યોગ(સુધારા) બિલ ૨૦૧૧ લાવ્યા છે. એના સમર્થનમાં હું બોલવા ઊભો થયો છું. આમાં કેટલાક સૂચન મારે કરવાનાં છે. મારે ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયાકિનારામાં સૌરાષ્ટ્ર અને કચ્છનો દરિયાકિનારો તે ફિશિંગ ઉદ્યોગ માટેનો માછીમારો માટેનો ખૂબ પોટેન્શિયલ એરિયા ગણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં સુરજબારી પાસેના માછીમારોની વિટંબણા મેં ફીશરીઝ કમિશનરને જણાવી હતી કે ત્યાં નાના હોડકાંઓ જે હોય જે ક્રીકમાં પાર કરે તે ક્રીક બધી મીઠાના અગરવાળાઓએ પૂરી નાંખી છે અને સી.આર.ઝેડનો ભંગ કર્યો છે અને ક્રીક બધી ખુલ્લી કરવી જોઈએ. તે રીતે મુન્દ્રાના દરિયાકિનારે પરંપરાગત ૧૩ માછીમારોની ખાડીઓ આવેલી છે તે સ્પેશ્યલ ઈકોનોમી ઝોન અને એરપોર્ટની પટ્ટી બંધાઈ તેના માટે થઈને પરંપરાગત માછીમારોને દરિયામાં જતા અટકાવી દેવામાં આવ્યા છે. આ દેશનું પહેલું નૌ સૈન્ય શિવાજી મહારાજે બનાવેલું અને તેમણે એક માર્ગદર્શિકા આપેલી કે દરિયા કિનારે કોઈ વિદેશીને જમીન આપી શકાશે નહીં. મુન્દ્રાના દરિયા કિનારે એક જેટી વિદેશી કંપનીને અપાઈ અને તેણે વેચી દીધી તેની કાર્યવાહી..

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ વિષય બીજો છે. બિલ ઉપર આવી જાઓ.

**શ્રી બાબુભાઈ મે. શાહ:** માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ આપેલો છે કે આ ક્રીક કોની મંજૂરીથી પુરાઈ, આજે આ બિલ જયારે તમે લઈને આવ્યા છે ત્યારે સૂચનો કરી રહયો છું. આપ કાળજી લેજો એટલું કહેવાનું છે. આ બિલને સમર્થન એટલા માટે કે ભારત સરકારે સમજયું છે કે કયું વહાણ કયા ઠેકાણે છે તેનું મોનીટરીંગ થઈ શકે, નકશામાં આવે, દરિયાઈ સીમા ઓળંગે નહીં એટલા માટે થઈને અને માછીમારોની બોટની રક્ષા કરવા માટે આપણી સરહદમાં ન આવે એટલા માટે ભારત સરકારે કોસ્ટ ગાર્ડનું ખાસ મથક ગુજરાતને આપ્યું છે. આ જે ચોકીદારો છે તે આપણ માછીમાર ભાઈઓના રક્ષણ કરવા માટે છે એટલી વાત કરવાની છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત્સ્યોદ્યોગના આ બિલના સુધારામાં સભાગૃહના માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ અને બાબુભાઈએ તેમના મંતવ્યો રજૂ કર્યા. આ બિલ માત્ર રાષ્ટ્રીય સુરક્ષા માટે લાવવું પડયું છે અને ખૂબ મર્યાદિત છે. પરંતુ અર્જુનભાઈએ તેમાં કેટલાક અવલોકનો કર્યા, હાજર હોત સામાન્ય રીતે જવાબ સાંભળવાની પદ્ધતિ છે તો વધારે સારું રહે. પ્રથમ તો રાષ્ટ્રીય સુરક્ષા જયારે આવે ત્યારે માત્ર રાજય સરકારની જવાબદારી સીમીત કરી દે એટલા પૂરતું સીમીત અવલોકન કરતાં ઉઠીને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં જોવું જોઈએ. રાજય સરકારે એક કરતાં વધુ વખત અને દેશમાં સૌથી લાંબો દરિયા કિનારો જયારે ગુજરાત ધરાવે છે ત્યારે સીધું જ પાકિસ્તાનની બોર્ડર નજીક હોવાના કારણે રાજય સરકાર તરફથી કેન્દ્ર સરકાર પાસે સ્પીડ બોટની માગણીઓ વારંવાર કરવા છતાં પણ આ સુરક્ષા માટે પૂરતા પ્રમાણમાં સ્પીડ બોટ આપવામાં આવી નથી. એ ઉલ્લેખ એટલા માટે કરવો જોઈએ કે આ જવાબદારીને કોઈ રાજયના પરિપ્રેક્ષ્યમાં નહીં જોવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન. માનનીય મંત્રીશ્રી તપાસ કરી જુએ. આ રાજયને કેન્દ્ર સરકારે ૩૦ સ્પીડ બોટ આપી છે. કમનસીબે આપણી સરકાર તેમને મેનપાવર જે આપવો જોઈએ તેનો ઉપયોગ કરી શકયા નથી. રાજય સરકારના ગૃહમંત્રીશ્રી આપની પાછળ બેઠા છે જરા પૂછી જુઓ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મંજૂર કરવી કે ફાળવવીને આપવી, રીલીઝ કરવી...

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, માનનીય મંત્રીશ્રી આપ બિલ ઉપર બોલો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુરક્ષાનો સવાલ છે, વિવાદનો સવાલ હોઈ શકે નહીં, મેં સીધો જ પત્ર લખેલો છે આજે હું વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં અહીયાં ડિઝલની સબસિડીનો ઉલ્લેખ કરવામાં આવ્યો. ડિઝલની સબસિડી સંપૂર્ણપણે એના ઉપર ૩૧-૩-૨૦૦૨માં કેન્દ્ર સરકારે નિર્ણય કરીને ૫૨ લિટર ડિઝલ ઉપર એક રૂપિયો અને પચાસ પૈસા લેખે રિબેટ આપવાનો નિર્ણય ભારત સરકારનો હતો અને ભારત સરકારે ૨૦૦૨થી આ શરૂ કર્યુ, સબસિડી મોટી આવે ભારત સરકાર તરફથી તો રાજય સરકાર રિબેટના આધારે આ વ્યવસ્થા કરતી હતી પરંતુ ૨૦૦૯ થી ભારત સરકારે એક પરિપત્ર કરીને એ નિર્ણય કર્યો કે જેમણે

પોતાની માલિકીની બોટ હશે અને બીપીએલ કાર્ડ ધરાવતા હશે એમને જ સબસિડી આપવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, સ્થિતિ એ છે કે, કોઈ ગરીબ માણસના ઘરમાં પંખો કે સાયકલ હોય કે મર્યાદિત કોઈ સાધન ટૅક્નીકલ હોય તો પણ એ બીપીએલ કાર્ડમાં ન આવે ત્યારે લાખો રૂપિયાની બોટ અને બીપીએલ હોય તો જ સબસિડી અપાય અને ભારત સરકારે બંધ કર્યુ અને ગુજરાત કેમ નથી આપતી એવો પ્રશ્ન પૂછે છે તો આ અંગેના મુદ્દાઓ મારી માગણી વખતે ચર્ચાઓ થશે ત્યારે એના વિશે હું વિશેષ પ્રકાશ પાડીશ. પરંતુ આજે તો માત્ર એક રાષ્ટ્રિય સુરક્ષા પૂરતો જ હું સુધારો લાવ્યો છું એટલે વિશેષ વાત કરતો નથી, હું સૌને વિનંતી કરું છું કે આ બિલ સર્વાનુમતે મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક -૩નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક -૩નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૩નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહની બેઠકનું કામકાજ સાંજના ૬-૫૪ વાગ્યે પૂરું થતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશનુસાર સભાગૃહ તા.૧ લી માર્ચ, ૨૦૧૧ ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧લી માર્ચ-૨૦૧૧**
**ફાલ્ગુન ૧૦, ૧૯૩૨ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

**સરકારી વિધેયક**
**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૬**

# ગુજરાત સહકારી મંડળી (સુધારા) બાબત વિધેયક,૨૦૧૧

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : (રાજયકક્ષાના કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૬, સન ૨૦૧૧ના ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૬, સન ૨૦૧૧ના ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૧ના સહકારી કાયદામાં કોઈ સુધારો ન થવાને કારણે જે કેસોનું ભારણ વધી રહ્યું છે અને આજે ૬,૦૬૬ જેટલા કેસોનો ભરાવો હોવાને કારણે જે ટ્રિબ્યુનલમાં સુધારા માટે આ બિલ દાખલ કરવામાં આવ્યું છે. તેને આપ સૌ સભ્યશ્રીઓ સર્વાનુમતે પસાર કરો એવી વિનંતી છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ (માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વતંત્રતા પછી ગુજરાતની ઓળખ હંમેશા બે ક્ષેત્રોમાં રહી છે. સમગ્ર દેશમાં ગુજરાતે પંચાયતી રાજ અને સહકારી પ્રવૃત્તિઓમાં પોતાની ઓળખ બનાવી છે. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિ ગ્રામ્ય કક્ષાથી શરૂ કરી પ્રદેશ કક્ષા સુધી ચાલે છે. આ સહકારી પ્રવૃત્તિ ગુજરાતના તમામ જનસમાજને સામાન્ય જીવનમાં સ્પર્શતી દરેક પ્રવૃત્તિઓમાં ચાલે છે. તે ચાહે સિંચાઈ હોય, ખેતી હોય, માછીમારી હોય, કામદાર ક્ષેત્ર હોય, નાણાકીય ક્ષેત્ર હોય આ તમામ પ્રવૃત્તિઓ સહકારી ક્ષેત્રે ગુજરાતમાં સ્વતંત્રતા પછી સમગ્ર દેશમાં ઉત્તમ કક્ષાની રીતે ચાલી રહી છે. આ પ્રવૃત્તિમાં સતત ચૂંટણીઓ આવે. નિષ્પક્ષ અને નિયમિત રીતે ચૂંટણીઓ થાય છે. પરંતુ છેલ્લા ૯-૧૦ વર્ષથી ગુજરાતમાં આ સહકારી ક્ષેત્રમાં ઓટ આવી હોય એવું લાગતું હતું. આ માળખું નબળું પડી જશે એવો ભય પણ ઉભો થયો હતો. પરંતુ ગુજરાતના લોકલાડીલા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કુનેહભર્યા નેતૃત્વ અને કાર્યપદ્ધતિના કારણે આજે આ માળખું ફરીથી બેઠું થઈ રહ્યું છે. સામાન્ય રીતે તમામ સમાજને સ્પર્શતી આ પ્રવૃત્તિના કારણે ખૂબ જાગૃતિ આવી છે અને તેના કારણે સ્પર્ધા પણ વધી છે. તેના કારણે ચૂંટણીઓ પણ થાય છે, પસંદ-નાપસંદ પણ થાય છે. રાજી અને નારાજગી પણ થાય છે અને તેના કારણે વિવાદો પણ ઉભા થયા છે. આ વિવાદોના ઉકેલ માટે અત્યારનું માળખું સુદ્રઢ તો છે જ, પરંતુ તેને વધુ મજબૂત બનાવવાની જરૂર છે. જસ્ટીસ ડીલે ઈઝ જસ્ટીસ ડીનાય કહેવાય છે. યોગ્ય સમયે ન્યાય ન આપીએ તો ન્યાયની અવગણના છે. આ વિવાદોના કારણે અનેક કેસોનો ભરાવો બોર્ડ ઑફ નોમીનીઝ અને ટ્રિબ્યુનલમાં થયેલો છે ત્યારે હાલના માળખામાં સભ્યોની સંખ્યા વધારીને ઝડપથી ન્યાય મળે એ દિશામાં જે પગલું ભર્યું છે તે માટે હું રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ સુધારા વિધેયકને સમર્થન કરું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સહકારી મંડળી(સુધારા) વિધેયક જ્યારે સરકાર લઈને આવી છે ત્યારે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. ટ્રિબ્યુનલની અંદર સભ્યોની નિમણૂંક સરકારી કરતી હોય છે. પ્રમુખ વત્તા ત્રણ સભ્યો. એના ઉપર બીજા સભ્યો મૂકીને સરકારે કબૂલ કર્યું છે કે, ટ્રિબ્યુનલની અંદર કેસોનો ભરાવો થઈ ગયો છે. એનો ઝડપી નિકાલ થતો નથી અને ઝડપી નિકાલ કરવા માટે આ બિલ લઈને આવ્યા છે. સંખ્યા બળ વધારવાથી આનો નિકાલ થવાનો નથી. સંખ્યા વધારવાથી ટ્રિબ્યુનલના કેસોનો નિકાલ થશે એવું નથી. સહકારી માળખું છે એની અંદર ઑડિટર હોય છે, સુપરવાઈઝર હોય છે અને તેથી સહકારી માળખાનું ઑડિટ અને સુપરવીઝન થાય છે. એની અંદર ઊંડા ઊતરવાની જરૂર છે. ગુજરાતનું સહકારી

---

• આ વિધેયક તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માળખું ઘણું સારું છે. પરંતુ અમારા શ્રી દેવુંસિંહે કહ્યું એમ એમાં થોડા સમયથી ઓટ આવી છે. મારે કોઈ ટીકા ટિપ્પણીમાં પડવું નથી. પણ જે વહીવટદાર બેઠા છે. એ વહીવટદારોની અંદર ૩-૩, ૬-૬ મહિને ઑડિટ થાય છે. છતાં ઘણીવાર ઉચાપત થવાના કારણે એ સંસ્થા બંધ કરવી પડે છે. નાછૂટકે એ કેસ ટ્રિબ્યુનલમાં જાય છે. હું ચોક્કસપણે માનું છું કે, આ સંખ્યાબળ વધારવું એના કરતાં સહકારી ઑડિટ થાય છે એના બદલે આ સહકારી સંસ્થાઓમાં સી.એ.નું ઑડિટ થવું જોઈએ. મેં જોયું છે એ પ્રમાણે મારી મિલ્ક માર્કેટીંગ ફેડરેશનનું દસ હજાર કરોડ રૂપિયાનું ટર્ન ઓવર છે. સહકારી ઑડિટર શું ઑડિટ કરી શકે? સી.એ. હોય તો એની સલાહ મળે, એમના સૂચન મળે, અમને જાણવાનું મળે અને સહકારી માળખું મજબૂત થઈને બહાર આવશે. ત્યારે આવી જે સંસ્થાઓ છે એની અંદર જો ઑડિટ બરાબર થાય અને તપાસ થાય તો સહકારી સંસ્થાઓના જે પ્રશ્નો છે એ ત્યાં જ ઊકલી જશે અને આ પ્રશ્નો ટ્રિબ્યુનલ સુધી ઘણા ઓછા આવશે. સહકારી સંસ્થાઓનું ઑડિટ થાય છે એની અંદર મને લાગે છે કે, મંત્રીશ્રી બહુ દખલ કરતા નથી પણ સરકારની દખલ બહુ થાય છે. ઘણી વખત પ્રૅશર પણ થાય છે અને એની અંદર સહકારી સંસ્થાઓ મૃત:પ્રાય થઈ જતી હોય છે. હું માનું છું ત્યાં સુધી આ બિલ લઈને આવ્યા છે એ ઘણું સારું બિલ છે. મેં કહ્યું તેમ જે ઑડિટ થાય છે એ સી.એ.નું ઑડિટ થવું જોઈએ. સહકારી ઑડિટરને પૈસા તો અમે જ આપતા હોઈએ છીએ. અમૂલના ઑડિટ માટે હું કરોડ-દોઢ કરોડ રૂપિયા આપું છું. છતાં પણ સંતોષકારક કામ થતું નથી. એના કારણે મુશ્કેલી વધતી હોય છે. સહકારી સંસ્થાઓનો વિકાસ કરવો હોય, એને ડેવલપ કરવી હોય તો સી.એ.ને ઑડિટ સોંપવું જોઈએ. કારોબારી અને સામાન્ય સભાની અંદર અમે સંસ્થાના વિકાસ માટે ઠરાવ કરીએ છીએ ત્યારે સહકારી ઑડિટરની સમજ કે અણસમજના કારણે એ અમને અટકાવવાનો પ્રયત્ન કરે છે અને ઘણી વખત પ્રશ્નો ઊભા કરે છે અને એના કારણે અમારી મૂંઝવણ વધતી જાય છે. ઘણી વખત ઑડિટર અને બીજા પણ અધિકારીઓ અમને ચીમકી આપે છે કે, ૭૩ લાગશે અને ૭૩ લાગશે એટલે આખી બોડી ઘેર જશે. આવું શા માટે કરવામાં આવે છે. જ્યાં ગરબડ થાય છે, ભ્રષ્ટાચાર થાય છે એના ઉપર પગલાં લેવાં જોઈએ એના માટે ફાંસીનો હુકમ કરી દો, મને કોઈ વાંધો નથી. પણ જે સંસ્થાઓ સારી ચાલે છે એને મદદરૂપ થવું જોઈએ. એને મદદ કરશો તો સહકારી સંસ્થાઓ દિન-પ્રતિદિન આગળ વધશે. સહકારી માળખામાં શ્રી દેવું સિંહે કહ્યું એમ ઓટ આવી છે. એમાં રાજકીય માણસો હોય છે જ એ રાજકીય માણસો બિચારા સંસ્થાના વહીવટદાર હોય, એક માજી મંત્રી ઉપર પોલીસ કેસ કરવાનો થાય એને આપણે સહકારી માળખું કહીએ છીએ? એને આપણે સહકારી માળખાના વહીવટદાર ગણીએ છીએ? આપણા રાજયનું સહકારી માળખું સારામાં સારું છે એને હજુ વધુ સારું બનાવવું હોય અને બીજા રાજયો દાખલો લે એવું સહકારી માળખું બનાવવા માટે આનો ઊંડો અભ્યાસ કરીને જે સહકારી સંસ્થાઓ છે એને મદદરૂપ થવા પ્રયત્ન કરશો તો હું અભિનંદન આપીશ. ૩-૪ મહિને ઑડિટ થતું હોય છતાં વહીવટદાર અથવા સંસ્થાના વડા હોય તો એમને એનાથી અસંતોષ થાય છે અને ટ્રિબ્યુનલમાં જવું પડે છે અને ટ્રિબ્યુનલમાં કેસો દિવસે-દિવસે વધતા જાય છે.એનો નિકાલ થતો નથી. વકીલો રોકવા પડે છે. ખોટા પૈસાનું રોકાણ કરીને સામાન્ય પ્રજાના પૈસાનો બગાડ થતો હોય ત્યારે હું એવું માનું છું કે સંખ્યાબળ વધારવું એના કરતા સહકારી સંસ્થાની અંદર સી.એ.નું ઑડિટ મૂકીને સારો વહીવટ થાય એવું કરો તો કેસો ઓછા થશે અને પ્રજાના પૈસા પણ ઓછા બગડશે તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમે જે બિલ લઈને આવ્યા છો કે પ્રમુખ વત્તા ત્રણ એની અંદર બીજા વધારે સભ્યો મૂકવાની જ્યારે વાત કરો છો ત્યારે હું માનું છું કે વધારો એની સાથે વાંધો નથી પણ મેં કહ્યું એ પ્રમાણે સહકારી માળખું આપણે બરાબર રાખવું હોય અને ગુજરાતની અંદર વર્ષોથી મને લાગે છે કે બીજા રાજયો વાળા પણ ગુજરાતનું સહકારી માળખું જોવા માટે આવતા હતા, કે ગુજરાતની અંદર સહકારી માળખું આટલું બધું કેમ સારું બન્યું છે, એનો કેવો સારો વહીવટ છે એના કારણે સહકારી માળખું આટલું વધ્યું છે ત્યારે એ સહકારી માળખું કાયમ માટે રહે, સરકારની દખલગીરી ઓછી થાય, એનો વહીવટ સારો થાય એવું મારું મંતવ્ય છે અને હું વિનંતી કરું છું કે મેં કહ્યું એ પ્રમાણે અમારા દિલીપભાઈ સહકારી મંત્રી છે, કોઈ દિવસ દખલ કરી હોય એવું મને દેખાતું નથી પણ આડોશ-પાડોશવાળા બહુ સળીઓ કરતા હોય છે. આડોશ-પાડોશવાળા બહુ સળીઓ કરતા હોય છે અને એના કારણે અમારે જે ખરેખર વિકાસ કરવો છે, ખરેખર જે ડેવલપમેન્ટ કરવું છે એને અટકાવવા માટે જ્યારે પ્રયત્ન થાય છે ત્યારે મને ખૂબ દુ:ખ થતું હોય છે. અગાઉના વર્ષોથી અંદર મેં જોયું છે કે સહકારી માળખું એ ગરીબ માણસોનું , ખેડૂતોને એક રોજીરોટી આપવા માટે સહકારી માળખું છે. આજે અમૂલ ડેરીની અંદર ૫ લાખ સભાસદો છે.. દરરોજ ૨ કરોડ રૂપિયા ગામડાની અંદર વહેંચાતા હોય ત્યારે એવી સંસ્થાને ખરેખર મદદ કરવી જોઈએ એના માટે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું, જે બિલ લઈને આવ્યા છે, બિલની અંદર તમે વધારો કરો, પણ ઓછા કેસ ટ્રિબ્યુનલની અંદર આવે એના માટે મેં કહ્યું એ પ્રમાણે સહકારી સંસ્થાની અંદર તમે સીએનું ઑડિટ મૂકશો તો ઘણા કેસ ઓછા થઈ જશે અને સમય બચશે અને પૈસાનો પણ બગાડ થતો અટકશે એવી માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપુ છું. ગુજરાત રાજયે જે રીતે વિકાસ કર્યો છે એ રીતે સહકારી માળખાનો પણ આજે વિકાસ થઈ રહ્યો છે ત્યારે આ બિલ લઈ આવવું એ ખૂબ જરૂરી હતું. સહકારી ક્ષેત્રની અંદર ઘણા લોકો એવા છે કે પોતાની જાગીર સમજીને યેન કેન પ્રકારે સહકાર વિભાગની અંદર ખૂબ

મુશ્કેલીઓ :ઉભી કરતા હોય છે. સહકારી મંડળીની અંદર જે લોકો કામ કરતા હોય છે અને જે તે વખતે એમને ધાકધમકી પણ આપવામાં આવતી હોય છે અને ત્યારે સહકારી મંડળીઓની અંદર ગ્રામ્ય વિસ્તારના લોકોને દ ણીબધી મુશ્કેલીઓ પડતી હોય છે ત્યારે આ સહકારીક્ષેત્રની અંદર અનેક સુધારા, સરળીકરણ કરતા સુધારા અમલમાં આવી રહયા છે ત્યારે આ સુધારાને હું આવકારુ છું. ટ્રિબ્યુનલ મારફતે સહકારી મંડળીઓ અને સભ્યોને પક્ષકારો વખતે અનેક વખત વાદ-વિવાદો, ઝગડાઓ ઉભા થતા હોય છે ત્યારે આવા પ્રશ્નોના નિરાકરણ માટે ટ્રિબ્યુનલ જેવી સંસ્થાઓના માધ્યમથી સહકારી સમસ્યાનો નિકાલ થાય અને એ નિકાલના કારણે અપીલની અંદર જે લોકો ગયા હોય છે એને વહેલી તકે ન્યાય મળે એ ખૂબ જરૂરી છે. દેશની અંદર ગુજરાતમાં સહકારી માળખું એક આગવું સ્થાન ધરાવે છે ત્યારે સુગર ફૅકટરીઓ, અમૂક, સુમુલ, દુધ મંડળીઓ, માર્કેટીંગ યાર્ડો, ખેડૂત સંઘો, સહકારી બૅન્કો, ક્રેડીટ સોસાયટીઓ, હાઉસિંગ સોસાયટીઓ આ બધા જ સહકારી માળખાની અંદર આવતા હોય છે ત્યારે એની અંદર ઘણા બધા કેસોનો અત્યારે ભરાવો થઈ રહ્યો છે ત્યારે આ સભ્ય સંખ્યા વધવાથી એ કેસોનો વહેલી તકે નિકાલ આવશે અને લોકોને વહેલી તકે એમનો ઉકેલ મળશે અને ન્યાય મળશે, અત્યારે રાજય સરકાર દ્વારા જે હાઉસિંગ મંડળીઓ પણ આની અંદર આવતી હોય છે એ હાઉસિંગ મંડળીઓ દ્વારા પણ લોકોને રહેણાકના મકાનો માટે, કોઈને કોમન પ્લોટ માટે આવા અનેક વિવાદો પણ અત્યારે ચાલતા હોય છે ત્યારે આ સભ્ય સંખ્યાનું બળ આમાં જ્યારે વધુ આવશે, વધારે સભ્ય મળશે ત્યારે એ કેસનો નિકાલ વહેલી તકે થશે.એટલે વિશેષ નહીં કહેતાં ગુજરાતમાં આ સુધારા બિલ જે આવ્યું છે એ ખૂબ જ જરૂરી છે. એવી રીતે જે જેટ ગતિએ ગુજરાત વિકાસ કરી રહ્યું છે ત્યારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કોર્ટોમાં પણ ઝડપી નિકાલ લાવવા માટે જે રાત્રિ કોર્ટો ચાલું કરી છે ત્યારે આ સહકારી માળખામાં આ સભ્ય સંખ્યા વધારી પ્રશ્નોનો નિકાલ થાય એ માટે થઈને આ બિલ લાવવા બદલ ફરીથી હું માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને બિલને અનુમોદન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૧ સહકાર વિભાગ તરફથી રજૂ થયું છે. મને આનંદ એ વાતનો છે કે આ બિલનું પાયલોટીંગ માનનીય મંત્રીશ્રીએ રાજ્ય કક્ષાના યુવાન મંત્રીશ્રીને સોંપ્યું છે. હું એને આવકારું છું અને એમના મોઢા ઉપર, માનનીય મંત્રીશ્રીના મોઢા ઉપર પણ અત્યારે હાસ્ય છે અને હાસ્યનું કારણ પણ છે. કારણ કે વર્ષો સુધી સહકાર મંત્રી કોઈ હોય અને આ પ્રવૃત્તિનો કન્ટ્રોલ કોઈની પાસે રહેતો હતો. એટલે જે ચિંતા છે એ બેક સીટ ડ્રાઈવીંગની રહી છે. મને ખબર નથી એ બેક સીટ ડ્રાઈવીંગ કરવાવાળા કોણ છે પણ એના કારણે હાસ્ય ખૂબ છે. (અંતરાય) જે અંદર ગયા હોય એને ખબર પડે. તમે નથી ગયેલા એટલે તમને ખબર ન હોય કે કેવી તકલીફ હોય.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, બિલ ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વાત એ કરતો હતો કે સહકારી પ્રવૃત્તિ ગુજરાતની અંદર વિકસી તેમાં અનેક લોકોના ખૂન અને પરસેવો પડેલો છે અને એ પ્રવૃત્તિમાં એટલા બધા કમિટેડ લોકો હતા કે સ્વ. વૈકુંઠભાઈ મહેતાનું સ્મારક કદાચ ગુજરાતમાં નહીં હોય પણ સ્વ. વૈકુંઠભાઈ મહેતાના નામનું સ્મારક આજે મુંબઈમાં છે. મુંબઈ રાજ્યની અંદર આખી સહકારી પ્રવૃત્તિ એમણે વિકસાવી એટલે માત્ર આપણે આપણા રાજ્યને પ્રદાન કર્યું છે એવું નહીં. શરદ પવાર જ્યારે રાજકોટ આવ્યા ત્યારે એમણે સ્વ. વૈકુંઠભાઈ મહેતાને શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું હતું કે અમારું ભવન છે એનું નામ આજે પણ વૈકુંઠભાઈ મહેતા ભવન છે. મહારાષ્ટ્ર ગુજરાતના પ્રદાનને ક્યારેય ભૂલી શકે નહીં. ગુજરાત અને મહારાષ્ટ્ર સંયુક્ત હતા એટલે સહકારી પ્રવૃત્તિનો સૌથી વધારે વિકાસ થયો હોય તો એ મહારાષ્ટ્રમાં થયો છે અને એનું કારણ ગુજરાત છે. આપણું કામ અહીંયા થયું છે. હવે આ પ્રવૃત્તિને તોડવાનું કામ અમુક તત્ત્વો કરી રહ્યા છે. જે થોડી રાજકીય ટકોર કરી એ રાજકીય નથી પણ સાચી વાત છે. પણ જે લોકોને આ સહકારી પ્રવૃત્તિ સાથે કોઈ લેવાદેવા નથી પરંતુ બેંકનું બેલેન્સ ખૂબ વધારે છે, ૧૫ થી ૨૦ હજાર કરોડની બેંક છે એટલા માટે મારે આવવું છે. મારે અને ખેતીને કાંઈ લેવાદેવા નથી છતાં એ બેંકનો કબજો મારી પાસે રહેવો જોઈએ અને હું ન હોઉં ત્યારે મારા માણસ પાસે હોવો જોઈએ. એ બધી પ્રવૃત્તિઓ, બીજી સહકારી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ ડેરી અને બીજામાં ચાલતી હોય છે અને એટલા માટે (અંતરાય) એ શીખડાવવા વાળા લોકો જેલમાં જઈ આવ્યા અને બીજા લોકો જેલમાં જવા તૈયાર છે. આમાંથી કોઈ જેલમાં નથી ગયું. (અંતરાય) બિલ ઉપર જ બોલું છું (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : (બેઠા બેઠા ) મારું બોલવાનું તો સહન નથી કરી શકતા પણ મારું મૌન પણ સહન નથી કરી શકતા, અત્યારે જોયું ને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારે અને મૌનને કાંઈ લેવાદેવા નહીં.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આપ બીલ ઉપર વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વાત હું એ કરતો હતો કે, આ ટ્રિબ્યુનલમાં રિટાયર્ડ જજ અથવા સીટીંગ જજ મૂકવા જોઈએ અને જો એમને મુકાય તો સાચો ન્યાય થાય અને માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરીશ આપના મારફતે કે એકાદ વખત હાઈ કોર્ટમાં જે સહકારી સંસ્થાઓ સામે જે કિન્નાખોરી રાખી અને

જે પગલા લેવાયા અને એના કેસીસ હાઈ કોર્ટમાં ગયા અને હાઈ કોર્ટમાં જે સરકારની સામે કેટલા ચુકાદાઓ અપાયા એનો એક વખત રેકૉર્ડ આ ગૃહમાં મૂકે અને એની આ જે કેસો લડવા માટે સહકારી સંસ્થાઓ અને સરકારના કેટલા કરોડો રૂપિયાની ફી વકીલોને આપવી પડી એનો રેકોર્ડ મૂકે તો આપની આંખો ખૂલી જશે. આખોય સહકારી વિભાગ ચલાવવામાં જેટલા પૈસાનો ખર્ચ નહીં થતો હોય એટલો ખર્ચ આ સરકારની કિન્નાખોરી સામે લડવામાં આ સહકારી સંસ્થાઓને ખર્ચ થાય છે અને એટલા માટે કે જે તંત્ર બનાવવામાં આવે છે એ સરકારનું જ તંત્ર બને છે. આ જે ટ્રિબ્યુનલો બનાવવામાં આવે છે એમાં સરકારી અધિકારીઓ જ રહેવાના છે એમાં અને સરકારના અધિકારીઓ, માનનીય મંત્રીશ્રીની સૂચના પ્રમાણે જ કામ કરવાના છે અને એટલા માટે આ જે સુધારા બીલ લાવ્યા છે એ બીલ સાથે સંમત થઈ શકાય નહીં. હું ફરી પાછી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આમાં હાઈ કોર્ટના નિવૃત્ત જજ લાવવાની વ્યવસ્થા કરો અને અમે એમાં જે સુધારા એ પછીના હશે એ બધા જ સુધારામાં અમે સંમત થઈશું.

**અધ્યક્ષશ્રી** : શ્રી નારાયણભાઈ.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રીશ્રી જે સહકારી સુધારા બીલ લઈને આવ્યા છે એને હું આવકારું છું. સ્વર્ણિમ ગુજરાત હેઠળ એ વખતે દરેક વિભાગમાં સુધારા એ ભારતીય જનતા પાર્ટીની સરકારની નેમ રહી છે. એમાં આ અમારા સહકાર મંત્રીશ્રી જે સુધારા લઈને આવ્યા છે એમને હ્રદયપૂર્વક આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મારા મિત્ર શ્રી અર્જુનભાઈએ કહ્યું કે, હાઈ કોર્ટના મૅજીસ્ટ્રેટની નિમણૂક કરવી જોઈએ. અરે ભાઈ, હાઈ કોર્ટના મૅજીસ્ટ્રેટને નીમવા માટે સમગ્ર વકીલ મંડળને હડતાળ ઉપર જવું પડ્યું હતું ત્યાં પૂરતા મૂકી શકાતા નથી અને અહીંયા એ વાત કરી રહ્યા છો ? બીજું કે હંમેશા વ્યાપ વધે અને ન્યાયી પ્રક્રિયા આપણને બરાબર મળતી ન હોય ત્યારે સરકારે કાંઈક તો વિચારવું પડે અને ૧૯૭૧ પહેલા આટલી બધી સહકારી મંડળીઓ, નાગરિક બૅન્કો કે બીજી અન્ય પ્રવૃત્તિઓ આટલી બધી હતી નહીં અને એના કારણે લીટીગેશનો હતા નહીં પણ એના પછી જેમ જેમ વ્યાપ વધતો ગયો, અત્યારે ૫૪,૦૦૦ સેવા સહકારી મંડળીઓ અસ્તિત્વ ધરાવે છે, કેટલીય નાગરિક બૅન્કો અસ્તિત્વ ધરાવે છે, અન્ય હાઉસીંગ કો-ઓપરેટીવ સોસાયટીઓ અસ્તિત્વ ધરાવે છે. દરેકના થોડાક થોડાક લીટીગેશનો હોય અને કેટલીક સરકાર તરફથી નોમીની કોર્ટો નક્કી કરી છે પણ એની આ લાંબી પ્રક્રિયાના કારણે જે જોઈએ તે ન્યાય મળતો નથી. અપીલ કરનારા અને આરોપી બંનેની લડાઈ એટલી ચાલતી હોય કે ઘણી વખત તો આ અપીલ કરનાર મરી ગયો હોય, આરોપી મરી ગયો હોય, કોઈ ગુન્હો સાબિત થાય નહીં. આવી લાંબી પ્રક્રિયામાંથી પસાર ના થવું પડે એના માટે સહકાર મંત્રીશ્રી આ બીલ લઈને આવ્યા છે. એક મૅજીસ્ટ્રેટ અને ત્રણ સભ્યો અને એનાથી આખા ગુજરાતનો વહીવટ સંભાળવો એ નાનીસૂની વાત હોતી નથી અને આ સુધારા એ માટે છે કે, જલદીથી ન્યાય મળે અને એ ન્યાય એવો મળે કે એના હિતમાં ન્યાય મળે અને એ જે વર્ષે આપણે અપીલ દાખલ કરી હોય એ વર્ષે ન્યાય મળે એના તરફ આ સહકાર મંત્રી જઈ રહયા છે. હું તો એ પણ વિનંતી કરું છું કે એકલા અમદાવાદમાં નહીં પણ સૂરત, રાજકોટ દરેક જગ્યાએ આવી ટ્રિબ્યુનલ કોર્ટો મુકવી જોઈએ જેથી અપીલ કરનારને સંતોષપૂર્વક ન્યાય મળી શકે બીજું કે વ્યાપ વધે. લીટીગેશનો થાય ત્યારે એક દર્દભરી કહાની હોય. જેને ન્યાય મેળવવો હોય એને એક અમી આશા હોય અને એ અમીઆશા પરિપૂર્ણ ન થાય ત્યારે આ પ્રશ્નો ચર્ચાતા હોય અને અહીંયા સભ્યો ઓડીટરની વાતો કરે, બીજી વાતો કરે પણ જે ન્યાય પ્રક્રિયા ઝડપી બનાવવી જોઈએ એની કોઈ વાત કરતા નથી. બંધારણીય સુધારા જો કરવા હોય તો જે અનુમોદન આપવું જોઈએ, જે ટ્રિબ્યુનલો થાય એ ટ્રિબ્યુનલોની સંખ્યા વધે અને લોકો ન્યાય પ્રક્રિયામાં આગળ વધે એ માટે આ બીલ લઈને આવ્યા છે. એ બીલને હું હ્રદયપૂર્વક આવકારું છું અને આપણા મુખ્યમંત્રીશ્રી અને આપણા દિલિપભાઈ સંઘાણી જે ઉદ્દેશથી આ બીલ લઈને આવ્યા છે એ ઉદ્દેશ ફળીભુત થાય એ આશા સાથે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી જે આ સહકારી મંડળી સુધારા વિધેયક ૨૦૧૧ લઈને ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. પ્રથમ તો મારે માનનીય સહકાર મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જયારે કેન્દ્ર સરકારે ૭૨૦૦૦કરોડ રૂપિયાના દેવા નાબૂદ કર્યા પછી આવા ઘણા બધા કેસોનો નિકાલ થઈ ગયા છે. દેવા નાબૂદીના કારણે જે બાકી કેસો હતા વસૂલાતના એવા મોટાભાગના કેસોનો નિકાલ થઈ ગયો છે. કામનું ભારણ ઓછું થયું છે ઉપરાંત વૈધનાથન કમિટિની જે ભલામણ સરકારે સ્વીકારી એની સહાયના કારણે ઘણા બધા કેસોનો નિકાલ થઈ ગયો હોવાના કારણે અત્યારે જે કેસોની સંખ્યાનો પ્રશ્ન છે એ મારી દ્રષ્ટિએ અસ્થાને છે અને આવી કોઈ વધારાના સભ્યોની નિયુકિતની જરૂરિયાત હોય એવું હું માનતો નથી. વધારામાં આ ટ્રિબ્યુનલ શું કામ કરે છે? આપણે જાણીએ છીએ કે સરકારના ઈશારે જ આ ટ્રિબ્યુનલ નિર્ણય હંમેશા લે છે. તાજેતરમાં ગુજરાત રાજય ખેતી વિકાસ બેંકની ચૂંટણી થઈ, અધ્યક્ષની ચૂંટણી થઈ (અંતરાય)

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : ભારતીય જનતા પક્ષના સભ્યોએ બોર્ડ ઓફ નોમીનીઝ અને ટ્રિબ્યુનલના સંચાલકો ઉપર ટીકા કરી હોય એવા એક નહીં અનેક દાખલા મળશે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : પોતાના રાજકીય હેતુઓ સિદ્ધ કરવા માટે આવી ટ્રિબ્યુનલોનો દૂરૂપયોગ થાય છે. માનનીય અર્જુનભાઈએ કીધું તેમ ચૂંટણી વખતે ખોટા સ્ટે લઈ લેશે.

**શ્રી દિલીપ સંઘાણી** : ટ્રિબ્યુનલનો દૂરૂપયોગ થાય છે એવું કોંગ્રેસના સભ્ય દ્વારા કહેવું એ વ્યાજબી નથી. આ કાઢી નાખવું જોઈએ. ના.ના. પ્લીઝ.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : હાઈકોર્ટે ખુદે ટીકા કરી છે.(અંતરાય) ખેતી વિકાસ બેંકની ચૂંટણીમાં તાજેતરમાં ચૂંટણી થઈ. આ ટ્રિબ્યુનલે ચૂંટણી સામે સ્ટે આપ્યો. પાછળથી જે સમય મળ્યો એમાં સામા પક્ષના લોકોને પોતાની બોડી બનાવવાની અનુકૂળતા મળી અને પછી હાઈકોર્ટમાં ગયા ત્યારે આ ટ્રિબ્યુનલનો સ્ટે ઉઠયો અને ચૂંટણી થઈ પણ પરિણામ એ આવ્યું કે જેની મેલી મુરાદ હતી એ આ ટ્રિબ્યુનલના સહકારને કારણે સફળ થઈ. મહેસાણા ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ બેંકની ચૂંટણી હોય, ગુજકોમાસોલની ચૂંટણી હોય એટલું જ નહીં વિશ્વ વિખ્યાત કુરીયન સાહેબ કે જેણે શ્વેતક્રાંતિમાં ગુજરાતનું નામ વિશ્વ આખામાં રોશન કર્યું એના પ્રશ્ને પણ આ ટ્રિબ્યુનલ બદનામ થયેલી છે. આ ટ્રિબ્યુનલ *(xxxx) સરકારની ઇચ્છા મુજબ ચુકાદા દે, સરકારની ઇચ્છા મુજબ નિર્ણયો આપે, એના પરિણામે આ ગુજરાતની નમૂનેદાર સહકારી પ્રવૃત્તિ વિકસી છે વિકસી રહી છે. એ પ્રવૃત્તિને તોડી નાખવા માટે આવી સારી સહકારી સંસ્થા ઉપર કબજો કરવા માટે આવી ટ્રિબ્યુનલનો આ સરકારમાં ઉપયોગ થાય છે. એવો મારો સ્પષ્ટ આક્ષેપ છે. એમ છતાંય ટ્રિબ્યુનલની સભ્યોની નિયુક્તિ કરવી હોય, વધારવી હોય તો ખરેખર હાઈકોર્ટના નિવૃત્ત જજની નિમણૂક કરવી જોઈએ. નિમણૂકની સત્તા હાઈકોર્ટને આપવી જોઈએ. સ્વતંત્ર જ્યુરિસ્ડિકશનનો દરજ્જો આપવો જોઈએ. આમાં પોતાના પક્ષના વિચાર સરણીવાળા બેકાર વકીલોની નિયુક્તિ થાય છે. અને પછી આવા નિયુક્ત થયેલ સભ્ય આવા લોકોને પોતાના પક્ષમાં ચુકાદો આપવામાં મદદરૂપ થાય છે અને પરિણામે સહકારી પ્રવૃત્તિ જે ગુજરાતમાં વિકસી છે એ પ્રવૃત્તિને આનાથી મોટું નુકસાન જશે. એવું મારું સ્પષ્ટ માનવું છે અને એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જેમ અર્જુનભાઈએ વાત કરી એમ જો સ્વતંત્ર એને જ્યુડીશરીનો દરજ્જો આપવાની તૈયારી હોય, એની નિયુક્તિ હાઈકોર્ટના નિવૃત્ત જજોમાંથી થવાની હોય તો અમે અમારો આ પક્ષ આ બિલને સમર્થન આપશે, આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ વિધેયક લઈને આવ્યા છે, ત્યારે બોલવાનું મુખ્ય કારણ એ છે કે અહીથી માનનીય નારાયણભાઈ સભ્યશ્રી કહેતા હતા કે વકીલ મંડળ જે કહે અને એમણે હડતાળ ઉપર ઉતરવું પડે એટલે એમણે તો ધ્યાને લેવું જોઈએ. બાર એસોસીએશનના હાઈકોર્ટના પ્રમુખશ્રી પણ આપના પક્ષના માજી ધારાસભ્યશ્રી છે. વિચારધારા સાથે આપની સાથે જોડાણ છે. બાર એસોસીએશને પિટિશન ફાઇલ આપની સામે કરી છે. ટ્રિબ્યુનલની અંદરની નિમણૂકો એ સરકાર ના કરી શકે. એ નિમણૂકો કરવાના અધિકારો નામદાર હાઈકોર્ટ પાસે હોવા જોઈએ. નો ઓબ્જેકશન. જો નામદાર હાઈકોર્ટ નિમણૂક કરતા હોય અને નામદાર હાઈકોર્ટને એમ લાગે કે અહીયા સંખ્યા વધારવાની જરૂરિયાત છે અને જો સંખ્યા વધારવાની જરૂરિયાત હોય તો જરૂર વધારી શકાય. એક ન્યાયની પ્રક્રિયા જળવાશે. હમણા માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે ટીકા ન થઈ શકે. હું તો આ ગૃહમાં સાક્ષી રહ્યો છું. આપે જે પસ્તાળ પાડી છે. ટ્રિબ્યુનલના સંચાલકો ઉપર, બોર્ડ ઑફ નોમીનીઝ ઉપર ક્યારેક શબ્દો ચકાસજો. એ સમયે એ પ્રવૃત્તિ રહેતી કે સહકારી ક્ષેત્રમાં હસ્તક્ષેપ ન કરવો. સરકાર દ્વારા ચંચુપાત એ સહકારી પ્રવૃત્તિમાં ન કરવો. આ ભાવના રહી હતી. હું માનનીય રતુભાઈ અદાણીને વાંચતો હતો. આ વિધાનસભા ગૃહમાં એમની સ્પીચ સહકારી કાયદાના બિલના પ્રભારી મંત્રી તરીકે અને તેઓ ગૃહના પરંપરા કેટલી ઊંચી કે સહકારી પ્રવૃત્તિ અંગેનું બિલ આવે છે, તો એની પુખ્ત વિચારણા કરીએ. એ વખતની એ સરકારે બિલ પ્રવર સમિતિને સોંપ્યું હતું. પ્રવર સમિતિએ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો અને આખું પ્રવચન રતુભાઈ અદાણીનું જોતો હતો. નો પોલિટિકલ ઓબ્ઝર્વેશન. પ્રવર સમિતિના સભ્ય આ પક્ષના હોય કે આ પક્ષના હોય. એના એકેએક સૂચનને ત્રાજવે મૂકીને મૂલ્યાંકન અને વ્યાજબી વાત સ્વીકારવાની ભાવના. શું આજે આપણી આ ઇચ્છાશક્તિ છે ખરી? અહીયા રામસિંહભાઈ, રાઘવજીભાઈ જે દાખલાઓ આપતા હતા. અહીયા હાથ મૂકીને વિચારીશું. આપણે પણ સ્વીકારવું પડશે. આપણે આ ટ્રિબ્યુનલનો કેવો ઉપયોગ કરીએ છીએ. હું વધારે ટિકા-ટિપ્પણમાં પડવા માગતો નથી. કારણકે ગુજરાતનો એકેએક વ્યકિત જાણે છે કે કઈ રીતે આપણે બોર્ડ ઓફ નોમીનીઝ અને ટ્રિબ્યુનલ તેનો ઉપયોગ કરીએ છીએ. બહુ લાંબો..સી.બી.આઈ. હરેન પંડયામાં પણ હતી. શું અડવાણીજીએ ત્યારે તેનો ઉપયોગ કર્યો હતો? ખોટાને પુરવાનો? કે આ હરેન પંડયાને મારનારા અહીં બેઠેલા છે તેના બદલે બીજાને અંદર નાંખ્યા. તે હરેન પંડયામાં સી.બી.આઈ.નો ઉપયોગ કર્યો હતો.

**અધ્યક્ષશ્રી** : માનની શકિતસિંહભાઈ બીલ ઉપર બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બોલે છે એટલે કહું છું.

**અધ્યક્ષશ્રી** : આપ બીલ ઉપર બોલો.

* (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું તો મારા બીલ ઉપર છું. આઈ એમ નોટ ગોઈંગ ઓન આઉટ ઓફ કવેશ્ચન. આ ટેવ માનનીય અધ્યક્ષશ્રી હું વજુભાઈ પાસેથી શીખ્યો છું. કારણકે માનનીય વજુભાઈ બોલતા હોય અને કોઈ બોલે તેને..

**શ્રી વજુભાઈ વાળા** : મારામાંથી ઘણું શીખવા જેવું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ના ના સાહેબ તે મારે ન શીખાય. સાહેબ હું જાણું છું આપનામાં ઘણું બધું એવું છે પણ એ બાજુમાં શિખવાડો તો બરાબર છે. તે હું ન શીખી શકું. મારું તો એ કામ જ નથી. સાહેબ આપ આ ઉંમરે જે કરી શકો છો તે હું આ ઉંમરે નથી કરી શકતો. મારું કામ નહીં.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહ ભાઈ આપ બીલ ઉપર વાત કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ મારે ગુરૂ બનાવવા હોય પણ અમુક રીતે ન બનાવી શકું. મારા મુરબ્બી છે. સૌરાષ્ટ્રના છે, મારા સમાજના છે. પણ કેટલાક લક્ષણો છે તેમાં હું ગુરૂ ન બનાવી શકું.

**અધ્યક્ષશ્રી** : આપ બીલ ઉપર વાત કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ખૂબ મજબૂત છે પણ માનનીય અધ્યક્ષશ્રી, શેમાં મજબૂત છે.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ આપ બીલ ઉપર વાત કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઈકોર્ટ પાસે આપે જવાબ રજૂ કરવા માટે સમય માગ્યો છે. આપના માટેનો સવાલ જે ફ્રેમ કરીને અપાયો છે. આપ દિલીપભાઈ આપ એક વખત હિંમતભર્યુ પગલું ભરો. સહકારી ક્ષેત્રમાં ગમે તે પરિસ્થિતિમાં આપને લોકો અને હું આજે માનનીય રતુભાઈને યાદ કરું છું આવતા દિવસોમાં આપને યાદ કરશે. આત્મારામભાઈ તમે રહેવા દોને. ઘણું બધું છે. આમ, આમ. મજા તો એ હોય છે કે માનનીય નીતિનભાઈ લાતો મારીને કાઢે કે પ્રેમ કરીને લઈ આવે આ વિધાનસભા ગૃહ ચિરંજીવી છે. તેમાં માણસ કઈ રીતે તમને ભવિષ્યમાં તમને યાદ કરશે તેની ચિંતા કરવી જોઈએ. હું એ કહેતો હતો કે નામદાર હાઈકોર્ટમાં આપે જવાબ ફાઈલ કરવાનો છે. હું ન ભૂલતો હોઉં તો કદાચ આ મહિનામાં જ, માર્ચ મહિનામાં જ બીજા અઠવાડિયામાં મેટર આવે છે. સ્પેશીફીક સવાલ કર્યો છે કે ટ્રિબ્યુનલમાં એપોઇન્ટમેંટ કોણ કરે? હું આપને કહું છું કે આપ હિંમતપૂર્વક નામદાર હાઈકોર્ટને આ એપોઇન્ટમેંટના પાવર્સ આપો. આપનું પણ બર્ડન ઘટશે. હું જાણું છું માનનીય મંત્રીશ્રી તમે સહકારીના જીવ છો. સહકારી પ્રવૃત્તિમાં આ પક્ષે રહ્યા હોઈએ કે આ પક્ષે રહ્યા હોઈએ પ્રશંસાના પુષ્પો સોનાનું થઈ ગયું તે બધું અમારા કારણે અને જે ખરાબ કર્યુ તે ભૂતકાળમાં તમે સત્તામાં હતા અને તમે કર્યુ. આ કહેવું બહુ સહેલું છે. મહાત્મા ગાંધીજીના વખતથી ગુજરાત સહકારી પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યું છે તેની ક્રેડીટ આપણે લેવાનો પ્રયત્ન નહીં કરવો જોઈએ, પૂજય બાપુને આપવાનો પ્રયત્ન કરવો જોઈએ. વાહ, વાહ, પ્રશંસા, તેનો ક્ષણિક કોઈના અહમને આસમાને લઈ જવા માટે કામ આવી શકે, પરંતુ વાસ્તવિક રીતે તેનો રાજયને ફાયદો નથી હોતો. અહંકાર કોઈનો વધારવાથી જેની સાથે આપણે હોઈએ તો આપણને પણ બહુ ફાયદો હોતો નથી તે અહંકાર આપણને પણ ક્યારેક ખાઈ જતો હોય છે, આપણને પણ ક્યારેક ભરખી જતો હોય છે. એટલા માટે આ નિમણૂકોમાં હું આપને કહેવા માગું છું કે આપ જો આ નિમણૂકો નામદાર હાઈકોર્ટ કરે એવું કરશો તો કયારેય કોઈ રાત્રીએ સહકાર મંત્રી તરીકે આપનો આત્મા ડંખે અને ઉંઘ ન આવે તેવી પરિસ્થિતિ નહીં થાય. કારણકે ત્યાર પછી આપણે કોઈને કહો આપ સ્ટે આપો, પેલો કહે મારો અધિકાર નથી. અરે, છોડને અધિકાર આ પોલીટીકલ કમ્પલઝન છે તે આપો. કાલે નીકળી જાય તો ભલે નીકળી જાય. સ્ટે આપો, કાલે નીકળી જાય તો ભલે નીકળી જાય, ટાઈમ તો મળી જાય, આ પ્રવૃત્તિમાંથી બહાર નીકળવું પડશે, આપ આ બિલ દ્વારા એક વધારાની નિયુકિત કરવા માગો છો, અથવા તો એકથી વધારે નિયુકિત થઈ શકે એવી વાત લઈને આવ્યા છો. અત્યારે આપણા પાસે બે ટ્રિબ્યુનલની કોર્ટ અવલેબલ છે આપણી પાસે ચાર માથા અવલેબલ છે, બે કોર્ટમાં ચાર વ્યકિતઓ બેસે છે આ ચાર વ્યકિતઓ પહેલા સેશનમાં ફાઈનલ હીયરીંગ ના કેસીસ લે છે, સેકેન્ડ હાફમાં એ પૈકીના બે નવા કેસીસ લે છે અને બે છે એ એડમિનિસ્ટ્રેટીવ કામ કરે છે, હું માનું છું કે આ વ્યવસ્થા આપણી અત્યારે ચાલે છે. સહકારી ટ્રિબ્યુનલમાં, આ પાંચમું માથું મૂકવાથી ટ્રિબ્યુનલ એ ડિવિઝન બેચ સિવાય ચાલતી નથી It is must. Bench હોવી જોઈએ. બે જ વ્યકિત ત્યાં બેસવાની છે ધારો કે આપ પાંચમો મૂકશો તો એની યુટિલિટિ કેટલી રહેવાની? શું એમ માનીશું કે એક રજા ઉપર જાય તો ત્યાં બીજો બેસીને બે આપણી કોર્ટ ચાલે એ આપનો લૉજિક છે? આપનો લૉજિક આની પાછળ કયા પ્રકારનો છે? અને એટલા માટે હું કહીશ કે આની પુખ્ત વિચારણા થાય તે જરૂરી છે. આપણી આ ટ્રિબ્યુનલની નિમણૂકના સંદર્ભમાં કેટલાય દિવસો સુધી આંદોલન ચાલ્યું, એક નહીં અનેક રજૂઆતો આપની પાસે આવી છે. આવેદન પત્રો આવ્યાં છે, થાકી, હારી અને કંટાળી રજૂઆતો કરનારા હાઈકોર્ટમાં ગયા છે. હાઈકોર્ટમાં પણ એ મેટર પેન્ડિગ છે ત્યારે પુખ્ત વિચારણા થાય અથવા હાલ મુલતવી રાખીએ, આપ નામદાર હાઈકોર્ટને આ પાવર્સ આપો, નામદાર હાઈકોર્ટમાંથી નિમણૂકો થયા પછી ટીકાનો અવકાશ પણ નહીં રહે. કારણ કે એ જયુડીશરીના પાર્ટ તરીકે ત્યારે કામ કરી શકે કે આપણા ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો છે કે જેની નિમણૂક ત્યાંથી થઈ હશે પછી એ કમિશનના જજ પણ હોઈ શકે એની ટીકા આપણે નથી કરતા પણ જેની નિમણૂક સરકાર કરતી હોય છે ત્યાં ટીકાનો અવકાશ ખુલ્લો રહે છે. એ પરિસ્થિતિનું નિર્માણ જો કરવામાં આવે તો હું માનું છું કે સહકારી પ્રવૃત્તિમાં કારણ કે કાયદો છે એ તો

ચિરંજીવી રહેવાનો છે અને એ વખતે આપને લાગતું હોય છે કે કે આપણે એટલા બધા મતો મેળવીએ છીએ કે હવે તો " યાવચંદ્રૌ દિવા કરૌ" આપણે જ રહેવાના છીએ, પણ સવાલ એ છે કે આ એ જ જનતા છે કે જે માથા પર પણ બેસાડે છે અને એ જ જનતા હોય છે કે જે માથા પરથી ભોંય ભેગા પણ કરતા હોય છે, હિટલરને પણ ૮૯ ટકા મતો મળતા હતા, મુશરફ પણ લોકપ્રિય હતા અને મુબારક પણ લોકપ્રિય હતા એ મુશરફ અને મુબારકના મતોની સંખ્યા ગણો તો એની ઘણી ઊંચી હતી ટકાવારીની, પણ પરિણામ લોકમતનું એ પણ આવતું હોય છે. અને મનમોહનસિંહજી માટે પાંચ વર્ષ પહેલાં પણ આપે કહ્યું હતું કે Feel Good, India Shining. શું થયું એમાં હું પડવા નથી માગતો અને છતાં હું તો એ કહું છું કે આ દેશની જનતા મહાન છે હોઈ શકે આજે સત્તા પર છીએ કાલે વિરોધપક્ષમાં પણ હોઈ શકીએ એનો ડર ન હોઈ શકે, જાહેરજીવન માત્રને માત્ર સત્તાની ખુરશી માટેનું ના હોય પરંતુ સત્તાની ખુરશી પરનું રાજકારણ એવું હોવું જોઈએ કે સત્તા પરથી ન હઠીએ ત્યારે જેલના દરવાજામાં નહીં પણ લોકોના દિલમાં હોવા જોઈએ એવું જાહેરજીવન હોવું જોઈએ. નહીં તો એવુંય થાય, અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલની મર્યાદાની બહાર જવા નહોતો માગતો પરંતુ મને provoke કરીને દોરી જવામાં આવ્યો છે એટલે આ એક બે વાતો કરી છે પણ બહુ ગંભીરતાપૂર્વક માનનીય દિલીપભાઈ પાસે થોડીક સહકારી ક્ષેત્રની અનુભવની મૂડી છે એટલું જ નહીં કામ કરવાની સહકારી ક્ષેત્રમાં તટસ્થાથી કામ કરવાની ભાવના રહેલી છે એટલે મારા પક્ષના સભ્યશ્રીઓને વિશ્વાસ ઊભો થયો છે કે આપ આ કરશો કારણ કે એ પ્રવૃત્તિના જીવ હોવાના નાતે આપને ખબર છે કે સરકારી હસ્તક્ષેપથી.. આપણા ત્યાં સૌરાષ્ટ્રમાં કહેવત છે ને " ધોળીયા સાથે કાળિયો બાંધો, વાન ન આવે હાન આવે " બધું ઉપરથી જાય ત્યાં, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈને સમજાઈ ગયું, સૌરાષ્ટ્રવાળાને જ સમજાય, માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આ સંજોગોમાં.. માનનીય
અધ્યક્ષશ્રી, આ સહકારી ક્ષેત્રમાં જે કાયદો આપણે બનાવીશું આજે એ ચિરંજીવી રહેવાનો છે, લાંબા સમય સુધીનો રહેવાનો છે. ત્યારે આમાં પુખ્ત વિચારણા કરીને અને એ પછી જો નામદાર હાઈકોર્ટને લાગે કે ટ્રિબ્યુનલની સંખ્યા વધારવાની જરૂર છે, ટ્રિબ્યુનલના સંચાલકોની સંખ્યા વધારવાની જરૂર છે તો જરૂર નિર્ણય થાય. પરંતુ આપનું હાઈકોર્ટ પાસેનું સ્ટેન્ડ એવું હોવું જોઈએ કે ના અમારે સહકારી ક્ષેત્રમાં રાજકીય હસ્તક્ષેપ નથી જોઈતો અને માટે આ નિમણૂકો નામદાર હાઈકોર્ટ કરે એવું સ્ટેન્ડ આપનું રહે. તો જરૂર આપને અભિનંદન હું અને મારા પક્ષના સભ્યો પહેલા આપીશું એજ શબ્દો સાથે વિરમું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સહકાર મંત્રીશ્રી સુધારા વિધેયક લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય સહકારી ટ્રિબ્યુનલ સુદ્રઢ કરવાનું સરકારનું પગલું ખૂબ જ આવકારદાયક છે. એટલા માટે આવકાર્ય છે કે રાજ્યની અંદર નાગરિક બેન્કો અને સહકારી સંસ્થાઓ ખૂબ વધી રહી છે ત્યારે એમાં ન્યાયમાં ખૂબ વાર લાગવાના લીધે મુશ્કેલીઓ પડે છે અને વસૂલાતના દાવા જે ટ્રિબ્યુનલમાં થાય છે અને ઘણી વાર તો ચૂંટણી કલેકટર કરે છે અને એની અરજી ટ્રિબ્યુનલમાં આપવાની હોય છે આનો કેસ પાંચ પાંચ વર્ષ સુધી ચાલ્યા કરે છે અને નવી ચૂંટણી આવે ત્યાં સુધી આ કેસમાં કોઈ ન્યાય આવતો નથી. ન્યાય મળે એ પૂરતું નથી પણ ન્યાય ઝડપી મળે એ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારો લોકોને ફાયદાકારક રહેશે. સરકારી તંત્ર અને વહીવટમાં ગતિ આવશે. મારે એ પણ કહેવું છે કે, સહકારી ક્ષેત્રના અઠંગ ખેલાડીઓ સત્તા ઉપર બેસીને સરકારી ખર્ચે ન્યાય તંત્રને જોખમમાં મૂકીને ન્યાયની લડત લડી લડીને પોતાની મુદ્દત પાંચ વર્ષ પૂરી કરે છે એમને આનાથી સબક મળશે. કાવાદાવા ઓછા થશે. તેની સામે આપણાને ત્વરિત ન્યાય મળશે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આમાં ઉમેરો કરવો જોઈએ. ગુજરાત જે ઝડપી વિકાસ કરી રહેલ છે ત્યારે સહકારમાં પણ ગુજરાત નંબર વન છે એની હું આજે આંકડા સાથે વાત કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૦૦૦ ગામડાની ૫.૫૦ કરોડની પ્રજામાં ૬૪૮૩૬ સહકારી મંડળીઓ છે અને એમાં ૧ કરોડ ૫૩ લાખ સભાસદો છે અને મારે એ પણ કહેવું જોઈએ કે એમાં ૧૫ લાખ મહિલા સભાસદો છે. આ મહિલા સખી મંડળોની જનજાગૃતિના લીધે અને મહિલા સશકિતકરણના લીધે કાલની અબળા મહિલા આજની સબળા મહિલા બની છે. આ સહકારી ક્ષેત્ર છેક નીચે ગ્રામ્ય કક્ષાએથી રાજ્ય સ્તર સુધીનું છે અને દરેક સામાન્ય નાગરિકને સ્પર્શ કરતો સહકારનો વિષય છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે દાર્શનિક પૂરાવા સાથે એ વાત કરવી છે સામેના કોંગ્રેસી મિત્રોને કે, તમને ગરીબ અને ખેડૂતોની વાત કરવાનો કોઈ અધિકાર નથી. મિત્રો અમારે ત્યાં એ.પી.એમ.સી.માં ડુંગળી ખરીદવા આવનાર લોકો રડતા હતા ત્યારે આજે પરિસ્થિતિ એ થઈ છે કે ખેડૂત બટાકા-ડુંગળી વેચવા આવે છે એ રડે છે. આ લોકોની ગંદી પોલીસીના લીધે બટાકા-ડુંગળી વેચતી વખતે આજે ખેડૂત રડી રહ્યો છે. અને હમણાં જ એક વયોવૃધ્ધ ખેડૂતે મને વાત કરી દિલ્હીની નીતિને લીધે વાત કરતા કરતા એ રડી પડ્યો.મારી સાથે એણે વાત મૂકી, મને કહે કે સાહેબ હવે તો પગે લાગ્યા, ઉપરની સરકાર જાય તો સારું અને નીચેની સરકાર લાંબી રહે તો સારું, કોંગ્રેસના મિત્રોને કહેવાનું કે વાતો કરવી સહેલી છે, કોંગ્રેસની સરકાર વાતો કરી રહી છે અને ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરીને બતાવે છે, સહકારી ક્ષેત્રની વાત કરીએ તો આજે સહકારી ક્ષેત્ર મજબૂત છે, સુદ્રઢ છે, એવું ક્યારેય નહોતું, માનનીય દેવુસિંહની વાત બિલકુલ સાચી હતી, આપણે દસ બાર વર્ષ પહેલાંની વાત જોઈ છે આજે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય સહકાર મંત્રીશ્રી દિલીપભાઈને

લાખ લાખ અભિનંદન આપવા જોઈએ અને તેઓ જે સુધારા લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક લઈને આવ્યા છે, તેના વિશે હું બે ત્રણ વાતો કહેવા માગું છું, ગુજરાત રાજયમાં સહકારી માળખું વ્યવસ્થિત ચાલે છે, પ્રજાને ખૂબ ઉપયોગી કામગીરી સહકારી માળખા દ્વારા થાય છે, પણ આ સહકારી માળખાની રાજય કક્ષાની મંડળીની ચૂંટણી હોય, જિલ્લા કક્ષાની કે તાલુકા કક્ષાની કે ગ્રામ કક્ષાની મંડળીની ચૂંટણી હોય એ ચુંટણી કેવી રીતે થાય છે, એમાં કેટલો બધો ખર્ચ કરવામાં આવે છે, એ આપણે તમે અને અમે બધા જાણીએ છીએ, ત્યારે મારે તો પહેલી વાત એ કરવી છે કે ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક આપણે ભલે લાવ્યા, પણ એ પહેલાં આપણે બધાને સુધરવાની જરૂર છે કે આ ચૂંટણીઓમાં આપણે ખોટી પ્રવૃત્તિથી દૂર રહીએ,

મારે બીજી વાત એ કહેવાની છે કે આખા રાષ્ટ્ર કક્ષાની જે સહકારી સંસ્થા ઈફ્કો, જેના ચેરમેન આપણા ગુજરાતના મુરબ્બી શ્રી નટવરકાકા બન્યા છે, ત્યારે આજે હું એમને અહીંથી અભિનંદન આપું છું કે ગુજરાતના ગૌરવસમાન આપણે આપણા એક નેતાને રાષ્ટ્ર કક્ષાની મંડળીના ચેરમેન બનાવ્યા છે, ત્યારે આપણે એમને સહકાર આપવાની જરૂર છે, (અંતરાય) આજે પેપરમાં કંઈક આવ્યું છે એ કોનું છે મને ખબર નથી એ આપ વાંચી લેજો પરંતુ બીજી વાત મારે એ કરવાની છે કે ખાસ કરીને સહકાર મંત્રીશ્રી મુરબ્બી દિલીપભાઈનું મારે ધ્યાન દોરવાનું છે કે, સહકારી ક્ષેત્રમાં જે મંડળીઓ દ્વારા ઓડિટ થાય છે, હમણાં રામસિંહભાઈએ કહ્યું એ વાત હું દોહરાવું છું ઓડિટની પદ્ધતિ બરાબર નથી કે શું અથવા ઓડિટ નિયમીત થતું નથી અથવા થાય છે તો ત્રણ ચાર વર્ષ પછી ખ્યાલ આવે કે આ મંડળીમાં ગેરરીતિ થઈ છે, મંડળીમાં ગેરરીતિ થાય તો એક વર્ષમાં કે બીજા વર્ષના ઓડિટમાં એ બહાર આવી જતી હોય છે પણ ત્રણ ત્રણ ચાર ચાર વર્ષ સુધી એની ગેરરીતિ બહાર આવતી નથી એટલે ઓડિટને પણ સક્ષમ કરવાની જરૂર છે. બીજી વાતનું એ ધ્યાન આપવાનું છે કે સહકારી ક્ષેત્રના અધિકારીઓ બેફામ બન્યા છે અને એક વાત હું આપના ધ્યાન ઉપર મૂકવા માંગુ છું કે, તાલુકા કક્ષાની સહકારી મંડળીની તેના ચેરમેન સામેની ૮૬ની તપાસમાં જે ચોકસી અધિકારીએ રિપોર્ટ આપ્યો હતો તે ચોકસી અધિકારીના રિપોર્ટની આગળની કાર્યવાહી ના કરવા માટે એક ધારાસભ્ય કક્ષાના માણસ પાસે એક લાખ રૂપિયાની લાંચ માગી હતી. આવા અધિકારીઓને આપણે કેટલો સમય સુધી પાલવવાના છે ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મણીભાઈ આપ બિલ ઉપર બોલો. આપ બિલ ઉપર આવી જાવ.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : આ સહકારી ક્ષેત્રના જ બિલ છે. એટલે આ બધા જો સુધારા આપણે નહીં કરીએ તો આ સહકારી ક્ષેત્રનું આજનું જે બિલ લાવ્યા છે તે બિલ અર્થવિહિન થશે. એટલે મારે માનનીય સહકાર મંત્રીશ્રીને મારી આ રજૂઆત છે તેમાં ધ્યાન આપવા વિનંતી.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## રેકર્ડ આધારિત જવાબ આપવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જ્યારે રિપ્લાય આપતા હોય ત્યારે અપેક્ષા એવી હોય છે અને નિયમ પણ એવો છે કે રેકોર્ડ આધારિત જવાબ આપે. તેના બદલે અપેક્ષા એ લોકો એવી રાખે છે કે, સભ્યો છે તે રેકોર્ડ આધારિત જવાબ આપે. હકીકત એ હોય છે કે સભ્યો પાસે જે માહિતી હોય તે ગૃહ સમક્ષ રજૂ કરે અને પ્રશ્નોત્તરી વખતે તો તેના પ્રશ્નના જવાબની અંદર કદાચ માહિતી બરાબર ના અપાય હોય તો કરેકટ કરીને આપે. તેના બદલે માગણી એવી કરવામાં આવે કે ટાટાને ૨૯ હજાર કરોડ રૂપિયા આપ્યા તેનો રેકોર્ડ આપો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગઈકાલનો સવાલ આજે લાગુ ના પડે. આ લાગુ જ ના પડે. આ રિલેવન્ટ જ નથી. અને ગમે ત્યારે ગમે તે બોલી શકાય ?

**અધ્યક્ષશ્રી** : ગઈકાલે આપણે આ નિર્ણયની ચર્ચા પેન્ડીંગ રાખી હતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આજનો મુદ્દો લઈ આવું છું મારી વાત એટલી જ છે કે, મંત્રીશ્રીઓ જ્યારે જવાબ આપે ત્યારે તેમણે રેકોર્ડ આધારિત જવાબ આપવો જોઈએ. મેં માનનીય દિલીપભાઈને જ્યારે ગઈકાલે રિપ્લાય આપતા હતા ત્યારે મેં કહ્યું હતુ કે રેકોર્ડ આધારિત જવાબ આપે. એવી વાત કરી કે(અંતરાય)

મારો મંત્રીશ્રીઓના રિપ્લાય બાબતનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આજનું જે બિલ છે તે સહકારી ક્ષેત્રનું છે અને ગઈકાલે આપનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર મંત્રીશ્રીના જવાબમાં હતો તેનો નિર્ણય આપણે બાકી રાખ્યો છે એટલે ગઈકાલની વાતનો ઉલ્લેખ આજે ગૃહમાં ના કરો. (અંતરાય) નહીં, મંત્રીશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડર હતો તેના વિષયમાં આપ આજે જવાબ આપો છો. આજના આ સહકારી ક્ષેત્રના બિલ બાબતનો કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર હોય તો કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન જે માનનીય અર્જુનભાઈએ મુદ્દો ઉપસ્થિત કર્યો છે તેમાં માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો માનનીય અધ્યક્ષશ્રી, પુસ્તકના પાના નંબર ૨૩૮

તરફ દોરું છું. માનનીય અર્જુનભાઈનો મુદ્દો રિલેવન્ટ એટલા માટે છે કે ૨૩૮ .. .. I will just read relevant portion to save time of this Honorable House. માનનીય અધ્યક્ષશ્રી, નિર્ણય ક્રમાંક ૩૫૦માં જે અધ્યક્ષનો નિર્ણય છે એટલો જ આપણે વાંચીએ બોટમનો જે છેલ્લો પેરેગ્રાફ છે મને એમ લાગે છે કે જ્યારે કોઈપણ માનનીય મંત્રીશ્રી કોઈપણ સરકારી દસ્તાવેજનો ઉલ્લેખ કરીને જવાબ આપે ત્યારે રિવાજ એવો રાખવો જોઈએ કે આ દસ્તાવેજ તેમણે સભાગૃહના મેજ ઉપર મૂકવો જોઈએ. કે જેનાથી દસ્તાવેજના બધા જ પાસા આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ જાણી શકે. એટલે આજે જે દસ્તાવેજો ઉપર આધાર રાખે છે..(અંતરાય) અરે ભાઈ,

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હજુ જવાબ જ આવ્યો નથી સાહેબ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રિલેવન્ટ એટલા માટે છે કે આ સત્ર શરુ થયું ત્યારથી પહેલા માનનીય સૌરભભાઈએ જયારે કેન્દ્ર સરકારનો પત્ર ટાંકયો, મેં પત્ર લખ્યો કે મને મોકલો..(અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : સભ્યશ્રીને મેં જવાબ પણ આપી દીધો છે. અને જે પત્ર એમણે આપેલ છે તે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ આજનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવા માગે છે એ કયા વિષય ઉપર છે, તે ખબર નથી. મંત્રીશ્રી હજુ તેમનો જવાબ પણ આપી શકયા નથી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : ગઈકાલના વિષય બાબતમાં ચર્ચા નહીં થઈ શકે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હજુ મંત્રીશ્રીએ પ્રવચન જ કર્યુ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એના ઉપર નથી. મારો પોઈન્ટ ઓફ ઓર્ડર જે છે એ માનનીય શકિતસિંહજીએ કીધું એ પ્રમાણે માનનીય મંત્રીશ્રીએ એમ કીધું કે કેન્દ્ર સરકારે એકપણ બોટ આપી નથી. મારી પાસે રેકર્ડ એ છે કે ૩૦ બોટ છે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ ગઈકાલના ગૃહનો વિષય છે. આજનો વિષય નથી.

**શ્રી વજુભાઈ વાળા** : ગઈકાલની વાત આજે પોઈન્ટ ઓફ ઓર્ડરમાં આવે જ નહીં.

**અધ્યક્ષશ્રી** : આજનું બિલ સહકારી મંડળીના સુધારા અંગેનું છે. આપે એ બાબતનો પોઈન્ટ ઓફ ઓર્ડર ગઈકાલે ઉઠાવવો જોઈએ જે ઉઠાવ્યો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં એ બાબતે ધ્યાન દોર્યુ હતું.

**અધ્યક્ષશ્રી** : આપે ગઈકાલે એ બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો જોઈએ, અને ગઈકાલે એની ચર્ચા થઈ હોત તો હું નિર્ણય આપી શકયો હોત. આજનું વિધેયક છે એ સહકારી મંડળી અંગે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ મંત્રીશ્રીને સૂચના આપો કે રેકર્ડ આપે. એમણે રેકર્ડ આધારિત જવાબ આપવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ ગઈકાલની વીતી ગયેલ બાબત આજે ઉપસ્થિત કરો છો, તે યોગ્ય લાગતું નથી. માનનીય મંત્રીશ્રી, આપનો જવાબ ચાલુ કરો.

## ગુજરાત સહકારી મંડળી (સુધારા) બાબત વિધેયક,૨૦૧૧ (ક્રમશ:)

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૫૦ની પેટા કલમ (૨) ટ્રિબ્યુનલ, પ્રમુખ અને એમાં નીમાયેલા સભ્યો બાબતમાં ખૂબ નાનકડો એવો સુધારો લઈને હું ગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે રેકર્ડ આધારિત કેટલીક હકીકતો હું હાઉસના માધ્યમથી રાજયની જનતા અને મારા સાથી પક્ષના સભ્યોને આ બિલમાં સહયોગ આપવા માટે સર્વાનુમતે સ્વીકારવા માટે હકીકતો એમના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૧માં આ સહકારી કાયદો જયારે બન્યો ત્યારે કલમ ૧૫૦માં ટ્રિબ્યુનલ અંગેની જોગવાઈઓ કરવામાં આવી હતી. અને આ જોગવાઈઓમાં એક પ્રમુખ અને ત્રણ સભ્યોની નિમણૂકની જોગવાઈ છે. ત્યારે જે જોગવાઈઓ કરવામાં આવી હતી એ અંગે કેટલીક હકીકતો આપના માધ્યમથી ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું. ૧૯૬૦માં આ ટ્રિબ્યુનલ સમક્ષ ૧૪૯ કેસો આવતા. તે ૧૪૯ પૈકી ૧૦૯નો નિકાલ થતો અને ૪૦ કેસો વર્ષમાં બાકી રહી જતા હતા. એમ વધતા વધતા આજે ૧૯૬૦થી આજ દિન સુધીનું બધું બ્રેકઅપ છે. આજે છેલ્લી સ્થિતિ મુજબ આ કેસોની આવક ૨૦૦૯ અને છેલ્લા વર્ષ સુધીમાં ૧૦૧૫ સુધી પડતર કેસો રહેતા રહેતા આજે ૬૧૯૪ જેટલા કેસો પેન્ડિંગ છે. નિમણૂકો ૧૯૬૧ માં થઈ હતી, સ્ટ્રકચર ૧૯૬૧ માં થયું છે અનુે ત્યારની સ્થિતિ એ હતી કે ૧૯૬૧ માં મુંબઈ રાજય સાથે પહેલાં હતું ત્યારે રાજયમાં લગભગ ૧૩૯૫૯ સહકારી મંડળીઓ કુલ હતી અને આજે ૬૫ હજાર કરતાં વિવિધ પ્રકારની મંડળીઓ નોંધાયેલી છે. શરૂઆતમાં મર્યાદિત ૫ થી ૬ કક્ષાની મંડળીઓ નોંધાયેલી હતી અને આજે ૨૨ પ્રકારની અલગ અલગ મંડળીઓ આ રાજયમાં નોંધાયેલી છે. આ બધી હકીકતો જોતાં આ કેસો જે પડતર છે અને અહીંથી એમ કહેવામાં આવ્યું કે કેસોનો નિકાલ ઝડપથી થવો જોઈએ. તો એકબાજુથી આપણે એવી અપેક્ષા રાખીએ કે આ રાજયમાં સહકારી માળખું વધારે મજબૂત કરવા મો

કોઈ સહકારી મંડળી નોંધાય તો એ ઝડપથી નોંધાવી જોઈએ. નોંધાયા પછી કોઈ લિટિગેશન થાય તો એ સરકારને કારણે થતું નથી, સભ્યોમાં કોઈ મતભેદ પડે એના કારણે લિટીગેશન થાય છે અને એના નિરાકરણ મો આ જોગવાઈ શરૂઆતથી જ છે. શરૂઆતમાં જયારે આ લિટીગેશન આવે ત્યારે આ ટ્રિબ્યુનલ અને નોમિનીમાં નિમવાની રીત હતી. ૧૯૯૬ અને ૧૯૯૩ માં જે મારા સાથી મ્રિતો મને અહીંયાં કહેતા કે ભૂતકાળ જોઈ જાઓ કે કેવા આક્ષેપો થયા છે. ભૂતકાળમાં આક્ષેપો થયા છે એનાં કારણો તપાસીએ તો ખ્યાલ આવશે કે ભૂતકાળમાં ટ્રિબ્યુનલ અને નોમિનીમાં નિમણૂક જયારે થતી હતી ત્યારે કોઈપણ વકીલની આ કેસમાં નિમણૂક થતી હતી અને એ તેમની તપાસમાં નિયોર્ગ કરતા. આપણે માત્ર આપણું ગૃહ જ નહીં, પણ સમગ્ર રાષ્ટ્ર ગૌરવ લઈ શકશે અને પધ્ધતિ જે ચાલી આવતી હતી એમાં થોડોક જો ઉંડાણથી અભ્યાસ મારા વિદ્વાન સાથીદાર મિત્રોએ કર્યો હોત તો તેમના બોલેલા શબ્દોમાંથી પાછા પડવાનો મોકો ના મળત. આજ દિન સુધી આ ચાલ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું શાસન સંભાળ્યું ત્યારથી ૨૦૦૭ માં નિર્ણય કર્યો કે હવે ટ્રિબ્યુનલમાં નિમણૂકો કરવાની હશે. તો ડિસ્ટ્રિક જજ, નિવૃત્ત ડિસ્ટ્રિક જજ અથવા નિવૃત્ત હાઈકોર્ટ જજ અથવા હાઈકોર્ટ જ અથવા ડિસ્ટ્રિક જજની લાયકાત ધરાવતા કોઈપણની હાઈકોર્ટના ચીફ જસ્ટીસ જે નામોની યાદી મોકલે એમાંથી રાજય સરકાર એના પ્રમુખ તરીકે નિમણૂક કરશે અને આજે પણ જે નિમણૂકો છે એ એ પ્રકારે નિમણૂક થયેલ છે. નિવૃત્ત ડિસ્ટ્રિક જજોનાં નામ હાઈકોર્ટ આપે છે અને એમાંથી નિમણૂક આપવામાં આવે છે અને એના સભ્યો માટેની નિમણૂકની જોગવાઈ હોય તો એની નિમણૂક હાઈકોર્ટને યાદી મોકલાવ્યા પછી એ હાઈકોર્ટમાં એ પેનલની ચર્ચા કર્યા પછી એની નિમણૂક કરવામાં આવે છે. સરકાર એમને એમ એમની નિમણૂક કરતી નથી એટલે મૂળ પાયાની વાતને લૂણો લાગ્યો છે એ વાત જાણતા હોય તો આ ચર્ચાનો દોર આટલો લાંબો ચાલ્યો ના હોત. અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો કે નિમણૂકો માટે વકીલમંડળના મિત્રોએ આંદોલન કર્યુ. તો શેના માટે આંદોલન કર્યુ ?એટલા માટે કે તમે એલ.એલ.બી. કે હાઈકોર્ટ જજ કે ડિસ્ટ્રિક જજની લાયકાત છે તો અમે ૧૦ વર્ષથી વકીલાત અમે કરીએ છીએ તો અમને કેમ નહીં? તો જોગવાઈ પ્રમાણે એમને નીમી શકાય તેમ છે અને કદાચ વકીલને નીમ્યા હોત તો આક્ષેપ કરતા કે મામકાને નિમ્યા, આ વકીલને નિમ્યા અને આવું આવે ત્યારે એક વાત યાદ આવે છે કે નાનો હતો ત્યારની વાત છે. ઉંદરની સાત પૂંછડી અને એક પૂંછડી કપાઈ ગઈ. અને બુઠ્ઠી કેમ થઈ ગઈ એ રીતે ટીકા કરે. જેમની ટીકા જ કરવાની વૃત્તિ હોય એને હું કેવી રીતે સમજાવી શકીશ કે એમાં એમની લાગણી છે એ જ પ્રમાણે આ નિમણૂકોની જોગવાઈઓ ૨૦૦૭ માં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કરવામાં આવી છે. એટલું જ નહીં પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણીમ વર્ષ ૧ લી મેના રોજ ઉજવી એ ગુજરાતને ગૌરવ મળે એ રીતે ઉજવી. તેમણે સંકલ્પ કર્યો કે મારા ગુજરાત રાજયમાં જે વર્ષમાં કેસ દાખલ થાય એ જ વર્ષે એ કેસનો નિકાલ કરવા માટેનું આયોજન કર્યુ છે. અને તેના માટે અલગ રીતે આ રાજયમાં ૭૦૦ જેટલી કોર્ટો સ્થાપવા માટે પણ આ વિધાનસભામાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આ બજેટમાં વ્યવસ્થા કરી છે. તેની કામગીરી અલગ રીતે થઈ રહી છે. હું અત્યારે તેનો વિશેષ ઉલ્લેખ કરતો નથી. પરંતુ આ સહકારી ક્ષેત્રને લાગે વળગે છે ત્યાં સુધી ૧૯૬૧માં કાયદાથી બનેલું જે સ્ટ્રકચર અને વ્યવસ્થા હતી અને જે કેસનું ભારણ હતું તે આજની સ્થિતિમાં ઘણું વધી ગયું છે એટલે માત્ર એક ટૂંકો સુધારો કરવા માટે આ બિલ લાવ્યા છીએ. અને ૧૯૬૧માં ૪૦ થી ૫૦ કેસો પડતર હતા તે વખતે જે સ્ટ્રકચર હતું તે સ્ટ્રકચર થી આજે છ હજાર જેટલા કેસનું ભારણ હોય ત્યારે ઝડપથી નિકાલ થઈ શકે નહીં અને એ માટે આજે આ સ્વર્ણીમ વર્ષ નીમિતે ઝડપથી કેસનો નિકાલ થઈ શકે ચાલુ વર્ષમાં જ જે તે વર્ષના કેસનો નિકાલ થઈ શકે તેવા શુભ આશયથી આ નિમણૂકમાં વધારો કરવા માટેનો સુધારો લઈને હું આવ્યો છું. આ બિલની ચર્ચામાં ૯ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. એમાં માનનીય દેવુસિંહ, માનનીય રામસિંહભાઈ, માનનીય જશુબહેન, માનનીય અર્જુનભાઈ, માનનીય નારણભાઈ, માનનીય રાઘવજીભાઈ, માનનીય શકિતસિંહજી, માનનીય બાબુભાઈ અને માનનીય મણીભાઈએ ચર્ચામાં ભાગ લીધો, તેઓના કેટલાક સૂચનો અંગે મેં નોધ લીધી છે. અહીં મારા સાથી મિત્ર રામસિંહભાઈએ ઉલ્લેખ કર્યો હતો કે સરકારી ઓડિટ મુકાય છે તેને કારણે બરાબર કામ ચાલતુ નથી તેથી ખાનગી ઓડિટ મુકવું જોઈએ. માનનીય સભ્યશ્રીને હું જણાવીશ કે એમણે ઉલ્લેખ કર્યો તે ભૂતકાળમાં સહકારી કામ ચાલતું હતું તેનો ઉલ્લેખ એમણે કર્યો, હાલમાં તો માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં સરકારે નિર્ણય કર્યો છે અને નાગરિક બેંકો અને અન્ય સંસ્થાઓમાં સી. એ.ની. પેનલ રાજય સરકારે બનાવી અને એમાંથી મુકવામાં આવે છે. અમુલમાં પણ આજ દિવસ સુધી સરકારી ઓડીય મુકવામાં આવતું હતું તેના બદલે આ ચાલુ વર્ષથી સાત જેટલી સી. એ. ની પેઢીઓને આ કામગીરી એમની માગણી મુજબની જ સોંપવામાં આવી છે શરુઆતમાં એક કંપનીને કામ આપવામાં આવતું હતું તેના બદલે સાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કંપનીઓને કામ સોંપી અને ઝડપથી ઓડિટ થાય તે પ્રકારની કામગીરી કરવામાં આવી છે. આ એમણે જોયું હોત તો દૂધ સંઘમાં પણ ઝડપથી કામગીરી થાય છે તેનો તેઓ ઉલ્લેખ કરી શકયા હોત. માનનીય અધ્યક્ષશ્રી, આ ચાલુ ટ્રિબ્યુનલ અંગેનો ઉલ્લેખ કર્યો છે એમાં કોઈ સત્તા જાળવી રાખવાની વાત કરી છે, પણ અમે કોઈ સત્તા જાળવી રાખવાનો આમાં સવાલ નથી, સરળતા માટેનો જ સવાલ છે. માનનીય શકિતસિંહભાઈએ વાત કરી હતી કે સત્તાના આધારે, મતના મતલબથી, તો મતના મતલબથી બનતી યોજનાઓ એ ભૂતકાળ થઈ ગઈ છે. હવે તો પારદર્શીતા અને ગરીબોના હકક

ગરીબોને મળે તે જાહેરમાં આપવાની નીતિ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અપનાવી અને અમલમાં મુકી છે અને તેના માટેના ગરીબ કલ્યાણ મેળાઓ માટેનો ઉલ્લેખ કરવાની મને જરૂરિયાત લાગતી નથી. પરંતુ તમામ જગ્યાએ પારદર્શીતા આવે તેવો પ્રયાસ અમે સહકારી ક્ષેત્રમાં પણ કરી રહયા છીએ. વૈકુંઠભાઈનો ઉલ્લેખ કર્યો છે, આ રાજયમાં કોઈ અમારો એવો દાવો નથી, આ ગુજરાતની તાસીર જ એવી છે કે ગુજરાત સમગ્ર રાષ્ટ્રનું એન્જિન બને, એટલા માટે મહાત્મા ગાંધીનું નેતૃત્વ હોય કે સરદાર વલ્લભભાઈ પટેલનું હોય, કે જેમણે રાષ્ટ્રની એકતા માટે બીડું ઝડપ્યું અને અમુલ જેવું નવું ક્ષેત્ર ખોલવા માટેનો વિચાર પ્રગટ કર્યો. આખા વિશ્વમાં જે આગળ વધી રહયું છે તેની અવગણના અમે કરતા નથી., એ અવગણના કોણ કરે છે કેવી રીતે કરે છે અમુલના સર્જકની તેનો ઉલ્લેખ આ બિલમાં કરવાની જરુરત મને લાગતી નથી. પણ ફકત એક ટુંકો સુધારો આ કેસોના ભરાવાનો નિકાલ ઝડપથી આવે એટલા માટે આ કરવું જોઈએ તેટલું જ કહેવા માગું છું. મેં બાળપણમાં અખબારોમાં વાંચેલી વાત આજે મને યાદ આવે છે. તેમાં કરેકશન કરવાનો આપને અધિકાર છે, પણ બાળપણમાં કટોકટીમાં હું પણ જેલમાં હતો ત્યારે શાસક કોણ હતા તે આપણે જાણીએ છીએ. ત્યારે મને યાદ છે કે એક સુપ્રીમ કોર્ટના જજને ત્રણ સીનીયર જજની સીનીયોરીટીને ઉવેખીને ચીફ જસ્ટીસ તરીકે એક જજને નિમવામાં આવેલા, ત્યારે આખા દેશમાં ખૂબ ટીકાઓ થઈ હતી, એ વખતે કાયદા મંત્રી કુમાર મંગલમે એવું કહેલું અને એવી વાત કરી કે સત્તાધારી સાથે જસ્ટીસનું કમીટમેન્ટ હોય, સરકાર સાથે કમીટમેન્ટ હોય તે જરુરી છે. આવું તે વખતે કાયદા મંત્રી બોલનાર હતા. માનનીય અધયક્ષશ્રી અમે તો કાયદા મંત્રી તરીકે પારદર્શકતા થી ન્યાય મળે સત્વરે ન્યાય મળે, ઝડપી ન્યાય મળે એ વ્યવસ્થા બોલવામાં નહીં પણ કરવામાં માનીએ છીએ. સત્વરે ન્યાય મળે ઝડપથી ન્યાય મળે એટલા માટે આ વ્યવસ્થા અમે કરી છે. અમે ફક્ત બોલવામાં નહિ કરવામાં માનીએ છીએ એટલા માટે આ બિલ લઈને આવ્યા છીએ. મારે બાકીની વાત કરવી હોત તો કરી શકત કારણ કે આ રાજયમાં બેંકોનું ધોવાણ થયું હોય કે રાયડા કૌભાંડ પણ થયા હોય કે અન્ય પક્ષપાતો થયા હોય એમાં કોણ સંડોવેલું હતું કોણ જેલમાં હતા, એ આંગળી ચીંધીને ગૌરવ સાથે કરી શકત. આ સરકાર પક્ષાપક્ષીથી પર ઊઠીને કોઈપણ ગુનેગાર હોય કાયદામાં જોગવાઈ હોય એ પ્રમાણે કામ કરવામાં આ સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે કયારેય પાછી પાની કરી નથી. આ પક્ષનું કે પેલા પક્ષનું એવું ક્યારે આ સરકારે જોયું નથી. પક્ષાપક્ષીથી પર ઊઠીને પારદર્શક દિશામાં કામનો આરંભ અને પ્રારંભ કર્યો છે એટલા માટે આ રાજયસરકાર ઉપર રાજયની જનતા ઓળઘોળ છે, એટલા માટે આ નાનો એવો સુધારો લાવ્યો છું, ૧૯૬૦માં માત્ર ૪૦ કેસો પડતર હતા એમાં આજે ઉમેરો થઈને છ હજાર જેટલા કેસો પડતર છે, એનો ઝડપથી નિકાલ થાય એટલા માટે આ નિમણૂકો કરવામાં આવશે. એમાં લાયકાત વગેરે નક્કી થયેલ છે એ મુજબ નામો નક્કી કરીને હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સાથે હાઈકોર્ટ સાથે પરામર્શમાં મોકલવામાં આવશે અને એ પરામર્શ પછી જ સરકારને નિમણૂક કરવાનો અધિકાર મળવાનો છે. આપની લાગણી હતી કે કોર્ટ સાથે પરામર્શ થાય અને નામો આવે, આ બધા નિયમોની જોગવાઈ અગાઉ થઈ ચૂકી છે એટલે આ બિલ વિના વિરોધે સ્વીકારે તેટલી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રી પાસે એટલી વાત જાણવી છે, તેઓએ પારદર્શકતાની વાત કરી, હાઈકોર્ટ સાથે પરામર્શની વાત કરો છો, હાઈકોર્ટે સ્પેસિફિક પ્રશ્ન રાજય સરકારને પૂછ્યો હતો કે આ નિમણૂક હાઈકોર્ટ કરે એમાં રાજય સરકારને શું વાંધો હોઈ શકે? આપણે એવું સ્ટેન્ડ લેવા માગીએ છીએ ખરા? હાઈકોર્ટ ભલે નિમણૂક કરે અમે સમર્થન આપીએ અને સર્વ સંમતિથી આ બિલને પસાર કરાવવા તૈયાર છીએ.

**શ્રી દિલીપ સંઘાણી** : આવો સવાલ અત્યાર સુધી અમારી પાસે આવ્યો નથી. બંધારણ અને કાયદાની જોગવાઈ પ્રમાણે અમે વિચાર કરીશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૧૧નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૧૧નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૬નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૪

# ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક,૨૦૧૧

## ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૪, સન ૨૦૧૧ના ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૪, સન ૨૦૧૧ના ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સમસ્ત દેશની અંદર રાજયની આર્થિક વ્યવસ્થા કેવા પ્રકારની હોવી જોઈએ તેના માટે થઈને દર પાંચ વર્ષે નાણા પંચોની નિમણૂંક થાય છે. એ નાણા પંચ દરેક રાજયોને સલાહ આપે છે કે તમારી ફાયનાન્શીયલ પરિસ્થિતિ આ પ્રકારની હોવી જોઈએ. ૧૧મા નાણા પંચે સલાહ આપી હતી, ૧૨મા નાણા પંચે સલાહ આપી અને ૧૩મા નાણા પંચે પણ કેન્દ્રને અને રાજયો માટે થઈને સલાહ આપેલી અને આ જે ૧૩મા નાણા પંચે હિંદુસ્તાનના તમામ રાજયોની ફાયનાન્શીયલ ડિસીપ્લીન કેવી હોવી જોઈએ, કેવી રાખવી જોઈએ તેના માટે થઈને તેણે જે પોતાના અવલોકનો અને સૂચનો આપ્યા તે પ્રમાણે કેન્દ્ર સરકારે તમામ રાજયોને આ પ્રમાણે કરવા માટે કહ્યું અને તા. ૧૪-૧-૨૦૧૧ના રોજનો પત્ર કેન્દ્ર સરકાર તરફથી તમામ રાજયોને મળ્યો. તમામ રાજયોના સેક્રેટરીઓ ઉપર અને કહ્યું કે તમારે આ પ્રમાણે તમારા રાજયની ફાનનાન્શીયલ પરિસ્થિતિ રાખવાની અને ૨૦૧૧-૧૨થી માંડીને ૨૦૧૪-૧૫ સુધીમાં આર્થિક પરિસ્થિતિ કેવી રીતે રાખવી તેના માટે થઈને તેમણે આપણને જે સૂચન આપ્યું અને એ સૂચનનું ૧૦૦ ટકા અમલીકરણ કરવા માટે થઈને રાજય સરકારે આ કાયદાની અંદર જૂની કલમના બદલે નવી કલમ-૫ આપણે લઈને આવ્યા છીએ. તેમાં તેમણે કહ્યું, મેં આમાં ઉદ્દેશો અને કારણોમાં છેલ્લા પૅરામાં કહ્યું છે કે ધીમા અર્થતંત્ર અને મંદીને અનુસરીને લક્ષ્યાંકો હળવા કરાયા હતા. છેલ્લા બે-ચાર વર્ષ પહેલાં આ બધા લક્ષ્યાંકો હળવા કરાયા હતા. પરંતુ હવે ૧૩મા નાણા પંચે, દરેક રાજય માટે રાજવિત્તીય એકત્રીકરણની યોજના તૈયાર કરેલી છે અને તેમણે જે પ્રમાણે કહ્યું કે ૨૦૧૪-૧૫ સુધીમાં પહેલાં તો એ કહ્યું કે મહેસૂલી ખાધ દૂર કરવાની. મહેસૂલી ખાધ દૂર કરવી અથવા તો મહેસૂલી સરપ્લસ રહેવું તેમ તમામ રાજયોને કહ્યું. બીજી વાત કરી કે રાજવિત્તીય ખાધનો જે દર છે એ ૩ ટકા જાળવી રાખવો. એટલે તમારું વાર્ષિક ખર્ચ તમારા જી.એસ.ડી.પી.ના ૩ ટકાથી વધવું જોઈએ નહીં. એ પ્રમાણે જ કહ્યું અને ત્રીજું એ કહ્યું કે તમારા જાહેર દેવાને રાજયના અંદાજીત એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૨૭.૧ ટકાના દરે સ્થગિત કરવાનો તેમણે લક્ષ્યાંક ઠેરવ્યો. તેમણે કહ્યું કે તમારું કુલ દેવું છે એ ભૂતકાળમાં આપણો જે જી.એસ.પી.ડી. હતા તેના ૩૦ ટકાથી વધુ નહીં એવું હતું તેના બદલે હવે કહ્યું છે કે તમે ક્રમે ક્રમે ઘટાડીને ૨૦૧૪-૧૫ની આખરમાં ૨૭.૧ રાખો. તેના બદલે આપણે પહેલાં વર્ષથી જ ૨૦૧૧-૧૨થી ૨૭.૧ રાખવાનું નક્કી કર્યું છે. એટલે આ બિલમાં ત્રણ મુખ્ય આદેશ છે. તમારી મહેસૂલી ખાધ શૂન્ય હોવી જોઈએ અથવા મહેસૂલ સરપ્લસ હોવા જોઈએ. બીજી વાત છે તમારી રાજવિત્તીય ખાધ ૩ ટકાથી વધવી ન જોઈએ અને ત્રીજી વાત એ છે કે તમારું જાહેર દેવું ૨૭.૧ ટકાથી વધવું ન જોઈએ અને ચોથી વાત કરી છે કે તમારી ગેરેન્ટીની લિમિટ છે એ લિમિટથી જો ગેરેન્ટી વધી જાય.તો તમારે ગૅરન્ટી આપવાનું બંધ કરવું જોઈએ. એટલે મારું આ જે બિલ છે એ કેન્દ્ર સરકારે હિંદુસ્તાનની અંદર તમામ રાજયોને જે સૂચના આપી છે એ સૂચનાના અમલીકરણ પ્રમાણે હું આ બિલ લઈને આવ્યો છું. આ બિલ કોઈ રાજય સરકારની ઇચ્છાથી ઊભું કરેલું બિલ નથી. પરંતુ સમસ્ત દેશની અંદર ફાઈનાન્શિયલ ડિસિપ્લીન મેઈન્ટેન થાય એટલા માટે કેન્દ્ર સરકાર તરફથી જે સૂચના આપવામાં આવી છે એ સૂચના પ્રમાણે આ બિલ લઈને આવ્યો છું. હું તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ બિલ કેન્દ્ર સરકારની સૂચના મુજબનું બિલ છે. એ હિંદુસ્તાનના તમામ રાજયોને આપેલી સૂચના મુજબનું બિલ છે. એને વિના વિરોધે અને સર્વાનુમતે મંજૂર કરશો એવી તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કેન્દ્ર સરકારે નાણાકીય શિસ્ત જાળવવા માટે ૧૪ જાન્યુઆરી ૨૦૧૧ ના રોજ પત્ર લખ્યો છે એ પ્રમાણે આ બિલ લઈને આવ્યા છે. માનનીય નાણાં મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે ત્યારે કેટલીક વાત કરવી છે. મહેસૂલી ખાદ્ય એ ઝીરો લઈ જવાનો ટાર્ગેટ આ વર્ષથી છે. આ અગાઉ ૨૦૦૯માં બિલ લઈને આવ્યા હતા. એ વખતે આપે વાત કરી હતી કે, અમે મહેસૂલી ખાદ્ય છે એ ઝીરો લઈ જવા માગીએ છીએ. આપના જૂના પ્રવચનો પણ વાંચતો હતો, બજૅટ રજૂ

---

• વિધેયક તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કર્યું ત્યારના પ્રવચનો પણ હું વાંચતો હતો. રાજય સરકારના અંદાજો જ્યારે અંદાજપત્ર રજૂ થાય એ જ સમયે મહેસૂલી હિસાબ ઉપર ખાદ્ય કે પુરાંત રજૂ કરતા હોય છે. હું સમજું છું કે, કોઈ જગ્યાએ નાણાં વપરાયાં હોય એમાં થોડુંક ઉપર-નીચે થાય એ સમજી શકાય. આપના અંદાજપત્રમાં ૨૦૦૮-૦૯માં સુધારેલા અંદાજમાં આપે કહ્યું હતું કે, હું રૂ.૨૬૮-૫૬ કરોડની મહેસૂલી પુરાંત રાખું છું. એટલે મહેસૂલી ખાદ્ય ઝીરોવાળી વાત આપના પ્રવચનમાં એ વખતે ખૂબ વાત કરીને કહ્યું હતું કે, હું મહેસૂલી પુરાંત લઈને આવું છું. રૂ.૨૬૮-૫૬ કરોડ પ્લસનો મારો સુધારેલો અંદાજ છે. એ દિવસે પણ મેં કહ્યું હતું કે, આપના આંકડાઓ ચકાસજો. આપના જે અંદાજમાં મહેસૂલી આવક કહી અને આપ જે રીતે ખર્ચાઓ કરો છો એ પ્રમાણે મને લાગતું નથી કે, આપ મહેસૂલી પુરાંત રજૂ કરી શકશો. એકચ્યુયલી એકસપેન્ડિચર આવ્યું ત્યારે અને શું થયું? આપના ચોખ્ખા ૨૦૦૮-૦૯ના હિસાબો આ વિધાનસભાગૃહમાં લઈને આવ્યા શું થયું? આપ સુધારેલા અંદાજોમાં કહેતા હતા કે આપનું પ્લસ છે, પુરાંત રૂ.૨૬૮.૫૬ કરોડ છે. જ્યારે ખરેખર હિસાબો આવ્યા ત્યારે પુરાંત નીકળી ગઈ અને ૨૦૦૮-૦૯માં આપ ખાદ્યમાં ગયા. રૂ.૬૫.૭૫ કરોડની આપે આદ્ય આપી. ૨૦૦૯-૧૦માં અંદાજો લઈને આવ્યા. આપના અંદાજો હતા, શું કહ્યું આપે? હું આ બિલ લઈને આવ્યો છું. મહેસૂલી ખાદ્યની વાત આવી ત્યારે આપે કહ્યું કે, મહેસૂલી હિસાબો ઉપર ખાદ્ય ૨૦૦૯-૧૦માં મારો અંદાજ રૂ.૩૯૧૩.૧૯ કરોડ એ મહેસૂલી ખાદ્ય રહેશે.મહેસુલી ખાધ વધી આપની, ૨૦૦૯-૧૦માં જ્યારે આપે મહેસુલી ખાધ ઉપરની વાત કરી ત્યારે પણ આપના પ્રવચન ઉપર મેં કહ્યું હતું કે આપ બિનઉપજાઉ ખર્ચાઓ નહીં ઘટાડો તો આપના અંદાજથી પણ વિપરીત અસર ઉભી થવાની છે. આપે એ પછી ૨૦૦૯-૧૦ના સુધારેલા અંદાજો રજૂ કર્યા, આપના અંદાજો શું હતા, ૩૯૧૩.૧૯ કરોડની મહેસૂલી ખાધ રહેશે, આપના સુધારેલા અંદાજ શું આવ્યા, આ મહેસૂલી ખાધ આપે જે દર્શાવી હતી એ આપ ઘટાડી નહીં શક્યા, ૨૦૦૯-૧૦ના સુધારેલા અંદાજ મુજબ આપની મહેસુલી ખાધ ૩૯૧૩.૧૯ની જગ્યાએ ૪૩૫૬.૫૦ કરોડ થઈ ગઈ, મહેસૂલી ખાધમાં અહીંયા પણ આપનો વધારો થયો, આ આપનો સુધારેલો અંદાજ હતો, આ બજેટમાં આપે ૨૦૦૯-૧૦ના હિસાબો રજૂ કર્યા, ખરેખર જે ખર્ચ છે એ આપે કહ્યું, કેટલો ફર્ક છે આપ જોજો, આપ અહીંયા વાત કરો છો, મહેસૂલી ખાધ ઝીરો લઈ જવાની, આપનું નાણાકીય તંત્ર કેવું ચાલે છે કે ૨૦૦૯-૧૦માં આપે અંદાજ મૂકયો ત્યારે કહ્યું કે ૩૯૧૩.૧૯ કરોડ ખાધ રહેશે, સુધારેલો અંદાજ આવ્યો ત્યારે આપે કહ્યું કે ના, ના હવે ૩૪૫૬.૫૦ કરોડની ખાધ રહેશે અને ખરેખર હિસાબો આવ્યા ત્યારે શું થયું ૬૯૬૫.૯૧ કરોડની ખાધ રહી, એટલે મહેસુલી ખાધ ઝીરો કરવા માટેના પ્રયત્નો કરતા હોઈએ તો આપે મહેસૂલી ખર્ચ ઘટાડવા જોઈએ, એના બદલે આપે શું કર્યુ, મહેસૂલી ખર્ચમાં વધારો થાય છે, આઈ કેન અન્ડરસ્ટેન્ડ, પ્લાન એકસપેન્ડીચર આપ વધારતા હોવ તો ગુજરાતની અસ્કયામતો વધે, પ્રજાની સુવિધાઓના નક્કર પરિણામો વધે, પણ ખર્ચાઓ આપના તો કયાં વધે છે, આપના મહેસૂલી ખર્ચાઓ વધે છે, જે રાજયના હિતમાં નથી. જે આમ જનતાના હિતમાં નથી, જે ખર્ચાઓ માત્રને માત્ર પ્રજાની તિજોરીનો વ્યય છે. આપે મહેસૂલી ખર્ચ માટે જે આપનો સુધારેલો અંદાજ હતો , ઓરીજનલ અંદાજ આપનો જોઈએ તો ૨૦૦૯-૧૦માં મહેસૂલી ખર્ચનો ૪૫,૭૨૮.૩૭ કરોડનો હતો. આ આપનો ઓરીજનલ અંદાજ હતો, આઈ કેન અન્ડરસ્ટેન્ડ કે બે પાંચ હજાર કયાંય આમ તેમ થાય, પણ આપના ખરા હિસાબોમાં શું થયું , ૪૮૬૩૮.૨૭ કરોડ મહેસૂલી ખર્ચ છે. ૩હજાર કરોડ રૂપિયા, મહેસૂલી ખર્ચમાં આપના વધ્યા, અને એનું અલ્ટીમેટ રીઝલ્ટ શું આવ્યું, અલ્ટીમેટ રીઝલ્ટ એ આવ્યું કે આપની મહેસૂલી ખાધ ૨૦૦૯-૧૦માં ૬૯૬૫.૯૧ કરોડ થઈ ગઈ, આપે ચોખ્ખી લેવડદેવડ એ ૨૦૦૯-૧૦માં શું કહી હતી, માનનીય અધ્યક્ષશ્રી, ચોખ્ખી લેવડ દેવડ ફેરફાર કરેલા અંદાજ મુજબ ૨૦૦૯-૧૦માં આપ પ્લસ કહેતા હતા અને આપે બહુ અહીં વિધાનસભામાં અમને ચાબખા મારીને કહ્યું હતું કે, જુઓ, હું પ્લસ લઈને આવ્યો, આપનો સરવાળો ચોખ્ખી લેવડ-દેવડ ૧-૨-૩નો ૪૫.૭૬ હતો ૨૦૦૯-૧૦નો, સુધારેલા અંદાજમાં આપે વાત કરી, કે આ તો મારો હવે ૧૩૬.૬૯ કરોડ રૂપિયા પ્લસ, મેં હિસાબો એવા સારા કર્યા છે કે હું ચોખ્ખા હિસાબમાં પણ પ્લસ લઈને આવ્યો છું અને જ્યારે સાચા હિસાબો ૨૦૦૯-૧૦ના પૂર્ણ વર્ષના અંતેના આપે એકચ્યુઅલ એકસપેન્ડીચર આ ગૃહમાં રજૂ કર્યા ત્યારે આપ પ્લસ ન રહ્યા, આપ માઈનસ થયા અને રૂપિયા ૨૨૫.૧૦ કરોડ માઈનસ થયા. આજે પણ આપે સુધારેલા અંદાજોની વાત કરી છે તેનો ખ્યાલ નથી આવતો કે શું આપણે એવું માનીને ચાલીએ છીએ કે અહીંયા તો અંદાજમાં આપી દો, વર્તમાનપત્રમાં અને મિડિયામાં લખાઈ જશે કે નાણાકીય આટલી સારી પરિસ્થિતિ છે અને પછી જ્યારે એક્ચયુઅલ એક્સપેન્ડીચર આવશે ત્યારે કોણ આને ઈન્વેસ્ટિગેશન કરવાનું છે? કોણ નજર રાખવાનું છે? એવા સમયે ભલે ખાદ્યમાં મોટો ખાડો પડી ગયો હોય ત્યારે કોણ જોવાનું છે? અત્યારે પ્લસ બતાવો. આ નાણાકીય શિસ્ત નથી. આ બિલને અનુરૂપ વસ્તુ નથી અને આ અનુરૂપ નથી ત્યારે આજે પણ જે મહેસૂલી આવક અને મહેસૂલી ખાદ્યના આપે જે આંકડાઓ આપ્યા છે વર્ષ ૨૦૧૧-૧૨ના, વર્ષના અંતે આપની જે પરિસ્થિતિ થવાની છે એ કઈ રહેવાની છે એ આવતા દિવસો કહેશે. આ રાજ્યની નાણાકીય શિસ્ત આપણે ઊભા કરવી પડશે. કેવા પ્રકારના આપણે ખર્ચાઓ કરીએ છીએ એના ઉપર શું આપણો અંકુશ છે ખરો? કોઈને એક તુક્કો સૂજે અને કરોડો રૂપિયા પાણીમાં નાખીએ. શું આ પબ્લિક ટ્રેઝરીના ટ્રસ્ટીઓ તરીકે આપણને શોભાસ્પદ છે ખરું? ત્યારે આ બિલની ભાવના જે છે એ ભાવનાને અનુરૂપ રહીને અર્થતંત્ર ચાલે એ આવશ્યક છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કેન્દ્ર સરકારનો એક પરિપત્ર જોતો હતો. આપણા માટે એવી જ માર્ગદર્શક સૂચનાઓ ભૂતકાળમાં પણ આપી હતી અને એ માર્ગદર્શક સૂચનાઓનો જો આપણે અમલ કર્યો હોત તો આ રેવન્યુ ડેફિસિટ આજે બતાવી છે એ રેવન્યુ ડેફિસિટ ન હોત. જે ફિસકલ ડેફિસિટ બતાવી છે એ ફિસકલ ડેફિસિટ એ રીતની અહીં ન હોત. રેવન્યુ ડેફિસિટ માટેનો જે ટાર્ગેટ આપ્યો છે એ ગુજરાત માટે ઝીરો બતાવવામાં આવ્યો છે. એનેક્ષર-૧ જે પરિપત્ર આપે કેન્દ્ર સરકારનો ટાંકેલો છે એમાં છે. માત્ર કેરળ, પંજાબ અને વેસ્ટ બંગાલ આ ત્રણ રાજ્યો સિવાય આ પરિસ્થિતિ માટેની માર્ગદર્શક સૂચનાઓ છે ત્યારે હું અપેક્ષા રાખું છું કે બિલને સૈદ્ધાંતિક રીતે આજે પસાર કરીએ. અમે પણ સમર્થન આપીએ છીએ કે આ બિલ સર્વાનુમતિથી પસાર કરીએ. પણ એને અનુરૂપ રાજ્ય સરકારનું અર્થતંત્ર ચાલતું નથી એની નાણામંત્રીશ્રીએ ચિંતા કરવી પડશે. એમણે એ વાતની પ્રતીતિ કરાવવી પડશે કે હું અંદાજો રજૂ કરું ત્યારે જે આંકડાઓ આપું છું અને પછી પૂરક માગણીઓમાં હું જુદું લઈને આવું છું, જેના માટે નાણા ફાળવું છું એ લોક કલ્યાણના સેકટરમાં નાણાની ફાળવણીના મોટા ગુણગાનો ગાઓ છો અને એક્ચ્યુઅલ એક્સપેન્ડીચર આવે છે ત્યારે એના પૈસા વપરાતા નથી એની ચિંતા રાખીશ. હું મહેસૂલી પુરાંત બતાવું છું, એક્ચ્યુઅલ એક્સપેન્ડીચર જ્યારે સાચા હિસાબો લઈને આવું છું, સુધારેલા અંદાજો લઈને આવું છું એ સમયે પણ મહેસૂલી પુરાંતમાં વધારો કરીશ. હું મહેસૂલી પુરાંત બતાવીશ અને મહેસૂલી ખાદ્યમાં અર્થતંત્રને નહિ લઈ જાઉં. હું રાજ્યનું દેવું માત્ર જી.ડી.પી.ને અનુરૂપ આટલું કરીશ એમ નહીં, ઈન્ડીપેન્ડન્ટ ઑડિટ કરતી એજન્સીએ ચિંતા કરી હોય ત્યારે હું રાજ્યનું દેવું ઘટાડવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરીશ. એ વાતની માનનીય નાણામંત્રીશ્રી પ્રતીતિ કરાવશે એ શબ્દો સાથે હું વિરમું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)**:માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક લઈને માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને આવકારવા માટે હું ઉપસ્થિત થયો છું. એમાંથી કેટલુંક ભંડોળ એ આપણે Consolidated Sinking Fund માટે મોકલતા હોઈએ છીએ અને એમાં ૫,૨૫૮/- કરોડ રૂપિયા આજની તારીખ સુધીમાં, ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં આ નિધિમાં ૫,૨૫૮/- કરોડ રૂપિયાનું ભંડોળ જમા થયેલું છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, જે Guaramtee redemption fund છે એની અંદર પણ રૂપિયા ૧,૬૭૧/- કરોડનું ફંડ ૩૧-૧૨-૨૦૧૦ના ધોરણે જયારે ભેગું થયેલું છે ત્યારે આ Guaramtee redemption fund અને Consolidated Sinking Fund આ બતાવે છે કે, આ રાજયની જે Financial Management છે એ ખૂબ જ healthy છે ખૂબ જ તંદુરસ્ત છે અને આ નાણાકીય વ્યવસ્થાના કારણે આ ગુજરાત રાજયનો જે GSDP છે એમાં જે double digit નો growth rate છે એના કારણે રાજયની સમૃદ્ધિમાં વધારો થયો છે. રાજયના બેકાર યુવાનોની બેકારીમાં ઘટાડો થયો છે અને ઘણીવાર એમ કહેવામાં આવે છે કે, આ રાજયનું બાળક દેવા સાથે જન્મે છે ત્યારે જો રાજયની અસ્ક્યામતોને જો ધ્યાનમાં લેવામાં આવે તો હું ફરીથી એમ કહીશ કે આ રાજયની અંદર જન્મતો દરેક બાળક એ લખપતિ બાળક તરીકે જન્મે છે તેવી સુદ્રઢ નાણાકીય વ્યવસ્થા આ રાજય સરકારની છે ત્યારે નાણા મંત્રીશ્રીના આ બીલને હું આવકારું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક ક્રમાંક-૨, સન ૨૦૧૧ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે. વિધેયકની જોગવાઈઓ આર્થિક મેનેજમેન્ટના માપદંડ પ્રસ્થાપિત કરવાના સંદર્ભમાં છે અને માનનીય નાણા મંત્રીશ્રીએ બીલ રજૂ કરતી વખતે જ કહ્યું કે, નાણાપંચ ધ્વારા વખતો વખત રાજયોને જે સૂચનાઓ આપવામાં આવે છે એના સંદર્ભમાં આ બીલની જોગવાઈઓ મૂકી અને ગૃહ સમક્ષ આવ્યા છે. જોગવાઈઓ આર્થિક માપદંડ પ્રસ્થાપિત કરવાની છે એટલે એનો વિરોધ કરવાનો કોઈ આશય હોઈ શકે નહીં પરંતુ જ્યારે આ બીલ સભાગૃહ સમક્ષ આવ્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી આ સભાગૃહના સભ્યો સમક્ષ તેમજ સરકાર સમક્ષ કેટલાક મુદ્દાઓ આ સંદર્ભમાં હું રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫માં પણ આજ પ્રકારનું બીલ લવાયું હતું અને ૨૦૦૫ના બીલની જોગવાઈઓ જોઈએ તો પહેલી એપ્રિલ, ૨૦૦૫થી શરૂ થતી અને ૩૧મી માર્ચ, ૨૦૦૮ નારોજ પૂરા થતા ત્રણ વર્ષની અંદર મહેસૂલી ખાદ્ય શૂન્ય લાવવી જોઈએ. આ બીલ આપણે ૨૦૦૫માં પણ પસાર કર્યુ, આજે ૨૦૧૧માં પણ આજ પ્રકારની જોગવાઈ લઈને આવ્યા છીએ કે ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં મહેસૂલી ખાદ્યને શૂન્ય કરવી. ૨૦૦૫માં જ્યારે આ નિર્ણય કરીને ચાલ્યા તો ત્યાર પછી આ વર્ષોની અંદર આ સન્નમાનીય સભાગૃહમાં બીલ પાસ થયેલું હોવા છતાં એ લક્ષ્યાંક જે સિદ્ધ કરવો જોઈએ એ આપણે કરી શક્યા નથી એટલા માટે અને જ્યાં બંને મહેસૂલી ખાદ્યને શૂન્ય કરવાની વાત હતી એની સામે પરિસ્થિતિ આ વર્ષની અંદર આવી રહી કે આપણી મહેસૂલી ખાદ્ય ૬,૯૦૦/- કરોડ, ૫,૬૦૦/- કરોડ એવા મોટા મોટા આંકડા દર્શાવતી ગઈ. એનો અર્થ એ થયો કે, જે ગંભીરતાથી આ સભાગૃહમાંથી જે બીલ પાસ થયું એને જે ગંભીરતાથી લેવાવું જોઈતું હતું એ ગંભીરતાથી લઈ શકાયું નથી. બીજો મુદ્દો આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું કે, પહેલા બે વર્ષોનો આપણો અનુભવ એવો છે કે, આપણી મહેસૂલી ખાદ્ય ૬,૯૦૦/- કરોડ અને સુધારેલા અંદાજ પ્રમાણે ૨૦૧૧ની ૫,૫૦૦/- કરોડથી પણ વધારે છે. આ બે આંકડાઓનો જો પાછલા વર્ષોનો અનુભવ હોય તો ચાલુ વર્ષે માનનીય નાણા મંત્રીશ્રી ધ્વારા જે બજૅટ રજૂ કરવામાં આવ્યું છે એમાં ૪૪૩ કરોડની પુરાંત બતાવવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, પાછલા બે વર્ષોનો

અનુભવ પાંચ છ હજાર કરોડની ખાધનો હોય, આ મહેસૂલી ખર્ચની વાત છે અને આ વખતે ૪૪૪કરોડની પુરાંત જે બતાવવામાં આવી છે. આવકના અંદાજો અને ખર્ચના અંદાજો જોતા અને પાછલો આપણો અનુભવ જોતાં આ ૪૪૩કરોડની પુરાંતને બદલે ચાલુ વર્ષ પૂરું થાય, નવું વર્ષ પૂરું થાય ત્યારે પણ આ મહેસૂલી ખાધ બહુ મોટી ઉભી થાય એવી એક શકયતા પાછલા અનુભવોના આધારે દેખાઈ રહી છે ત્યારે સભાગૃહ વતી હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આર્થિક માપદંડોને પ્રસ્થાપિત કરવા એ એક વાત અને એની સાથેસાથે પ્રસ્થાપિત થયેલા આર્થિક માપદંડોનું અમલીકરણ થાય એ પ્રમાણેનો સુવહીવટ આપવાની દિશામાં પણ એટલી જ જાગૃતતાથી આપણે કામ કરીએ તો જ કદાચ આપણે આ જે બીલ પસાર કરી રહ્યા છીએ એ બીલના હાર્દને એચીવ કરી શકીશું. પ્રશ્નોત્તરી દરમિયાન ગઈકાલે કે આગલા દિવસમાં રાજયના કુલ દેવાના સંદર્ભમાં ઘ ણીબધી ચર્ચા થઈ. આજે આ બીલની અંદર રાજયનુ કુલ દેવું ઘરગથ્થુ ઉત્પાદનના ૩૦ટકાથી ઘટાડીને ૨૭.૧ ટકા સુધીની જોગવાઈ લાવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે બજેટના પ્રવચનની અંદર જે આંકડા માનનીય મંત્રીશ્રીએ આપ્યા એ મુજબ રાજયનું કુલ ઘરગથ્થુ ઉત્પાદન ૪૨૯૩૫૬કરોડ રૂપિયામાં દર્શાવવામાં આવ્યું છે. હવે ૨૭.૧ટકા લેખે જો દેવું કરવાની કુલ લિમિટ આપણી થતી હોય તો એ લિમિટ લગભગ ૧૨૦૦૦૦કરોડ રૂપિયા જેટલી થાય અને આપણે ઓલરેડી માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ વર્ષ પૂરું થતાં થતાં કદાચ એક લાખ ૧૩ હજાર કરોડ કે ૧૪હજાર કરોડ સુધી પહોંચી જઈશું. હવે એનો અર્થ એ થયો કે બહુ જ લિમિટ આપણી પાસે છે એટલે લિમિટ સુધી દેવું આપણે કરી નાખવું. એક લાખ વીસ હજારની લિમિટ અને આપણે એક લાખ ચૌદ હજાર સુધી પહોચી ગયા એટલે બહુ કટોકટ પરિસ્થિતિમાં આપણે પહોંચીએ જેટલી લિમિટ છે એટલું દેવું કરી શકીએ છીએ. એટલી તમામ માત્રાનું દેવું કરવાની માનસિકતા સાથે જો આપણે ગુજરાતમાં ચાલીએ તો ગુજરાતને એક નંબરનું રાજય બનાવવાની જે આપણી માનસિકતા છે એ માનસિકતા કેટલી હદ સુધી આપણે સિદ્ધ કરી શકીશું એનો પણ વિચાર કરવાની જરૂર છે. માનનીય અનિલભાઈ પ્રવચન કરતા હતા ત્યારે ૧૦.૨૩ટકા ઘરગથ્થુ ઉત્પાદનના વૃદ્ધિદરને એમણે કદાચ ચાઈનાના વૃદ્ધિદરથી વધારે ગણાવ્યો મને ખબર નથી કે એમણે કયા આંકડાના આધારે ગણાવ્યો પણ મારે ચાઈનાની સાથે એની સરખામણી નથી કરવી. મારે ગુજરાતની સરખામણી ગુજરાતની સાથે કરવી છે અને હું કહેવા માગું છું માનનીય અનિલભાઈ કે ૨૦૦૫ અને ૨૦૦૬ ની અંદર ગુજરાત રાજયનો ઘરગથ્થુ ઉત્પાદનનો વૃદ્ધિદર ૧૯.૮ટકા હતો ત્યારપછી વર્ષોવર્ષ ઘરગથ્થુ ઉત્પાદનનો વૃદ્ધિદર ઘટતો ચાલ્યો છે. ૧૯.૮ટકાથી ઘટીને ૧૭ટકા એ આવ્યા. ૧૭ટકાથી પંદર ટકાએ આવ્યા. ગયા વર્ષે સાડા અગિયાર ટકા રહ્યા અને ચાલુ વર્ષે આપણે ૧૦.૨૩ટકા સુધી નીચે આવ્યા છે. ૧૯.૮ટકાથી ૧૦.૨૩ટકા એમાં બહુ ચિંતા કરવાની જરૂરિયાત છે કે વર્ષોવર્ષ આપણો વૃદ્ધિદર ઘટતો કેમ જાય છે? ૨૦૦૫માં કોઈ વૈશ્વિક મંદી નહોતી, ૨૦૦૬માં નહોતી, ૨૦૦૭માં કોઈ નહીં. આપણે બહુ પુખ્તતાપૂર્વક અને ગંભીરતાપૂર્વક ગુજરાતના અર્થતંત્રને લઈ અને વિચાર કરવો પડશે. બીલનું જે હાર્દ છે એ બીલનું હાર્દ અને એની જોગવાઈઓ સાથે સંમત થઉં છું પરંતુ માત્ર માનનીય નાણામંત્રીશ્રી અને સરકારને એક વાત આ સભાગૃહ થકી હું ભારપૂર્વક જણાવવા માગું છું કે માપદંડો પ્રસ્થાપિત કરીએ પણ એની સાથોસાથ માપદંડો એચીવ કરવાનો પણ પુરતો પ્રયત્ન કરીએ તો જ ગુજરાતના અર્થતંત્રને આપણે આગળ વધારી શકીશું.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ વિરામ બાદ ફરી ૧૧-૦૦ કલાકે મળશે. માનનીય સભ્યશ્રીનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ ૧૦-૩ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૧નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક લઈને આવ્યા છે. તેના સમર્થનમાં હું ઉપસ્થિત થયો છું. ગુજરાત સરકારે ગુજરાત રાજયના વિકાસની હરણફાળ ભરી ખૂબ જ ઊંચો વિકાસ કર્યો છે. ગુજરાત સરકારે ગુજરાત રાજયની વિકાસની ગતિ જાળવી રાખવા માટે મોટા પ્રયત્નો કર્યા છે. તે સાથે આ સરકારે રાજવિત્તીય સમતુલા જાળવી રાખવા સક્ષમ નાણાકીય વ્યવસ્થાપન કરેલ છે. રાજ્ય સરકારના સર્વાંગી વિકાસ સામે અનેક મુશ્કેલીઓ આવવા છતાં રાજય સરકારના સુદ્રઢ અને પારદર્શક વહીવટને કારણે રાજવિત્તીય સ્થિરતા જાળવી શકાઈ છે. છઠ્ઠા પગારપંચની ભલામણોનો અમલ કરવાના કારણે તથા દેશમાં દેશવ્યાપી કમરતોડ મોંઘવારીના કારણે ખર્ચમાં વૃદ્ધિ થવા છતાં પણ રાજય સરકાર મહેસૂલી પુરાંત થકી રાજવિત્તીય સમતુલા જાળવી રાખવા પ્રયત્નશીલ રહી છે. ૧૩માં નાણાપંચે અને કેન્દ્ર સરકાર જે તે રાજય સરકારોને રાજ વિત્તીય સુદ્રઢીકરણ માટેની ભલામણ કરેલ છે અને નાણાકીય વર્ષ-૨૦૧૧-૧૨ થી ૨૦૧૪-૧૫ના અંત સુધીમાં રાજવિત્તીય સુદ્રઢીકરણના લક્ષ્યાંકો નક્કી કરેલ છે તેમજ ૨૦૦૬-૦૭ સુધીમાં મળેલ લોન ઉપર તા. ૩૧-૩-૨૦૧૦ ના રોજ બાકી લોન ઉપરનો વ્યાજ દર ૯ ટકા નક્કી કરી નાણાકીય લાભ આપવા ભલામણ કરેલ છે. ૧૩માં નાણાપંચની ભલામણના અમલ માટે રાજવિત્તીય જવાબદારી અધિનિયમ સને ૨૦૦૫ની કલમ-૫ માં સુધારો કરવો આવશ્યક બનેલ છે. સુધારાની જોગવાઈઓ વર્ષ-૨૦૧૧-૧૨થી મહેસૂલી ખાદ્યને શૂન્ય સ્તરે રાખવી, મહેસૂલી પુરાંત પ્રાપ્ત કરવી અને જાળવી રાખવી. આ નાણાકીય વર્ષ દરમ્યાન દેવા મારફત સંશાધનો ઊભા કરવા પર ઘરગથ્થું ઉત્પાદનમાં

અંદાજિત એકંદરે ત્રણ ૩ ટકાથી વધે નહિ તે રીતે ઘટાડવી અને તે સ્તરે જાળવી રાખવી તેમજ રાજય સરકારના કુલ જાહેર દેવાને નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી વર્ષ- ૨૦૧૪-૧૫ ના અંત સુધી ઘરગથ્થું ઉત્પાદનના અંદાજિત ૨૭.૧ ટકાની મર્યાદામાં જાળવવું સરકારની સક્રિય દેવા વ્યવસ્થાપનના કારણે સરેરાશ ભારિત વ્યાજ ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૧૦.૭૯ ટકા હતું, તે ઘટીને માર્ચ-૨૦૧૦ ના અંતે ૮.૮૫ ટકા થયેલ છે. રાજય સરકારે દેવા વ્યવસ્થાપન માટેનાં યોગ્ય પગલાં ભરેલ છે તે માટે વ્યવસ્થાપન કાર્યાલય, બાંયધરી ફંડણી નિધિ અને એકત્રિત ડૂબત નિધિ જેવી વ્યવસ્થા કરેલ છે. બાંહેધરી ફંડણી નિધિમાં સતત વધારો થયો છે. સને ૩૧-૧૨-૨૦૧૧ ના રોજ આ ભંડોળ ૧૬૭૧ કરોડનું થયું છે અને એકત્રિત ડૂબત નિધિમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કુલ ૫૨૫૮ કરોડનું ભંડોળ જમા છે. રાજય સરકાર જાહેર દેવાના નિર્ધારણ માટે રાજયની રાજકોષીય જવાબદારીઓ વાર્ષિક વિકાસ આયોજનને ધ્યાને લઈ આયોજન પંચ અને કેન્દ્ર સરકારના પરામર્શ હેઠળ દેવા મારફત ઊભા કરવા પાત્ર સંશાધનોનું કદ અને પ્રકાર નક્કી કરવામાં આવે છે અને તે મુજબ જે તે વર્ષના રાજયના દેવાનું કદ નક્કી કરવામાં આવે છે. રાજય સરકાર દેવાનો ઉપયોગ રાજયના વિકાસ કાર્યો માટેનું એક સંશાધન છે અને આના દ્વારા રાજયના વિકાસનું આયોજન થઈ શકે છે. રાજયના વિકાસના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા નિર્ધારિત કરેલ છે, જેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ગુજરાત ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એમેન્ડમેન્ટ ૨૦૧૧ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ બીલ લઈ આવવાની જરૂર શા માટે પડી? માનનીય નાણાં મંત્રીએ એમ કહ્યું કે, ભારત સરકારના ૧૩મા નાણાં પંચની શરત હતી. તેની પહેલાં ૧૨મા નાણાં પંચની શરત હતી. આ શરતો મૂકવાની જરૂરિયાત શું કામ પડી? એટલા માટે કે રાજય સરકારો છે તે નાણાંકીય શિસ્ત જાળવે અને ચોક્કસ મર્યાદાની અંદર રહે. તે ચોક્કસ મર્યાદાની અંદર રહે અને તેમાં ખાસ કરીને જે બે આયામો છે બજૅટના અને નાણા તંત્રના તેમાં મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ વચ્ચેનો જે તફાવત છે તે આદર્શ રીતે ઝીરો હોવો જોઈએ. જે કરજ લેવાની વાત છે તેમાં આદર્શ સ્થિતિ એ છે કે કરજ આપણે ઝીરો લઈએ અને આપણા સંશાધનોમાંથી ખર્ચ કરીએ. કદાચ થોડું ઘણું કરજ લેવાની જરૂર પડે તો પણ તે કાયમી ધોરણે નહીં પણ ચોક્કસ ગાળા માટે, ટૂંકા સમય માટે લેવું જોઈએ. નાણાં મંત્રીએ એમ કહ્યું કે અમે તો કેન્દ્ર સરકારની મર્યાદામાં રહીએ છીએ. તેણે જે મર્યાદા મૂકી છે ૩૦ ટકાની કે ૨૭ ટકાની તે ૨૭.૫ ટકાની મર્યાદામાં છીએ. આ વખતની મર્યાદા છે કે આપણું ઘ ારગથ્થું ઉત્પાદન છે તેના સાપેક્ષમાં આપણે વધુમાં વધુ ૧ લાખ ૨૦ હજાર કરોડ રૂપિયા લઈ શકીએ અને આપણે ૧ લાખ ૧૩ હજાર કરોડ લીધા છે. એટલે જેટલું કરજ લેવાય એટલું બધું લીધું છે. નિયમ મુજબનું જેટલું લઈ શકાય તે લીધું. એમ કહેવામાં આવે કે અમે તો એમ કરવામાં સક્ષમ છીએ, રાજય સરકાર સક્ષમ છે. આપવા માટે સક્ષમ છે. આપણા વડવાઓ કહેતા કે કરજ કરીને ઘી ન પીવાય. કરજ કરીને ઘી ન પીવાય. રાજય સરકાર તો કરજ કરીને ઘી પીવે છે. માત્ર પી નથી રહી સાણંદની અંદર પિવડાવી રહી છે. મોટા મોટા કરોડપતિઓને. મને બોલાવો નહીં.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ આપનું ધ્યાન આ બાજુ રહે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ આપ એમને રોકો.

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ, માનનીય અર્જુનભાઈ.

*(xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તેનો જવાબ આપીશ. વિભાવરીબેન તમે જે જવાબ આપશો તેનો જવાબ આપવા હું સક્ષમ છું. વાત એ કરતો હતો કે પૈસાનો ઉપયોગ રાજય સરકારે જે ટેક્સમાંથી ઉઘરાવેલા છે તેનો ઉપયોગ વ્યાજબી રીતે કરે તો આ બીલની અંદર જે આદર્શ સ્થિતિ નક્કી કરી છે કે ઝીરો રેવન્યુ ડૅફિસિટ અને ઝીરો કરજ. પણ તે થઈ શકતું નથી. રાજય સરકાર એમ કહે છે કે અમારે તો ગ્રોથ રેટ વધારવો છે. મૂડી રોકાણ કરવા પાછળ ખર્ચ કરીએ છીએ. હું બીજી બુકમાંથી નથી કહેતા. રાજય સરકારની બુક છે સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૧૦-૧૧. તેમાં રાજયનું જે ચોખ્ખું ઘરગથ્થું ઉત્પાદન છે અને તેમાં જે માથાદીઠ આવક છે અને પાછલા વર્ષની સરખામણીએ વૃદ્ધિ ટકામાં. એટલે રાજયનો જે ગ્રોથ રેટ અને જી.ડી.પી. દર આમાં આપ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી બહારગામ જઈને તો એમ કહે કે અમે ડબલ ડીઝીટમાં છીએ અને અમે જર્મની અને જાપાનની સાથે હરીફાઇ કરીએ છીએ. હું એ જ આંકડા આપી રહ્યો છું કે કેવી રીતે કરી રહ્યા છે? એમ કહે છે અરે કયાં, અરે કૌભાંડ ત્યાં કર્યા (xxxx) (xxxx) (અંતરાય)

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ, માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે બિલ ઉપર ચર્ચા ચાલુ રહે, માનનીય અર્જુનભાઈ, આપ મારા તરફ ધ્યાન આપીને મૂળ બિલ ઉપર વાત કરો, ધ્યાન આ તરફ આપો આપ, ભરતભાઈ આપ બેસી જાઓ, માનનીય નીમાબેન આપ બેસી જાઓ.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### સભાગૃહને ગેરમાર્ગે દોરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ એવું કહે છે કે, આટલા હજાર કરોડનું કૌભાંડ કર્યુ છે, માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને ગેરમાર્ગે દોરવા માટેનો એ પ્રયાસ કરે છે અને હું પહેલા દિવસથી જોઈ રહ્યો છું કે ગમે તે ઘટના હોય, એ કોઈ આધાર પૂરાવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂક્યા સિવાય સતત આ ગૃહને ગેરમાર્ગે દોરવા માટેનો પ્રયાસ કરે છે અને એમની પાસે હોય અને એ પુરાવા આપની સમક્ષ ચકાસણી થયા પછી જ એના સંદર્ભમાં કહી શકે, માત્ર દર વખતે કોઈપણ ઘટના હોય એની અંદર આ એકની એ વાત સમાવીને આ સભાગૃહને ગેરમાર્ગે દોરવા માટેનો પ્રયાસ કરે છે આના સંદર્ભમાં મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. (અંતરાય).

**અધ્યક્ષશ્રી** : શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

## ગુજરાત રાજવિતીય જવાબદારી ( સુધારા) વિધેયક (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (ક્રમશઃ) (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આપે શબ્દો રેકર્ડ ઉપરની દૂર કરાવ્યા એ આવકારું છું પણ રાજય સરકારના રેકર્ડ ઉપર છે એ તો દૂર કરી જુઓ. ( અંતરાય ) એક વખત રાજય સરકારના રેકર્ડ ઉપરથી દૂર થઈ જાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ ગૃહના સમયનું મહત્ત્વ સમજીને બિલ ઉપર આપ ચર્ચા કરો, અને જે ચર્ચા થઈ ગઈ છે એને ફરી આપ ચર્ચામાં ના લાવો. આપ ફક્ત બિલ ઉપર જ વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર ચાલતો હતો, માનનીય અધ્યક્ષશ્રી, મારી આપશ્રીને વિનંતી છે કે, ત્યાંથી કોમેન્ટ કરશે એનો કોમેન્ટનો હું જવાબ આપીશ, પહેલા આપ એમને રોકો વિનંતી છે આપને, અને એક કહેશે તો એકના બદલે બે આવશે. માનનીય અધ્યક્ષશ્રી, વાત હું એ કરતો હતો કે આપણે એમ કહીએ છીએ કે હરીફાઇ કોની સાથે કરીએ છીએ? જર્મની અને જાપાનની સાથે, ભારતનો ગ્રોથ રેટ છે એ ૯.૬ ટકા છે. સમગ્ર ભારતનો ૯.૬ ટકા છે એવરેજ..(અંતરાય) મારી વાત પૂરી સાંભળીને પછી કહેજો.

**શ્રી સૌરભ પટેલ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે, ૯.૬ ટકા આવ્યો નથી, ખોટી માહિતી આપે છે અરે, આવ્યો જ નથી ૯.૬ ટકા,..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, માનનીય અર્જુનભાઈની જે વાત છે એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મંદીનો જ્યારે સમય હતો ત્યારે પણ ભારતે ૮.૬ ટકાનો વિકાસ દર જાળવી રાખ્યો છે. જ્યારે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી એવો દાવો કરે છે કે અમે ડબલ ડીઝીટમાં છીએ, પંદર ટકા વિકાસ દર છે. અમે બીજા દેશો સાથે હરીફાઇ કરીએ છીએ. ત્યારે ગુજરાતની સામાજિક- આર્થિક સરવેમાં રાજય સરકારે આંકડા આપ્યા છે એ વાંચી જાઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭ની અંદર જ્યારે કોઈ મંદી નહોતી, કેટલો વિકાસ દર હાંસલ કર્યો? તો કહે ૮.૫ ટકા, માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ (અંતરાય) માનનીય વજુભાઈને પૂછજો, મારે શું બોલવું એ તમે નક્કી નહીં કરો.

**અધ્યક્ષશ્રી** : માનનીય સૌરભભાઈ,..

**અધ્યક્ષશ્રી** : એની માહિતી માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં આપશે, આપ એમનું પ્રવચન ચાલવા દો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું જે બિલ છે એમાં મહેસૂલી ખાદ્ય કટલી, ફિક્સલ ડેફિસીટ કેટલી? એના અંગેનું જ બિલ છે એમાં નાણા ખાતાની સમસ્ત ચર્ચા આજે થતી નથી. નાણા ખાતાની સમસ્ત ચર્ચા કરવાની કોઈ જરૂર નથી. મહેસૂલી ખાદ્ય અંગે ચર્ચા કરે મને કોઈ વાંધો નથી. જેમ માનનીય શકિતસિંહે કહ્યું કે મહેસૂલી ખાદ્ય આટલી થઈ અને તમે આટલા કર્યા એ બરાબર છે, માનનીય સિધ્ધાર્થભાઈએ જે વાત કરી એ બરાબર છે. પણ તમે સમસ્ત નાણા ખાતા અંગેની જે ચર્ચા કરો છો એ બરાબર નથી કેમ કે એ આજે ચર્ચા નથી. મહેસૂલી ખાદ્ય અને ફિક્સલ ડેફિસીટ બે જ વસ્તુ આ બિલમાં આવે છે એટલે આ બિલમાં ચર્ચા મર્યાદિત રાખે એવી હું સૌને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ આપ મૂળ બિલ ઉપર જ વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર જ ચર્ચા કરીશ. વાત હું એ કરતો હતો કે નાણાં છે એ ગ્રોથ રેટ વધારવામાં કામ આવવા જોઈએ. પણ ૨૦૦૭માં ૮.૫ ટકા, ૨૦૦૮-૦૯માં ૭.૧ ટકા, ૨૦૦૯-૧૦માં જે અંદાજ મૂકયો છે એ ૧૦.૮ ટકા. વાત એ છે કે જો આ ગ્રોથ રેટ વધારી શક્તું ન હોય કરજ તો એ કરજ ઘી પીવામાં જ વપરાય છે અને ઘી પીવામાં જ વપરાય છે એના પણ હું આંકડા આપુ છું કે કયાં કયાં ઘી પીવાય છે? માત્ર બે જ આંકડા આપવા છે મારે વધારે નથી આપવા કે, હવાઈ જહાજની સેવાઓનો ખર્ચ ૧૦.૫૦ કરોડ અને ઉત્સવોમાં ૪ કરોડ રૂપિયા અને એ પણ આ બજેટ બૂકમાંથી જ આપ્યું છે મેં બીજે ક્યાંથી આ આંકડા નથી લીધા. માનનીય અધ્યક્ષશ્રી, અને છતાં આપણે ગ્રોથ રેટ વધારી ન શકીએ, આમ પ્રજાના કામમાં એ નાણાં ન આવી શકે તો કરજ શા માટે લેવું જોઈએ? માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવાય છે અહીંયા એક તરફ કે અમને કેન્દ્ર સરકાર મદદ નથી કરતી, વધારે ટેકસ લઈ જાય છે એટલા માટે અમારે કરજ લેવું પડે છે. હું તો માત્ર પાંચ જ આંકડા આપવા માગુ છું માનનીય નાણામંત્રીશ્રીને કે ટેક્સ કન્ટ્રીબ્યુટ કરે છે જે રાજ્યો એમાં જે ડાયરેક્ટ ટેક્સ છે એ મહારાષ્ટ્ર છે રૂા.૧,૨૯.૩૫૩ કરોડ,

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ઘણી વાર કહ્યું છે કે મારી મહેસૂલી ખાદ્ય અંગે બોલે પણ બીજા રાજ્યોમાં શું છે એ કમ્પેરીઝન જ ન આવે આ બિલની અંદર. હું આ મારા ગુજરાત રાજ્યનું બિલ મૂકું છું આખા હિન્દુસ્તાનનું બિલ નથી મૂકતો. એની એજ ફરીથી ચર્ચા કરે છે કે જે રીલેવન્ટ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રીલેવન્ટ છે એટલે જ આંકડા આપું છું માનનીય વજુભાઈ.

**શ્રી વજુભાઈ વાળા** : તમે ભલે કહો પણ મહેસૂલી ખાદ્યને રીલેવન્ટ હોય તો કહો. કરજ આટલા ટકા હોવું જોઈએ એમાં ટકાવારી હોય તો કહી શકે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વાત એ થતી હતી કે કન્ટ્રીબ્યુટ કેટલો ટેક્સ થાય છે? મહારાષ્ટ્ર ૧,૨૯,૩૫૩ કરોડ, ન્યુ દિલ્હી ૪૬,૯૬૧ કરોડ, કર્ણાટકા ૩૦,૮૦૬ કરોડ, તામિલનાડુ ૧૯,૦૨૧ કરોડ, આંધ્રપ્રદેશ ૧૩,૮૩૫ કરોડ, વેસ્ટ બંગાળ ૧૨,૦૨૮ કરોડ જ્યારે ગુજરાત કેન્દ્રને ટેકસ આપે છે ૧૧,૯૦૯ કરોડ અને ૧૧,૯૦૯ કરોડની સામે ૬૦,૦૦૦ કરોડ રૂપિયા કેન્દ્રએ ૪ વર્ષમાં આપણને આપ્યા છે. મહારાષ્ટ્ર ૧,૨૯,૩૫૩ કરોડ આપે છતાં કાંઈ ન ફરિયાદ કરે, ગુજરાતમાં આપણે અમ કહીએ કે અમે તો બહુ ટેકસ આપી દઈએ છીએ છતાં કશું રીટર્નમાં મળતું નથી. વાત એમ છે કે આ ખર્ચ બિનજરૂરી થાય છે એટલા માટે આપણું કરજ વધે છે. અને કરજ કેવું વધ્યું એનો હું તમને દાખલો આપું. ૧૯૯૪-૯૫માં ૯૦૪૪ કરોડનું કરજ હતું, જ્યારે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ શાસન સંભાળ્યું ત્યારે ૩૪,૪૫૦ કરોડનું કરજ હતું અને આજે કેટલું કરજ છે તો કહે આવતા વર્ષે ૧ લાખ ૨૫ હજાર કરોડ રૂપિયાનું કરજ થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, મોંઘવારી ગુજરાત એકલાને નથી નડતી, આખા દેશને નડે છે.

અને છતાંય ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશ પછી ગુજરાત સૌથી વધારે કરજવાન રાજયો છે એમાંનું પાંચમા નંબરનું રાજય છે, બીજાનું બજેટ આપણા કરતાં ડબલ, એમનું અરધું, છતાં એની પેરિટિમાં આપણું કરજ આવે અને માથાદીઠ કરજની અંદર માનનીય નાણામંત્રીશ્રી સ્પષ્ટતા કરે કે ૧૭,૨૦૦ના કરજ સાથે ગયા વર્ષે અગ્રિમ હરોળના જે રાજ્યો છે એમાં સૌથી વધારે કરજવાન રાજ્યોમાં જે રીતે પાંચમા અગ્રિમ હરોળમાં છીએ એ રીતે માથાદીઠ કરજમાં પણ અગ્રિમ હરોળમાં આવીએ છીએ.

**શ્રી વજુભાઈ વાળા** : માથાદીઠ આવક, કરજ આ રિલેવન્ટ જ નથી, જી.એસ.ડી.પી.ના પ્રમાણમાં કરજ કેટલું હોવું જોઈએ એના માટેની વાત છે, કરજ તમે વધારો છો આ ફાઈનાન્સીયલની ચર્ચા કરે છે આખા ડિપાર્ટમેન્ટની. આખા ડિપાર્ટમેન્ટની ચર્ચા નથી કરવાની. માનનીય સભ્યશ્રીને કહુ જે રિલેવન્ટ છે તે તમે બોલો, જે રિલેવન્ટ નથી એમાં શું કામ સમય વેડફો છો,

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટમાં પૂરું કરું છું. મારે બીજું વધારે નથી કંઈ કહેવું.

શ્રી વજુભાઈ વાળા : આટલું બોલ્યા એમાં બે મિનિટ પણ નથી બોલ્યા.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : વજુભાઈ કડવું લાગે એ સાંભળવું પડે, સત્ય કડવું હોય.

શ્રી વજુભાઈ વાળા : તમે બે કલાક બોલો પણ આને લગતું બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા** : આને લગતું જ છે, કરજને લગતું છે. ક્યારેક કડવું પણ સાંભળવાની તૈયારી રાખવી પડે. (અંતરાય) એટલે જે બિન વિકાસકીય કામમાં ખર્ચ થાય છે એટલા માટે આપણે કરજ વધારવું પડે છે અને એટલા માટે આ તેરમા નાણાં પંચે શરત મૂકવી પડે છે, ગુજરાત એમ કહે છે કે આદર્શ રાજય છે તો ઝીરો ડેફિશિટ અને ઝીરો કરજ એ આદર્શ સ્થિતિ છે પણ ૩૪૫૦૦માંથી ૧.૨૫ લાખ લઈ જઈએ અને પછી એમ કહીએ કે અમારું ગુજરાત સમૃદ્ધ રાજય છે તો સમૃદ્ધિ કદાચ કોઈના ઘરમાં આવે ચોક્કસ લોકોના પણ સામાન્ય પ્રજાના ઘરમાં એનાથી સમૃદ્ધિ નથી આવી જતી, છેલ્લે એકજ વાત હું કરીશ કે માનનીય નાણામંત્રીશ્રી આ બાબતમાં ખાતરી આપે કે અમે આદર્શ સ્થિતિ લઈ આવીશું અને આ મેગા પ્રોજેકટના નામે આપણે લોન લઈને એમને આપીએ છીએ એવી લોન નહિ આપીએ એવી ખાતરી આપે એવી હું અપેક્ષા રાખું છું અને આ બિલના

હાર્દ સાથે સંમત થઈને રાજય સરકાર પોતે થોડીક આંતરખોજ કરીને કરજ ઓછું કરવામાં અને ઝીરો ડેફિશિયન્સી લઈ આવવાનો પ્રયાસ કરે એવી વિનંતી સાથે મારું વકતવ્ય હું પૂરું કરું છું.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક, ૨૦૧૧ લઈને ગૃહ સમક્ષ રજૂ થયાં છે તેમાં હું મારો સૂર પૂરીને મારા મંતવ્યો રજૂ કરું છું.

અગાઉ ગૃહમાં તારીખ ૧૬ માર્ચ, ૨૦૦૫ના રોજ માનનીય મંત્રીશ્રી ગુજરાત રાજય રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫નું વિધેયક લઈને આવ્યા હતા. જેમાં રાજવિત્તીય વ્યવસ્થાપનમાં રાજયની સ્થિરતા, દુરંદેશીતા અંગે રાજય સરકારની જવાબદારીની જોગવાઈ કરવામાં આવી હતી. ખાસ કરીને રાજવિત્તીય નીતિમાં મહેસૂલી આવકમાં વધારો, મહેસૂલી ખાધમાં ઘટાડો કરી રાજવિત્તીય સ્થિરતા અને સુસંગતતા તેમજ નક્કર દેવા વ્યવસ્થાના અને રાજવિત્તીય વ્યવહારમાં વધુ પારદર્શકતાના વ્યવહારની જોગવાઈ કરવામાં આવેલ હતી, ઉપરોકત બિલની ઘણી બધી ચર્ચા થઈ પરંતુ સારું પરિણામ ઉપરોકત રાજવિત્તીય જવાબદારી જ્યારે લાવ્યા અને બિલ મંજૂર થયું ત્યારે સરકારે સુધારણાની દિશામાં જે આગળ વધી હતી તે જોઈએ તો આ સુધારા બિલના મુખ્ય ચાર ભાગ છે, સુધારામાં મુખ્યત્વે રેવન્યુ ડેફિશિયન્સી ઝીરો કરવાની વાત છે. ૨૦૧૧ થી ૨૦૧૨ના નાણાકીય વર્ષમાં શૂન્ય સુધી લાવવાની જોગવાઈ કરવામાં આવી છે. પહેલી એપ્રિલ, ૨૦૧૧ થી ૩૧ માર્ચ, ૨૦૧૨ સુધીના નાણાંકીય વર્ષની રાજવિત્તીય નાણાંકીય ખાધને રાજયના તે વર્ષના અંદાજિત ઘરગથ્થું ઉત્પાદનના ૩ ટકાથી વધે નહિ તે રીતે ઘટાડવાની જોગવાઈ કરવામાં આવેલી છે.

પહેલી એપ્રિલથી ૨૦૧૧ ૩૧માર્ચ, ૨૦૧૫ના પૂરા થતાં વર્ષ સુધીમાં રાજય સરકારનું કુલ જાહેર દેવું ઘરગથ્થું ઉત્પાદન

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલાના પણ એક સભ્યશ્રી પણ આ વિધાનસભા ગૃહમાં અગાઉના માનનીય અધ્યક્ષશ્રીઓના સ્પષ્ટ માનનીય અધ્યક્ષશ્રી આદેશો છે. એક મૌલિકતા આવે, અમને પણ આવડે તૈયાર કરીને આવે પણ મારા સભ્યો મહેનત કરી, જાતે કોઈ પણ જાતનો હાથમાં કાગળ રાખીને વાંચવાનો પ્રયત્ન નથી કરતા. આ બીજા માનનીય સભ્યશ્રી છે આની અગાઉના પણ માનનીય સભ્યશ્રી આખુ લખેલું જ વાંચ્યા કરે. આ મૌલિકતા પણ નથી, આ પરમીટેડ પણ નથી અને વાંચન ન થઈ શકે એ માટેનો આદેશ થવા વિનંતી.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી આપે જે કંઈ મુદ્દાઓ છે તે યાદ કરવા પૂરતા આપ વાંચી શકો છો બાકીનું આપ બોલો.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે પણ ગૃહ સમક્ષ રજૂ કરું છું તે આંકડાકીય માહિતી જ રજૂ કરું છું હું કંઈ વાંચતો નથી. અને આંકડાકીય માહિતી છે તે તો સ્પષ્ટ હોવી જ જોઈએને? માનનીય અધ્યક્ષશ્રી, જે તેમણે વાત કરી હતી વાત એ છે કે, ખાદ્ય ઘટાડવાની વાત છે તે ખાદ્ય ક્યારે ઘટે? કયા સંજોગોમાં ઘટે તે પણ સમજવું જરૂરી છે. રાજયની મહેસૂલી આવક છે તે મહેસૂલી આવકની અંદર જો વધારો થાય તો જ રાજયની ખાદ્ય ઘટવાની છે. રાજયની જે મહેસૂલી આવક છે તે મહેસૂલી આવકના આંકડા ઉપર નજર કરીએ તો ૨૦૦૮-૦૯ની જે મહેસૂલી આવક હતી તે ૨૦૦૯-૧૦ની મહેસૂલી આવકમાં ૨૫.૮૭ ટકા વધારો થયો છે. ૨૦૦૯-૧૦ થી ૨૦૧૧-૧૨માં અંદાજિત જે કરેલ રકમ છે તેમાં ૧૫ ટકા વધારો થવાનો છે. આ રાજયની મહેસૂલી આવક જે વધે છે ૨૫.૮૭ ટકા જેટલી જે વધી છે તે જ બતાવે છે કે મહેસૂલી ખાદ્યની અંદર ઘટાડો થાય છે. એ જોગવાઈ કરવામાં આવી છે. દેવા વિશે વાત કરીએ છીએ કે રાજયનું દેવું આટલું થયુ, રાજયના દેવા વિશે આપણે જે વાત કરી હતી તો રાજય સરકાર જે દેવું કરે તે રાજયના વિકાસ અને આયોજન માટે દેવું કરે છે. રાજયના વાર્ષિક આયોજનના ખર્ચને જે છે તે પહોંચી વળવા માટે જે આયોજન પંચે નિયત કરેલ છે તે નિયતના આધારે દેવું કરે છે. આપ જે કહો છો તે આંકડાકીય માહિતીની અંદર તે માહિતી જોતાં આ સુધારા બિલમાં જે ચાર જોગવાઈઓ આવી છે અને જે આંકડાકીય માહિતી છે તે ૨૦૦૪-૦૫ના સ્થિર ભાવ રાજયનો એકંદર દ ારગથ્થુ ઉત્પાદન વર્ષ ૨૦૦૯-૧૦માં ૩,૩૧,૬૩૩ કરોડ હતુ જે ૨૦૦૯-૧૦ દરમિયાન ૩ લાખ ૮૪૭ કરોડનો સરખામણીમાં ૧૦.૨ ટકા વૃદ્ધિ દર થયો છે. સાથે સાથે ૨૦૦૯-૧૦માં ૪,૨૯,૩૫૬ કરોડ અંદાજવામાં આવેલ છે જે ૨૦૦૮-૦૯માં ૩,૬૭,૭૪૫ કરોડ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે વાત થઈ તેના માટે મારે ગૃહ સમક્ષ એક જે રિપોર્ટ છે તે રિપોર્ટની હું થોડીક વાત કરવા માંગુ છું. ઑડિટર જનરલ ઓફ ઈન્ડિયા સ્ટેટ બજેટ CBC તેના ડાયરેકટર સુબ્રમણ્યમે એક રિપોર્ટ રજૂ કર્યો છે તે રિપોર્ટમાં એવું છે કે જે પણ બજેટ છે અને બજેટના જે પેરામીટર આપવામાં આવ્યા છે તે પેરામીટર પ્રમાણે કઈ સરકાર કામ કરે છે ગુજરાત નંબર વન ફક્ત એક ઉપર નથી પણ આ રિપોર્ટ આપ્યો છે તે રિપોર્ટ પ્રમાણે ૬૧.૭ ટકા પેરા પ્રમાણે પણ છે. સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બીજો પણ એક રિપોર્ટ બન્યો છે "Gujarat is the second government in the world announced by International Council." અને આ જે રિપોર્ટ છે તે રિપોર્ટમાં no power cut, ૬૦% female studying, ૫૦% of Indian export from Gujarat, ૩૦% of Indian share market investment is from Gujarat, આટલું છે. આ પરિસ્થિતિ જોતાં જે પ્રમાણે આ વિધેયક લઈને માનનીય

નાણામંત્રીશ્રી જે આવ્યાં છે તેમાં જે રીતે ઘરગથ્થું આપણું ઉત્પાદન વધી રહ્યું છે અને ઉત્પાદન વધતાં જે મહેસૂલી આવક છે તે ઉત્પન્ન થશે. તે મહેસૂલી આવકના સામે મહેસૂલી ખાદ્ય જે છે તે ઘટવાની છે. અને ૨૦૧૧-૧૨નું જે વર્ષ છે તેમાં સ્પષ્ટ દેખાય રહ્યું છે એ રીતે ૨૦૧૦-૧૧ની અંદર મહેસૂલી આવક અને મૂડી ઉપરની આવકની અંદર જે પ્રમાણે પુરાંત બોલે છે તે પુરાંત આગળ વધતાં તે પણ પુરાંત બોલશે એવું ચોક્કસ લાગી રહ્યું છે માનનીય નાણામંત્રીશ્રી જે આ વિધેયક લઈને આવ્યાં છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત રાજય વિત્તીય જવાબદારી સુધારા વિધેયક ૨૦૧૧ લાવ્યા છે, એના ઉપર મારી વાત કહેવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કરજ આપણી સદ્ધરતા ઉપર મળે છે એનું ગૌરવ હંમેશા લેતા હોય છે. સાથે સાથે અમે કોઈ ઓવરડ્રાફટ લીધો નથી તેમ પણ કહેતા હોય છે. ઓવરડ્રાફટ લેવો એ કોઈ કલંક નથી. રાજયને જરૂર પડે ત્યારે ૧૫ દિવસ પૂરતો આપણને ઓવરડ્રાફટ મળતો હોય છે. ઓવરડ્રાફટ લેવો ન પડયો એનું કારણ એ છે કે અગાઉના વર્ષોમાં કુદરતી આફતો વખતે જે મારકેટ બોરોઈંગ અને જુદી જુદી સંસ્થાઓ પાસેથી જે રકમ એકત્રિત નિધિમાં, કોન્સોલિડેટેડ ફંડમાં વધેલી છે, એના ઉપર ૪૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ ઉપરનો વધારો સાચવી શકયા એને લીધે નથી લેવો પડયો. આ બિલ ગુજરાત રાજય વિત્તીય જવાબદારી અધિનિયમ ૨૦૦૫ હેઠળ રજૂ કરવાના પત્રકોની જો આપણે વાત કરીએ તો કેન્દ્ર સરકાર ઉપર હંમેશા કેન્દ્ર સરકાર આપતી નથી અને હમણાં માનનીય રાજય કક્ષાના નાણામંત્રીશ્રીએ એવું નિવેદન કરેલું કે ૧૩માં નાણા પંચ દ્વારા કેન્દ્ર સરકારે અમને અન્યાય કર્યો છે. આવતા ૫ વર્ષોમાં ૨૦૦૦ કરોડ રૂપિયા ઓછા મળવાના છે. મેં જવાબ આપ્યો કે ૧૧માં નાણા પંચ પછી આપણે ૧૨માં નાણા પંચ વખતે કોંગ્રેસ પાર્ટીએ પણ ત્યાં જઈને રાજયના હિતોની રજૂઆત કરેલી, એના કારણે ૧૧માં પંચ વખતે ૫ વર્ષમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયા મળેલા અને એની સરખામણીએ ૧૨માં નાણા પંચમાં ૨૫ હજાર કરોડ રૂપિયા આ રાજયને વધુ આપવામાં આવેલ હતા.

માનનીય અધ્યક્ષશ્રી, જે પર્સન્ટેઝ કરવેરાની આવક અને બિન કરવેરાની આવક અને કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાયની ટકાવારી જોઈએ તો ૨૦૦૫માં એન.ડી.એ. સરકાર ગઈ અને યુ.પી.એ. સરકાર આવી એના પછી ૨૧ ટકા સુધી કરવેરા અને ૮.૫૧ ટકા બિન કરવેરાની આવક હતી, એની સામે ૩૨ ટકા કેન્દ્ર સરકારે આપ્યા. ૨૦૦૬ની સાલમાં પણ ૧૯ ટકાની સરખામણીએ ૨૫ ટકા કેન્દ્ર સરકારના મળ્યા. ૨૦૦૭માં પણ ૧૯ ટકાની સામે ૨૩.૫૮ મળ્યા અને છેલ્લા આંકડા જોઈએ તો ૨૦૧૦-૧૧માં જે આંકડા હતા એ ૧૭ ટકાની જગ્યાએ ૧૯ ટકા મળ્યા. આ સતત આપણને કેન્દ્ર સરકારના પર્સન્ટેઝ-વાઈઝ નાણા મળતા હોય, તેમ છતાં આપણું કરજ હંમેશા વધતું જાય અને આપણો વ્યાજનો આંકડો જે છે એ પણ વધતો જાય. આપણે એમ કહીએ કે ઉંચા વ્યાજની લોનો પાછી આપીને ઓછા વ્યાજની લોનો લઈએ છીએ. પરંતુ ટોટલ આંકડો એનો ગત વર્ષોમાં વધતો ચાલ્યો છે. આ વર્ષે ૧ લાખ ૧૩ હજાર કરોડનો છે. પણ આવતા વર્ષના અંદાજો જે આપેલા છે, લક્ષ્યાંકો જે આપેલા છે. આપણી ખાદ્યના લક્ષ્યાંકો ઓછા કરતા જઈએ, અત્યારે આપણો સુધારેલો અંદાજ આ વર્ષનો ૫૫૬૧ નો છે, પણ ૨૦૧૧-૧૨માં અંદાજ માત્ર ૪૪૩ કરોડ અંદાજીત હોય. ૨૦૧૨-૧૩નો અંદાજ ૫૦૦ કરોડ અને ૨૦૧૩-૧૪ નો પણ ૫૦૦ કરોડનો. આપણે સ્વપ્નોમાં રાચતા હોઈએ તો રાચી શકાય, પણ વાસ્તવિક રીતે આ કઈ રીતે થઈ શકે? અર્જુનભાઈએ કહ્યું તેમાં હું સૂર પૂરાવું છું કે રાજયની આવક વધારવાની હોય ત્યાં ઘટાડો થાય અને એનું ગૌરવ લઈએ. ૨૫મી તારીખે મને એક પ્રશ્નમાં જે જવાબ મળેલો છે, આ સભાગૃહમાં જે જવાબ મળેલો છે, તે આપણા બધાની આંખ ઉઘાડનારો બનવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મેરી ટાઈમ બોર્ડના બેલેન્સશીટમાં કહેવામાં આવ્યું છે. હંમેશાં એની ચકાસણી કરનાર ઓડિટનો અહેવાલ આવતો હોય અને ૨૦૦૪-૦૫ ના રિપોર્ટ સુધી ૧૨૦૦ કરોડ રૂપિયાની ડેફિશિએટ શામાટે જમા કરી નથી? આ સી.એ.જી.ની નોંધમાં હંમેશાં કહેવામાં આવ્યું છે. મારા સવાલના જવાબમાં િવિભાગ એમ કહે છે કે ખાનગી બંદરોના કરાર અનુસાર ઘસારા ખર્ચ માટેની કોઈ જવાબદારી નથી એટલે આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. (અંતરાય) આ એટલા માટે કે ૧૨૦૦-૧૪૦૦ કરોડની આ ઘસારાની રકમ તમે જમા ના કરો અને સેટ અપ આપતા કરો તો રાજયનું કરજ વધવાનું જ છે. આવા ડ્રેન આઉટ પૈસા થઈ જશે એ પૈસા રાજયની તિજોરીમાં આવતા નથી. તો આવતા દિવસોમાં કરજ વધે નહીં અને કરજ ઓછું થાય એ વાત ધ્યાનમાં રહે એટલા માટે આ વાત હું સરકારના ધ્યાન ઉપર મૂકવા માગું છું. આ આંકડાઓ જે છે એ અરીસા જેવા છે. અરીસામાં તમારો ચહેરો કેવો છે એ બતાવે છે એટલા માટે હું આ આંકડા રજૂ કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : ચહેરો તો એ આપણે ભેગા હતા ત્યારે ખૂબ જોયો હતો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** :આ એકાઉન્ટીબિલીટી માટેનું ઈન્સ્ટિટયુટ છે અને આપણે બધા સભ્યો એના પ્રહરી છીએ. એને અમને જયારે કોઈ કમ્પ્લેનર એટલે કે ફરીયાદી કહે ત્યારે એ માથાના ઘા જેવું લાગે છે. અમે જવાબ આપીએ છીએ અમે રાજયના કસ્ટોડિયન છીએ અને આ રાજયની આવકના એકે એક પૈસાનો હિસાબ લેવા માટેની આ સંસ્થા છે અને આ વિધાનસભાના તમામ સભ્યશ્રીઓ એના માટે સક્ષમ છે એટલા માટે આ રાજયના પૈસા જયાં આ રીતનું તમે તમારા બેલેન્સ શીટમાં બતાવ્યું હોય એ કંપનીઓના બેલેન્સમાં ડેપ્રીસિએશન બતાવ્યું હોય એ ડેપ્રીસિએશન આપણે જતું કરીએ તો..

**શ્રી વજુભાઈ વાળા** :આમાં આ કંપનીઓના ડેપ્રીસિએશનને આ બિલને સાથે શું લાગે વળગે છે?

**શ્રી બાબુભાઈ મે. શાહ :** મને તા. ૨૫ ના રોજ વિધાનસભામાં આપેલ મારા પ્રશ્ન ક્રમાંક ૧૮૩૫૪ ના જવાબનો હવાલો હું આપું છું.

**શ્રી દિલીપ સંઘાણી** :માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયા મુજબ આજના બિલ આપણે સમયમર્યાદામાં પૂરાં કરવાનો છે એટલે સમયની મર્યાદા સમજીને બિલ ઉપર દરેક માનનીય સભ્યશ્રી બોલે. બાકી માનનીય રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવમાં અને બજેટની સામાન્ય ચર્ચામાં તો આ ચર્ચા કરવાની તક મળવાની છે. તો બધા સભ્યો આ બિલની મર્યાદામાં રહીને બોલે એટલી કાળજી રાખે એવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી**: માનનીય સભ્યશ્રી, આપ સીધા બિલ ઉપર જ વાત કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર એટલા માટે બોલવા માગું છું કે આ ૧૩ મા નાણા પંચના માર્ગદર્શન પ્રમાણે એની જે રેખાઓ નકકી કરવામાં આવેલ છે, એના જે લક્ષ્યાંકો નકકી કરવામાં આવેલ છે, એનું આપણું ગ્રોસ ઉત્પાદન જે છે એના ૨૭ ટકા કરતાં વધુ કરજ ના થાય અને રાજકીય ખાદ્ય જે છે એ ૩ ટકા કરતાં વધે નહીં. એ રાજકીય ખાદ્ય ઓછી કરવી હોય તો જે આવકો ડ્રેન આઉટ થાય છે એ જો તમે મેળવી શકો તો આ ખાદ્ય ઓછી થઈ શકે અને કરજ પણ ઓછું થઈ શકે. એટલા માટે મને જે જવાબ મળ્યો છે એના ઉપર માનનીય નાણામંત્રીશ્રી ધ્યાન આપશે. આજે અમે રાજયની જે આવકો આ રીતે ડ્રેન આઉટ થાય છે એનું અમે ધ્યાન દોરતા હોઈએ છીએ કારણકે આ વિધાનસભામાં અમારી એ ફરજ બનતી હોય છે કે આવું બનતું હોય એના માટે સરકારનું અને ખાતાનું ધ્યાન દોરે તો સરકારે એના ઉપર ધ્યાન આપવું જોઈએ અને એટલા માટે આ બિલ ઉપરની ચર્ચા છે ત્યારે આ બિલને સંલગ્ન બાબત મેં કહી છે એના ઉપર મનન કરીને મને જવાબ આપે અને મને કહે કે આ ડેપ્રિસિએન લેવાનું નહોતું અને એ લેવાનું બંધ કર્યુ છે. એની તપાસ કરવાની મને ખાતરી આપે તો ખબર પડે કે આ રાજયના ૨ હજાર કરોડ રૂપિયાનું ધોવાણ થાય છે, જે પૈસા ડ્રેન આઉટ થાય છે એ રોકી શકીએ.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે આ બિલ લઈને આવ્યો છું એ બિલમાં માનનીય સભ્યશ્રીઓએ જે ચર્ચા કરી એ ચર્ચામાંથી આ બિલને લગતી જેટલી વાત છે એનો જ બરાબર પરફેકટ જવાબ અપાય તો આ બિલનું હાર્દ જળવાઈ રહે, બાકી નાણા વિભાગ અંગેની જે ચર્ચા કરી એમાં વિશેષ કાંઈ કહેવાનું નથી.

માનનીય શકિતસિંહજી અને માનનીય સિધ્ધાર્થભાઈએ જે રીતે વાત કરીને કહ્યું કે તમે ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ નું જયારે બજેટ રજૂ કર્યુ ત્યારે જે વાત કરી હતી અને ત્યારપછી જે પરિસ્થિતિ નિર્માણ થઈ.(અંતરાય)

અને એકચ્યુઅલી જ્યારે હિસાબ આવ્યો ત્યારે તે કરેલી વાત અને આપેલ હિસાબ એ બન્નેમાં ડિફરન્સ છે અને ખાસ કરીને ફીસ્કલ ડેફીસીટી એમાં ત્રણ પોઈન્ટ બાકી છે તે નહીં, પણ ખાસ મહેસુલી ખાદ્ય વિષેની વાત કરી, તો તેનો જવાબ હું આપીશ. ૨૦૦૮-૦૯ના બજેટમાં મેં સુધારેલા અંદાજોમાં ૨૫૮.૫૬ કરોડની મહેસુલી પુરાંત બતાવેલી હતી. અને ચોખ્ખો હિસાબ થયો ત્યારે માઈનસ ૬૫.૭૫ કરોડ એટલે અંદાજે ૬૬ કરોડની ખાદ્ય રહી હતી. તેના માટે મારે કહેવું છે કે ૨૦૦૮-૦૯માં જયારે કેન્દ્ર સરકારે કેન્દ્રીય વેચાણ વેરાના ૪ ટકા હતા તે ૪ ટકામાંથી એક વર્ષ ૩ ટકા કર્યા અને ૩ ટકા કરવાથી એક ટકાની જે ડેફીસીટ થઈ તે એક ટકાની રકમ કેન્દ્ર સરકાર રાજય સરકારને આપશે તેવી બાંહેધરી આપી હતી. બીજા વર્ષે એ ચાર ટકામાંથી બે ટકા કરવાનું અને બે ટકાની ડેફીસીટ છે તે બે ટકા કેન્દ્ર સરકાર રાજય સરકારને આપશે તે રીતની વાત હતી. માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૮-૦૯માં જે સી.એસ.ટી. હતો તે ૪ ટકાને બદલે બે ટકા રાજય સરકાર વસૂલ કરતી હતી અને બે ટકા છે તે કેન્દ્ર સરકાર આપણને આપશે ૨૦૦૮-૦૯માં તે પ્રમાણેની બાંહેધરી હોવા છતાં પણ જે ૨૦૦૮-૦૯માં રાજય સરકારે ૧૨૭૭ કરોડ રૂપિયા પોતાને બે ટકા લેખે વસૂલ કર્યા એટલે એટલા જ બે ટકા પ્રમાણે ૧૨૭૭ કરોડ રશૂપિયા કેન્દ્ર સરકાર પાસેથી લેવાના હતા. પરંતુ કેન્દ્ર સરકારે આપણને ૨૦૦૮-૦૯માં ૧૨૭૭ કરોડ આપવાને બદલે માત્ર ૧૫૬ કરોડ રૂપિયા જ આપ્યા, એટલે આપણી પાસે ૧૧૨૧ કરોડ રૂપિયા ઓછા આવ્યા જે આપણે કેન્દ્ર સરકાર પાસેથી લેવાના બાકી રહયા ૨૦૦૮-૦૯ના અંતે. અને આજની તારીખે પણ ૪૫૧ કરોડ રૂપિયા બાકી છે. હવે કહયું છે કે આ બજેટ પછી આપશું. એ આવે તે જુદી વાત છે. પણ આ ૧૨૭૭ માંથી ૧૫૬ કરોડ જે આવ્યા તે બાદ કરીએ તો ૧૧૨૧ કરોડ રૂપિયા તે આપણે લેવાના બાકી થતા હતા. પરંતુ પાછળથી જે આપ્યા તે બાદ કરતા ૪૫૧ કરોડ આજે પણ બાકી છે. એટલે બીજા વર્ષમાં ૬૭૭ કરોડ રૂપિયા આપ્યા. આ જે ૬૭૭ કરોડ રૂપિયા છે તે આપણને ૨૦૦૮-૦૯ પછીના વર્ષમાં આપવાને બદલે ૨૦૦૮-૦૯ના વર્ષમાં આપ્યા હોત તો હું જે અંદાજો લઈને આવ્યો હતો કે ૨૮૫.૫૬ કરોડની પુરાંત રહેશે તેના બદલે કેન્દ્રએ મને ૬૭૭ કરોડ જે કાયદેસરના રાજય સરકારના હતા તે જે તે વર્ષમાં આપી દીધા હોત તો તે દિવસે આપણી પાસે ૬૬ કરોડની ખાદ્ય રહી તે ન રહેત અને ૨૫૮ કરોડ મહેસુલી પુરાંત દર્શાવી હતી તેના બદલે ૬૭૭ માંથી ૬૬ કરોડ બાદ કરીએ તો ૬૦૪ કરોડ રૂપિયા જેટલી પુરાંત રાજય સરકારને રહી હોત. આમાં કંઈ ખોટું નથી. આંકડાકીય

દ્રષ્ટીએ જ વાત કરું છું. ૨૦૦૯-૧૦માં આંકડામાં ક્હયું તે પ્રમાણે ૬૯૬૬ મે તે દિવસે કહયું હતું કે મહેસુલી ખાદ્ય છે. તે દિવસે મેં ૩૦૦૦ કરોડ ઉપરાંતની વાત કરી હતી તેના બદલે ત્યારે પણ જે સી.એસ.ટી.ના પૈસા મને ટાઈમસર મળવા જોઈએ તે ન મળ્યા અને સી.એસ.ટી.ની રકમનો હું વિચાર ન કરું તો પણ ૨૦૦૯-૧૦માં કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ માટે ૨૦૦૮-૦૯માં સમાધાન થયું અને તેના પછી ૨૦૦૯-૧૦માં આપવા પડયા તે છઠ્ઠા પગાર પંચના કારણે ૩૭૬૨ કરોડ રૂપિયા વધારાની રકમ જે બજેટમાં આપવા માટેની કોઈ જોગવાઈ નહોતી તે વધારાની રકમ મારે ૩૭૬૨ કરોડ આપવા પડયા. એ ૩૭૬૨ કરોડ રૂપિયાની વધારાની રકમ મારે આપવી પડી અને પેન્શનરોને પેન્શન માટે ૧૩૬૯ કરોડ રૂપિયા આપવા પડ્યા આ પ્રમાણે કુલ ૫૧૩૧ કરોડ રૂપિયા જે તે વર્ષની અંદર અણધાર્યા આપવા પડ્યા અને જે સી.એસ.ટી.ના ૧૬૦૧ કરોડ રૂપિયા બાકી હતા એ પણ આપણને ન મળ્યા. આ રીતે પગાર, પેન્શન અને સી.એસ.ટી.ની કેન્દ્ર પાસેથી લેવાની બાકી રકમ ન મળી એના કારણે ૬૭૩૨ કરોડ રૂપિયા જે મારા રાજયની કાબૂ બહારની વાત હતી એની અંદર ચૂકવવા પડ્યા એના લીધે ૬૯૬૬ કરોડ રૂપિયા જે ખાદ્ય બતાવી એ વર્ષમાં ખાદ્ય ૩૯૦૦ કરોડ રૂપિયા જેવી હતી એના બદલે ખરેખર હોત તો એ વર્ષમાં મારે કર્મચારીઓને છઠ્ઠ પગારપંચ કર્મચારીઓને આપવું પડ્યું ન હોત એ વર્ષમાં મારે પેન્શનરોને પેન્શનના પૈસા ન આપવા પડ્યા હોત અને સી.એસ.ટી.ના પૈસા રેગ્યુલર એ જ વર્ષમાં મળ્યા હોત તો ખરેખર જે અંદાજ હતો એ નિયમિત રીતે પાળી શકત. ૩૯૧૩ કરોડ રૂપિયા મહેસૂલી ખાદ્ય સન ૨૦૦૯-૧૦ના અંદાજમાં મૂકેલ હતી અને સુધારેલા અંદાજમાં મેં હમણાં વાત કરી એ મુજબ ત્રણ રકમ જે મને ટાઈમસર મળી ગઈ હોત તો હું સન ૨૦૦૯-૧૦માં પુરાંત રજૂ કરી શક્યો હોત. એટલે આ જે કંઈ પરિસ્થિતિ છે એમાં કોઈ નાણાકીય જવાબદારી મેઈન્ટેઈન કરેલ નથી એવું નથી. મારે આ તબક્કે એટલું જ કહેવાનું કે મે જે તે વખતે બજૅટમાં રજૂઆત કરી હતી એ તમામ વસ્તુઓ સાચી પડેલ છે, રાજય સરકાર પોતાની મર્યાદામાં રહીને કરે છે પરંતુ અણધાર્યા પ્રસંગો જેવા કે છઠ્ઠ પગાર પંચ આપવું પડ્યું અને કેન્દ્ર સરકારે જે સી.એસ.ટી.ના પૈસા આપવાની બાહેધરી આપી હતી એ રકમ આપણને જે તે વર્ષમાં આપવા જોઈએ એ ન આપ્યા એના લીધે હિસાબની અંદર ખાદ્ય દેખાય છે. આ રીતે સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં પણ આ રાજયને ટાઈમસર પૈસા મળ્યા હોત તો એ વર્ષના બજૅટ પણ પુરાંતવાળા હોત. આ બે વર્ષની અંદર જે પ્રમાણે રાજવિતિય ખાદ્ય અને વિશ્વવ્યાપી મંદીના કારણે આખા હિન્દુસ્તાનના તમામ રાજયોને કેન્દ્ર સરકાર તરફથી છૂટ આપી હતી તેમ છતાં આપણે રાજવિતિય ખાદ્યમાં જે તે વર્ષમાં આપણે મેઈન્ટેઈન કરવા માટે સક્ષમ રહ્યા છીએ. આ રીતે માનનીય સભ્યશ્રીએ પોતાની ચિંતા વ્યક્ત કરી છે એની અંદર રાજય સરકારે ભૂતકાળની અંદર પણ મહેસૂલી પુરાંતવાળુ રાજય રહ્યું છે અને ભવિષ્યમાં પણ મહેસૂલી પુરાંતવાળુ રાજય રહેશે એ નિર્વિવાદ વાત છે એટલા માટે આ મારુ જે બિલ છે એ સર્વાનુમતે મંજૂર કરે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ઊભા થયેલ પ્રશ્નનો ખુલાસો કરતા એ વાતનો સ્વીકાર કર્યો કે બજૅટમાં જે રીતે જોગવાઈ કરવામાં આવી હતી મહેસૂલી ખાદ્યના સંદર્ભમાં એ કોઈને કોઈ કારણોસર આપણે એને એચિવ કરી શક્યા નથી એના કારણોની વિસ્તૃત ચર્ચા કરવાનો પ્રયત્ન કર્યો છે. આ તબક્કે મારે બે વાત કહેવી છે financial discipline એ maintained છે અને વર્ષ દરમિયાન જે કંઈ બનાવો અણધાર્યા બનતા જાય એને continuously monitoring કરી જે સંદર્ભમાં બજૅટમાં લક્ષ્યાંક સિદ્ધ કર્યા હોય એને આપણે જાળવવા પ્રયત્ન કરવો જોઈતો હતો. આ સંદર્ભમાં સી.એસ.ટી.ના રેઈટ કેન્દ્ર સરકાર દ્વારા ઘ ટાડવામાં આવ્યા એનું compensation રાજયને મળવું જોઈતુ હતું એ મોડુ મળ્યું છે એના સંદર્ભમાં ઉલ્લેખ કર્યો છે ત્યારે મારે કહેવું છે કે આ મોડા મળ્યા ત્યારે એને compensate કરવા માટે આપણે વેટ ઉપર સરચાર્જ નાખ્યો ત્યારે નાણામંત્રીશ્રીએ આ સભાગૃહ સમક્ષ ખુલાસો કર્યો હતો કે આ સરચાર્જ એક વર્ષ માટે નાખવામાં આવે છે. આ વિશિષ્ટ પરિસ્થિતિ ઉભી થઈ છે તેના સંદર્ભમાં નાખવામાં આવે છે. આજે એ વાતને ત્રણ વર્ષ થઈ ગયા, હજી પણ વેટ ઉપરનો સરચાર્જ આપણે કાઢતા નથી. તો આપ આ સરચાર્જ દૂર કરવા માગો છો કે નહીં?

**શ્રી વજુભાઈ વાળા** : આ વખતે કેન્દ્રના ફાયનાન્સ મિનિસ્ટરે પણ આ બાબતમાં કંઈ સ્પષ્ટ વાત કરી નથી કે ગયા વર્ષનું તમને બે ટકાનું જે રીબેટ આપે છે એ આપીશું કે નહીં, અમે એના માટે વિચાર કરીશું એવી રીતે વાત કરી છે. એટલા માટે થઈને એ બે ટકા છે. એ જો આપવાની વાત કરતા હોય તો આજની તારીખે પણ આપણે આ ટેક્સ રાખવા માગતા નથી અને આપે કહ્યું કે આ કન્ટીન્યુઅસ પ્રોસેસ છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય નાણામંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે જે વખતે વેટનો ડીફરન્સ એક વર્ષ મોડો મળ્યો. એક પ્રક્રિયાના ભાગ રૂપે વર્ષ પૂરું થાય ત્યાર પછી કેન્દ્ર સરકાર તેની ગણતરી કરીને બીજાં વર્ષે આપે. એ મોડો મળ્યો. એના માટે આ સરચાર્જ એ વર્ષ માટે નાખવામાં આવ્યો. ત્યાર પછી તો ધારો કે એક એક વર્ષ મોડો મળતો જાય તો પણ આગલા વર્ષોના પૈસા આપને મળતા હોય છે. એ સરચાર્જ તો જે વર્ષે નાખવામાં આવ્યો હતો એ પછી આપે દૂર કરવો જોઈતો હતો.

**શ્રી વજુભાઈ વાળા** : સવાલ એ છે ૯-૧૦ સુધી મળ્યો. ૧૦-૧૧નું આપણને કંઈ મળ્યું નથી. એટલા માંથી ૨૦૧૦-૧૧માંથી આપણને ૨ ટકાનું એ રીતે લાગુ પડે છે. આ જે બે ટકાનું છે એ ૨૦૦૮-૦૯થી લાગુ પાડ્યું નથી. આપણને જ્યારે પૈસા મળતા નથી ત્યારે આ સવાલ આવીને ઉભો રહે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૪નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૪નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૪નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨

# મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (રદ કરવા બાબત) વિધેયક, ૨૦૧૧

### સન ૧૯૫૮ના મુંબઈનો (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનો અધિનિયમ રદ કરવા બાબત વિધેયક

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨, સન ૨૦૧૧ના મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (રદ કરવા બાબત) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨, સન ૨૦૧૧ના મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (રદ કરવા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈનો કચ્છ ક્ષેત્રમાંના ઈનામો નાબૂદ કરવા બાબતનો અધિનિયમ ૧૯૫૮ એટલે કે ૩૦-૧૨-૧૯૫૮થી અમલમાં આવ્યો. આ કાયદાને કારણે કચ્છ ક્ષેત્રમાંના ઈનામો અને પેટા ઈનામો નાબૂદ કરવામાં આવ્યા અને પ્રકરણ-૩ની કલમ-૧૨ અને ૧૬ની જોગવાઈ મુજબ એમને એ સમયે વળતર પણ ચૂકવી દેવામાં આવ્યું. એ ઉપરાંત ઈનામદારોની જે જમીનો ગણોતિયાઓ ખેડતા હતા તે ગણોતિયાઓને પણ કલમ-૬ અને ૭ ના આધારે તેમને પણ તેમનો ભોગવટાનો હક્ક તેમના નામે આ બધી જમીનો કરાવવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૦-૧૨-૧૯૫૮નો અધિનિયમ હતો. એમાં એવું દર્શાવ્યું હતું કે, તા.૩૦-૧૨-૧૯૫૮ એ સગીરવયની કોઈ વ્યકિત હોય તો એને આ અધિનિયમ હેઠળ વળતર ચૂકવવાનું હતું. પરંતુ આજે આમાં ૨૦૧૧ સુધી કોઈ સગીર વયનું રહેતું નથી. એટલે એમને વળતરનો પ્રશ્ન રહેતો નથી. એ ઉપરાંત એમાં જોગવાઈ કરવામાં આવેલ હતી. ઇનામદાર અને પેટા ઇનામદાર કોઈ વિધવા હોય એને પણ એ સમયે અમુક પ્રકારનું મહેસૂલ આવે, એનો અમુક પ્રકારનો ભાગ આપવામાં આવતો હતો. કચ્છ જિલ્લાની અંદર આવી ૭૨ જેટલી વિધવા બહેનો છે. એમને પણ રાજય સરકાર રૂ.૧૨૭૫/- વર્ષાસન તરીકે ચૂકવી રહી છે. આ એકટ નાબૂદ કરવામાં આવી રહ્યો છે ત્યારે આ બહેનો જ્યાં સુધી જીવશે ત્યાં સુધી એમને આ રકમ આપવામાં આવશે. એટલે એની ઉપર કોઈ કાપ આવતો નથી. આ અધિનિયમ હેઠળ જે ઇનામદાર પોતે જમીન ખેડતો હતો એમના માટે તો એમની જોગવાઈ થઈ ગઈ, જે લોકો ઇનામદારની જમીન ગણોતિયાઓ ખેડતા હતા એમને પણ એમનો હક્ક આપી દેવામાં આવ્યો છે. તા.૧૪/૭/૧૯૮૦માં એક સંકલિત ઠરાવ બહાર પાડ્યો અને એની અંદર એવી જોગવાઈ કરવામાં આવી કે, તા.૩૧/૭/૧૯૬૦ ના નિયમ ૪ હેઠળ અરજી કરેલ હોય, બીજું ઇનામદારનું ગામ અને ગામની આજુબાજુ પાંચ માઇલ એરિયાની અંદર કોઈ જમીન સરકારે સંપ્રાપ્ત કરી હોય એને ઇનામ આપવાનું છે એ એનાથી વધે નહીં તે રીતે ઇનામ આપવાનો પ્રશ્ન હતો. એની અંદર પણ આજે કોઈ પ્રશ્ન બાકી રહેતો નથી. એ ઉપરાંત આ ઇનામી ધોરણોની કલમ-૧૨ અને ૧૩ના વળતરના કેસો અત્યારે બાકી છે અને એ લગભગ ૧૧૫૩ જેટલા કેસો બાકી છે. આમાં તા.૧૩/૯/૧૯૯૪ની અંદર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. એની મુદત ૧૯૯૪ સુધી આ જે વળતરના કેસો છે એનો નિકાલ કરવો જોઈએ. પરંતુ સંજોગોવસાત આ ૧૧૫૩ કેસોમાં વળતર આપવાનું બાકી રહ્યું છે. આ કાયદો રદ કરવા છતાં પણ રીપીલ એકટની કલમ ૩(૩) ની અંદર

• વિધેયક તા. ૨૯મી જાન્યુઆરી ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મુંબઇ જનરલ કલોઝીસ એકટ, ૧૯૦૪ની કલમ ૭ની જોગવાઈ મુજબ થઈ શકે છે. આ જે ૧૧૫૩ કેસો વળતર આપવા માટેના બાકી છે એની પણ કાર્યવાહી આપણે કરી શકીશું. આ એકટની કલમ ૬,૭ અને ૮હેઠળની કલમમાં એવો પ્રશ્ન હતો. જેમાં ૫૩ ઉપરનું બધું જ દૂર કર્યું છે અગર દૂર કરવાનું છે. જૂની શરતમાંથી નવી શરત રદ કરીને વેચાણ રદ કરવાનું હતું. આવા ૨૦૦૦ કરતાં વધારે કેસો પેન્ડીંગ પડ્યા હતા. એવા કેસોનો નિકાલ કરવાનો પ્રયત્ન કર્યો અને હવે ૫૬૮ કેસો બાકી રહ્યા છે અને આ જે કેસો બાકી છે એ ભલે કાયદો રદ થતો હોય પણ એનો નિકાલ પણ આપણે કરી શકીશું અને એટલા માટે આ કાયદો આવ્યો અને એનો ઉદ્દેશ હતો એ પાર પડી ગયો છે, મોટા ભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને જે કામગીરી બાકી છે એ કામગીરી પૂર્ણ કરવા માટે રાજય સરકાર અત્યારે પ્રયાસ કરી રહી છે અને આ વિધેયક રદ થાય તો પણ તેમના પ્રશ્નોનો નિકાલ કરી શકીશું. ગુજરાત વિધેયક ક્રમાંક-ર સન ૨૦૧૧ હું લઈને આવી છું અને અત્યારે આ વિધેયકની જરૂરિયાત નથી અને કાયદા વિભાગે પણ મંજૂરી આપી છે અને આપ એના ઉપર આપના વિચારો વ્યક્ત કરો અને આ વિધેયક રદ કરવા માટે સભાગૃહને હું વિનંતી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈનું કચ્છક્ષેત્રમાંના ઈનામો નાબૂદ કરવાનું , રદ કરવાનું વિધેયક ૨૦૧૧ લઈ અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી આવ્યા છે, એના ઉપર હું મારો વિચારો રજૂ કરું છું, આ બિલનો હું વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૫૮માં આ બિલ જ્યારે આવ્યું ત્યારે ગુજરાત રાજયની રચના થઈ નહોતી, "ક" વર્ગનું કચ્છ રાજય મુંબઇના દ્વિભાસી રાજયમાં ભળ્યું એ અરસામાં સૌરાષ્ટ્રનો જે રુણ રાહત ધારો કે જમીન સુધારણાનો કાયદો એ લોકસભાએ પસાર કરેલો, અને કચ્છનું એડઝોર્નીંગ એરીયા માટેનું જે બિલ જે છે જમીન સુધારણા માટેનું એ બિલ ચર્ચામાં હતું, અને એટલા માટે દ્વિભાસી મુંબઈ રાજયમાં ૧૯૫૮ની સાલમાં વિદર્ભ માટેનું લેન્ડ એબ્યુલેશન એકટ જે હતો એની કલમો લાગુ પાડીને આ ઈનામ નાબૂદી ધારાનો અમલ થયો અને એને કારણે કચ્છના જે લીલા માથા વઢાવીને આ કચ્છની ધરતીને જાળવી રાખેલી કચ્છની આ સાર્વભૌમત્વને જાળવી રાખેલું અને એ વર્ગને જે એની ચારસોને ઉપરના આ જે ઈનામદારો હતા, જાગીરદારો હતા એમાં કોઈ એક કોમના નહોતા, એમાં ચારણો હતા, વાણિયા હતા, બ્રાહ્મણ હતા, દલિતો હતા આ બધા જે જાગીરદારોની એમની જે પોતાની મિલકતો હતો એ કલમના એક ઝાટકે એમના હક્કો છીનવી લેવાયા અને એટલા માટે થઈ એનો જબરજસ્ત વિરોધ કચ્છ આખામાં થયેલો, સૌરાષ્ટ્રની અંદર જે જમીન સુધારાનો ધારો આવ્યો અને જે ધારો લાવનારા હતા એમને લોકોએ આવકારેલા અને આ ધરતીપુત્રોના હિતની અંદર થયેલું છે, જેમની જમીન હતી એમને ૨૧ પટનું વળતર આપીને આ જમીનો લેવાઈ છે, અને ૨૧ પટ જો ખેડૂતની પાસે ના હોય તો રાજય સરકારે એ પૈસા ભરી દીધા, ગઈ કાલે જ ગણોતધારાનું બિલ આવેલું ત્યારે માનનીય મંત્રીશ્રીએ એનો ઉલ્લેખ કરેલો, પણ કચ્છની અંદર જે ઈનામદારોની જમીનો, માત્ર ત્રણ પટ, મહેસૂલના ત્રણ પટ, અને એની એકરની કિંમત વધુમાં વધુ મર્યાદામાં ૯ રૂપિયાની આંકવામાં આવેલી, અને આ રીતે એ પટની રકમ તો ભરાઈ નહીં, જેમની જમીનો ખેડૂતો ખેડતા હતા એમને જમીનના કબજા આપી દેવાયા, પણ એ કબજાની સામે જે ઈનામદારોને વળતર જે મળવું જોઈએ એ વળતર અપાયું નહીં અને એટલા માટે ૧૯૮૦ની અંદર ગુજરાત વિધાનસભામાં તત્કાલીન મહેસૂલ મંત્રી, મુખ્યમંત્રીશ્રી માધવસિંહજી સોલંકી જ્યારે આ બિલ લઈને આવેલા અને ત્યારે મેં મારા વિચારો રજૂ કરેલા, અને એમાં બહુ કહ્યું હતું કે કચ્છના ખેડૂતો પ્રત્યે અમને સંપૂર્ણ સહાનુભૂતિ છે. એમને સર્વાંગી વિકાસ કરવો જોઈએ એ સાથે અમે સંમત છીએ પણ કચ્છનો જ ઈનામનાબૂદી ધારો આવ્યો અને એ સૌરાષ્ટ્ર અને બીજા રાજયો કરતાં જરા નોખી જાતનો હતો અને એની અંદર માત્ર એક ટકો જે કહેવાતા ઈનામદારો કે ગિરાસદારો હતા જેમની આવક પાંચ હજાર કરતાં પણ ઓછી હતી અને મોટા ભાગના જે ઈનામદારો જે છે એ ૨૦૦ રૂપિયાની પણ આવક નહોતા ધરાવતા તેમ છતાં ઈનામદારો કહેવાયા, ગરીબીની રેખા નીચે જીવતો આ વર્ગ અને એના માટે મેં માત્ર એકે નથી કીધું મારા અગાઉ ગુજરાત વિધાનસભામાં રાજકોટ-રમાંથી ચૂંટાયેલા, મનોહરસિંહજી જાડેજા, વિદ્વાન સભ્ય જે આ સભાગૃહમાં હતા એમણે પણ આ ઈનામદાર નાબૂદી ધારાને કારણે મળવાપાત્ર થતી રકમની ઈનામદારો, લેણદારો કલેકટરને અરજી કરી વળતરને સીધેસીધા લેણા વસૂલ કરી શકે આવી જોગવાઈ આમાં કેમ બતાવવામાં નથી આવેલી એવો પ્રશ્નાર્થ પણ કરેલો.આ સભાગૃહમાં જશવંતસિંહજી દાનસિંહજી ચૌહાણ જે રિફોર્મર હતા, ખેડૂતોના હિતની વાત કરતાં એ આ ઈનામદારોને થતા અન્યાય સામે સુધારો લાવેલા. ૧૦૦૪નો જે ઉલ્લેખ થયો, આ ૧૦૦૪ની મુંબઈ કચ્છ વિસ્તાર ઈનામ નાબૂદી વિધેયક સુધારીને છેલ્લે જ્યારે લાવ્યા અને ત્યારે એમણે કહ્યું કે આ વિધેયક લાવવાની જરૂરિયાત એટલા માટે છે કે (સમયસૂચક ઘંટડી) હજુ તો શરૂઆત છે. બિલ ઉપર બોલવાની છૂટ હોવી જોઈએ. કચ્છની વાત આવે છે, મારા વિસ્તારના જે લોકો છે, લગભગ એના કારણે અઢી લાખ લોકોને અસર કરે છે અને કચ્છનો એક ઈતિહાસ છે કે કઈ રીતે આ સાર્વભૌમત્વ ટકાવ્યું હતું એની વાતો, ઐતિહાસિક વાતો આના સમર્થનમાં કરવાની છે. આજે સરહદી વિસ્તાર હોય, સરહદી વિસ્તાર ઉપર હંમેશા કોઈકને કોઈકનો ડોળો હોય છે. કચ્છ ઉપર પણ આક્રમણો થયેલા અને આજે વિશ્વમાં ૧૭ જે મહાભારત સહિતના યુદ્ધો થયા એમાં ઝારાનું યુદ્ધ ગણાય છે. આ જારાના યુદ્ધમાં કચ્છીઓએ એકત્ર થઈને સિંધમાંથી આવેલા યોદ્ધાઓ સામે લડીને આ મા-ભોમને બચાવેલ અને આ સાર્વભૌમત્વને બચાવવા

માટે થઈને અને જેમણે જેમણે શહીદી વહોરી હતી એ તમામને આ કચ્છ રાજ્યના માલિકો હતા એ માલિકો નહીં પણ એને જમીન હક્કો આપીને આ ઈનામદાર કે જાગીરદારના હિતો આપેલા. ધરતીના છોરું થવાય, ધણી ન થવાય એ કચ્છે દેખાડેલ. હું પણ કચ્છમાંથી આવું છું, મારો પરિવાર પણ ખેડૂત હતો. અમે પણ બુટેદાર તરીકે હતા. રેવન્યુ ભરવાની હોય, ભાગ આપવાનો હોય, ઈનામદાર કર્યા એના પૈસા પેટેની રકમ ભરી બોજામુક્ત થઈ ગયા છીએ. ઘણા નથી થઈ શક્યા. આ અંગે વારંવાર હું કહેતો કે સરકાર આ ખેડૂતો વતીથી આ પેટેની રકમ ભરી દે અને જાગીરદારોને સમયસર રકમ આપી દે. એ વખતે રકમ મળી હોત તો આજે રૂપિયાની કિંમત છે એ એ વખતે મળી હોત તો એ લોકો સ્થિર થઈ શક્યા હોત. ૧૯૬૪નો ઠરાવ છે પણ એની અંદર ઉત્સવભાઈ પરીખ, તે વખતના મહેસૂલ મંત્રી અને કચ્છ રાજપૂત સભા સાથે એક સમાધાનની ફોર્મ્યુલા રચવામાં આવેલ હતી અને એની અંદર સર્વસંમતિથી ફોર્મ્યુલા રચવામાં આવેલ અને એની અંદર ઈનામદારને એમના વિસ્તારની જે નોન મીનરલ, રેતી વગેરે હોય એમાં એની માગણી હોય તો એમાં અગ્રતાક્રમ આપવાની વાત હતી. ખેતીની જમીન જાય એ સિવાય જમીન હોય એના ઉપર એને ઝાડ-પાનનું વળતર આપવાની વાત હતી. આ વળતર કઈ રીતે મળી શકે, કઈ રીતે મળ્યું એનો એક અહેવાલ મારા જ વિસ્તારના એક વડીલ શ્રી રણજીતસિંહજી ગુમાનસિંહજી જાડેજા, વાઢિયા ઠાકોર સાહેબે પોતાના સ્વ અનુભવો આલેખેલા છે અને એમના જ પરિવારના એક સદસ્ય આ સન્માનનીય ગૃહમાં માનનીય પ્રદિપસિંહજી જાડેજા એ પણ આ પરિવારમાં કચ્છના ઈનામદાર પૈકી મારા વિસ્તારમાં એમની પોતાની પણ જાગીર અને ગામ છે. સમય અને કાળના પરિવર્તનો કોઈના રોકતા રોકાતા નથી. પરંતુ સાથે ન્યાયની વાત છે એ હંમેશા આપણે પારખવી જોઈએ અને એ આ કચ્છમાં કઈ રીતે આવ્યું એનો સીલસીલાબદ્ધ ઈતિહાસ છે. આ જાગીરદારોને જે ખાસ અધિકારો આપવામાં આવેલા. કચ્છની અંદર આ જાગીરદારોની એમની ખાસ કોર્ટો ચાલતી હતી. માનનીય મહેસૂલ મંત્રીશ્રીને કહું કે આ જો એનો તમે અભ્યાસ જો કર્યો હોત તો આ કચ્છ જે છે એને તમે પારખવામાં, સમજવામાં ખૂબ સમય જોઈએ. માત્ર ભૂકંપ પછીનું કચ્છ અને થોડુંક ઔદ્યોગીકરણ થયું હોય અને પાણીના ભાવે આપેલી જમીનોની અંદર એ કમાણી થતી હોય એને કારણે કચ્છની સંપત્તિની તમે આકારણી નહિ કરતા. માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની સંપત્તિ કેટલી છે ખબર છે? ખાલી ચૂનાનો પથ્થર છે એ અમારે ત્યાં ૩ લાખ કરોડની કિંમતો છે. ૬૦૦ કરોડ ટન ચૂનાનો પથ્થર એનો ૫૦૦ રૂપિયા ટનના હિસાબે જો ગણવામાં આવેને તો ૩ લાખ કરોડ ટનની એ સંપત્તિ છે. કચ્છની વસ્તી અત્યારે ઔદ્યોગીકરણના કારણે ભલે વધી હોય પણ મૂળ કચ્છની વસ્તી છે ૧૦ લાખની વસ્તી હતી. કાળક્રમે જઈને એ ૨૦૦૧ની અંદરની, ૧૯૯૧ની વસ્તી ગણતરી ગણીએ તો ૧૨ લાખ કરતા વસ્તી વધતી નહોતી. એ પછી ક્રમે ક્રમે વસ્તીનું પ્રમાણ આખા દેશની અંદર, ગુજરાતની અંદર વધતું ચાલ્યું. ડેનસીટીની રીતે જોઈએ તો ઘનતા ૧ કિલોમીટરે ગુજરાતની અંદર લગભગ ૨૫૦ કરતા એની આજુબાજુ છે. કચ્છની અંદર માત્ર ૧૯ની ઘનતા ૧ કિલોમીટરે છે. એટલે લોકોની વસ્તી ઓછી અને વિસ્તાર ખૂબ મોટો અને એની એકે એક ઈંચ ધરતી જે છેને એ પોટેન્શ્યાલીટી સાથેની છે. કોઈ એમ માનતું હોય કે કચ્છ ઉજ્જડ છે અને એ સફેદ રણની અંદર કદાચ ઉત્સવો થતાં હોય પણ આ સફેદ રણ છેને એ મરિન કેમિકલ્સ ઉત્પાદનનું, વિશ્વની અંદરનું શ્રેષ્ઠ સ્થળ છે. ઈઝરાયલનાં ડેડ સરોવર જેવું આ પોટેન્શ્યલ છે અને આ સન્માનીય સભાગૃહની અંદર મેં મારા વિચારો મે-૧૯૮૩માં રજૂ કરેલા અને ત્યારના તત્કાલીન મુખ્યમંત્રી, ઉદ્યોગમંત્રી માધવસિંહજીભાઈએ હકારાત્મક જવાબ આપેલો અને એને કારણે શક્ય બન્યું છે. ૧૯૯૩ની અંદર સદ્‌ગત ચીમનભાઈ પટેલના વખતમાં આ ઉદ્યોગ માટેની જમીનની ફાળવણી કરવામાં આવેલી. આ સરકારે જમીનની અંદર એક્ષપાન્સન માટેનો હકારાત્મક વલણ રાખી અને વધુ જમીનો આપેલી છે અને એને કારણે આ કચ્છની એકે એક જમીન જે છેને એ કોઈકને કોઈક રીતે પોટેન્શ્યલ જમીન છે. આ જમીનના જે ધારકો હતા એને કલમના એક ઝાટકે આપણે જે માલિકો હતા એમાંથી આપણે મજૂર કઈ રીતેના બનાવી શકીએ? જે ખેતીની જમીન હતી, જે ખેડૂતો હતા, આ વાંઢિયા ઠાકોર સાહેબે એમના પાંચ ગામો હતા એની અંદરની ૧૨૦૦૦ એકર જમીનમાંથી ૮૦૦૦ એકર જમીન એમણે ખેડૂતોને આપી દીધી. બાકીની ૪૦૦૦ એકર જમીન એમના ઉપરનું એમને જે વળતર મળવું જોઈએ, કરાર ઉત્સવભાઈ પરીખ સાથે જે અંડર સ્ટેન્ડિંગ થયેલું એ પ્રમાણે મૂળ બિલ આવેલું ત્યારે ઉતાવળની અંદર વિદર્ભના કાયદાનું, કારણ કે ૧૯૩૫ માં જ્યારે આ દેશની અંદર જ્યારે પહેલી વિધાનસભાઓ રચાયેલી ત્યારનું એ વિદર્ભની વિધાનસભાનું એ બિલ છે. વિદર્ભ ક્યાં અને કચ્છ કયાં? આ બંનેની સરખામણી ના હોય ત્યારે આ બિલની અંદરની કેટલીક ખામીઓ રહી ગયેલી એ ખામીઓ પછીની સરકારોએ સુધારેલી છે. મારે કહેવું જોઈએ કે એ કોણે સુધારી? બધું રેકોર્ડ ઉપર છે અને ઉત્સવભાઈ પરીખની સમિતિએ અને કચ્છ રાજપુત સમાજના મહારાજ કુંવર હિંમતસિંહજી અને આગેવાનો સાથેનો જે કરાર થયેલો એ કરારનું પાલન કર્યુ છે કે કેમ? એના ઉપર માનનીય મહેસૂલ મંત્રીશ્રી અભ્યાસ કરે અને જો ના થયો હોય તો આ બિલ પસાર કરવાની ઉતાવળ આજે ના કરે એટલું મારે કહેવું છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે માનનીય દલસુખભાઈ જ્યારે અહીંયા આ બિલ લઈને આવેલા અને ત્યારે અમારા વિદ્વવાન સદસ્ય અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માનનીય સુરેશભાઈ મહેતા વિરોધપક્ષમાં બેઠેલા હતા અને ત્યારે એના માટે એમણે કોઈને દોષિત નથી ગણ્યાં. પરંતું એવું કહ્યું કે આ સરકારી મશિનરી એના માટે જવાબદાર છે. માત્ર નોકરશાહી જે છે એણે આ વર્ગની કોઈ ચિંતા કરી નથી અને એટલા માટે મેં કહ્યું કે પેલા વાંઢિયા ઠાકોર સાહેબે એમના અનુભવમાં કહ્યું કે

એમનો કેસ પેન્ડિગ હતો, ગાંધીનગર આવ્યા ત્યારે તપાસ કરી ત્યારે તત્કાલીન મહેસૂલ સચિવશ્રી જુત્સી હતા એમણે આ તપાસ કરી તો આ ફાઈલ અભેરાઈ ઉપર છોડેલી.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ આના પછી આપણે હજુ એક બીલ પૂરું કરવાનું છે, કામકાજ સલાહકાર સમિતિનો નિર્ણય છે અને હજુ એક બીલ બાકી છે, એટલે આપ સમય મર્યાદા સમજો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ લાખ લોકોનો સવાલ છે. આખા પ્રદેશનો સવાલ છે અને એટલા માટે આ બીલ જ્યારે આવેલ છે ત્યારે

**અધ્યક્ષશ્રી** : એક કલાકમાં સભાગૃહનું કામ પૂરું થવાનું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : કારણ કે, મને ખબર છે કે, મહેસૂલ મંત્રીશ્રી કહેશે કે તમારા વખતમાં શું થયું હતું? એના પહેલાં હું કહું કે આ બીલ જે લાવ્યા હતા એની સામેનો લોકોનો જે વિરોધ થયો હતો. સૌરાષ્ટ્રમાં એને આવકાર આપવામાં આવ્યો હતો અને કચ્છમાં આ બીલના અસરગ્રસ્તોની સાથે આખા કચ્છની જનતા રહેલી અને ૧૯૬૨માં કચ્છ રાજપૂત સભાએ સ્વતંત્ર પાર્ટીના નેજા નીચે એ લોકશાહી ચૂંટણીઓમાં સંપૂર્ણ વિજય મેળવેલો એટલે આપ એનો ખ્યાલ રાખજો કે આ બીલની સાથે માત્ર એક વર્ગ નથી પણ સમગ્ર કચ્છની પ્રજાને સ્પર્શતી આ બાબત છે, આની અંદર કોઈ એક આંગળીને વેઢે ગણાય એવા જો કોઈ રાજવી હોય તો એના પ્રત્યે બહુ ન હોય પરંતુ કચ્છની અંદર હંમેશા પરંપરા રહી હોય કે રાજા અને પ્રજા એક સાથે મળીને, દરેક કોમ જે છે એક સાથે મળીને કચ્છનું ગૌરવ જાળવે છે અને એટલા માટે હું હંમેશા કહું છું કે, કચ્છ એ પ્રવિત્ર પ્રદેશ છે. અહીં ખુટલોની અમારે ત્યાં કમી નથી, કુહાડાના હાથ પણ અમને મળે છે, કચ્છ ઉપરનું આક્રમણ પણ કોઈ કચ્છી લઈ આવેલો પણ તેમ છતાં ઝારાના મેદાનમાં કચ્છીઓ એકત્ર બનીને લડયા/શહીદ થયા  અને એને કારણે કચ્છીની આ માભોમ અમે બચાવી શક્યા, સાર્વભૌમત્વ અમે બચાવી શક્યા અને આજે ભારત વર્ષની અંદર કચ્છનું એક આગવું સ્થાન જે છે એ અમે ટકાવી શક્યા એટલા માટે થઈને કચ્છની પ્રજા વતીથી મારે વાત કરવાની છે. આ બીલ મહેરબાની કરીને સિલૅક્ટ કમિટીને આપો, પ્રવર સમિતિને આપો અને એની અંદરની જે કાંઈ ખામીઓ છે એ સુધારીને તમે લાવો તો અમે સ્વીકારવા માટે તૈયાર છીએ પણ જે વર્ગને આની અસર થાય છે કારણ કે, ત્યારે પણ માનનીય દલસુખભાઈએ કહેલું અને આપે પણ એનો આપના ઈન્ટ્રોડકશન વખતે જેનો ઉલ્લેખ કરેલો કે, ડિસૅમ્બર, ૧૯૯૪ પહેલા આ તમામ પ્રશ્નોનું નિરાકરણ થશે અને આપે પણ કહ્યું કે, જે ૧,૧૦૦ કરતાં વધુ કેસીસ છે એનું નિરાકરણ થશે પણ એની સમય મર્યાદા ખરી કાંઈ? ૧૯૯૪ની અંદર આ બીલ જ્યારે રજૂ થયું ત્યારે માનનીય આ સભાગૃહના ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે અને શ્રી પ્રવિણસિંહ જાડેજા અને બીજા કેટલાય સભ્યોએ એને સમર્થન આપેલું. હું ૧૯૮૦ની વાત કરું ત્યારે ખરાશંકર જોષી વગેરે કોંગ્રેસના ધારાસભ્યો હતા તે વખતે હું ભા.જ.પ.નો ધારાસભ્ય હતો અને અમે બંનેએ આ બીલનો વિરોધ કરેલો અને સૂચન કરેલ એના માટે થઈને અસરગ્રસ્ત લોકો જે છે એને માટેની મેં વાત કરેલી હતી આ તમામ બાબતો ઑન રેકૉર્ડ ઉપર છે માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ મંત્રીશ્રીને મારે કહેવાનું છે કે, આની અંદર જરાપણ ઉતાવળ કર્યા સિવાય જે વર્ગને અન્યાય થતો હોય અને એનો અન્યાય દૂર કર્યા પછી તમે આ બીલનું અમલીકરણ, આટલા વર્ષો સુધી આ બીલને રદ કરવાના કોઈ કારણો ખાસ એવા નડ્યા નથી કે જેથી કરીને આપણે ઉતાવળથી આ બીલને, આ બીલની કોઈ અસરો થતી હોય અને સામાન્ય ખેડૂતને જો એમાં કોઈ નડતરપણું થતું હોય તો બરાબર છે પણ હા, આ બીલને કારણે જે ઈનામદારોની જે જમીનો છે એ સરકાર દાખલ થઈ જાય છે અને સરકાર આ જમીનો પાણીના ભાવે એ ઉદ્યોગપતિઓને કે બીજા કોઈને વેચી દેવી હોય એના માટે થઈને જો ઉતાવળ કરવાની હોય તો આપણે સમજી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ હળવાશથી ના લે, માનનીય પંચાયત મંત્રીશ્રી બહુ હળવાશથી લે છે, પણ આ પ્રભારી મંત્રી છે એટલા માટે થઈને કચ્છની એકે એક ઇંચ ધરતી જે છે એ પોટેન્શીયલ ધરતી છે, કચ્છમાં પાણી મળે તો શું થઈ શકે, આજે કચ્છની કેરી છે એ છેક અમૅરિકા સુધી નિકાસ થાય છે અને એ રીતે આ ધરતીની સાથે સંકળાયેલા જે અમે એમાંથી આવીએ છીએ અને અમારી ફરજ બની જાય છે કે, આ ધરતીના તમામ વર્ગના લોકો હોય કોઈને અન્યાય ના થાય, તમામને ન્યાય મળે એની કાળજી લેવી જોઈએ એવી વાત હું આપના મારફતે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને કહું છું. કારણ કે, એમાં જે વિધવા બહેનોની વાત કરી, વિધવા બહેનોને ૧૨૭૫/- રૂપિયાનું વર્ષાસન મળે હવે એ વાત ગઈ પણ શરૂઆતમાં તો માત્ર ૩૦/- રૂપિયાનું વર્ષાસન આ નક્કી કરવામાં આવેલું હતું. આજે ઉત્સવભાઈ પરીખ સાથેની સમિતિ વખતે જે નક્કી કરવામાં આવ્યું એના કારણે થોડાંક લાભો એ વખતે મળ્યા પણ એ વખતના જે લાભો, બંને પક્ષને જોઈને એના પાસા જે બે પક્ષનો વિચાર કરવો જોઈએ કે જે બાબતો રહી ગઈ છે એનો અભ્યાસ કરવા માટેની એક જુથ સમિતિ આપ રચો.એની પાસે એમને રજૂઆત કરવા મોકલાવો કારણકે ખેડૂતોને આપણે સૌરાષ્ટ્રની અંદર મુદત આપેલી હતી. કચ્છમાં એવી કોઈ  ઈનામદારોને મુદત આપવામાં આવી નહોતી એટલે ઘણા અજ્ઞાનને કારણે કેટલાય લોકો આવા નિયત સમયની અંદર ફોર્મ ભરી શકયા નથી. જે તમામ લોકો રહી ગયા છે એમને સમય આપવા માટેની જોગવાઈ કરો. બે વર્ષની જોગવાઈ કરો જેથી કરીને પોતાનો કેસ રજૂ કરી શકે. આ તમામ બાબતો ઈનામ નાબૂદી ધારો અન્યાયકર્તા કચ્છના અમુક વર્ગો માટે રહયો છે અને કોઈના ભલા માટે નથી. જે ખેડૂતોને સૌરાષ્ટ્રમાં અને ભારતના લેન્ડ રીફોર્મના કાયદા પ્રમાણે ભારતની લોકસભાની અંદર આ સુધારો લાવવાનો હતો પણ એ વખતે ન આવી શકયો અને દ્વિભાષી રાજયની

અંદર કચ્છ હોવાને કારણે એ વિદર્ભના એકટનો અમલ કરી દેવામાં આવ્યો છે જો પાર્લામેન્ટની અંદર આ સુધારો આવ્યો હોત તો એના ઉપર વિસ્તૃત ચર્ચા પણ થઈ શકી હોત અને આજે ઉતાવળમાં જે ૧૯૫૮માં જે ઉતાવળ થઈ છે એના પછી એ ઉતાવળ નિવારવા માટે પ્રયત્ન કર્યો છે શ્રી ઉત્સવભાઈ પરીખે કર્યો છે, માનનીય માધવસિંહ સોલંકીએ કર્યો છે. દલસુખભાઈ ગોધાણીએ કર્યો. દલસુખભાઈએ તો એમ કહ્યું કે જયારે કચ્છમાં ૧૯૮૧માં એ વિરોધ પક્ષના નેતા તરીકે ગયેલા અને ત્યારે એમને જે રજૂઆતો મળેલી એને આધારે એ મહેસૂલ મંત્રી બન્યા ૧૯૯૪માં ત્યારે આ ઠરાવ વિધાનસભાની અંદર એ ટ્રેઝરી બેંચ પરથી લાવેલા અને એ વખતે ભા.જ.પ. વિરોધ પક્ષમાં હતો અને વિરોધ પક્ષના ધારાસભ્ય તરીકે માનનીય સુરેશભાઈ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રવિણસિંહ જાડેજા વગેરેએ પણ (અંતરાય) એ વાત કરી છે

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, આપનું પ્રવચન રીપીટ થાય છે. આપ બીજી વાર બોલો છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હું વિરોધ કરું છું અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીને કહું છું કે આ બીલ મુલત્વી રાખે. સિલેકટ કમિટિને આપે એવી વિનંતી આપના મારફત કરું છું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એ વિધેયક સન ૨૦૧૧ મુંબઈ (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબત વિધેયકને હું સમર્થન આપીને વાત કરવા માગું છું. આજે આ વિધેયકમાં બોલતા પહેલા સહેજ જરાક કહેવાની ઈચ્છા થાય બે દિવસ થયા ગૃહની અંદર માનનીય અર્જુનભાઈ અને માનનીય બાબુભાઈ ખુશ કેમ છે. સવારે હું નીકળતો હતો ત્યારે એક કોંગ્રેસના દિલ્હીમાં બેઠેલા અગ્રણીનો મને ફોન આવ્યો કે અર્જુનભાઈ અને બાબુભાઈ એટલા માટે ખુશ છે કે રાજીનામાનો ટુંકસમયમાં સ્વીકાર થાય છે એટલે (અંતરાય) એ એટલા માટેની વાત છે કે બાબુભાઈ જે કચ્છ માટેની વાત કરતા હતા. કચ્છની ચિંતા કદાચ બાબુભાઈ તમે અને મેં નહોતી કરી. આપણે વર્ષોથી ત્યાં ચૂંટણી લડીને આવ્યા, ત્યાં જીત્યા, ત્યાંની પ્રજાએ આપણને અહીં મોકલ્યા હોય છતાં ૨૦૦૦ની સાલની ભુકંપ પહેલાનું કચ્છ શું હતું અને આજે કચ્છ શું છે એ આખું વિશ્વ જાણે છે અને મારે ધન્યવાદ એટલા માટે માનનીય નરેન્દ્રભાઈને આપવા પડે કે બાબુભાઈ જે રણની વાત કરતા હતા એ બાબુભાઈ ધારાસભ્ય હતા, બાબુભાઈ સંસદસભ્ય તરીકે પણ હતા. કયારેક વો હમારે થે, આજ વો આપકે હૈ અને હમારે થે ત્યારે પણ કચ્છ જોયું નહોતું. આ રણમાં ગયા નહોતા અને માનનીય મુખ્યમંત્રીએ જે આખું કચ્છનું રણ અને રણ એ વિશ્વના ફલક ઉપર લઈ ગયા અને ત્યારે ત્યાં આવનાર દરેક વ્યકિત એ વ્યકિતઓ આજે કચ્છ શું છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, આપ બેસી જાવ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : બાબુભાઈ, આપ નહોતા ગયા એવું નથી પણ આપની નજર ત્યાં નહોતી ગઈ. આપ સ્થૂળ ગયા હશો પણ આપની નજર ત્યાં પહોંચી નહોતી અને આજ મુખ્યમંત્રીશ્રી માટે કદાચ આપ ગમે તે બોલતા હો.આપ બૅન્ચ ઉપર બેસીને જે વાતો કરતા હોય, પણ મિત્રો ફાનસ બાંધકર જીસકી હિફાજત હવા કરે, વોહ શમા ક્યાં બૂઝે જીસકો રોશન ખુદા કરે. મિત્રો, આવા મુખ્યમંત્રી આ કચ્છ અને કચ્છ માટે મળ્યા છે, ત્યારે મને શક્તિસિંહ બોલતા હતા તે વાત યાદ આવતી હતી, મે લખ્યું હતું. શક્તિસિંહ બોલતા હતા દિલમાં અને જેલમાં. તો ક્યાંક કોઈ જેલમાં છે અને અમે દિલમાં છીએ. માનનીય શક્તિસિંહજી. જ્યારે અમે દિલમાં છીએ એટલે અમે અહીયા છીએ અને તમે ત્યાં છો.

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતીભાઈ, સીધા બિલ ઉપર આવી જાવ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : આ બિલની મારે વાત એટલા માટે કરવી છે, હવે શરૂઆત કરું છું કે આ કચ્છ એના ક્યાંક વાત કરતો હોઉ તો એમ કહું આ કચ્છ શું છે, એના ઉંધા અક્ષર કરીને જુઓ તો આ કચ્છ બધાને છક્ક કરી દે તેવું આ કચ્છ છે. મિત્રો આ જે વિધેયક લઈને આવ્યા છે, એના ક્યાંક સાર ટિપ્પણીમાં હું બહેનને ધન્યવાદ એટલા માટે આપું છું કે એકપણ અરજદાર અત્યાર સુધીનો અરજદાર જે પણ હોય એને આનો કોઈ અન્યાય નહિ થાય. આ અરજદારની અરજી પેન્ડિગ હશે તેને ૧૦૦ ટકા ન્યાય મળશે આવું બહેન અને સરકાર તરફથી ખાતરી મળેલી છે. એટલા માટે અભિનંદન આપું છું કે જે વિધવા બહેનો છે, તેમને પેન્શન મળવાની વાત હોય એ પણ આ કાયદા પ્રમાણે એ બહેનોને પણ તેમનો હક્ક હિસ્સો મળતો રહેશે. કાયદાની વિસંગતતાને કારણે આ બિલ લઈ આવ્યા છે. આ બિલને મને લાગે છે કે આ પાટલીએ ક્યાંક એવી વાત છે કે આ પાટલીએ સમજને વાલે વોહ સમજ ગયે. ના સમજે વોહ અનાડી હૈ. મિત્રો, આજે કચ્છ એ એવો કચ્છ છે ટૂંકમાં પૂરું કરું. બાબુભાઈ તમે વાયા વીરમગામ થઈને કચ્છ પહોંચ્યા છો. હું વાયા લીમડી થઈને કચ્છ પહોંચીશ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતીભાઈ, આપ ટૂંકમાં મુખ્ય વિષયની ચર્ચા કરો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : એટલે આ કચ્છ વિષે જો બાબુભાઈ વાત કરતા હોય, આ કચ્છ વિષે જો કોંગ્રેસના લોકો યાદ કરતા હોય મિત્રો, આ કચ્છ એવું હતું આ કચ્છની એવી દુર્દશા હતી કે કચ્છ પાણી વગર ટળવળતું હતું, કચ્છ રોડ રસ્તા વગર ટળવળતું હતું, કચ્છ લાઈટ વગર ટળવળતું હતું, ત્યારે માનનીય નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી તરીકે આવ્યા પછી આજે કચ્છનું એકેએક ગામ લાઈટથી ઝબકે છે. આજે કચ્છનું એકેએક ગામડું રોડ રસ્તાથી પાકું થઈ ગયું છે. કચ્છના એકેએક ગામડામાં પાણી છે અને એટલે મારે એ વાત કરવાની છે.

**શ્રી વજુભાઈ વાળા** : બાબુભાઈ ઉપર બોલવાને બદલે બિલ ઉપર બોલે. એટલે હજી સમય ઓછો છે. બીજું બિલ છે. ટૂંકું કરે.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ સાથે અલગ બેઠક કરજો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પાટલીએ બિલ ઉપર બોલવાનું કોઈએ પાલન નથી કર્યુ. આ પાટલીએ. પણ હું પાલન કરું છું અને એટલા માટે કહું છું કે આ કચ્છ એ એવું કચ્છ છે કે કચ્છની આ ફલક વિશ્વમાં ફેલાઈ છે, અને ત્યારે કોઈ કચ્છ માટેની વાતો કરતા હતા આજે કચ્છ માટે કચ્છ માટે કહેવું પડ્યું કે કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા. મિત્રો આ સ્તર કચ્છનું પહોંચ્યું છે, ત્યારે આ વિધેયક આવતું હોય, કચ્છના હિતની વાત આવતી હોય ત્યારે કચ્છના લોકો જ આ કચ્છના હિતમાં કયાંય પાણા ન નાખે એની મારી વિનંતી. અને આ વિધેયકને આપણે સર્વાનુમતે મંજૂર કરીએ. આ જ વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય બાબુભાઈ, પોતાના પ્રવચનમાં ઘણી બધી બાબતો કહી છે. એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો. જમીનના માલિકોને મજૂર બનાવ્યા. કોણે બનાવ્યા? ૧૯૫૮ માં કાયદાઓ ઘડનાર તમે જ હતા. ૧૯૮૦ માં સંકલિત ઠરાવો તમે કયો. ૧૯૯૪ માં પણ તમે જ હતા. તેમ છતાં પણ આ કામ ન થયું. બીજું માનનીય અધ્યક્ષશ્રી, વળતર આપવાની વાત પણ કરી, પણ વળતર આપવાના ઉકેલો અને તે સમયના મંત્રીશ્રીએ આ બધું કામ કરવું જોઈએ તે પણ ન કર્યુ. કાયદાઓ આપણે બનાવીએ, કાયદાઓ મુજબ વળતર આપણે જ આપવાનું, જંગલ, ખનીજ જઈ હોય તો વળતર આપવાનું કામ જે તે સમયે થઈ ચૂકવું છે. એટલે હવે કોઈ માગણી કરે કે અત્યારે આ જમીનની કિંમત આટલી છે અને તે વખતના જમાનામાં તે જમીનની કિંમત એક રૂપિયો હશે અને આજે એક હજાર રૂપિયા થઈ હશે. તો તેના આધારે આ મૂલવણી શકય ન બને. એમણે નક્કી કર્યુ હતું કે ૧૯૬૦ પહેલાં અરજી કરે તેમને જમીનના પટ્ટા આપવા. ૧૯૬૦ પહેલાં જેમણે અરજી કરી હતી તેમણે બધાને રાજય સરકારે પૂરું કરી દીધું છે. વળતર અપાઈ ગયું છે. જંગલોની જમીન હતી તેમને બધાને અપાઈ ગયું છે. બધાના પટ્ટાઓ, ગણોતિયાઓને તેમના હક્કો આપવામાં આવ્યા છે. વિધવા બહેનોને, ૭૨ વિધવા બહેનોને મેં કહ્યું તેમ તેમનું વર્ષાસન ચાલું રહેવાનું છે. ૧૧૫૮ કેસો વળતર આપવાના તે સમયથી બાકી છે, સમય મર્યાદામાં તે કેસોને ધારા ધોરણ અનુસાર અને નિયમાનુસાર પૂર્ણ કરવાની જવાબદારી મારો વિભાગ ઉઠાવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ થી માંડીને ૨૦૦૦ સુધીમાં કચ્છ તરફ કોઈની દ્રષ્ટિ નહોતી ગઈ. કચ્છ કઈ જગ્યાએ અને કયા ખૂણામાં પડયું છે તેની કોઈને ખબર નહોતી. આ તો ભૂકંપ આવ્યો અને આ ભૂકંપના કારણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કચ્છને પોતાનું એક કેન્દ્ર સ્થાન બનાવ્યું અને કચ્છને આજે આખા વિશ્વના તખ્તા ઉપર મૂકવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો તે ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે. કચ્છ યુનિવર્સિટીની સ્થાપના આ જ સરકારે કરી, રણોત્સવ તમે કદી ગયા કે નહીં તે ખબર નથી પણ અમે રણોત્સવમાં આખું વિશ્વ ત્યાં ઉતાર્યુ. શ્યામજી કૃષ્ણ વર્માના નામે ક્રાંતિતીર્થની સ્થાપના માંડવીમાં કોઈએ કરી હોય તો તે આ સરકારે કરી છે અને માંડવીની અંદર રેતનો ઉપયોગ કરીને રેતમાંથી પણ શિલ્પ બનાવવા માટેની પ્રેરણા કોઈએ આપી હોય તો તે આ સરકારે આપી છે. આના ઉપર ઘણું બધું બોલી શકું તેમ છું પરંતુ કાયદાની મર્યાદામાં રહીને હું વાત કરવા માગું છું. કાયદા પંચે ખૂબ જ ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યા પછી જ આ કાયદો પ્રસ્તુત રહેતો ન હોઈ રદ કરવા ભલામણ કરી છે અને તેના આધારે આ બીલ રદ કરવા માટે આ વિધાનસભાગૃહમાં લાવી છું. એટલા જ માટે સિલેકટ કમિટીને સોંપવાનો કોઈ જ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને એટલા માટે આ વિધેયક આ વિધાનસભાગૃહની અંદર સર્વાનુમતે પસાર કરવામાં આવે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, એક તો રેકર્ડ ઉપર જે ગયું કે કચ્છને કોઈએ જોયું તું તો કચ્છનો અમે ખૂણેખૂણો જોયો છે. ૧૯૭૬ની અંદર કમલેશ્વર જેવા લેખકોને આ કચ્છના રણની અંદર જઈને હિન્દુસ્તાનભરના અખબારો... માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે જે બાબત રીલેવન્ટ નથી અને મહેસૂલ મંત્રીએ કહ્યું કે તમે કંઈ કર્યુ નથી એટલા માટે.અમે કર્યુ નથી તેવું મહેરબાની કરીને અમને નહીં કહેતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ આપણે સમય મર્યાદામાં પૂરું કરવાનું છે. આપને સંપૂર્ણ સમય આપવામાં આવ્યો છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૨ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ.૨ અને ૩, કલમ.૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૨ નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૫

## ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક,૨૦૧૧

### અમુક અધિનિયમો રદ કરવા બાબત વિધેયક

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (રાજય કક્ષાના કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,* રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક- ૫- સન ૨૦૧૧ના ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (રાજય કક્ષાના કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક- ૫- સન ૨૦૧૧ના ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (રાજય કક્ષાના કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ આઝાદી પૂર્વેના જે બિનજરૂરી કાયદાઓ જેવા કે મુંબઈનો ઘાસચારા અને અનાજના નિયંત્રણ બાબતનો અધિનિયમ, ૧૯૩૯ એ જ રીતે મુંબઈનો ખાદ્ય પાક ઊગાડવા બાબતનો અધિનિયમ, ૧૯૪૪ એ જ રીતે મુંબઈ રૂ (આંકડા) અધિનિયમ, ૧૯૪૬ જે આજના સમયને ધ્યાનમાં લઈને રદ કરવા માટે હું લાવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, વિનાવિરોધે મંજૂર કરવા આ સન્માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ છે કે મેં સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રીને વિનંતી કરી હતી કે, આજે બે દિવસમાં આપણે આટલા બધા બિલો પસાર કરીએ છીએ, ત્યારે આ બે બિલોને આપણે રદ કરવામાં એક જો ગૃહના બંને પક્ષના સભ્યશ્રીઓ આ બંને બિલોની જોગવાઈઓને ચકાસી લે તો સર્વસંમતિથી આપણે આવતા વખતે કરી શકીએ, આ બહુ જૂના કાયદાઓ છે, અને એ રદ કરવાની બાબત છે, માત્ર બંને ગૃહના સભ્યશ્રીઓની એકાદી કમિટી, ચેરમેન આપના પક્ષના રહે, અને પ્રોરેટા મૂકીને કરીએ પરંતુ જો બંને પક્ષના સભ્યશ્રીઓનું રહેશે તો ચકાસણી કરીને આવતા સત્રમાં કમિટીના અભિપ્રાય મુજબ સર્વસંમતિથી પસાર કરીએ, જો આપણને એમાં બીજું કોઈ ખાસ કારણ ના હોય તો. આપણી સાથે જે રૂબરૂ ચર્ચા થઈ છે એ પ્રમાણે એટલું, બીજું એમાં કારણ નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચા થઈ ત્યારે પણ સહમતિ નહોતી દર્શાવી એટલા માટે કે આ બિલનો મેં પોતે અભ્યાસ કરી લીધો છે, અને બિલમાં કશું જ નથી, એક લિટિમાં રદ થાય એવા છે, એટલે બીજા કોઈ પ્રસંગોમાં કંઈ હશે તો સાથે મળીને વિચારશું, આમાં તો આ બિલ નાનું છે એટલે પૂરું થઈ જાય, બિજનેશ પૂરો થઈ જાય.(અંતરાય) આ પછીના બિલમાં આપણે કેટલામાં હશે હજી બે ત્રણ થશે, આમાં તો કશું નથી, આમાં કશું નથી એમાં આપણે સાથે બેસીશું, આપણે સાથે બેસીને બાકીના બિલોમાં હજી ચર્ચા કરીશું. એમાં આપણે ચર્ચા કરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, જૂના પુરાણા આવા બિલો રજૂ કરવાના હોય ત્યારે એક કમિટી એવી કરીએ, આજે તો આમાં સંમતિ આપીએ પણ ભવિષ્યમાં જ્યારે આવા રદ કરવાના આવતા હોય ત્યારે હાઉસમાં લાવતા પહેલાં એ કમિટી પાસે થઈને આવે, તો કમિટીના અભિપ્રાય મુજબ, ભવિષ્ય માટે થઈને, સર્વસંમતિથી કરીએ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ચર્ચા કરી લઈશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (રાજય કક્ષાના કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક- ૫નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

* વિધેયક તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (રાજય કક્ષાના કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૫નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૫નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૧૨-૪૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧લી માર્ચ-૨૦૧૧**
**ફાલ્ગુન ૧૦, ૧૯૩૨ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાન**

# તારાંકિત પ્રશ્નો

## સૂરત હજીરા ખાતે એસ્સાર કંપની દ્વારા વન વિભાગની જમીનમાં ગેરકાયદેસર દબાણ

***૧૭૬૪૦ શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સૂરત હજીરા ખાતેની એસ્સાર કંપનીએ વન વિભાગની જે જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી બાંધકામ કરવામાં આવ્યું છે તેને તોડી પાડી સરકાર કબજો લેવા માગે છે કે કેમ, અને**

(૨) કંપનીના માલિકો સામે કાયદેસર કેસ કરી પગલાં લેવા માગો છો કે કેમ?

**વન મંત્રીશ્રી**

(૧) મોજે હજીરા (સુવાલી) ના સરવે નંબર-૪૩૪-અ-૧-૧ની ૨૦.૭૬ હેકટર વન જમીનમાં એસ્સાર સ્ટીલ કંપની દ્વારા કરેલ પેશકદમી સામે ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ ગુન્હાઓ નોંધવામાં આવેલ છે. એસ્સાર કંપની દ્વારા આ જમીન તે કંપનીના કર્મચારીઓના રહેઠાણ તથા સંલગ્ન માળાકીય સુવિધાઓના ઉપયોગ માટે વિનિયમિત કરવા અરજી કરેલ છે. રાજય સરકાર દ્વારા શરતોને આધિન વિનિયમિત કરવા કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી છે.

(૨) ઉપર મુજબ

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે મંત્રીશ્રીને પૂછવાનું છે કે, આ ૨૦.૭૬ હેકટર વન વિભાગની જમીનમાં એસ્સાર કંપનીએ વગર મંજૂરીએ બાંધકામ કરી દીધેલ છે એના ઉપર કયા પગલાં લેવામાં આવ્યાં છે અને છેલ્લાં પાંચ વર્ષથી કંપની આ જમીનનો કબજો ભોગવે છે, બીજું આપના મારફતે એ પૂછવા માગું છું કે, બીજી બાજુ તમે કેન્દ્ર સરકારને ભલામણ કરો છો કે આ જમીન આપણે વેચવી જોઈએ પરંતુ તમારે એની સામે કાયદેસરની કાર્યવાહી તો કરવી જોઈએ. બીજું ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ આમાં સજાની જોગવાઈ છે કે કેમ? દરિયાકાંઠે જમીન આવેલી હોવાથી કોસ્ટલ ઝોન રેગ્યુલેશન એકટ હેઠળ કાર્યવાહી થયેલ છે કે કેમ અને થયેલ હોય તો તેની વિગતો અમને આપો. એકબાજુ આપણે અમદાવાદમાં અને એની આજુબાજુ ઝુંપડપટ્ટી તોડવાની વાત કરીએ છીએ તો છેલ્લાં પાંચ વર્ષથી ત્યાં આર.સી.સી.નું બાંધકામ હોવા છતાં તમે કેમ તોડતા નથી તો જેમ બને તેમ વહેલામાં વહેલો આ જમીનનો કબજો લઈને ત્યાં બાંધકામ તોડી પાડવું જોઈએ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, આ જમીનની શરૂઆતમાં જે માપણી થઈ તે વખતે એવું ધ્યાનમાં આવ્યું કે આ ફોરેસ્ટની જમીન નથી પરંતુ શંકા જતાં ફરીથી એની માપણી થઈ સાતમી ફેબ્રુઆરી અને નવમી ફેબ્રુઆરીના રોજ અને ત્યારે ખબર પડી કે આ એસ્સાર કંપનીએ ૨૦.૭૬ હેકટર જમીનમાં ગેરકાયદેસર રીતે દબાણ કરેલ છે એના આધારે એના ઉપર સાત જેટલા ગુન્હાઓ દાખલ કરેલા છે અને ૩૩ લાખ રૂપિયા જેટલી પેનલ્ટી કરેલી છે. બીજું ૧૯૮૦ના ફોરેસ્ટ સંરક્ષણ કાયદા હેઠળ કેટલીક સત્તા કેન્દ્ર સરકાર પર જાય છે એટલે ભારત સરકારને આના પર કાર્યવાહી કરવા માટે અમે ભલામણ કરેલી છે.

: **શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આમાં બે મુદ્દા ઉપસ્થિત થાય છે એક તરફ માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે, કેન્દ્ર સરકારને પગલાં લેવા અમે ભલામણ કરી છે. કેન્દ્ર સરકાર પાસે સત્તા છે. જવાબમાં એમ કહે છે કે સુવિધાઓના ઉપયોગ માટે વિનિયમિત કરવા અરજી કરેલ છે રાજય સરકાર દ્વારા શરતોને આધિન વિનિયમિત કરવા માટે કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી છે. આપનો મૌખિક જવાબ એમ છે કે કેન્દ્ર સરકાર કેટલાક મૌખિક પગલાંઓ લે એમ અમે કહ્યું છે અહીંયા આપ લેખિતમાં એમ કહો છો કે આ જગ્યાને કેટલીક શરતોને આધિન એસ્સાર કંપનીને સોંપી દેવા માટે આપે કેન્દ્ર સરકારને ભલામણ કરેલી છે આ વિસંગતતામાં આપનું શું સ્ટેન્ડ છે અને બીજું થોડીઘણી પેશકદમી નથી ૨૦.૭૬ હેકટર જેટલી જગ્યા છે એ એમને એમ ન થાય, આપણા અધિકારીઓની કંઈક મિલીભગત ન હોય તો ૨૦ હેકટર જેટલી જગ્યામાં એમને એમ બિલ્ડીંગો ઉભાં થઈ જાય એમના પર રહેમદ્રષ્ટિ રાખવાની જરૂર નહિ એક સંદેશો આપવો જોઈએ, કલાયમેન્ટ ચેઈન્જની ચિંતા કરતાં હોઈએ તો આપણે એક સંદેશો આપવા માટે પણ વન વિભાગની રિઝર્વ જમીનમાં પેશકદમી કરનાર ગમે તેવો મોટો માણસ હોય, ગમે તેવા બિલ્ડીંગો બાંધ્યા હોય, અમે નેસ્તનાબૂદ કરીશું એ બિલ્ડીંગોને અને એને તોડી પાડીને જમીનનો કબજો લઈ લેવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ રાજય સરકારને જે સત્તા છે એ સત્તાનો ઉપયોગ કરીને એમના ઉપર આઠ જેટલા ગુન્હાઓ દાખલ કરેલા છે એટલે એના ઉપર એ રીતે એકશન લીધા છે અને મેં અગાઉ કહ્યું તેમ રૂપિયા ૩૩,૦૦,૦૦૦/- ની પેનલ્ટી પણ અમે કરેલી છે એમણે જે વિનિયમિત કરવાની અરજી કરેલી છે એના આધારે ઉદ્યોગ વિભાગે એક મિટિંગ કરીને ફોરેસ્ટને એવી ભલામણ કરેલી છે કે આ જમીનને વિનિયમિત કરવી જોઈએ અને એ વિનિયમિત કરવા માટે અમે ૧૯૮૦ના કાયદાના આધારે ભારત સરકારને રજૂઆત કરેલી છે અને એમાં કેટલીક પેનલ્ટીની વાત છે એ વાત હું કરું છું.

: **શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જમીનનો કબજો પરત લેવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, એ સત્તા કેન્દ્ર સરકારની છે અને તેઓ સૂચવશે તે પ્રમાણે અમે એની કાર્યવાહી કરીશું અને બીજી વાત એ છે કે ૨૦.૭૬ હેકટર જમીનની વાત છે પણ એમાં ૧.૭૫ હેકટર જમીનમાં બાંધકામ કરેલ છે અને બીજું બગીચો બનાવેલો છે, રસ્તો બનાવેલો છે અને તમામનો કબજો અત્યારે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પાસે છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એસ્સાર સ્ટીલ કંપની વિરુદ્ધ કેટલા વન એકટ હેઠળ ગુન્હા નોંધવામાં આવેલ છે ? અને કેટલી રકમ વળતર પેટે વસૂલ કરવામાં આવી છે ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપ્યો છે ૧૯૨૭ હેઠળ જે ૩૩ લાખ રૂપિયાની પેનલ્ટી લગાડેલ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જ્યારે એસ્સાર સ્ટીલ કંપનીનું દબાણ થયું ત્યારે કોણ કોણ જવાબદાર અધિકારીઓ હતા અને તેની સામે તમે શું પગલાં લીધાં ? આપ એમ કહો છો કે આ વિનિયમિત કરવા માટે અમે કેન્દ્ર સરકારને લખીએ છીએ એટલે તમે સ્વીકારી લીધું છે કે આ જમીન અમારે આપવાની છે તો કઈ કઈ શરતોને આધીન તમે આ સ્વીકાર્યુ છે ? આ બે મુદ્દા મારે જાણવા છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો જે પ્રશ્ન છે તેમાં એક ડી.એફ.ઓ.કક્ષાના અધિકારી હતા, ચાર સર્વેયર હતા અને આ રીતે જે કંઈ છે તે અત્યારે તકેદારી આયોગમાં છે અને તકેદારી આયોગનો રિપોર્ટ આવી જશે પછી તેમના ઉપર પગલાં લેવાશે. પછી તેમણે જે શરતોની વાત કરી છે તે શરતોમાં જો આવા કોઈ ગુન્હા બને તે વખતે પાંચ ગણી જમીન બીજી જગ્યાએ આપવાનું નક્કી હોય છે. એટલે તે રીતે અમે જુનાગઢમાં તે રીતની જમીન ૧૧૦ હેકટર માગી છે. પછી આનો જે દંડ કરવાનો છે તેમાં અઢી ગણી જે તે વખતે તેમણે દબાણ કરેલું છે તેની અઢી ગણી કિંમતની રીતે અમે પેનલ્ટી લગાવી છે અને આનો ટોટલ જો કરીએ તો ૨૯ કરોડ રૂપિયા જેટલું થાય છે તે રીતે અમે ભારત સરકારને દરખાસ્ત કરી છે અને ભારત સરકારની પરવાનગી આવશે ત્યાર પછી અમે તેની કાર્યવાહી કરીશું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માંગુ છું કે, રાજય સરકારે આ જગ્યા વિનિયમિત કરવા માટે કેન્દ્ર સરકારને ભલામણ કઈ તારીખે કરી ? નંબર બે આ જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું તે ક્યારે કરવામાં આવ્યું અને કેટલાં સમયથી આ જગ્યા તે કંપની પાસે ઉપયોગમાં છે? ત્રીજો પ્રશ્ન છે કે જે ૩૩ લાખ રૂપિયાનો દંડ કર્યો તેમાંથી કેટલી વસૂલાત તમારી પાસે આવી છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે તેમણે વાત કરી કે કબજો જ્યારથી આ ચકાસણી થઈ છે ત્યારથી કબજો ફોરેસ્ટ પાસે છે અને કેન્દ્ર સરકારને અમે ભલામણ કરી છે ભલામણ અમે ૨૪-૨-૧૧ના રોજ કરી છે.

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ

***૧૭૪૭૨ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તાલુકા વાર અને વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) આ ફાળવેલ રકમ અન્વયે તાલુકા વાર કેટલા શ્રમિકોને રોજગારી આપી અને વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહાત્મા ગાંધી ગ્રામીણ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેંરંટી યોજના હેઠળ તાલુકા વાર અને વર્ષવાર નીચે મુજબ લેબર બજેટ તૈયાર કરવામાં આવ્યું છે.

| તાલુકો | વર્ષવાર ફાળવેલ રકમ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ |
| આણંદ | ૧૩.૭૦ | ૬૯.૨૭ | ૬૨.૫૮ |
| ઉમરેઠ | ૧૧.૭૫ | ૮૫.૧૩ | ૮૩.૮૯ |

| | | | |
|---|---|---|---|
| બોરસદ | ૨૦.૦૦ | ૭૫.૨૭ | ૮૩.૫૫ |
| આંક્લાવ | ૯.૫૩ | ૩૫.૯૭ | ૪૪.૦૮ |
| પેટલાદ | ૧૭.૪૪ | ૩૭.૮૩ | ૩૯.૮૫ |
| સોજીત્રા | ૭.૫૫ | ૭૨.૭૭ | ૯૪.૦૬ |
| ખંભાત | ૨૬.૯૮ | ૧૦૨.૯૨ | ૧૧૮.૯૯ |
| તારાપુર | ૧૧.૬૬ | ૨૯.૨૯ | ૫૮.૧૯ |
| **કુલ** | **૧૧૮.૬૧** | **૫૦૮.૪૫** | **૫૮૫.૧૯** |

(૨) આ લેબર બજેટ અન્વયે તાલુકાવાર શ્રમિકોને આપેલ રોજગારી અને વર્ષવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

**૧. વર્ષ-૨૦૦૮**

| **તાલુકો** | **ખર્ચ (રૂા. લાખમાં)** | **કુટુંબોની સંખ્યા** | **માનવદિન (લાખમાં)** |
|---|---|---|---|
| આણંદ | ૪.૪૦ | ૪૬૨ | ૦.૦૩ |
| ઉમરેઠ | ૩.૮૫ | ૯૧૭ | ૦.૦૪ |
| બોરસદ | ૫.૨૩ | ૭૯૩ | ૦.૨૧ |
| આંક્લાવ | ૧.૨૦ | ૩૫૯ | ૦.૦૨ |
| પેટલાદ | ૧.૯૨ | ૭૨૮ | ૦.૦૩ |
| સોજીત્રા | ૨.૫૧ | ૭૬૧ | ૦.૦૪ |
| ખંભાત | ૧૫.૫૦ | ૩૪૪૧ | ૦.૩૬ |
| તારાપુર | ૬.૬૪ | ૧૩૮૭ | ૦.૧૬ |
| **કુલ** | **૪૧.૨૫** | **૮૮૪૮** | **૦.૯૦** |

**૨. વર્ષ-૨૦૦૯**

| **તાલુકો** | **ખર્ચ (રૂા. લાખમાં)** | **કુટુંબોની સંખ્યા** | **માનવદિન (લાખમાં)** |
|---|---|---|---|
| આણંદ | ૭૧.૯૧ | ૪૭૩૯ | ૦.૫૮ |
| ઉમરેઠ | ૫૭.૪૦ | ૧૮૧૫ | ૦.૭૭ |
| બોરસદ | ૭૮.૫૬ | ૨૭૮૮ | ૧.૦૮ |
| આંક્લાવ | ૩૫.૫૯ | ૨૨૦૬ | ૦.૫૦ |
| પેટલાદ | ૩૬.૨૪ | ૧૦૪૨ | ૦.૫૫ |
| સોજીત્રા | ૬૫.૪૬ | ૨૭૨૭ | ૦.૮૩ |
| ખંભાત | ૯૨.૫૪ | ૫૩૫૯ | ૨.૧૦ |
| તારાપુર | ૨૨.૩૯ | ૧૬૧૮ | ૦.૬૪ |
| **કુલ** | **૪૬૦.૦૫** | **૨૨૨૯ ૪** | **૭.૦૫** |

**૩. વર્ષ-૨૦૧૦**

| **તાલુકો** | **ખર્ચ (રૂા. લાખમાં)** | **કુટુંબોની સંખ્યા** | **માનવદિન (લાખમાં)** |
|---|---|---|---|
| આણંદ | ૮૮.૩૩ | ૧૯૫૭ | ૦.૫૪ |
| ઉમરેઠ | ૧૧૨.૧૯ | ૨૦૪૧ | ૦.૫૦ |
| બોરસદ | ૮૩.૨૦ | ૧૨૭૬ | ૦.૪૩ |
| આંક્લાવ | ૩૯.૩૪ | ૧૩૪૫ | ૦.૨૬ |
| પેટલાદ | ૬૯.૯૮ | ૧૨૬૭ | ૦.૪૪ |
| સોજીત્રા | ૧૦૬.૪૬ | ૨૫૦૫ | ૦.૬૦ |
| ખંભાત | ૧૩૪.૩૫ | ૩૪૯૬ | ૦.૯૩ |
| તારાપુર | ૮૨.૩૮ | ૧૨૫૧ | ૦.૬૪ |
| **કુલ** | **૭૧૬.૨૩** | **૧૫૧૩ ૮** | **૪.૩૪** |

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ મહાત્મા ગાંધી ગ્રામીણ રાષ્ટ્રીય ગેરંટી યોજના હેઠળ સમગ્ર ગુજરાતમાં અને સમગ્ર દેશમાં કેન્દ્રની કોંગ્રેસની સરકારે જે રોજગારી આપવાનું કાર્ય કર્યુ છે તેને હું ખૂબ હ્દયથી ધન્યવાદ આપુ છું. મારે ફક્ત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ૨૦૦૮માં ૪૧ લાખ ખર્ચ કરવામાં આવ્યો ૨૦૦૯માં ૪૬૦ લાખ ખર્ચો થયો અને ૨૦૧૦માં ૭૧૬ લાખ જેટલો ખર્ચો થયો એટલે ઉત્તરોત્તર પ્રગતિ થઈ. અમારા જિલ્લામાં સમયસર ચૂકવણું ના થવાના કારણે કેટલાય કુટુંબો બાકી રહી જાય છે તો એવી કોઈ આપણને ફરિયાદો મળી છે કે કેમ ?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ચૂકવણું કરવાના નિયમો ૧૫ દિવસના હોય છે અત્યારે છેલ્લું ૧૫ દિવસનું ચૂકવણું બાકી છે તે ચૂકવણું કરવા માટેની કાર્યવાહી હાલમાં ચાલુ છે.ખાસ કરીને મારે એ વાત કરવી છે કે આણંદ જિલ્લાની અંદર કેન્દ્ર સરકાર દ્વારા ૨૭૦.૫૪ લાખ ચૂકવવામાં આવ્યાં છે. તેની સામે રાજય સરકારે ચૂકવણું કરી દીધું છે તે ચૂકવણું ૩૦૦ કરોડ અને છ લાખનું. આ ચૂકવેલ પૈસા પૈકી કેન્દ્ર સરકાર પાસે ૧૬૮.૨૩ લાખ રૂપિયા આજની તારીખે આણંદ જિલ્લાના એકના જ લેવાના બાકી છે. ચૂકવણું કરવા માટે અન્ય યોજનાઓમાંથી આમાં ફાળવણી કરીને ચૂકવી આપવામાં આવેલ છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આ જવાબમાં માહિતી આપવામાં આવી છે, એમાંથી માનનીય મંત્રીશ્રીને થોડી માહિતી આપવા માગું છું કે ૨૦૦૯માં ૨૨૨૯૪ કુટુંબોને ૭ લાખ માનવદિનની રોજગારી આપવામાં આવી છે. જયારે ૨૦૧૦માં ૧૫,૧૩૮ કુટુંબોને ૪ લાખ ૩૪ હજાર માનવદિનની રોજગારી આપવામાં આવી છે. રકમ એટલે કે ખર્ચમાં વધારો થયો છે, જયારે બીજી બાજુ કુટુંબોની સંખ્યા અને માનવદિનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. આ માટેનું એકમાત્ર કારણ એ છે કે સમયસર ચૂકવણું કરી શકાતું નથી. એના કારણે આ યોજનામાં જે શ્રમિકો આવે છે, એ પોતાને સમયસર ચૂકવણું મળતું ન હોવાને કારણે આવતા બંધ થયા છે. થોડા દિવસ પહેલા એની વેબસાઈટ, માત્ર આણંદ જિલ્લો નહીં, આખા ગુજરાતમાં એકપણ જગ્યાએ એક મહિનાથી વહેલું ચૂકવણું કરવામાં આવતું ન હોય એવા આંકડા આ વિભાગની વેબસાઈટ ઉપરથી જોઈ શકાય છે, ત્યારે હું માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે આવો વિલંબ અટકાવવા માગે છે કે કેમ?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : અત્યાર સુધીમાં આણંદ જિલ્લાનો પ્રશ્ન છે એટલે આણંદ જિલ્લા પૂરતી વાત કરીએ તો એકપણ ચૂકવણું બાકી નથી. છેલ્લા ૧૫ દિવસનું જ બાકી છે. એના માપ અને એસ્ટિમેટનું કામ ચાલે છે અને ટૂંક સમયમાં જ આ પૈસા ચૂકવાઈ જવાના છે. બીજું કે ૨૦૦૯ અને ૨૦૧૦માં તફાવત કેમ છે તેવો પ્રશ્ન છે. તો ૨૦૦૯ સુધી એમાં પહેલા ૧૦૦ રૂપિયા મળતા હતા, તે આ જાન્યુઆરીથી ૧૨૪ રૂપિયા શ્રમિકોને આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

**શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નરેગા યોજના દ્વારા રાજય સરકારે દરખાસ્ત કરી હોવા છતાં કેન્દ્ર સરકારે સહાયની રકમ ન ચૂકવી હોય, તેની વિગતો હું જાણવા માગું છું. બીજું કે આણંદ જિલ્લામાં આ યોજના હેઠળ કેન્દ્ર સરકારની કેટલી રકમ ૨૦૧૦-૧૧ દરમ્યાન ફાળવણી કરવામાં આવી અને ૨૦૧૦-૧૧ દરમ્યાન રાજય સરકારે કેટલી ફાળવણી કરેલ છે? અને ત્રીજો પ્રશ્ન એ છે કે આ પૈકી કોઈ રકમ કેન્દ્ર સરકાર પાસેથી લેવાની બાકી છે કે કેમ? ૨૦૧૦-૧૧ પૂરતી. અને બાકી હોય તો કેટલી?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** :માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે હમણાં માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું કે આ યોજના સારી છે. તો આ યોજના કઈ રીતે સારી છે? ગુજરાતની અંદર આ શ્રમિકોને રેગ્યુલર પેમેન્ટ મળે, એને તમામ માહિતી મળે એ માટે આ ગુજરાત સરકારે ૧૩૯૧૫ ગ્રામ રોજગાર સેવકોને ઓલરેડી ઓર્ડર આપીને ભરતી કરી દીધી છે. બીજી ભરતીમાં એકાઉન્ટ આસીસ્ટન્ટ ૨૨૪ તાલુકા કક્ષાએ રહેશે. એની પણ ભરતી કરી નાંખવામાં આવી છે. આંકડા મદદનીશ ૨૨૪ની પણ એક એક તાલુકામાં એક એક, એની પણ ભરતી કરવામાં આવી છે. અને ૧૨૭૮ ટેકનિકલ આસીસ્ટન્ટ ભરવાની કાર્યવાહી પણ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. અગાઉ મેં જવાબ આપ્યો તેમ કેન્દ્ર સરકાર પાસેથી ૧૬૮.૨૩ લાખ રૂપિયા લેવાના બાકી છે અને રાજય સરકારે અન્ય યોજનાઓમાંથી આ ચૂકવણું પૂર્ણ કરેલ છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું પૂછવા માગું છું કે જે ખર્ચ થયો છે, એમાં ૨૦૦૯-૧૦માં ૨૫૬ લાખનો ડીફરન્સ છે. જે કુટુંબોએ રોજી લીધી છે એની અંદર ૭૧૫૬ કુટુંબોને ઓછી રોજી મળી છે. જે માનવદિનની ત્યાં ઉપલબ્ધિ થઈ છે, એ ૨.૭૧ લાખની ઓછી થઈ છે. તો આ વિસંગતતા થવાનું કારણ શું છે?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા**: જે દરમાં ફેરફાર થયા છે એના કારણે હવે જે વેતન મળે છે એ ૧૨૪ રૂપિયા મળે છે. પહેલા ૧૦૦ રૂપિયા લેખે અને ૨૦૦૯-૧૦માં ૨૦૦૯માં ૪૬૦.૦૫ લાખ ચૂકવાયા હતા અને

એની સામે ૨૨૨૮૪ કુટુંબો અને માનવદિન ૭ લાખ ૫૦ હજાર હતા. એની સામે ૨૦૧૦ માં ૭૧૬.૨૧ લાખનું ચૂકવણું કર્યુ છે, એમાં કુટુંબોની સંખ્યા ૧૫૧૩૮ છે અને માનવદિન ૪ લાખ ૩૪ હજાર છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ આણંદ જિલ્લામાં આ યોજનામાં ગેરરીતિના કેટલા કિસ્સા ધ્યાનમાં આવ્યા, કેટલા કિસ્સામાં કેટલી રકમ વસૂલ કરવામાં આવી અને આ ગેરરીતિ આચરનારાઓ સામે સરકારે શું શું પગલાં લીધાં છે?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : આણંદ જિલ્લામાં અત્યારસુધીમાં કુલ ૨૧ ગેરીરતિઓ બાબતની ફરિયાદ આવી છે એમાં તપાસના અનુસંધાને બે કમર્ચારી દ્વારા રૂ.૨,૧૧,૦૨૮ ની ઉચાપત કરવામાં આવી હતી. એની વસૂલાત કરી લેવામાં આવી છે અને આ બે કર્મચારીમાં એક આસિસ્ટન્ટ પ્રોગ્રામર અને બીજા ટેકનિકલ આસિસ્ટન્ટ હતા તેમની સામે પોલીસ કેસ કરેલ છે અને હાલમાં આ બન્ને કર્મચારી જેલમાં છે.

## ભાવનગર જિલ્લામાં અતિ ગરીબ લોકોને ૧૦ કિલો વિના મૂલ્યે અનાજ આપવા બાબત

*૧૭૭૦૬ **શ્રીકેશુભાઈ હી. નાકરાણી(સિહોર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧)તા. ૩૦-૧-૨૦૧૧ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં અતિ ગરીબ લોકોને વિના મૂલ્યે ૧૦(દસ) કિલો અનાજ આપવા માટે નકકી થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના સિહોર અને ગારીયાધાર તાલુકામાં માસવાર કેટકેટલું અનાજ વિનામૂલ્યે આપવામાં આવ્યું?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) વિભાગના તા. ૧-૪-૨૦૧૦ ના ઠરાવથી ભૂખમરા અને કુપોક્ષણથી થતાં મૃત્યુને રોકવા તેમજ ઘર વિહોણા અને અનાથ બાળકોને વિના મૂલ્યે અનાજ આપવાની 'અન્નમ બૂહ્મ યોજના' અમલમાં મૂકાયેલ છે. જેમાં નીચેના લાભાર્થીઓને પાત્ર ગણવામાં આવેલ છે.

- જે વ્યકિત કે કુટુંબ પાસે કોઈપણ પ્રકારનું રેશનકાર્ડ નથી.
- અત્યંત ગરીબ/અશકત/નિરાધાર વ્યકિત.
- હોસ્પિટલના બિછાને પડેલ દર્દી કે જેમને અનાજની જરૂરિયાત છે.
- સામાન્ય દેખાવ પરથી યોગ્ય લાગે તેવી જરૂરિયાતમંદ વ્યકિત/કામદાર.
- ઘરવિહોણી એકલી વ્યકિત અથવા કુટુંબ (બાળકો સહિત)
- **ઘરવિહોણા અને અનાથ બાળક એટલે કે સ્ટ્રીટ ચિલ્ડ્રન.**

(૨) શિહોર તાલુકામાં ૫૧૦ કિલો અનાજ વિના મૂલ્યે આપવામાં આવેલ છે. બે વર્ષનું માસવાર પત્રક સામેલ રાખેલ છે. જયારે ગારીયાધાર તાલુકામાં આવો કોઈ જથ્થો વિનામૂલ્યે આપવામાં આવેલ નથી.

| ક્રમ | તાલુકાનું નામ | માસ તથા વર્ષ | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|---|
| ૧. | શિહોર | જાન્યુઆરી-૨૦૦૯ | -- |
| ૨. | શિહોર | ફેબ્રુઆરી-૨૦૦૯ | -- |
| ૩. | શિહોર | માર્ચ-૨૦૦૯ | -- |
| ૪. | શિહોર | એપ્રીલ-૨૦૦૯ | -- |
| ૫. | શિહોર | મે-૨૦૦૯ | -- |
| ૬. | શિહોર | જૂન-૨૦૦૯ | -- |
| ૭. | શિહોર | જુલાઈ-૨૦૦૯ | -- |
| ૮. | શિહોર | ઓગસ્ટ-૨૦૦૯ | -- |
| ૯. | શિહોર | સપ્ટેમ્બર-૨૦૦૯ | -- |
| ૧૦. | શિહોર | ઓક્ટોબર-૨૦૦૯ | -- |
| ૧૧. | શિહોર | નવેમ્બર-૨૦૦૯ | -- |
| ૧૨. | શિહોર | ડીસેમ્બર-૨૦૦૯ | -- |
| ૧૩. | શિહોર | જાન્યુઆરી-૨૦૧૦ | -- |
| ૧૪. | શિહોર | ફેબ્રુઆરી-૨૦૧૦ | -- |
| ૧૫. | શિહોર | માર્ચ-૨૦૧૦ | -- |

| ક્રમ | તાલુકાનું નામ | માસ તથા વર્ષ | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|---|
| ૧૬. | શિહોર | એપ્રીલ-૨૦૧૦ | -- |
| ૧૭. | શિહોર | મે-૨૦૧૦ | -- |
| ૧૮. | શિહોર | જૂન-૨૦૧૦ | -- |
| ૧૯. | શિહોર | જુલાઈ-૨૦૧૦ | -- |
| ૨૦. | શિહોર | ઓગષ્ટ-૨૦૧૦ | -- |
| ૨૧. | શિહોર | સપ્ટેમ્બર-૨૦૧૦ | -- |
| ૨૨. | શિહોર | ઓક્ટોબર-૨૦૧૦ | -- |
| ૨૩. | શિહોર | નવેમ્બર-૨૦૧૦ | ૧૭૦ કિલો |
| ૨૪. | શિહોર | ડીસેમ્બર-૨૦૧૦ | ૧૭૦ કિલો |
| ૨૫. | શિહોર | જાન્યુઆરી-૨૦૧૧ | ૧૭૦ કિલો |
| | | કુલ : | ૫૧૦ કિલો |

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી :** માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાના લાભાર્થીઓની ઓળખ કોણ કરે છે?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : આ 'અન્નમ બ્રહ્મ યોજના'ના લાભાર્થીઓની ઓળખ જે તે વિસ્તારના મામલતદાર અને જિલ્લા પુરવઠા અધિકારી કરે  છે. તેમની ઉપર આ કામગીરીની જવાબદારી સોંપવામાં આવેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે યોજના છે એ નિરાધારોના આધારરૂપ યોજના છે એના માટે હું સરકારને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે આમાં વ્યકિતદીઠ અનાજ આપવામાં આવે છે એનું પ્રમાણ કેટલું છે અને કેટલા સમયગાળા સુધી આ અનાજ આપવામાં આવશે?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : એમાં વ્યકિતને માસિક ૧૦ કિલો અનાજની જરૂરિયાત પડે. ખાસ કરીને આ યોજના કરવામાં આવી છે એ ભૂખમરો અને કુપોષણથી અકાળે કોઈનું મૃત્યુ ન થાય એના માટેની આ યોજના છે અને માસિક ૧૦ કિલો અનાજ પર્યાપ્ત થઈ જાય છે એ રીતે આ અનાજ આપવામાં આવે છે.

## સૂરેન્દ્રનગર જિલ્લામાં કેરોસીનની ફાળવણી અંગે

***૧૮૪૯૭ શ્રી હરીલાલ મો. પટેલ(ધ્રાંગધ્રા)** : **માનનીય નાગરિક પુરવઠામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તાલુકાવાર કેટલી કેરોસીનની ફાળવણી કરવામાં આવી,

(૨) કેરોસીન નહીં મળવા બાબતે કુલ કેટલી ફરિયાદો તાલુકાવાર જિલ્લા પુરવઠા તંત્રને મળેલ છે?

(૩) તેના ઉકેલ માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યાં, અને

(૪) સરકારે કેરોસીન ફાળવણી નીતિમાં સને ૧૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં શું ફેરફાર કર્યો?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તાલુકાવાર કરવામાં આવેલ કેરોસીનની ફાળવણી નીચે મુજબ છે.

(આંકડા કિલોમીટરમાં)

| તાલુકાનું નામ | ફાળવણી |
|---|---|
| વઢવાણ | ૩૯૮૯ |
| મુળી | ૨૪૪૮ |
| ચોટીલા | ૪૧૭૯ |
| લીંબડી | ૪૨૯૧ |
| સાયલા | ૩૧૧૦ |
| હળવદ | ૩૧૪૧ |
| ધ્રાંગધ્રા | ૪૬૪૬ |
| પાટડી | ૪૨૨૩ |
| લખતર | ૨૧૭૦ |
| ચુડા | ૨૪૦૦ |
| સુરેન્દ્રનગર | ૩૯૧૧ |
| **કુલઃ-** | **૩૮૫૦૮** |

(૨) કેરોસીન નહીં મળવા બાબતે કુલ ૧૨ ફરિયાદો તાલુકાવાર પુરવઠાતંત્રને મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ફરીયાદની સંખ્યા |
|---|---|---|
| ૧ | સાયલા | ૧ |
| ૨ | લીંબડી | ૨ |
| ૩ | ધ્રાંગધ્રા | ૧ |
| ૪ | ચોટીલા | ૨ |
| ૫ | ચુડા | ૨ |
| ૬ | દશાડા | ૧ |
| ૭ | વઢવાણ | ૩ |
| | કુલ :- | ૧૨ |

(૩) ઉપરોકત મળેલ ૧૨ ફરિયાદો અન્વયે પરવાનેદારો સામે તપાસ કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જે અન્વયે ૯ (નવ) પરવાનેદારોની તપાસમાં રૂ. ૩૪૩૨૭-૧૦ પૈસાની કિંમતનો કુલ ૩૧૩૬ લિટર કેરોસીનને જથ્થો કબજે લેવામાં આવેલ તે પૈકી રૂ. ૩૩૪૯૩-૧૦ પૈસાન કિંમતનો ૩૦૭૮ લિટર કેરોસીનને જથ્થો રાજયસાત કરવમાં આવેલ છે તથા ખાતારાહે પરવાના ડિપોઝીટ રૂ. ૧૮૨૫૦ રાજયસાર કરવામાં આવેલ છે. એક પરવાનો ૬૦ દિવસ મોકુફ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) એપ્રિલ-૨૦૧૦ સુધી ૧ થી ૩ વ્યકિતવાળા રાંધણગેસ વગરના રેશનકાર્ડ ધારકોને કાર્ડદીઠ ૫ લિટર અને ૪ કે તેથી વધુ વ્યકિતવાળા રેશનકાડર્ ધારકને કાર્ડદીઠ ૧૦ લિટરના ધોરણે કેરોસીન વિતરણ કરવામાં આવતું હતું, તે નીતિમાં ફેરફાર કરીને મે-૨૦૧૦ થી વ્યકિતદીઠ ૨(બે) લિટર અને ૬ કે તેથી વધુ વ્યકિતવાળા કાર્ડધારકોને વધુમાં વધુ ૧૨ લિટર મુજબ કેરોસીન વિતરણ કરવાની નીતિની અમલવારી કરવામાં આવે છે.

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તાલુકાવાર કેરોસીનની કેટલી ફાળવણી કરવામાં આવી અને બીજો પ્રશ્ન કે કેરોસીન નહીં મળવા બાબતે કુલ કેટલી ફરિયાદો તાલુકાવાર જિલ્લા પુરવઠા તંત્રને મળી છે જેના ઉકેલ માટે સરકાર દ્વારા શું શું પગલાં લીધાં છે અને સરકારે કેરોસીન ફાળવણી નીતિમાં સન ૨૦૧૦-૧૧ માં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં શું ફેરફાર કર્યો છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આ બધા પ્ર્શ્નોના જવાબ છાપ્યા પ્રમાણે આવી જાય છે, પરંતુ જે ફેરફાર કર્યો છે એ હું ખાસ જણાવવા માગું છું મે મહિનામાં ૨૦૧૦ થી પહેલાં જે રેશનકાર્ડમાં ૧ થી ૩ ની સભ્ય સંખ્યા હોય એને આપણે ફકત ૫ લિટર કેરોસીન આપતા હતા અને ત્યારપછી ૪ થી વધારે સભ્ય સંખ્યા હોય તો ૧૦ લિટર સુધી આપતા હતા. હાલ આ વ્યવસ્થામાં ફેરફાર કરીને વ્યકિતદીઠ ૨ લિટર આપીએ છીએ અને એનાથી વધારે હોય જો ૧૨ લિટર સુધી ૧૦ લિટરની કક્ષા વધારીને ૧૨ લિટર સુધી રેશન કાર્ડમાં કેરોસીન આપવામાં આવે છે.

## મહેસાણા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવા બાબત

***૧૭૭૫૭ શ્રી કાંતિભાઈ રા. પટેલ(વિજાપુર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને

(૩) તે કયાં સુધીમાં જાહેર કરવામાં આવશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૬૨૪.

(૨) ૧૦.

(૩) બાબત સંબંધિત વાજબી ભાવના દુકાનદારની તત્પરતા તથા યોજનાની પસંદગી પર આધારિત છે તેથી કાર્યવાહી પૂર્ણ થયેથી.

**શ્રી કાંતિભાઈ રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો પૈકી મોડેલ દુકાનો કેટલી બનાવવામાં આવી છે?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : મહેસાણા જિલ્લામાં કુલ ૯ તાલુકા છે અને કુલ ૬૨૪ દુકાનોને મંજૂરી આપવામાં આવેલી છે એમાં મહેસાણા તાલુકામાં ૧૩૪ દુકાનો જે હાઈએસ્ટ છે. અને ખૂબ સારી કામગીરી કરી રહી છે.

કડીમાં ૮૬, વીસનગરમાં ૭૯, વિજાપુરમાં ૯૩, બેચરાજીમાં ૩૬, ઉંઝામાં ૬૩, વડનગરમાં ૫૦, ખેરાલુમાં ૫૨ અને સતલાસણામાં ૩૧ આમ કુલ મળીને ૬૨૪ દુકાનોને મંજૂરી આપવામાં આવેલી છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવામાં આવી છે તેમાં શું શું સગવડો કરવામાં આવે છે?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા :** મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે હું નીચે દર્શાવું છું તે પ્રમાણેની સગવડો હોવી જોઈએ. દુકાનનું ક્ષેત્રફળ ૪૦૦ થી ૫૦૦ ચોરસ ફુટનું હોવું જોઈએ, દુકાનમાં વિવિધ વસ્તુઓના વેચાણ માટે ત્રણ થી ચાર બારીઓ હોવી જોઈએ, બેસવાની સગવડ હોવી જોઈએ. પીવાના પાણીની સગવડ હોવી જોઈએ, મુતરડીની સગવડ અને દુકાનમાં નોન પી.ડી.એસ. ચીજ વસ્તુઓનું વેચાણ કરવાનું રહેશે આટલી સગવડ હોવી જોઈએ.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ૬૨૪ દુકાનો ચાલુ છે એમ તેઓએ જણાવ્યું છે, તો એમાંથી કેટલી ચાલુ છે અને કેટલી બંધ છે અને કેટલી ફરિયાદો લોકો તરફથી મળેલી છે?

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણામાં ચાલુ દુકાનો ૧૩૪, કડીમાં ૮૭, વીસનગરમાં ૭૯, વિજાપુરમાં ૯૩, બેચરાજીમાં ૩૯, ઉંઝામાં ૬૫, ખેરાલુમાં ૫૨, વડોનથગરમાં ૫૪ અને સતલાસણામાં ૩૧ છે.

**અમદાવાદ શહેરમાં તોલમાપ નિયંત્રણ તંત્ર દ્વારા વજન કાંટાની ચકાસણી કરવા બાબત**

*** ૧૭૫૩૦ શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવાવ કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ નિયંત્રણ તંત્ર દ્વારા છેલ્લા બે વર્ષમાં તોલમાપ ઈલેક્ટ્રોનીક વજન કાંટા અને લોખંડના વજનના બાટની વર્ષવાર કેટલા કિસ્સામાં ચકાસણી કરવામાં આવી,

(૨) આ ચકાસણી દરમ્યાન કેવી કેવી ગેરરીતિઓ પકડાઈ,

(૩) પકડાયેલ ઈસમો સામે કેવા પ્રકારની કલમો લગાવી ગુન્હા દાખલ કરવામાં આવ્યા, અને

(૪)તોલમાપ વજનમાં વ્યાપક ગેરરીતિઓ અન્વયે આવી ગેરરીતિઓ અટકાવવા સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી:**

(૧) જાન્યુ-૨૦૦૯ થી ડીસે-૨૦૦૯ સુધીમાં કુલ ૧૬૦૬૪ ચકાસણી કરવામાં આવી જાન્યુ. ૨૦૧૦ થી ડીસે. ૨૦૧૦ સુધીમાં કુલ ૧૪૭૭૪ ચકાસણી કરવામાં આવી.

(૨) જાન્યુ-૨૦૦૯થી ડીસે-૨૦૦૯ સુધીમાં કુલ-૧૩૪૪ ગેરરીતિઓ પકડાઈ છે. આ ગેરરીતિઓ નીચે પ્રમાણેની છે.

(૧) કલમ-૨૨/૪૫ એટલે કે કોઈપણ પ્રકારનું ચકાસણી મુદ્દાંક્ન કરાવ્યા સિવાયનું વજનમાપ વાપરવા અંગેની ૧૫ ગેરરીતિઓ

(૨) કલમ-૨૪/૪૭ એટલે કે ફરીથી નિયત સમયમર્યાદામાં ચકાસણી મુદ્દાક્ન કરાવ્યા સિવાયનું વજનમાપ વાપરવા અંગેની ૧૩૨૩ ગેરરીતિઓ

(૩) કલમ ૩૭(૧) એટલે કે છેતરવાના આશયથી ચેડા કરેલ વજનમાપ વાપરવા અંગેની ૦૬ ગેરરીતિઓ

જાન્યુ-૨૦૧૦ થી ડીસે-૨૦૧૦ સુધીમાં કુલ ૫૪૦ ગેરરીતિઓ પકડાઈ છે. આ ગેરરીતિઓ નીચે પ્રમાણેની છે.

(૧) કલમ-૨૨/૪૫ એટલે કે કોઈપણ પ્રકારનું ચકાસણી મુદ્દાંક્ન કરાવ્યા સિવાયનું વજનમાપ વાપરવા અંગેની ૧૫ ગેરરીતિઓ

(૨) કલમ-૨૪/૪૭ એટલે કે ફરીથી નિયત સમયમર્યાદામાં ચકાસણી મુદ્દાંક્ન કરાવ્યા સિવાયનું વજનમાપ વાપરવા અંગેની ૫૨૩ ગેરરીતિઓ

(૩) કલમ ૩૭(૧) એટલે કે છેતરવાના આશયથી ચેડા કરેલ વજનમાપ વાપરવા અંગેની ૦૨ ગેરરીતિઓ

(૩) પકડાયેલ ઈસમો સામે પ્રમાણભૂત વજનમાપ ધારા (અમલી) ધારો ૧૯૮૫ની ક્લમ ૨૨, ક્લમ-૨૪, ક્લમ-૩૭(૧) અન્વયે ગુન્હા દાખલ કરવામાં આવ્યા.

(૪) દરેક ઈલેક્ટ્રોનિક કાંટા તથા બાટને તોલમાપ તંત્ર દ્વારા નિયમીત રીતે કાયદા/નિયમોમાં ઠરાવેલા ધારાધોરણ મુજબ ચકાસણી મુદ્દાંક્ન કરવામાં આવે છે. અને ગ્રાહક્ને ચુક્વેલ કિંમતના પ્રમાણમાં ચોક્ક્સ જથ્થો મળે તે માટે આ રીતે તકેદારી રાખવામાં આવે છે. આ ઉપરાંત અવારનવાર આકસ્મિક તપાસણી દ્વારા પણ તોલ અને માપથી વેચાતી વસ્તુઓનો જથ્થો ચુક્વેલ કિંમતના પ્રમાણમાં ગ્રાહક્ને પુરો મળે છે કે કેમ તેની પણ તપાસ ક્રવામાં આવે છે. અને આ ઝુંબેશ આખુ વર્ષ ચાલુ રાખવામાં આવશે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે જાન્યુઆરી ૨૦૦૯ થી ડિસેમ્બર ૨૦૦૯ સુધી ૧૬૦૬૪ જગ્યાએ તપાસણી કરવામાં આવી છે, જાન્યુઆરી ૨૦૧૦ થી ડિસેમ્બર ૨૦૧૦ સુધીમાં ૧૪૭૭૪ જેટલી જગ્યાએ ગેરરીતિઓ માટેની તપાસ કરવામાં આવી છે. તો મારે એ જાણવું છે કે આ તપાસ દરમિયાન ગેરરીતિઓ આચરનારાઓ સામે શું પગલાં લેવામાં આવ્યા અને તેની સામે શું ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને સજા પેટે કેટલી રકમ વસૂલ કરવામાં આવી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં તોલમાપ નિયંત્રણ માટેનો જે આખો સેટઅપ છે તેના દ્વારા ૨૦૦૯ માં ૧૬૦૬૪ અને ૨૦૧૦માં ૧૪૭૭૪ જેટલામાં ચકાસણી કરવામાં આવી છે. મેં જવાબમાં લખ્યું છે કે ૧૩૪૪ ગેરરીતિઓ પકડાઈ છે. એમાં અલગ અલગ સેકસન છે તે મુજબ કલમ ૨૨/૪૫ નીચે ૧૫ ગેરરીતિઓ પકડાઈ છે અને કલમ ૨૨/૪૭ નીચે ૧૩૨૩ ગેરરીતિઓ પકડાઈ છે. સેકસન ૨૨ છે એમાં ગેરરીતિઓ પકડાય છે ત્યારે તેને દંડ કરવામાં આવે છે. જે ૨૨ સેકસનમાં વજન-માપમાં ભૂલ હોય છે એમાં મુદ્રાંકન કરવામાં આવે છે એમાં ભૂલ ત્રણ પ્રકારની હોય છે. એક તો મુદ્રાંકન કરાવ્યા સિવાય નવા કાંટા લાવે અને તરત જ વાપરવાનું શરૂ કરે તો તેના માટે સેકસન ૨૨ ઉપર દંડ કરવામાં આવે છે. અને વોર્નિંગ આપવામાં આવે છે. અને હા પાડે તો તેને શીક્ષા થાય છે. ફરી વખત એક વર્ષ પછી તેનું મુદ્રાંકન કરાવવાનું હોય છે તે કરાવ્યું ન હોય તો તેના માટે શીક્ષા થાય છે અને કોર્ટ મેટર બને અને લીટીગેશન થાય છે અને એમાં છ મહિનાની જેલ થાય છે અને એક હજાર રૂપિયા સુધીનો દંડ થાય છે. ઘણી વખત બન્ને પણ થાય છે. અને હજાર રૂપિયાનો દંડ થાય છે. ઘણી વખત બંને પણ થાય છે. સન ૨૦૧૦ની સાલમાં ૫૪૦ ગેરરીતિઓ પકડાઈ છે એમાં ૨૨ સેંકશન પ્રમાણે મુદ્રાંકન જેમણે કરાવેલ નહોતું એની ૧૫ ગેરરીતિઓ પકડાઈ છે અને જેણે ફરી વખત મુદ્રાંકન નહોતું કરાવેલ તેવી ૫૨૩ ગેરરીતિઓ પકડાઈ હતી અને આ બધા કિસ્સાઓમાં અમે શિક્ષા પણ કરી છે, એનો દંડ એકઠો કર્યો છે એની હું માહિતી આપું તો સન ૨૦૦૯માં ૭,૮૪૮૫૦ રૂપિયાનો દંડ વસૂલ કરેલ છે. જ્યારે સન ૨૦૧૦માં ૫,૦૬૧૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કાનૂની માપ વિજ્ઞાનતંત્ર દ્વારા વજન માપ પ્રથમ વખત મુદ્રાંકન ન કરાવેલ હોય તથા ફરીથી મુદ્રાંકન ન કરાવ્યા હોય તેવા વજન માપ વાપરવા અંગે શું શિક્ષાની જોગવાઈ છે. અમદાવાદ શહેરમાં ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કાનૂની માપ વિજ્ઞાનતંત્ર દ્વારા છેલ્લા બે વર્ષમાં આવી ગેરરીતિઓ અટકાવવા માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા તમામ પ્રકારની લેવડદેવડમાં વજનકાંટાના માપણી કરવાની હોય છે. એમાં પ્રથમ વખત ખરાઈ કરવાની હોય એવી ખરાઈ કરાયા સિવાય માપ વપરાશમાં લીધું હોય તો સેંકશન ૨૨ પ્રમાણે એ પ્રતિબંધિત હોય છે અને એ ગેરરીતિ કરનાર ઉપર શિક્ષા કરવામાં આવે છે. અગર એ ફરી વખત એ મુદ્રાંકન કરાવ્યા સિવાય વાપરે તો કલમ-૪૫ મુજબ દંડ કરવામાં આવે છે. આવા કિસ્સાઓમાં ૨૦૦૯માં ૭,૮૪૮૫૦ રૂપિયા અને સન ૨૦૧૦માં ૫,૦૬૧૦૦ રૂપિયા દંડ કરવામાં આવેલ છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય મંત્રીશ્રીએ અહીંયા શિક્ષાની વાત કરી દંડની રકમ કહી એમાં જણાવ્યું કે છ મહિનાની જેલની સજાની જોગવાઈ છે તો છેલ્લા દસ વર્ષમાં આવી જેલની સજા કેટલાની સામે કરવામાં આવી?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : કાંટાની ભૂલ કરે એને દંડની સજા કરી છે. અમદાવાદમાં જેલની સજા કોઈને કરેલ નથી.

## જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ-ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત

*** ૧૮૦૧૯ શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવાના બાકી છે, અને

(૩) તેને કયાં સુધીમાં બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) ૬૬૩
(૨) નવરચિત ૨ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવાના બાકી છે.
(૩) સત્વરે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં ૬૬૩ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે. પરંતુ જે રેવન્યુ વિલેજ ૧૮ જેટલા છે એ જોડાણ વગરના છે તો એને જોડવા માગો છો કે કેમ? જામનગર જિલ્લામાં વિલેજ કૉમ્પ્યુટર એન્ટરપ્રિનિયરોપને કેવા કેવા પ્રકારે ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી આવક પ્રાપ્ત થાય છે અને ખાસ કરીને ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે વીજ બિલ કનૅક્શન સૅન્ટર શરૂ થવાથી કોને કોને ફાયદો થાય છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ગુજરાત સરકારે ઈ-કનેકટીવીટી દ્વારા ઈ ગ્રામ વિશ્વગ્રામનું આયોજન ગુજરાતમાં કર્યુ છે અને સમગ્ર દેશે એની નોંધ લીધી છે. જામનગર જિલ્લામાં મેં કહ્યું તે પ્રમાણે ૬૬૩ ગામોમાં જોડાણ થઈ ગયું છે, બે ગામો બાકી હતા, નવા ગામોનું ડિવિઝન થયું એના જોડાણ બાકી છે, ૧૮ ગામોમાં વિલેજ પંચાયત છે, ગૃપ પંચાયત હોય કે વિલેજ પંચાયત હોય એ ૧૮ ગામોને આપણે પરગણા કરીએ છીએ એને પણ વીજ જોડાણ આપવાનું આયોજન કર્યુ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પાંચ હજાર ગામોનું જોડાણ કરવાની નવી મંજૂરી આપી છે એના કારણે ઈ-ગ્રામ વિશ્વગ્રામ જોડાણ ગુજરાતના તમામ ગામોનું કરવામાં આવશે. એમણે બીજો પ્રશ્ન પૂછયો કે વીજ બિલ કલેકશન સૅન્ટર થવાની શું ફાયદો થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, Village computer enterproneur છે તે દરેક ગામમાં સ્થાપિત થયેલ છે. તે લોકોની આવક આના ઉપર આધારિત હોય છે. મને કહેતા આનંદ થાય છે કે લગભગ ગુજરાતના ઘણા ખરા ગામોના વીજ બિલ કલેકશન ત્યાંથી કરવામાં આવે છે. એક વીજ બિલ ભરવામાં આવે એક ગામની અંદર તો તેને ૭ રૂપિયા આપવામાં આવે છે. તેમાંથી ૨૦ ટકા શેર ગ્રામ પંચાયત પાસે જાય છે અને ૮૦ ટકા શેર વી.સી.ના પાસે રહે છે. જુદા જુદા ગામના વિભાગોની ડેટા એન્ટ્રી કરવાથી પણ આવક થાય છે. નરેગાની ડેટા એન્ટ્રી, આરોગ્ય વિભાગની એન્ટ્રી, ટોટલ સેનીટેશન પ્રોગ્રામની એન્ટ્રી, ગરીબ કલ્યાણ મેળાની માહિતીની ડેટા એન્ટ્રી વગેરેના કરેલા કામોના લીધે આનું મહેનતાણું એને મળે છે. અન્ય બીજી B to C સેવાઓ જેવી કે મોબાઈલ રીચાર્જ, ડાઉનલોડ, એલ.આઈ.સી. પ્રિમિયમ કલેકશન, બી.એસ.એન.એલ. ટેલિફોન બિલ, ટાટા સ્કાયના બિલ કલેકશન આ બધી જ અન્ય વ્યવસ્થાઓ પણ આપણે ગુજરાતના ગામડાંઓમાં લાવી રહ્યા છીએ અને તેના કારણે વી.સી.ને સારું એવું મહેનતાણું મળી રહે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ બ્રોડ બૅન્ડ ઈ કનેકટીવીટી યોજના છે એ યોજનામાં કેન્દ્ર સરકારનો ફાળો કેટલા ટકા છે? બીજું, આની કેપેસિટી જે છે એ યોગ્ય ન હોવાથી ઘણી વખતે ફરિયાદો આવે છે તો આ ફરિયાદો દૂર કરવા માટે કોઈ પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામનું જે કામ ચાલે છે તેમાં બ્રોડ બૅન્ડ કનેકટીવીટીમાં જે સ્પીડ છે તેમાં કોઈક જગ્યાએ પ્રોબ્લેમ આવ્યો હશે, લગભગ સ્પીડમાં પ્રોબ્લેમ નથી આવતો. પરંતુ જ્યાં આગળ રેવન્યુ ખાતા દ્વારા અમે જે કામ શરૂ કરીને ૭/૧૨ અને ૮-અના ઉતારા મામલતદારને ખાતેથી લઈએ છીએ તેમાં MBH એ જે કનેકટીવીટી છે એમાં સ્પીડમાં થોડોક તફાવત છે. તેના માટે પણ અમારો વિભાગ અને આઈ.ટી. વિભાગ સામુહિક રીતે કામ કરી રહ્યા છીએ. ટૂંક સમયમાં એ પ્રોબ્લેમ પણ સોલ્વ થઈ જશે.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ મારફતે ગુજરાતના દરેક ગામડાંને ધબકતું કરીને અનેક પ્રકારની સગવડો ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય પંચાયત મંત્રીશ્રીએ આપી છે ત્યારે ગ્રામ્ય જીવનના લોકો હર્ષની લાગણી અનુભવે છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને પંચાયત મંત્રીશ્રીનો અભિનંદન સાથે આભાર માનું છું. મારે આપના માધ્યમથી પ્રશ્ન એ પૂછવો છે કે જિલ્લાઓમાં હાલની સેવાઓ ઉપરાંત ભવિષ્યમાં કેવા પ્રકારની સેવાઓ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ મારફતે આપવાનું સરકાર આયોજન કરી રહી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે હાલની સેવાઓ આપવામાં આવે છે એ ઉપરાંત આ સેવાઓમાં રેશનકાર્ડ તૈયાર કરી ઈસ્યુ કરવાની સુવિધા પણ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ દ્વારા આપવાની અમારી તૈયારી છે. ગૃહ વિભાગ દ્વારા પોલીસ ફરિયાદનો ઑન લાઈન પણ પ્લાન છે. આરોગ્ય વિભાગ દ્વારા ટેલી મૅડિસિન સર્વિસીસ પણ ગુજરાતના ગામડાંઓને મળે એ માટેની પણ વ્યવસ્થા ગોઠવી રહ્યા છીએ. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા બેરોજગારોની નોંધણી અને તેનું મોનીટરીંગ પણ ઈ-ગ્રામ ઉપરથી કરી શકાશે. કાયદા વિભાગ દ્વારા વિવિધ કોર્ટમાં ચાલતા કેસોની વિગતો, વાહનવ્યવહાર વિભાગ દ્વારા વાહનોની નોંધણીની કલ્પના છે. એસ.ટી. બસના પાસ ઈસ્યુ કરવાની પણ સુવિધા આપી શકાશે. વિવિધ કચેરીઓના ભરેલા ફૉર્મ સ્કેન કરીને ઉપરની કચેરીને ઈ-મેઈલથી મોકલી શકાશે. ઉપરાંત B to C સેવાઓ આગામી સમયમાં ઈ-ગ્રામ કેન્દ્રો દ્વારા કરવામાં આવશે. બેંકીંગને લગતી સેવાઓ, બી.એસ.એન.એલ. બિલ કલેકશન.સરકાર માન્ય કંપનીઓના વીમા, ભારતની

પોસ્ટલ સેવાઓ, પાન કાર્ડ ઇસ્યુ. આ બધી જ સેવાઓ અમારી ગણતરીમાં છે. આ બધી સેવાઓનું તબક્કાવાર જોડાણ કરવા ઉપર જઈ રહ્યા છીએ.

## રાજયમાં અનામત પ્રકારના વૃક્ષો

* ૧૭૮૩૪ શ્રી શિરિષકુમાર મ. શુક્લ(ખંભાત) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :(૧) રાજયમાં અનામત પ્રકારના વૃક્ષો કયા કયા છે, અને

(૨) અનામત વૃક્ષોની કેટેગરીમાં સરકાર વધારો કે ઘટાડો કરવા માંગે છે કે કેમ?

**વન મંત્રીશ્રી :**

**(૧) સાગ, સીસમ, ચંદન, ખેર અને મહુડો.**

(૨) હા, જી. આ બાબત વિચારણા હેઠળ છે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અનામત વૃક્ષો સિવાય બીજા કયા કયા વૃક્ષોને સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારા હેઠળ આવરી લેવામાં આવ્યા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, અનામત વૃક્ષો સિવાય બીજા ૨૧ વૃક્ષો સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ટીમરુ, સીમડો, સાદર, કણજી, કરણ, સેવન, બીયો, હરડે, ધાવડો, આંબો, અંબોડી, કલમ, સરગવો, ખજૂરી, લીમડો, તાડ, જાંબુ, દેશી બાવળ, ખીજડો, રોહનનો સમાવેશ કરેલ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : સ્વર્ણિમ ગુજરાતના સન્માનનીય ગૃહના યુવા અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અનામત વૃક્ષો કાપવાના હોય ત્યારે સરકારશ્રીને કોઈ રકમ ચૂકવવાની થાય છે કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : હા, પાંચ અનામત વૃક્ષો કાપીને ઘર વપરાશના ઉપયોગમાં લેવાના હોય તો ખાતેદારે વૃક્ષ દીઠ રૂ.૧૫/- અને ઘર વપરાશ સિવાયના ઉપયોગમાં લેવાના હોય તો વૃક્ષ દીઠ રૂ.૨૦/-ની રૉયલ્ટી વન વિભાગને ચૂકવવાની થાય છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અનામત વૃક્ષોની સંખ્યા અમારા જિલ્લામાં ખૂબ ઓછી છે તો સરકાર દ્વારા આવા વૃક્ષોનું વૃક્ષારોપણ કરાવીને વધારવા માગે છે કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ખૂબ સારો છે. આવા વૃક્ષારોપણનો કાર્યક્રમ દ્વારા લોકોને પ્રોત્સાહિત કરીને રાજયમાં વધારે ગ્રીનરી થાય એ માટે દરેક જિલ્લામાં વન મહોત્સવના કાર્યક્રમો કરેલ છે અને એ માટે ખૂબ મોટા પ્રમાણમાં કાર્યક્રમો પણ કરેલ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર કોલસા ઉપર પ્રતિબંધ મૂકી અને ગાંડા બાવળની આડશે પીલુ અને બીજા ઝાડોનો શોથ વાળવાનું કામ થઈ રહેલ છે. અત્યારે એ રોકાઈ ગયેલ છે. એ રોકવાના કારણે બાજુના પાટણ જિલ્લો અને સાંતલપુરમાં પીલુ અને ગાંડા બાવળની સાથે સાથે બાકીના ઝાડો પણ કાપવામાં આવે છે ત્યારે આવો કોલસો પાડતા માફિયાઓને અટકાવવા માટે પાટણ જિલ્લો અને બનાસકાંઠાને અડીને આવેલા ધ્રાંગધ્રા, કચ્છને અડીને આવેલ પ્રદેશ હોય ત્યાં પ્રતિબંધ મૂકવા માગો છો કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું એ સૂચન છે.

## ખાનપુર તાલુકાના ઉડાવા ગામે સરદાર આવાસ ફાળવવા બાબત

* ૧૮૩૯૬ શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનપુર તાલુકાના ઉડાવા ગામે કેટલા સરદાર આવાસ ફાળવવામાં આવેલ છે,

(૨) તે લોકોને પ્રથમ અને બીજા હપ્તા પેટે કેટ કેટલી રકમ ચૂકવવામાં આવી છે, અને

(૩) જો ના તો રકમ ન ચૂકવવાના શા કારણો છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧)

| | |
|---|---|
| તા.૧-૧-૦૯થી તા.૩૧-૧૨-૦૯ | ૦૪ |
| તા.૧-૧-૧૦થી તા.૩૧-૧૨-૧૦ | ૦ |
| કુલ | ૦૪ |

(૨)

| ક્રમ | લાભાર્થીનું નામ | પ્રથમ હપ્તો | બીજો હપ્તો |
|---|---|---|---|
| ૧ | રાવળ રમણભાઈ સવાભાઈ | ૧૩૦૦૦ | |
| ૨ | ડામોર હીરાભાઈ ગેમાભાઈ | ૧૩૦૦૦ | |

| | | | |
|---|---|---|---|
| ૩ | ડામોર જવાભાઈ ધીરાભાઈ | ૧૩૦૦૦ | ૧૭૫૦૦ |
| ૪ | લુહારીયા ગોપાલભાઈ વેલાભાઈ | ૧૩૦૦૦ | ૧૭૫૦૦ |
| | કુલ | ૫૨૦૦૦ | ૩૫૦૦૦ |

(૩) ગૃપ ગ્રામ પંચાયત મોરખાખરા દ્વારા આવાસનું બાંધકામ ન કરવાના કારણે તાલુકા પંચાયત ખાનપુર એ રકમ ચૂકવેલ નથી.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાની અંદર મોરખાખરા પંચાયતને ઉડાવા ખાતે તા.૧-૧-૦૯ ના વર્ષ દરમિયાન ચાર વ્યકિતઓને સરદાર આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો. છેલ્લા બે વર્ષના ગાળા દરમિયાન રૂ.૮૭૦૦૦/- જેટલી માતબર રકમ તાલુકા પંચાયત દ્વારા ગ્રામ પંચાયતને ચૂકવવામાં આવેલ હોવા છતાં પણ આ મકાનોનું બાંધકામ શરૂ કરવામાં આવેલ નથી. તો આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ ચાર વ્યકિતઓના આવાસ મંજૂર થયા છે એ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને જે લોકોએ આવાસ બાંધવાનું કામ નથી કર્યું, આવાસ બાંધવાનું કામ નહીં કર્યુ અને ૮૭હજાર રૂપિયા જેટલી માતબાર રકમ વાપરી નાખી એમની સામે શું પગલા લેવા સરકાર ઈચ્છે છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, તા:૩૧-૩-૨૦૧૧ સુધીમાં આ આવાસો અમે પૂરા કરવાના છે. એમણે બીજી જે વાત કરી છે તલાટી અને સરપંચની એમની સામે અમે કાયદેસરની કાર્યવાહી કરી જ છે. એટલે ટૂંકા સમયમાં આ તમામ આવાસો પરિપૂર્ણ થઈ જશે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ખાનપુર તાલુકાના .ઉડાવા ગામે આ અગાઉના સમયમાં કેટલા આવાસો મંજૂર કર્યા અને કેટલો ખર્ચ કરેલ છે.

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ આવાસો કર્યા હતા, ૫ લાખ જેટલી રકમ એમાં મંજૂર કરી છે. હવે એક પણ લાભાર્થી બાકી નથી. તમામને આવાસ આપણે આપીએ છીએ.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે ખાનપુર તાલુકાના ઉનાવા ગામમાં ઘર વિહોણા કેટલા લાભાર્થીઓ હજી બાકી છે, અને બાકી છે એમને મંજૂર કરવા માગો છો, અને કેટલા સમયમાં?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ બાકી નથી.

## ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માંગણીઓ

*** ૧૭૬૧૧ શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જાન્યુઆરી-૨૦૦ થી ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં ભાવનગર જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતોના વિભાજન માટેની દરખાસ્ત આવી છે, અને

(૨) આ દરખાસ્તો ઉકત સ્થિતિએ કયા તબકકે છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૩ (ત્રણ)

(૨) (૨) ભારત સરકારના ગૃહ વિભાગના તારીખ : ૨૨-૯-૨૦૦૯ ના પત્ર નં. ૯/૬૬/૦૯/સીડી/સીઈએન થી વસ્તી ગણતરી -૨૦૧૧ અન્વયે રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ તેમજ મહેસૂલી હદમાં કોઈ વહિવટી તેમજ ભૌગોલિક માળખામાં તા: ૩૧-૩-૨૦૧૧ સુધી ફેરફાર ન કરવા સૂચના આપેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન છે એમાં ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજન અંગેની દરખાસ્તનો પ્રશ્ન છે. એમાં ત્રણ પંચાયતોની વિગત જવાબમાં લખી છે ત્યારે એક તો મારે ત્રણ પંચાયતો કઈ કઈ છે એની માહિતી જોઈએ છે અને એ પંચાયતોની વિભાજનની કાર્યવાહી ક્યારે પૂર્ણ થશે એનો પણ માનનીય મંત્રીશ્રી, આપના મારફત જવાબ પાઠવે.

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગઢાળી રાજપીપળા અને ત્રણ પંચાયતનું આપણે કરવાનું છે એમાં ૩૧-૩-૨૦૧૧ સુધી કેન્દ્ર સરકારનો બાન છે એટલે આપણે કોઈ કાર્યવાહી કરી નથી. બાન ઉઠયા પછી તમામને મંજૂરી આપવામાં આવશે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ભાવનગર જિલ્લામાં આ સિવાય અન્ય કોઈ દરખાસ્તો પડતર છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : ના સાહેબ, કોઈ પડતર નથી, તમામને મંજૂરી આપણે આપી છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળા અને પ્રહલાદગઢ અને ગઢાળીપૂર્વ અને ગઢાળી પશ્ચિમ આ બે ગઢડા તાલુકાની પંચાયતોના વિભાજનના પ્રશ્નો છે ત્યારે મારે માનનીય અધ્યક્ષશ્રી, આ મારા તાલુકાની જે દરખાસ્તો પેન્ડીંગ છે એ ક્યારે સરકાર એનું વિભાજન કરશે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી જ છે, કે બાન હોવાથી બાન પૂર્ણ થયેથી વિચારણા કરવામાં આવશે. ૩૧-૩-૨૦૧૧ પછી વિચારણા કરવામાં આવશે.

## અમદાવાદ ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરીનું નવીન મકાન

* **૧૭૭૫૦ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરી માટે નવીન મકાન મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનું બાંધકામ તા:૨૭-૧-૨૦૧૧ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે?

ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી **:**

(૧) હા, જી.

(૨) ગોતા-અમદાવાદ ખાતે ત્રણ જિલ્લા ફોરમ તથા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના સંયુકત મકાન "ગ્રાહક ભવન"નું બાંધકામ પૂર્ણ થયેલ છે. અને આ તમામ કચેરીઓ ૧૬-૧૨-૨૦૧૦થી નવા મકાનમાં કાર્યરત થયેલ છે.

(૩) ગ્રાહક ભવન માટે રૂા. ૪૯૧.૫૪ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મૂળ પ્રશ્નનો જવાબ તો મને મળી ગયો છે, પણ મારે વધારેમાં માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે રાજય સરકારે અમદાવાદ ખાતે ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ફોરમો માટે જે ગ્રાહક ભવન બનાવ્યું છે એ કયાં અને કેવી રીતે બનાવેલ છે અને તેમાં શું વ્યવસ્થાઓ કરવામાં આવી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં બહુ આનંદ થાય છે કે ગુજરાત સરકારે ગ્રાહક તકરાર નિવારણ બાબતમાં જે ફોરમની કોર્ટો રચવાની છે એ મને લાગે છે સમગ્ર દેશમાં સૌથી વધારે કોર્ટોની રચના જો કોઈએ કરી હોય તો ગુજરાત સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં અને જાહેર કરતાં આનંદ થાય છે કે રાજય સરકારે ગ્રાહક તકરાર નિવારણ કમિશનનું મકાન, ગુજરાત રાજય અને અમદાવાદ જિલ્લાના ત્રણ ફોરમોનું મકાન આપણું ગામ- ગોતા , તાલુકા દસક્રોઈ, જિલ્લા અમદાવાદ ખાતે સરખેજ ગાંધીનગર હાઈવે ઉપર ૮હજાર ચોરસ મીટર જમીન ઉપર બાંધવામાં આવ્યું છે અને કદાચ મારા મિત્રોને એનો ખ્યાલ નહીં આવે પણ ૩૨ કરોડ રૂપિયાની કિંમતની જમીન સરકારે મફત આપી છે. આ મકાન જે બાંધવામાં આવ્યું એના મકાનની કિંમત ૪૯૧ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. એમાં ૩૦૫ લાખનો કેન્દ્ર સરકારનો છે.અને ૧૮૬ લાખ વત્તા ૫૬.૨૯ લાખ રાજ્ય સરકારનો ખર્ચ થયો છે. આ જે વ્યવસ્થાઓ અહીંયા આવશે એમાં ગ્રાહક ભવન માટે ખર્ચ થયો એમાં વ્યવસ્થા જોઈએ તો એર કન્ડીશન્ડ કોર્ટ રૂમ છે. સ્ટાફ માટે બેઠક વ્યવસ્થા છે. સ્ટેનો રૂમ છે. સભ્યો માટે બેઠક રૂમો છે. અધિકારીઓ માટે ચેમ્બરો છે. વેઈટિંગ રૂમ્સ છે, મહિલા કક્ષ ઉપરાંત વિશાળ પાર્કિંગની વ્યવસ્થા, આકર્ષક લેન્ડ સ્કેપીંગ, સ્વતંત્ર પાણીની વ્યવસ્થા, ૨૪ કલાક સલામતીની સવલત આ બધી બાબતોની આ ગ્રાહક ભવન છે એની અંદર વ્યવસ્થાઓ કરવામાં આવી છે. એ ઉપરાંત મીડિએશન સેન્ટર, કેન્ટીન, સિક્યોરિટી કૅબિન જેવી અન્ય સવલતો માટે ૫૬ લાખ અલગ ખર્ચ કર્યો છે. આ ગ્રાહક ભવન છે એ હાઈકોર્ટના મકાનના જેવું, એને સમકક્ષ મકાન આજે પણ હાઈ-વે ઉપર આપ જોઈ શકો છો.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : સરખેજ-ગાંધીનગર રોડ ઉપર ગોતા પાસે જે મકાન બન્યું છે એ રોડ ઉપર વૈષ્ણોદેવી મંદિર, બાલાજી મંદિર, હાઈકોર્ટનું સંકુલ આવેલ છે એમાં અદ્યતન આ મકાન બનાવ્યું છે. એ મકાન સામાન્ય માણસ, ગરીબ માણસ છેતરાતો હોય તો એને ત્યાં ન્યાય મળે એ માટેનું સરસ સંકુલ બનાવ્યું છે ત્યારે કેન્દ્રના ગ્રાહક કમિશનના અધ્યક્ષ જસ્ટીસ શ્રી ભાણ સાહેબ કે જેઓ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ છે તેઓ પણ એમની સરકીટ બેંચ લઈને આ ગુજરાતમાં આવ્યા હતા અને તેમણે આ જે સુવિધા અને આખું સંકુલ જોયું અને ગુજરાત સરકારની કાર્ય પદ્ધતિ જોયા પછી તેઓ પ્રભાવિત થયા અને બીજા રાજ્યોમાં પણ આવી કામગીરી થાય એવી નેમ લઈને અહીંથી ગયા છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ ગ્રાહક ભવનમાં તકરાર નિવારણ કમિશન તથા જિલ્લાના ત્રણ ફોરમ બન્યા છે તેવી ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કરવાના નાણાકીય ધોરણો શું છે અને ફીનું ધોરણ શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આ જે જિલ્લા ફોરમ છે એ જિલ્લા ફોરમમાં ૨૦ લાખ રૂપિયા સુધીના દાવાઓ કરી શકાય છે. એની ફરિયાદ ત્યાં દાખલ થાય છે. રાજ્ય કમિશનમાં ૨૦ લાખથી ૧ કરોડ સુધીના દાવાની ફરિયાદ દાખલ થાય છે, રાષ્ટ્રીય કમિશનમાં ૧ કરોડથી વધારેની કોઈ ફરિયાદ હોય તો એમાં જાય છે. આની

અંદર જે ફી છે એ જિલ્લા ફોરમમાં ફરિયાદી આવે એમાં અંત્યોદય કાર્ડ અને બી.પી.એલ. કાર્ડધારક કુટુંબ હોય તો ૧ લાખ સુધી કોઈ ફીનું ધોરણ નથી. અંત્યોદય કે બી.પી.એલ. કાર્ડ ન ધરાવતા હોય તો એવા લોકો માટે ૧ લાખ રૂપિયા સુધીના દાવા માટે ૧૦૦ રૂપિયા ફી હોય છે. ૧ થી ૫ લાખ સુધીના દાવા માટે ૨૦૦ રૂપિયા ફી છે અને ૫ થી ૧૦ લાખ રૂપિયા સુધીનો દાવો કે ફરિયાદ હોય તો ૪૦૦ રૂપિયા ફી છે. ૧૦ થી ૨૦ લાખ સુધીનો દાવો કે ફરિયાદ હોય તો ૫૦૦ રૂપિયા ફી હોય છે. રાજ્ય કમિશન માટે ફીનું ધોરણ ૨૦ લાખથી ૫૦ લાખ સુધીના દાવા માટે ૨૦૦૦ રૂપિયા હોય છે અને ૫૦ લાખથી ૧ કરોડ સુધીના દાવા કે ફરિયાદ માટે ૪૦૦૦ રૂપિયા ફી હોય છે. નેશનલ કમિશનમાં ૫૦ રૂપિયા ફી હોય છે. આ પ્રમાણે ફીનું ધોરણ હોય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ જે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ છે એમાં એનો સેટ-અપ શું છે? કેટલા એના ચેરમેન અને મેમ્બરો અને બાકીનો સ્ટાફ એનો સેટ-અપ શું છે અને એમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જિલ્લા ફોરમ છે એમાં અધ્યક્ષ હોય છે. એ નિવૃત્ત ડિસ્ટ્રીક્ટ જજ હોય છે અગર તો હાઈકોર્ટના નિવૃત્ત જજ એમાં અધ્યક્ષ તરીકે બેસે છે. બે સભ્યો પબ્લિકમાંથી આવે છે અને એ અનુભવી લોકો હોય છે. એ ઉપરાંત આ જે આખો સેટ-અપ છે એમાં રજિસ્ટ્રાર પણ આપવામાં આવે છે. કલાર્ક પણ આપવામાં આવે છે (અંતરાય) સેટ-અપની ડિટેઈલ જોઈશે તો મંગાવીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કેટલી જગ્યાઓ ભરાયેલી છે.?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જગ્યાઓ હું આપને કહું ગુજરાતની, આપને બધું જ કહું, અમદાવાદની બધીજ જગ્યાઓ (અંતરાય) હું આની જ વાત કરું છું. કે ત્રણેય જગ્યાઓ કમીશનમાં ભરાયેલી છે. અમદાવાદની જિલ્લા ફોરમની ત્રણ કોર્ટો છે એના અધ્યક્ષો છે એના સભ્યોની પણ ભરતી થઈ ગઈ છે. ગુજરાતમાં પણ લગભગ બધીજ ફોરમો જે છે એ તમામ ફોરમોની અંદર પણ જગ્યાઓ ભરાય ગઈ છે. એક-બે જગ્યાઓ સિવાય બધી જ જગ્યાઓ ભરાયેલી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આમાં બાકીનો સેટ-અપ કહોને?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક ૧૩, (અંતરાય) એમણે આપનો અમદાવાદ પુરતો જવાબ હતો, એમણે જવાબ આપી દીધો છે કે તમામ જગ્યાઓ ભરાયેલી છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મુખ્ય તો મેં કહ્યુંને કે રજિસ્ટ્રાર ત્યાં હોય છે, કલાર્ક છે અને સ્ટેનો હોય છે. હમણાં મેં ભરાયેલું મહેકમ કહ્યુંને કે અહીંયા તમામ સેટ-અપ લગભગ ભરાયેલું છે.

## વડોદરા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

*** ૧૭૭૭૫ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તેમાંથી કેટલી જગ્યાઓ ભરેલી છે,

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી** :

(૧) ૭૮૧.

(૨) ૫૪૨.

(૩) ૨૩૯.

(૪) સત્વરે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીનું જિલ્લાનું ૭૮૧ નું છે એમાંથી જગ્યા ભરાયેલી છે ૫૪૨ અને એમાં જગ્યાઓ ખાલી છે ૨૩૯. સરકારે તલાટી-કમ-મંત્રીઓની ભરતી માટે અથાગ પ્રયત્નો કર્યા, એ પ્રયત્નશીલ છે એ હું ખૂબ સારી રીતે જાણું છું અને કેટલીક કાનૂની પ્રક્રિયાઓને કારણે આ જગ્યાઓ ભરાય નથી. ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસે, કારણ કે મને હવે ખ્યાલ છે ત્યાં સુધી સરકારે હવે અથાગ પ્રયત્નો કર્યા અને એમાંથી જે પરિણામ મળ્યું છે અને અત્યારે પરિસ્થિતિ આખા ગુજરાતમાં પણ અને અમારા જિલ્લાની જે પરિસ્થિતિ છે એ પણ બદલાય છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવા માગું છું કે વડોદરામાં તલાટી-કમ-મંત્રીઓનું કેટલું મહેકમ મંજૂર થયેલું છે અને કેટલી જગ્યાઓ ખાલી છે અને આ જગ્યાઓ ભરવા માટેનું આયોજન શું કરેલ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ૨૩૯ જગ્યાઓ ખાલી છે એ વાત બરાબર છે. આજે આ તલાટીનું મહેકમ નક્કી કરવામાં વિલંબ થયો એનું કારણ એક તો હાઈકોર્ટમાંથી એક સ્ટે હતો એના કારણે ઘણો લાંબો સમય સુધી આપણે ભરતી નહિ કરી શકયા. બીજું અમારી સરકારમાં એવું નક્કી કરવામાં આવ્યું છે કે તલાટીઓનું મહેકમ બે ભાગમાં જુદું પાડવું જોઈએ. એક

મહેસૂલ ભાગ જે તલાટીનું કામ કરે અને બીજું મંત્રીનું કામ પંચાયતો કરે એનો સેટ-અપ અમે ગોઠવ્યો છે અને હવે માનનીય અધ્યક્ષશ્રી, આ જે જગ્યાઓ છે અમારા નાણાખાતા તરફથી અને જી.એ.ડી. ખાતા તરફથી પણ ૨૦૯ જગ્યાઓનું મહેકમ અમને મંજૂર કર્યુ છે. મને કહેતા આનંદ થાય છે કે વડોદરા જિલ્લામાં જે ૧૦૩ તલાટીની નિમણૂક રેવન્યુ ખાતામાં મળી છે અને એની ભરતી પણ એમણે કરી દીધી છે એટલે એની એક રાહત થઈ છે. બાકી પંચાયતના તલાટીઓ જે છે એની ભરતી માટેનું અમે ઓન લાઈન અરજીઓ મંગાવી લીધી છે. અમારી વિભાગની તૈયારી છે કે લગભગ એપ્રિલના અંત સુધીમાં ગુજરાતના લગભગ બધા જ તલાટીઓની ભરતી થઈ જશે. ૨૫૭૮ ભરતી થશે એમાં ૨૦૯ તલાટી વડોદરાના પણ આવી જાય છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે તલાટી-કમ-મંત્રીની જગ્યા કેટલા સમયથી ખાલી છે અને ખાલી જગ્યા ભરવા સરકારે કયા પ્રયત્નો કર્યા છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ ૨૩૯ જગ્યાઓ છે એમાં ૩ વર્ષ ઉપર ૨૨ છે, ૨ થી ૩ વર્ષમાં ૪૨ છે, એક વર્ષથી બે વર્ષ છે એમાં ૮૬ છે અને એક વર્ષથી બાકી છે એમાં ૮૯ બાકી છે. આમાં આ જે એમની માગણી છે કે કેટલા સમયમાં ભરાય જશે? આ જગ્યાઓ ખૂબ જલદીથી ભરવામાં આવશે.

**શ્રી ખુમાનસિંહ ર. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં એવું જણાવ્યું કે, ૨૦૯ જગ્યાઓ નાણા વિભાગ તરફથી મંજૂર કરવામાં આવી છે વડોદરા જિલ્લામાં. આ ૨૦૯ જગ્યાઓ નાણા વિભાગે કયારે મંજૂરી આપી એ જાણવું છે, અને આ મંજૂરી આપ્યા પછી વિભાગે કોઈ ભરતી કરવા માટેની પ્રક્રિયા કરી હોય તેવું માનનીય મંત્રીશ્રી જણાવશે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ લગભગ બે મહિના થયા છે. બે મહિનાની અંદર અમોને આની મંજૂરી મળી છે નાણા ખાતામાંથી, એમાંથી તાજેતરમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા આની ૨૭-૧૨-૨૦૧૦માં અમે જાહેરાત આપી છે, ૨૮-૧૨-૨૦૧૦ થી ૨૭-૧-૨૦૧૧ સુધીમાં ઓન લાઈન અરજીઓ એન.આઈ.સી.ની ઓજસ વેબસાઈડ ઉપર અરજીઓ પણ લઈ લીધી છે. ૪,૨૮,૯૬૦ લાખ અરજીઓ પણ આવી ગઈ છે અને બેકલોગ છે એ બેકલોગમાં પણ ૪૭ હજાર અરજીઓ આવી છે આ બધી જ અરજીઓ આવી ગઈ છે, એની ચકાસણી ચાલું છે અને હવે કોઈ લાંબો સમય જવાનો સવાલ નથી અને લગભગ એક મહિના પછી આને ઈન્ટર્વ્યૂ માટે બોલાવી લેવામાં આવશે અને કામ પૂર્ણ થશે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ ૨૩૯ જગ્યાઓ વડોદરા જિલ્લામાં ખાલી છે એ વડોદરા જિલ્લામાં કયા કયા તાલુકામાં, કેટલા વખતથી આ જગ્યાઓ ખાલી છે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જગ્યાઓ કેટલી ખાલી છે એ મારે એમને સમજાવવું હતું, તો વડોદરા ગ્રામ્યમાં જગ્યાઓ જે આંકડાઓ છે એ પ્રમાણે ૫૬ વડોદરા ગ્રામ્ય, પાદરા-૪૭, ડભોઈ - ૫૬ આ બધી જ જગ્યાઓ ખાલી છે. ૨૩૯ કુલ છે. બધી જગ્યાઓનું કહીશ તો તમારો સમય જશે, સમયની બાબતમાં મને પ્રશ્ન પૂછયો કે કેટલા સમયથી ખાલી છે એ પણ જવાબ મેં આપ્યો છે. એટલે આપનો જવાબ એમાં આવી જ જાય છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : મારા નસવાડી અને કવાંઠ તાલુકામાં કેટલી જગ્યાઓ ખાલી છે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નસવાડીમાં ૩૫ જગ્યાઓ ખાલી છે અને કવાંઠમાં ૨૨ જગ્યાઓ ખાલી છે.

## ૨૦૧૦-૧૧ના વર્ષમાં થયેલ વન મહોત્સવ

***૧૭૮૧૫ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં રાજય સ્તરે કેટલા વન મહોત્સવ કરવામાં આવ્યા,

(૨) આ વન મહોત્સવ કયા કયા સ્થળે કરવામાં આવ્યા, અને

(૩) અને તે સ્થળે કયા કયા વનોનું નિમાર્ણ કરવામાં આવ્યું?

**વન મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં રાજય સ્તરે કુલ-૫ વન મહોત્સવ કરવામાં આવ્યા.

(૨) આ વન મહોત્સવ (૧) ભાવનગર જિલ્લાના પાલિતાણા મુકામે (૨) સુરેન્દ્રનગર જિલ્લાના સુરેન્દ્રનગર અને વઢવાણ વચ્ચે ધોળીધજા મુકામે (૩) બનાસકાંઠા જિલ્લાના અમરગઢ મુકામે (૪) તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના કીકાકુઈ ગામે, (૫) પંચમહાલ જિલ્લાના કડાણા તાલુકાના મારૂવડા ગામે કરવામાં આવ્યા.

(૩) તે સ્થળોએ નીચે મુજબના વનોનું નિમાર્ણ કરવામાં આવ્યું (૧) પાલિતાણા મુકામે પાવકવન ની સ્થાપના કરી સાથે સામે અમૃત મહોત્સવ વન, વિહંગવાટિકા, રાયણ વન, ડમરા વાટીકા, આરોગ્ય વન, સુશ્રુત વન, તિર્થકર વન, રાશી વન, નક્ષત્ર વન, શેત્રુંજય વન જેવા વનો, ૨) અમીરગઢ મુકામે આરોગ્ય વન, અને (૩) કીકાકુઈ ગામે સ્વર્ણિમ વન, રાશી વન, આરોગ્ય વન, હૃદય વન, (૪) કડાણા તાલુકાના મારૂવાડા મુકામે રાશી વન, નક્ષત્ર વન, આર્યુવનનું નિમાર્ણ કરવામાં આવ્યું.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ રાજય સરકારને અભિનંદન આપવા માગું છું કે, આ વનથી અમારી પવિત્ર નગરી પાલિતાણા તિર્થગામ છે એને પણ ખૂબ મોટો લાભ મળ્યો છે અને હજ્જારો લોકો આનો લાભ લે છે. મારો પ્રશ્ન એ છે કે, પાવકવન કેટલા વિસ્તારમાં બનાવેલ છે તથા ૧૧ વનોમાં કેટલા રોપાઓ વાવવામાં આવ્યા છે તથા અન્ય કઈ કઈ સગવડો છે ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા :** માનનીય અધ્યક્ષશ્રી, પાલિતાણા મુકામે પાવક વન ૭.૫૩ હેકટર વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ છે. પાલિતાણા મુકામે નિર્માણ થયેલ ૧૧ વનોમાં અમૃત મહોત્સવ વનમાં ૬૦ રોપાઓ વાવવામાં આવ્યા છે, વિહંગ વનમાં ૭૨ રોપાઓ, રાયણ વનમાં ૧૦૫ રોપાઓ, ડમરો વનમાં ૧,૧૦૦ રોપાઓ, તુલસી વાટિકા વનમાં ૧૧૦૦ રોપાઓ, આરોગ્ય વનમાં ૧૩૬ રોપા, સુશ્રુત વનમાં ૧૩૫ રોપા, તિર્થકર વનમાં ૨૪ રોપાઓ, રાશી વનમાં ૧૩૬ રોપાઓ, નક્ષત્ર વનમાં ૧૩૬, શેત્રુંજય વનમાં ૨૩,૭૪૯ રોપાઓ મળી કુલ ૨૬,૭૫૩ રોપાઓ રોપવામાં આવ્યા છે અને પાવક વનમાં ૧૧ વનો ઉપરાંત બાળકો માટે પણ બગીચો, મુખ્ય પ્રવેશ ધ્વાર, ચબૂતરો, લોન, વોટર ફ્લો, પાણીની ટાંકી વગેરે બનાવવામાં આવેલ છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના ધ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ધોળીધજા ડેમમાં કેટલા હેકટરમાં વનો બનાવેલ છે અને તેમાં કેટલા રોપાઓ રોપેલા છે ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા :** માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ તાલુકાના ધોળીધજા ખાતે ૧૪ હેકટર વિસ્તારમાં વન બનાવેલ છે તથા તેમાં ૧૬,૫૫૪ રોપાઓ રોપેલા છે.

**શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, ..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવા બાબત

૧૮૦૨૦ **: શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ છે, | (૧) જૂનાગઢ જિલ્લાની તમામ ૮૨૧ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ છે. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ-ઈ-ક્નેકટીવીટીથી જોડવાની બાકી છે, અને | (૨) કોઈ ગ્રામ પંચાયત બાકી નથી. |
| (૩) તેને ક્યાં સુધીમાં બ્રોડ બેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

### ૩૫૨/page> જામનગર અને કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારીની ખાલી જગ્યાઓ

૧૭૪૫૪ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** તા. ૮-૭-૯૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંક-૭૬૪૫ (અગ્રતા-૮૬) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મે-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ૨૬ અને કચ્છ જિલ્લામાં ૩૭ વિસ્તરણ અધિકારી વર્ગ-૩ ની જગ્યાઓ ખાલી હતી તે પેકી કેટલી જગ્યાઓ ડીસે-૨૦૧૦ની સ્થિતિએ ભરવામાં આવી, | (૧) કોઈ નહિ. |
| (૨) ખાલી રહેલી જગ્યાઓ ન ભરવા શા કારણો છે, અને | (૨) વિસ્તરણ અધિકારી ખેતી, સહકાર, પંચાયતને ગ્રામસેવક સંવર્ગમાંથી બઢતી અપાય છે. જે ફીડર કેડરમાં વિશેષ પ્રમાણમાં જગ્યા ખાલી હોવાના કારણે ખાલી છે. |
| (૩) તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ? | (૩) બનતી ત્વરાએ. |

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત

૧૭૭૮૪ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૬૦૦. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મકાનો બાંધવામાં આવ્યા, | (૨) ૯૫. |
| (૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને | (૩) ૫૦૫. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) સત્વરે. |

--------

## વલસાડ જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૪૨૭ **: શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલા ગોચર દબાણ સેલ કાર્યરત છે, અને | (૧) ૧ (એક). |
| (૨) તે અન્વયે તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ સેલ દ્વારા કેટલા ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ? | (૨) ૦ (શૂન્ય). |

--------

## ગીરના જંગલમાં સિંહોની વસ્તી

૧૭૮૧૩ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સિંહોની વસ્તી ગણતરી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) રાજ્યમાં સિંહોનો છેલ્લો વસ્તી અંદાજ એપ્રિલ ૨૦૧૦માં કરવામાં આવ્યો. |
| (૨) તેમાં અગાઉની સંખ્યા સામે સિંહોની કેટલી સંખ્યા વધી ? | (૨) તેમાં અગાઉની સંખ્યા સામે ૫૨ (બાવન) સિંહોની સંખ્યા વધી છે. |

--------

## ૩૫૩/page> ખેડા જિલ્લામાં પંચવટી યોજના

૧૭૭૭૯ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી, | (૧) ૩૨ (બત્રીસ). |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી પંચવટી બનાવવામાં આવી, | (૨) ૮ (આઠ). |
| (૩) કેટલી પંચવટી બનાવવાની બાકી છે, અને | (૩) ૨૪ (ચોવ્વીસ). |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) બાકી ૨૩ પંચવટીઓ બનાવવાની કામગીરી તા. ૩૧-૩-૧૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. એક પંચવટીની કામગીરી જગ્યાના વિવાદના કારણે પડતર રહેલ હોઇ વૈકલ્પિક જગ્યાની બાબત વિચારણા હેઠળ છે. |

--------

## દાહોદ જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૪૩૨ **: શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ | (૧) ૧ (એક). |

જિલ્લામાં કેટલા ગોચર દબાણ સેલ કાર્યરત છે, અને

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા આ સેલ દ્વારા કેટલા ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ?

(૨) ૩૮ દબાણ દૂર કરેલ છે અને ૨૨૭-૬૬-૫૨ હે.આરે. પ્ર.આરે. જમીન છૂટી કરેલ છે.

--------

**ગીરના સિંહોના રક્ષણ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને મોકલેલ યોજના**

૧૭૫૩૨ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીરના સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકારે કોઈ યોજના કેન્દ્ર સરકારને મોકલી છે,

(૧) હા, જી. ગીરના સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકારે ₹ ૨૬૨.૩૫ ક્રોડની ""બ્રુહદ ગીર લાયન ક્ન્ઝર્વેશન પ્રોજેક્ટ"" યોજના વર્ષ ૨૦૦૯માં કેન્દ્ર સરકારને મોકલેલ હતો.

(૨) જો હા, તો ઉપરોક્ત યોજના બાબતે કેટલી રકમની ક્યારે મંજૂરી આપવામાં આવી,

(૨) આ યોજના મંજૂર થવાની બાકી છે.

(૩) મંજૂર કરેલી રકમ કેટલા સમય સુધીમાં વાપરવાની હતી,

(૩) યોજના મંજૂર થયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૪) આ યોજના હેઠળ કેટ કેટલી રકમ ક્યા ક્યા પગલાઓ લેવા માટે વાપરવાની હતી, અને

(૪) આ યોજના હેઠળની રકમ નીચે મુજબની કામગીરી માટે વાપરવાનું આયોજન છે.

| અનુક્રમ | કામગીરી | રકમ (₹ ક્રોડમાં) |
|---|---|---|
| ૧ | મેનેજમેન્ટ પ્લાનીંગ એન્ડ કેપેસીટી બીલ્ડીંગ | ૦.૧૭૮ |
| ૨ | સર્વે. ડીમાર્કેશન એન્ડ લેન્ડ રીલેટેડ વર્ક | ૧.૦૭૭ |
| ૩ | હેબીટટ ઈમ્પ્રુવમેન્ટ | ૧૫.૪૩૯ |
| ૪ | હેબીટટ એન્ડ વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એન્ડ પોચીંગ મેજર | ૩૯.૪૬૭૫ |
| ૫ | વેટરનરી કેર એન્ડ મેનેજીંગ મેનવાઈલ્ડ એનીમલ કોન્ફલીક્ટ | ૬.૯૯ |
| ૬ | વીલેજ ઈકો ડેવલપમેન્ટ એન્ડ વોલન્ટરી રીલોકેશન ઓફ ફોરેસ્ટ ડ્વેલર્સ ઈન્કલુડીંગ ગીર માલધારી | ૧૭૯.૦૮ |
| ૭ | સ્ટ્રેન્ધનીંગ સ્ટાફ વેલફેર એક્ટીવીટીઝ | ૭.૦૦ |
| ૮ | વાઈલ્ડ લાઈફ એન્ડ નેચર એજ્યુકેશન, પબ્લીક અવેરનેસ, ઈકો ટુરીઝમ, પીપલ્સ પાર્ટીસીપેશન | ૧૧.૮૭૫ |
| ૯ | રીસર્ચ એન્ડ મોનીટરીંગ | ૧.૦૦ |
| ૧૦ | જનરલ ઓપરેશન્સ એન્ડ મેઈન્ટેનન્સ | ૦.૨૫ |
| | **એકંદરે કુલ** | **૨૬૨.૩૫** |

(૫) તે પૈકી ગીર અભ્યારણ્ય સિવાય અન્ય ક્યા ક્યા વિસ્તારોમા કેટ કેટલો ખર્ચ થવાનો હતો ?

(૫) ગીર અભ્યારણ્ય સિવાય બ્રુહદ ગીરમાં આવતા ગીરનાર, પાણીયા, મિતિયાળા અભ્યારણ્ય તથા જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ, ભેંસાણ, વિસાવદર, મેંદરડા, કોડીનાર, ઉના, માળીયા હાટીના તથા અમરેલી જિલ્લાના ધારી, રાજુલા, લિલિયા, બગસરા, સાવરકુંડલા, ખાંભા તથા ભાવનગર જિલ્લાના ગારીયાધાર, જેસર પાલીતાણા, મહુવા તાલુકાના વિસ્તારોમાં આ રકમ પૈકીનો ખર્ચ થનાર છે. આ યોજના સમગ્ર બ્રુહદગીર તથા **સિંહોના અન્ય કોરીડોર માટે** બનાવેલ હોઈ ક્યા ક્યા વિસ્તારમાં કેટલો ખર્ચ થવાનો છે તેની વિગતવાર ફાળવણી યોજના મંજૂર થાય પછી કરવામાં આવનાર છે.

--------

**કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે મુન્દ્રામાં પર્યાવરણ ખાતાની મંજૂરી વગર ગેરકાયદેસર બાંધકામનો માગેલ અહેવાલ**

૧૮૬૫૬ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા)** : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે મુન્દ્રામાં કેટલા અને ક્યા ક્યા ગેરકાયદેસર બાંધકામના કેસમાં પર્યાવરણ ખાતાની મંજૂરી વગર કેટલા બાંધકામના મુદ્દે તપાસ કરી અહેવાલ આપવા તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની નેજા હેઠળની સંસ્થાને જણાવેલ છે, અને | (૧) ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટીને (૧) સમુદ્ર ટાઉનશીપ અને (૨) સ્ટર્લિંગ હોસ્પિટલના ગેરકાયદેસર બાંધકામ માટે તપાસ કરી અહેવાલ આપવા જણાવેલ છે. |
| (૨) આ અંગે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) સ્થળની મુલાકાત લઈ વચગાળાનો અહેવાલ ભારત સરકારને મોકલાવેલ છે અને રીવાઈઝ પ્લાન માટે ઓથોરાઈઝ એજન્સી પાસેથી સી.આર.ઝેડ. નકશા મંગાવેલ છે. |

--------

**બનાસકાંઠા જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત**

૧૮૦૦૮ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યાં, | (૧) ૭૧૬૯. |
| (૨) તે પૈકી કેટલા મકાનો બાંધવામાં આવ્યા છે, અને કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને | (૨) ૧૫૧૩ બાંધવામાં આવ્યા<br>૫૬૫૬ બાકી. |
| (૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સત્વરે. |

--------

**ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત**

૧૮૦૧૭ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે, | (૧) ખેડા જિલ્લાની તમામ ૫૫૯ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવાની બાકી છે, અને | (૨) એક પણ ગ્રામ પંચાયત બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવાની બાકી નથી. |
| (૩) તેને ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવા બાબત**

૧૮૦૪૧ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે, | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૭ સસ્તા અનાજની દુકાન ખોલવા માટે ૩૭૭ અરજીઓ આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા અરજદારોને સસ્તા અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને | (૨) ૮૭ દુકાનના પરવાના આપતાં ૩૫૩ અરજીનો નિકાલ થયેલ છે. |
| (૩) બાકી રહેલ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ | (૩) ૧૦ સસ્તા અનાજની દુકાનો માટે બાકી ૨૪ |

કરવામાં આવશે ? | અરજીઓનો નિકાલ નિયમોનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી.

--------

## નર્મદા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં રોજગારલક્ષી તાલીમ

૧૭૩૫૯ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલાને રોજગાર લક્ષી તાલીમ આપવામાં આવી,

(૨) રોજગાર લક્ષી તાલીમ આપવા માટે કઈ કઈ સંસ્થાઓને તે અન્વયે વર્ષવાર કેટ કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૩) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૪૨૯.

(૨)

| **સંસ્થા** | **૨૦૦૮ – ૨૦૦૯** | **૨૦૦૯ – ૨૦૧૦** | **૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧૨-૧૦ સુધી)** |
|---|---|---|---|
| સી આઈ. આઈ. | ૭૫.૦૦ | - | - |
| ઈન્ડો જર્મન ટુલ રુમ | ૧૬.૯૦ | - | ૨૨.૫૮ |
| માઈક્રો બોશ | ૪૩.૦૦ | - | - |
| કોલવન | ૩.૦૦ | ૬.૦૦ | - |

(૩)

| વર્ષ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૩૭.૯૦ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૬.૦૦ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૨૨.૫૮ |
| (તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં) | |

--------

## ગાંધીનગર શહેરના વિકાસના કામો માટે વૃક્ષો કાપવા બાબત

૧૭૫૩૬ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેરના વિકાસના કામો માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન વિભાગ દ્વારા કેટલા વૃક્ષો વર્ષવાર કાપવાની મંજૂરી આપવામાં આવી,

(૨) આ કપાયેલા વૃક્ષોની બજાર કિંમત શું છે, અને

**જવાબ**

(૧) ગાંધીનગર શહેરના વિકાસના કામો માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન વિભાગ દ્વારા નીચે મુજબના વૃક્ષો કાપવાની મંજૂરી આપવામાં આવી.

| **વર્ષ** | **મંજૂરી આપેલ વૃક્ષોની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૮,૨૪૭ |
| ૨૦૦૯-૧૦ | ૧૫,૭૧૩ |
| ૨૦૧૦-૧૧ | ૯,૦૨૩ |
| **(૩૧-૧૨-૨૦૧૦ અંતિત)** | |

(૨) આ કપાયેલા વૃક્ષોની બજાર કિંમત અંદાજે રૂા. ૧,૩૪,૮૫,૬૦૦/-થાય છે. (એક કરોડ ચોત્રીસ લાખ પંચ્યાસી હજાર છસો)

(૩) વૃક્ષો કાપવાની મંજૂરી પછી કેટલા નવા વૃક્ષો વર્ષવાર ક્યા ક્યા સ્થળે ખરેખર રોપવામાં આવ્યા ?

(૩) વૃક્ષો કાપવાની મંજૂરી પછી નવા વૃક્ષો નીચે મુજબના સ્થળે વર્ષવાર રોપવામાં આવ્યા.

| **વર્ષ** | **વિસ્તાર** | **વાવેલ વૃક્ષોની સંખ્યા** |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ગાંધીનગર શહેર વિસ્તાર સેક્ટર-૮, ૧૨ અને ૩૦ | ૧૭૩૩૨ |
| ૨૦૦૯-૧૦ | ગાંધીનગર શહેર સેક્ટર-૧૪, ૧૫, ૨૦, ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૩૦ પાલજ અને ચ-૦ થી ધોળાકુવા | ૩૪૭૧૨ |
| ૨૦૧૦-૧૧ (૩૧-૧૨-૨૦૧૦ અંતિત) | ગાંધીનગર શહેર વિસ્તાર ઘ-૪ થી ઘ-૭, ઘ-૫ થી ચ-૭, રોડ નં. ૩ સેક્ટર-૮, ૧૨ અને ચ-૦ થી સરગાસણ ટાઉનશીપ | ૩૯૦૦૯ |

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામપંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવા બાબત

૧૭૭૮૮ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામપંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે,

(૨) કેટલી ગ્રામપંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) બાકી રહેલ ગ્રામપંચાયતોને ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની તમામ ૬૧૫ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) કોઈ ગ્રામ પંચાયત બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## તાપી જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન વૃક્ષોનું વાવેતર

૧૭૮૨૬ **: શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં યોજાયેલ વન મહોત્સવ દરમ્યાન કેટલા વૃક્ષોનું અને રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું , અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરેલ છે ?

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં યોજાયેલ વન મહોત્સવમાં લોકો, સરકારી ખાતાઓ, સરકારી અને બીન સરકારી સંસ્થાઓ વગેરેને વાવેતર કરવા માટે **૮.૬૧ લાખ** રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે અને સ્વર્ણિમ તાપી વન મહોત્સવ તથા અન્ય વન મહોત્સવની ઉજવણી કાર્યક્રમોના ભાગરૂપે ૧૭૬૫૫ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

(૨) તેની પાછળ રૂ. ૧૮.૦૦/-લાખનો ખર્ચ થયેલ છે.

--------

## આણંદ જિલ્લામાં પંચાયત ઘરો બનાવવાની માંગણીઓ

૧૭૪૩૬ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા નવા પંચાયત ઘરો બનાવવા માંગણીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પંચાયત ઘરની મળેલ માંગણીઓ | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ | કુલ |
| ૧ | ઉમરેઠ | ૦૧ | ૦ | ૦૧ |
| ૨ | બોરસદ | ૧૧ | ૦ | ૧૧ |
| ૩ | આંકલાવ | ૦૨ | ૦ | ૦૨ |
| ૪ | પેટલાદ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૫ | સોજીત્રા | ૦૨ | ૦ | ૦૨ |
| ૬ | ખંભાત | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૭ | તારાપુર | ૦૫ | ૦૨ | ૦૭ |
| | **કુલ :** | **૨૫** | **૦૩** | **૨૮** |

(૨) તે પૈકી કેટલા પંચાયત ઘર મંજૂર કરવામાં આવ્યા,

(૨)

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પંચાયત ઘરની મંજૂર કરેલ માંગણીઓ | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ | કુલ |
| ૧ | ઉમરેઠ | ૦ | ૧ | ૦૧ |
| ૨ | બોરસદ | ૧૦ | ૧ | ૧૧ |
| ૩ | આંકલાવ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૪ | પેટલાદ | ૦૧ | ૦ | ૦૧ |
| ૫ | સોજીત્રા | ૦૧ | ૦ | ૦૧ |
| ૬ | ખંભાત | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૭ | તારાપુર | ૦૧ | ૦ | ૦૧ |
| | **કુલ :** | **૧૭** | **૦૪** | **૨૧** |

(૩) પંચાયત ઘરની ટાઈપ ડીઝાઈન મુજબ યુનીટ કોસ્ટ કેટલી થાય છે,

(૩) રૂા. ૩,૩૨,૦૦૦/- (ત્રણ લાખ બત્રીસ હજાર)

(૪) સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ પ્રતિ પંચાયત ઘર માટે આપવામાં આવે છે, અને

(૪) રૂા. ૩,૩૨,૦૦૦/- (ત્રણ લાખ બત્રીસ હજાર)

(૫) નવા એસ.ઓ.આર. મુજબ સરકાર આવી
એચબી-૭૦૦-૫ ાંગે છે કે કેમ ?

(૫) બાબત વિચારણા હેઠળ છે.

--------

## ખેડા જિલ્લામાં નિર્મળગ્રામ જાહેર કરવા બાબત

૩૫૮/page> ૧૮૧૦૮ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાદીઠ ક્યા ક્યા ગામો નિર્મળ ગ્રામ જાહેર થયાં છે, અને

**જવાબ**

(૧) ૨૬ ગામો નિર્મળ ગ્રામ જાહેર થયા છે.

**ખેડા તાલુકો :**

૧. પણસોલી

**મહેમદાવાદ તાલુકો :**

| | | | |
|---|---|---|---|
| ૧. | કનીજ | ૧૩. | ખાત્રજ |
| ૨. | આમરસણ | ૧૪. | કેશરા |
| ૩. | હલદરવાસ | ૧૫. | સિંહુજ |
| ૪. | સરસવણી | ૧૬. | સવણસોલ સુઢા |
| ૫. | રૂદણ | ૧૭. | વામાલી |
| ૬. | કરોલી | ૧૮. | દેવકી વણસોલ |
| ૭. | શત્રુંડા | ૧૯. | કાચ્છાઈ |

| | | | |
|---|---|---|---|
| ૮. | મોદજ | ૨૦. | બાવરા |
| ૯. | સોજાલી | ૨૧. | સમસપુર |
| ૧૦. | સણસોલી | ૨૨. | વરસોલા |
| ૧૧. | નેનપુર | ૨૩. | હાથનોલી |
| ૧૨. | સાદરા | | |
| **નડીઆદ તાલુકો :** | | | |
| ૧. | હાથજ | ૨. | ગુતાલ |

(૨) બાકીના ગામોને નિર્મળ ગ્રામ બનાવવાનું આયોજન શું છે ?

(૨) ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ લાયકાતના ધોરણો મુજબની યોગ્યતા પ્રાપ્ત કરનાર નિર્મળ ગામ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે. આ એક સતત ચાલતી સ્પર્ધાત્મક પ્રક્રિયા છે. બાકીના ગામો નિર્મળ ગામ બને તે માટે રાજ્ય સરકાર દ્વારા ગામોને તાંત્રિક અને નાણાંકીય સહાય, પ્રચાર-પ્રસાર પ્રવૃત્તિઓ તેમજ તાલીમ આપવામાં આવી રહેલ છે.

## જૂનાગઢ જિલ્લામાં ગોચરના દબાણો

૧૮૬૭૧ **: શ્રી જયેશભાઈ વી. રાદડિયા (ધોરાજી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે,

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ગોચર દબાણની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ક્ષેત્રફળ હે.આરે. પ્રતિઆરે. |
|---|---|---|
| ૧ | માણાવદર | ૧૮-૪૨-૮૯ |
| ૨. | વિસાવદર | ૩૫૩-૯૬-૪૮ |
| ૩. | ભેંસાણ | ૧૦૬-૭૯-૯૧ |
| ૪. | કેશોદ | ૪૨૦-૬૫-૨૦ |
| ૫. | વંથલી | ૪૯-૯૪-૦૬ |
| ૬. | તાલાળા | ૨૦૭-૦૦-૦૦ |
| ૭. | મેંદરડા | ૧૨૫-૪૮-૪૧ |
| ૮. | કોડીનાર | ૧૩-૧૪-૨૭ |
| ૯. | માંગરોળ | ૧૭૪૧-૬૫-૫૦ |
| ૧૦. | સુત્રાપાડા | ૭૩૩-૪૭-૦૧ |
| ૧૧. | માળીયા | ૭૪૨-૩૦-૫૯ |
| ૧૨. | વેરાવળ | ૧૧૭૭-૬૮-૫૬ |
| ૧૩. | ઉના | ૬૮૩-૧૭-૨૧ |
| ૧૪. | જૂનાગઢ | ૫૦-૭૦-૬૪ |
| | કુલ :- | ૬૪૨૪-૩૦-૧૩ |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

**જામનગર જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા બાબત**

૧૭૭૫૬ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) ૫૯૧ પૈકી ૫૧૩. |
| (૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને | (૨) ૭૮. |
| (૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ? | (૩) મોડલ ફેર પ્રાઈસ શોપ માટે દુકાનદારની તત્વરતા તથા નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી. |

--------

૩૪

**રાજ્યમાં અનુસૂચિત જનજાતિના બાળકો માટેની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલો**

૧૭૮૦૩ **: શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જનજાતિના બાળકો માટે કેટલી એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ શાળાઓ છે, અને | (૧) ૧૫. |
| (૨) તે પૈકી કેટલી શાળાઓ કાર્યરત છે ? | (૨) ૧૩. |

**પાટણ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૭૭૮૫ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ, | (૧) ૦ (શૂન્ય). |
| (૨) આ સમરસ ગ્રામ પંચાયતોને સરકારે નિયત કરેલ અનુદાનની રકમ ચૂકવાઈ છે ખરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો કેટલી રકમ ચૂકવવામાં આવી છે અને કેટલી બાકી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**તાપી જિલ્લામાં આદિવાસીઓને જંગલની જમીનની સનદો આપવા બાબત**

૧૭૪૭૫ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા આદિવાસીઓને વન અધિકાર કાયદા સને ૨૦૦૬ અન્વયે જંગલની જમીન ફાળવી સનદો આપવામાં આવી,

(૨) તે અન્વયે કેટલાને આવી સનદો અને જમીનની ફાળવણી કરવાની બાકી છે, અને

(૩) તે કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ સનદ આપવામાં આવતી નથી પરંતુ નીચે પ્રમાણે અધિકાર પત્ર આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|---|---|
| ૧ | સોનગઢ | ૦૦ | ૩૩ | ૦૦ |
| ૨ | ઉચ્છલ | ૦૦ | ૬૬૯ | ૦૦ |

(૨) કુલ મંજુર કરેલા ૭૨૮ દાવા પૈકી ૨૬ અરજદારોને અધિકારપત્ર આપવાના બાકી છે. જમીન અરજદારોના કબ્જામાં છે.

(૩) ટૂંક સમયમાં.

## ખેડા અને આણંદ જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૬૩૯ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા ગોચર દબાણ સેલ કાર્યરત છે, અને

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ આ સેલ દ્વારા કેટલા ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં ૧ (એક)
આણંદ જિલ્લામાં ૧ (એક).

(૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ

| ક્રમ | જિલ્લો | દૂર કરેલ દબાણોની સંખ્યા | છૂટી કરેલ જમીનનું ક્ષેત્રફળ હે.આરે.પ્ર.આ. |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૧૫૯ | ૫૫-૭૫-૧૪ |
| ૨ | આણંદ | ૭૪ | ૪૧-૦૧-૦૩ |
| | કુલ : | ૨૩૩ | ૯૬-૭૬-૧૭ |

## સાબરકાંઠા જિલ્લામાં વનાધિકાર કાયદા-નીચે થયેલ દાવાઓ

૧૮૩૮૮ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વનાધિકાર કાયદા-૨૦૦૬ એચબી-૭૦૦-૬ લા દાવાઓ તાલુકાવાર સ્વીકારવામાં

(૨) તે સ્વીકારેલ દાવાઓ પૈકી કોની કોની પાસે કેટલા દાવા પડતર છે,

(૩) ક્યારથી પડતર છે, અને

(૪) આ પડતર દાવાઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) દાવા સ્વીકારવાની મુદત તા. ૩૧-૧૨-૨૦૦૯ ના રોજ પૂર્ણ થતા તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એક પણ દાવા અરજી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## તાલાલા પંથકમાં રોજમદારોનું આર્થિક રીતે શોષણ થવા બાબત

૧૭૩૬૫ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તલાલા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લાના તાલાલા પંથકમાં વન વિભાગમાં શ્રમિક રોજમદાર કામદારોનું આર્થિક રીતે શોષણ થઈ રહયુ છે તેવી કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) તાલાલા રેન્જ હેઠળ કામ કરતા આવા શ્રમિકોને દર મહીને વેતન વાઉચર દ્વારા ચૂકવાય છે તેમાં વ્યાપક ગેરરીતિઓ થાય છે. તે જોતાં આવા કર્મચારીઓને તેમના વેતન બેંક દ્વારા ચૂકવાય તેવી કાર્યવાહી કરવા સરકાર માંગે છે કે કેમ, અને

(૩) વાઉચર દ્વારા ચૂકવતા વેતનમાં ગેરરીતિઓ આચરવા બદલ જવાબદારો સામે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લાના તાલાલા પંથકમાં વન વિભાગમાં શ્રમિક રોજમદાર કામદારોનું આર્થિક રીતે શોષણ થઇ રહયુ છે તેવી નનામી એક અરજી મળેલ હતી.

(૨) આ નનામી અરજીનો મદદનીશ વનસંરક્ષકશ્રી, તાલાલા ધ્વારા તપાસ કરાયેલ, જેમાં તથ્ય જણાઇ આવેલ નથી. તાલાલા રેંજ હેઠળ સાત દિવસથી વધારે કામ કરતાં શ્રમિકોને દર મહિને તેમનું વેતન સરકારશ્રીની જોગવાઇ અનુસાર બેંક ધ્વારા ચૂકવવામાં આવે છે, જ્યારે અપવાદરૂપ સંજોગોમાં એક અઠવાડિયા સુધીના વેતનનું ચૂકવણું શ્રમિકોને વાઉચર ધ્વારા રોકડેથી ચૂકવવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ડુંગળી તથા અન્ય જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનો ભાવ વધારો બાબત

૧૮૪૪૩ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ડુંગળી તથા અન્ય જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનો ભાવ વધારો રોકવા રાજ્ય સરકારે શાં પગલાં લીધેલ છે, અને

(૨) હવે પછી આ ભાવ વધારા બાબતે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) ડુંગળી તથા અન્ય જીવન જરૂરીયાત ચીજવસ્તુઓના ભાવો અંગે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા ધ્વારા દરરોજ આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાબંધ તેમજ છુટક ભાવોનું પ્રાઇસ મોનીટરીંગ કરવામાં આવે છે.

(૨) જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ વધારા અંગે ચર્ચા કરી સમીક્ષા કરવામાં આવે છે.

(૩) ડુંગળીના ભાવ વધારા માટે તારીખ ૨૬-૧૧-૨૦૧૦ ના રોજ સંબંધિત જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની બેઠકમાં ચર્ચા કરવામાં આવી. સંબંધિત જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓને સ્થાનિક જથ્થાબંધ વેપારીઓને વ્યાજબી ભાવે/ઓછા નફાથી વેચાણ માટે સમજુત કરવા, ઉત્પાદન ક્ષેત્રોમાંથી વધુ પ્રમાણમાં પુરવઠો મેળવવા તેમજ ભાવો નિયંત્રણમાં રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા સુચના આપેલ હતી.

(૪) **અન્ય જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ :** રાજ્ય સરકારના તા. ૨૦-૬-૨૦૦૯ના જાહેરનામાથી ખાંડનો ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ હેઠળ સમાવેશ કરેલ છે. તા. ૨૦-૬-૨૦૦૯ના જાહેરનામાથી સ્ટોક મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. કઠોળ માટે તારીખ ૬-૬-૨૦૦૭ના જાહેરનામાથી સ્ટોક મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. ગરીબ કુટુંબોને સસ્તાદરે તહેવારોમાં પામોલીન તેલ મળી રહે તે માટે પૂરતી વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે.

(૫) તદ્ઉપરાંત છેલ્લા એક વર્ષમાં તપાસ અને દરોડા ધ્વારા જીવન જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો સીઝ કરેલ, રાજ્યસાત કરેલ છે. પોલીસ ફરિયાદો નોંધાયેલ છે અને કાળા બજાર અટકાયત હેઠળ પગલાં અંગેનું **પત્રક** સામેલ રાખેલ છે.

**પત્રક**

| અ.નં. | તપાસનો પ્રકાર | તપાસની સંખ્યા | એકમ | કબજે લીધેલ રૂ. માં | | રાજ્યસાત કરેલ | | પરવાના અનામત | પરવાના વિષયક પગલા | | કોર્ટ કેસ | પીબીએમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | કિંમત | રદ | મોકુફ | | |
| ૧ | કેરોસીન | ૫૮૦૨ | લીટર | ૩૩૩૫૭૭ | ૬૫૧૪૪૯૨ | ૧૫૮૫૯૫ | ૧૮૭૩૭૬૪ | ૨૫૨૦૨૮ | ૨૨ | ૨૮ | ૩૩ | ૨૩ |
| ૨ | રાંધણ ગેસ | ૩૧૩ | નંગ | ૧૧૭૬ | ૧૨૧૧૮૧૦ | ૭૯૨ | ૪૪૨૮૦૨ | ૧૫૩૬૫૦ | ૪ | ૬ | ૨ | ૩ |
| | | | કિલો | ૬૯૦૮ | | ૨૧૩૮ | | | | | | |
| ૩ | ખાદ્યતેલ | ૮૮૬ | કિલો | ૮૭૫૭૭૨ | ૩૬૧૮૧૪૨૭ | ૬૫૮૩૩ | ૩૦૫૦૪૪૦ | ૧૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ખાદ્યતેલ બીયા | ૧૨૩ | કિલો | ૪૨૭૭૫૪ | ૧૧૭૧૯૬૮૩ | ૬૦૯૯૭ | ૧૯૫૨૬૧૮ | ૨૪૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અનાજ | ૪૦૬૧ | કિલો | ૪૦૮૪૨૮૪ | ૬૪૦૬૪૮૯૮ | ૬૨૫૦૮૧ | ૯૭૦૪૩૩૦ | ૩૪૭૫ | ૦ | ૦ | ૯ | ૦ |
| ૬ | કઠોળ | | કિલો | ૧૫૮૬૯૭૫ | ૪૩૭૯૭૨૪૭ | ૨૧૪૩૬૪ | ૪૮૫૧૪૮૧ | | | | | ૦ |
| ૭ | ખાંડ | ૯૨૨ | કિલો | ૨૪૭૦૬૫૬ | ૯૪૦૭૨૫૨૧ | ૩૧૮૪૧૭ | ૧૨૧૧૩૨૪૪ | ૧૦૭૪૫૦ | ૩ | ૨ | ૨ | ૧૧ |
| એકંદરે કુલ : | | ૧૨૧૦૭ | | | ૨૫૭૫૬૨૦૭૮ | | ૩૩૯૮૮૬૭૯ | ૫૧૭૮૪૩ | ૨૯ | ૩૬ | ૪૬ | ૩૭ |

## ગાંધીનગર વિકાસના કામ માટે વૃક્ષો કાપવા બાબત

**૧૭૩૬૬ : શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગરના વિકાસના કામો માટે કેટલા વૃક્ષો કાપવાની વર્ષવાર મંજૂરી આપવામાં આવી,

(૨) આ કપાયેલા વૃક્ષોની બજાર કિંમત શું છે, અને

(૩) કપાયેલા આ વૃક્ષોની સામે ખરેખર કેટલા નવા વૃક્ષો ક્યા સ્થળે રોપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગરના વિકાસના કામો માટે નીચે મુજબના વૃક્ષો કાપવાની વર્ષવાર મંજૂરી આપવામાં આવી છે.

| વર્ષ | મંજૂરી આપેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૮,૨૪૭ |
| ૨૦૦૯-૧૦ | ૧૫,૭૧૩ |
| ૨૦૧૦-૧૧ | ૯,૦૨૩ |
| (૩૧-૧૨-૨૦૧૦ અંતિત) | |

(૨) આ કપાયેલા વૃક્ષોની બજાર કિંમત અંદાજે રૂા. ૧,૩૪,૮૫,૬૦૦/- થાય છે.) એક કરોડ ચોત્રીસ લાખ પંચ્યાસી હજાર છસો)

(૩) કપાયેલા આ વૃક્ષોની સામે ખરેખર નીચે મુજબના સ્થળોએ નવા વૃક્ષો રોપવામાં આવ્યા છે.

| વર્ષ | વિસ્તાર | વાવેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ગાંધીનગર શહેર વિસ્તાર સેક્ટર-૮, ૧૨, અને ૩૦ | ૧૭૩૩૨ |
| ૨૦૦૯-૧૦ | ગાંધીનગર શહેર સેક્ટર-૧૪,૧૫,૨૦, ૨૩,૨૫,૨૬,૨૮,૩૦, પાલજ અને ચ-૦ થી ધોળાકુવા. | ૩૪૭૧૨ |
| ૨૦૧૦-૧૧ (૩૧-૧૨-૨૦૧૦ અંતિત) | ગાંધીનગર શહેર વિસ્તાર ઘ-૪ થી ઘ-૭ | ૩૯૦૦૯ |
| | ઘ-૫ થી ચ-૭, રોડ નંબર-૩ | |
| | સેક્ટર-૮, ૧૨ અને ચ-૦ થી સરગાસણ ટાઉનશીપ | |

--------

## સુરત જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

**૧૭૭૮૬ : શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઇ,

(૩) કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી, અને

(૪) કેટલી પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવાની બાકી છે તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ : ૨૦૦૯-૧૦માં ૩(ત્રણ)
વર્ષ : ૨૦૧૦-૧૧માં ૦ (શૂન્ય)

(૨) ૦ (શૂન્ય)

(૩) ૩ (ત્રણ)

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## વૃક્ષને કાપવાને બદલે આખું ઉઠાવીને બીજી જ્ગ્યાએ રોપવા બાબત

૧૭૮૧૧ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પુખ્ત વૃક્ષને કાપવાને બદલે તેને આખે આખું ઉઠાવીને બીજી જગ્યાએ રોપવા માટે કોઇ અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનું સરકારે વિચારેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ કંપની યુ.એસ.એ. ના ટ્રી ટ્રાન્સપ્લાન્ટર મશીન આયાત કરી ઉપયોગ સારૂ ગાંધીનગર વન વિભાગને સુપ્રત કરેલ છે. જેથી નાના અને મધ્યમ કદના વૃક્ષોના ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા વૃક્ષોનું આ ટેક્નોલોજીનો ઉપયોગ કરી અન્ય સ્થળે પુનઃસ્થાપન કરવામાં આવેલ છે ? | (૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૬૦૨ વૃક્ષોનું આ ટેક્નોલોજીનો ઉપયોગ કરી અન્ય સ્થળે પુનઃસ્થાપન કરવામાં આવેલ છે. |

--------

**અમદાવાદ જિલ્લામાં વન મહોત્સવ દરમિયાન વૃક્ષોનું વાવેતર**

૧૭૮૨૮ : **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં યોજાયેલ વન મહોત્સવ દરમ્યાન કેટલા વૃક્ષોનું અને રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, અને | (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૦૧-૧૧ સુધીમાં યોજાયેલ વન મહોત્સવમાં લોકો, સરકારી ખાતાઓ, સરકારી અને બીન સરકારી સંસ્થાઓ વગેરેને વાવેતર કરવા માટે ૪૫.૩૦ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે. અને વન મહોત્સવની ઉજવણીના કાર્યક્રમો વખતે **૩૮૫૪૩** રોપા વાવ્યા તથા હરિયાળા અમદાવાદ ઝુંબેશ દરમ્યાન શહેર તથા ઓડા વિસ્તારમાં **૮.૫૫ લાખ** રોપાઓનું વાવેતર કરવામાં આવેલ. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) તેની પાછળ કુલ રૂા. ૧૪૨.૨૫/- લાખનો ખર્ચ થયેલ છે. |

--------

**૩૬૪/page> જૂનાગઢ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો મંજૂર કરવા બાબત**

૧૭૭૬૩ : **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગરીબી રેખા નીચે જીવતાં પરિવારો માટે ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૩૪૦૪ શોચાલયો. |
| (૨) તે પેકી કેટલાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, | (૨) બધા જ શોચાલયો પૂર્ણ કરેલ છે. |
| (૩) કેટલાનું બાંધકામ બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં આપેલ જોબકાર્ડ

૧૮૦૨૨ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કુલ ૨૦૧૨૧ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું ? | (૨) તે પૈકી પુરૂષોને ૩૩૭૦૮૯ તથા મહિલાઓને ૨૫૯૯૨૩ માનવદિનનું કામ આપવામાં આવ્યું. |

--------

## વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં એલ.પી.જી. ગેસ કનેક્શન આપવા બાબત

૧૭૭૫૩ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં સરકાર દ્વારા તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવ્યા, | (૧) ૩૧૯ લાભાર્થીઓને. |
| (૨) બાકીનાને ક્યારે એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવશે, અને | (૨) સત્વરે. |
| (૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ? | (૩) લાભાર્થી દીઠ રૂા. ૨૨૦૦/- લેખે રૂા. ૭,૦૧,૮૦૦/- સબસીડી આપવામાં આવી. |

## સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં થયેલ કામે

૧૭૭૬૫ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા, | (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત ૧૨૧૦૮ કામો ચાલુ કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી ૮૭૦૮ કામો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારિત યોજના હોઈ કામની માંગણી થયેથી કામગીરી કરવામાં આવશે. |

## જૂનાગઢ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત

૧૭૭૭૮**: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) લક્ષ્યાંક ફાળવેલ ન હોઈ મંજૂર કરેલ નથી. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મકાનો બાંધવામાં આવ્યા, | (૨) પ્રશ્ન નથી. |

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને (૩) પ્રશ્ન નથી.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? (૪) પ્રશ્ન નથી.

--------

**દાહોદ જિલ્લામાં ઈંદિરા આવાસો મંજૂર કરવા બાબત**

૧૭૪૭૮ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ઇંદિરા આવાસો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૧૩૮૪ આવાસો. |
| (૨) તે અન્વયે કેટલા આવાસો પૂર્ણ કરી અરજદારોને તેનો કબજો સોંપવામાં આવ્યો, અને | (૨) ૧૪૪૩૨ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા. લાભાર્થી પોતે મકાન બાંધતા હોવાથી કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી આવાસોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે. |

--------

**રાજ્યમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ગ્રામ રોજગાર સેવકોની ભરતી**

૧૭૪૧૦ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ગ્રામ રોજગાર સેવકોની ભરતીની કામગીરી હાથ ધરવામાં આવી છે તે વાત સાચી, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે કેટલા ગ્રામ રોજગાર સેવકોની ભરતી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ભરતીમાં અનામતના ધોરણો મુજબ અનામત બેઠકોની જોગવાઇ કરેલી છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જૂનાગઢ જિલ્લામાં ગોચરના દબાણો**

૧૮૬૬૫ : **શ્રી જવાહરભાઈ પે.ચાવડા (માણાવદર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે, | (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ગોચર દબાણની વિગતો નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ક્ષેત્રફળ હે.આરે.પ્રતિઆરે. |
|---|---|---|
| ૧ | માણાવદર | ૧૮-૪૨-૮૯ |
| ૨ | વિસાવદર | ૩૫૩-૯૬-૪૮ |
| ૩ | ભેંસાણ | ૧૦૬-૭૯-૯૧ |
| ૪ | કેશોદ | ૪૨૦-૬૫-૨૦ |
| ૫ | વંથલી | ૪૯-૯૪-૦૬ |
| ૬ | તાલાળા | ૨૦૭-૦૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૭ | મેંદરડા | ૧૨૫-૪૮-૪૧ |
| ૮ | કોડીનાર | ૧૩-૧૪-૨૭ |
| ૯ | માંગરોળ | ૧૭૪૧-૬૫-૫૦ |
| ૧૦ | સુત્રાપાડા | ૭૩૩-૪૭-૦૧ |
| ૧૧ | માળીયા | ૭૪૨-૩૦-૫૯ |
| ૧૨ | વેરાવળ | ૧૧૭૭-૬૮-૫૬ |
| ૧૩ | ઉના | ૬૮૩-૧૭-૨૧ |
| ૧૪ | જૂનાગઢ | ૫૦-૭૦-૬૪ |
| | કુલ :- | ૬૪૨૪-૩૦-૧૩ |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો ધ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

--------

## રાજકોટ ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું નવું મકાન

૧૭૭૫૧ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય ગ્રાહક બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ ખાતે ગ્રાહક નિવારણ ફોરમની કચેરી માટે નવીન મકાન મંજૂર થયેલ છે તે વાત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેનું બાંધકામ તારીખ ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) રાજકોટમાં બંને ફોરમોના સંયુક્ત મકાનનું બાંધકામ પૂર્ણ થયેલ છે. અને તા. ૬-૫-૨૦૧૦ થી આ કચેરીઓ નવા મકાનમાં કાર્યરત થયેલ છે.

(૩) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ?

(૩) રૂ. ૧૦૬.૯૩ લાખ.

--------

## ભાવનગર શહેરમાં અન્નમ બ્રહમ યોજના શરૂ કરવા બાબત

૧૮૦૪૫ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર શહેરમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં અન્નમ બ્રહમ યોજના શરૂ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો યોજના ક્યારથી શરૂ કરવામાં આવી,

(૨) એપ્રિલ-૨૦૧૦ થી.

(૩) આ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલો જથ્થો રીઝર્વ રાખવામાં આવેલ છે,

(૩) તાલુકાદીઠ ૧૦ થી ૧૫ ક્વિન્ટલ અનાજનો જથ્થો રીઝર્વ રાખવામાં આવે છે.

(૪) આ અનાજની કેટલા લાભાર્થીઓએ માંગણી કરી છે,

(૪) ૩૯ લાભાર્થીઓ શોધી કાઢવામાં આવેલ છે.

(૫) કેટલા લાભાર્થીઓને તેનું વિતરણ કરવામાં

(૫) ૩૯ લાભાર્થીઓને.

આવેલ છે, અને

(૬) બાકી માગણીદારોને ક્યાં સુધીમાં અનાજનો જથ્થો આપવામાં આવશે ?

(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત**

૧૮૦૦૭ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૦૦. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા મકાનો બાંધવામાં આવ્યા છે, અને કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને | (૨) ૨૮ પૂર્ણ.<br>૭૨ બાકી. |
| (૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સત્વરે. |

--------

**સ્વર્ણિમ વર્ષ નિમિત્તે વન મહોત્સવ**

૧૭૮૧૦ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે વન વિભાગ દ્વારા રાજ્ય કક્ષાના વન મહોત્સવ ઉપરાંત અન્ય કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) રાજ્યકક્ષાનો મુખ્ય વન મહોત્સવ ભાવનગર જિલ્લાના પાલિતાણા ખાતે ૬૧માં સ્વર્ણિમ વન મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ અને ૭.૫૩ હેક્ટર વિસ્તારમાં ૨૬૭૫૩ રોપા વાવી પાવક વન ઉભુ કરવામાં આવેલ આ સિવાય ચાર સ્થળે રાજ્યકક્ષાના વન મહોત્સવની ઉજવણી સાથે સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે. |

| અનુ. | જિલ્લો | સ્થળ | વનનું નામ | તારીખ | વાવેતર કરેલ રોપા | હેક્ટર |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ધોળીધજા | -- | ૦૯-૦૮-૧૦ | ૧૫૫૪૪ | ૧૪ |
| ૨ | તાપી | કીકાકુઈ ગામ | સ્વર્ણિમ વન તાપી વન | ૧૪-૦૮-૧૦ | ૮૭૪૫ | ૨૦ |
| ૩ | પંચમહાલ | મારૂવાડા ગામ (કડાણા) | આર્યુવન | ૧૯-૦૮-૧૦ | ૯૫૯૬ | ૩ |
| ૪ | બનાસકાંઠા | અમીરગઢ | આરોગ્ય વન | ૧૬-૦૮-૧૦ | ૫૦૦૦ | ૫ |

--------

**ભરૂચ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ**

૧૭૪૧૩ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ નીચે મુજબ રકમ ફાળવવામાં આવી. |

| તાલુકાનું નામ | કુલ રકમ |
|---|---|

| | **(રૂા. લાખમાં)** |
|---|---|
| જંબુસર | ૨૫.૫૪ |
| આમોદ | ૧૧.૧૪ |
| વાગરા | ૧૯.૯૦ |
| ભરૂચ | ૨૭.૩૫ |
| અંક્લેશ્વર | ૧૪.૫૭ |
| હાંસોટ | ૧૬.૭૭ |
| વાલીયા | ૩૧.૪૧ |
| ઝગડીયા | ૫૭.૫૫ |
| **કુલ** | **૨૦૪.૨૩** |

(૨) તે અન્વયે કેટલી રક્મનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે રૂા. ૧૩૪.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) કેટલી રક્મ વણવપરાયેલ રહી ?

(૩) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના રોજગારીની માંગણી આધારીત હોઈ માંગણી મુજબ રોજગારી પુરી પાડવામાં આવે છે તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## વલસાડ જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન વૃક્ષોનું વાવેતર

૧૭૮૨૭ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં યોજાયેલ વન મહોત્સવ દરમ્યાન કેટલા વૃક્ષોનું અને રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરેલ છે ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૦૧-૧૧ સુધીમાં યોજાયેલ વન મહોત્સવમાં લોકો, સરકારી ખાતાઓ, સરકારી અને બીન સરકારી સંસ્થાઓ વગેરેને વાવેતર કરવા માટે ૧૪.૯૪ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે. અને વન મહોત્સવની ઉજવણી પ્રસંગે ૨૯૫૦ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂા. ૨૯.૮૭/-લાખનો ખર્ચ થયેલ છે.

--------

## સુરત જિલ્લામાં ગોચરના દબાણો

૧૮૬૩૦ **: શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે,

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર દબાણોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | દબાણની સંખ્યા | ક્ષેત્રફળ હે.આરે. પ્રતિઆરે. |
|---|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ગોજી | ૬ | ૦૦.૩૦.૦૦ |
| | | રાજગરી | ૭ | ૦૦.૪૬.૧૩ |
| ૨ | બારડોલી | સરભોણ | ૨ | ૦૦.૦૧.૧૮ |
| | | બાલદા | ૯૨ | ૦૦.૯૭.૨૫ |
| ૩ | ઓલપાડ | ઉમરાછી | ૦૮ | ૦૦.૧૫.૯૮ |
| | | બોલાવ | ૦૨ | ૦૦.૦૩.૦૪ |
| ૪ | મહુવા | કાંકરીયા | ૦૧ | ૦૦.૦૧.૦૮ |
| | | બામણીયા | ૦૩ | ૦૦.૦૩.૫૪ |
| ૫ | માંગરોળ | કોસંબા | ૧૨૮ | ૦૦.૫૩.૪૨ |
| | | કુંવરદા | ૦૯ | ૦૦.૧૧.૭૧ |
| ૬ | ઉમરપાડા | ચોખવાડા | ૦૩ | ૦૦.૦૧.૦૦ |
| | | ધાણાવડ | ૦૨ | ૦૦.૧૦.૦૦ |
| ૭ | માંડવી | કરંજ | ૦૫ | ૦૦.૧૨.૩૫ |
| | | નોગામ | ૧૦ | ૦૦.૨૩.૪૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | માંડવી | કરંજ<br>નોગામ | ૦૫<br>૧૦ | ૦૦.૧૨.૩૫<br>૦૦.૨૩.૪૦ |
| ૮ | કામરેજ | નવાગામ | ૪ | ૦૦.૧૨.૧૩ |
| | **કુલ :-** | | | **૦૪.૯૨.૯૫** |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની ક્લમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત ક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

**પંચમહાલ જિલ્લામાં ઇન્દીરા આવાસ મંજૂર કરવા બાબત**

૧૭૮૧૮ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં પંચમહાલ જિલ્લામાં કેટલા ઇન્દીરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૧૮૫૭ આવાસ.

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ કરેલ છે,

(૨) ૩૩૯ આવાસ.

(૩) કેટલા આવાસો પૂર્ણ કરવાના બાકી છે, અને

(૩) ૧૫૧૮ આવાસ.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

**પાટણ જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત**

૧૭૭૮૭ **: શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન કેટલા સરદાર આવાસો મંજૂર કર્યા,

(૧) ૧૩૨૨.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા આવાસો બનાવવામાં આવ્યા,

(૨) ૩૭૮.

(૩) કેટલા બનાવવાના બાકી છે, અને

(૩) ૯૪૪.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) સત્વરે.

**વડોદરા જિલ્લામાં જંગલની જમીનના હક્ક આદિવાસીઓને આપવા બાબત**

૧૮૬૯૧ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં જંગલની જમીનના કાયદા અન્વયે (૨૦૦૬) કેટલા આદિવાસીઓને જંગલની જમીનના હક્કો ફાળવી આપવામાં આવ્યા,

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ૧૭૮૦ આદિવાસીઓના જંગલ જમીન હક્કોને માન્યતા આપતા આદેશ આપવામાં આવેલ છે.

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને

(૨) તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ -- ૦૦
તા. ૧-૧-૧૦ થી તા. ૩૧-૧૨-૧૦-- ૩૬૮૦

(૩)નામંજૂર થયેલ અરજીઓ અન્વયે અરજદારોને સમયસર જાણ કરવામાં આવતી નથી તે વાત સાચી છે ?

(૩) નાજી.

**વડોદરા જિલ્લામાં ગામોને ""ઇ-ગ્રામ"" તરીકે જાહેર કરવા બાબત**

૧૭૩૨૫ : **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામો ""ઇ-ગ્રામ"" તરીકે જાહેર કરવામાં આવ્યા, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાની તમામ કુલ ૮૬૧ ગ્રામ પંચાયતો ઈ-ગ્રામ તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | ઈ-ગ્રામ જાહેર કરેલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| વડોદરા | ૮૩ | ૮૩ |
| પાદરા | ૭૬ | ૭૬ |
| કરજણ | ૮૪ | ૮૪ |
| વાઘોડીયા | ૬૭ | ૬૭ |
| સાવલી | ૧૦૩ | ૧૦૩ |
| ડભોઈ | ૮૩ | ૮૩ |
| શિનોર | ૪૦ | ૪૦ |
| સંખેડા | ૮૮ | ૮૮ |
| જેતપુર-પાવી | ૯૧ | ૯૧ |
| છોટા ઉદેપુર | ૪૨ | ૪૨ |
| ક્વાંટ | ૪૫ | ૪૫ |
| નસવાડી | ૫૯ | ૫૯ |
| **કુલ** | **૮૬૧** | **૮૬૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ""ઇ-ગ્રામ"" માં કોમ્પ્યુટર સાહસિક (મેન પાવર)ની ઉપલબ્ધતા છે ?

(૨) ૭૬૧

--------

૬૪

**પ્રશ્ન રદ કરેલ છે.**

--------

**સુરત જિલ્લામાં તલાટી-કમ-મંત્રીનું મંજૂર મહેકમ**

૧૭૭૭૭ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીનું મહેકમ કેટલું મંજૂર થયેલ છે, — (૧) ૫૧૫.

(૨) તેમાં કેટલી જગ્યાઓ ભરેલી છે, — (૨) ૩૯૮.

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને — (૩) ૧૧૭.

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? — (૪) બનતી ત્વરાએ.

**મહેસાણા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો**

૧૭૭૫૯ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો હતાં, — (૧) ૬૩૪.

(૨) સરકારી યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને — (૨) ૧ (એક).

(૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? — (૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

--------

## આણંદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૧૭૫૯૭ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૫-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૩) સરકાર કેટલા સમયમાં દરેક ગામમાં પૂર્ણ સમય માટે તલાટી-કમ-મંત્રીની જગ્યા ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૨૫-૧-૨૦૧૧ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૪ |
| ૨ | ઉમરેઠ | ૦૮ |
| ૩ | બોરસદ | ૧૯ |
| ૪ | આંકલાવ | ૦૯ |
| ૫ | પેટલાદ | ૧૯ |
| **અ. નં.** | **તાલુકાનું નામ** | **ખાલી જગ્યા** |
| ૬ | સોજીત્રા | ૧૦ |
| ૭ | ખંભાત | ૧૮ |
| ૮ | તારાપુર | ૧૦ |
| | **કુલ :** | **૧૨૨** |

(૨) નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, રાજીનામું અવસાનના કારણસર જગ્યાઓ ખાલી પડી છે.

(૩) સત્વરે.

--------

## રાજકોટ જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત

૧૮૦૨૭ **: ડૉ. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા વોટરશેડના પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

(૩) કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૪ વોટરશેડના પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ નથી.

(૩) પ્રોજેક્ટ તા. ૨૪-૧૨-૧૦ના રોજ મંજૂર થયેલ હોવાથી કોઈ કામો હાથ ધરવામાં આવેલ નથી.

(૪) ભારત સરકારશ્રીની નવી ગાઈડલાઈન ૨૦૦૮ અન્વયે પ્રોજેક્ટ મંજૂરીની તારીખથી પ્રોજેક્ટ પૂર્ણ થવાની અવધિ ૫ થી ૭ વર્ષ નક્કી કરેલ છે. તે મુજબની સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવામાં આવશે.

--------

## અમરેલી જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત

૧૮૦૧૫ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા સરદાર આવાસો મંજૂર કર્યા,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા આવાસો બનાવવામાં આવ્યા, અને કેટલા આવાસ બનાવવાના બાકી છે, અને

(૩) બાકી આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૧૦-૨૦૧૧ માં લક્ષ્યાંક ફાળવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

--------

**અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૭૭૮૧ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૯-૧૦માં ૨ (બે) વર્ષ ૨૦૧૦-૧૧માં ૦ (શૂન્ય) |
| (૨) તે પેકી કેટલી ગ્રામ પંચાયત મહિલા સમરસ થઇ, | (૨) ૦ (શૂન્ય). |
| (૩) તેને કેટલું અનુદાન ચૂકવવાનું બાકી છે, અને | (૩) તમામને ચૂકવણું થયેલ છે. |
| (૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા જૂથોની રચના**

૧૭૭૬૭ : **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) ૧૩૮૭ મહિલા જૂથોની રચના કરવામાં આવેલ છે. |
| (૨) તે પેકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને | (૨) તે પેકી ૩૦૪ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) તે પેકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે ? | (૩) તે પેકી ૧૪૧ જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે. |

**પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવા બાબત**

૧૭૭૮૩ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે, | (૧) ૬૫૮. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને | (૨) નવરચિત ૧૨ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે. |
| (૩) તે ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ? | (૩) સત્વરે. |

૩૭૩/page> **જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવા બાબત**

૧૭૭૮૨ : **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે, | (૧) ૬૬૩. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને | (૨) નવરચિત ૨ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે. |
| (૩) તે ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ? | (૩) સત્વરે. |

## પંચાયત વિભાગ પાસે રહેમરાહે આશ્રિતોને નોકરી આપવાની પડતર દરખાસ્તો

૧૭૪૪૧ : **શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પંચાયત વિભાગ પાસે રહેમરાહે આશ્રિતોને નોકરી આપવાની કેટલી દરખાસ્તો પડતર છે, | (૧) ૪૯૭. |
| (૨) આવી પડતર દરખાસ્તો પૈકી ચાર વર્ષ કે વધુ સમયથી કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) ૧૫૬. |
| (૩) આવી દરખાસ્તોને સત્વરે મંજૂરી આપવા સરકારે ક્યા ક્યા પ્રકારના પગલાંઓ લીધા ? | (૩) સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૦-૩-૨૦૦૦નો ઠરાવ અને તા. ૨૯-૩-૨૦૦૭ના પરિપત્રની જોગવાઈઓ અન્વયે આશ્રિત કુટુંબની દયનીય સ્થિતિ ધ્યાને લઈ યોગ્ય નિર્ણય કરવામાં આવે છે. |

## બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં કેડરવાર ખાલી જગ્યાઓ

૧૭૪૧૧ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેડરવાઈઝ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેડરવાઈઝ કુલ નીચે મુજબની જગ્યાઓ ખાલી છે. |

| કેડર | જિલ્લાની | તાલુકાની | કુલ |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧ | ૧ | ૨ |
| વર્ગ-૨ | - | ૪ | ૪ |
| વર્ગ-૩ | ૫૬ | ૪૫ | ૧૦૧ |
| વર્ગ-૪ | ૯ | ૧૦ | ૧૯ |
| | ૬૬ | ૬૦ | ૧૨૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે, અને | (૨) બદલી, બઢતી અને નિવૃત્તિના કારણસર જગ્યાઓ ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યા ક્યારે ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ |

--------

## વન મહોત્સવ દરમિયાન નર્મદા જિલ્લામાં વૃક્ષોનું થયેલ વાવેતર

૧૭૮૦૯ : **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં યોજાયેલ વન મહોત્સવ દરમ્યાન કેટલા વૃક્ષો અને રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને | (૧) નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં યોજાયેલ વન મહોત્સવમાં લોકો, સરકારી ખાતાઓ, સરકારી અને બીન સરકારી સંસ્થાઓ વગેરેને વાવેતર કરવા માટે ૧૫.૦૭ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે અને વન મહોત્સવની ઉજવણી દરમ્યાન ૫૦૨ રોપા રોપવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) તેની પાછળ રૂા. ૩૦.૮૬/- લાખનો ખર્ચ થયેલ છે. |

--------

### ખેડા જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૬૬૭ : **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** :: **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ગોચર દબાણ સેલ કાર્યરત છે,

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ આ સેલ દ્વારા કેટલા ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ?

**જવાબ**

(૧) ૧ (એક)

(૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ૧૫૯ ગોચરના દબાણો જેનું ક્ષેત્રફળ હે. ૫૫-આરે.૭૫- પ્ર.આ. ૧૪ ની જમીનો છૂટી કરવામાં આવી.

--------

### વનબંધુ કલ્યાણ યોજનામાં સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ

૧૭૭૮૯ : **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારોમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લાઓમાં અમલમાં મૂકાયેલ છે,

(૨) આ પ્રોજેક્ટની અમલવારીથી જે તે જિલ્લાની દૂધની આવકમાં કેટલો વધારો થયો, અને

(૩) પ્રોજેક્ટ હેઠળ આવરી લેવા માટે લાભાર્થીઓનું માપદંડ શું હોય છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ, વડોદરા, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ મળી કુલ ૧૧ જિલ્લાઓમાં અમલમાં મૂકાયેલ છે.

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રોજેક્ટ પહેલાનું વાર્ષિક ઉત્પાદન | જિલ્લાની દૂધની આવકમાં ૪ વર્ષમાં કુલ વધારો (લાખ લીટર) |
|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા | ૪૩૬૯.૦૫ | ૭૦૮૯.૮૧ |
| ૨ | સાબરકાંઠા | ૩૨૩૩.૬૭ | ૨૫૩૦.૬૯ |
| ૩ | દાહોદ | ૪૯.૬૨ | ૮૭.૭૩ |
| ૪ | પંચમહાલ | ૧૦૨૩.૫૯ | ૧૮૪.૧૩ |
| ૫ અને ૬ | વડોદરા અને નર્મદા | ૧૦૭૭.૮૩ | ૭૧૬.૦૩ |
| ૭ | સુરત | નવો પ્રોજેક્ટ | નવો પ્રોજેક્ટ |
| ૮ | તાપી | નવો પ્રોજેક્ટ | નવો પ્રોજેક્ટ |
| ૯ | નવસારી | ૬૨૧.૮૬ | ૧૨૯.૮૦ |
| ૧૦ | વલસાડ | ૪૧૬.૨૯ | ૩૫૭.૦૧ |
| ૧૧ | ડાંગ | ૭૪.૫૬ | ૨૪.૯૧ |

(૩) લાભાર્થી આદિજાતિ બી.પી.એલ. ૦ થી ૨૦ સ્કોર ધરાવતા હોવા જરૂરી તેમજ મહિલા લાભાર્થીને પ્રથમ પસંદગી આપવામાં આવે છે.

--------

### સાબરકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવાની અરજીઓ

૧૭૭૫૪ : **શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે અન્વયે કેટલા અરજદારોને સસ્તા અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૭૯ દુકાનો ખોલવા માટે ૨૮૧ અરજીઓ મળી.

(૨) ૫૫ દુકાનો મંજુર કરતા ૨૩૨ અરજીઓનો નિકાલ થયેલ છે.

(૩) બાકીની ૨૪ દુકાનો માટે લાયક ઉમેદવાર/સંસ્થા ન મળતાં ૪૯ અરજીનો નિકાલ થયેલ છે તેથી કોઈ અરજી નિકાલ કરવાની બાકી નથી.

--------

**દહેજ ખાતે અદાણી પેટ્રોનેટ દ્વારા જંગલ ખાતાની જમીનનો ઉપયોગ કરવા બાબત**

૧૭૩૬૧ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના દહેજ ખાતે અદાણી પેટ્રોનેટ બંદર જંગલ ખાતાની રીઝર્વ ફોરેસ્ટ લેન્ડનો કેટલો ઉપયોગ કરવાની સરકારે ક્યારે મંજૂરી આપી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના દહેજ ખાતે અદાણી પેટ્રોનેટ લિમીટેડને જંગલ ખાતાની કુલ ૩૮.૦૦ હેક્ટર રીઝર્વ ફોરેસ્ટ લેન્ડનો ઉપયોગ કરવાની તા. ૧૬-૬-૨૦૦૮ થી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) આ રીઝર્વ લેન્ડ ક્યા ક્યા હેતુ માટે ફાળવવામાં આવી, અને | (૨) ઉક્ત વન જમીન યુઝર એજન્સીને કાર્ગો પોર્ટ ટર્મીનલ દહેજ, સ્ટોરેજ ફેસીલીટી માટે ખુલ્લા અને બંધ ગોડાઉન, ટાંકાઓ, રેલ્વે રોડ, પાઈપલાઈન અને પોર્ટ બેકઅપ ફેસીલીટી માટે ફાળવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેનો ઉપયોગ ક્યા હેતુ માટે થાય છે ? | (૩) હાલ ઉપરોક્ત કામોએ સદર જમીનનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે. |

**બનાસકાંઠા જિલ્લામાં ઈન્દીરા આવાસ મંજૂર કરવા બાબત**

૧૮૦૩૪ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ઈન્દીરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૪૭૫૦ આવાસો. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, | (૨) ૮૫૦૦ આવાસો. |
| (૩) કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને | (૩) ૬૨૫૦ આવાસો. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે. |

**કચ્છ જિલ્લામાં ઈન્દીરા આવાસ મંજૂર કરવા બાબત**

૧૭૭૬૪ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઈન્દીરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૮૮ આવાસો. |
| (૨) મંજૂર થયેલ આવાસો પૈકી તારીખ ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, | (૨) કોઈ આવાસ પૂર્ણ થયેલ નથી, પરંતુ પ્રગતિમાં છે. |
| (૩) કેટલા આવાસોનું બાંધકામ બાકી છે,અને | (૩) ૧૮૮ આવાસો. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.? | (૪) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે. |

**અમરેલી જિલ્લામાં ખોટા રેશન કાર્ડ બનાવવા બાબત**

૧૭૬૭૭ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં બીન અધિકૃત ગ્રાહકો ઉભા કરી ખોટા કાર્ડ ધારકો દરેક રેશનીંગની દુકાન ઉપર ઓછા-વધતા પ્રમાણમાં અસ્તિત્વમાં છે તે હકીકત સાચી | (૧) સાવરકુંડલા તાલુકાના દોલતી ગામની વ્યાજબી ભાવની એક દુકાનની ૧૯ વ્યક્તિઓ એક કરતાં વધારે રેશનકાર્ડ ધરાવે છે તથા કેટલા રેશનકાર્ડ ધારકો |

છે, અને

(૨) જો હા તો, તા. ૧-૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં આવા કેટલા બીન અધિકૃત કાર્ડ રદ કરવામાં આવ્યા?

ગામમાંથી સ્થળાંતર થતા હોવા છતાં અસ્તિત્વમાં છે તેવી વિગત ધ્યાન ઉપર આવી છે.

(૨) ૪૮૯ બોગસ ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવેલ છે.

## પંચમહાલ જિલ્લામાં ગોચરના દબાણો

૧૮૬૨૮ **: શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર (સંતરામપુર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર દબાણોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણોની સંખ્યા | ક્ષેત્રફળ હે.આરે.પ્ર.આ. |
|---|---|---|---|
| ૧ | શહેરા | ૪૩ | ૩૨૦-૪૪-૮૯ |
| ૨ | લુણાવાડા | ૦૫ | ७૧-૬૧-૯७ |
| ૩ | ખાનપુર | ૩७ | ७૬-૨૨-૫૬ |
| ૪ | જાંબુઘોડા | ૧७ | ૦૩-૦૫-૦૦ |
| ૫ | કાલોલ | ૧ | ७૨-૬૩-૧૪ |
| ૬ | હાલોલ | ૬ | ૦-७७-૦૦ |
| ७ | સંતરામપુર | ૪૧ | ૨૦-૨૮-७૩ |
| ૮ | કડાણા | ૨૮ | ૫-૧૩-૦૦ |
| ૯ | મોરવા(હ) | ૪૨ | ૧૪૬-૦૪-૧૦ |
| ૧૦ | ઘોઘંબા | ૧૧૩ | ૬૬-૬૯-૫૯ |
| | **કુલ** | **૩૩૩** | **७૮૨-૮૬-૯૮** |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે?

(૩) બનતી ત્વરાએ.

--------

## કચ્છ જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત

૧७७૬૬ **: શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

(૩) કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ-૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૧૦ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કોઈ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ નથી.

(૩) પ્રોજેક્ટ તા. ૨૪-૧૨-૧૦ ના રોજ મંજૂર થયેલ હોવાથી કોઈ કામો હાથ ધરવામાં આવેલ નથી.

(૪) ભારત સરકારશ્રીની નવી ગાઈડલાઈન ૨૦૦૮

અન્વયે પ્રોજેક્ટ મંજૂરીની તારીખથી પ્રોજેક્ટ પૂર્ણ થવાની અવધિ ૫ થી ૭ વર્ષ નક્કી કરેલ છે, તે મુજબની સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવામાં આવશે.

--------

**નવસારી જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત**

૧૭૭૭૨ : **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં નવસારી જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) નવસારી જિલ્લામાં ૧૬ ગુણાંક સુધીનાં બી.પી.એલ. કુટુંબો પૈકીના ઈન્દિરા આવાસ મંજૂર કરવાપાત્ર લાભાર્થી બાકી ના હોઈ મંજૂરી અપાયેલ નથી. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ભાવનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૮૦૧૨ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૯-૧૦ માં ૨ (બે)<br>વર્ષ ૨૦૧૦-૧૧માં ૦ (શૂન્ય). |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી, | (૨) ૨ (બે). |
| (૩) કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવાની બાકી છે, અને | (૩) ૦ (શૂન્ય). |
| (૪) તે રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સિંહો માટે ગીર અભ્યારણ્યનો વિસ્તાર વધારવા બાબત**

૧૭૮૩૫ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિંહો માટે ગીર અભ્યારણ્ય વિસ્તારમાં વધારો કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે માટે સરકાર કેટલા હેકટરનો વધારો કરવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**અમદાવાદ શહેરમાં અન્નમ બ્રહમ યોજના શરૂ કરવા બાબત**

૧૭૭૪૮ : **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં અન્નમ બ્રહમ યોજના શરૂ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો યોજના ક્યારથી શરૂ કરવામાં આવી, | (૨) એપ્રિલ-૨૦૧૦ થી. |
| (૩) આ યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં તા. ૨૭-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલો જથ્થો રીઝર્વ રાખવામાં આવેલ છે, | (૩) આ યોજના હેઠળ રિઝર્વ જથ્થો રાખવામાં આવતો નથી. પરંતુ એપીએલ યોજનામાંથી બચત રહેતા જથ્થામાંથી અનાજ વિતરણ કરવામાં આવે છે. |

(૪) આ અનાજની કેટલા લાભાર્થીઓએ માગણી કરી છે,

(૫) કેટલા લાભાર્થીઓને તેનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૬) બાકી માગણીદારોને ક્યાં સુધીમાં આ અનાજનો જથ્થો આપવામાં આવશે?

(૪) ૬૪૩ લાભાર્થીઓ શોધી કાઢવામાં આવેલ છે.

(૫) ૬૪૩ લાભાર્થીઓને.

(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજકોટ જિલ્લામાં ગોચરના દબાણ**

૧૮૬૪૭ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં ગોચર દબાણો છે,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ગોચર દબાણોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | રાજકોટ | કોઠારીયા, ગોલીડા, ગોરીદળ |
| ૨ | ગોંડલ | માંડણકુંડલા, ક્મઢીયા, વાછરા, કેશવાળા, વાસાવડ, રાવણા |
| ૩ | જેતપુર | જેતલસર, પાંચ પીપળા, ધોરાળા, રેશમડીગાલોળ, ડેડરવા, મેવાસા, મંડલીકપુર, ખજૂરડી ગુંદાળા |
| ૪ | ધોરાજી | વાડોદર, નાનીવાવડી, સુપેડી, ઝાંઝમેર, મોટી મારડ |
| ૫ | ઉપલેટા | સાતવડી |
| ૬ | જામકંડોરણા | તરવડા, બોરીયા, સાજડીયાળી, ગુદાસળી, ઉજળા, આંચવડ, અડવાળ, સનાળા, ખજુરડા, જામકંડોરણા, ઈશ્વરીયા |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** |
| ૭ | કોટડાસાંગાણી | જૂનીમેંગણી, સોળીયા, પીપલાણા, રાજગઢ, ખરેડ |
| ૮ | જસદણ | બોધરાવદર, પાંચવડા, જીવાપર, રાણપરડા, ઝુંડાળા, કમળાપુર, સોમપીપળીયા. |
| ૯ | પડધરી | પડધરી |
| ૧૦ | મોરબી | બગથળા, પાનેલી, ઘુંટું, નવા સાદુળકા, નારણકા, જેપુર, ગોરખીજડીયા, કાળીકાનગર, માનસર |
| ૧૧ | ટંકારા | ધુનડા (ખા.), નેસડા (ખા.) ભુતકોટડા, કોઠારીયા |
| ૧૨ | વાંકાનેર | રંગપર, જાલી, પંચાશીયા, પલાસડી, પંચાસર, રસીકગઢ, અમરસર, લાલપર, જારીયા, સમઢીયાળા, રાણેકપર, પીપળીયારાજ, તીથવા, ઠીકરીયાળા, પાંચ દ્વારકા, રાતી દેવડી, લીંબાળા, લુણસર, કોઠી, અરણીટીંબા |
| ૧૩ | લોધીકા | -- |
| ૧૪ | માળીયા (મિ.) | -- |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે?

(૩) બનતી ત્વરાએ.

--------

**મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૮૦૧૧ : **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૯-૧૦માં ૩ (ત્રણ)<br>વર્ષ ૨૦૧૦-૧૧માં ૦ (શૂન્ય). |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી, | (૨) ૩ (ત્રણ). |
| (૩) કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવાની બાકી છે. | (૩) ૦ (શૂન્ય). |
| (૪) તે રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત**

૧૭૭૭૧ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં કેટલા ઇન્દીરા આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૫૮૮ આવાસો. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, | (૨) ૩૧૮ આવાસો. |
| (૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૩) રૂા. ૨૭૯.૫૨ લાખ. |
| (૪) બાકી આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે. |

--------

**કોડીનાર તાલુકાના સિંધાજ ગામે થયેલ દબાણ**

**૧૭૭૩૯** : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં કોડીનાર તાલુકાના સિંધાજ ગામે તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ એક જ આસામી ધ્વારા અંદાજે ૧૬૨૦ ચો. મી. નું દબાણ થયેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ઉપરોક્ત દબાણ દૂર કરવા ગુજરાત પંચાયત અધિનિયમ -૧૯૯૩ ની કલમ ૧૦૫ હેઠળ દબાણકારને તા. ૩૦-૧૧-૨૦૦૯થી નોટિસ આપવામાં આવેલ છે તે હકીક્ત ખરી છે, અને | (૨) હા, જી. |
| (૩) ઉપરોક્ત હકીક્તો ખરી હોય તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તે દબાણ હટાવવા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) દબાણ દૂર થઈ ગયેલ હોઈ પ્રશ્ન નથી. |

--------

### ગાંધીનગર જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૬૬૩ : **શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા ગોચર દબાણ સેલ કાર્યરત છે, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જિલ્લા કક્ષાએ એક ગોચર દબાણ સેલ કાર્યરત છે. |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ સેલ ધ્વારા કેટલાં ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ? | (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ આ સેલ ધ્વારા ગોચરના ૧૫૫ દબાણો દૂર કરી ૧,૧૮,૬૨૯ ચો. મી. જમીન છૂટી કરેલ છે. |

--------

### ભરૂચ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત

૧૭૭૭૩ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કૂલ ૧૨૫૫૦ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) તે પેકી કેટલા પુરુષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું? | (૨) તે પેકી પુરુષોને ૧૯૮૭૧ અને મહિલાઓને ૧૦૪૦૯ માનવદિનનું કામ આપવામાં આવ્યું. |

--------

### અમદાવાદ જિલ્લામાં મહિલા જૂથોની રચના

૧૭૭૭૪ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં વર્ષ-૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) અમદાવાદ જિલ્લામાં સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૨૮૮૮ મહિલા જુથોની રચના થઈ. |
| (૨) તે પેકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, | (૨) તે પેકી ૧૭૯૮ મહિલા જુથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કેટલા મહિલા જૂથોને ચૂકવવાનું બાકી છે, અને | (૩) તે પેકી ૧૦૯૦ મહિલા જુથોને રીવોલ્વીંગ ફંડ ચુકવવાનું બાકી છે. |
| (૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) જુથોને ૬ માસ પૂર્ણ થયેથી ગ્રેડીંગ કરી રીવોલ્વીંગ ફંડ ચુકવવાની કાર્યવાહી ચાલુમાં છે. |

--------

### અમદાવાદ જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શોચાલયો બનાવવા બાબત

૧૭૭૬૨ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ટોટલ સેનીટેશન કાર્યક્રમ અંતર્ગત કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૦૨૦૯ શોચાલયો. |
| (૨) તે પેકી કેટલા બી.પી.એલ. અને કેટલા એ.પી.એલ. માટે મંજૂર કર્યા છે, | (૨) બી.પી.એલ. - ૪૩૧૮<br>એ.પી.એલ. - ૫૮૫૨<br>**કુલ. ૧૦૧૭૦** |

(૩) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા, અને

(૩) બધા જ શોચાલયો પૂર્ણ કરેલ છે.

(૪) બાકી શોચાલયો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવા બાબત

૧૭૭૫૫ **: શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ-૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન વનબંધુ યોજના હેઠળ સરકાર ધ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવામાં આવ્યા,

(૧) ૫૨ (બાવન) લાભાર્થીઓને.

(૨) બાકીનાને ક્યારે એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવામાં આવશે, અને

(૨) સત્વરે.

(૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૩) લાભાર્થી દીઠ રૂા.૨૨૦૦/- લેખે રૂા.૧,૧૪,૪૦૦/- સબસીડી આપવામાં આવી.

--------

## વલસાડ જિલ્લામાં આદિવાસીઓને જંગલની જમીનની સનદો આપવા બાબત

૧૭૩૫૫ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૮-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા આદિવાસીઓને જંગલની જમીન કાયદા અન્વયે ફાળવી સનદો આપવામાં આવી,

(૧) વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ સનદ આપવામાં આવતી નથી પરંતુ નીચે પ્રમાણે અધિકાર પત્ર આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૦૮ | ૯૫૫ | ૨૭૯ |
| ૨ | કપરાડા | ૮૫ | ૧૪૪૮ | ૧૮૫ |
| ૩ | ઉમરગામ | ૦૯ | ૪૩૯ | ૪૯ |

(૨) કેટલા આદિવાસીઓને આવી સનદો અને જમીનની ફાળવવાની બાકી છે, અને

(૨) ૩૩૯૭ લાભાર્થીઓને અધિકાર પત્ર આપવાના બાકી છે.

(૩) તે કેટલા સમયમાં ફાળવવાનું આયોજન છે ?

(૩) ટૂંક સમયમાં.

## સુરત જિલ્લામાં તાલુકાવાર ગોચરના દબાણો

૧૮૪૯૧ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે,

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ગોચર દબાણોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | દબાણની સંખ્યા | ક્ષેત્રફળ હે.આરે. પ્રતિઆરે. |
|---|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ગોજી | ૬ | ૦૦.૩૦.૦૦ |
| | | રાજગરી | ૭ | ૦૦.૪૬.૧૩ |
| ૨ | બારડોલી | સરભોણ | ૨ | ૦૦.૦૧.૧૮ |
| | | બાલદા | ૯૨ | ૦૦.૯૭.૨૫ |
| ૩ | ઓલપાડ | ઉમરાછી | ૦૮ | ૦૦.૧૫.૯૮ |
| | | બોલાવ | ૦૨ | ૦૦.૦૩.૦૪ |
| | | ભાદોલ | ૦૯ | ૦૦.૯૦.૭૦ |
| ૪ | મહુવા | કાંકરીયા | ૦૧ | ૦૦.૦૧.૦૮ |

| | | | | |
|---|---|---|---|---|
| | | બામણીયા | ૦૩ | ૦૦.૦૩.૫૪ |
| | | શેખપુર | ૦૪ | ૦૦.૦૪.૯૨ |
| ૫ | માંગરોળ | કોસંબા | ૧૨૮ | ૦૦.૫૩.૪૨ |
| | | કુંવરદા | ૦૯ | ૦૦.૧૧.૭૧ |
| | | લવેટ | ૨૪ | ૦૦.૦૭.૩૪ |
| | | નાની નરોલી | ૧૩ | ૦૦.૬૭.૭૮ |
| ૬ | ઉમરપાડા | ચોખવાડા | ૦૩ | ૦૦.૦૧.૦૦ |
| | | ધાણાવડ | ૦૨ | ૦૦.૧૦.૦૦ |
| ૭ | માંડવી | કરંજ | ૦૫ | ૦૦.૧૨.૩૫ |
| | | નોગામ | ૧૦ | ૦૦.૨૩.૪૦ |
| ૮ | કામરેજ | નવાગામ | ૪ | ૦૦.૧૨.૧૩ |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો ધ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

## અમદાવાદ જિલ્લામાં અનાજના કાળાબજાર રોકવા બાબત

૧૭૬૩૯ **: શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અનાજના કાળા બજાર રોકવા માટે અનાજની સંગ્રહખોરી કરતાં કેટલા વેપારીઓ સામે કાયદાકીય પગલાં લેવામાં આવેલ છે, અને

(૨) કેટલા ટન અનાજનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૯૬ અનાજના વેપારીઓ સામે કાયદાકીય પગલાં લેવામાં આવેલ છે.

(૨) ૯૮૦.૭ ટન અનાજનો જથ્થો કબજે કરવામાં આવ્યો તે પૈકી ૨૪૬.૮ ટન અનાજનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

## આણંદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ

૧૭૪૭૪ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે ?

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | આણંદ | ૫૯ |
| (૨) | ઉમરેઠ | ૩૨ |
| (૩) | બોરસદ | ૭૦ |
| (૪) | આંકલાવ | ૩૦ |
| (૫) | પેટલાદ | ૬૨ |
| (૬) | સોજીત્રા | ૨૬ |
| (૭) | ખંભાત | ૬૭ |
| (૮) | તારાપુર | ૩૬ |
| | **કુલ :** | **૩૮૨** |

(૨) ૧૨૨ જગ્યાઓ ખાલી છે (પત્રક સામેલ છે.)

**પત્રક**

| ક્રમ | તાલુકાનું | ખાલી | ખાલી જગ્યાનો સમયગાળો |
|---|---|---|---|

| | | | ૩ વર્ષ ઉપર | ૩ થી ૨ વર્ષ ઉપર | ૨ વર્ષ થી ૧ વર્ષ | ૧ વર્ષ નીચેના |
|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૪ | ૧૪ | ૩ | ૦ | ૭ |
| ૨ | ઉમરેઠ | ૮ | ૨ | ૧ | ૦ | ૫ |
| ૩ | બોરસદ | ૧૯ | ૭ | ૦ | ૨ | ૧૦ |
| ૪ | આંકલાવ | ૯ | ૨ | ૧ | ૦ | ૬ |
| ૫ | પેટલાદ | ૧૯ | ૧૦ | ૦ | ૨ | ૭ |
| ૬ | સોજીત્રા | ૧૦ | ૪ | ૦ | ૦ | ૬ |
| ૭ | ખંભાત | ૨૩ | ૧૨ | ૧ | ૧ | ૯ |
| ૮ | તારાપુર | ૧૦ | ૫ | ૦ | ૦ | ૫ |
| | **કુલ :** | **૧૨૨** | **૫૬** | **૬** | **૫** | **૫૫** |

(૩) કેટલા તલાટી-ક્મ-મંત્રીને વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ છે ?

(૩) ૫૫ તલાટી ક્મ મંત્રીને તેમની ફરજો ઉપરાંત વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ છે.

### ભાવનગર જિલ્લામાં વિધવા બહેનોને બી.પી.એલ. કાર્ડ આપવા બાબત

૧૭૭૦૭ **: શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં જે બહેનો વિધવા પેન્શન મેળવતા હોય તેવી બહેનોને ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટેના બી.પી.એલ. કાર્ડ કરી આપવા માટેનો સરકારે પરિપત્ર કરેલ છે કે નહીં,

(૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને બી.પી.એલ. કાર્ડ કરી આપવામાં આવેલ છે,

(૩) કેટલી વિધવા બહેનોને બી.પી.એલ. કાર્ડ આપવાના બાકી છે, અને

(૪) બાકી છે તે બહેનોને કેટલા સમયમાં આ બી.પી.એલ. કાર્ડ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) વિભાગ ના તા. ૧૭-૪-૨૦૦૬ પત્રથી ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને બી.પી.એલ. રેશનકાર્ડ આપવાની નીતિ નક્કી કરેલ છે. આ નીતિ પરત્વે વિધવા પેન્શન મેળવતા જે બહેનો પાત્રતા ધરાવતા હોય તેમને બી.પી.એલ. રેશનકાર્ડ મળી શકે છે. તદ્ઉપરાંત વિભાગના તા. ૨૭-૧-૧૧ના ઠરાવથી વિધવા બહેનો જો બી.પી.એલ. કાર્ડ ધારકો હોય તો અંત્યોદય અન્ન યોજના માં સમાવિષ્ટ કરી અંત્યોદય કાર્ડ આપવા નીતિ નક્કી કરેલ છે.

(૨) (૩) અને (૪)

તાલુકાવાર વિધવા બહેનોને બીપીએલ રેશનકાર્ડ આપવાનો કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો નથી. આમ છતાં નવા બારકોડેડ રેશનકાર્ડ ઈશ્યુ કરતાં આ વિગતો મળી શકશે.

### સુરેન્દ્રનગર જિલ્લામાં વનીકરણ યોજના

૧૮૪૯૮ **: શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર વનીકરણ યોજના નીચે કેટલા હેક્ટરમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર વનીકરણ યોજના નીચે કુલ ૫,૭૬૬.૯૯ હેક્ટરમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, જે નીચેની વિગતો છે.

(હેક્ટરમાં)

| તાલુકાનું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| લખતર | ૧૦૨ | ૧૨૧ | ૨૨૩ |
| લીંબડી | ૮૮ | ૫૫ | ૧૪૩ |
| સાયલા | ૧૯૬ | ૬૩૯.૫૦ | ૮૩૫.૫૦ |
| હળવદ | ૩૩૩ | ૬૧૧ | ૯૪૪ |
| મુળી | ૨૭૩ | ૨૮૫ | ૫૫૮ |
| વઢવાણ | ૯૦ | ૧૦૮ | ૧૯૮ |
| દશાડા | ૨૨૧ | ૪૬૪ | ૬૮૫ |
| ચુડા | ૬૧ | ૯૫ | ૧૫૬ |
| ચોટીલા | ૨૭૧ | ૫૨૩.૫૭ | ૭૯૪.૫૭ |
| ધ્રાંગધ્રા | ૨૯૯ | ૯૩૦.૯૨ | ૧૨૨૯.૯૨ |
| **કુલ :** | **૧૯૩૪** | **૩૮૩૨.૯૯** | **૫૭૬૬.૯૯** |

| કુલ : | ૧૯૩૪ | ૩૮૩૨.૯૯ | ૫૭૬૬.૯૯ |
|---|---|---|---|

(૨) તે પેકી દરેક પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) તે પેકી દરેક પાછળ કુલ ૧૧૯૨.૩૨ લાખનો ખર્ચ નીચેની વિગતે થયેલ છે.

(હેકટરમાં)

| તાલુકાનું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| લખતર | ૨૦.૨૯ | ૨૨.૬૦ | ૪૨.૮૯ |
| લીંબડી | ૧૫.૪૬ | ૧૧.૫૮ | ૨૭.૦૪ |
| સાયલા | ૪૩.૨૫ | ૧૬૯.૮૦ | ૨૧૩.૦૫ |
| હળવદ | ૬૩.૮૭ | ૧૦૬.૩૦ | ૧૭૦.૧૭ |
| મુળી | ૬૭.૩૦ | ૫૫.૦૭ | ૧૨૨.૩૭ |
| વઢવાણ | ૧૪.૭૭ | ૪૨.૪૭ | ૫૭.૨૪ |
| દશાડા | ૫૦.૧૯ | ૯૦.૨૫ | ૧૪૦.૪૪ |
| ચુડા | ૧૨.૭૦ | ૨૪.૭૪ | ૩૭.૪૪ |
| ચોટીલા | ૬૨.૮૩ | ૮૦.૨૩ | ૧૪૩.૦૬ |
| ધાંગધ્રા | ૬૩.૧૮ | ૧૭૫.૪૪ | ૨૩૮.૬૨ |
| **કુલ :** | **૪૧૩.૮૪** | **૭૭૮.૪૮** | **૧૧૯૨.૩૨** |

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા વૃક્ષો જીવીત છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ **૩૩.૩૧,૮૪૭** વૃક્ષો જીવીત છે.

--------

## મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત

૧૮૦૩૩ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૩૫૧૪ આવાસો

(૨) તે પેકી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે,

(૨) ૮૧૮ આવાસો

(૩) કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને

(૩) ૨૬૯૬ આવાસો

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

--------

## પંચમહાલ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોના પરવાના રદ કરવા બાબત

૧૮૩૯૭ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી સસ્તા અનાજની દુકાનોના લાયસન્સ ક્યારે ક્યારે રદ કરવામાં આવ્યા, અને

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.

(૨) આવી રદ કરાયેલી દુકાનોના પરવાનાઓ કોને કોને ક્યારે ક્યારે આપવામાં આવ્યા છે ?

**પત્રક**

| તાલુકાનું નામ | વ્યાજબી ભાવની દુકાનનું નામ | પરવાનો રદ કર્યાની તારીખ | પરવાના રદ થવાથી કરેલ કાર્યવાહી |
|---|---|---|---|
| હાલોલ | ૧. વાંકડીયા કથોલા અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. ખોડીયારપુરા | ૧૨-૧-૨૦૧૦ | નવેસરથી પરવાનો અપાયેલ નથી પરંતુ રીવીઝન અરજી પેન્ડીંગ હોઈ ધી રવાલીયા મંડળીની દુકાન સાથે તા. ૧-૧૨-૦૯ થી જોડવામાં આવી. |

| | | | |
|---|---|---|---|
| | ૨. શ્રીમતી સી. જી. ચાવડા, તરખંડા | ૨૬-૭-૨૦૧૦ | નવેસરથી પરવાનો અપાયેલ નથી પરંતુ અપીલ પેન્ડીંગ હોઈ શ્રી એમ.ડી.ચાવડા તરખંડાની દુકાન સાથે તા. ૧-૮-૧૦ થી જોડવામાં આવી. |
| | ૩. શ્રી એન. એમ. મકરાણી બાસ્કા | ૩૧-૭-૨૦૧૦ | નવેસરથી પરવાનો આપાયેલ નથી પરંતુ રીવીઝન અરજી પેન્ડીંગ હોઈ શ્રી એસ. વી. રાજગોર તાજપુરાની દુકાન સાથે તા. ૬-૧-૨૦૧૦ થી ચાલુ કરેલ છે. |
| | ૪. શ્રીમતી એ. આર. તડવી, પંડોળ | ૩૧-૭-૨૦૧૦ | અપીલ કેસના ચુકાદા અન્વયે પરવાનો પુનઃ તા. ૩-૧-૨૦૧૧ થી ચાલુ કરેલ છે. |
| લુણાવાડા | ૧. શ્રી એફ. જી. દાવલ, મધવાસ | ૧૫-૨-૨૦૧૦ | અપીલ કેસના ચુકાદા અન્વયે પરવાનો પુનઃ તા. ૩-૫-૨૦૧૦ ચાલુ કરેલ છે. |
| | ૨. વરઘરી સેવા સહકારી મંડળી શાખા-૧ મોજે, વરઘરી | રાજીનામું તા. ૧૮-૧૨-૨૦૧૦ થી પરવાનો રદ | નવેસરથી પરવાનો અપાયેલ નથી પરંતુ લકડી કોયડા સેવા સહકારી મંડળી સાથે તા. ૧૮-૧૨-૨૦૧૦ થી જોડેલ છે. જાહેરનામુ બહાર પાડવાની કાર્યવાહી ચાલુમાં છે. |
| જાંબુઘોડા | ૧. શ્રીમતિ એસ. કે. ખત્રી, ચાલવડ | ૧૨-૧-૨૦૧૦ | અપીલ કેસના ચુકાદા અન્વયે પરવાનો પુનઃ તા. ૫-૭-૨૦૧૦ થી ચાલુ કરેલ છે. |

--------

## રાજ્યમાં ઈકો ટુરીઝમ યોજના શરૂ કરવા બાબત

૧૭૬૧૨ : **શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈકોટુરીઝમ યોજના હેઠળ રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલાં સ્થળોએ યોજના શરૂ થયેલ છે, | (૧) રાજ્યમાં ઈકોટૂરીઝમ યોજના હેઠળ તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨૯ સ્થળોએ કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજના પાછળનો હેતુ શો છે, અને | (૨) પર્યાવરણનું રક્ષણ થાય અને સ્થાનિક લોકોને રોજગારીની તક મળે એ રીતે કુદરતી વિસ્તારોનું જવાબદારીપુર્વક્નું સંવર્ધન થાય અને પ્રવાસનનો પણ વિકાસ થાય તેવો હેતુ છે. |
| (૩) છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછલ કુલ રૂપિયા ૫૮૩.૩૯ લાખનો ખર્ચ થયેલ છે. |

--------

## ગાંધીનગર જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત

**૧૮૦૦૬** : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માટે સરદાર આવાસનો સરકારશ્રી તરફથી કોઈ લક્ષાંક ફાળવવામાં આવેલ નથી. જેથી વર્ષ ૨૦૧૦-૧૧ માં કોઈ સરદાર આવાસના મકાનો મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા મકાનો બાંધવામાં આવ્યા છે, અને કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

--------

## ભાવનગર જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત

૧૮૦૧૪ : **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલા સરદાર આવાસો મંજૂર કર્યા, | (૧) ભાવનગર જિલ્લાને વર્ષ ૨૦૧૦-૧૧ સરદાર આવાસ યોજના હેઠળ કોઈ લક્ષ્યાંક ફાળવવામાં આવેલ નથી. આથી આવાસો મંજૂર કરવાનો પ્રશ્ન નથી. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા આવાસો બનાવવામાં આવ્યા અને કેટલા આવાસ | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| આવાસો બનાવવામાં આવ્યા, અને કેટલા આવાસ બનાવવાના બાકી છે, અને | |
| (૩) બાકી આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ધ્રોલ તાલુકા પંચાયતના મકાનને નવું બનાવવા બાબત**

૧૭૪૫૫ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૧ના ભૂકંપ સમયે ખૂબ જ નુક્સાન પામેલ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા પંચાયતના મકાનને નવું બનાવવા માટેની કામગીરી ડીસે-૨૦૧૦ની સ્થિતિએ આશરે દશ વર્ષ જેટલો સમય પસાર થવા છતાં પૂર્ણ કરેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) સને ૨૦૦૬-૦૭ દરમ્યાન આ મકાનમાં રીટ્રોફીટીંગ કરી મજબૂતી કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કામગીરી ક્યારે શરૂ કરી પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

--------

**૧૧૧**

**સભ્યશ્રીએ પ્રશ્ન પાછો ખેંચેલ છે.**

--------

૩૮૭/page>**જૂનાગઢ જિલ્લામાં ટોટલ સેનીટેશન પ્રોગ્રામ**

૧૮૦૩૯ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ટોટલ સેનીટેશન કાર્યક્રમ અંતર્ગત કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૧૪૯૮ શોચાલય મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા બી.પી.એલ. અને કેટલા એ.પી.એલ. માટે મંજૂર ક્યાં, | (૨) બી.પી.એલ.-૩૪૦૪<br>એ.પી.એલ-૧૮૦૬૮ |
| (૩) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા, અને | (૩) અ. ૩૪૦૪ બી.પી.એલ.<br>બ. ૧૮૦૬૮ એ.પી.એલ.<br>ક. ૪ શાળા<br>ડ. ૨૨ આંગણવાડી<br>કુલ ૨૧૪૯૮ શોચાલયો |
| (૪) બાકી શોચાલયો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) મંજૂર કરેલ તમામ શોચાલયો પૂર્ણ કરવામાં આવેલ છે. |

--------

## ખેડા શહેરમાં અન્નમ બ્રહ્મ યોજના શરૂ કરવા બાબત

**૧૮૦૪૭ : શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા શહેરમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં અન્નમ બ્રહ્મ યોજના શરૂ કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો યોજના ક્યારથી શરૂ કરવામાં આવી, | (૨) એપ્રિલ-૨૦૧૦ થી |
| (૩) આ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલો જથ્થો રીઝર્વ રાખવામાં આવેલ છે ? | (૩) ૧૦૦૦ કિ. ગ્રામ |
| (૪) આ અનાજની કેટલા લાભાર્થીઓએ માંગણી કરી છે, | (૪) ૫ લાભાર્થીઓ |
| (૫) કેટલા લાભાર્થીઓને તેનું વિતરણ કરવામાં આવેલ છે, અને | (૫) ૫ લાભાર્થીઓ |
| (૬) બાકી માગણીદારોને ક્યાં સુધીમાં અનાજનો જથ્થો આપવામાં આવશે ? | (૬) કોઈ માગણીદાર બાકી નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## દાહોદ જિલ્લામાં ગોચરના દબાણો

૧૮૬૩૨ **: શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે,

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર ગોચર દબાણોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્ષેત્રફળ હે.આરે. પ્રતિઆરે. |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ઉચવાણીયા<br>મોટીખરજ | ૦૦.૬૧.૦૨<br>૦૦.૮૦.૦૦ |

આ સિવાય અન્ય કોઈ તાલુકામાં ગોચર જમીનમાં દબાણ થયેલ નથી.

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ

--------

## સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જંગલની જમીનની સનદો મેળવવાની અરજીઓ

૧૭૫૩૩ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લાઓમાં રાઈટ ટુ ફોરેસ્ટ એક્ટ હેઠળ જમીનની સનદ મેળવવા માટે જિલ્લાવાર કેટલી જમીન માટે કેટલી અરજીઓ મળી,

(૨) આ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૪) કેટલી અરજીઓ વિચારણા હેઠળ છે, અને

(૫) નામંજૂર કરવામાં આવી હોય તેવી અરજીઓમાં નામંજૂરીના કારણો શાં છે ?

**જવાબ**

(૧) વન અધિકાર અધિનિયમ-૬ હેઠળ સનદ માટેની નહિ પરંતુ અધિકાર પત્ર મેળવવા માટે નીચે મુજબ અરજીઓ મળી છે.

| અ.નં. | જિલ્લો | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ |
|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૬,૭૦૦ | ૨,૯૨૫ | ૦૦ |
| ૨. | દાહોદ | ૧૩,૧૧૭ | ૭,૮૪૨ | ૦૦ |
| ૩. | પંચમહાલ | ૧૩,૦૦૫ | ૧૦,૭૧૬ | ૦૦ |

(૨)

| અ.નં. | જિલ્લો | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ |
|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૭૫૧ | ૧૮૩૧ | ૫૬૯ |
| ૨. | દાહોદ | ૦૬ | ૨૪૦ | ૩૮ |
| ૩. | પંચમહાલ | ૦૦ | ૩૨૪ | ૫૫૬ |

(૩)

| ક્રમ | જિલ્લો | ના મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨૫૬૦ |
| ૨. | દાહોદ | ૩૦૭૧ |
| ૩. | પંચમહાલ | ૦૦ |

(૪)

| ક્રમ | જિલ્લો | વિચારણા હેઠળની અરજીઓ |
|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૩૯૧૪ |
| ૨. | દાહોદ | ૧૭૬૦૪ |
| ૩. | પંચમહાલ | ૨૨૮૪૧ |

(૫) દાવેદારની લાયકાત, (૨) કલમ ૪(૩) અને (૬) મુજબ વન જમીનનો કબજો, (૩) વન વિસ્તારની જમીન પરના દાવા, (૪) ફોરેસ્ટ સેટલમેન્ટ રિપોર્ટ, વન ગુના તપાસ કે અન્ય રેકર્ડ આધારિત પુરાવા, (૫) કબજાની તારીખ વગેરે જેવા નિયમો-૨૦૦૮ના નિયમ-૧૩માં દર્શાવેલ પુરાવાના અભાવે અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

--------

## ગાંધીનગર જિલ્લામાં નરેગા યોજનામાં રોજગારી આપવા બાબત

૧૮૬૫૭ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની નરેગા યોજના હેઠળ કેટલા લોકોને કેટલા દિવસ માટે રોજગારી આપી ?

**જવાબ**

ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કુટુંબોને નીચે મુજબ રોજગારી આપી

| વર્ષ | કુટુંબોની સંખ્યા | માનવદિન |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૯૨૨૦ | ૩૪૧૨૭૮ |
| ૨૦૧૦-૧૧ | ૬૧૫૧ | ૨૮૮૪૪૧ |

--------

## રાષ્ટ્રીય વન પંચ ધ્વારા ગુજરાત રાજ્યમાં વન નીતિ તૈયાર કરવા બાબત

૧૭૩૬૦ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય વન પંચ ધ્વારા માર્ચ-૨૦૦૬માં ગુજરાત રાજ્યમાં વન નીતિ તૈયાર કરવા જણાવવામાં આવેલ તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં આવી વન નીતિ ક્યારે તૈયાર કરવામાં આવી, અને

(૩) તેની મુખ્ય વિગતો કઈ કઈ છે ?

**જવાબ**

(૧) ના, જી.

રાજ્યને નહિં, પરંતુ કેન્દ્ર સરકારને પંચે ભલામણ કરેલ હતી. કેન્દ્ર સરકાર તરફથી રાષ્ટ્રીય વન પંચના અહેવાલને મંજૂર કરવા અને તેમની ભલામણ ઉપર આનુષાંગિક પગલાઓ ભરવા માટે કોઈ સૂચન થયેલ નથી.

(૨) રાજ્યમાં આવી વન નીતિ તૈયાર કરવામાં આવી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સચિવાલયના પંચાયત વિભાગમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

**૧૭૫૩૮ : શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સચિવાલયના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલું મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આવી ખાલી જ્ગ્યાઓ નહી ભરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૫ |
| ૨ | વર્ગ-૨ | ૨૩ |
| ૩ | વર્ગ-૩ | ૮૯ |
| ૪ | વર્ગ-૪ | ૨૫ |
| | **કુલ :-** | **૧૬૧** |

(૨)

| ક્રમ | સંવર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૦૨ |
| ૨ | વર્ગ-૨ | ૦૭ |
| ૩ | વર્ગ-૩ | ૨૭ |
| ૪ | વર્ગ-૪ | ૧૦ |
| | **કુલ :-** | ૪૬ |

નિવૃત્તિ, બદલી તથા બઢતીના કારણે અલગ-અલગ સમયથી જ્ગ્યાઓ ખાલી છે.

(૩) વહીવટી કારણોસર.

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રો ધ્વારા વીજળીબીલ કલેક્શન

૧૮૦૨૫ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચોયતોમાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો ધ્વારા વીજળી બીલના પેમેન્ટનું કલેક્શન કરવામાં આવે છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલના પેમેન્ટનું કલેક્શન કરવામાં આવતું નથી, અને

(૩) બાકી કેન્દ્રોમાં વીજળી બીલના પેમેન્ટના કલેક્શનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : સુરેન્દ્રનગર જિલ્લાની તમામ ૬૧૫ ગ્રામ પંચાયતોમાં વીજબીલ કલેક્શનની કામગીરી માટેના સોફ્ટવેરનું ઈન્સ્ટોલેશન કરી જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

## આણંદ જિલ્લામાં તાલુકા પંચાયતની ગાડીઓનો દૂરઉપયોગ કરવા બાબત

૧૭૪૩૭ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકા પંચાયતની ગાડીનો દૂરઉપયોગ થવા બાબતની તાલુકાવાર કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકા પંચાયતની ગાડીનો દૂરઉપયોગ થવા બાબતની સરકારશ્રીને કોઈ ફરીયાદ મળેલ નથી. |
| (૨) ફરિયાદો બાબતે કોઈ તપાસ હાથ ધરવામાં આવી છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો તાલુકા પંચાયતની ગાડીનો દુરઉપયોગ કોના આદેશથી અને ક્યા કારણોસર તાલુકા બહાર થયો હોવાનું તપાસમાં જણાયેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં કામો

૧૮૦૩૦ : **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા, | (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહાત્માં ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત ૭૫૪ કામો ચાલુ કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી ૫૨૬ કામો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત યોજના હોઈ કામની માંગણી થયેથી વધારાના કામો હાથ પર લેવામાં આવશે. |

## રાજકોટ જિલ્લામાં મહિલા જૂથોની રચના

૧૮૦૨૬ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૩૭૦૦ મહિલા જૂથોની રચના થઈ હતી. |
| (૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી ૨૦૫૪ જૂથોને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે ? | (૩) તે પૈકી ૩૫૪ જુથો આર્થિક પ્રવૃત્તિ કરે છે. |

--------

## વ્યારા અને તાપી જિલ્લામાં જંગલની જમીન આદિવાસીઓને ફાળવવાની નામંજૂર અરજીઓ

**૧૭૪૭૬ : શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વ્યારા અને તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ જંગલની જમીન આદિવાસીઓને ફાળવવા અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

**જવાબ**

| (૧) જિલ્લા | નામંજૂર અરજીઓ | |
|---|---|---|
| | ૨૦૦૯ | ૨૦૧૦ |
| તાપી (વ્યારા) | ૦૦ | ૩૧૪૮ |

(૨) આવી નામંજૂર થયેલ અરજીઓ અન્વયે સંબંધીત અરજદારોને સત્વરે જાણ કરવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને

(૨) ના, જી. આવી નામંજૂર થયેલ અરજીઓ અન્વયે સંબધિત અરજદારને સત્વરે જાણ કરવામાં આવે છે.

(૩) જો હા, તો સત્વરે આવી જાણ કરવા અને સમયસર અપીલ થઈ શકે તે માટે સરકારે કેવું આયોજન ગોઠવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સાબરકાંઠા જિલ્લામાં એન. જી. ઓ. ને સોંપવામાં આવેલ કામ**

૧૮૩૮૯ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિકાસ-ખાતા મારફતે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તેમજ ક્યા ક્યા એન.જી.ઓ. ને કેટલી રકમના કામો આપવામાં આવ્યા,

(૧) ૪૫ કામો ૨૨ એન.જી.ઓ (પરિશિષ્ટ-૧ મુજબ)ને રૂા. ૧૧૮૦.૯૭ લાખના કામો આપવામાં આવ્યા.

(૨) ક્યા ક્યા કામો આપવામાં આવ્યા,

(૨) સ્કીલ તાલીમના કામો તેમજ સનસાઈન પ્રોજેક્ટના કામો.

(૩) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા છે, કેટલા કામો અધૂરા છે, અને

(૩) ૪૨ કામો પૂર્ણ, ૨ કામો પ્રગતિમાં.

(૪) આ અધૂરા કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) વર્ક ઓર્ડરની શરતો મુજબ સમય મર્યાદામાં પૂર્ણ થશે.

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | એન.જી.ઓ.(કંપની/સ્વૈચ્છિક સંસ્થા)નું નામ | ફાળવવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) | કામની સંખ્યા | કામની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | એશિયા પેસિફિક ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (એ.પં.ઈ.એમ) અમદાવાદ | ૧૨.૦૦ | ૧ | પૂર્ણ |
| ૨ | કેરીયર લોન્ચર પ્રા.લી., બી.-૫, ઓખલા ઈન્ડ ઓ. ફેઝ-૧, ન્યુ દિલ્હી | ૧૦.૫૩ | ૧ | પૂર્ણ |
| ૩ | આઈ.એમ.એસ. પ્રો. બ્લોક, ઈ-છઠ્ઠો માળ, એન.સી.બ્રાન્દ્રા, મુંબઈ | ૫૧.૨૧ | ૧ | પૂર્ણ |
| ૪ | ઈન્ડો જર્મન ટુલ રૂમ, જી.આઈ.ડી.સી. વટવા, અમદાવાદ | ૪.૮૨ | ૧ | પ્રગતિમાં |
| ૫ | ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ એન્ડ કેર ડેવલપમેન્ટ, સ્ટીલ સીટી, બોપલ, અમદાવાદ | ૨.૧૬ | ૧ | પૂર્ણ |
| ૬ | એઈડ એટ એક્શન, ન્યુદિલ્હી | ૫.૮૯ | ૧ | પ્રગતિમાં |
| ૭ | એકેડેમી ફોર કોમ્પ્યુટર ટ્રેનીંગ (ગુજરાત) પ્રા.લી., મણીનગર, અમદાવાદ | ૦.૦૦ | ૧ | પૂર્ણ |
| ૮ | પી.ટી. પેટલ એન્ડ કંપની, અમદાવાદ | -- | ૧ | શરૂ થયેલ નથી |
| ૯ | પ્રકશાલ ઈન્ફોટેક પ્રા.લી., જોધપુર ચાર રસ્તા, અમદાવાદ | ૩.૧૫ | ૧ | પૂર્ણ |
| ૧૦ | ધી એચ.આઈ.સીડસ લી., અમદાવાદ | ૯૭.૧૯ | ૧ | પૂર્ણ |
| ૧૧ | યુનાઈટેડ ફોસ્ફરસ લીં., અમદાવાદ | ૯૬.૫૯ | ૧ | પૂર્ણ |
| ૧૨ | શ્રીરામ બાયોસીડસ જીનેટીક્સ ઈન્ડીયા લી., અમદાવાદ | ૬૪.૪૨ | ૧ | પૂર્ણ |
| ૧૩ | મોન્સેન્ટો ઈન્ડીયા લી., અમદાવાદ | ૬૯૫.૮૩ | ૧ | પૂર્ણ |
| ૧૪ | એગ્રીકલ્ચર ઈન્સ્ટોરન્સ કંપની ઓફ ઈન્ડીયા લી., અમદાવાદ | ૧૦૨.૨૨ | ૧ | પૂર્ણ |
| ૧૫ | કોન્સેપ્ટ એડ્યુસર્વ પ્રા.લી., અમદાવાદ | ૪.૦૪ | ૧ | પૂર્ણ |
| | કોન્સેપ્ટ એડ્યુસર્વ પ્રા.લી., અમદાવાદ | - | ૧ | પૂર્ણ |
| | કોન્સેપ્ટ એડ્યુસર્વ પ્રા.લી., અમદાવાદ | | ૧ | પૂર્ણ |
| | ડાયરેક્ટરશ્રી, કોન્સેપ્ટ એડ્યુસર્વ પ્રા. લી., અમદાવાદ | ૨.૦૦ | ૨ | પૂર્ણ |
| | ડાયરેક્ટરશ્રી, કોન્સેપ્ટ એડ્યુસર્વ પ્રા. લી., અમદાવાદ | ૧.૯૯ | ૨ | પૂર્ણ |
| ૧૬ | શ્રી અભિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ | ૧.૩૧ | ૧ | પૂર્ણ |
| | શ્રી અભિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ | ૩.૦૪ | ૧ | પૂર્ણ |
| | શ્રી અભિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ | | ૧ | પૂર્ણ |
| ૧૭ | શ્રીમ મહિમા ગ્રામ વિકાસ સંસ્થા, હિંમતનગર | ૦.૫૬ | ૧ | પૂર્ણ |
| ૧૮ | શ્રી ગ્રામ સર્વે વિકાસ ટ્રસ્ટ, ગાંધીનગર | ૨.૦૦ | ૨ | પૂર્ણ |
| | શ્રી ગ્રામ સર્વે વિકાસ ટ્રસ્ટ, ગાંધીનગર | ૧.૮૨ | ૨ | પૂર્ણ |
| ૧૯ | શ્રી પરખ, હિંમતનગર | ૩.૧૫ | ૩ | પૂર્ણ |
| ૨૦ | શ્રી અખંડ આનંદ સર્વોદય ટ્રસ્ટ, ગાંધીનગર | ૨.૫૭ | ૩ | પૂર્ણ |

| ક્રમ | એન.જી.ઓ.(કંપની/સ્વૈચ્છિક સંસ્થા)નું નામ | ફાળવવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) | કામની સંખ્યા | કામની સ્થિતિ |
|---|---|---|---|---|
| | શ્રી અખંડ આનંદ સર્વોદય ટ્રસ્ટ, ગાંધીનગર | ૧.૪૪ | ૨ | પૂર્ણ |
| ૨૧ | શ્રી ગાયત્રી એજ્યુકેશન સેવા ટ્રસ્ટ, મોડાસા | ૨.૦૪ | ૨ | પૂર્ણ |
| એચબી-૭૦૦-૧૭ | ત્રી એજ્યુકેશન સેવા ટ્રસ્ટ, મોડાસા | ૨.૦૦ | ૩ | પૂર્ણ |
| | ૨ ટ્રસ્ટ, ગાંધીનગર | ૨.૪૨ | ૨ | પૂર્ણ |
| | કુલ | ૧૧૮૦.૯૭ | ૪૫ | |

--------

## સીટીઝન સર્વિસ સિવિક સેન્ટર સ્થાપવા બાબત

૧૭૫૩૪ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તલાલા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ પ્રમાણે રાજ્યમાં છ હજાર જેટલા ગામોમાં સીટીઝન્સ સર્વિસ સેન્ટર સ્થાપવાનો પ્રોજેક્ટ કઈ કઈ કંપનીઓને ટેન્ડર દ્વારા ક્યારે આપવામાં આવ્યો,

(૨) આ ટેન્ડરો મંજૂર થયા પછી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ગામોમાં આવા સિવિક સેન્ટર સ્થાપવામાં આવ્યા, અને

(૩) આવા મંજૂર થયેલા ટેન્ડરોની કરારની મુખ્ય શરતો કઈ કઈ છે ?

**જવાબ**

(૧) તા. ૬-૧૦-૦૭ ના લેટર ઓફ ઈન્ટેન્ટથી :-

૧. શ્રી આઈ ઈન્ફોટેક લી.
૨. સી.એમ.એસ.કોમ્પ્યુટર્સ લી.
૩. રીસાયન્સ કોમ્યુનિકેશન લી.ને કામગીરી સોંપવામાં આવેલ.

(૨) ભારત સરકારની સુચના મુજબ આ તમામ ૬૦૦૦ ગામોને ઈ-ગ્રામ યોજના હેઠળ સાંકળી લેવામાં આવેલ છે અને રાજ્યની તમામ ગ્રામ પંચાયતો ઈ-ગ્રામ સેન્ટર બનેલ છે.

(૩) નીચે મુજબની મુખ્ય શરતો નક્કી કરવામાં આવેલ છે.

૧. નિયત સમય મર્યાદામાં કામગીરી શરૂ કરવાની રહેશે.
૨. તમામ પ્રકારની સાધનસામગ્રી (મેનપાવર સહિત) જે તે સંસ્થાએ પુરી પાડવાની રહેશે.
૩. જો એક કરતાં વધુ સંસ્થાઓની પસંદગી કરવામાં આવે તો તેઓએ હાર્ડવેર/સોફ્ટવેર સમાન ઉપયોગમાં લેવાના રહેશે.
૪. દરેક જગ્યાએ ઓનલાઈન/ઓફ લાઈન કામગીરી કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

--------

## દાહોદ જિલ્લામાં એન.આર.ઈ.જી. એ. યોજનામાં સમુહ સિંચાઈ કૂવાના કામ

૧૮૪૪૬ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં એન.આર.ઈ.જી.એ. યોજના અંતર્ગત તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સમુહ સિંચાઈ કુવાનાં કામો વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત તાલુકાવાર તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૪૬૪૩ સમુહ સિંચાઈ કૂવાનાં કામો વર્ષવાર નીચે મુજબ મંજૂર કરવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર કરેલ કુવાના કામોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
| ૧ | દાહોદ | ૬૭૯ | ૦ | ૬૭૯ |
| ૨ | ગરબાડા | ૩૨૬ | ૨૩ | ૩૪૯ |
| ૩ | ઝાલોદ | ૩૯૬ | ૨૮૦ | ૬૭૬ |
| ૪ | ફતેપુરા | ૦ | ૦ | ૦ |
| ૫ | લીમખેડા | ૨૨૯ | ૧૧૪૫ | ૧૩૭૪ |
| ૬ | ધાનપુર | ૯૪૦ | ૪૯ | ૯૮૯ |
| ૭ | દે. બારીયા | ૪૨૩ | ૧૫૩ | ૫૭૬ |
| | **કુલ :-** | **૨૯૯૩** | **૧૬૫૦** | **૪૬૪૩** |

**પ્રશ્ન**

(૨) આ પેકી કેટલા કૂવાનાં કામો પૂર્ણ કરવામાં આવ્યા,

**જવાબ**

(૨) તે પેકી તાલુકાવાર ૨૨૯૪ કૂવાનાં કામો નીચેની વિગતે પૂર્ણ કરવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | પૂર્ણ કરેલ કુવાના કામો |
|---|---|---|

| | | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૦ | ૨૪૫ | ૨૪૫ |
| ૨ | ગરબાડા | ૧૩૪ | ૦ | ૧૩૪ |
| ૩ | ઝાલોદ | ૧૫૭ | ૯૩ | ૨૫૦ |
| ૪ | ફતેપુરા | ૦ | ૦ | ૦ |
| ૫ | લીમખેડા | ૧૫૬ | ૭૩૭ | ૮૯૩ |
| ૬ | ધાનપુર | ૫૨૭ | ૦ | ૫૨૭ |
| ૭ | દે. બારીયા | ૨૦૭ | ૩૮ | ૨૪૫ |
| | **કુલ :-** | **૧૧૮૧** | **૧૧૧૩** | **૨૨૯૪** |

(૩) કામ પૂર્ણ થવા છતાં નાણાં ચૂકવેલ નથી તેવા કૂવાના કામ કેટલા ?

(૩) કામ પૂર્ણ થવા છતાં નાણાં ચૂકવેલ નથી તેવા કૂવાના કામ એક પણ બાકી નથી.

--------

## કેન્દ્રમાં વન અને પર્યાવરણ વિભાગે મુન્દ્રામાં પર્યાવરણ ખાતાની મંજૂરી વગર ગેરકાયદેસર બાંધકામ

૧૮૪૩૩ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે મુન્દ્રામાં કેટલા અને ક્યા ક્યા ગેરકાયદેસર બાંધકામના કેસમાં પર્યાવરણ ખાતાની મંજૂરી વગર કેટલા બાંધકામના મુદ્દે તપાસ કરી અહેવાલ આપવા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની નેજા હેઠળની સંસ્થાને જણાવેલ છે, અને

(૨) આ અંગે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટીને (૧) સમુદ્ર ટાઉનશીપ અને (૨) સ્ટર્લીંગ હોસ્પિટલના ગેરકાયદેસર બાંધકામ માટે તપાસ કરી અહેવાલ આપવા જણાવેલ છે.

(૨) સ્થળની મુલાકાત લઈ વચગાળાનો અહેવાલ ભારત સરકારને મોકલાવેલ છે અને રીવાઈઝ પ્લાન માટે ઓથોરાઈઝ એજન્સી પાસેથી સી.આર.ઝેડ. નકશા મંગાવેલ છે.

--------

## સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવા બાબત

**૧૮૦૪૪ : શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સરકાર ધ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવ્યા,

(૨) બાકીનાને ક્યારે એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવશે, અને

(૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૫૨૫ લાભાર્થીઓને.

(૨) લક્ષ્યાંક મુજબ ૫૨૫ ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, જેથી પ્રશ્ન રહેતો નથી.

(૩) લાભાર્થીદીઠ રૂા.૨૨૦૦/- લેખે રૂા.૧૧,૫૫,૦૦૦/- સબસીડી આપવામાં આવી.

--------

## અમદાવાદ જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત

૧૮૦૦૯ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા મકાનો બાંધવામાં આવ્યા છે અને કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને

(૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ નો લક્ષ્યાંક ફાળવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

## જૂનાગઢ જિલ્લામાં ઈન્દીરા આવાસો મંજૂર કરવા બાબત

૧૮૦૩૧ : **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે,

(૩) કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૯૬ આવાસો.

(૨) કોઈ આવાસો પૂર્ણ થયેલ નથી, પરંતુ પ્રગતિમાં છે.

(૩) ૯૬ આવાસો.

(૪) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

--------

## વનબંધુ કલ્યાણ સોના માટે ઘર યોજનામાં અનુસૂચિત જનજાતિના આવરી લીધેલ કુટુંબો

૧૭૭૯૫ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અન્વયે ""સોના માટે ઘર"" એ કાર્યક્રમ હેઠળ છેલ્લા ૩ વર્ષમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા કુટુંબોને આવરી લેવામાં આવ્યા, અને

(૨) તે પૈકી બી. પી. એલ. કુટુંબના લાભાર્થીઓ કેટલા ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષવાર અનુ.જનજાતિના કુટુંબોને આવરી લેવામાં આવેલ તેની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૫૦૪૦૦ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૯૯૮૩૯ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૧૦૪૪૦૪ |
| | કુલઃ | ૨૫૪૬૪૩ |

(૨) ૨૫૪૬૪૩

--------

## જૂનાગઢ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવા બાબત

૧૮૦૪૨ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે અન્વયે કેટલા અરજદારોને સસ્તા ના પરવાના આપવામાં આવ્યા, અને

એચબી-૭૦૦-૧૮

(૩) બાકી રહેલ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૫ (પચ્ચીસ) સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે કુલ ૧૦૦ અરજીઓ આવેલ છે.

(૨) ૧૭ (સત્તર) દુકાનના પરવાના અપાતા ૬૧ અરજીઓનો નિકાલ થયો.

(૩) ૮ સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે બાકી રહેલ ૩૯ અરજીઓની ચકાસણી કર્યા બાદ નિયમાનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

## ગરબાડા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની જ્ગ્યા ખાલી હોવા બાબત

**૧૭૪૭૯ : શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની જ્ગ્યા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ ખાલી જ્ગ્યાનો ચાર્જ કેટલા સમયથી કોને આપવામાં આવ્યો છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારી, ગરબાડાની જ્ગ્યા ખાલી નથી.

(૨) જ્ગ્યા ભરાયેલી હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ જગા નહીં ભરવાના કારણો શા છે ?

(૩) ઉપર ક્રમાંક-૧ જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## રાજકોટ જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત

૧૮૦૧૬ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ-૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન કેટલા સરદાર આવાસો મંજૂર ક્યા, | (૧) લક્ષ્યાંક ન હોવાના કારણે આવાસો મંજૂર કરેલ નથી. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા આવાસો બનાવવામાં આવ્યા, અને કેટલા આવાસ બનાવવાના બાકી છે, અને | (૨) પ્રશ્ન નથી. |
| (૩) બાકી આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન નથી. |

--------

## વડોદરા જિલ્લામાં નરેગા યોજનામાં રકમ ફાળવવા બાબત

૧૮૬૯૩ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નરેગા યોજના અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહાત્માં ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબ લેબર બજેટ તૈયાર કરવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂા.લાખમાં) |
|---|---|
| ૨૦૦૮ | ૩૩૦.૪૪ |
| ૨૦૦૯ | ૩૨૩૭.૦૭ |
| ૨૦૧૦ | ૫૬૨૫.૧૬ |
| **કુલ :** | **૯૧૯૨.૬૭** |

(૨) તે અન્વયે કેટલા શ્રમિકોને રોજગારી આપી, અને

(૨) તે અન્વયે શ્રમિકોને નીચે મુજબના માનવદિનની રોજગારી આપવામાં આવી.

| વર્ષ | માનવદિન (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૮ | ૦.૯૭૬ |
| ૨૦૦૯ | ૧૯.૨૩૭ |
| ૨૦૧૦ | ૩૫.૧૮૫ |
| **કુલ :** | **૫૫.૩૯૮** |

(૩) કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો ?

(૩) વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૮ | ૬૭.૭૧ |
| ૨૦૦૯ | ૧૭૮૬.૮૫૧ |
| ૨૦૧૦ | ૩૨૯૩.૮૮૬ |
| **કુલ :** | **૫૧૪૮.૪૪૭** |

--------

## મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવા બાબત

૧૮૦૧૮ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે, | (૧) ૫૮૯. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને | (૨) નવરચિત ૪ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે. |
| (૩) તેને ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ? | (૩) સત્વરે. |

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં મળેલ સહાય

૧૭૫૯૮ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી પ્રોગ્રામ હેઠળ કામ કરવા માટે કેટલી નાણાકીય સહાય મળી,

(૨) તાલુકાવાર કેટલા પુરુષો અને સ્ત્રીઓને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૩) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૪) નાણાકીય સહાયની સામે ઓછું ખર્ચ થયાનું સરકારના ધ્યાન પર આવ્યું છે કે કેમ, અને

(૫) જો હા, તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી પ્રોગ્રામ હેઠળ તાલુકાવાર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવેલ છે.

| વર્ષવાર ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | | | |
|---|---|---|---|
| **તાલુકો** | **૨૦૦૮-૦૯** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** |
| આણંદ | ૩૮.૩૮ | ૬૪.૦૮ | ૩૦.૬૮ |
| ઉમરેઠ | ૨૪.૫૪ | ૯૧.૩૫ | ૫૨.૪૭ |
| બોરસદ | ૩૯.૫૦ | ૯૩.૬૪ | ૩૩.૨૭ |
| આંક્લાવ | ૧૭.૧૬ | ૩૪.૬૯ | ૨૫.૩૨ |
| પેટલાદ | ૨૦.૬૯ | ૩૮.૯૮ | ૨૩.૦૪ |
| સોજિત્રા | ૩૧.૫૫ | ૭૫.૪૫ | ૫૪.૯૭ |
| ખંભાત | ૩૬.૮૨ | ૧૫૦.૦૯ | ૪૯.૫૭ |
| તારાપુર | ૧૬.૬૬ | ૩૧.૦૬ | ૩૯.૦૧ |
| **કુલ :** | **૨૨૫.૩૦** | **૫૭૯.૩૪** | **૩૦૮.૩૩** |

(૨) તાલુકાવાર નીચે મુજબ પુરુષો અને સ્રીઓને જોબકાર્ડ આપવામાં આવ્યા.

| સ્રી/પુરૂષોને આપેલ જોબકાર્ડની સંખ્યા | | | |
|---|---|---|---|
| **તાલુકો** | **સ્રી** | **પુરૂષ** | **કુલ** |
| આણંદ | ૪૧૨૮ | ૨૦૩૫૬ | ૨૪૪૮૪ |
| ઉમરેઠ | ૨૨૫૬ | ૧૩૦૮૪ | ૧૫૩૪૦ |
| બોરસદ | ૬૪૧૪ | ૨૯૭૨૯ | ૩૬૧૪૩ |
| આંક્લાવ | ૪૧૧૧ | ૧૨૨૪૨ | ૧૬૩૫૩ |
| પેટલાદ | ૩૪૬૮ | ૧૮૩૯૧ | ૨૧૮૬૬ |
| સોજિત્રા | ૧૪૩૬ | ૮૧૩૨ | ૯૫૬૮ |
| ખંભાત | ૨૫૫૫ | ૧૫૫૯૭ | ૧૮૧૫૨ |
| તારાપુર | ૭૦૩ | ૫૮૬૨ | ૬૫૬૫ |
| **કુલ :** | **૨૫૦૭૧** | **૧૨૩૩૯૩** | **૧૪૮૪૭૧** |

(૩) તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | | |
|---|---|---|---|
| **તાલુકો** | **૨૦૦૮-૦૯** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** |
| આણંદ | ૩૬.૦૮ | ૫૯.૪૮ | ૫૯.૯૭ |
| ઉમરેઠ | ૧૦.૩૨ | ૮૬.૨૪ | ૬૭.૦૯ |
| બોરસદ | ૨૩.૪૭ | ૮૭.૮૭ | ૪૬.૧૦ |
| આંક્લાવ | ૧૦.૩૬ | ૩૨.૭૫ | ૨૧.૬૪ |
| પેટલાદ | ૮.૦૯ | ૩૮.૮૯ | ૫૩.૨૯ |
| સોજિત્રા | ૨૪.૨૯ | ૭૯.૮૪ | ૬૨.૩૬ |
| ખંભાત | ૨૮.૪૯ | ૧૩૦.૩૮ | ૭૯.૯૩ |
| તારાપુર | ૮.૮૮ | ૩૨.૫૫ | ૬૪.૭૫ |

(૪) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના, રોજગારીની માંગણી આધારીત હોઇ માંગણી મુજબ રોજગારી પુરી પાડવામાં આવે છે જેથી ઓછુ ખર્ચ થવાનો પ્રશ્ન રહેતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામો

૧૮૦૨૮ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત ૧૩૨૬ કામો ચાલુ કરવામાં આવ્યા.

(૨) તે પેકી ૧૧૪૧ કામો પૂર્ણ કરવામાં આવ્યા.

અને

| | |
|---|---|
| (૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત યોજના હોઇ કામની માંગણી થયેથી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

**પંચમહાલ જિલ્લામાં પામોલીન તેલ આપવા બાબત**

૧૮૦૪૩ **: શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ-૨૦૧૦-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગરીબ કુટુંબો માટે તહેવારોમાં સસ્તા દરે કેટલું પામોલીન તેલનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) ૭,૧૭,૩૯૬ લીટર પામોલીન તેલનું વિતરણ કરવામાં આવ્યું. |
| (૨) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) ૩૨.૦૦ રૂપિયા પ્રતિ લીટર. |
| (૩) જિલ્લાના તમામ ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) પામોલીન તેલના વિતરણ પ્રમાણ અને ભાવ અંગે અખબારી યાદી દ્વારા તેમજ જિલ્લાના તમામ મામલતદાર કચેરીના નોટીસ બૉર્ડ ઉપર બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે. |

**બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોનું ખાસ કિસ્સામાં વિભાજન કરવા બાબત**

૧૭૪૧૨ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોનું ખાસ કિસ્સામાં વિભાજન કરવાની કુલ કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે, અને | (૧) એક દરખાસ્ત મળેલ છે. |
| (૨) હાલમાં આ દરખાસ્તો ક્યા તબક્કે છે ? | (૨) બનાસકાંઠા જિલ્લાના મોજે જડીયા, તાલુકો ધાનેરા ખાતે સસ્તા અનાજની દુકાન આવેલ છે તેની સાથે રામપુરા છોટા ગામ જોડાયેલ છે આ બન્ને ગામોની કાર્ડ અને જનસંખ્યા જોતાં નવીન દુકાન મંજુર કરવા પાત્ર બને છે, પરંતુ નવી દુકાન મંજૂર કરતાં ૪૦ ટકા બીપીએલ કાર્ડનું ધોરણ અવરોધરૂપ બને છે આથી આવા કેસમાં નીતિ બનાવવાની બાબત સરકારશ્રીમાં વિચારાધીન છે. |

**સાબરકાંઠા જિલ્લામાં વન મહોત્સવ દરમિયાન વૃક્ષોનું વાવેતર**

૧૭૮૩૩ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલા વૃક્ષો અને રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ છે, અને | (૧) સાબરકાંઠા જિલ્લામાં ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં વન મહોત્સવ દરમ્યાન લોકો, સરકારી ખાતાઓ, સરકારી અને બીન સરકારી સંસ્થાઓ વગેરેને વાવેતર કરવા માટે ૬૬.૩૦ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) તેની પાછળ રૂ.૧૨૭.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. |

### પાલેજ-ભરૂચ અને પાલેજ-સરભાણ માર્ગ ઉપર વૃક્ષ કાપવાની પરવાનગી

૧૭૩૬૩ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પાલેજ-ભરૂચ અને પાલેજ-સરભાણ માર્ગમાં નડતરરૂપ વૃક્ષ કાપવાની માંગણી વન વિભાગ પાસે કેટલા સમયથી પડતર છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પાલેજ-ભરૂચ રોડને વાઈડનીંગ અને સ્ટ્રેન્થનીંગની કામગીરી માટે ભારત સરકારશ્રી તરફથી વન સંરક્ષણ ધારા અનવ્યેની આખરી મંજૂરી તા.૨૦-૭-૨૦૧૦ના પત્રથી મળેલ છે.<br>પાલેજ-સરભાણ માર્ગના નડતરરૂપ વૃક્ષો કાપવા અંગેની કોઈ દરખાસ્ત ભરૂચ વિભાગીય કચેરીમાં મળેલ નથી. |
| (૨) માર્ગ અને મકાન વિભાગ ધ્વારા આ અંગેના જરૂરી નાણાં ચૂકવાયા છતાં આ વૃક્ષોને કાપવાની મંજૂરી આપવામાં વિલંબ થવાના કારણો શાં છે, અને | (૨) ભારત સરકારશ્રી તરફથી તા૨૦-૭-૨૦૧૦ના પત્રથી આખરી મંજૂરી મળ્યા બાદ રાજ્ય સરકારશ્રી તરફથી તા. ૪-૮-૨૦૧૦ના પત્રથી જરૂરી યાદી બહાર પાડેલ છે, અને ત્યારબાદ નિયમાનુસારની કાર્યવાહી કરી તા.૧૨-૧-૧૧ના રોજ હરાજી કરવામાં આવેલ છે જેના ઈજારદારોએ બાકી રહેતી ૩/૪ રકમ ભરપાઈ કરવાની રહે છે. જે રકમ ભરપાઈ થયેથી ઝાડો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૩) આ વૃક્ષો કાપવા અંગેના હુકમો સરકાર ક્યારે કરવા માંગે છે ? | (૩) સંબંધિત ઈજારદાર દ્વારા હરાજીની બાકી ૩/૪ની રકમ ભરપાઈ થયેથી નાયબ વન સંરક્ષણશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, ભરૂચ દ્વારા નડતરરૂપ ઝાડો કાપવા ઈજારદારને પરવાનગી આપવામાં આવશે.<br>પાલેજ-સરભાણ માર્ગ અંગેની દરખાસ્ત રજૂ થયેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

### કચ્છ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીનું મંજૂર મહેકમ

**૧૮૦૨૩ : શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીનું મહેકમ કેટલું મંજૂર થયેલ છે, | (૧) ૫૩૯. |
| (૨) તેમાં કેટલી જગ્યાઓ ભરેલ છે, | (૨) ૩૭૫. |
| (૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) ૧૬૪. |
| (૪) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) સત્વરે. |

--------

### અમરેલી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૧૮૦૧૩ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૯-૧૦માં ૪ (ચાર).<br>વર્ષ ૨૦૧૦-૧૧માં ૦ (શૂન્ય). |
| (૨) તે પેકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી, | (૨) ૪(ચાર). |
| (૩) કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવાની બાકી છે, અને | (૩) ૦ (શૂન્ય). |

ચૂકવવાની બાકી છે, અને

(૪) તે રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પંચમહાલ જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૬૫૮ : **શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર (સંતરામપુર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ગોચર દબાણ સેલ કાર્યરત છે, અને

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તારીખ ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ આ સેલ દ્વારા કેટલા ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં જિલ્લાકક્ષાએ એક દબાણ સેલ કાર્યરત છે.

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ એક વર્ષમાં ૩૬ દબાણો દૂર કરી

| હેકટર | આરે | પ્રતિઆરે |
|---|---|---|
| ૭૮ | ૮૭ | ૦૯ |

જમીન છૂટી કરેલ છે.

--------

## કચ્છ જિલ્લામાં ઈન્દીરા આવાસ મંજૂર કરવા બાબત

૧૮૦૨૧ : **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ-૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, અને

(૩) કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૮૮ આવાસ.

(૨) કોઈ આવાસ પૂર્ણ થયેલ નથી. પરંતુ પ્રગતિમાં છે.

(૩) ૧૮૮ આવાસ.

(૪) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

--------

## નવસારી જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન વૃક્ષોનું વાવેતર

૧૭૮૨૫ : **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં યોજાયેલ વન મહોત્સવ દરમ્યાન કેટલા વૃક્ષોનું અને રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં યોજાયેલ વન મહોત્સવમાં લોકો, સરકારી ખાતાઓ, સરકારી અને બીન સરકારી સંસ્થાઓ વગેરેને વાવેતર કરવા માટે ૮.૩૦ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે. અને વન મહોત્સવની ઉજવણી કાર્યક્રમના ભાગ રૂપે ૨૨૪૫ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) તેની પાછળ રૂા. ૨૭.૫૩ લાખનો ખર્ચ થયેલ છે.

--------

## રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં કામો

૧૮૦૨૯ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંર્તગત ૧૪૩૬ કામો ચાલુ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ૧૦૮૨ કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માગંણી આધારીત યોજના હોઈ કામની માંગણી થયેથી કામગીરી કરવામાં આવશે.

--------

## જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં ઝેરી મધમાખી કરડવાથી થયેલ મૃત્યુ

૧૭૭૪૦ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝેરી મધમાખી કરડવાથી તાલુકાવાર કેટલા લોકોના મૃત્યુ થયેલ છે,

(૧) જુનાગઢ અને અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝેરી મધમાખી કરડવાથી નીચે મુજબના ત્રણ વ્યક્તિઓના મૃત્યુ થયેલ છે.

| વર્ષ | જિલ્લો | તાલુકો | મૃત્યુ થયેલ સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | અમરેલી | સાવરકુંડલા | ૧ |
| ૨૦૧૦-૧૧ | જૂનાગઢ | ઉના | ૧ |
| | | સુત્રપાડા | ૧ |
| | કુલ | | ૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઝેરી મધમાખી કરડવાથી મૃત્યુ પામેલ લોકોને સરકાર તરફથી કોઈ વળતર ચુકવાયેલ છે કે કેમ,

(૨) ના, જી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ ઝેરી મધમાખીનું કાયમી નિયંત્રણ કરવા સરકાર ધ્વારા કોઈ ખાસ ટીમો બનાવી સાધનો અને નાણાં ફાળવવા માટે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૪) ઝેરી મધમાખીના નિયંત્રણ માટે અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં ખેતીવાડી, રેવન્યુ, પોલીસ, આરોગ્ય અને વન વિભાગના અધિકારી/કર્મચારીઓની ટીમ બનાવી જરૂરિયાત પ્રમાણે મદદરૂપ થવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે. પરંતુ આ કામગીરી માટે અલગ થી નાણા અને સાધનો ફાળવવામાં આવેલ નથી.

(૫) જો હા, તો તેની વિગતો શી છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં રોજગારલક્ષી તાલીમ

૧૭૩૫૬ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં આદિજાતિ પેટા યોજનામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તાલુકાવાર કેટલાને વર્ષવાર રોજગારલક્ષી તાલીમ આપવામાં આવી,

(૧)

| નાણાંકિય વર્ષ | તાલુકાવાર તાલીમ આપ્યાની વિગતો | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | ધરમપુર | કપરાડા | પારડી | ઉમરગામ | વલસાડ | |
| ૨૦૦૮-૦૯ | ૧૯૪ | ૧૫૧ | ૯૦ | ૩૬ | ૮૦ | ૫૫૧ |
| ૨૦૦૯-૧૦ | ૨૬૯ | ૧૩૦ | ૫૪ | ૫૨ | ૬૦ | ૫૬૫ |

(૨) ઉક્ત તાલીમ આપવા માટે કઈ કઈ સંસ્થાઓને કેટ કેટલી રકમ ફાળવી, અને

(૨)

| સંસ્થાનું નામ | ફાળવેલ રકમ |
|---|---|
| ઈન્ડોજર્મન ટુલ રુમ, અમદાવાદ | ૪૫.૬૮ |
| સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાસ્ટીક એન્જી. અમદાવાદ | ૫૬.૧૮ |
| મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ | ૧૦.૬૫ |
| ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ, દાહોદ | ૨૧.૦૦ |
| ઓલ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ ઓફ મોટર ડ્રાઈવર તાલીમ | ૨.૧૮ |
| રીગલ મોટર ડ્રાઈવીંગ, વલસાડ | ૧૧.૪૮ |
| આઈ.એમ.એસ. મુંબઈ | ૧૯.૭૧ |

| | |
|---|---|
| આઈ.એમ.એસ. મુંબઈ | ૧૯.૭૧ |
| કુલ | ૧૬૬.૮૮ |

(૩) તે અન્વયે વર્ષવાર કેટ કેટલો ખર્ચ થયો ?

(૩) ૨૦૦૮-૦૯માં રૂા. ૮૭.૮૧ લાખ અને ૨૦૦૯-૧૦માં રૂા. ૭૯.૧૭ લાખનો ખર્ચ થયેલ છે.

--------

## અમદાવાદ જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૬૪૧ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલાં ગોચર દબાણ સેલ કાર્યરત છે, અને | (૧) ૧(એક). |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ સેલ દ્વારા કેટલાં ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ? | (૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ૮૨૧ ગોચરના દબાણો જેનુ ક્ષેત્રફળ ૨૪૬-૬૫-૮૭ હે.આરે. જમીન છૂટી કરવામાં આવી. |

## મહુવા ગારિયાધાર અને શિહોર તાલુકામાં દીનદયાળ ગ્રાહક ભંડાર યોજનામાં દુકાનો શરૂ કરવા બાબત

૧૭૭૧૩ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા, ગારિયાધાર અને શિહોર તાલુકામાં દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના હેઠળ નવી દુકાનો શરૂ કરવાની બાકી છે, | (૧) હા, જી.<br>મહુવા તાલુકામાં ત્રણ નવી દુકાનો શરૂ કરવાની બાકી હતી તે તા. ૨૧-૨-૨૦૧૧ના હુકમથી મોજે નાની જાગધાર, મોજે માળીયા, મોજે વાઘવદરડા તા. મહુવાની એમ ૩ દુકાન સ્થાનિક કિરાણા સ્ટોર્સને ચલાવવા મંજુરી આપેલ છે જ્યારે ગારીયાધાર અને શિહોર તાલુકામાં નવી દુકાન શરૂ કરવાની બાકી નથી. |
| (૨) તે શરૂ કરવા માટેની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગોચર દબાણ સેલ

૧૮૬૨૫ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા ગોચર દબાણ સેલ કાર્યરત છે, અને | (૧) જિલ્લા કક્ષાએ ૧ (એક) દબાણ સેલ કાર્યરત છે. |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ સેલ દ્વારા કેટલા ગોચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી ? | (૨) દબાણ સેલ દ્વારા એક પણ નહિ.<br>ગ્રામ પંચાયત દ્વારા કુલ ૧૦૧ દબાણો દૂર કરી કુલ હે. ૮૩ આરે. ૯૯ પ્ર.હે.આરે. ૭૯ જમીન છૂટી કરી છે. |

## ખાનપુર તાલુકાની ભાદરોડ ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ સામે ગેરરીતિની ફરિયાદ

૧૮૩૯૮ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં ભાદરોડ ગૃપ ગ્રામ પંચાયતમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરપંચે આચરેલી ગેરરીતિઓ બાબતે સરકારશ્રી ને કોઈ ફરિયાદ મળી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કઈ ગેરરીતિઓ બાબતે ફરિયાદ મળી છે, | (૨) ગેરવર્તણૂક, સત્તાનો દુરપયોગ અને પંચાયત અધિનિયમ મુજબની પોતાની ફરજો અને કાર્યો બજાવતી વખતે વારંવારની કસુર કરવા બાબત તથા નાણાંકીય |

(૩) સરકારે એ ગ્રામ પંચાયતના સરપંચ સામે શાં પગલાં લીધા ?

અનિયમિતતા બાબતની ફરિયાદ મળેલ છે.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચમહાલ-ગોધરાએ ભાદરોડ ગ્રામ પંચાયતના સરપંચશ્રીને હોદ્દા પરથી દૂર કરેલ છે.

## ભાવનગર જિલ્લામાં ઈન્દીરા આવાસ મંજૂર કરવા બાબત

૧૮૦૩૨ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ઈન્દીરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૪૨૧ આવાસો |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, | (૨) ૩૭ આવાસો |
| (૩) કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને | (૩) ૩૮૪ આવાસો |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) ભારત સરકારની ઇન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે. |

--------

## સખીમંડળ યોજનાને મિશન મંગલમ યોજનામાં રૂપાંતર કરવા બાબત

૧૭૫૭૯ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સખીમંડળ યોજનાને હવે મિશન મંગલમ માં રૂપાંતરિત કરીને વ્યાપક ફલક ઉપર લઈ જવામાં આવી રહયું છે તે હકીક્ત સાચી છે, | (૧) સખી મંડળ યોજનાને મિશન મંગલમમાં રૂપાંતરીત કરવામાં આવેલ નથી. પરંતુ મિશન મંગલમ યોજના મારફતે સખી મંડળ યોજના હેઠળ બનાવેલ સ્વસહાય જુથોને સ્થાયી આજિવિકા તરફ લઈ જવા પ્રયાસ કરવામાં આવશે. |
| (૨) જો હા, તો આ મીશનમાં હાલ સખીમંડળના કન્સલટન્ટ તરીકે કાર્યરત મહીલા-પુરુષ કાર્યકરોના સ્થાને રાજ્ય બહારના યુવાનોની નિમણૂક થાય છે તેવી કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ છેલ્લા ચાર મહીનામાં સરકારને મળી, અને | (૨) એક ફરિયાદ મળેલ છે. |
| (૩) રાજ્ય બહારના યુવાનોને આવી નિમણૂકો આપવાનાં કારણો શાં છે ? | (૩) મિશન મંગલમ (યોજના)નો અમલ કરવા માટે સ્ટાફની ભરતી પ્રક્રિયા ફક્ત લાયકાત, યોગ્યતા અને અનુભવના આધારે કરવામાં આવશે. |

--------

## આણંદ જિલ્લામાં ગ્રામ વિકાસની યોજનાઓમાં ગેરરીતિની ફરિયાદો

૧૭૪૩૮ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામ વિકાસની યોજનાઓમાં ગેરરીતિઓ થવા બાબત કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) ૭ (સાત) ફરીયાદો મળેલ. |
| (૨) આ ફરિયાદો અંગે કોઈ તપાસ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા. |
| (૩) તપાસમાં ગેરરીતિઓ સબબ ક્યા ક્યા જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | **(૧) હળદરી ગામના પ્રકરણે.**<br>(૧) ભાવીન કે. સિંધા સરપંચ, હળદરી ગ્રા.પં. વિરૂધ્ધ પંચાયત અધિનિયમ ૧૯૯૩ |

અન્વયે કાર્યવાહી હાથ ધરી છે.

(૨) પી.સી.હરિજન તલાટી ક્મ મંત્રી હળદરી વિરૂધ્ધ શિસ્ત અને વિવાદના નિયમો અન્વયે કાર્યવાહી હાથ ધરેલ છે.

(૩) શ્રી જે.જી.સિંધા કરાર આધારિત આસી. પ્રોગ્રામરને છુટા કરેલ છે.

(૪) શ્રી જે.જી.પટેલ કરાર આધારિત ટેકનિકલ આસીટન્ટને છુટા કરેલ છે.

**(૨) વિરસદ ગામના લાભાર્થીઓની ફરીયાદ**

(૧) શ્રી કે.જી.પટેલ ગ્રામ સેવકશ્રીની અન્યત્ર બદલી કરેલ છે.

**(૩) ગ્રામ પંચાયત ઝારોલા પ્રકરણ.**

(૧) શ્રીમતી સેજલબેન જનકભાઈ પટેલ સરપંચશ્રી ઝારોલા વિરુધ્ધ પંચાયત અધિનિયમ ૧૯૯૩ અન્વયે કાર્યવાહી હાથ ધરેલ છે.

--------

## તાપી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં રોજગાર લક્ષી તાલીમ આપવા બાબત

૧૭૪૭૭ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં આદિજાતી પેટા યોજનામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં તાલુકાવાર કેટલા લોકોને વર્ષવાર રોજગારલક્ષી તાલીમ આપવામાં આવી,

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજનામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં તાલુકાવાર આપવામાં આવેલ રોજગારલક્ષી તાલીમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સોનગઢ | વ્યારા | ઉચ્છલ | વાલોડ | નિઝર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૯૫ | ૪૧૩ | ૧૪૦ | ૧૫૬ | ૧૧૧ | ૧૦૧૫ |
| ૨૦૦૯-૧૦ | ૪૨ | ૬૨ | ૪૧ | ૧૨ | ૨૩ | ૧૮૦ |
| ૨૦૧૦-૧૧ (તા.૩૧.૧૨.૧૦ સુધી) | ૨૬ | ૨૮ | ૨ | ૫ | ૭ | ૬૮ |
| કુલ : | ૨૬૩ | ૫૦૩ | ૧૮૩ | ૧૭૩ | ૧૪૧ | ૧૨૬૩ |

(૨) ઉક્ત તાલીમ આપવા માટે કઈ કઈ સંસ્થાઓને તે અન્વયે કેટ કેટલી રકમ આપવામાં આવી, અને

(૨) ઉક્ત તાલીમ આપવા માટે નીચે મુજબની સંસ્થાઓને તેની સામે દર્શાવ્યા મુજબની રકમ આપવામાં આવેલ છે.

| સંસ્થાનું નામ | કુલ |
|---|---|
| ગુજરાત લોક સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, નંદીસર | ૪૨.૦૧ |
| ઈન્ડો જર્મન ટુલ રૂમ, અમદાવાદ | ૪૨.૦૬ |
| નિરામય માનવ ઉત્કર્ષ ટ્રસ્ટ, બારડોલી | ૫.૬૦ |
| શ્રીજી મોટર ડ્રાઈવીંગ સ્કૂલ, માંડવી | ૭.૦૫ |
| સરજાંમલી મહિલા ઓદ્યોગિક સ.મં.લિ., | ૦.૯૬ |
| આરણયક યુવા વિકાસ મંડળ, ડોલારા | ૦.૮૦ |
| સોનગઢ મહિલા ઓદ્યોગિક સ.મં.લી., | ૦.૯૬ |
| સ્વામી વિવેકાનંદ સેવા ટ્રસ્ટ, વ્યારા | ૪.૨૫ |
| ભીંડી રેશા મહિલા ઓદ્યોગિક સ.મં.લી., અંતાપુર | ૦.૭૦ |
| મોટીચેર મહિલા ઓદ્યોગિક સ.મં.લી., | ૩.૦૪ |
| જનકલ્યાણ સેવા મંડળ, વ્યારા | ૧.૬૦ |
| માનવ એક્તા ચેરીટેબલ ટ્રસ્ટ, વ્યારા | ૦.૮૦ |
| સંસ્કાર ચેરીટેબલ ટ્રસ્ટ, વ્યારા | ૦.૯૬ |
| જનકલ્યાણ સંસ્થાન, સુરત | ૦.૮૦ |
| શ્રીજી કૃપા સેવા ટ્રસ્ટ, વ્યારા | ૨.૦૦ |

| | |
|---|---|
| શ્રીજી કૃપા સેવા ટ્રસ્ટ, વ્યારા | ૨.૦૦ |
| નવજાગૃત્તિ સેવા ટ્રસ્ટ, વ્યારા | ૦.૯૬ |
| મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટ, સોનગઢ | ૦.૮૦ |
| જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ, તાડકૂવા | ૦.૮૦ |
| સુરૂચિ શિક્ષણ વસાહત ટ્રસ્ટ, બારડોલી | ૧.૧૪ |
| નિફ્ટ, ગાંધીનગર | ૧૩.૦૩ |
| આત્મા પ્રોજેક્ટ, નવસારી | ૦.૫૪ |
| ટીમલીઝ પ્રા.લી. અમદાવાદ | ૫.૩૦ |

(૩) તે અન્વયે વર્ષવાર ખરેખર કેટલો ખર્ચ થયો ?

(૩) તે અન્વયે વર્ષવાર ખરેખર નીચે મુજબ ખર્ચ થયો.

| વર્ષ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (તા.૩૧.૧૨.૧૦ સુધી) |
|---|---|---|---|
| ખર્ચ (રૂ.લાખમાં) | ૬૯.૯૭ | ૫૭.૨૧ | ૮.૯૮ |

--------

## સાબરકાંઠા જિલ્લામાં ગોચરના દબાણો

૧૮૪૨૬ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ તાલુકાવાર ગોચર દબાણોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | દબાણની | ક્ષેત્રફળ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | પેઢમાલા | ૦૧ | ૧૦.૦૦.૦૦ |
| | | ધાણધા | ૦૧ | ૦૦.૪૦.૪૭ |
| | | વાવડી | ૦૧ | ૦૦.૮૦.૦૦ |
| | | ક્નાઈ | ૦૧ | ૦૦.૨૦.૦૦ |
| | | વાસણા | ૦૧ | ૦૪.૯૨.૩૪ |
| | | વાવડી(લા) | ૦૧ | ૦૦.૬૦.૦૦ |
| | | કરણપૂર | ૦૧ | ૦૦.૮૫.૨૮ |
| ૨ | ઈડર | - | - | - |
| ૩ | વડાલી | જુનાચામુ | ૦૯ | ૦૨.૦૦.૦૦ |
| | | નાદરી | ૦૧ | ૦૦.૧૮.૦૦ |
| ૪ | ખેડબ્રહ્મા | નીચીધનાલ | ૦૧ | ૦૦.૧૨.૦૦ |
| | | ખરોજ | ૦૧ | ૦૦.૦૦.૦૯ |
| | | સેબલીયા (મ) | ૦૧ | ૦૦.૦૯.૧૦ |
| ૫ | વિજયનગર | - | - | - |
| ૬ | ભીલોડા | ભાણમેર | ૦૧ | ૦૦.૧૨.૦૯ |
| | | અંબાસર | ૦૧ | ૦૦.૦૯.૧૦ |
| ૭ | મોડાસા | ભાટકોટા | ૧૬ | ૦૮.૦૦.૧૦ |
| | | ભીલકુવા | ૦૧ | ૦૦.૨૨.૦૦ |
| | | બોરડી | ૦૯ | ૪૫.૭૬.૫૭ |
| ૮ | માલપુર | ગોવિંદપુર | ૦૨ | ૦૦.૨૦.૦૦ |
| | | જૈસવાડી | ૦૨ | ૦૦.૧૯.૦૦ |
| | | જાલમપુર | ૦૨ | ૦૦.૨૪.૦૦ |
| | | પીપરાણા | ૦૨ | ૦૦.૩૭.૦૦ |
| ૯ | મેઘરજ | રાજપુર | ૦૨ | ૦૮.૬૨.૦૦ |
| | | કંટાળુ | ૦૧ | ૦૧.૦૭.૧૦ |
| | | બચકાદાંતી | ૦૧ | ૦૦.૫૦.૬૭ |
| ૧૦ | બાયડ | વજેપુરકંપા | ૦૧ | ૦૦.૦૦.૦૫ |
| | | ગોડનારા | ૦૧ | ૦૦.૦૦.૨૦ |
| | | ચાંદરેજ | ૦૧ | ૦૦.૦૦.૧૮ |
| | | ઓઢા | ૦૧ | ૦૦.૦૦.૨૦ |
| ૧૧ | ધનસુરા | અંબાસર | ૦૧ | ૦૦.૧૧.૦૦ |
| ૧૨ | પ્રાંતિજ | સાંપડ | ૦૧ | ૦૦.૦૦.૧૦ |
| | | મોયદ | ૦૧ | ૦૦.૦૦.૧૨ |
| | | હડમતીયા | ૦૧ | ૦૦.૦૦.૦૮ |

| | | | | |
|---|---|---|---|---|
| | | હડમતીયા | ૦૧ | ૦૦.૦૦.૦૮ |
| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | દબાણની સંખ્યા | ક્ષેત્રફળ હે.આરે.પ્રતિઆરે. |
| ૧૩ | તલોદ | અહમદપુરા | ૦૧ | ૦૦.૧૫.૧૮ |
| | | મોહુકા | ૦૫ | ૦૦.૨૦.૦૦ |
| | | ગુંદીયા | ૦૩ | ૦૦.૧૦.૨૦ |
| | કુલ : | | ૭૭ | ૮૬.૧૪.૨૨ |

(૨) આવા ગોચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.

ગ્રામ પંચાયતો ધ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

--------

## રાષ્ટ્રીય વન પંચ દ્વારા ગુજરાત રાજ્યમાં વન નીતિ તૈયાર કરવા બાબત

૧૭૫૩૫ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તલાલા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાષ્ટ્રીય વન પંચ દ્વારા માર્ચ-૨૦૦૬માં ગુજરાત રાજ્યમાં વન નીતિ તૈયાર કરવા જણાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) ના, જી.

રાજ્યને નહિં પરંતુ કેન્દ્ર સરકારને પંચે ભલામણ કરેલ હતી. કેન્દ્ર સરકાર તરફથી રાષ્ટ્રીય વન પંચના અહેવાલને મંજુર કરવા અને તેમની ભલામણ ઉપર આનુષાંગિક પગલાઓ ભરવા માટે કોઈ સૂચન થયેલ નથી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આવી વન નીતિ ક્યારે તૈયાર કરવામાં આવી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તેની વિગતો શી છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## દાહોદ જિલ્લામાં જંગલની જમીનો માટેની અરજીઓ

૧૮૪૪૭ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :** **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જંગલની જમીનો માંગતી નિકાલ વિનાની કેટલી અરજીઓ પડતર છે, અને

(૧) ૧૭૬૦૪ અરજીઓ પડતર છે.

(૨) આવેલ અરજીઓમાંથી તાલુકાવાર કુલ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

(૨) ૨૦૯૫૯ અરજીમાંથી તાલુકાવાર નિકાલ કરેલ અરજીની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકો | નિકાલ કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૮૫ |
| ૨ | ગરબાડા | ૨૫૦ |
| ૩ | ઝાલોદ | ૯૭ |
| ૪ | ફતેપુરા | ૯૮ |
| ૫ | દે. બારિયા | ૧૦૬૮ |
| ૬ | લીમખેડા | ૧૦૩૩ |
| ૭ | ધાનપુર | ૭૨૪ |
| | **કુલ** | **૩૩૫૫** |

--------

## દાહોદ જિલ્લામાં આદિવાસીઓને ઘરનું ઘર આપવા બાબત

૧૭૪૮૦ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સને ૨૦૦૮-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ""ઘરનું ઘર"" કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા આદિવાસી કુટુંબોને ઘર આપવામાં આવ્યા, અને

(૨) આ ઘરનું ઘર કાર્યક્રમ હેઠળ એક ઘરની અંદાજીત કિંમત કેટલી થાય છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષવાર | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
| ૧ | દાહોદ | ૨૩૨ | ૩૩૭ | ૦ | ૫૬૯ |
| ૨ | ગરબાડા | ૧૧૩ | ૧૭૨ | ૪૨ | ૨૮૫ |
| ૩ | ઝાલોદ | ૨૬૭ | ૪૦૩ | ૦ | ૬૭૦ |
| ૪ | ફતેપુરા | ૧૪૪ | ૨૧૯ | ૦ | ૩૬૩ |
| ૫ | લીમખેડા | ૧૩૯ | ૨૦૨ | ૦ | ૩૪૧ |
| ૬ | ધાનપુર | ૮૨ | ૧૨૧ | ૦ | ૨૦૩ |
| ૭ | દે. બારિયા | ૮૪ | ૮૬ | ૨૦ | ૧૫૦ |

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ અને
૨૦૦૯-૧૦માં રૂા.૫૦૫૦૦/-
વર્ષ ૨૦૧૦-૧૧માં રૂા.૫૪૫૦૦/-

--------

## આણંદ જિલ્લામાં વૃક્ષોની હરાજી કરવા બાબત

૧૭૫૯૯ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૫-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર જંગલ ખાતા ધ્વારા કેટલા ગામોમાં વૃક્ષોની હરાજી કરવામાં આવી,

એચબી-૭૦૦-૨૨ । હરાજીમાંથી તાલુકાવાર ગ્રામ પંચાયતને આપવાના નાણાં કેટલી ગ્રામ પંચાયતોને ચુકવવામાં આવ્યા,

(૩) હજુ કેટલી ગ્રામ પંચાયતોને તાલુકાવાર નાણા ચૂકવવાનાં બાકી છે, અને

(૪) સરકાર ક્યાં સુધીમાં ગ્રામ પંચાયતોને નાણા ચૂકવવા માગે છે ?

**જવાબ**

(૧) તા. ૨૫-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ગામોમાં વૃક્ષોની હરાજી કરવામાં આવી

| તાલુકો | ગામની સંખ્યા |
|---|---|
| આણંદ | ૨ |
| ઉમરેઠ | ૪ |
| પેટલાદ | ૨ |
| આંકલાવ | ૩ |
| કુલ | ૧૧ |

(૨) થયેલ હરાજીમાંથી આંકલાવ તાલુકાની ૩(ત્રણ), ઉમરેઠ તાલુકાની ૪(ચાર) અને પેટલાદ તાલુકાની ૨(બે) મળી કુલ ૯(નવ) ગ્રામપંચાયતોને નાણા ચુકવવામાં આવ્યા.

(૩) હજુ, આણંદ તાલુકાની બાકરોલ અને બેડવા ગ્રામ પંચાયતોને નાણાં ચુકવવાના બાકી છે.

(૪) તાલુકા કક્ષાએથી ગ્રામવનના ખર્ચની વિગત મેળવવાની કાર્યવાહી ચાલુ છે જે મળ્યેથી તુરત જ ચુકવણું કરવામાં આવશે.

--------

## બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ થયેલ એમ.ઓ.યુ.

**૧૭૭૭૦ : શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ટોટલ સેનીટેશન કાર્યક્રમ અંતર્ગત કોઈ સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કર્યા છે કે કેમ,

**જવાબ**

(૧) હા.

(૨) જો હા, તો કેટલી સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કર્યા છે, અને

(૩) તેની વિગતો શી છે ?

(૨) એક સંસ્થા સાથે એમ.ઓ.યુ. કરેલ છે.

(૩) બનાસકાંઠા જિલ્લા દુધ ઉત્પાદક સંઘ લી.-બનાસડેરી-પાલનપુર ધ્વારા ૫૦૦ ગામોમાંઃ

(અ) વ્યક્તિગત શોચાલય ન ધરાવતા દૂધ ડેરીના સભાસદોના ઘરે શોચાલય બનાવવામાં આર્થિક સહયોગરૂપે રૂા.૭૦૦/- આપનાર છે.

(બ) કાર્યક્રમ અંગે જાગૃતિ લાવવાના પ્રયાસ રહેશે.

(ક) યોજના અંતર્ગત ટેક્નીકલ સપોર્ટ અને મોનીટરીંગ કાર્ય કરવામાં આવશે.

## સાબરકાંઠા જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ

૧૮૦૪૦ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ટોટલ સેનીટેશન કાર્યક્રમ અંતર્ગત કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૦૫૩૦ શોચાલયો |
| (૨) તે પૈકી કેટલા શોચાલયો બી.પી.એલ. અને કેટલા એ.પી.એલ. માટે મંજૂર કર્યા, | (૨) બી.પીએલ. - ૭૭૦૦<br>એ.પી.એલ - ૧૨૬૯૭<br>**કુલઃ ૨૦૩૯૭** |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા શોચાલયો બનાવાવમાં આવ્યા, અને | (૩) બી.પીએલ. - ૭૭૦૦<br>એ.પી.એલ - ૧૨૬૯૭<br>શાળા શોચાલય- ૯૦<br>આંગણવાડી શોચાલય- ૪૩<br>**કુલઃ ૨૦૫૩૦** |
| (૪) બાકી શોચાલયો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## કોડીનાર તાલુકામાં ઈન્દીરા આવાસના લાભાર્થીઓને ધોરણો બહાર આપેલ સહાય

૧૭૭૪૧ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં ઈન્દીરા આવાસના ૧૭૭ લાભાર્થીઓ તેમજ સુધારણા આવાસમાં ૮૭ લાભાર્થીઓને નિયમ બહાર સહાય આપેલ હોવાનું પ્રથમ દ્રષ્ટિએ ફલિત થયેલ છે તે હકીકત ખરી છે, | (૧) હા. |
| (૨) નિયમ બહાર સહાય આપવાના કિસ્સામાં દોષિત જણાયેલ હતા તેવા તત્કાલિન તાલુકા વિકાસ અધિકારી, ગ્રામ સેવક, અધિક મદદનીશ ઈજનેર અને તલાટી કમ મંત્રીને નોટીસો આપવામાં આવેલ છે તે હકીકત ખરી છે, અને | (૨) હા. |
| (૩) જો હા, હોય તો, જવાબદાર અધિકારીઓ સામે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) ખાતાકીય રાહે પગલાં લેવાની કાર્યવાહી ચાલુ છે. |

## વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં આદિવાસીઓને આવક થવા બાબત

૧૭૩૫૭ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં વન બંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસીઓના વિકાસ માટે ૧૦ | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન બંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૧૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ હાથ |

મુદ્દાના કાર્યક્રમ હેઠળ કેટલા આદિવાસીઓને વલસાડ જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ટકા આવક પ્રાપ્ત ક્રેલ છે ?

ધરાયેલ કામગીરીથી વલસાડ જિલ્લામાં તાલુકાવાર નીચે દર્શાવ્યા પ્રમાણે આદિવાસીઓની આવકમાં વધારો થયેલ છે.

| તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
| | | | | |
| ધરમપુર | ૨૫૫૭ | ૮૭૧ | ૪૦૦૨ | ૭૪૩૦ |
| કપરાડા | ૨૮૬૦ | ૧૦૨૭ | ૨૩૭૩ | ૬૨૬૦ |
| પારડી | ૧૩૫૭ | ૭૦૫ | ૫૧૨ | ૨૫૭૪ |
| ઉમરગામ | ૫૧૯ | ૭૫૧ | ૧૧૭ | ૧૩૮૭ |
| વલસાડ | ૮૮૦ | ૪૨૯ | ૪૪૩ | ૧૭૫૨ |
| | ૮૧૭૩ | ૩૭૮૩ | ૭૪૪૭ | ૧૯૪૦૩ |

--------

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી નારાયણભાઈ લ. પટેલ**: (બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બીન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો તેરમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી નારાયણભાઈ લ. પટેલ**: (બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી** :રાજયપાલશ્રીના સંબોધન માટે માનનીય સભ્યશ્રી રજનીકાંત પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેએ જેને અનુમોદન આપ્યું છે તે નીચે મુજબ છે.

" રાજયપાલશ્રીને નીચે મુજબ સંદેશો પાઠવવો."

" અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**રાજયપાલના પ્રવચન પર સુધારા :-**

૧. **શ્રી ધીરસિંહ ક. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૧ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

સન ૨૦૧૦ના કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલ આર્થિક નુકશાનનું વળતર આપવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧ રજૂ કરવામાં આવ્યો.**

૨. **શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૨ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

નિરાધાર વૃદ્ધ વ્યકિતઓ- વિકલાંગો અને વૃદ્ધાશ્રમોને અપાતી સહાયની રકમમાં ઘણા વર્ષોથી કોઈ વધારો કરવામાં આવતો ન હોવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવ્યો.**

૩. **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૩ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

સૌરાષ્ટ્ર અને કચ્છમાં પીવાના પાણી માટે દૈનિક ૨૦૦ કરોડ લીટરથી વધુ પાણી પહોંચાડવામાં આવે છે, પરંતુ હજુ પણ એવા કેટલાય શહેરો અને ગામડાંઓ છે કે જયાં બે દિવસે પાણીનું વિતરણ થાય

છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૩ ૨જૂ કરવામાં આવ્યો.**

૪. **શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૪ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

પાંચમી વાયબ્રન્ટ ગ્લોબલ સમિટમાં જે એમ.ઓ. યુ. થયા છે, તેમાં અગાઉ યોજાયેલ ચાર સમીટમાં જે એમ.ઓ.યુ. થયેલ હતા, તે પૈકી કયા કયા ઉદ્યોગોએ ઉત્પાદન શરૂ કર્યા અને વાસ્તવિક કેટલું મૂડી રોકાણ થયું અને કેટલા બેરોજગારોને રોજગારી મળી તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૪ ૨જૂ કરવામાં આવ્યો.**

૫. **શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક: ૫ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

રાજયમાં રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ કુલ બેરોજગારોની સંખ્યા અને તે પૈકી કેટલાને રોજગારી આપવામાં આવી, તે બાબતોનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૫ ૨જૂ કરવામાં આવ્યો.**

૬. **શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૬ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

રાજયમાં કેટલી પ્રાથમિક શાળાઓના મકાનો બિસ્માર હાલતમાં છે અને કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૬ ૨જૂ કરવામાં આવ્યો.**

૭. **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૭ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

૧૦૮ની ઈમરજન્સી સેવામાં રાજય સકારે આપેલ યોગદાનની રકમનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૭ ૨જૂ કરવામાં આવ્યો.**

૮. **શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૮ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

આદિજાતી વિસ્તારોમાં ટેકનીકલ અને અન્ય કોલેજો કાર્યરત છે કે કેમ તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૮ ૨જૂ કરવામાં આવ્યો.**

૯. **શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૯ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

આદિજાતી વિસ્તારોમાં કોલેજોની સંખ્યા ખૂબ જ નહીંવત છે, જેથી કોલેજના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને અન્ય જિલ્લાઓમાં જવું પડે છે, તેથી આવા વિસ્તારોમાં કોલેજ શરૂ કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૯ ૨જૂ કરવામાં આવ્યો.**

૧૦. **શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

ખાનગી ક્ષેત્રના મહત્વના માર્ગ વિકાસના કામોમાં જોતર્યું છે, પરંતુ તેના દ્વારા આવા માર્ગો પર લેવાના થતા ટોલટેકસ બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧૦ ૨જૂ કરવામાં આવ્યો.**

૧૧. **શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૧૧ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

આદિવાસી વિસ્તારોમાં ખેડૂતોને તત્કાલ વીજ જોડાણો આપવાના આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧૧ ૨જૂ કરવામાં આવ્યો.**

૧૩. **શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

રાજયમાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણો, જે લાંબા સમયથી આપવામાં આવતા નથી અને વેઈટીંગ લીસ્ટ ખૂબ જ લાંબુ છે, તેને કેટલા સમયમાં વીજ કનેકશનો અપાશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવ્યો.**

૧૪. **શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

રાજયમાં યોજાયેલ વાયબ્રન્ટ સમીટમાં એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગોને કયા કયા પ્રકારની રાહતો આપવામાં આવી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવ્યો.**

૧૫. **શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

પાંચ વાયબ્રન્ટ સમીટમાં જે એમ.ઓ.યુ. થયેલા છે, તેવા દરેક વાયબ્રન્ટ સમીટ પરત્વે ઉચ્ચકક્ષાએ થતી સમીક્ષાનાં શું પરિણામ આવેલ છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવ્યો.**

૧૬. **શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

નર્સીંગ- ફીઝીયોથેરાપી અને ડેન્ટલ શિક્ષણ માટે નવી કોલેજો સ્થપાઈ રહી છે, પરંતુ તે ખરેખર કયારે ચાલુ થશે અને કેટલા વિદ્યાર્થીઓને એડમીશન મળશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

સુધારા ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવ્યો.

૧૭. **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક : ૧૭ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે

રાજયની તમામ પ્રાથમિક શાળાઓના ધો. ૧ થી ૭ ના બાળકોને વિના મુલ્યે અપાતા પાઠયપુસ્તકો સમયસર વિદ્યાર્થીઓને મળે તેવું આયોજન કરવાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવ્યો.**

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારાની એકત્રિત યાદી

| અ.નં. | સુધારો | રજૂ કરનાર સભ્યશ્રી |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| | **પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવા:-**<br>**"પરંતુ દિલગીર છીએ કે -** | |
| ૧. | સન ૨૦૧૦ના કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલ આર્થિક નુકશાનનું વળતર આપવા બાબતનો કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ધીરસિંહ બારડ |
| ૨. | નિરાધાર વૃધ્ધ વ્યકિતઓ-વિકલાંગો અને વૃધ્ધાશ્રમોને અપાતી સહાયની રકમમાં ઘણા વરસોથી કોઈ વધારો આવતો ન હોવા બાબતનો કોઈ ઉલ્લેખ નથી. | શ્રી શૈલેષભાઈ પરમાર |
| ૩. | સૌરાષ્ટ્ર અને કચ્છમાં પીવાના પાણી માટે દૈનિક ૨૦૦ કરોડ લીટરથી વધુ પાણી પહોચાડવામાં આવે છે, પરંતુ હજુ પણ એવા કેટલાય શહેરો અને ગામડાઓ છે કે જયાં બે દિવસે પાણીનું વિતરણ થાય છે, જેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૪. | પાંચમી વાયબ્રન્ટ ગ્લોબલ સમીટમાં જે એમ. ઓ. યુ. થયા છે, તેમાં અગાઉ યોજાયેલ ચાર સમીટમાં જે એમ. ઓ. યુ. થયેલા હતા, તે પૈકી કયા કયા ઉદ્યોગોએ ઉત્પાદન શરૂ કર્યા અને વાસ્તવિક કેટલું મુડી રોકાણ થયુ તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી સિધ્ધાર્થ પટેલ |
| ૫. | રાજયમાં રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ કુલ બેરોજગારોની સંખ્યા અને તે પૈકી કેટલાને રોજગારી આપવામાં આવી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૬. | રાજયમાં કેટલી પ્રાથમિક શાળાઓના મકાનો બિસ્માર હાલતમાં છે અને કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૭. | ૧૦૮ની ઈમરજન્સી સેવામાં રાજય સરકારે આપેલ યોગદાનની રકમનો, કોઈ ઉલ્લેખ પ્રવચનમાં નથી. | શ્રી નટવરસિંહ ફૂ.ઠાકોર |
| ૮. | આદિજાતી વિસ્તારોમાં ટેકનીકલ અને અન્ય કોલેજો કાર્યરત છે કે કેમ તેનો કોઈ ઉલ્લેખ નથી. | શ્રી હીરાભાઈ પટેલ |

| | | |
|---|---|---|
| ૯. | આદિજાતી વિસ્તારોમાં કોલેજોની સંખ્યા ખૂબજ નહીંવત છે, જેથી કોલેજન અભ્યાસ માટે વિદ્યાર્થીઓને અન્યત્ર જિલ્લાઓમાં અભ્યાસ માટે જવું પડે છે, તેથી આવા વિસ્તારોમાં કોલેજ શરૂ કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૧૦. | ખાનગી ક્ષેત્રને મહત્વના માર્ગ વિકાસના કામોમાં જોતર્યું છે પરંતુ તેના ધ્વારા આવા માર્ગો પર લેવાના થતા ટોલટેક્સ બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી નિરંજનભાઈ પટેલ |
| ૧૧. | આદિજાતી વિસ્તારોમાં ખેડૂતોને તત્કાલ વિજ જોડાણો આપવાના આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૨.* | કૃષી મેળામાં અપાતા બિયારણની ખરીદીમાં વ્યાપક ગેરરીતીઓ થઈ હોવા છતાં તે પરત્વે કોઈ કાર્યવાહી થઈ નથી, જેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૧૩. | રાજયમાં ખેડૂતોને કૃષી વિષયક વિજ જોડાણો, જે લાંબા સમયથી આપવામાં આવતા નથી અને વેઈટીંગ લીસ્ટ ખૂબજ લાંબું છે, તેને કેટલા સમયમાં વિજ કનેકશનો અપાશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી જવાહરભાઈ ચાવડા |
| ૧૪. | રાજયમાં યોજાયેલ વાયબ્રન્ટ સમીટમાં એમ. ઓ. યુ. કરનાર ઉદ્યોગોને કયા કયા પ્રકારની રાહતો આપવામાં આવી, તે બાબતનો કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અશ્વીનભાઈ કોટવાલ |
| ૧૫. | પાંચ વાયબ્રન્ટ સમીટમાં જે એમ. ઓ. યુ. થયેલા છે, તેવા દરેક વાયબ્રન્ટ સમીટ પરત્વેની કક્ષાએ થતી સમીક્ષાનાં શું પરીણામ આવેલ છે, તે બાબતનો કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બાવકુધાઈ ઉંધાડ |
| ૧૬. | નર્સીંગ-ફલઝીયોથેરાપી અને ડેન્ટલ શિક્ષણ માટે નવી મેડીકલ કોલેજો સ્થપાઈ રહી છે, પરંતુ તે ખરેખર કયારે ચાલુ થશે અને કેટલા વિદ્યાર્થીઓને એડમીશન મળશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૧૭. | રાજયની તમામ પ્રા. શાળાના ધો. ૧ થી ૭ ના બાળકોને વિના મુલ્યે અપાતા પાઠયપુસ્તકો સમયસર વિદ્યાર્થીઓને મળે તેવું આયોજન કરવાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી લાલસિંહ વડોદિયા |

*** આ સુધારો સભાગૃહમાં રજૂ થઈ શકયો નહીં.**

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સ્વર્ણીમ જયંતિ વર્ષ દરમિયાન નામદાર રાજયપાલશ્રીએ આ સન્માનનીય ગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ સૌનો આભાર માનવા માટેના પ્રસ્તાવ ઉપર બોલવાનું મને જે સ્વર્ણિમ તક ગૃહના સન્માનનીય નેતા અને રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપી છે, એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીનો હ્દયપૂર્વક આભાર માનું છું અને વ્યકિતગત રીતે હર્ષની લાગણી અનુભવું છું.

ભૂતકાળમાં અનેક સંતો, શૂરવીરો અને મહાપુરુષોએ વિવિધ ક્ષેત્રે ગુજરાતને આખા દુનિયામાં ગૌરવ અપાવ્યું છે. નરસૈયો હોય કે મીરા, પ્રેમાનંદ, અખા ભગત, નાનાલાલ હોય કે મુન્શી મેઘાણી, દયાનંદ સરસ્વતી, શ્યામજી કૃષ્ણ વર્મા, રવિશંકર મહારાજ હોય, કે ગાંધી સરદાર કે ઈન્દુચાચા હોય એ ગુજરાતના સૌ મહાપુરુષોને આજે આપણે આદરપૂર્વક યાદ કરીએ છીએ. એમને નમન કરીએ છીએ. વર્તમાન સમયે ગુજરાતને વિકાસના મોડેલ તરીકે પ્રસ્થાપિત કરીને દેશ અને દુનિયામાં ગુજરાતનું આગવું નામ જેમણે ઊભું કર્યુ છે. એવા રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આ તબક્કે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

થોડા દિવસ પહેલા સચિવાલયમાં બ્લૉક નં. ૧ માં લિફ્ટની રાહ જોઈને ઊભો હતો. અચાનક મારી નજર આજુબાજુ ગોઠવાયેલા શોકેસ ઉપર પડી. મેં નજીક જઈને જોયું તો આ રાજ્ય સરકારને એની વિવિધ કામગીરી માટે મળેલ એવોર્ડસ હતા. સાહેબ, મારી જ્યાં જ્યાં નજર પડે, ત્યાં બસ એવોર્ડ..એવોર્ડ...૨૦૦૫ થી શરૂ કરીને ૨૦૦૯-૧૦ સુધીના કુલ ૨૨૦ એવોર્ડસ વિવિધ ક્ષેત્રે સુંદર કામગીરી માટે આ રાજ્ય સરકારને એવોર્ડ મળેલ હતા. રાજીવ ગાંધી ફાઉન્ડેશનથી શરૂઆત કરી કેન્દ્ર સરકાર અને દુનિયાએ પણ આ રાજ્યની સરકારને એના વિકાસ માટે થયેલ કામો માટે અનેક એવોર્ડ આપ્યા છે. નામદાર રાજ્યપાલશ્રીનું આ સન્માનનીય સભાગૃહમાં આવી સભાને સંબોધન કરવું તે ઉચ્ચ પરંપરા અને પ્રણાલિકા રહી છે. માનનીય રાજ્યપાલશ્રી જાણે કે આપણને કહી રહ્યા હતા "છે ભર્યો ઇતિહાસ એનો વીર સપૂતો, સંતોથી, શૂરવીરોના ખૂનથી મહેકી ધરા ગુજરાતની, એકતાનો કોલ આપે, છે હવા ગુજરાતની, સાંભળો એ દોસ્તો આજે કથા ગુજરાતની". પણ દોસ્તોએ સાંભળી નહિ અને સાંભળવા દીધી પણ નહિ. સાદાઈની મૂર્તિસમા વયોવૃદ્ધ સન્માનનીય રાજ્યપાલશ્રી આ સભાગૃહને સંબોધી રહ્યા હતા ત્યારે વિરોધ પક્ષના સાથી પક્ષોએ જે પ્રકારનું વર્તન કર્યુ અને આદરણીય રાજ્યપાલશ્રી પોતાની વાત મૂકી ન શકે તેવું વાતાવરણ સર્જ્યું. એ ખરેખર અશોભનીય અને દુઃખદાયક હતું. આવું વર્તન શેના માટે? એટલા માટે

મહામહિમ રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતે કરેલ વિકાસની નક્કર અને સાતત્યપૂર્ણ માહિતી આપી રહ્યા હતા, સત્યના એ અવાજને દબાવવાનો જેમણે પ્રયત્ન કર્યો છે. એમને મારે કહેવું છે કે ભલે સત્ય હજુ પગરખા પહેરે ત્યાં સુધી અસત્ય અડધુ જગત ફરી વળે, પણ વિજય અંતે સત્યનો જ થાય છે. સત્ય પરેશાન થાય છે, પરાસ્ત કયારેય નહિ અને ગુજરાતની પ્રજા સત્ય શું છે તે સારી રીતે સમજે છે અને પરિણામો પણ આપે છે. ગુજરાતના પાટનગરનું નામ ગાંધીનગર જેમના નામ સાથે આ નગરને જોડવામાં આવ્યું છે. એ પૂજ્ય મહાત્મા ગાંધીનું નામે ઘણાં વર્ષો સુધી, ઘણાં સમય સુધી અનેક લોકોએ શાસન કર્યુ છે, પરંતુ આખા નગરમાં પૂજ્ય બાપુ કયાં? મારે ગૌરવપૂર્વક કહેવું છે કે સમગ્ર દેશ અને દુનિયામાં સત્ય, અહિંસા અને શાંતિનો સંદેશો આપનાર મહાપુરુષોના સ્મૃતિધામ એ મહાત્મા મંદિરનું નિર્માણનું કામ આદરણીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં તેમના હાથે થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં સમગ્ર ગુજરાતના ગામે ગામથી પવિત્ર માટી, પવિત્ર જળ તેનો તેમાં ઉમેરો કરવામાં આવ્યો છે. જ્યાં જ્યાં ગુજરાતી વસે છે, દેશ અને દુનિયામાંથી પણ એમની ભાગીદારી આ મહાત્મા મંદિરમાં જોડવામાં આવી છે. ફક્ત ૧૮૨ દિવસોમાં વિક્રમજનક બાંધકામ થાય અને પાંચમી વાઈબ્રન્ટ સમીટનું આયોજન પણ મહાત્મા મંદિરમાં થાય તે આપણા સૌના માટે ખૂબ મોટો ગૌરવનો વિષય છે. તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને વંદનસહ અભિનંદન આપું છું. ગાંધી વિચારો તે રાજય કે દેશ પૂરતા મર્યાદિત રહ્યા નથી. અમૅરિકા સહિતના અનેક દેશો અને ઓબામા સહિતના અનેક નેતાઓ ગાંધીજીને માને છે અને તેમનાથી પ્રભાવિત થયેલા છે. રાજય, દેશ અને દુનિયાની આવનારી પેઢી ગાંધીજીના વિચારોને જાણે, સમજે અને તેને અનુસરે તેના માટેનું અને ગાંધીજીના આ જીવનમાંથી પ્રેરણા મેળવવા માટેનું અત્યંત આધુનિક સ્થાન તે મહાત્મા મંદિર છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પૂજ્ય ગાંધીજીના ગુજરાત ખાતેના ગાંધીનગરમાં આવું ભવ્ય સ્મારક બનાવીને ગુજરાતને આખા વિશ્વમાં ગૌરાન્વિત કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે દેશની આઝાદી માટે અને આઝાદ ભારતમાં જેઓનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે અને જેઓએ હંમેશાં યોજનાપૂર્વક વિચારવામાં આવ્યા છે તેવા ગુજરાતના સપૂત અને અખંડ ભારતના રચયિતા તેવા લોહ પુરુષ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપવા માટે પૂજ્ય સરદારની વિશ્વની ઉંચામાં ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીના નિર્માણનું આયોજન આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ હાથ ધર્યુ છે જે ખરેખર એક ગૌરવનો વિષય છે.

સ્વર્ણિમ જયંતી વર્ષ દરમ્યાન સમગ્ર દેશના આર્થિક ઈતિહાસમાં અદ્વીતીય પાંચમી વાઈબ્રન્ટ ઈન્વેસ્ટમેન્ટ સમીટના સફળ આયોજન થકી રાજયએ વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. જાપાન અને કૅનૅડા જેવા વિકસિત દેશોની ભાગીદારી સાથે ૧૦૧ દેશોના ૧૪૦૦ પ્રતિનિધિઓ, જુદા જુદા દેશોના ૧૦૦ જેટલા અગ્રણી રાજકીય આગેવાનો, ૧૯ રાજયોની ઉપસ્થિતિ સાથે ભારતભરના ૩૫ હજાર કરતાં વધુ ઔદ્યોગિક જગતના પ્રતિનિધિઓની હાજરીમાં ૮૩૮૦ સમજૂતિ કરાર અને તેના થકી ૨૦.૮૩ લાખ કરોડથી વધુ મૂડી રોકાણ થયું છે. જે લાખો લોકો માટે રોજગારીની નવી તકો ઉભી કરવાનું છે. દેશમાં વિરોધપક્ષની સરકાર હોવા છતાં દેશના પ્રથમ પંકિતના બધા જ મોટા અને સફળ ઉદ્યોગપતિઓને એક રાજયની ઈન્વેસ્ટર્સ સમિટમાં આ પ્રકારે હાજર રહે તે બતાવે છે કે રોકાણકારોને ગુજરાતની સરકારમાં અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીમાં કેટલો વિશ્વાસ છે. તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી આત્મ વિશ્વાસ અને ખુમારીપૂર્વક જાણે કે કહેતા ન હોય, ચાલો આગ ચાંપો, ડરો ના લગીરે, તરી પણ જવાના અને તારી જવાના. આ પ્રકારનો વિશ્વાસ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત માટે, ગુજરાતની સરકાર માટે અને તેમના માટે ઉભો કર્યો છે. આખા કાર્યક્રમમાં મહત્વપૂર્ણ જો કોઈ બાબત હોય તો કુલ એમઓયુના ૫૫ ટકા એમઓયુ તે નાના અને મધ્યમ પ્રકારના ઉદ્યોગો માટે થયેલા છે. ૪૦૦ કરતાં વધારે એમઓયુ યુવાનોના ભવિષ્ય માટે થયેલા છે. જે યુવા સશકિતકરણ માટે ખૂબ મહત્વના સાબીત થવાના છે. મહિલાઓ માટે પણ મિશન મંગલમ અંતર્ગત રૂપીયા ૨૧ હજાર કરતાં વધુના રોકાણની શકયતાઓ ઉભી થઈ છે. તેનો સીધો લાભ તે રાજયના સખી મંડળોને થવાનો છે. એક રીતે આખુ સમીટ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓ અને યુવાનોને સમર્પિત કર્યુ છે જે તેઓની મહાનતા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વાયબ્રન્ટ સમીટના સમાપન પ્રસંગે કહેલા શબ્દો મને બરાબર યાદ છે, એમણે કહ્યું હતું કે " મહાત્મા ગાંધી સ્વરાજ્ય માટેનું કારણ બન્યા છે, તો મહાત્મા મંદિર સૂરાજ્ય માટેનું કારણ બનશે. અને સમૃદ્ધ ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા તેમણે સિંહગર્જના કરી હતી. " ગુજરાતકા અવિરત વિકાસ કે લિયે ન રૂકના હૈ, ન થકના હૈ ઔર ન ઝૂકના હૈ, " માનનીય અધ્યક્ષશ્રી, સાચા અર્થમાં ગુજરાતના વિકાસ માટે ગમે તેવી મુશ્કેલીઓ પણ સહન કરવી પડે તો એ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સહન કરી છે ત્યારે હું એમના માટે કહીશ કે, " દુઃખને દરવાજો બંધ કરી પીધુ ગટાગટ, દુઃખને દરવાજો બંધ કરી, પીધુ ગટાગટ, સુખને રાખ્યું છે સહિયારૂ ગુજરાતી છું. "આ પ્રકારની એક સાચા ગુજરાતી તરીકેના એમનામાં દર્શન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદજીએ દરિદ્રમાં નારાયણના દર્શન કરવાની આપણને બધાને પ્રેરણા આપી છે, મારી પાર્ટીના અમારા માર્ગદર્શક સ્વ. પંડિત દીનદયાળજીએ પણ એકાંતમાં માનવ દર્શન થકી અન્તોદય છેવાડાનો માનવીને કઈ રીતે મદદરૂપ થઈ શકાય એના માટે અંત્યોદયની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, જેમ સાંકળની મજબૂતાઈ એ એની નબળામાં નબળી કડી કેટલી મજબૂત છે એના ઉપર એનો આધાર છે એમ સમાજની સદ્ધરતાનો આધાર એ છેવાડામાં છેવાડાનો માનવી કયા પ્રકારે જીવન જીવે છે , જીવન ધોરણ શું છે,

એના ઉપર રહેલો છે. ભૂતકાળમાં ગરીબી હટાવોના નારા સાથે, એવા લોભામણા નારાઓ આપીને સત્તા ઉપર આવ્યા હોય અને ખૂબ લાંબા સમય સુધી શાસન કર્યુ હોય એવા અનેક લોકો અહીયાં છે. પણ ત્યારે એમણે ગરીબી હટાવા માટે પણ કોઈ નક્કર પગલું ભર્યુ હોય એવું યાદ આવતું નથી પરંતુ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી ગરીબોની પીડા, એમની સંવેદના સારી રીતે જાણે છે, સમજે છે એમણે નક્કી કર્યુ કે પીડિત, શોષિત, દુઃખિત, બંધવો એ હમકો હૈ કષ્ટ મિટાને, અને વંચિતોના વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ આ લોકો સુધી પહોંચે એ પછી અનુસૂચિત જાતિના હોય, અનુસૂચિત જનજાતિના હોય, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના હોય, કે પછી લઘુમતિ, વિકલાંગો, વૃદ્ધો કે અનાથ બાળકો હોય, જરૂરિયાતમંદ તમામ લોકો સુધી રાજયની આ કલ્યાણકારી યોજનાઓ સારી રીતે પહોંચે એની ચિંતા આ રાજયની સરકારે અને સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ હંમેશાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેર હોય કે ગામડું હોય ગરીબોના આવાસથી લઈ બધાજ પ્રકારની માળખાકીય સુવિધાઓ એમને પ્રાપ્ત થાય, તેઓના બાળકોને સારૂ શિક્ષણ પ્રાપ્ત થાય, તેઓનું આરોગ્ય સચવાય તેના માટેની ચિંતા પણ આ રાજયની સરકારે વિવિધ સ્તરે કરી છે. તેઓને મળનારા બધા જ પ્રકારના લાભો સીધેસીધા એમના હાથમાં પહોંચે, વચેટિયાઓ નાબૂદ થાય અને આ લાભ એમને મળ્યા પછી આત્મવિશ્વાસપૂર્વક મહેનત કરી અને પ્રગતિ કરી અને ગરીબીમાંથી એ બહાર નીકળે આ પ્રકારના વિજન સાથે, આ પ્રકારની દ્રષ્ટિથી માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કર્યુ, સાચા અર્થમાં આત્મવિશ્વાસપૂર્વક મહેનત કરીને આવા લોકો જે ગરીબાઈ સાથે લડીને ગરીબીમાંથી બહાર નીકળી રહ્યા છે. જિલ્લા કક્ષાના આવા ગરીબ કલ્યાણ મેળાઓની સફળતા પછી ગરીબી સામે લડવાના આ યજ્ઞના ભાગરૂપે સ્વર્ણિમ જયંતી વર્ષ દરમિયાન ૩૫૦ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી રાજયમાંથી ગરીબીને દેશવટો આપવાનો નક્કર અને સફળ પ્રયાસ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કર્યો છે અને જ્યારે આ પ્રકારના મેળાઓ પછી માનનીય મુખ્ય મંત્રીશ્રીની સૂચનાઓ અનુસાર ક્યારેક આવા લાભાર્થીઓને મળવાનું થાય અને એ જે પ્રકારે ભાવ વ્યક્ત કરે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાના આવા એક ગરીબ કલ્યાણ મેળામાં એક ભાઈને ચાની કીટલી અને ચા બનાવવાના સાધનો આપવામાં આવ્યા પછી થોડા જ દિવસો પહેલા મારે એને મળવાનું થયું ત્યારે એણે જે આનંદ વ્યકત કર્યો અને કહ્યું કે મને જો આ ચાની કીટલી અને આટલા વાસણો ન મળ્યા હોત તો હું આજે જે પ્રકારે મારું અને મારા પરિવારનું ખૂબ સારી રીતે ગુજરાત ચલાવું છું એ રીતે ન ચલાવી શકતો હોત. મને એમણે કહ્યું કે 'માનનીય મુખ્યમંત્રીશ્રી આપને મળે તો અમારા થકી અનેક અનેક આશીર્વાદ એમને આપીએ છીએ એવું કહેજો અને ખૂબ ખૂબ લાંબા સમય સુધી આ પ્રકારે ગરીબોની સેવા કરે એવો એમને સંદેશો આપજો' એવો ચાની લારીવાળા ભાઈએ મને સંદેશો આપવાનું કહ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, મને બરાબર યાદ છે કે, આ રાજયમાં જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાંચે ગુજરાતનો કાર્યક્રમનું લોંચીંગ કર્યું આખું ગુજરાત જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને સાંભળી રહ્યું હતું ત્યારે એમણે કહ્યું હતું કે, વાચન માણસને વિચારવા માટે મજબૂર કરે છે. એવું કહેવાય છે કે જગત બહાર બનતી કોઈ પણ ઘ ટના પહેલા માણસના મનમાં બને છે અને એટલે એવું કહી શકાય કે કોઈ પણ કામની શરૂઆત એ વિચારથી થાય છે. જ્યારે વિચારથી કામની શરૂઆત થતી હોય ત્યારે માણસ કેવા પ્રકારના વિચારો કરે છે એ ખૂબ મહત્વનું બની જાય છે. એવું કહેવાય છે કે જે જેવું વિચારે અને કરે એ એવો બની જાય છે. વિચારોનો જ્યારે આટલો પ્રભાવ હોય, આટલી તાકાત હોય ત્યારે સારું વાચન એ માણસમાં સારા વિચારો ઉભા કરે છે અને એના પરિણામે એ સારા વિચારોનું અમલીકરણ થતા સમાજમાં અનેક સારા પરિણામો આપણને જોવા મળે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વિચારને પકડી અને વાંચે ગુજરાતના માધ્યમથી એ વિચાર મૂકયો અને વાંચે ગુજરાત થકી સમગ્ર ગુજરાતમાં આજે ખૂબ સારા પરિણામો આપણને જોવા મળે છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષ મહોદય, મારા સભાગૃહના સાથી અને રાજયપાલશ્રીના પ્રવચન માટે આભાર પ્રસ્તાવ લઈને આવનાર ભાઈશ્રી રજનીભાઈ પટેલના પ્રસ્તાવને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થઈ છું.

આ અનુમોદન આપવા સાથે સાથે આપને અને આ ગૃહને એટલા માટે હું અભિનંદન પાઠવું છું કે, ગુજરાતની વિધાનસભામાં કદાચ પહેલી વખત અધ્યક્ષસ્થાન ઉપર આટલી નાની યુવાન વયની વ્યકિત ઉપર મુખ્યમંત્રીશ્રીએ જે વિશ્વાસ મૂક્યો છે અને યુવાનો ઉપર મૂકેલા વિશ્વાસને ચરિતાર્થ કરવા માટે થઈને આપે જે અધ્યક્ષપદ શોભાવ્યું છે તે માટે આપને હું હૃદયપૂર્વક અભિનંદન આપું છું અને આ માટે આ ગૃહના એક સભ્ય હોવાનું પણ હું ગૌરવ અનુભવું છું. આ સભાગૃહની અંદર જ્યારે મહામહિમ્ન રાજયપાલશ્રી કમલાજી જ્યારે પોતાનું પ્રવચન કરી રહ્યા હતા ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ સભાગૃહના વિપક્ષના સભ્યો માત્ર બુઝુર્ગ મહિલાનું આદર કરવાનું ચૂક્યા એટલું જ નહિ પરંતુ મહિલાદાક્ષિણ્ય પણ એ લોકો ચૂક્યા છે, સરકારના બંધારણીય વડાનું અપમાન, આ ગૃહનું અપમાન અને લોકશાહીનું અપમાન એમણે કર્યુ છે એ વાત દુઃખ સાથે મારે અહીંયા કહેવી પડે છે. રાજયપાલશ્રીએ જે વાત મૂકી છે સૌથી અગત્યની વાત, આમ તો કહેવા જઈએ તો સ્વર્ણિમ વર્ષની અંદર અને દસ દસ વર્ષના શાસનમાં સિદ્ધિઓ જોવા જઈએ તો આખી સપ્તાહ બેસાડવી પડે, કથા બેસાડવી

પડે પખવાડિયાની તો પણ સિદ્ધિઓ ન ખૂટે એટલી છે, પરંતુ મુખ્ય મુખ્ય સિદ્ધિઓની જો વાત કરીએ તો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ જે આ સરકારે અમલમાં મૂક્યો છે આ કાર્યક્રમ ચાલુ વર્ષે ૨૦૧૦-૧૧માં આખા સપ્તાહની અંદર ઉજવવામાં આવેલ છે એમાં ૦ થી ૧૪ વર્ષની ઉંમરના આંગણવાડીમાં જતાં હોય, પ્રાથમિક શાળામાં જતા હોય, ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં જતા હોય અથવા તો શાળાએ ન જતા હોય એવા તમામ બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવે છે અને આ આરોગ્ય તપાસણી દરમિયાન સંદર્ભ સેવાઓ, ચશ્મા વિતરણ, રાજય અને રાજય બહાર જરૂરી ગંભીર દર્દોની સેવાઓ પણ એમાં સારવાર સાથે આપવામાં આવે છે, ૨૦૦૯-૧૦ના આંકડાની જો વાત કરીએ તો કુલ બાળકો ૧,૪૭,૪૨,૬૫૬ હતા એમાંથી ૧,૩૬,૩૫,૧૧૨ બાળકોને તપાસવામાં આવ્યા, ૧૮,૨૬,૯૫૩ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી, ૧,૪૦,૦૬૪ બાળકોને ચશ્મા વિતરીત કરવામાં આવ્યા, ૧,૨૭,૧૬૮ બાળકોને સંદર્ભ સેવાઓ આપવામાં આવી. એટલું જ નહિ ગંભીર દર્દોની સારવાર કુલ ૮૨૧૮ બાળકોને આપવામાં આવી, એમાંથી હૃદય માટેની સારવાર ૬૩૪૨, કિડનની સારવાર ૧૦૪૭ અને કેન્સરની સારવાર મેળવનાર બાળકો ૮૨૯ હતા. હું જે વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરું છું એ મારો ગરીબ પછાત વિસ્તાર છે એટલે કે ખેડૂતવાસ વિસ્તાર, એ વિસ્તારમાં રહેતા હીરાઘસુ ભરતભાઈ ડાભી જેમની દીકરી પૂજા સાડા ચાર વર્ષની હતી અને એ આંગણવાડીમાં જતી હતી અને આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ એનું નિદાન કરવામાં આવતા હૃદયમાં કાણું હોવાનું જાહેર થયું. આ બાળાનું ઓપરેશન યુ.એન.મહેતા હોસ્પિટલમાં ૧૬-૧૨-૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું અને આ ઓપરેશન જો સામાન્ય રીતે કરવામાં આવ્યું હોત તો આ ગરીબ પરિવારને આશરે ૨.૫૦ લાખથી ૩.૦૦ લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય તેમ હતો અને એ સારવાર આ બાળાને મફતમાં આપવામાં આવી. આવી જ રીતે મારા વિસ્તારમાં કરચલિયા પરા વોર્ડમાં વાલ્કેટ ગેટ પાસે રહેતા ભાઈશ્રી શામજીભાઈ ચૌહાણ કે જેઓ દલિત છે અને સફાઈ કામદાર છે એમની છઠ્ઠા ધોરણમાં પ્રાથમિક શાળામાં ભણતી દીકરી નેહા કે જે બાર વર્ષની હતી એને બ્લડ કેન્સરની સારવાર સરકાર તરફથી મફતમાં આપવામાં આવી. જો સામાન્ય રીતે આ સારવાર લેવામાં આવે તો ૪.૫૦ લાખ રૂપિયાથી ૫.૦૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય તેમ હતો પરંતુ આ સરકારે મફતમાં - નિ:શુલ્ક આ સારવાર આપી છે, આવવા જવાના ખર્ચ સહિતની સારવાર આ સરકાર દ્વારા આપવામાં આવી છે. ગરીબોની જ્યારે વાત નીકળી છે ત્યારે મારે કહેવું પડે કે આ સરકારે ગરીબો માટે ખૂબ સારું કામ કર્યુ છે. ૬૨-૬૨ વર્ષ સુધી અગાઉની સરકારોએ એમના બજેટની અંદર એમના કલ્યાણ માટે યોજનાઓ ચોક્કસ બનાવી હતી પરંતુ એ યોજનાઓ લોકો સુધી પહોંચાડી નહોતી. આ યોજનાઓ વચેટિયાઓ ખાઈ જતા હતા. અને આ વચેટિયાઓને નેસ્તનાબૂદ કરવા માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે યાદ કરાવવું છે પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધી એવું કહેતાં કે હું એક રૂપિયો મોકલું છું અને પંદર પૈસા પહોંચે છે. અમારા મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ એવું કહે છે કે, હું એક રૂપિયો મોકલું માત્ર સો પૈસા નહીં એકસો અને પચ્ચીસ પૈસા લોકો સુધી પહોંચવા જોઈએ. આશ્ચર્ય થાય છે માનનીય અધ્યક્ષશ્રી, કે એકસો અને પચ્ચીસ પૈસા કઈ રીતે થાય ? આમાં આ જે લાભાર્થીઓ છે તેને જે તે ઓફિસના ધક્કા ખાવા પડતા હતા અને અનેક ધક્કાઓ ખાધા પછી જે કોઈ વ્યકિતઓને કાંઈ આપવું પડતં હતું આ બધં જ નેસ્તનાબૂદ કરવામાં આવ્યું છે એટલે આ વ્યકિતને માત્ર સો પૈસા નહીં પણ એકસો અને પચ્ચીસ પૈસાનો ફાયદો આ ગરીબ કલ્યાણ મેળાથી એક રૂપિયો મોકલ્યો છે અને એકસો અને પચ્ચીસ પૈસા ગરીબ લોકો સુધી પહોંચાડી શક્યા છીએ. આ સરકાર ગરીબો માટે ચિંતિત સરકાર છે અને ગરીબાઈને પરાસ્ત કરવા માટે જે ગરીબો કટિબદ્ધ છે તેની પડખે ઉભી રહેનારી આ સરકાર છે. અને આ સરકારના મુખ્યમંત્રી એમ કહે છે કે, આ ગુજરાતની તિજોરી ઉપર આ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાનો તેના ઉપર હક્ક છે અને સૌથી પહેલો જો કોઈનો અધિકાર હોય તો તે અધિકાર ગુજરાતમાં વસતા ગરીબોનો સૌથી પહેલો તેના ઉપર અધિકાર છે. આ રીતે માત્ર ગરીબોના "નારા" નહીં ગરીબોને "મારા" બનાવનારા મુખ્યમંત્રી આ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબોના ઘર સુધી, સુખ-સુવિધાઓ અને સગવડતાઓ પહોંચાડી છે. અને આ મુખ્યમંત્રી આપણે બધા જાણીએ છીએ અને ઘણી વખત સાંભળી છે આ પંકિત

" જો નિર્ધન હૈ, જો નિર્બલ હૈ વો હૈ પ્રભુકા પ્યારા,
રાહ મેં આયે જો દિન-દુ:ખી, ઉસકો ગલે સે લગાકે ચલો. "

નિર્ધન હોય, નિર્બળ હોય, ગરીબ હોય આ બધાને પોતાની સાથે રાખી અને ઉપર ઉઠાવવાનું કામ આ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે. આ સભ્યશ્રીઓ અહીંયા બોલે છે તો મારે એક વાર્તા અહીંયા કહેવી છે. એક વખત એક ગરીબ માણસ બિચારો રસ્તામાં જતાં જતાં એક ખાડામાં પડી ગયો. આ ખાડામાં પડી ગયેલો માણસ કોઈની રાહ જોઈને બેઠો હતો કે કોઈ મને બહાર કાઢે જ્યાં થોડીવાર થઈ ત્યાં એક માણસ નીકળો. એની પાસે બે બળદની જોડી હતી.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન બે મિનિટમાં પૂરું કરો.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : અધ્યક્ષ મહોદય, આ મારી વાત પૂરી કરીને પછી હું બેસી જાઉં છું. આ બે બળદની જોડી જે તેની સાથે હતી તે માણસ ત્યાંથી નીકળ્યો અને ખાડામાં પડેલા માણસની સામે જોયું. એણે

કહ્યું કે ઓહો હો તું નીચે પડી ગયો છે મને બહુ દુ:ખ છે તને હમણાં કોઈ બહાર કાઢશે. એમ કહીને તે માણસ જતો રહ્યો. થોડીક વાર થઈ ત્યાં બીજો માણસ આવ્યો તેની પાસે ગાય અને વાછરડું હતા અને આની સાથે તે માણસ નીકળ્યો અને તેણે પોતે દર્દ વ્યક્ત કર્યુ કે આ ગરીબ બિચારો માણસ અંદર છે તો તેને કાઢવા માટે થઈને પછી હું કંઈક સાધન લઈને આવું છું. એમ કહી આશ્વાસન આપી અને તે માણસ પછી ત્યાંથી નીકળી ગયો. થોડીક વાર થઈ તો એક માણસ ખાલી હાથે આવ્યો અને તેણે પેલા ગરીબ માણસને કે જે પેલા ખાડામાં પડેલો હતો, નિર્બળ થઈ ગયો હતો, દુ:ખી હતો તેને બહાર ઉભા ઉભા પંજો લાંબો કર્યો. હવે ખાડામાં પડેલો માણસ અને ખાડામાં ઉપર ઉભેલો માણસ જો હાથનો પંજો સીધો આમ કરે તો પેલો ગરીબ, દુર્બળ માણસ તે પંજા સુધી પહોંચી ના શકે. આટલો પણ વિચાર કર્યા વગર તેણે તો કહ્યું કે હું પંજો આપું છું તારે પકડવો હોય તો પકડ. આ પંજો પકડી ના શક્યો એટલે એ માણસ જતો રહ્યો. થોડીવાર થઈ એટલે ત્યાંથી એક સંત જેવો સફેદ દાઢીધારી અને હાથમાં કમળ લઈને નીકળ્યો. અને આ કમળ લઈને નીકળેલો માણસ કે જેણે આ ગરીબ માણસને ખાડામાં પડેલો જોયો. તેના ઉપર તેને દયા આવી ગઈ અને તેણે તેને ખભાથી પકડીને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો પણ તે ના કાઢી શકયો, ત્યારે આ માણસ ખાડામાં અંદર ઉતરી અને તે ગરીબને પોતાના ખભા ઉપર બેસાડી અને આ ગરીબને ખાડામાંથી બહાર કાઢવાનું કામ કર્યુ છે. અને આ પ્રક્રિયા દરમિયાન આપણને બધાને ખબર છે કે આ સંત જેવું કામ કરનાર આ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબોને ખાડામાંથી બહાર કાઢવા માટે પોતે ખાડામાં ઉતરી, પોતે ગરીબ કલ્યાણ મેળામાં પ્રત્યક્ષ જઈને પ્રત્યક્ષ સહાય આપી છે. આદરણીય અધ્યક્ષ મહોદય મારે કહેવું છે કે આ ગરીબ કલ્યાણ મેળાની અંદર  જેમાં ગરીબ બિચારો બાપડો કે જેને ઘર નહોતું, સરનામા વગરનો રખડતો હતો તેને ઘર વિહોણાને ઘર આપ્યું છે. જે બેરોજગાર યુવાન આમતેમ ભટકતો હતો, પૈસા કમાવવા માટે રખડતો હતો તેને સબસીડીવાળી લોન આપી અને તેને સહાય આપવામાં આવી છે. મારી ગરીબ કન્યાને કન્યા કેળવણી નીધિ આપવામાં આવી, સખી મંડળોને વ્યાજખોરોની ચુંગાલમાંથી બચાવવા માટે તેને પણ નાણાંકીય સહાય આપવામાં આવી. વિકલાંગ કોઈ પણ ભાઈ કે બહેન પોતાના સમાજમાં પોતે ઉંચુ માથું કરીને ફરી શકે તેના માટે થઈને પણ તેને સાધન સહાય આપવામાં આવી. અને આ કાળઝાળ મોંઘવારીની અંદર પોતાના ઘરના બે છેડા ભેગાં કરવા માટે થઈને કોઈ મહિલા તત્પર હોય અને તે છેડા ભેગાં ના કરી શકતી હોય ત્યારે આ સરકારે તેને સિલાઈ મશીનો આપ્યાં અને પોતે પોતાના ઘરનાં બે છેડા ભેગાં કરવા માટે પ્રયત્ન રૂપ બની શકે. આ ગરીબ કલ્યાણ મેળાઓમાં માત્ર સમાજના તમામ લોકોને સહાય આપવામાં આવે છે. ૪ લાખ ૬૧ હજાર આવાસ યોજનાઓ માટે ૧૫૪ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. ૩ લાખ ૬૨ હજાર રોજગાર યોજનાઓ માટે ૩૪૭ કરોડની યોજના આપવામાં આવી છે. ગરીબ કલ્યાણ મેળાની વાત પૂરી કરીને મારી વાત પૂરી કરીશ.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટમાં પૂરું કરો.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૭,૬૯,૫૦૦ લોકોને, જેમાંથી ૧૩,૮૭,૫૦૬ સ્ત્રીઓ અને ૨૨,૮૭૩૩૦ પુરુષોને સહાય આપવામાં આવી છે. ૪૮૬૦ કરોડ રૂપિયા કુલ આ ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા આપવામાં આવ્યા. દલિત લોકોને પણ ૪૨૬ કરોડની ૪,૭૩,૫૭૦ દલિત લોકોને ૪૨૬ કરોડ રૂપિયાની, શીડયુઅલ ટ્રાઈબમાં ૧૦,૧૩,૬૬૮ લોકોને ૧૨૧૯ કરોડ રૂપિયા. બક્ષી પંચના ૧૦,૬૧,૯૯૭ લોકોને ૧૦૩૫ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન એ સરકારે તૈયાર કરેલો એક એવો દસ્તાવેજ હોય છે કે જેમાં સરકારની દિશા, દ્રષ્ટિ અને આગામી કાર્યક્રમોનું પ્રતિબિંબ હોય છે. દુ:ખ સાથે કહેવું પડે કે સ્વર્ણિમ્ ગુજરાતના વર્ષમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકાર નથી તો દિશા આપી શકી. નથી યોગ્ય દ્રષ્ટિ આપી શકી કે નથી તો યોગ્ય કયાંય પ્રતિબિંબ સરકારના કાર્યક્રમોનું પડતું. શબ્દોની સજાવટ ઘણીબધી છે. અને મારે કહેવું જોઈએ કે એ શબ્દોની સજાવટ કદાચ કેટલીક તાળીઓ પડાવી શકે. એ શબ્દોની સજાવટ કયારેક ક્ષણિક કોઈને આનંદ અપાવી શકે. પરંતુ એ રાજયનું કે રાજયની જનતાનું હિત નહીં કરાવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય છે કે, "મન ચંગા, તો કથરોટમેં ગંગા " મહાત્મા ગાંધીજીનું મંદિર ગમે તેટલું ભવ્ય બનાવીએ, પરંતુ હ્રદયમાં જો મહાત્માને ન વસાવી શકીએ તો એ પથ્થરની મૂર્તિની પ્રેરણા નહીં મળે. હિંસાથી ખરડાયેલા હાથ અહિંસાના પૂજારીની આસ્થા સુધી ન પહોંચી શકે. એ મહાત્મા ગાંધીજી કે જેમણે રેલના થર્ડ કલાસના ડબામાં મુસાફરી કરી હતી. હવામાં ઉડનારો માણસ રેલના થર્ડ કલાસના ડબ્બાના મુસાફરની વાત કેટલા અંશે સાર્થક કરી શકશે? એ મહાત્મા ગાંધી કે જેમણે અડધી પોતડી પહેરીને સ્વરાજ માટે જજૂમ્યા, એ મહાત્મા ગાંધીને ડિઝાઈનર કપડા દિવસમાં પાંચ વાર બદલાવનારો કેટલા સાર્થક કરી શકશે? એ મહાત્મા ગાંધી, જે ગરીબ અને દલિતના આંસુ લૂછતો હતો, ધનપતિઓ માટે વાયબ્રન્ટ બનનારો માણસ એ મહાત્મા ગાંધીની આસ્થા સુધી કેટલે અંશે પહોંચી શકશે? મહાત્મા ગાંધીજીની પૂજા દિલથી થાય. દિમાગથી મહાત્મા ગાંધીજીના નામે રાજનીતિ ન થાય. જે વિચારધારા આજસુધી એ વિચારધારાનું ખૂન કરતી હોય, એ વિચારધારાને આજે મહાત્મા ગાંધીજી યાદ આવે તો પણ હું તો સલામ કરું. દેર આયે, દુરસ્ત આયે. પર દિલસે તો આઓ? તમારા દિલમાં તો એ વાત લઈને આવો.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબની વાત કરવામાં આવે છે. વંચિતની વાત કરવામાં આવે છે. અને મારે એની સામે વાસ્તવિકતાની વાત માત્ર એક કે બે દાખલાથી જ કરવી છે. રાષ્ટ્રીય શ્રમ વિકાસ યોજના આર.એસ.વી.એમ. કેન્દ્ર ૧૫ કરોડ રૂપિયા આપે. જિલ્લો પસંદ થયો પંચમહાલ. વધારેમાં વધારે આદિવાસી સમાજના ભાઈઓ ત્યાં વસે છે. એ જિલ્લો પસંદ થયો. બી.પી.એલ. કાર્ડ હોલ્ડર ઝીરોથી સોળ સુધીનાને સારામાં સારા રોપા આપવાના. ડ્રીપ ઈરિગેશન આપવાનું અને એ ગરીબ આદિવાસી ભાઈઓને ઉત્થાન માટેનો કાર્યક્રમ. ડી.આર.ડી.એ. માં અમલીકરણ કરવાનું અને એ અમલીકરણ માટે કોને પસંદ કરવામાં આવે છે? ત્રણ એન.જી.ઓ. ને પસંદ કરવામાં આવે છે. આ ત્રણ એન.જી.ઓ. જે પસંદ થાય છે. :એમને પૈસા ચૂકવી દેવામાં આવે. હપતો વાર્ષિક આપવાનો હતો એના બદલે પહેલો હપતો ૪૫.૨૩ લાખ અને પછી રૂા. ૪૪.૫૮ લાખ રૂપિયા આ ત્રણ એન.જી.ઓ.ને ચૂકવાય છે. ભારત સરકારે આની કામગીરીની તપાસ કરાવવા માટે પ્રતિષ્ઠિત સંગઠન ઈરમાને કામ સોંપેલ હતું. એમણે જોવા માટે ત્યાં આંટો માર્યો તો ખબર પડી કે ત્રણ એન્જિનિયર કાગળ ઉપર હતા અને આ બધી રકમ એ લોકો ચાઉ કરી ગયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, તો આપણે આદિવાસી કલ્યાણની વાત કરીએ છીએ કે ભારત સરકારે આપેલ પૈસા અને હમણાં કોઈ આંકડા આપતું હતું કે અમે રૂપિયો મોકલીએ છીએ અને એ એનાથી પણ મોટો થઈને ત્યાં પહોંચે છે. તો આ મેં જે વાત કરી એ વાસ્તવિકતા છે . એમણે કુલ ૧૬૩૫ વાડીઓનો અભ્યાસ કર્યો અને જે આ ૭૦.૪૫ લાખ રૂપિયા ચૂકવાયા હતા એનું કોઈ જ પ્રમાણ ત્યાંથી મળેલ ન હતું. એની વસૂલાત કરવાનું કામ શરૂ કર્યુ અને એ પણ થયું નથી. તો આ એન.જી.ઓ.ની પસંદગી કરનાર સામે કોઈ પગલાં લીધાં?

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી ગરીબોને આપણે આવાસ આપવાની વાત કરીએ છીએ. તો શહેરી ગરીબોને આવાસ અપાયા. ૧૮૨૯ રહેણાઠ રૂ.૭.૫૧ કરોડના ખર્ચે બન્યા. કયારે આ રોડ ઉપરથી જતા હોય તો નારી ગામના એ આવાસો જે સાવ ખંડેર હાલતમાં છે એમાં કોઈ એક માણસ પણ ત્યાં રહેવા ગયો નથી. તપાસ કરી કે આ શેના કારણે આ પરિસ્થિતિ નિર્માણ થઈ? કોણ એના કોન્ટ્રાકટર હતા, કોણે એ મકાનો બાંધ્યા? ૭.૫૧ કરોઢ રૂપિયાના ખર્ચે એ આવાસો બંધાય અને એમાં આ ગરીબ માણસો રહેવા ના જઈ શકે. માણસ આંગળી અડાડે અને ઈંટ પડે  એવું બાંધકામ કરનાર સામે કોઈ પગલાં લીધાં છે ખરાં? એ ૧૭૦૦ કરતાં વધારે ગરીબ માણસોના આવાસ ત્યાં ખંડેર ઉભાં છે. હું દસ્તાવેજી વાત સાથે કહું છું કે આ ખોટું થયું છે, નાણાંનો દૂર્વ્યય થયો છે અને આપણે ગરીબો માટેની વાત કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી ભાઈઓ માટેનો વન સંપત્તિ અધિકારનો કાનૂન આવ્યો છે તો એ કાયદાની અમલવારી કરવામાં વિલંબ શામાટે થાય છે? એના માટેનાં એને હક્ક પત્રકો મળવાં જોઈએ એ આપણે આપીએ છીએ? આપણે તો કાયદામાં એવું શોધીએ છીએ કે જે આદિવાસી જમીનનો માલિક બન્યો છે એ માલિકમાંથી મજદૂર કેમ બને, એની જમીન કેમ વેચાય, એની કલમ કેમ નાબૂદ થાય અને આદિવાસી ભાઈ જમીન માલિકમાથી મજદૂર બને એ આપણું આયોજન છે.  તો આ સ્વર્ણીમ ગુજરાત છે?

માનનીય અધ્યક્ષશ્રિ, આજે આપણે વાત કરીએ છીએ એ તમામ લોકોનો વિકાસ થાય એની વાત કરવી પડશે. કોઈ કલાસ નહીં, પરંતુ માસ આગળ વધે એને જ વિકાસ કશી શકાય. કોઈ દલિત, કોઈ આદિવાસી, કોઈ લઘુમતિ એ પાછળ રહી જાય અને એકાદ વર્ગનો વિકાસ થાય એને વિકાસ ના કહી શકાય. મને આનંદ છે કેઆજે આ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં લઘુમતિ કલ્યાણ માટેની વાત કરવામાં આવી છે. ચલો, અમે કહેતા હતા તો તૃષ્ટીકરણ તો તૃષ્ટીકરણ એ પણ સમાજનો નાનો ભાઈ છે. એ જે તે આદિવાસી, દલિત કે આદિવાસી કે

લઘુમતિ હોય એના કલ્યાણની ચિંતા કરવા માટેનું આપને સૂઝયું છે, એનો કયો આશય છે એ મને સવાલ થાય છે. દિલથી ચાલશો તો અમે સંપૂર્ણ સમર્થન આપીશું, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ કલર જે બદલાય છે એ કેટલીક વખત કેટલાક લોકો એ ભયથી કલર બદલે અને કેટલાક સીઝનલ કલર બદલે છે. ભય અને સીઝનલ કલર બદલે એની ઉપર વિશ્વાસ ના મૂકી શકાય કે આ ભય કે સીઝનલ વાતાવરણને કારણે કલર બદલે એનો કોઈ બહુ વિશ્વાસ ના કરે એ માની લેવાને કારણ છે. જે લોકો સાચર કમિટીની હોળી કરતા હતા એ લોકો સાચર કમિટીના અહેવાલની વાત કરીને આવે એનાથી બીજી મોટી વાત શું હોઈ શકે?માનનીય અધયક્ષશ્રી, એમાં કહેવાયું છે કે પ્રધાનમંત્રીશ્રીએ, અમે તો કંઈ નથી આપતા, પણ પ્રધાનમંત્રીશ્રીએ લઘુમતીઓ માટે ૧૫ પોઈન્ટનો પ્રોગ્રામ આપ્યો છે અને એમાં ગુજરાતને ગુડ કહયું છે. સાહેબ ચાર કેટેગરી હોય છે, એકસેલન્સ, વેરી ગુડ, અને પછી ગુડ અને અંતે બેડ, જનરલી બેડ કહેવાનું સરકાર ઉંચિત નથી માનતી એટલે ગુડ ઈઝ કન્સીડર એઝ એ બેડ, જો તમે એકસેલન્સ પ્રમાણપત્ર લાવ્યા હોત તો હું એપ્રેસીએટ કરત કે તમે એકસેલન્ટ લઈને આવ્યા, તમે વેરી ગુડ પ્રમાણપત્ર લઈને આવ્યા હોત તો પણ અભિનંદન આપત, પણ તમે તો ગુડ લઈને આવ્યા છો. તળિયે જે સર્ટિફિકેટ મળે છે તે લાવ્યા છો, આપણે સી. આર.માં પણ સામાન્ય રીતે જો કોઈને એડવર્સ સી. આર. ન આપવા હોય અને એવું લાગે કે આપવા જેવું નથી ત્યારે વેરી ગુડ કે એકસેલન્સના બદલે ગુડ લખીએ છીએ. તે રીતે ગુડ લખાવીને લાવ્યા છે. જો તમારા મનમાં સાચા અર્થમાં લઘુમતીઓનું કલ્યાણની વાત હોત તો મારે પુછવું છે કે આમ કેમ થાય છે? શા માટે આમ થાય છે? ૨૦૦૬-૦૭ માં લઘુમતી ઉપર અત્યાચારના ગુનાઓની સંખ્યા ૧૨૪૪ છે અને ૨૦૦૭-૦૮ માં લઘુમતીઓ ઉપરના હુમલાની સંખ્યા ૧૩૭૨ છે? આ સંખ્યામાં વધારો થયો છે. અને તેના પછીના વર્ષોમાં આ સંખ્યા   ઘટવામાં કયાંય નથી આવી. હું તો એમ છતાં કહીશ અને ઈચ્છું છું કે "કાશ મેરે મુલકમેં એસી ફીઝા ચલે, કી મંદિર જલે તો રંઝ મુસલમાંકો હો, ઓર મસ્જીદકી આબરુ પામાલ ન હો, ઉસકી ફીકર મંદિરકે નીગેબાંમે હો," એ વાતાવરણ પેદા થાય એવું આપણે ઈચ્છી રહ્યા છીએ. (અંતરાય) જલાનેકા કામ કામ કરતે હો, વોહી કરતે હો. માનનીય અધ્યક્ષશ્રી, માનવ અધિકાર પંચ ગુજરાતનું બન્યું ત્યારથી તેને પૂર્ણ સમયનું માનવ અધિકાર પંચ તરીકે કામ કરવાની ક્ષમતા આપણે આપવાનો પ્રત્ન ન કરીએ? જે પંચમાં કર્મચારીઓ કે અધિકારીઓની માંગ છે એ પ્રમાણેનો વધારો કરવો જોઈએ તે વધારો પણ આપણે માનવ અધિકાર પંચમાં કરી શકયા નથી. આર.ટી.આઈ.ના કમિશ્નર, શા માટે અમુક રાજયમાં દસ દસ મુકાય છે અહીં  ભરાવો થયો છે કેસોનો તો આર.ટી.આઈ.ના કમિશનરની સંખ્યામાં કેમ વધારો ન કરી શકાય? આર.ટી.આઈ. કમિશ્નર મારફત કાયદામાં જોગવાઈ છે કે વિધાનસભામાં તેનો રિપોર્ટ આવવો જોઈએ. આજ સુધી તેનો રિપોર્ટ રજૂ થયો નથી. લોકાયુકતની નિમણૂક આજ સુધી થાય નહીં, ઉપાધ્યક્ષની ખુરશી આ વિધાનસભામાં ખાલી હોય, આજ સુધી વિરોધપક્ષને મળતું હોય તે આજે પણ ખાલી છે, મને આનંદ છે આત્મારામભાઈ, કે મુખ્ય મંત્રીશ્રીએ કહયું કે જયારે આપીશું ત્યારે વિરોધપક્ષને આપીશું. તે વાતમાં સંમત, પણ કયારે આપીશું તે કહયું નથી. એટલે આપનો તો મેળ પડે એમ નથી. એટલે ઉપાધ્યક્ષશ્રીની ખુરશી આટલો સમય ખાલી રહે તો શું આને બંધારણીય લોકશાહી વ્યવસ્થા કહેવાશે ખરી? બંધારણીય જગ્યાઓ પણ ન ભરી શકાય ? કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ આ રાજયમાં સદંતર કથળતી જાય છે. ઉમરેઠનો હું એક દાખલો આપીશ. એક પત્રકારે ત્યાંના બુટલેગર કાંતી નામના માણસની સામે અહેવાલ લખ્યો છાપામાં, અને બીજા દિવસે શું બન્યું કે ત્યાંના પોલીસ સ્ટેશનમાંથી જીપ જાય છે એ પત્રકાર કોર્ટની બહાર બેઠો છે તેને જીપમાં નાખીને પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવે અને ઢોર માર મારવામાં આવે છે. પત્રકાર સંઘના પ્રમુખ બાબુભાઈ ત્યાં જાય છે તેને લઈને હોસ્પિટલમાં દાખલ કરે છે. ગામ હડતાળ પાડે છે પણ

આ સરકારનું રૂંવાડું પણ ફરકતું નથી. તે પોલીસ અધિકારીને ત્યાંથી સસ્પેન્ડ કરવો જોઈએ તે તો ઠીક પણ તેની ટ્રાન્સફર કરવા સુધીની ચિંતા પણ આ રાજય સરકારને નથી. પોરબંદરમાં અતિશય પ્રતિષ્ઠિત માણસ, મુળુભાઈ મોઢવાડીયા, ગામના પ્રતિષ્ઠિત નાગરિક, એ માણસની હત્યા કરવામાં આવે છે. એટલા માટે હત્યા કરવામાં આવે છે કે એ ગુનેગારો સામે લડનાર માણસ ગુંડાગર્દી કરનાર સામે લડનારો માણસ છે તેની હત્યા કરવામાં આવે છે. એક ધોબીએ કહયું, ભગવાન રામે સીતાજીનો ત્યાગ કર્યો હતો. આપણે સત્તાને ચીટકી રહેવાના બદલે જયારે આક્ષેપ આવે ત્યારે અગ્નિ પરીક્ષાઓ આપવાની તૈયારી રાખીએ છીએ ખરા? A letter of January ૧૯, ૨૦૧૧ is addressed to the Chief Secretary of the State where in it is clearly written that Honorable Chief Minister has instructed me to give the land and I have granted land and against that, Honorable Chief Minister has taken money vide cheque number so and so for Rupees ૫૦ lakhs, Rupees ૨૫ lakhs and Rs.૩૫ lakhs. Are we not ready to face the prosecution? Are we afraid of anything? Why are not we prepared to give this investigation to the sitting Judge of the Supreme Court or we are not ready for CBI investigation. If you are a clear hands, if..

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### સબ જયુડીશ મેટર અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દાની માનનીય વિપક્ષના નેતાશ્રી પોતાના પ્રવચનમાં ઉલ્લેખ કરી રહયા છે એ સમગ્ર મુદ્દો અત્યારે ગુજરાત હાઈકોર્ટમાં નિર્ણય લેવાની દિશામાં છે. એની ચર્ચાના સ્તરે છે. મને લાગે છે કે ચીફ સેક્રેટરી એ એડ્રેસ કરીને લખેલા પત્રના સંદર્ભમાં જે ઉલ્લેખો થયા છે એ ઉલ્લેખો અત્યારે નામદાર હાઈકોર્ટમાં ન્યાયધીન હોવાથી, સબજયુડીશ મેટર હોવાથી આ મુદ્દાની, અત્રે એ પત્રનો પણ ઉલ્લેખ કરવો યોગ્ય નથી. એ હું આપના ધ્યાને મૂકું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : There are two letters. One is written to the Investigating Officer...

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : જેમાં ૨૫ લાખ, ૪૫ લાખ, ૧૫ લાખનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હું સ્પેસિફિક એના માટે કહેવા માગું છું જે પત્રનો અંદર એમણે ઉલ્લેખ કર્યો એ પત્ર અત્યારે હાઈકોર્ટમાં જે પીટીશન છે એ પીટીશનમાં એનો ઉલ્લેખ કર્યો છે એટલે એનો કોઈ પણ જાતનો ઉલ્લેખ આ સન્માનનીય સભાગૃહની અંદર કરવો મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. આપના ધ્યાન ઉપર મૂકું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પત્ર ચીફ સેક્રેટરીને લખાયેલો છે. જે ઈન્વેસ્ટીગેશન ઓફિસરને પત્ર લખાયેલો હતો એ પત્રનો હું કયાંય (અંતરાય) બન્ને વાત જ જુદી છે. અરે ભાઈ, આમાં સ્ત્રીનો ઉલ્લેખ છે તેની વાત પર હજી હું નથી આવ્યો ત્યાં શેના અકળાવ છો?..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : સબજયુડીશ મેટરના મુદ્દાનો આ સભાગૃહમાં ઉલ્લેખ કરવો યોગ્ય નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું ગૃહની આમન્યા જાળવીને પરંતુ પ્રદિપભાઈ મને કમ્પેલ કરે છે, હું નહીં વાંચુ એ. જે સ્ત્રીના ઉલ્લેખ સુધીનો આ પત્રમાં છે એમાં હું નથી પડતો અને હું જે વાત કરું છું..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, એ રેકોર્ડ ઉપરથી પણ દૂર કરવું જોઈએ. આ પ્રમાણેના પત્રનો ઉલ્લેખ રેકોર્ડ ઉપરથી પણ દૂર કરવો જોઈએ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું મારી વાત અહીંયા પૂરી કરું છું. મારા સભ્યોનો સમય ન વેડફાય, આ સમય હવે એમનામાં ગણાય. માનનીય અધ્યક્ષશ્રી, હું રાજયપાલશ્રીના આ પ્રસ્તાવને સમર્થન આપી શકતો નથી. મારા મુદ્દાઓની વાત કરીને હું મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : પોઈન્ટ ઓફ ઓર્ડરની જે વાત કરી તેમાં આપ નિર્ણય આપો કે જે મેટર સબજયુડીશ હોય એની ચર્ચા થાય કે નહીં? (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારી વિનંતી છે, તેમણે જે પત્રનો ઉલ્લેખ કર્યો છે, અત્યારે નામદાર હાઈકોર્ટ હેઠળ છે. (અંતરાય) મેજ ઉપર મૂકવા માટે હું નથી કહેતો, માનનીય અધ્યક્ષશ્રી, મારો માત્ર કહેવાનો આશય એટલો છે કે નામદાર હાઈકોર્ટ પાસે જે વિગતો અત્યારે ચાલતી હોય, એમણે જે ઉલ્લેખ કર્યા છે એ આ સભાગૃહના રેકોર્ડ ઉપર રાખવા પણ યોગ્ય નથી. એને આ સભાગૃહના રેકોર્ડ ઉપરથી રદ કરવામાં આવે..(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : શેના માટે..

**અધ્યક્ષશ્રી** : જે શબ્દો કોર્ટ મેટર ચાલુ હોય તેને લગતા હશે તો તેને રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે. (અંતરાય) શ્રીમતી જશુમતીબેન.

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રજનીભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મહામહિમ્ રાજયપાલશ્રી પોતાનું પ્રવચન આપી રહયા હતા અને એ પ્રવચન વખતે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે વિરોધપક્ષના લોકોએ જે હોબાળો મચાવીને પ્રવચન અટકાવવા માટે..

### વિરામ ૪-૩૦ થી ૫-૦૦

### અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** :માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી રજનીકાન્તભાઈ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું. આ સન્માનનીય ગૃહમાં આપણા સન્માનનીય મહામહિમ રાજયપાલશ્રી બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનો જ્યારે મંગલ પ્રારંભ કરી રહ્યા હતા ત્યારે અને પોતાની પ્રવચન આપી રહ્યા હતા ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, વિરોધપક્ષના સભ્યોએ હોબાળો બોલાવી અને એમનું પ્રવચન અટકાવવા માટેનો પ્રયત્ન કર્યો છે અને અહીંયાં બેસીને લોકશાહીની વાતો કરે એ એમના મોઢે શોભતું નથી એવું મને લાગે છે. વિપક્ષના નેતા એમનું પ્રવચન આપતા હતા ત્યારે ટીકા કરતા હતા. મારે કહેવું નહોતું જોઈતું. પરંતુ પોતે બીજાના કપડાં પહેરીને આ ગૃહમાં આવે છે અને એ ગાંધીજીના વિચારોની સાથે સુસંગત છે કે નહીં એ વિચારવાની જરૂર છે. વિધાનસભાની અંદર છેલ્લા દસ વર્ષથી હું આવું છું. લોકશાહીનું ખૂન પણ આ વિધાનસભાની અંદર કર્યું છે અને અહિંસાની વાતો કરે છે. અધ્યક્ષ ઉપર માઇક ફેંકવાના બનાવો આ ગૃહની અંદર બન્યા છે ત્યારે ગાંધીજીની અહિંસાની વાત કરે છે એ એમને યોગ્ય લાગે છે? એ એમના હૃદય ઉપર હાથ મૂકીને પૂછે તો ખ્યાલ આવે. મને એવું લાગે છે કે, આ ગુજરાત રાજયે જે છેવાડાના માનવી સુધી પહોંચીને ગુજરાતનો વિકાસ કર્યો છે અને કોંગ્રેસને ગુજરાતની અંદર કયાંય ઊભા રહેવાનું સ્થાન નથી અને એટલા માટે જ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો વિરોધ કરી રહ્યા હતા. સરકારે આ રાજયનો વિકાસ કરવા માટે થઈને ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકી છે અને એની અમલવારી પણ આ રાજયની અંદર થઈ ચૂકી છે. ત્યારે હું એટલી જ વાત કરીશ કે, આ રાજયની અંદર પીવાના પાણીની જ્યારે તકલીફ હતી, આ ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારે શાસન સંભાળ્યું અને એ સાથે જ ગુજરાતના છેવાડાના ગામડાની અંદર પીવાના પાણીના પ્રશ્નો હતા, અમે કોંગ્રેસના શાસનમાં બેડા યુદ્ધ જોયું છે, કોંગ્રેસના શાસનમાં પાણીના ટેન્કરો ચાલતા અમે જોયા છે. આજે આ બધું બંધ થઈ ગયું છે. આજે કોંગ્રેસની બોલતી બંધ થઈ ગઈ છે અને એટલે જ બધી તકલીફો પડે છે. જ્યારે જ્યારે ચૂંટણીઓની અંદર ભારતીય જનતા પાર્ટીએ વચનો આપ્યા અને એ વચનો પૂરા કર્યા છે.

તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ગઈ, નગરપાલિકાની ચૂંટણીઓ ગઈ ત્યારે આપણે એમને બતાવી દીધું છે. રાજય સરકારે પાણીની અછત ભોગવતા ગામડાઓની અંદર એમાં પણ ખાસકરીને કચ્છ અને સૌરાષ્ટ્રમાં, હું સૌરાષ્ટ્રમાંથી આવું છું એટલે ખબર છે.એક દિવસ સૌરાષ્ટ્રને હિજરત કરવી પડે એવી

પરિસ્થિતિ ઉભી થઈ હતી, ત્યારે સૌરાષ્ટ્રની અંદર પીવાનું પાણી લોકોને ચોખ્ખું મળે, શુદ્ધ પાણી મળે, એના માટે થઈને મહી પરિયોજના આધારિત નર્મદાનું પાણી આજે ગુજરાતના ગામડાની અંદર હું આકડા આપું તો ૧૦,૬૭૫ ગામો, ૧૨૭ જેટલા શહેરોને એટલે કે સાડા ત્રણ કરોડ વસ્તીને આજે નર્મદાનું ચોખ્ખું પીવા માટે મળે છે. આ રાજયવ્યાપી પાણી પુરવઠાની ગ્રીડ હેઠળ આવરી લઈને લોકોને જે સ્વચ્છ પાણી આજે આપણે પૂરું પાડીએ છીએ, રોજનું ૨૦૦ કરોડ લીટરથી વધારે પાણી આજે ગામડાને પહોંચાડવામાં આવે છે. પાણી પુરવઠા યોજનાની જ્યારે આ લાઈન નખાતી હતી, માનનીય આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી અમરસિંહભાઈ નથી અત્યારે આ ગૃહની અંદર ત્યારે એવું બોલ્યા હતા, કીધું હતું એમણે કે તમે લાઈન નાખો છો પાણીની એમાં પાણી નહીં આવે, હવા આવશે. પરંતુ આજે એ લાઈનની અંદર હવા નહીં પણ પાણી આવે છે. કેટલા કિલોમીટર લાઈન નાખી, ૨૧૭૮ કિલોમીટર લાઈન નાખી, બલ્ક પાઈપ લાઈનો ૧ લાખ ૧૬હજાર કિલોમીટર બલ્ક પાઈપ લાઈનો નાખી અને આજે પાણીનું વિતરણ થાય છે, ૧૫૫ જેટલા ફિલ્ટર પ્લાન્ટો આજે ચાલે છે. આજે મારે ગૌરવ સાથે એટલા માટે કહેવું પડે છે, હું પણ એક મહિલા છું, અને મહિલાની વેદના સમજુ છું કે પીવાનું પાણી કે ઘર વપરાશ માટે પાણી ન મળે ત્યારે બહેનોની પરિસ્થિતિ કેવી હોય છે, એ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નરોત્તમકાકા એમણે આ યોજનાઓ બનાવી એટલે પીવાનું પાણી આજે ગામડાની અંદર મળે છે, સાથેસાથે લોકભાગીદાર બનાવીને, એટલે કે લોકોને જોડીને, ૧૦ ટકા લોકફાળો ભરાવીને આજે વાસ્મોની યોજના પણ આજે ગામડાની અંદર, જે ગામડાઓ જોડાય છે એ યોજનાઓ ૯૦ ટકા સરકારનો ફાળો અને ૧૦ ટકા લોકફાળાના કારણે પણ આજે ગામડાની અંદર વાસ્મોની યોજના પણ આજે કાર્યરત છે અને એના કારણે રાજયને જે એવોર્ડો મળ્યા છે, અતિપ્રતિષ્ઠિત યુનાઈટેડ નેશનલ પબ્લિક સર્વિસ એવોર્ડ ૨૦૦૯ અને કોમન વેલ્થનો કાપામ એકસલેન્સ એવોર્ડ ૨૦૧૦ પ્રાપ્ત થયો છે. આ રાજય સરકારે આવા અનેક એવોર્ડો સારી કામગીરીના કારણે મેળવ્યા છે ત્યારે મહામહિમ રાજયપાલશ્રીએ જે આ ગૃહની અંદર જે પ્રવચન આપ્યું હતું અને એમનો આભાર પ્રસ્તાવ ભાઈશ્રી રજનીભાઈ લઈને આવ્યા છે ત્યારે એમને મારું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ પણ છે આજે કે આપશ્રી ગૃહનું અધ્યક્ષસ્થાન સંભાળી રહ્યા છો ત્યારે વિધાનસભાના સદસ્ય ભાઈશ્રી રજનીભાઈ રાજયપાલશ્રીના ગૃહના સંબોધન પર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એ અંગે મારા વિચારો વ્યકત કરુ છું એમને હું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ જયંતીનું વર્ષ છે. ગવર્નરશ્રી જેવી સન્માનનીય વ્યક્તિ, મહિલા શક્તિનું એક પ્રતિક અને મા તુલ્ય કમલાજી જ્યારે આ ગૃહમાં આવ્યાં ત્યારે એક વડીલ ગૃહમાં એન્ટ્રી પાડે એ પ્રકારનો મોભો, ગૃહમાં આવતા આનંદ થાય એવો એમના ચહેરા ઉપર આનંદ જોયો હતો. પણ ત્યાર પછી હાઉસમાં જે પરિસ્થિતિ પેદા થઈ. જેમણે આખી જીંદગી કોંગ્રેસને સત્તા અપાવવા માટે રાજસ્થાનમાં ખર્ચી નાખી, ખૂબ નાની વયથી રાજકારણમાં પ્રવેશ કરીને કોંગ્રેસના માટે તનતોડ મહેનત કરી હતી એવા મહામહિમ રાજ્યપાલશ્રીના આ ગૃહને સંબોધન વખતે વિનય અને વિવેક તો બાજુએ રહ્યો પણ ઉમરનો મલાજો પાળવાની પણ આ મિત્રોએ નથી કર્યું. તમે તો શોરબકોર કર્યો, એમનું અપમાન થાય, એમની અવહેલના થાય એવું વર્તન કર્યું. મને એટલા માટે દુઃખ થાય છે કે મારે એમને સાંભળવા હતા. અમારે એમને સાંભળવા હતા. રાજ્યપાલશ્રીનું પ્રવચન, ગૃહને સંબોધન આપ મિત્રોએ વાંચવાની તસ્દી લીધી હોત તો એમનો વિરોધ ન કરતા. બીજો ફકરો વાંચી જજો. બીજા ફકરામાં લખ્યું છે કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી કેટલાક વર્ષોમાં આપણા દેશે દરેક ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છે અને છેલ્લી બે લીટી વાંચી લેજો. આખા ફકરામાં ક્યાંય રાજકારણ નથી. રાજકારણ ખેડવા માટે અમારી પાસે જગ્યા છે અને લોકશાહીમાં મતદાનનું ખૂબ મોટું ક્ષેત્ર છે. આવો, તમારી તાકાત હોય તો તમારો સામનો કરવા તૈયાર છીએ. વિધાનસભા લોકશાહીનું મંદિર છે એને અમારે સમરાંગણ બનાવવું નથી, અમારે યુદ્ધનું મેદાન બનાવવું નથી. એટલા માટે કહીએ છીએ કે જો તમે રાજ્યપાલશ્રીનું પ્રવચન વાંચ્યું હોત તો બીજો પેરા વાંચો. એમાં લખ્યું છે, છેલ્લા શબ્દો છે, રાજકારણથી આજે વિશ્વભરમાં ભારતનો આદર અને સન્માનની દ્રષ્ટિથી જોવામાં આવે છે અને આંતરરાષ્ટ્રીય મંચ ઉપર ભારતની વાત ધ્યાનપૂર્વક સાંભળવામાં આવે છે. આ શબ્દોની સજાવટ નથી, અમારા હ્રદયમાંથી નીકળતાં શબ્દોને પુસ્તિકામાં અંકિત કર્યા છે. મારે વાત કરવી છે કે જ્યારે રાજ્યપાલશ્રીએ એમનું પ્રવચન શરૂ કર્યું ત્યારે એમને એમ હતું કે, (અંતરાય) જગ્યા તો આવતી રહે અને ખાલી થતી રહે, એની ચિંતા તમારે કરવાની જરૂર નથી. ભારતીય જનતા પાર્ટીના એવા અનેક કાર્યકર્તાઓ છે કે જેમણે વિધાનસભાનું મોઢું પણ જોયું નથી. અમે તો ભાગ્યશાળી છીએ કે ૨૦-૨૦ વર્ષ સુધી આ પાર્ટીએ અમને વિધાનસભામાં મોકલ્યા છે. મહેરબાની કરીને લુઝ કોમેન્ટ કરવાનું બંધ કરો. મારે કહેવું છે કે જેણે આખી જીંદગી ખર્ચી નાખી એ જ્યારે પ્રવચન આપીને નીકળ્યા ત્યારે એમના ચહેરા પર હતાશા હતી, નિરાશા હતી. એમના ચહેરા ઉપર અમારા ફકીરભાઈના શબ્દો પ્રમાણે ગ્લાની છવાયેલી હતી. એટલા માટે કે આ ઉંમરે આવા મોટા સજ્જન માણસોનો એણે સામનો કરવાનો હતો? બીજા શબ્દો બોલતો નથી. બાકી તમને ખબર છે એ કયા શબ્દો હોય? અમે એટલા માટે કહીએ છીએ કે રાજ્યપાલશ્રીના આગમન વખતે જે થયું છે એને ગુજરાતની ગરિમાને જાંખપ લગાડી છે. એમના આ ગેરવર્તનથી ગુજરાતની છબી ખરડાઈ છે અને ગુજરાતનું ગૌરવ હણાયું છે. કદાચ આ હાઉસ માફી કરશે પણ રાજ્યપાલશ્રી ક્યારેય આ વર્તનને માફ કરી શકે તેમ નથી. મારે વાત કરવી છે કે અનેક વાતો બહેને કહી. હું

એટલું કહીશ કે કાચ કે ઘરમેં રહેને વાલે, જો ખુદ કાચ કે ઘરમેં રહેતેં હૈ, શક્તિસિંહભાઈ બેને તમારી વાત કરી હતી. કાચ કે ઘર મેં રહેને વાલે ઔરો કે ઘર મેં પથ્થર નહિ ફેંકા કરતે. (અંતરાય) ચાલો હવે એ તમારો વિષય છે. જો આ થાય તો સારું, અત્યારે ને અત્યારે થાય તો (અંતરાય) મારી વાત સાંભળી લો, અત્યારે થાય તો કરાવી દો. નહિ, તો તમારી પરિસ્થિતિ એવી છે કે તમારી પાસે અત્યારે બે ભૂતિયાકાર્ડ છે એક શકિતસિંહજી જે રાજીનામું આપી ચુકયાં છે એક ભૂતિયાકાર્ડ અને બીજા અમારાં સિધ્ધાર્થભાઈ કે જે રાજીનામું આપી ચુકયાં છે એ બે ભૂતિયાકાર્ડો તમારી પાસે છે અને આ ભૂતિયાકાર્ડોના આધારે તમે રમત રમવા નીકળ્યાં છો. આ મુશ્કેલી તમારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે ગર્વનરના પ્રવચનમાં જો ગયા હોય, ગર્વનરના પ્રવચનમાં ઊંડા ઉતરવાની જરૂર હતી. એમાં વંચિતોના, દલિતોના અને લઘુમતિના વિકાસની વાત, આ તો સાહેબ પરિસ્થિતિ એવી છે કે અમે કરીએ એ બધું સારું, અમેય સારું કરીએ કોઈકની સેવા કરવાની, દલિતોની સેવા કરવાની, વંચિતોની સેવા કરવાની, ગરીબોની સેવા કરવાની, સાહેબ, અત્યાર સુધી એવું હતું કે આ દલિતોનો, વંચિતોનો, ગરીબોનો અમે ઠેકો લીધો છે. એવું આજે લઘુમતીની બાબતમાં માનનીય વિપક્ષના નેતાએ જે શબ્દ ઉચ્ચાર્યા છે એમાંથી સારા મેસેજ નથી જતા, ઓન ધ કોન્ટરરી તમારે હેપી થવું જોઈએ કે ગુજરાતમાં સર્વાંગી વિકાસની વાત (અંતરાય) બધાને કરવાની વાત જ્યારે આ સરકારે શરૂ કરી છે ત્યારે મારે વાત એ કરવી છે કે, હમણાં કાયદો અને વ્યવસ્થાની વાતો થતી હતી. આ સાહેબ, કાયદો અને વ્યવસ્થાની વાત થાય છેને ત્યારે મને ખબર છે પોરબંદરની વાત કરી. પોરબંદરમાં કોંગ્રેસના શાસનમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કેવી હતી? એ આ હાઉસને અને ગુજરાતને ખબર છે. પોરબંદરની જ્યાં હદ શરૂ થતી હતીને ત્યાં લખવામાં આવ્યું હતું કે અહીંયાથી ગુજરાતના કાયદો અને વ્યવસ્થાના શાસનની હદ પૂરી થાય છે. આજે અમને ગૌરવ છે કે આજે ગુજરાતમાં અને ગુજરાતની ઓળખ કેવી હતી? આ ગુજરાતની ઓળખ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી એના નામની ઓળખ હતી. વચેનું શાસન કેવું આવ્યું? ગુજરાતની ઓળખ માટે આપણે એમ કહેવું પડે કચ્છ એટલે ઈભલા શેઠનું, અમદાવાદ તો લતીફનું, સૂરત તો મહંમ્મદ સૂરતીનું આ ઓળખને ભૂંસવાનું કામ ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે અને અનેક ચમરબંધોને જેલના સળિયા પાછળ મોકલવાનું કામ ભા.જ.પ.ના શાસનમાં થયું છે એનું અમને ગૌરવ છે અને એ પરંપરા ચાલુ રહેવાની છે આગામી દિવસોમાં ગુજરાતમાં આવો કોઈ પણ ચમરબંધી કે આવો ગમે તે આવશે તો એનું સ્થાન જેલમાં હશે યાં (અંતરાય) એ તમને સારી રીતે ખબર છે કે કયાં હશે. ગુજરાતના પાંચ કરોડ લોકોના (અંતરાય.. અમિતભાઈનું.. અંતરાય) એ જ વાત કરવી છે મારે. મારે એજ બોલાવવું હતું તમારા મોઢે. સી.બી.આઈ.નો કેવો દુરુપયોગ થઈ રહ્યો છે એ ગુજરાત અને આખું રાષ્ય જુએ છે. મારે આપને એ કહવું છે કે કદાચ સત્યને, હમણાં ભાઈશ્રીએ અગાઉ વાત કરી કે સત્યને હેરાન-પરેશાન થવું પડે પણ આખરે સત્યનો વિજય છે. છેલ્લું હાસ્ય સત્યનું હોય છે અને એજ અમારા અમિત શાહનું છેલ્લું હાસ્ય હશે એ પણ લખી લેજો દોસ્તો. મારે મિત્રો વાત એ કરવી છે કે સી.બી.આઈ.નો દુરુપયોગ કરનારાઓ આગામી દિવસોમાં પરિસ્થિતિ બહુ ખરાબ આવવાની છે. ગુજરાતમાં તમે શોધેલા મળશો નહિ. એ પ્રકારની પરિસ્થિતિ પેદા થવાની છે અને એટલા માટે કહું છું કે જ્યારે ગુજરાતના વિકાસની, ગરીબોના વિકાસની, વંચિતોના વિકાસની વાત થતી હોય ત્યારે મહેરબાની કરીને તમે એમાં ભાગ ના લઈ શકો તો વાંધો નહિ પણ હવનમાં હાડકાં નાંખવાનું કામ મહેરબાની કરીને નહિ કરો. ગુજરાત કયારેય માફ નહિ કરે. મારે આપને વાત એ કરવી છે કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પોરબંદરનો દાખલો આપીને અમને કહેતા હતા. કેટલી રાજકીય હત્યાઓ તમારા શાસનમાં થઈ છે એ ભૂલી ગયા છો? યાદ અપાવું અમદાવાદના સાસંદ, રાજસભાનાસભ્ય રફી ઉલ્લાહની કોના શાસનમાં હત્યા થઈ હતી મિત્રો? કોંગ્રેસના શાસનમાં ધોળે દિવસે હત્યા થઈ હતી. પોપટ લાલ સોરઠીયાની હત્યા થઈ હતી, ડો.વલ્લભભાઈની હત્યા થઈ હતી અને એટલા માટે કહું છું કે, કાચ કે ઘર મેં રહેને વાલે ઔરો કે ઘર મેં પથ્થર નહિ ફેંકા કરતે. આ મહેરબાની કરીને મારે આપને આ એટલા માટે યાદ અપાવવું છે કે, ગુજરાત અત્યારે આ પરિસ્થિતિમાંથી બહાર છે, ગુજરાત અત્યારે વિકાસના માર્ગે છે, ગુજરાતમાં અત્યારે સર્વાંગી વિકાસ થાય છે અને જ્યારે ગુજરાત સર્વાંગી વિકાસ કરતું હોય ત્યારે મિત્રો હું તો એમ કહીશ આપને કે ગુજરાતના સર્વાંગી વિકાસમાં આવો આપણે સૌ સાથે જોડાઈએ, આવો આપણે સૌ સાથે જોડાઈએ અને મિત્રો એ ભાવ, આ ભાવ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનના છેલ્લા પૅરામાં છે. આ એટલા માટે આપને કહું છું કે, *(xxxx) (xxxx) શકિતસિંહભાઈ ચોપડા ખોલવાની જરૂર નથી, ચાલો તમારો વિષય પૂરો. માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે કે, આટલું બધું અપમાન અને અવહેલના સહન કર્યા પછી આ રાજયપાલશ્રીએ આપણા માટે કેવી ભદ્ર ભાવના વ્યક્ત કરી છે, આ ગુજરાત માટે કેવી ભદ્ર ભાવના વ્યક્ત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ ખરેખર આપણને એક એવી અપીલ કરી છે અને અપીલ કરે એવા કક્ષાએ

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છે, એવી ઉંમરે છે, રાજકારણ કે પક્ષાપક્ષી અમે લાવતા નથી પણ છેલ્લા પૅરામાં જે શબ્દો છે કે, આવા સમયમાં ગુજરાતનું ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની જવાબદારી રાજયની પ્રજાએ આ સભાગૃહના દરેક સન્નમાનીય સભ્યશ્રીઓને સોંપી છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલા ઉમદા વિચારો છે અને કેટલી મોટી અપેક્ષા છે. આ વિધાનગૃહમાં બેઠેલા સભ્યોનું કેટલું મોટું સન્નમાન કરે છે આ રાજયપાલશ્રી અને એના પ્રવચનમાં વિધ્ન, એના પ્રવચનનો વિરોધ ? માનનીય અધ્યક્ષશ્રી, આ કઈ રીતે ચલાવી શકાય અને મારે માનનીય અધ્યક્ષશ્રી, આનાથી આગળ જવું છે. એમણે કહ્યું છે કે, આ પ્રસંગે આપ સૌ આપના સાર્વજનિક જીવનના સુદિર્ઘ અનુભવો અને સામાન્ય પ્રજાની અપેક્ષાને ધ્યાનમાં રાખીને આ સભાગૃહના લોક પ્રતિનિધિ તરીકે માનનીય અધ્યક્ષશ્રી, હું આ શબ્દો વાંચું, એ મારા મિત્રો જરા ધ્યાનથી સાંભળે, લોક પ્રતિનિધિ તરીકે, માનનીય અધ્યક્ષશ્રી, હું શબ્દો વાંચું છું એ મારા મિત્રો જરા ધ્યાનથી સાંભળે, લોક પ્રતિનિધિ તરીકે શાંતિ, એકતા, સૌહાર્દ અને વિકાસની ભાવના સાથે આપણા રાષ્ટ્ર તથા રાજયને નવી ઊંચાઈ સુધી પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહેશો એવી અપેક્ષા આપણી પાસે રાખી. ( સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારી એક વાત કહી પૂરું કરીશ કે આને શ્રેષ્ઠ પ્રદાન આપીને આ લોકશાહીની પરંપરા જળવાય એ પ્રકારના અનેક કલ્યાણકારી પગલાંઓનો માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ છે, અત્યારે હું એટલું કહીશ કે વિધાનસભાના મારા સાથી ભાઈશ્રી રજનીકાન્તભાઈ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને આટલું કહી હું મારા પ્રવચનને વિરામ આપું છું.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના આ ગૃહમાં પ્રવચન પરના આભાર પ્રસ્તાવ પર મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા સાથી ધારાસભ્ય ભાઈશ્રી આત્મારામભાઈને હું ખૂબ ધ્યાનપૂર્વક સાંભળતો હતો. એમણે વાત કરી કે, તમે સી.બી.આઈ.નો દુરુપયોગ કરો છો. સાહેબ ભા.જ.પ.માં અહીંયા ગુજરાતમાં ભા.જ.પ.ની સરકાર, કેન્દ્રમાં એન.ડી.એ.નું શાસન, ભા.જ.પ.ના જ માજી ગૃહ મંત્રીની હત્યા થાય, સી.બી.આઈ. તપાસ કરે પછી શું પરિણામ આવ્યું ? ત્યારે સદુપયોગ હતો અને અત્યારે જે થાય છે એ દુરુપયોગ થાય છે ? સાહેબ જોવાના કાટલા છે ચશમાના એ બે ડબલ રાખીને મારા મિત્રો ના જુઓ. માનનીય જશુબેન, કે ગુજરાતમાં આજે બેડા યુદ્ધ પૂરું થઈ ગયું છે, ગામડે ગામડે આજે નળથી પાણી મળે, ટૅન્કરો તો ભૂતકાળની બાબત બની ગઈ, જશુબેન હું તમને આજે જ ચેલેન્જ કરું છું કે આવો મારા જોડિયા તાલુકામાં આજે દસ ગામડામાં ટૅન્કરો ચાલુ છે, પાણી જામનગર જિલ્લામાં ૨૫૦ જેટલા ગામડાઓમાં પીવા લાયક પાણી નથી જે આપવામાં આવે અને આ સરકારનો સરવે કહે છે હું નથી કહેતો સાહેબ.

આ સ્વર્ણિમ ગુજરાતનું સ્વર્ણિમ વર્ષ અને ગરીબ કલ્યાણ મેળાની હું વાતો ધ્યાનથી સાંભળતો હતો. હું મારા જિલ્લામાં માનનીય મુખ્યમંત્રીશ્રી આવવાના હતા એટલે એના માનમાં હું ગરીબ કલ્યાણ મેળામાં ગયો હતો. મેં જોયું પહેલાં તો હું બહુ પ્રભાવિત થયો. મેં નરેન્દ્રભાઈને અભિનંદન પણ આપ્યા. પછી ભાષણો ચાલુ થયા અને હું તો ચાલ્યો આવ્યો. બીજે દિવસે સવારે જશુબેન, મારી ઓફિસમાં બેઠો હતો અને માણસોની કાગળીયા લઈને લાઈન લાગી કે અમને અહીંથી લઈ ગયા હતા, આ કાગળીયું દીધું હતું. અમને ચેક આપશે, અમને આ આપશે. કયારે મળશે અમને તપાસ કરાવી દો. તલાટી કમ મંત્રી, ગ્રામસેવકો, સરકારી માણસો બસોમાં ખોટી લાલચો આપીને માણસોને ભરી જાય. ત્યાં વ્યવસ્થિતપણે

મેળાવડો થાય. આઠ-દસ જણાને કદાચ ચેક આપવામાં આવતો હશે. હું એમ નથી કહેતો કે સાવ નથી આપતા પણ આખા વર્ષમાં જે સરકારે કામગીરી કરવાની હોય સરકારી યોજનાની એ સંધીયે એક દિવસે કરવામાં આવે. આખું વર્ષ કામ ઠપ રહે અને એમ કહે કે અત્યાર સુધી તો એક રૂપિયો અમે મોકલતા હતા પંદર પૈસા નીચે પહોંચતા હતા. સાહેબ, આ ગરીબ કલ્યાણ મેળા તો એક વર્ષથી ચાલુ થયા છે. ભા.જ.પા.ની સરકાર તો ગુજરાતમાં દસ અગિયાર વર્ષથી આવી છે. સોળ વર્ષ થયા છે સાહેબ. તો બાકીના વર્ષોમાં આ રૂપિયાના પંદર પૈસા આપતા હતા એ તો એના મોઢેથી સાબિત કરે છે. રાજયપાલશ્રીનું પ્રવચન બહુ ધ્યાનપૂર્વક મેં વાંચ્યુ. મને આશા હતી કે સ્વર્ણિમ ગુજરાતના સ્વર્ણિમ વર્ષમાં કિસાનોના હિતમાટે કાયમ વાત કરતી આ ભા.જ.પા.ની સરકાર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોને જે વીજ કનેકશન આપવામાં ડાર્ક ઝોન નડે છે એ ડાર્ક ઝોન આ સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે રદ કરીને આવા ખેડૂતો વર્ષોથી જે કનેકશનની વાટ જુએ છે એને કનેકશન આપવાની જાહેરાત કરશે. એ જાહેરાત તો ન કરી પણ માનનીય ઉર્જા મંત્રીશ્રીએ સ્વર્ણિમ ગુજરાત, સ્વર્ણિમ વર્ષ નિમિત્તે પચાસ હજાર કનેકશનો ખેડૂતોને આપવાની જાહેરાત કરી. ૧૯૯૨ થી મારા તાલુકામાં વીજ કનેકશનની અરજીઓ પેન્ડીંગ છે. હવે આ લોકોએ જાહેરાત એવી કરી છે કે ૨૦૦૯ સુધી જેણે અરજી કરી હોય ઈ આ તત્કાલ વીજ કનેકશનનો લાભ લઈ શકશે. પાંચસો રૂપિયા વધારાના ઉધરાવે છે. અગાઉ પણ જેણે અરજી કરી છે એને હજી કનેકશનો ઓગણીસ ઓગણીસ વર્ષો સુધી નથી મળ્યા અને વધારાના પાંચસો રૂપિયા ઉઘરાવે છે. જો એની દાનત ખરેખર સાચી હોત તો આ સ્વર્ણિમ ગુજરાત અને સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે ગુજરાતનો એક પણ ખેડૂત આ વર્ષમાં વીજ કનેકશન વગર બાકી ન રહેવા જોઈએ એના બદલે માત્ર બનાવટ થાય ખેડૂતોની એવી જાહેરાત કરવામાં આવે છે. રાજયપાલશ્રીના પ્રવચનમાં રાજયમાં રમતગમત ક્ષેત્રમાં ખેલ મહાકુંભની વાત થઈ. આ ૨૦૧૦-૧૧ના

વર્ષમાં ખેલમહાકુંભમાં લગભગ ૧૯કરોડ રૂપિયા જેવો ખર્ચ થયો પણ ૨૦૦૬-૦૭માં આવો ખેલમહાકુંભ જેવું કાંઈ નહોતું ત્યારે આ ગુજરાતના ૪૯ જેટલા રમતવીરોને રાષ્ટ્રીય ક્ષેત્રે સુવર્ણ ચંદ્રક મળ્યા. આ કેટલા વર્ષે મળ્યા માત્ર પંદર. અગાઉ ખોટા ખર્ચા નહોતા કરતા તો પણ આટલા સુવર્ણ ચંદ્રકો રમતગમત ક્ષેત્રે મળતા હતા પણ માત્ર અત્યારે ખોટી જાહેરાત થાય છે. અમારા સૌરાષ્ટ્રમાં જયારે વરસાદ ઓછો હોય ત્યારે અમારા સિંચાઈના ડેમો ખાલી રહે છે. માનનીય નિતિનભાઈએ તો ઉત્તર ગુજરાતમાં લીંક કેનાલો કરી અને નર્મદાના પાણીથી ડેમો ભરી દે છે પણ સૌરાષ્ટ્રમાં દુષ્કાળના વર્ષોમાં અમારા ડેમો ખાલી રહે. એ ડેમોને આફટર ઈન્ટરલીંકીંગથી જોડી.આ જે વધારાનું નર્મદાનું ચોમાસામાં દરિયામાં વહી જતું પાણી વાળે તો અમારા ડેમો ભરાઈ જાય. આવી જો યોજના સ્વર્ણિમ જયંતિ વર્ષમાં સરકારે કરેલ હોત અને રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો હોત તો અમને ખૂબ આનંદ થાત. આ વર્ષે ખેડૂતોને લાગુ જમીન ખેતી માટે ભરતી ભેણી જમીન આપવામાં આવતી નથી. જે ખેતમજૂર છે, જે માજી સૈનિકો છે. આવા લોકોને અગાઉ ખેતી કરવા માટે સરકારે ખરાબાની ખેતીલાયક જમીન આપતી. અત્યારે આ બધું બંધ થઈ ગયું છે. અત્યારે તો મોટા ઉદ્યોગપતિઓને ખરાબાની તો ઠીક જ્યાં ગામનો વિરોધ હોય તો પણ ગૌચરની જમીન ન હોવા છતા આવી જમીન મોટા ઉદ્યોગપતિઓને લ્હાણી કરવામાં આવે છે. જ્યારે માલધારીઓને, પશુપાલકોને તેમના ઢોરવાડા માટેની વર્ષોની માગણી છે. એમને એમના પશુઓ માટે ઘાસચારા માટે વાડાઓ આપો એમાં કાયમ માટે લોલીપોપ બતાવ્યે રાખીએ છીએ. પણ મોટા મોટા ઉદ્યોગપતિઓને આ રાજ્યની કિંમતી જમીન પાણીના મૂલે આપી રહ્યા છે. મને આનંદ થાત કે આવા પશુપાલકો, માલધારીઓના ઢોરવાડા માટે જમીન ફાળવવાનો નિર્ણય કર્યો હોત અને જાહેરાત કરી હોત. મને ખૂબ આનંદ થાત ત્યારે આ રાપરમાં જે બનાવ બન્યો. અમારા નેતા શક્તિસિંહજીએ વાત કરી એક ખેડૂતે પોતાની જમીન માટે માહિતી માગી, માહિતી ન આપી, માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી માગી, માહિતી ન આપી અને છેલ્લે એને કંટાળીને અગાઉથી જાણ કર્યા પછી એને આત્મવિલોપન કરવું પડે એ આ સ્વર્ણિમ ગુજરાતના સ્વર્ણિમ વર્ષમાં આપણે બધા માટે શરમજનક છે. આ એવો બનાવ છે ટ્યુનિસ્યા દેશમાં એક બેરોજગાર યુવકને રેકડી ન રાખવા દેવાના પ્રશ્ને યુવકે જાહેરમાં આત્મવિલોપન કર્યુ. એના પરિણામે આખા દેશની પ્રજાનો આક્રોશ ફાટી નીકળ્યો. ટ્યુનિસ્યા શાસકને ગાદી છોડી ભાગી જવું પડ્યું. આ સ્વર્ણિમ ગુજરાતના સ્વર્ણિમ વર્ષ નિમિત્તે ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમારા રાજ્યમાં તમે ભૂમાફિયાઓ, આ જમીનોના મોટા મોટા દલાલો જે ગરીબોની જમીન ઝૂંટવી લે છે. સરકારી તંત્ર ધ્યાન દેતું નથી. આવા લોકોને કાબૂમાં રાખો. ટ્યુનિસ્યા જેવું ગુજરાતમાં થશે. કોઈ એમ ન માને કે અમારું રાજ કાયમ છે. આ ભૂખ્યાજનોનો જઠરાગ્ની જાગશે તો આ સત્તાવાળા બેઠેલા એના મહેલની ભસ્મ તણી પણ નહિ લાગે. આ યાદ રાખે. હું કહેવા માગું છું કે નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચનમાં રાજ્યના હિત માટે ઊડીને આંખે વળગે એવી એક પણ બાબત અમને ન લાગી. એક દેખાયું તે છે મેળાઓ અને ઉત્સવો. આ ગુજરાતમાં વર્ષોથી નવરાત્રિ મહોત્સવ ઊજવાતા. સરકારને પડવાની ક્યાં જરૂર હતી? પતંગો આપણા બાપ-દાદ ઉડાવતા આવ્યા છે. એમાં સરકારને પડવાની કયાં જરૂર હતી? નવરાત્રિ, પતંગ, રણોત્સવ એમાં આખા રાજ્યનું ૨૫ કરોડ રૂપિયાનું આંધણ થયું. ગધેડા ઉત્સવ નથી કહેતો કેમ કે તે બીનસંસદીય કહેવાય. આવા પૈસા આવા ઉદ્યોગો પાછળ ન વેડફાયા હોત તો આ રાજ્યના વિકાસ માટે વપરાત. આપણે ગમે એટલી વાતો કરીએ. શિક્ષણ ક્ષેત્રે આપણે ૯માં નંબરથી ૧૩માં નંબરે પહોંચ્યા છીએ. આપણા માટે શરમની વાત છે. શાસન આ પક્ષનું હોય કે પેલા પક્ષનું હોય, પણ રાજ્યના હિત માટે સાચી બાબત હોય તો આપણે બધાએ સાથ સહકાર આપવો જોઈએ, પણ મને અફસોસ એ વાતનો છે કે પાચં-પાંચ વાઈબ્રન્ટ થયા, આવડી મોટી જાહેરાત થઈ, આવડા મોટા પ્રચાર થયા. મને ખબર નથી કે પાંચ વર્ષના વાઈબ્રન્ટમાં ગુજરાતમાં ખરેખર કેટલા ઉદ્યોગપતિઓએ કારખાનાં કર્યાં. કેટલા બેરોજગારોએ રોજગારી મેળવી, કેટલા કરોડ રૂપિયાનું રોકાણ થયું? તેની કોઈ વાસ્તવિક માહિતી આજ સુધી નહોતી. નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં આવી કોઈ બાબતો અમને નજરે નથી પડી. એટલા માટે આભાર પ્રસ્તાવને સહકાર આપી શકતો નથી.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : સન્માનનીય યુવા અધ્યક્ષશ્રી, મારા નવયુવાન, વિચારશીલ સાથી ધારાસભ્યશ્રી રજનીભાઈ મહામહિમ રાજયપાલના પ્રવચન બદલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના અમારા વિપક્ષના સૌ સન્માનનીય સદસ્યશ્રીઓ અવાર નવાર ગૃહની ગરિમાની વાતો કરે છે. સન્માનનીય ગૃહનું અવમાન ન થાય એવી વાતો કરે છે. પરંતુ વાસ્તવમાં મહામહિમ રાજયપાલના પ્રવચનનું અપમાન કરીને તેમણે તેમની નબળી અને નકારાત્મક માનસિકતા છતી કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સતત અને વારંવાર વાત થાય છે ત્યારે મારે કહેવું જોઈએ કે, આપણે ત્યાં ઉલ્લેખો પણ રાજયપાલશ્રીની અંગત બાબત કે રાજયપાલશ્રીને લઈને વારંવાર દરેક સભ્ય આ ઉલ્લેખ કરે, મારા હાથ ઉપર કિતાબ છે. ભારતીય જનતા પક્ષે પાંચ વખત માનનીય રાજયપાલશ્રીને પ્રવચન વાંચવા દીધું ન હતું. પ્રવચન પર બોલે. રાજયપાલશ્રીની અંગત બાબત, રાજયપાલશ્રી આમ છે, રાજયપાલશ્રીનું અપમાન કરી નાંખ્યું, અમે અમારી સ્પષ્ટ વાત કરી હતી કે રાજયપાલશ્રીની અંગત બાબતે તેમનો ઉલ્લેખ કરીને આ બાબતનો ઉલ્લેખ કરવો. ભારતીય જનતા પક્ષ પાંચ વખત રાજયપાલશ્રીને પ્રવચન વાંચવા દીધું ન હતું. આ

બાબત વ્યાજબી નથી. તેમની સરકારની નીતિ પ્રવચન જે બોલવું હોય તે બોલે. દરેક સભ્ય આ રીતની વાત કરે તે રાજયપાલશ્રીના સંદર્ભમાં વ્યાજબી નથી.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાની વાત સાચી હશે પણ ગરિમાની અને સન્માનની વાતો કરે છે ત્યારે આ વાત તેમના વર્તનથી જે દેખાય છે તે હું ટાંકું છું. હું આ ગૃહનું થોડી હકારાત્મક બાબતોમાં ધ્યાન દોરવા માગું છું. મહામહિમ રાજ્યપાલે ગુજરાતની દૂરદર્શી વ્યૂહ રચના અને ખેતીલક્ષી અભિગમની ભરપૂર પ્રશંસા કરી છે. ત્યારે સમગ્ર દેશ અને ગુજરાત તેની સરખામણી પણ થવી જોઈએ. સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજય છે કે જેનો કૃષિ વિકાસદર દસ ટકાથી વધારે છે. આ દેશનો કૃષિ વિકાસ દર માંડ ૨.૫ થી ૨.૮ની વચ્ચે એટલે કે હજું તો ૩ ટકા સુધી પણ પહોંચ્યો નથી. વિશ્વના અન્ય દેશોમાં જે દેશોનો વિકાસ ઓછો હોય તે દેશોને હિન્દુ દર કહેવાતો એટલી હદે ભારતનું અપમાન થતું હતું. છેલ્લા ૨૦૦૧ થી ૨૦૦૯ની વચ્ચે જે કુલ વિકાસ થયો છે તે ૯ થી ૯.૫ ટકા સુધી થયો છે. ત્યારે કોઈપણ દેશ હોય તે દેશનો વિકાસ તેના ત્રણ ક્ષેત્રો ઉપર આધારિત હોય છે. એક ક્ષેત્ર સેવા ક્ષેત્ર છે. બીજું છે ઉત્પાદન ક્ષેત્ર, મેન્યુફેકચરીંગ ક્ષેત્ર એટલે કે જેને આપણે ઉદ્યોગ ક્ષેત્ર કહી શકીશું. ત્રીજું ક્ષેત્ર ખેતી ક્ષેત્ર. આ દેશમાં લગભગ ૬૦ કરોડથી વધારે લોકો ખેતી આધારિત જીવન જીવે છે અને એમાં પણ ૧૦ થી ૧૫ ટકા લોકો આનુષાંગિક ખેતી એટલે કે ખેતી સાથે જોડાયેલા છે જેવા કે પશુપાલન, ખાણ, ચામડાનો ઉદ્યોગ હોય કે ચાહે મત્સ્યોદ્યોગ હોય તેની સાથે જોડાયેલા છે. આ દેશના ૭૦ કરોડથી વધારે લોકો જ્યારે આ ખેતી સાથે જોડાયેલ હોય ત્યારે તેનો વિકાસ કરવો અત્યંત ફરજિયાત બન્યું છે ત્યારે આ દેશમાં વિકાસના બે મુખ્ય કારણો છે. એક રાજકીય કારણ પણ છે અને આર્થિક કારણ પણ છે. ત્યારે એમનો વિકાસ કરવો અત્યંત ફરજિયાત બને છે ત્યારે આ દેશમાં એના વિકાસના બે મુખ્ય કારણો છે, એક તો રાજકીય કારણ પણ છે અને આર્થિક કારણ પણ છે. રાજકીય કારણ એ છે કે જેને આ દેશમાં ૭૦ કરોડ લોકોનો ટેકો જોઈતો હોય એવા આ ૭૦ કરોડ લોકો જે વ્યવસાય પર આધાર રાખે છે એનો વિકાસ કરવો પણ અત્યંત જરૂરી છે. અને બીજું એક આર્થિક કારણ એ પણ છે કે જે માથાદીઠ આવક બતાવે છે. અત્યાર સુધીમાં જે ૬૦ કરોડ લોકો જે આ દેશમાં ઉત્પાદન કરે છે એટલું જ ઉત્પાદન અમેરિકાના બે કરોડ લોકો ઉત્પાદન કરે છે. એટલે કે જે ખેતીની આવકમાં જે ઉપજ થાય છે એ ખેતીની ઉત્પાદનની આવક ૬૦ કરોડ લોકોની વચ્ચે વહેંચાય છે અને એટલી જ આવક અમેરિકાના બે કરોડ લોકો વચ્ચે વહેંચાય છે માટે અમેરિકાની આવક માથાદીઠ આપણને વધારે લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કહેવા પાછળનો હેતુ એ છે કે, જયારે આપણો સમગ્ર દેશ ગુજરાત તરફ મીટ માંડીને બેઠો છે કારણ આવડા મોટા ક્ષેત્રનો જો વિકાસ કરી શકે તો સમગ્ર ભારતમાં વીજીનરી ચીફ મિનિસ્ટર એક માત્ર માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ છે એમણે આ ચકત્માર કરીને ગુજરાતમાં બતાવ્યો છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કૃષિ મહોત્સવ ચાલુ કર્યા, એમણે સિંચાઈના કાર્યક્રમો આપ્યા. લેબથી માંડીને લેન્ડ સુધીનું જે જ્ઞાન માત્ર ટેકનીકલ જ્ઞાન હોય કે પ્રયોગશાળાનું જ્ઞાન હોય એ ઓફિસમાં ન રહેતાં છેવાડાના ખેતી કરતા ખેડૂતો સુધી પહોંચે એના માટેના કાર્યક્રમો આપ્યા એને કારણે આ ચમત્કાર થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો કહીશ કે માનનીય મુખ્ય મંત્રીશ્રી સમગ્ર દેશમાં કૃષિના વિકાસના અલમ વરદાર છે અલમ વરદાર એને કહેવાય છે કે જે યુધ્ધમાં પોતાનો ઘોડો આગળ રાખે, હાથમાં ધ્વજ રાખે અને પહેલો હોય, માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વિકાસના અલમ વરદાર સાબિત થયા છે. જયારે આ સ્થિતિ થઈ છે ત્યારે હું રાજકીય અવલોકન નથી કરતો પણ એકાદ અઠવાડિયા પહેલાં બાજુના રાજય મહારાષ્ટ્રમાં એની • (xxxx) (xxxx) (xxxx)

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એ કેબીનેટની વાત..

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** :ઈન્ટરનેટ ઉપર..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ વર્તમાનપત્ર આધારિત, નેટ આધારિત, સમાચાર આધારિત વાતનો ઉલ્લેખ કોઈ બીજા રાજયની કેબીનેટનો ઉલ્લેખ...

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો દૂર કરીએ છીએ.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીને સમગ્ર દેશ વિકાસના શિલ્પી તરીકે ઓળખી રહયા છે ત્યારે જયારે કૃષિ વિકાસનો આખો વિકાસ છે ત્યારે આ પ્રસ્તાવને આભાર પ્રસ્તાવમાં હું મારા સાથી મિત્રને અનુમોદન આપું છું અને મારી વાત પૂરી કરું છું

**શ્રી રમેશ વ. મહેશ્વરી(મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઈને આ ગૃહના સભ્યશ્રી રજનીકાંતભાઈ લઈને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપું છું.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં છેલ્લા ત્રણ વર્ષથી આ વિધાનસભાનું આઠમું સત્ર ચાલી રહયું છે ત્યારે દરેક સત્રમાં મહામહિમ રાજયપાલશ્રીનું પ્રવચન આવે ત્યારે એક જ વાત કહેવામાં આવે છે કે, રાજય સરકારે એ લખ્યું છે અને અને માનનીય રાજયપાલશ્રી એનું વાચન કરે છે. રાજયપાલ કયારે બનાવતા હોય છે કે તેમનામાં તમામ ગુણો હોય, તમામ કાયદાથી પરિચિત હોય, તમામ લખેલા વિકાસના કામો વાંચ્યા પછી જ માનનીય રાજયપાલશ્રી અહીંયાં સંબોધન કરતા હોય ત્યારે આ સન્માનનીય સભાગૃહના તમામ સદસ્યોને જે સન્માનનીય રાજયપાલશ્રી વાંચે એ સ્વીકારવું જોઈએ એવું હું માનું છું. એનો વિંરોધ ન કરવો જોઈએ, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી..

ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા ગુજરાતના દરેક ગામડામાં અને ગુજરાતના દરેક શહેરમાં જે વિકાસ થયો છે એ લોકો કહે છે અને રાજયાપાલશ્રીને પણ એ ધ્યાનમાં છે એટલે જ આ પ્રવચન વાંચીને આ હાઉસને અને હાઉસના દરેક સદસ્યશ્રીઓને સંભળાવે છે. આજે આપણે સૌ સદસ્યો રાઘવજીભાઈ હમણાં જ કહેતા હતા કે મેં વાંચ્યું, આપે જો સાંભળ્યું હોત તો એનો આનંદ વધારે થાત. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જ્યારે દરેક વિવિધ બાબતોમાં વિવિધ વિભાગોનો જે વિકાસ કર્યો છે એ વિકાસના ભાગરૂપે ગુજરાતના પ્રવાસન વિભાગનું બજેટ વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં ૧૦૦ કરોડ રૂપિયા હતું આજે ૨૦૧૦-૨૦૧૧માં ૧૮૩ કરોડની બજેટમાં જોગવાઈ કરી છે એનું કારણ હમણા રાઘવજીભાઈ કહેતા હતા કે આપણા દાદા અને બાપાએ પતંગો ઉડાડી છે. તમારા કોઈ રેકર્ડમાં આટલા વર્ષોમાં કોઈ પણ દેશમાંથી એક પતંગવીરે પતંગ ઉત્સવમાં ભાગ લીધો હોય તો બતાવો? આજે ૩૨ દેશોમાંથી લોકો પતંગ ઉડાડવા માટે આ દેશમાં આવે, આ ગુજરાત રાજયમાં આવે અને અમદાવાદની રીવર ફ્રન્ટ ઉપર પતંગ ઉડાડવા માટે આવે અને ૮૭ લોકો આ પતંગ ઉડાડવાની હરિફાઈમાં ભાગ લે એ તો ગુજરાત માટે ગૌરવની વાત છે ગુજરાતે આનું ગૌરવ લેવું જોઈએ, વિરોધ ન કરવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, અમને સમજાતું ન હતું અને અમે પણ વિચારતા હતા કે આ રણોત્સવમાં આટલા દેશોમાંથી લોકો રણને જોવા માટે આવશે? પણ જયારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ રણોત્સવનું કામ હાથમાં લઈને પ્રવાસન ક્ષેત્રે જે વિકાસ કર્યો કચ્છનો ત્યારે એ કચ્છનો ગરીબ માણસ, કચ્છનો હોટલ વાળો, ટેક્સીવાળો કે માવો વેચનારો બન્નીનો એક માલધારી આજે ખૂશ છે એનું કારણ એ છે કે ત્યાં જતો કોઈ પણ પ્રવાસી એને ત્યાં ચા પીસે, એની પાસેથી માવો લેશે એનાથી ગુજરાતનો વિકાસ વધશે. રાજ્ય સરકારે અનેકવિધ આ પ્રવાસન વિભાગમાં યોજનાઓ બનાવી છે. રાજ્યના આઠ જેટલા જિલ્લાઓમાં પ્રવાસન હબની રાજ્ય સરકારે તૈયારી કરી છે. બીચ ટુરિઝમની વાત કરુ તો રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનો ૧૬૦૦ કીલોમીટરનો દરિયો છે એ દરિયામાં બંદરનો વિકાસ થાય એની સાથે પ્રવાસીઓ આ બીચ ટૂરિઝમ જોવા આવે એની મજા માણવા આવે એના માટેની પણ દસેક તાલુકાની અંદર બીચનો વિકાસ કર્યો છે એમાં નાર્ગોલ બીચ જિલ્લો વલસાડ, ગોપનાથ બીચ જિલ્લો ભાવનગર, માધવપુર બીચ જિલ્લો જૂનાગઢ, પીંગળેશ્વર બીચ જિલ્લો કચ્છ, તિથલ બીચ જિલ્લો વલસાડ, ભવાની બીચ જિલ્લો ભાવનગર, અહેમદપુર માંડવી બીચ જિલ્લો જૂનાગઢ, મિયાણી બીચ જિલ્લો પોરબંદર અને માંડવી બીચ ઉપર આ બીચ ટૂરિઝમના આયોજનની તૈયારી કરી છે. રોકાણકારોએ આ વાઈબ્રન્ટ ગુજરાતની અંદર ૨૦૦૯માં ઈન્વેસ્ટમેન્ટ માટે ૧૪૭ પરિયોજના માટે રૂપિયા ૪૧૪૨.૮૯ કરોડના ૯૭ MOU કરવામાં આવ્યા જે પૈકી ૨૪૫ કરોડ રૂપિયાની હોટલો પ્રવાસીઓ માટે ખૂલ્લી મૂકવામાં આવી છે. આ રીતે આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્યનો વિકાસ કરી રહ્યા છે એમાં બધાને એમ થયું કે જ્યારે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ભારતના સુપર સ્ટાર અમિતાબ બચ્ચન ગુજરાતમાં આવે એ ખૂબ મહત્વની ઘટના છે, બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રાજ્યએ એમની નિમણૂક કરી અને એણે ગુજરાતમાં કચ્છની અંદર જ્યારે પગ મૂકયો ત્યારે આ અભિતાભ બચ્ચન જેની પાછળ દુનિયા પાગલ છે અહીંયા બેઠેલા બધાય પાગલ હશે એની પાછળ, એણે શું કહ્યું કે, **મૈ સભી જગહ ગયા, લેકિન ગુજરાત નહિ ગયા, તો જિંદગી મેં કભી કહીં ભી નહિ ગયા ઐસા મુઝે લગા,**

**ઔર મૈ ગુજરાત તો ગયા, લેકિન કચ્છ નહિ ગયા તો કહાં ભી નહિ ગયા ઐસા મુઝે લગા,**

આ એક સુપરસ્ટાર કહે છે. અમારા દાદુ મેકરાણ કહી ગયા છે કે,

**" જીવવું પણ ઝેર ન થવું, સાકર જેવા મીઠા મરીઝુ, બધા જ પણ રેશ બધાજ સારા કામ "**

જે વિકાસ થઈ રહ્યો છે એને તમે પણ અભિનંદન આપતા રહો, વિકાસને જોતા રહો તો જ ગુજરાતમાં વધુમાં વધુ વિકાસ થશે, વિકાસમાં તમે અવરોધરૂપ ના બનો અને મહામહિમ્ રાજયપાલશ્રીએ જે પ્રવચન આપણી સમક્ષ મૂક્યું છે એમાં સૂર પુરાવો, માનનીય અમારા સભ્યશ્રી રજનીભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમાં હું મારો સૂર પૂરાવું છું. અસ્તુ, વંદે માતરમ.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરેલા શબ્દો પ્રસિદ્ધ ન કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે, અધ્યસ્થાનેથી ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરેલા શબ્દો કે ઉચ્ચારણોને પ્રસિદ્ધ કરવાથી ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન થાય છે, આ બાબતમાં સુપ્રીમ કોર્ટે પણ ઠરાવ્યું છે કે, સભ્યના પ્રવચનનો કોઈ ભાગ અધ્યક્ષશ્રી દ્વારા કાઢી નાંખવામાં આવે તો કાયદાની અસર એ છે કે,

તે ભાગ બોલવામાં જ આવ્યો ન હતો, કાર્યવાહીના રેકોર્ડ પરથી દૂર કરેલ શબ્દો કે ઉચ્ચારણોની પ્રસિદ્ધિથી ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન થાય છે, તેથી મારી પ્રચાર માધ્યમોના પ્રતિનિધિઓને નમ્ર વિનંતી છે કે, આજે જે શબ્દો કાર્યવાહીમાંથી દૂર કર્યા છે, એની પ્રસિદ્ધિ ન કરવામાં આવે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ મૂકવાનો છે એમાં હું મારો સૂર વ્યક્ત કરું છું કે આ રાજયની અંદર ખેડૂતો, ગરીબો અને ગામડાં કે જેની નોંધ પણ ન લેવાય, સમગ્ર દેશમાં ૨૮ રાજ્યો અને સાત કેન્દ્રશાષિત પ્રદેશોમાં ફકતને ફકત એક ગુજરાત રાજયમાં જ ખાતર પર ટેક્સ લેવાય છે અને છતાં આ રાજયમાં નર્મદા અને સરદાર યુરિયા ડી.એ.પી. ભરૂચ અને વડોદરા જિલ્લાના ખેડૂતોને જે ખાતર મળે છે એના કરતાં સસ્તુ પંજાબ, હરિયાણા અને યુ.પી.માં આનું આ ખાતર મળે છે. આ સિવાય રાજયમાં જે વીજળીના ભાવ છે સમગ્ર ભારત દેશમાં કોઈપણ રાજયની અંદર આટલા ભાવ નથી, એવા મોંઘામાં મોંઘી વીજળી ગુજરાતમાં મળે છે. સમગ્ર ભારત દેશમાં વધારેમાં વધારે વેટ પણ ગુજરાતમાં લેવાય છે, અને આમ છતાંય અમારા મિત્રો બધાય વિકાસની બહુ વાતો કરે છે, સરકારના રેકોર્ડ પર છે કે ગુજરાતમાં ૦ થી ૫ વર્ષના ૪૫ ટકા બાળકો કુપોષણથી પીડાય છે આ વાત ગુજરાત માટે શરમજનક છે, એકબાજુ વિકાસની વાતો થાય છે અને આ રાજયના ગરીબ કુટુંબોના બાળકો કુપોષણથી પીડાય છે, અહીંયા જશુબેન વાત કરતાં હતા કે બધા ગામડાઓને પીવાનું પાણી મળી ગયું. હું દર વર્ષે અહીંયા પાણી પુરવઠા મંત્રીશ્રીને પ્રશ્ન પૂછું છું કે અમરેલી જિલ્લાના ૬૧૫ ગામોમાંથી તમે કેટલા ગામોને પીવાનું પાણી આપ્યું છે અને કેટલા સમયમાં બાકીના ગામોને આપવા માગો છો તો ૨૩૮ ગામનો જવાબ મળે ૬૧૫ ગામોમાંથી અને બાકીના એક વર્ષમાં આપવાનું કહે છે અને એમાંય ૨૩૮માંથી ૧૨૫ ગામોને પીવાનું પાણી મળે છે એને આજે નવ વર્ષ થયાં છે આ એકનો એક છાપેલો જવાબ જેમ કેસેટમાં ઘીસી પડી ગઈ હોય એવો એકનો એક જવાબ આપ્યા કરે છે. આજની તારીખે પીવાનું પાણી મળતું નથી. માનનીય આત્મારામભાઈ પોરબંદરની વાત કરતા હતા એની હદ આવે એટલે બોડની વાત કરતા હતા.હું તેમાં સંમત છું પણ તમને કોઈને બોલવાનો અધિકાર નથી કેશુભાઈ પટેલ એકને જ છે બાકીના કોઈને અધિકાર નથી. આત્મારાભાઈની સાથે હું સંમત છું કે • (xxxx) (xxxx) (xxxx) (xxxx)(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શબ્દો રેકોર્ડ ઉપરની દૂર કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખોટી માહિતી છે ?

**અધ્યક્ષશ્રી** : માહિતી સાચી હોય તો પુરાવા આપવા પડશે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : પુરાવા સાહેબ રેકોર્ડ ઉપર જ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પુરાવા આપવા હું તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : જ્યારે આક્ષેપ કરવામાં આવે છે ત્યારે પુરાવા રજૂ કરવા પડે છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : ૫૦૦ કરોડ રૂપિયાની ચોરી થઈ છે સમગ્ર વિશ્વની મોટામાં મોટી.

**અધ્યક્ષશ્રી** : આમાં રેકોર્ડ ઉપર રાખવા માંગતા હો તો પુરાવા રજૂ કરવા પડશે. પુરાવા આપો.

**શ્રી વજુભાઈ વાળા** : પુરાવો આપો અને મેટર સબજયુડિસ હોય તો હાઉસમાં ના બોલાય.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, જે આત્મારામભાઈ સૂરતની વાત કરતા હતા, અમદાવાદની વાત કરતા હતા પણ આ ભ્રષ્ટાચારના ભોરિંગ અને ગુંડાના સરદારોને કેટલા લોકોને ટિકિટ આપી. આખે આખી બૅન્ક ખાય ગયા સૂરતમાં એવા લોકોને તમે ટિકિટો આપી છે. કેવા કેવા લોકોને ટિકિટો આપી છે. જે ગુંડાગીરી કરવાવાળા હતા તેની તો હવે ભરતી થઈ ગઈ છે એટલે હવે તમારે રાજયની અંદર બીજુ કંઈ કહેવાનો અધિકાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર જે ગરીબો માટેની યોજનાઓની વાત થઈ તેમાં સરકાર અહીં જાહેરાત કરે કે અમે ગરીબ કલ્યાણ મેળાની અંદર આટલા કરોડ રૂપિયા આપ્યાં તેમાં કેટલા કેન્દ્રના અને કેટલા રાજયના તેની જાહેરાત આ ગૃહમાં કરે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર ખૂબ સારા શબ્દોમાં, ખૂબ સારી રીતે એક રાજયની અંદર જે ગાંધી સ્મૃતિની મંદિરની કામગીરી થઈ અને તેનો પ્રચાર ખૂબ થાય છે. ગાંધીજીના વિચારો અને આ રાજયની અંદર દરરોજ દસ કરોડ રૂપિયાનો દારૂ આવે છે. દિવસ ઉગે અને આથમે ત્યાં દસ કરોડ રૂપિયાનો દારૂ આવે છે. પેલા તમે તમારા બધા પોલીસ સ્ટેશનો અને આ રાજયના બુટલેગરો છે તે બેફામ મહોત્સવો ઉજવે છે તે ઉત્સવો પહેલા બંધ કરાવો. અને દરેક પોલીસ સ્ટેશનની અંદર જે હપ્તાઓ લેવાય છે અને દારૂ બંધ કરો ત્યાર પછી આ ગાંધીજીના અંતરાત્માને એના આત્માને શાંતિ મળે એવું કામ તમે કરો ત્યાર પછી તમે આ આગળની કાર્યવાહી કરો.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર સૂરત, વડોદરા, અમદાવાદની અંદર જે બિન ખેતી થાય છે આ રાજયની અંદર જે માર્ગ મકાન, પાણી પુરવઠા અને સિંચાઈ અહીંયા બેઠેલા તમામ સદસ્યશ્રીઓ પોતાના અંતરાત્માને પૂછી જુએ કે કોઈ પણ કોન્ટ્રાકટરનું બિલ ૧૦ થી ૧૧ ટકા આપ્યા વગર થાય છે ખરું ? થાતું હોય તો કહો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે તેની પાસે ડોકયુમેન્ટરી એવિડન્સ ના હોય તે સિવાય આવા પ્રકારના જનરલ આક્ષેપ ના કરી શકાય. તો તો અમે પણ કહીએ કે કોંગ્રેસે એક લાખ અને ૭૬ હજાર કરોડનું ટુજી સ્પેકટ્રમમાં કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં ડોકયુમેન્ટ આપે નહીંતર આવો આક્ષેપ ના કરી શકે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ખાવા દેવામાં કોઈનો વારો આવવા દેતા નથી અને ખાતો નથી અને ખાવા દેતો નથીની વાતો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર ગુંડાઓ અને ભ્રષ્ટાચારીઓ જે બેફામોત્સવ ઉજવે છે. રાજકોટની અંદર નાના નાના ટાબરિયાઓ પણ મોટી મોટી ચોરી અને લૂંટ કરવા માટે આગળ વધી રહ્યાં છે. રાજયની અંદર તમામે તમામ વિભાગનું મહેકમ પૂરેપૂરું ભરાતું નથી. રાજયની અંદર પોલીસને અત્યંત આધુનિક હથિયારો પણ મળતા નથી. અંગ્રેજોના વખતથી બંધૂકો લઈને આ બધા ફર્યા કરે છે. પોલીસ સ્ટેશનોમાં જે અધિકારીઓ છે એ અધિકારીઓ ખાવા અને પીવા અને ભ્રષ્ટાચાર કરવા સિવાય કયાંય પોતાનો સમય વીતાવતા નથી. આ રાજયની અંદર જે પ્રજા છે એ પણ એક માત્ર ઈશ્વરના આધારે આ રાજય ચાલી રહ્યું હોય તેવી પરિસ્થિતિ થઈ છે. સમગ્ર રાજયમાં હું આપને પૂછવા માગું છું કે કેટલી ટી.ડી.ઓ.ની જગ્યાઓ ખાલી છે? કેટલી મામલતદારની જગ્યાઓ ખાલી છે? તમારા તમામે તમામ વિભાગોમાં કેટલું મહેકમ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે? આ રાજયની અંદર પાયાની જરૂરિયાતવાળા અધિકારીઓની જગ્યાઓ પણ ખાલી છે. મારે આપના માધ્યમથી જે રાજયના સરકારશ્રીમાં જે ગેરવહીવટ ચાલી રહ્યો છે અને એ ગેર વહીવટમાં જે એક સામાન્યમાં સામાન્ય માણસને જે સુવિધાઓ મળવી જોઈએ એ તમામે તમામ...(સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય નરેશભાઈ.

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર મારા સાથી સભ્ય ભાઈ શ્રી રજનીભાઈ જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે, તેને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારા આદિવાસી સમાજના એક ભાઈને હું જયારે અધ્યક્ષ પદ ઉપર જોઉં છું, ત્યારે ચોકકસ આનંદની લાગણી અનુભવું છું અને આજે મારે જે વિચારો રજૂ કરવાના છે, તેની શરૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામે બેઠેલા વિપક્ષના સન્માનનીય સભ્ય રાઘવજીભાઈ ગરીબ કલ્યાણ મેળાની વાત કરતા હતા. રાઘવજીભાઈ, ગરીબ કલ્યાણ મેળામાં જે કાંઈ લાભાર્થીઓને દરેક યોજનાના નાના મોટા લાભ અપાતા હતા, એ અમારા માટે કોઈ નવા નહોતા. પણ સાચા અર્થમાં ગરીબના હાથમાં સીધા લાભ મળે એના માટે અમારા ગરીબ કલ્યાણ મેળાનું આયોજન હતું. આ ગરીબ કલ્યાણ મેળા પછી ઘણા સમય પછી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ પણ થઈ. એના પરિણામો પણ તમે જોઈ રહ્યા છો કે ગરીબ કલ્યાણ મેળાની શું અસરો થઈ છે? પ્રજાએ સ્વીકાર્યુ છે. આપ સ્વીકારો કે ના સ્વીકારો. ગરીબોની વ્યથા તમારા પક્ષે પણ ઘણી હતી, વ્યથા હતી પણ વ્યવસ્થા ન હતી. અમે વ્યથા સાથે વ્યવસ્થા કરીને આગળ વધી રહ્યાં છીએ. રાઘવજીભાઈ, મારે તો વાહન વ્યવહારની વાત કરવી છે. તેમ છતાં સામેના માણસો જયારે બોલે ત્યારે અમને પણ એમ થાય કે અમારે જવાબ આપવો જોઈએ. બાકી આ વાતમાં અમે બિલકુલ પડવા માગતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાહન વ્યવહારની થોડી વાત કરવી છે. રાજયપાલશ્રીએ જયારે વાહન વ્યવહારની પણ પ્રશંસા કરી છે ત્યારે ચોકકસ રીતે જે આપણી ગુજરાત સરકાર, ખાસ કરીને વર્ષો પહેલા એક સામાન્ય કોઈ આદિવાસી કપલ પીક-અપ સ્ટેન્ડ ઉપર ઉભેલું હોય, અને કદાચ આપણે ત્યાં ઉભા હોઈએ અને એ આદિવાસી કપલને પૂછીએ કે કોઈ કાળા અક્ષરવાળી બસ પસાર થઈ છે તો ખબર નહીં અને પૂછીએ તો કહે કે એ બસ કાળા અક્ષરવાળી ગઈ છે, પણ અમને તો લાલ અક્ષરવાળી બસની જરૂર છે. ત્યારે પણ એને કલ્પના હતી કે લાલ અક્ષરવાળી બસ મને જે તે સ્થળે ચોકકસ પહોંચાડી શકે એ એમની કલ્પના હતી અને એ સાકાર કરવા માટે ૭-૮ વર્ષથી માર્ગ પરિવહન વિભાગ જે રીતે આ વિભાગમાં અનેક સુધારાઓ લાવીને સુવિધાઓ ઉભી કરી છે એના કારણે ગરીબ માણસોને જે એસ.ટી. વિભાગ ઉપર પોતાને આધારિત છે એમને આ સુવિધા ઉપલબ્ધ થઈ છે એ હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતમાં એસ.ટી.ના હુલામણા નામે લોકાની જીભે વસેલ જી.એસ.આર.ટી.સી.એ પૂરા ગુજરાતમાં ૧૫ વિભાગ અને ૧૨૫ ડેપો દ્વારા ૩૮૩૩૭ કર્મચારીઓના સહયોગથી ૬૮૫૯ વાહનો સંચાલનમાં મૂકીને રાજયભરમાં દૈનિક ૨૩ લાખ પેસેન્જરોને અવરજવરની સુવિધા પૂરી પાડીને ઘર ઘર માટે પરિવહનની સુવિધા આપી રહ્યું છે એ આપણું પરિવહન તંત્ર છે. આપણો પરિવહન વિભાગ રૂ. ૧૭૦૦ કરોડના વાર્ષિક ટર્નઓવર સાથે એસ.ટી. દૈનિક ૨૬ લાખ કિલોમિટરનું સંચાલન કરે છે. આપણા પરિવહનની સામે અનેક ખાનગી સંચાલકો દ્વારા ખાનગી વાહનો દ્વારા હરિફાઈ કરવામાં આવે છે એની સામે આપણું પરિવહન

વિભાગ અડીખમ ઉભો રહીને કામગીરી કરી રહ્યો છે એ કામગીરી જોતાં આપણી એસ.ટી. છેલ્લા ઘણાં વર્ષોથી સલામત અને પોષાય એ રીતે સેવા પૂરી પાડીને એસ.ટી. નિગમ પોતાની સેવાને નફાના સાધન તરીકે નહીં, પરંતુ સામાજીક જવાબદારી અદા કરવાના ભાગરૂપે સેવા અદા કરે છે, આટલું જ નહીં, પરંતુ વિદ્યાર્થી હોય, વિકલાંગ હોય, અંધજન હોય, અન્ય રોગથી પીડાતી વ્યકિત હોય, અન્ય પત્રકારો હોય, પરંતુ એમને રાહતદરે પરિવહનની સેવા પૂરી પાડી રહેલ છે. આર્થિક અને સામાજીક રીતે કે શૈક્ષણિક રીતે પણ વાહન વ્યવહાર વિભાગનું મોટું યોગદાન રહ્યું છે. તો જયારે વાહન વ્યવહાર વિભાગ આ રીતે કામગીરી કરતું હોય અને રાઘવજીભાઈ ગરીબ કલ્યાણ મેળામાં ૮ બસોમાં આ ગરીબો આવ્યા ત્યારે તમે અનેકવાર સામી પાટલી ઉપરથી એના માટે વિરોધ કર્યો છે. તો એ બસમાં આ ગરીબોને લાવવામાં આવ્યા તો એ લોકોને આ એસ.ટી.માં આવવા માટેનો અધિકાર નથી? તો આ રીતે ગરીબોની ચિંતા કરીને અને ખાસ કરીને અમારાં આદરણીય મંત્રી આનંદીબેન માર્ગ અને મકાન વિભાગમાં બેઠાં છે અને ઘણા સમયે માર્ગ અને મકાન વિભાગ દ્વારા અમારા આંતરિયાળ વિભાગમાં પણ રોડની વ્યવસ્થાને લીધે બસની સેવા સારી રીતે અપાઈ રહી છે. એક સમય હતો કે કદાચ તમને અને મને અનુભવ થઈ ચૂકયો છે કે ગ્રામ્ય વિસ્તારમાંથી તાલુકા મથકે જવું હોય તો વચ્ચે બસને ૧૦ વખત ધક્કા મારવા પડતા હતા. આજે હું ગર્વ સાથે કહી શકું કે માનનીય નાણામંત્રીશ્રીએ જયારે વાહન વ્યવહાર વિભાગની ચિંતા કરી છે અને ૩ હજાર નવી બસો આવનાર દિવસોમાં આવે છે અને ચોકકસ હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ જેટલી મીની બસોની વ્યવસ્થા કરી છે અને એમાં આવતા દિવસોમાં વધારો થશે અને આ રીતે ગરીબોની ચિંતા કરી છે અને એ મીની બસોની ચોકકસ વ્યવસ્થા થશે એવી હું આશા રાખું છું.માનનીય અધ્યક્ષશ્રી, આ મીની બસને કારણે આજે દરેક માણસની જે કલ્પના છે કે તે સમયસર પહોંચી શકે તે આ મીની બસને કારણે કલ્પના પુરી થવાની છે અને તે સમયસર પોતાના ઠેકાણે પહોંચવાનો છે. કદાચ વધુ પેસેન્જર ન થતા હોય અને એક મીની બસના પ્રમાણમાં પેસેન્જર થાય તો તે જે જગ્યા ઉપર પહોંચવાની અપેક્ષા છે ત્યાં તે પહોંચી શકશે. અને તેને કારણે હું માનું છું કે આ વાહન વ્યવહાર વિભાગમાં ધીમે ધીમે, જે રીતે કન્ડકટર અને ડ્રાઈવરની ભરતી થઈ છે એમાં સુધારો કર્યો છે અને હાલ ઓન લાઈન કોમ્પ્યુટર દ્વારા અરજીઓ સ્વીકારવામાં આવે છે અને કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે અને પારદર્શીતા જોવા મળે છે એ રીતની ભરતી થઈ છે તેના માટે હું આ વિભાગને અને આ સરકારને અભિનંદન આપું છું. અને આજે મારા સાથી ભાઈ શ્રી રજનીભાઈ આ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપીને મારી વાત પુરી કરું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામુહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી રજનીભાઈ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે હું આ સભાગૃહ સમક્ષ ઉભો થયો છું. સૌ પ્રથમ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આઝાદીના આટલા વર્ષો પછી આ વિધાનસભા ગૃહમાં પહેલીવાર આદિવાસી ધારાસભ્યશ્રીને અધ્યક્ષસ્થાને બિરાજમાન કર્યા છે. એટલા માટે આ ગૃહના માનનીય અધ્યક્ષશ્રી ગણપતભાઈને પણ અભિનંદન આપું છું. સાથે સાથે માર્ગ વ્યવહાર નિગમ વિષે મારે થોડીક વાત કરવી છે. માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈ અને વિરોધપક્ષના નેતાશ્રીએ ગરીબોની વાત કરી હતી. આજે ૫૦ વર્ષ સુધી એમણે રાજ કર્યુ હતું. વર્ષો સુધી રાજ કર્યુ છતાં આદિવાસી બીચારો ઝૂંપડામાં જ પડી રહયો હતો. તેને બેઠો કરવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો એ આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ કર્યુ છે. અને આ મુખ્ય મંત્રીશ્રીએ આદિવાસીને બેઠો કર્યો છે. તેને પ્રાણ પુરનારો અને રોજી આપનારો કોઈ માણસ આજે આદિવાસીને મળ્યો છે. એટલા માટે તમે ત્યાં ને ત્યાં જ રહ્યા છો. અને તમે તેનું પરિણામ પણ ગરીબ કલ્યાણ મેળા થકી જોયું છે. આખા ગુજરાતમાં ચારે બાજુ ૪ર તાલુકાઓમાં તાલુકા પંચાયત પણ ભાજપની બની તેની નોંધ પણ લેવી પડે. આઝાદીના ૫૦ વર્ષ સુધી ભૂતકાળની સરકારોએ રાજ કર્યુ ગામડાંના રસ્તાઓ માટે કશું કર્યુ નહીં, એક ગામમાં હું વિધાનસભાની ચૂંટણી લડતો હતો ત્યારે મારે ગામમાં જવાનું થયું હતું, મેં હેરણ નદી પાસ કરી અને ગામડાંમાં જવાનું થયું ત્યારે ૧૭ ગામો એવા હતા કે આઝાદી પછી પણ તેમને રસ્તાઓ નહોતા મળ્યા, ત્યારે ગામની ભાગોળે મને રોકી દેવામાં આવ્યો અને કહયું કે વખતો વખત બધા આવે છે અને મત લઈને જતા રહે છે. અમને બધા ઉલ્લુ બનાવે છે. તમે ઉલ્લુ બનાવવા આવ્યા છો કે કામ કરવાના છો તે કહો. મારે આ ગૃહને આનંદ અને ગૌરવ સાથે કહેવું પડે છે કે અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવી અને એમા અમારા મહિલા કલ્યાણ મંત્રી અને માર્ગ અને મકાન મંત્રી આનંદી બેન પટેલના માર્ગદર્શન હેઠળ અધિકારીઓએ પણ સારી કામગીરી કરી. આ સભાગૃહના સભ્યો બોલતા હતા કે કટકી થાય છે, ભાઈ કટકી નથી થતી પણ ડાઉન જાય છે છતાં પણ રસ્તાના કામો સારા થાય છે અને ત્રણ ચોમાસા ગયા છતાં પણ રસ્તા તુટયા નથી તે જ આનું પરિણામ છે. ભાજપની સરકાર કામ કરતી સરકાર છે આદિવાસીઓને અત્યાર સુધી કશું મળ્યું નહોતું તેને આજે ગામે ગામ રસ્તાઓ મળ્યા છે. ૧૦૮ ની સેવાઓ પણ મળી છે. પણ જો રસ્તાઓ ન હોય તો ૧૦૮ની સેવાઓ પણ ન મળી હોત, હું મારા તાલુકાની વાત કરવા માગું છું કે અત્યારે ગામે ગામ ૧૦૮ આવે છે કોઈને સાપ કરડયો હોય, કોઈને વીંછી કરડયો હોય કે કોઈ બહેનને દર્દ થાય તો આ ૧૦૮ મળે છે. કોઈ બહેનને દર્દ થાય, પહેલા બહેન રસ્તામાં મરી જતી હતી, ખાટલામાં લઈ જતાં

મરી જતી હતી એ બધાએ જોયું છે અમે તો અનુભવ્યું છે, અત્યારે ગુજરાતને આવો મરદ મુખ્યમંત્રીશ્રી મળ્યો છે જે ગુજરાતની પ્રજાના દિલમાં વસી ગયો છે તેથી તમારો મેળ પડવાનો નથી.

રસ્તાની વાત કરું તો જિલ્લાથી જિલ્લાને જોડતા રસ્તા, તાલુકાથી જિલ્લાને જોડતા રસ્તાઓ, તાલુકા મથકથી તાલુકા મથક સુધી જોડતા રસ્તા આ રાજયના માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદીબહેને બનાવ્યા છે. તેઓ મારા સંખેડા તાલુકામાં એક પુલના ઉદ્‌ઘાટનમાં આવ્યા હતા, ત્યારે પાંચ હજારની જનતાએ બહેનને રજૂઆત કરી હતી કે મોડાસર-બોડેલી ૧૭ કિલોમીટરનો રસ્તો છે, બોડેલી વેપારી મથક છે, વિદ્યાર્થીઓ ભણવા માટે જાય છે ત્યાં અવારનવાર અકસ્માત થાય છે. ૬૦ હજાર લોકોને એનો લાભ મળ્યો છે. એકજ વર્ષમાં આ રસ્તો પહોળો કરવા માટે આઠ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા. કણસાલી- ધણીયારી દસ કરોડ, સાવલી-હાલોલ ૧૬ કરોડ, વડોદરા-વાઘોડિયા ૩૦ કરોડ, મેડાસર-કલાણી નવ કરોડ, અને કિસાનપથ યોજના નીચે આટલા બધા કામો થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે રસ્તામાં એક તાલુકા મથકથી બીજા તાલુકા મથકે જવું હોય તો પુલ ન મળે, લોકોને લગ્ન પ્રસંગ હોય કે મરણ પ્રસંગ હોય તો લોકો ૪૦ થી ૫૦ કિલોમીટર ફરીને જતા હતા. નસવાડી અને સંખેડા તાલુકાને જોડતા હેરણ નદી પરનો પુલ બહેને ૪ કરોડ અને ૬૫ લાખના ખર્ચની જાહેરાત કરી અને એનું ટેન્ડર પણ બહાર પડી ગયું છે. ડભોઈ તાલુકામાં ઓરસંગ નદીનો પુલ, નસવાડી તાલુકામાં...

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### રાજયપાલશ્રીના પ્રવચન પર ચર્ચા કરવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય સભ્યશ્રી બોલે એનો કોઈ પ્રશ્ન નથી. સવાલ એટલો જ છે કે આ બજેટની ચર્ચા પણ નથી, વિભાગની માગણી ઉપરની પણ ચર્ચા નથી. માર્ગ અને મકાન વિભાગની પણ ચર્ચા નથી (અંતરાય) છતાં હું આપનું એટલુ ધ્યાન દોરુ છું કે પછી આપ પણ આ રીત બીજા સભ્યશ્રી બોલે એને રોકી નહિ શકો એટલી મારી વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અર્જુનભાઈ, આપ અધ્યક્ષને કહો છો કે પછી તમે બીજાને રોકી નહિ શકો, અધ્યક્ષને આ રીતે કહેવું એ કોઈ રીતે વાજબી નથી, યોગ્ય નથી. અધ્યક્ષને જ્યારે યોગ્ય લાગે ત્યારે ગમે તેને રોકી શકે અને બેસાડી શકે છે એમની પાસે સત્તા છે. આપ એટલું કહી શકો. આપને પણ કહું આપના સભ્ય અને અમારા સભ્ય છે એ અત્યારે ગવર્નરશ્રીના પ્રવચન ઉપર બોલી રહ્યા છે. આપે અધ્યક્ષને કહ્યું કે આપ પછી અમને રોકી નહિ શકો આ ભાષા ન વાપરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપના પક્ષે જેટલા પણ સભ્યો બોલ્યા છે ત્યારે સામે પક્ષે એની સંપૂર્ણ વાત સાંભળવામાં આવી છે, આપણા સભ્યોની તમામ વાતો સામેના પક્ષે સાંભળી છે તો આ પક્ષના સભ્ય બોલશે તો આપે સાંભળવાનું છે છતાં સભ્યશ્રીને કહું કે આપની મર્યાદામાં વાત કરો.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશ:)

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારી મર્યાદામાં વાત કરી છે, વિકાસની વાત કરી છે. મેં કોઈ આડી અવળી વાત કરી નથી. અમે પણ અભ્યાસુ માણસ છીએ, અમે આદિવાસીમાંથી આવ્યા છીએ, અમે આદિવાસીઓની મુશ્કેલી જોઈ છે એટલા માટે અહીંયા વાત મૂકીએ છીએ. અમારા ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ પાંચ કરોડની વાત કરી છે એ વાજબી છે તેઓ લોકોના દિલમાં વસી ગયા છે. આદરણીય સભ્યશ્રી રાજયપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું સમર્થન કરુ છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ્ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્ય શ્રી રજનીકાંતભાઈ જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

સૌ પ્રથમ આદિવાસી સમાજના અધ્યક્ષ તરીકે આપ બિરાજમાન છો ત્યારે હું અભિનંદન આપું છું અને સમાજનું ગૌરવ પણ છે. પણ સાથે સાથે કોંગ્રેસની સરકારમાં કોંગ્રેસની સરકારોએ આ રાજયના મુખ્યમંત્રી પણ બનાવ્યા એ આપ વિચાર કરી શકો તેમ નથી. આ પદ પર આપ નહીં બેસાડી શકો. ઘણાને મંત્રી પણ બનાવ્યા છે. મહામહિમ્ રાજ્યપાલનું પ્રવચન રાજયનો સર્વાંગી વિકાસ અને દિશા આપનારું હોય છે. પરંતુ અહીં આંકડાઓની માયાજાળ જોવા મળી અને કોઈ ચોક્કસ જે વિકાસ થવો જોઈએ એ વિકાસની દિશા આપનારું નહોતું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ઘણાં સમયથી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટ યોજાય છે અને એમાં ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭માં જે સમિટ યોજાયા અને એમાં જે ઉદ્યોગો આવ્યા એમાં ખબર નથી કે કેટલા ઉદ્યોગો આવ્યા અને કેટલાને નોકરીઓ મળી? પણ એટલું જરૂર કહીશ કે મારે ત્યાં ૨૦૦૨માં મુખ્યમંત્રી ઔદ્યોગિક વસાહતનું ખાત મુહૂર્ત કરવા માટે આવ્યા હતા, આજે પણ એક પણ ઉદ્યોગ ત્યાં આવી શક્યો નથી અને આજે ત્યાં ગાંડા બાવળ ઉગી ગયા છે. ઉદ્યોગોને પાણી * (xxxx) (xxxx) (xxxx) અને ટેક્સમાં પણ માફી. આ લોકોને બી.પી.એલ.ની જેમ ટ્રીટ કરવામાં આવે. પરંતુ ગામડાંઓના વિકાસની વાત આવે ત્યારે બહુ સારા શબ્દો, લોકફાળો. લોકફાળો એટલે સરકાર ૮૦ ટકા અથવા ૯૦ ટકા પૈસા આપે અને બીજાં ગામડાંઓના લોકોને ભરવાના. મોટા ભાગના ગામડાંઓના લોકો પૈસા ભરી શકતા નથી અને એના લીધે વિકાસ નહિવત્ રહ્યો છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### ઉચ્ચારણો અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે ઉદ્યોગોને વીજળી, પાણી, જમીન • (xxxx) આ બિલકૂલ ખોટું છે. કોઈ ઉદ્યોગને (xxxx) વીજળી કે કશું જ અપાતું નથી. કાં તો..

**ડૉ. અનિલ જોષીયારા** : તમે પછી જવાબ આપજો., અત્યારે મારો સમય બગડે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : તમે ગમે તેમ બોલો છો. તમે બોલ્યા છો. ઉદ્યોગોને (xxxx) વીજળી..

**ડૉ. અનિલ જોષીયારા** : ઉદ્યોગોને રાહત તો મળે છે ને?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : તમે (xxxx) વીજળી બોલ્યા. શબ્દો પાછા ખેંચી લો તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, (xxxx) શબ્દ રૅકૉર્ડ ઉપરથી કાઢી નાખવામાં આવે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : વિકાસની વાત કરીએ માનનીય અધ્યક્ષશ્રી, ૨૭-૨-૨૦૦૦ના રોજ આ ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી ૧૫ હજાર કરોડની વનબંધુ કલ્યાણ યોજના. આદિવાસી વિસ્તારમાં ઘ ારે ઘરે નળથી પાણી મળશે એમ જાહેરાત કરી હતી. છેલ્લા પાંચ વર્ષથી અમારા સાબરકાંઠામાં એસ.કે.-૪ યોજના માટે સરવે થયા કરે છે અને છેલ્લા ત્રણ વર્ષથી તેના પૈસા મૂકાય છે પણ હજી કોઈ જગ્યાએ નળથી પાણી આપવાનું આયોજન થયું નથી. સરકાર પાસે પૈસા હોય અને એની બજૅટમાં જોગવાઈ થાય તો શેના માટે આ કામ થતું નથી? સાથે સાથે રસ્તાઓની પણ વાત કરી લઉં, સભ્યશ્રી અભેસિંહભાઈ બહુ સારી વાત કરતા હતા કે રસ્તા સારા છે પણ મારે તો એમ કહેવું છે કે આ સરકારમાં બે ભાગ પાડવામાં આવે છે. નૉન પ્લાન અને પ્લાન રસ્તાઓ. પ્લાન રસ્તાઓ થાય છે, નૉન પ્લાન રસ્તાઓ ડામર થતાં નથી, તેના લીધે આદિવાસી વિસ્તારના લોકોને મુશ્કેલી પડે છે. ગામડાંઓના ગરીબ માણસોને ખબર નથી કે આ પ્લાન રસ્તો છે કે નૉન પ્લાન રસ્તો છે. એને તો ડામર રસ્તો જોઈએ છે અને આ માટે જે કંઈ સુધારો કરવો પડતો હોય એ કરવો જોઈએ અને આ ગામડાંઓના વિસ્તારમાં રસ્તાઓ આપવા જોઈએ. માનનીય મંત્રીશ્રીને પણ આ બાબતની ખબર છે, કારણકે એમને પણ આ માહિતી પહોંચાડવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય પણ તળાવો ઉંડા કરવાની વાત, મારે તો નીતિનભાઈને કહેવું છે કે આપ ઉત્તર ગુજરાતમાં ઘણી યોજના લાવો છો પણ ઉત્તર ગુજરાતના નકશામાં સાબરકાંઠા ક્યાંક ભૂલાઈ ગયું હોય એમ લાગે છે. જે કંઈ લિફ્ટ ઈરીગેશનની યોજનાઓ આવે છે તેમાં સાબરકાંઠામાં અમારા આદિવાસી વિસ્તારો ક્યાંક ને ક્યાંક રહી જાય છે. એટલે ગયા વખતે પણ મેં વાત કરી હતી કે આદિવાસી વિસ્તારમાં અમારી પાસે ડૅમો છે. એ ડૅમોનો ઉપયોગ કરીને કમસેકમ અમને લિફ્ટ કરીને ત્યાંથી પાણી મળે એવી તો કોઈ યોજના બનાવો.હમણાં બજૅટનું પ્રવચન હતું ત્યારે માનનીય વજુભાઈ વાત કરતા હતા કે આદિવાસીઓ માટે ખૂબ મોટું બજૅટ છે, તાળીઓ તો પાડો. હું વજુભાઈને કહેવા માગું છું કે, છેલ્લા ત્રણ વર્ષમાં સિંચાઇ માટે જે પૈસા આવ્યા છે લગભગ દર વર્ષે ૭૫૦ કરોડ રૂપિયા આવ્યા છે. આદિવાસીઓના ૪૩ તાલુકાઓ છે એમાં એનાથી સિંચાઇના કામ થઈ શકતા નથી. આ પૈસા કયાં ડાયવર્ટ થઈ જાય છે એ ખબર પડતી નથી. છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા નિગમમાં શેર મૂડી ભંડોળના ૭૫૦ કરોડ રૂપિયા આદિવાસી બજૅટમાં શો કરવામાં આવ્યા છે અને વપરાય છે બીજે ક્યાંક અને એ જ રીતે ઊર્જા વિકાસ નિગમમાં પણ આ રીતે શો કરવામાં આવે છે અને પૈસા બીજે ક્યાંક વપરાય છે અને એ રીતે બજૅટ જરૂર મોટું બતાવ્યું પણ એનો જરૂરી ઉપયોગ જે તે આદિવાસી વિસ્તારમાં થતો નથી. મારે બીજું કહેવું છે કે, ગેરબંધારણીય રીતે ડી-સેગની રચના કરવામાં આવેલ છે. આપણી પાસે ટ્રાયબલ વિભાગ છે, કમિશનરની ઑફિસ છે, પ્રાયોજના વહીવટદારની ઑફિસ છે. એ બધું હોવા છતાં ડી-સેગની રચના કરવામાં આવી છે અને

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

એમાં ભરતી પણ કોઈપણ જાતની જાહેરાત વગર બહારના માણસોની કરવામાં આવી છે. એન.જી.ઓ.ને કામ આપવામાં આવે છે અને એન.જી.ઓ. એવી યોજનાઓ બનાવે છે કે, એ આદિવાસી વિસ્તારો સાથે સુસંગત હોતી નથી અને વધુમાં મારે કહેવું છે કે, કેન્દ્ર સરકારમાંથી ૨૭૫(૧) હેઠળ મળતી ગ્રાન્ટ પણ એમાં જાય છે. સ્પેશિયલ સેન્ટ્રલ આસીસ્ટન્ટસની ગ્રાન્ટ પણ એમાં જાય છે, પીટીજીની ગ્રાન્ટ પણ એમાં જાય છે અને ખરેખર આદિવાસીના વિકાસ માટે જે પૈસા જવા જોઈએ એ જઈ શકતા નથી. એન.જી.ઓ.માં જે ભરતી થાય છે એમાં અનામતની જોગવાઈ પણ સચવાતી નથી એની મંત્રીશ્રીને પણ ખબર છે. એમાં એક એક કર્મચારીનો પગાર રૂ.૪૫૦૦૦થી રૂ.૫૦૦૦૦/- છે. તો આવા કર્મચારીઓ દ્વારા અમારી યોજનાઓ બને છે અને એના લીધે પથરાળ વિસ્તાર હોય ત્યાં બટાકાની યોજના બને છે અને એવી રીતે પૈસાનો દુર્વ્યય થાય છે. આવી ડી-સેગની રચના ગેરબંધારણીય છે. મારી વિનંતી એટલે છે કે, આ દૂર કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, વન અધિનિયમ ૨૦૦૬ બન્યો. એ એટલા માટે બન્યો કે આદિવાસીઓને વર્ષોથી અન્યાય થઈ રહ્યો છે અને એ અન્યાય દૂર કરવા માટે વન અધિનિયમ ૨૦૦૬ બનાવવામાં આવ્યો. એમાં ૧,૯૨,૨૨૭ અરજીઓ આવી. એમાં વ્યકિતગત અને સામૂહિક અરજીઓ પણ આવી. સરકારે સેટેલાઈટ ઇમેજથી નકશાઓ લેવાનું નક્કી કર્યું અને એના લીધે ફક્ત ૧૫૦૦૦ લોકોના દાવાઓ મંજૂર થયા. ૧,૭૬,૨૨૭ અરજીઓ આજની તારીખે પેન્ડીંગ છે. આ કાયદાનો કોઈ અમલ થતો નથી. વધુમાં જે આદિવાસીઓ છે, જે જમીન હોલ્ડરો છે એમાં ઘર્ષણ થાય છે એ વન વિભાગ સાથે થાય છે. એટલે એમણે આ કામગીરી ટ્રાયબલ વિભાગને સોંપી અને આ સરકારે એ કર્યું કે, ટ્રાયબલ વિભાગમાં વન વિભાગના અધિકારીઓ ત્યાં ડેપ્યુટ કરી દીધા. એના કારણે કામગીરી ખોરંભે પડી છે. મને એમ લાગે છે કે, આ દૂર કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણ મેળાની ખૂબ સારી વાત થઈ. અત્યારે જે સરકારી આંકડાઓ છે એમાં ૩૭,૬૯,૪૭૭ લાભાર્થીઓને એનો લાભ મળ્યો છે. મારે એ જાણવું છે કે, લાભાર્થીઓની સંખ્યા કેટલી? બીપીએલના હોલ્ડરો કેટલા? ગુજરાતમાં ૨૭ લાખ બીપીએલ હોલ્ડરો છે. તો આ બીજા ૧૦ લાખ બીપીએલ હોલ્ડરો કયા છે જેને લાભ મળ્યો છે. આ વચેટિયાઓ તો નથીને? આ કયા માણસોને લાભ મળ્યો છે? મારે એ કહેવું છે કે, સરકારના ૨૭એ ૨૭ લાખ લાભાર્થીઓને લાભ મળ્યો હોય તો એ બધાનો સરવે કરો કે બધાને લાભ મળ્યો છે કે નહીં?

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**ડૉ. અનિલ જોષીયારા** : એક મિનિટમાં પૂરું કરું છું. ખેડૂતોને વીજળીની આપણે વાત કરી છે. ૧૨થી ૧૪ કલાક પહેલાં વીજળી મળતી હતી, હોર્સ પાવરથી વીજળી આપતા હતા. સરકારે કહ્યું હતું કે, અમે આઠ કલાક વીજળી આપીશું, આઠ કલાક દિવસે આપીશું. આજે દિવસને બદલે રાત્રે વીજળી આપવામાં આવે છે. સાંજે છ વાગે આવે, રાત્રે બે વાગે વીજળી ચાલુ થાય. ખેડૂતને પૂરેપૂરો છેતરવામાં આવ્યો છે. ખેડૂત રાત્રે ખેતરમાં પાણત કરવા જઈ શકતો નથી અને તેથી એને ખૂબ મોટું નુકસાન જાય છે. આ યુરિયા ખાતરની માનનીય સભ્યશ્રી વાત કરતા હતા. યુરિયા ખાતર ઉપર ટેક્સ નાખ્યો છે. કોઈ રાજયમાં ટેક્સ નથી. આ સરકારે વેટ નાખ્યો છે, ટેક્સ નાખ્યો છે. વધુમાં ગુજરાતમાં યુરિયા મળતું નહોતું અને ખેડૂતો હેરાન થઈ ગયા હતા. ડીએપી વખતે હેરાન થઈ ગયા, અને સાહેબ આ જ યુરિયા જે કાળા બજારમાં જે ૨૯૦ રૂપિયે મળતું ખાતર આજે ૪૫૦ રુપિયે કાળા બજારમાં મળતું હતું. એના માટે કોઈ કાર્યવાહી સરકારે કરી નથી. સરકારના ધ્યાન પર હતું, અમે રજૂઆત કરી પણ કોઈ પરિણામ નથી આવ્યું. નર્મદા યોજના વહેલી પુરી થાય એ માટે અમે સંમત છીએ પણ મારે એ કહેવું છે કે ગુજરાતના એવા ખેડૂત છે જેને નર્મદા યોજનાનો લાભ નથી મળવાનો, સુજલામ સુફલામનો કોઈ લાભ નથી મળવાનો એવા ખેડૂતો માટે શું વિચાર્યુ છે? એમને સબસીડાઈઝ રેટથી વીજળી આપવા માગો છો? આવા ખેડૂતો બજારમાં ટકી શકે એના માટે તમે કંઈ વિચાર્યુ છે? સબસીડાઈઝ રેટથી વીજળી આપવા માગો છો? નર્મદામાં ભલે અત્યારે ૧૪૫૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થઈ ગયું છે, ત્યારે ખેડૂતોને એ બજારમાં ટકી શકે, એમનું જે ઉત્પાદન છે એ ઉત્પાદન લઈને એ લોકો બજાર સાથે રહે એના માટે તમે કંઈ વિચાર્યુ છે, સબસીડાઈઝ રેટથી વીજળી આપવી અથવા બીજું કોઈ આયોજન થયું છે? શિક્ષણમા પણ આદિવાસી વિસ્તારના જે છોકરાઓ સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં ભણે છે, ૨૦૦૭માં ઠરાવ થયેલો કે આદિવાસી વિસ્તારના જે છોકરા-છોકરીઓ છે એમને આ લાભ મળવો જોઈએ, ફીનો, અત્યારે હજી હમણા જ ઠરાવ કર્યો છે, ૨૦૦૮-૦૯થી જે મળવાપાત્ર હતો એ હજી મળ્યું નથી.

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના સંબોધન પર સન્માનનીય સભ્યશ્રી રજનીભાઈ, એ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થન માટે હું અહીં ઉભો થયો છું. સૌ પ્રથમ તો માનનીય અધ્યક્ષશ્રી, એક આદિવાસી યુવાન સન્માનનીય ગૃહના અધ્યક્ષ તરીકે અધ્યક્ષપદ શોભાવો છો એ બદલ આપશ્રીને ખૂબખૂબ અભિનંદન પાઠવું છું અને એક આદિવાસી સભ્ય તરીકે ગૌરવની લાગણી અનુભવી રહયો છું. આજે સમગ્ર ગુજરાતની અંદર સર્વાંગી વિકાસ થઈ રહયો છે અને સત્ય વસ્તુ તો મિત્રો આપણે સ્વીકારવી પડે, માનનીય અધ્યક્ષશ્રી, એ પછી ગીરીજન હોય, શહેરીજન હોય, કે સાગર ખેડૂ ભાઈ હોય, દરેકે દરેક સમાજનો સર્વાંગી વિકાસ થાય એ આ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની નેમ છે

અને આજે આ સમગ્ર ગુજરાતમાં વિકાસની ગંગા વહી રહી છે, હમણા જ માનનીય અધ્યક્ષશ્રી, સામેના સભ્યશ્રીએ એક વાત કરી, કુપોષણની વાત કરી, પણ આ બાળકોને પોક્ષણક્ષમ આપવાનું કાર્ય કોણે શરૂ કર્યુ, કઈ સરકારે શરૂ કર્યુ, અને ધાત્રી માતાઓને સુખડી આપવી, શીરો આપવો આ કાર્ય ગુજરાતની નરેન્દ્રભાઈની સરકારે કર્યુ છે અને એના કારણે જે આંગણવાડીના બાળકો છે ને મિત્રો એમની બુધ્ધિમાં ખૂબ વિકાસ થયો છે. આજે આંગણવાડીના બાળકોને જો કદાચ પૂછવામાં આવે, એક સમય હતો, સાતમા-આઠમા ધોરણમાં જયારે અમે ભણતા ત્યારે સવાલ પૂછવામાં આવતો કે રાજયના મુખ્યમંત્રીશ્રીનું નામ શું છે, તો એ સાતમા આઠમાના જે વિદ્યાર્થી હોય એને નહોતું આવડતું પણ આજે આંગણવાડીના બાળકને જઈને કદાચ આ પ્રશ્ન પૂછવામાં આવે તો એ તોતડા તોતડી ભાષામાં પણ કહે કે આ ગુજરાતના મુખ્યમંત્રી એટલે નરેન્દ્રભાઈ છે, આવી આ સરકાર છે અને આ સરકાર આ સમગ્ર ગુજરાતનું કલ્યાણ કરી રહી છે, આજે મારે વન વિભાગને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવવા છે, કેમકે આજે જે પ્રકારે કામગીરી વન વિભાગ દ્વારા થઈ રહી છે તે ખૂબ સારી કામગીરી થઈ રહી છે. આજે રાજયનો ૯.૭ ટકા જેટલો વિસ્તાર વન વિસ્તાર છે અને એમાં ૧૮૯૨૭.૫૦ ચોરસ કિલોમીટર આ વિસ્તાર ધરાવતું આ રાજય છે અને વન વિસ્તાર સિવાયની જે જમીન છે એ ૧૧,૮૫૧.૪૦ ચોરસ કિલોમીટરની છે. રણ અને દરીયા કાંઠાની જે જમીન રક્ષિત છે એ હાલ વન વિભાગ દ્વારા એમના હસ્તક છે. મારે આજે વાત કરવી છે કે વન વિભાગ દ્વારા જે વન વિસ્તારની અંદર જે કામગીરી કરવામાં આવી છે એ ખૂબ સારી કામગીરી કરવામાં આવી છે અને વનીકરણ દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજનામાં જે ૨૫ FDA દ્વારા જે વાવેતર કરવામાં આવ્યા છે. એમાં ૨૦૦૭-૦૮માં ૧૫૯૬૫ હેકટરની અંદર વાવેતર કરવામાં આવેલ છે. ૨૦૦૮-૯માં ૧૫૪૯૫ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે અને ૨૦૦૯-૧૦માં ૧૬૭૩૧ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે એના કારણે, વનીકરણના કારણે વનોમાં ગીચતા થાય છે. આજે જે વનસહભાગની જે સમિતિઓ છે એ સમિતિઓ દ્વારા લોક કલ્યાણકારી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. જેમાં ચેકડેમનું બાંધકામ કરવામાં આવે છે, પીવાના પાણીની સગવડ કરવામાં આવે છે. પશુઓના આરોગ્યની જાળવણી કરવામાં આવે છે. ઉદ્‌વહન સિંચાઈ યોજના દ્વારા લોકો માટે સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવી છે. કોમ્યુનિટી હોલ બાંધવામાં આવેલ છે અને જે વન્ય પેદાશો છે એના માટે બજારની વ્યવસ્થા કરવામાં આવેલ છે. એના દ્વારા પાંખા વન વિસ્તારનું પુનઃનિર્માણ થઈ રહ્યું છે. આજે ખૂબ આનંદ થાય છે કે ગુજરાત હરિયાળું બને, વન બંધુઓનું કલ્યાણ થાય, વન્ય જીવનનું સંરક્ષણ થાય અને પૂરક રોજગારી મળે એના માટે વન વિભાગ દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. ગુજરાત વાનકી વિકાસ પરિયોજના દ્વારા જાપાન સહાયિત ૮૩૦ કરોડની યોજના છે એ યોજના આજે વન વિસ્તારમાં અમલમાં મૂકવામાં આવી છે. જેના કારણે ત્યાંના વનબંધુ ભાઈઓ છે, વનમાં રહેતા સ્થાનિક લોકો દ્વારા સ્થાપિત મંડળીઓ દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી છે. એના કારણે એક તો ત્યાંના સ્થાનિક રહીશો છે એને પૂરક રોજીરોટી મળે છે અને એ લોકોની આજીવિકાનું ધોરણ ખૂબ આગળ આવી રહ્યું છે. આજે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી સઘન વૃક્ષ વાવેતર ઝુંબેશ અમલમાં લાવેલ છે અને એના કારણે ૨૦૧૦માં આ સઘન વૃક્ષ વાવેતર ઝુંબેશની અંદર અમદાવાદ, સૂરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, બનાસકાંઠા, ગોધરા મુકામે આ સઘન વૃક્ષ વાવેતર ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. મને ખૂબ આનંદ થાય છે કે આ સઘન વૃક્ષ વાવેતર ઝુંબેશના કારણે અમદાવાદ મહાનગરપાલિકા અને ઓડા વિસ્તારમાં એક જ દિવસમાં ૮.૫૫ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને એ લીમ્કા બુક્સ ઑફ રેકોર્ડઝમાં રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. લોકોમાં વૃક્ષારોપણની જાગૃતિ આવે, સાંસ્કૃતિક ભાવના જાગે અને ધાર્મિક લાગણીઓ વન સાથે જોડાઈ રહે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવાનો એક અવનવો અભિગમ અપનાવ્યો છે. ગાંધીનગર ખાતે પુનિત વન બનાવવામાં આવેલ છે. અમદાવાદ ખોખરા મણીનગર ખાતે કૈલાસ વન બનાવવામાં આવેલ છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ માં અંબાજીનું ધામ એટલે અંબાજીમાં માંગલ્ય વનનું નિર્માણ કરવામાં આવેલ છે. મહેસાણા જિલ્લામાં તારંગા ખાતે તીર્થવનનું નિર્માણ કરવામાં આવેલ છે. ૧૨ જ્યોતિર્લિંગો છે એમાંનાં એક એવા સોમનાથમાં હરિહરન વનનું નિર્માણ કરવામાં આવેલ છે. મા ચામુંડાના સુપ્રસિદ્ધ ધામ ચોટીલામાં ભક્તિવન, શામળાજીમાં શામળ વનનું નિર્માણ કરવામાં આવેલ છે અને પાલિતાણામાં પાવક વન આ સ્વર્ણિમ ગુજરાતની દેન છે. (સમયસૂચક ઘંટડી) આ રાજ્યની અંદર અંતરિયાળ વિસ્તારમાં, જંગલ વિસ્તારમાં ઈકો પૉઈન્ટ ડેવલપમેન્ટ માટે ઈ.ડી.સી.ની રચના કરવામાં આવેલ છે અને ઈ.ડી.સી. દ્વારા પ્રવાસીઓને પડતી મુશ્કેલીઓને સગવડતામાં બદલવાની કામગીરી થઈ રહેલ છે. આપના મારફત સૌ સભ્યશ્રીઓને આમંત્રિત કરું છું કે, આવો મારા ડાંગ જિલ્લામાં. જે ઈકો ટુરિઝમ પૉઈન્ટ જે ડેવલપ કર્યો છે. એ પછી મહાલ કેમ્પ સાઈટ હોય, કીલાત કેમ્પ સાઈટ હોય કે નેશનલ પાર્ક, નવતાડ હોય કે વાંસદા હોય એમાં આપ સૌ આવો તો મને ખૂબ આનંદ થશે. ખૂબ સારો વિકાસ આ ઈકો ટુરિઝમ દ્વારા થયેલો છે. આપણો લગભગ ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકાંઠો છે એના ઉપર ક્ષાર આગળ વધે નહીં એના માટે ચેરનું વાવેતર કરવામાં આવે છે. હું ડાંગ જિલ્લામાંથી આવું છું એટલે ડાંગની વાત મારે કરવી જોઈએ. મારા ડાંગના માલકી ખાતેદાર હતા એ લાકડાની હરાજી કરતા હતા. હરાજીમાંથી ઊપજ થતી રકમ મળવામાં ખૂબ વિલંબ થતો હતો. બે-ચાર વર્ષ થઈ જતા હતા એટલે માનનીય મુખ્યમંત્રીશ્રી અને વન મંત્રીશ્રીને અવાર-નવાર રજૂઆતો કરી, ડાંગના લોકોએ રજૂઆતો કરી અને એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને વન મંત્રીશ્રીએ

માલકીના હરાજીમાંથી મળતી રકમ ઝડપથી માલકી ખાતેદારોને મળી જાય એના માટે રાજ્ય સરકારે એક કરોડનું રિવોલ્વીંગ ફંડ ઊભું કર્યું છે. એના કારણે આજે માલકી ખાતેદારોને આજે ૭૫ દિવસમાં પૂરેપૂરી રકમ મળી જાય છે. મારા ડાંગ જિલ્લામાં જે વિદ્યાર્થીઓ ખૂબ આગળ ભણવા માગતા હોય, ઉચ્ચ શિક્ષણ મેળવવા માગતા હોય એવા કિસ્સામાં સ્પેશિયલ માલિકી કેસને મંજૂરી આપવામાં આવે છે. મારા ડાંગના રાજાઓને ૨૫ ઝાડો કાપવાની મંજૂરી આપવામાં આવી છે. હાર્ટ, કેન્સર અને વાલની બિમારીવાળા દર્દીઓ હોય એના માટે કદાચ પૈસાની તકલીફ પડતી હોય પણ પોતે ખેડૂત હોય તો એના માટે એના માલિકીના ઝાડો કાપવા માટે વન વિભાગ દ્વારા આ પરમીશન આપવામાં આવે છે જેના કારણે મારાં ડાંગના આદિવાસી ભાઈ-બહેનો સારી રીતે ભણી શકે છે, જેમને કોઈ બિમારી હોય તો આ માલિકીના લાભના કારણે તેઓશ્રી સારી એવી હોસ્પિટલની અંદર સારવાર લઈ રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે ખરેખર વન વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી છે એ ખૂબ પ્રસંશનીય કામગીરી છે અને માનનીય સભ્યશ્રી રજનીભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું સમર્થન આપું છું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીએ જે આ ગૃહની સંબોધન કર્યુ તેનો આભાર પ્રસ્તાવ લઈને ભાઈશ્રી રજનીભાઈ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજનીતિના આટાપાટામાં રાજકીય અવલોકન કરીને જે રીતે સામે બેઠેલાં મારાં મિત્રો ભાઈશ્રી રાઘવજીભાઈએ જે વાત કરી છે તે બાબતમાં થોડીક વાત હું કરીશ. એમણે એમ કહ્યું છે કે ખર્ચ બહુ થાય છે. રાઘવજીભાઈ ખર્ચ એ કરી શકે જે એ ખર્ચમાંથી ઉત્પાદન મેળવી શકે. આપણા મુખ્યમંત્રી પાસે જે સૂઝ-બૂઝ છે, ગુજરાતના વિકાસ માટેનો એજન્ડા એમની પાસે છે એ ખરેખર દાદ માગે તેવો છે અને એની નોંધ ગુજરાતની પ્રજાએ લીધી છે અને એ નોંધના કારણે આપ ૧૬-૧૬ વર્ષથી સત્તાથી દૂર છો. આપણે બધા જાણીએ છીએ કે અભિતાભ બચ્ચનજી કોંગ્રેસના સાંસદ હતા. કોંગ્રેસ પક્ષે તો એમનો ઉપયોગ ના કર્યો પણ આપણા મુખ્યમંત્રીએ બ્રાંડ એમ્બેસેડર બનાવીને એમનો ઉપયોગ કર્યો. કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા. પરિણામ જુઓ. કેટલા બધા પર્યટકો આવે છે. અત્યારે જે કચ્છ ફેસ્ટિવલ કર્યો. સાહેબ, એને લંબાવવો પડયો અને આવતા વર્ષે તો કદાચ એના માટે સમય બે-ત્રણ મહિના માટે લંબાવવો પડશે. દસ દસ હજાર રૂપિયા ભાડું હોય તોય આ ટેન્ટ નથી મળતા એટલા પર્યટકો આવવા માંડયા. પર્યટક ઉદ્યોગનો વિકાસ થયો છે. ભાઈશ્રી શકિતસિંહભાઈ ખૂબ સારા લોયર છે અને એમણે એક વાત એવી કરી આપ જરા ભવિષ્યમાં આપણને કેવી રીતે યાદ કરે એ વિચારવું જોઈએ. એનાથી આગળ વધીને હું એમ કહું કે મારી રાજનીતિથી આ રાષ્ટ્ર, આ સમાજ અને આ દેશનો ગરીબ માનવી મને કેવી રીતે યાદ કરે એની પણ આપણા મનની અંદર એક સંવેદના હોવી જોઈએ. રાજનીતિમાં રહીને રાજનીતિમાં જે લઘુમતી સમાજનો રાજનીતિમાં ઉપયોગ કરવામાં કોંગ્રેસે જે આ દેશનું અહિત કર્યુ છે એવું અહિત કોઈએ નથી કર્યુ. એક સમય હતો કે આ દેશની અંદર હિન્દુ-મુસલિમ એકતા હતી. અંગ્રેજોને એમ લાગ્યું કે આ જે બહુમતી સમાજ એની સાથે આ લઘુમતી સમાજ એ જો મળી જશે તો આ દેશ પરથી આપણું શાસન આ લોકો હટાવી દેશે. એટલે ભાગલા પાડો અને રાજ કરોની એ નીતિ અંગ્રેજોએ અપનાવી. કોંગ્રેસ પણ એજ માર્ગે ચાલી અને એ માર્ગે ચાલી એટલા માટે સાચી વાત હોય એની જૂઠ્ઠી અને જૂઠ્ઠી વાત હોય એને સાચી ઠસાવવાનું પાપ કોંગ્રેસે કર્યુ છે. યુદ્ધ, હિંસા કોઈ પણ જગ્યાની હોય એ હંમેશા વખોડવાને પાત્ર છે. એ હિંસા ગોધરાની હોય એના પછીની હિંસા હોય કે શીખ લોકોની દિલ્હીમાં જે હિંસા થઈ એ તમામ હિંસા વખોડવાને પાત્ર છે પરંતુ રાજકીય ચશમા પહેરીને કાયમ જ લઘુમતિઓનો જે ઉપયોગ વોટ બૅન્ક તરીકે કોંગ્રેસે કર્યો છે એમાંથી લઘુમતિ સમાજ બહાર આવી રહ્યો છે. લઘુમતિ સમાજને કોંગ્રેસનો અસલી ચહેરો સમજાવવા માંડ્યો છે અને એના કારણે થઈને આજે જ્યારે લઘુમતિઓનું સમર્થન કોંગ્રેસ ગુમાવી રહી છે ત્યારે એ લોકો જે રીતે વાત કરે છે તે વાતથી આપણે સાવધ રહેવું જોઈએ. કારણ કે, એમના મનમાં દેશ કરતાં પોતાના વોટની રાજનીતિ એ મહત્ત્વની છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે પરિસ્થિતિ આ દેશમાં છે એની વાત બધા આપણે જાણીએ છીએ. ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં જે મુસ્લિમોની સ્થિતિ છે એ સ્થિતિ શું છે? તો બીજા રાજયો કરતાં ગુજરાતની અંદર ગુજરાતના મુસ્લિમો વધારે આવક ધરાવે છે અને એમાં સાક્ષરતાનો દર ગુજરાતમાં વધારે છે. કેન્દ્રની સરકારે પણ ગુજરાતની અંદર જે સ્થિતિ છે લઘુમતિઓની એના ઉપર જે રિપૉર્ટ આપ્યો છે એમાં એને ગુડ બૂકમાં મૂક્યું છે. સાક્ષરતાની વાત કરીએ તો લઘુમતિ સમાજના બાળકો ભણી શકે એના માટે કેન્દ્રે ૫૨,૨૬૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટેનો જે કાંઈ એમણે લક્ષ્યાંક નક્કી કરેલો એની સામે ગુજરાત સરકારે ૨,૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જે કાંઈ પ્રગતિ છે એની સાથે જોડાઈને મુસ્લિમ સમાજ પોતે હર્ષ અનુભવે છે. ગત વખતે જે ચૂંટણીઓ થઈ એની અંદર મુસ્લિમ ભાઈ-બહેનોએ ભા.જ.પ.ને સમર્થન જ આપ્યું એટલું જ નહીં પણ એમણે ઉમેદવારી કરીને આપણી સાથે આ ગુજરાતના વિકાસની જે યાત્રા છે એમાં જોડાયા છે. એક સમય એવો હતો કે, જ્યારે હિન્દુ-મુસ્લિમ એક સાથે બેસીને બધા પોતાના પ્રશ્નો સમજતા હતા પણ કોંગ્રેસની વોટની રાજનીતિના કારણે આજે જે કાંઈ પરિસ્થિતિ એમણે નિમાર્ણ કરી એના કારણે જ હવે જે પરિસ્થિતિ ઊભી થઈ છે. આપણે બધા જાણીએ છીએ, ગોધરા કાંડ એટલો બધો ફૂટ્યો પણ હવે જ્યારે કોર્ટનો ચુકાદો આવ્યો ત્યારે કોર્ટના ચુકાદામાં કહ્યું છે કે, આ જે કાંઈ બાબત છે એમાં વોટની રાજનીતિએ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે

અને એ કોંગ્રેસની રાજનીતિ જે ખરેખર એનાથી જાગૃત થવાની જરૂર છે. એક સમય એવો હતો, મને ખબર છે ત્યાં સુધી રાજસ્થાનમાં એક સંત હતા, સાંગમેરમાં દાદુ દયાળ એ ૧૮૬૦માં થયા અને એમણે એમનો શિષ્ય જે હતો રજબ અલી એને કહ્યું કે, તું આ સમાજની સેવા કર અને સન્યાસી બની જા ત્યારે એમણે સન્યાસી થઈને એ ગુરુ તરીકે દાદુ દયાળનો સ્વીકાર કરેલો. કેટલાક લોકોએ એમની પરીક્ષા લેવાનું કહ્યું અને એમણે એક દુહો લખીને મોકલ્યો કે,

**"બાવન અક્ષર સપ્ત સ્વર**
**ગલ ભાષા છત્તીસ**
**તાકે ઉપર જો કથે**
**તો મહાનું કવિ ઈશ".**

એના જવાબમાં રજબ અલીએ કહયું છે.

" બાવન અક્ષર સપ્તસ્વરગલ ભાષા છત્તીસ તાકે ઉપર જગદીશ હૈ જીસકો અક્ષર મેં હમ વ્યકત નહીં કરતે અનઅક્ષર જગદીશ. " આ વાત કરીને એમણે આ સંસ્કૃતિમાં આ દેશની માટીમાં વિશ્વાસ ધરાવ્યો હતો. આ દેશની માટીથી તોડવાનું કામ રાજનીતિને લઈને આપણે ન કરીએ. આવતી કાલનું ભારત, આપણો સમાજ, આપણી ભાવી પેઢી આપણને કઈ રીતે જુએ એનો આપણે વિચાર કરીએ અને રજનીભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ મહામહિમ રાજયપાલનો આભાર પ્રસ્તાવ મારા સાથી મિત્ર રજનીભાઈ લઈને આવ્યા છે એના સમર્થનમાં બે શબ્દો કહેવા માટે ઉપસ્થિત થયો છું. આ દેશના અને આ રાજયના એક સપુત મહાત્મા ગાંધી, પંડિત દિન દયાળ ઉપાધ્યાય અને સમાજવાદી પ્રણેતા ડો. રામ મનોહર લોહીયા આ ત્રણેય મહાપુરુષોએ છેવાડાના માનવીની ચિંતા કરી છે. આ દેશમાં વર્ષોથી ગરીબી નાબુદી માટેની યોજનાઓ બને છે. એની ચર્ચાઓ થાય છે પણ ગરીબી નાબૂદી અંગેના ઠોસ પ્રયાસો આપણે જોયા નથી. કોઈ સત્તાધિશ કોઈ અંધારા ઓરડામાં જઈને હુકમ કરે કે હું એક સત્તાધિશ તરીકે તને હુકમ કરું છું કે અંધારા ઓરડામાંથી અંધારું બહાર નીકળી જા. કોઈ ધારાસભ્ય જઈને હુકમ કરે કે હું ધારાસભ્ય તરીકે હુકમ કરું છું કે અંધારા ઓરડામાંથી અંધારૂ દુર થાય આવા હુકમોથી અંધારૂ દુર થતું નથી. આ અંધારા ઓરડાના એક ખુણામાં નાનકડા કોડિયામાં એક દિવાસળી લઈને જો એક દિપનું પ્રાગટય કરવામાં આવે તો રૂમમાંથી આપોઆપ અંધારૂ નાબુદ થાય છે. વર્ષોથી ગરીબોના નામે મત લઈને ગરીબોની વાતો કરીને ગરીબી હટાવના સુત્ર આપીને ગરીબ જનતાને ભોળવીને મત લઈને ગરીબી હટતી નથી. આ રાજયના આરદણીય મુખ્યમંત્રીશ્રીએ આ એક નવો ઠોસ કાર્યક્રમ આપીને આ રાજયને એક નવી દિશા સમગ્ર રાષ્ટ્રને દિશા આપી છે. એકી સાથે એક વર્ષની અંદર ૩૫૦ ગરીબ કલ્યાણ મેળાઓ કરીને લાખો ગરીબ લોકોને કયાંય જવું ન પડે. ગરીબના ઘરે અધિકારી જઈને એના ફોર્મ ભરે અને એક દિવસમાં ગરીબને એને મળતી સહાયતા મળે આ ગરીબી નાબુદીનો એક પહેલો પ્રયાસ છે. બી.પી.એલ.ની સંખ્યા ઘટાડવાની વાત થાય તો એમ કહેવામાં આવે તમારા ઘરમાં પંખો છે, તમારા ઘરમાં લાઈટ છે, તમારા ઘરમાં ફ્રીઝ છે એટલે તમને બી.પી.એલ. યાદીમાંથી દુર કરવામાં આવે છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ બી.પી.એલ.ની યાદી ઘટાડવા માટે આવા બી.પી.એલ.ને શોધીશોધીને એમને જે કંઈ કામ કરવું હોય એ કામની કીટ આપીને કહે કે તમે વ્યવસાય કરો, ધંધો કરો, કમાવ અને આ ગરીબીમાંથી બહાર નીકળો એનો રસ્તો ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યો છે. અહીંયા ખેડૂતો માટેની કેટલીક વેદનાઓ વ્યકત કરવામાં આવી છે. એ વેદના સાચા અર્થમાં વેદના હોય તો આપણે સ્વીકારીએ પણ એ વેદના સંવેદના વગરની વેદના હતી. આ મિત્રો ૪૦ વર્ષથી આ પાટલી ઉપર બેઠા હતા. એ મિત્રોમાં જો વેદના હોત તો ૧૯૬૨માં નર્મદા ડેમનું ખાતમૂહૂર્ત થયું એ ભાખરાનાંગલ ડેમની સાથે પુરું પણ કરી શકયા હોત. ખેડૂતોની ચિંતા નથી. ખેડૂતોની ચિંતા હોત તો ભાખરાનાંગલ ડેમની સાથે નર્મદા ડેમ પણ પૂરો થયો હોત.૩૫-૩૫ વર્ષ સુધી આ નર્મદા ડેમને કોણે ટલ્લે ચડાવ્યો? કેટલાક મારા સાથી મિત્રો રાઘવજીભાઈ અને બાવકુભાઈ આજે ત્યાં બેઠા છે અને વાતો કરતા હતા કે મારા તાલુકામાં આજે ૧૦૦ ગામમાં ટેન્કરો આવે છે. મિત્રો, આજે બેઠા છે મારે નથી કહેવું કે આ મિત્રો ૪૦ વર્ષ સુધી આ પાટલીએ બેઠેલ હતા, ત્યારે તમારા તાલુકામાં ૧૦૦ ગામમાંથી ૧૦ ગામમાં ટેન્કરોથી પાણી આવતું હતું, તો ૯૦ ગામમાં તો પાણી મળે છે. હજારો કિ.મી.ની પાઈપલાઈન તમે નાખી શક્યા હોત. એ વિચાર કેમ આવ્યો નહિ? આપણને સર્વેને ગુજરાતની જનતાએ ચૂંટીને એટલા માટે મોકલ્યા છે કે તેમનું કલ્યાણ થાય, તો એમના કલ્યાણ માટે આપણને ચૂંટીને મોકલ્યા છે. કેટલાક મિત્રો વાત કરતા હતા. મારે તેમને કહેવું છે કે ૧૨મી વિધાનસભા ચૂંટણી થઈ ત્યારે આ પક્ષે કેટલા લોકો હતા અને આ પક્ષે કેટલા હતા?

૩ વર્ષ પછી આ પક્ષે કેટલા ઓછા થયા અને આ પક્ષે કેટલા વધ્યા? ગુજરાતની જનતા આજે બંને પક્ષોને ઓળખે છે અને ઓળખીને લેખાજોખા કરે છે. આ પ્રકારના ગરીબી નાબૂદીના ગરીબ કલ્યાણ મેળા દ્વારા આ રાજ્યની ગરીબોની સંખ્યામાં ઘટાડો કરીને સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત આજે અવ્વલ નંબરે છે. ૨૦ મુદ્દા અમલીકરણમાં પણ છેલ્લાં ૪ વર્ષથી નંબર-૧ ગુજરાત આવે છે. આ ગરીબ કલ્યાણ માટે આવે છે. ૮ વર્ષથી ગુજરાત નંબર-૧ છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : સદસ્યશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એ પ્રસ્તાવને મારું અનુમોદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

